[illegible]
[illegible]
નવરંગપુરા- અમદાવાદ ૩૮૦૦૦૯
[illegible]

# સુવર્ણાવલી

વસંત હિંમતલાલ દ. પરીખ
૨૯ બી, પ્રતાપ સિદ્ધ સો. ઓ. ૨
નારણપુરા - અમદાવાદ-૩૮૦૦૦૧

# સુવર્ણ જયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઇ બા. પટેલ
ભાઇલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ | કડી : ગુરુવાર : તા. ૧૧-૯-૬૯ | અંક ૧


## 'સુવર્ણ જયંતી'ને સાથ અને સહકાર આપો............ પુરૂષોત્તમદાસ પટેલ

આ વર્ષમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પચાસ વર્ષ પૂરાં કરે છે. એનો ઉગમ પાટીદાર આશ્રમથી થયો. નામ પાટીદાર આશ્રમ છતાં એમાં બધાને દાખલ કરવામાં આવ્યા. છાત્રાલયના પહેલા વિદ્યાર્થી શ્રી ત્રીકમલાલ પંચાલ વિજાપુરના જાણીતા વકીલ-એડવોકેટ.

સર્વ વિદ્યાલયે મહેસાણા જીલ્લામાં ક્રાંતિ સર્જી. મહેસાણા જીલ્લામાં આજે ૨૦૦ જેટલી હાઈસ્કૂલો અને કૉલેજો છે. આશ્રમ અને સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓનો ફાળો આ હાઈસ્કૂલો અને કૉલેજો ઉભી કરવામાં જેવો તેવો નથી.

આઝાદીની નાનીમોટી લડતોમાં આશ્રમ અને સર્વ વિદ્યાલયે ઓછો ફાળો આપ્યો નથી. એના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલકોએ આઝાદીની લડતોમાં જેલો ભોગવી છે. આ સંસ્થાના પટાંગણમાં રાષ્ટ્રધ્વજ વહેલો ફરકેલો. આને લીધે ક્રાંતિકારી સંસ્થા ગણાઈ અને એને જપ્ત કરવાના કાગળના ઘોડા દોડેલા. ૧૯૪૨ ની આખરી લડતમાં એને શિક્ષાત્મક દંડ ભરવો પડેલો અને એના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલકો જેલની મોજ માણવા ભાગ્યશાળી થયા હતા.

આમ કડીની આ સંસ્થાએ ઉત્તર ગુજરાતમાં પ્રાણ પૂરવા પ્રયાસો કર્યા છે.

આમ છતાં હજુ ઘણું કરવાનું બાકી છે. સ્વરાજ પ્રાપ્તિ પછી દેશને સુદઢ કરવાનું કામ છે. દેશને વિજ્ઞાનિકો અને ટેકનિશિયનો પુરા પાડવાનું કામ છે. દેશને તેજસ્વી સેવકો પુરા પાડવાનું કામ છે.

આ માટે સામાજીક ક્રાંતિની જરૂર છે. આ ભગીરથ કામ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કરવા માગે છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ એક સાયન્સ કૉલેજ, ત્રણ હાઈસ્કૂલો અને પ્રી વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર ઉપરાંત ટેકનીકલ સ્કૂલ ચલાવે છે. આ સિવાય કૉલેજ અને સ્કૂલો માટે હોસ્ટેલો અને છાત્રાલયો

આવી સંસ્થા પચાસ વર્ષ પુરાં કરે છે તે પ્રસંગે એના જુના વિદ્યાર્થીઓ, ચાલુ વિદ્યાર્થીઓ, સંચાલકો અને શિક્ષકો તેમજ જનતા સુવર્ણ જયન્તી ઉજવે તે યોગ્ય જ છે.

આથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી આ વર્ષમાં ઉજવવાનું નિરધાર્યું છે.

આ પ્રસંગે સમાજમાં સામાજીક તેમજ શૈક્ષણિક ક્ષેત્રે ક્રાંતિ લાવવા એક અઠવાડિક શરૂ કરવામાં આવે છે.

સંસ્થાની સુવર્ણ જયન્તી પ્રસંગે આ અઠવાડિક પ્રગટ થતું હોઇ તેનું નામ 'સુવર્ણ જયન્તી' રાખવામાં આવ્યું છે.

આ અંક આપને મોકલી આપું છું. આ પત્ર અઠવાડિક છે છતાં એનું લવાજમ માત્ર રૂ. ૫-૦૦ રાખ્યું છે આપ લવાજમના રૂ ૫-૦૦ મોકલી આપશો. એટલુંજ નહીં પણ આપના મિત્રો અને સ્નેહીઓનાં લવાજમ ઉઘરાવી મોકલી આપશો.

જુના વિદ્યાર્થીઓનો ધર્મ છે કે આ સંસ્થાની સુવર્ણ જયન્તીને ફળદાયી બનાવવા સાથ અને સહકાર આપે.

# સમયના થયેલા પડકારને ઝીલી લઇએ...............

વકીલ ધનાભાઇ હ. પટેલ

ભવ્ય ભારતની પ્રજાને ગુલામી કઠતી ન હતી. પૂ. મહાત્મા ગાંધી ભારતની પ્રજાના આત્માને જગત કલ્યાણની ભાવનાથી ઢંઢોળી રહેલા હતા. દેશી રજવાડાંની પ્રજાની પરેશાની અને પ્રમાદ અકથનીય હતો. ઉત્તર ગુજરાતમાં અજ્ઞાન અને અભણતાનાં અંધારા પથરાયેલાં પડયાં હતાં.

સ્વરાજની વાત કરવી એ પણ એ સમયમાં રાજદ્રોહ ગણાતો. ખાદી પહેરનાર કે સ્વદેશીનો પ્રચાર કરનાર બળવાખોર ગણાતો. આવી ભયાનક પરિસ્થિતિમાંથી વીરત્વનાં અમીસીંચન કેળવણી વિના શક્ય હતાં નહિ. કડીના આંગણે આજથી પચાસ વર્ષ પહેલાં અજ્ઞાન અભણતાના પોપડા ઓગાળી નાંખી કેળવણીની જ્યોતો સ્થાપવાના અડીખમ નિર્ણયથી એક નાનકડા દીવડાથી પૂ. છગનભાએ એક સ્વામીશ્રીની પ્રેરણાથી તપશ્ચર્યા આદરેલી.

જયારે બાળકોને વિના ખર્ચે ભણવા મોકલવા પણ સમાજ તૈયાર ન હતો ત્યારે કેળવણીના ખર્ચ માટે ફંડફાળો મેળવવો કેટલો કઠણ હશે તેની કલ્પના કરવી રહી. છતાંય પૂરા રાષ્ટ્રિય રંગથી રંગાઇ વિર્યવાન નાગરિકોનું ઘડતર થાય તેવી કેળવણી આપવાનો પુરૂષાર્થ ત્યારે મંડાયો હતો.

એ નાનકડા દિવડાને બુઝાવી દે તેવા પ્રસંગો વખતે તેની જ્યોતને તેલ બની વધુને વધુ તેજસ્વી બનાવી દેનારા વિરલાઓ આ યજ્ઞને સાંપડયા કર્યા. પરિણામે આખા ઉત્તર ગુજરાતમાં ગામે ગામ તેનાં ફુલડાં ફોરે છે. તેની જ્યોતે સળગેલા દિવડા તાલુકે તાલુકે ઝળહળે છે.

ફરી પાછો નવો અને મોટો પુરૂષાર્થ આદરવાનો સમયનો પડકાર આપણી સામે ખડો થયો છે. આપણી ચારે બાજુ આ સંસ્થાના પોષકો પડયા છે. સાધનો ઓછાં નથી. પણ સ્વરાજ ભોગવતી થયેલી ભારતની પ્રજાની યુવાનીની સાહસિકતાનો આદર્શ બને તેવાં શિખરો સ્થપાયાં નથી. પ્રજાની યુવાની તેથી અધોગતિનાં ઉંડાણો તરફ વળતી જણાય છે. તેની બદબોઈ ઘણી થાય છે. પણ તેમાં યુવાનીનો વાંક નથી. સ્વરાજ મેળવવા જે ત્યાગ, બલીદાન, ભોગ, તપ માગ્યા તે પડેલી પ્રજાએ પણ આપ્યા. હવે યુવાની પાસે શાના માટે ત્યાગ, બલીદાન, ભોગ, તપ માંગવાનાં છે ?

દેશમાં ગરીબી મીટાવી દેવાનો મહાન પુરૂષાર્થ પડયો છે. જગતની કચડાયેલી અને પરાધિનતા ભોગવતી પ્રજાઓની મુક્તિ માટે ભારતે સ્વરાજ મેળવવાની જરૂર છે. એ સ્વરાજની લડત પાછળની પૂ. મહાત્માજીની ભાવના હતી. ઘર આંગણે અડીખમ બનાય તોજ જગતની પરાધીનતા ભોગવતી પ્રજાની વહારે ચડી શકાય. આ તાકાત આજના જમાનામાં મેળવવા વિજ્ઞાન, કલા, કારીગરી, એન્જીનીયરીંગ ક્ષેત્રે સિદ્ધિઓ પ્રાપ્ત કર્યા સિવાય સ્થાપિ શકાય તેમ નથી સમયસર આપણી સંસ્થાના સુત્રધારોએ જમાનાની માગ પિછાની વિજ્ઞાન કૉલેજની સ્થાપના કરી, જુનીયર ટેકનીકલ હાઈસ્કૂલની સ્થાપના કરી અને બીજી પ્રવૃત્તિઓ આદરી છે.

હવે સંસ્થાના પોષકો, જુના વિદ્યાર્થીઓ અને ચાલુ વિદ્યાર્થીઓ ભારતની સંસ્કૃતિના ધારકો બની કચડાતી પિલાતી અન્યાયો સહન કરતી જનતાને વહારે ચઢે; ન્યાય, સમાનતા, સત્ય, અહિંસાના સ્થાપકો બને તેવા ભાવિ નાગરિકો થવા અને સર્જવાના કાર્યક્રમો વિચારે, સ્થાપે અને અમલ કરે. ભોગી અને વિલાસી જીવન કદી સત્વશાળી પ્રજાનું નિર્માણ કરી શકતું નથી.

આવા ઉત્તમ આદર્શોનાં નિર્માણ કરવા સંસ્થાના આર્થિક સાધનો વિપૂલ હોવાં ઘટે. સંસ્થાનો હરકોઇ જુનો વિદ્યાર્થી આ સંસ્થાનો નિદાન આજીવન સભાસદ બને અને જમાનાના પડકારને પહોંચી વળવાના આપણી સંસ્થાના પુરૂષાર્થનો ધારક બને.

---

## ભૂતપૂર્વ વિદ્યાર્થી મિત્રો !

આ સંસ્થામાં તમારા અભ્યાસકાળ તેમજ આશ્રમમાં વસવાટ દરમિયાનનાં તમારાં પ્રેરક સ્મરણો મોકલી આપવા વિનંતી છે. એ 'સંભારણાંમાં' સ્થાન લેશે.

ઉપરાંત, તમારી પ્રવૃત્તિ, પ્રગતિ કે પરિવારના અંગત સમાચાર મોકલી આપશો તો સંસ્થા પરિવાર સમાચારમાં પ્રગટ થશે.

સામાન્ય વિષય અને રસનાં ટૂંકાં લખાણો પણ સ્થાન પામશે.

—o—

—સંપાદકો

# આપણા દાનવીરો

શેઠશ્રી મફતલાલ ગગલભાઇ અને તેમના પુત્રો અને પૌત્રો તરફથી આ સંસ્થાને તેની સ્થાપનાથી આજ પર્યંત ઉદાર સખાવતો મળતી રહી છે. શેઠશ્રી મફતલાલના સમસ્ત પરિવારે આ સંસ્થાને પોતાની ગણીને ઉમંગ પૂર્વક મદદ કરી છે. સંસ્થાના વિકાસમાં તેમનો મોટો હીસ્સો છે. સંસ્થા પોતાની સુવર્ણ જયન્તી ઉજવે છે તે પ્રસંગે તેમના તરફનું સંસ્થા પોતાનું ઋણ વ્યક્ત કરે છે.

તંત્રી



સ્વ. શેઠશ્રી મફતલાલ ગગલભાઇ



સ્વ, શેઠશ્રી નવીનચંદ્ર મફતલાલ



સ્વ, પ્રાણસુખલાલ મફતલાલ
જેમનું નામ સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ
સાથે જોડવામાં આવ્યું છે.



શેઠશ્રી અરવિંદપ્રસાદ ન. મફતલાલ

## બે પ્રકારના માણસો

કેટલાક માણસો એવા હોય છે કે તેઓ જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં આનંદની રેલછેલ કરી મૂકે છે. તેમની હાજરી જ બળવર્ધક ઔષધની ગરજ સારે છે. તેમના દર્શનથી આપણામાં ઉત્સાહ અને જીવનનો બોજો ઉપાડવાની શક્તિ આવે છે. રાત્રિ ગયા પછી સૂર્યોદય થતાં આપણને જેટલો આનંદ થાય છે, તેટલો જ આનંદ આપણને આવા માણસના દર્શનથી થાય છે. તેઓ આનંદ અને સ્વાસ્થ્યનાં કિરણો પોતાની ચોતરફ ફેંકે છે. તેઓ આપની ઉપર જાદુના જેવી અસર કરે છે અને આપણા સમગ્ર નિરુત્સાહ તથા નિરાશાને હાંકી કાઢે છે, અને ઉચ્ચ અવસ્થામાં લઈ જાય છે.

બીજા કેટલાક માણસો એથી ઉલટી જ અસર કરે છે તેમને જોઇને આપણે નિરુત્સાહી બની જઇએ છીએ. તેઓ આપણી પાસે બેઠા હોય ત્યારે આપણને કાંઈ રુચતું નથી. તેઓ પોતાની આસપાસ સઘળી વસ્તુઓને જડ બનાવી દે છે. આપણે તેમની નિકટ હોઇએ ત્યારે આપણા સારા વિચારો મરી જાય છે. તેમની વ્યંગ અને વક્રવાણી તથા તેમની લોકનિંદા અને નિરાશા આપણા હૃદયમાં ઘૃણા ઉપજાવે છે, અને તેથી આપણે તેનાથી બાર ગાઉ દૂર નાસીએ છીએ.

( સંકલિત )

---

## સુવિચાર.............................

માણસની શક્તિનું માપ એ શું કરી શકે તેમ છે તેમાં રહ્યું છે, પણ એથી વધુ એમાં રહ્યું છે કે – એ શું નહિ કરી શકે. એનો અર્થ તમે સમજ્યા ! કેટલાક દગો કરી જ ન શકેઃ પરિસ્થિતિ ગમે તે હો. આ માનવજાતનો શ્રેષ્ઠ પરિમલ છે.

... ... ... ... ( સંકલિત )

મારા આંગણાનો કચરો હું પડોશીના આંગણામાં ફેંકું. મારી બારીએથી હું કાચના કકડા ફેંકું. કચરો નાખું, પાણી ઢોળું, થૂંકું, અને તેમ કરતાં નીચેથી ચાલનારનો ખ્યાલ સરખોય ન કરું ! એ કેટલી બેદરકારી ? કેવી હિંસા ? કેવો સમાજ સાથેનો ઘાતક અસહકાર ? મારી ખાળનું પાણી બીજાને નુકસાન કરે તેની બેદરકારીમાં કેટલો બધો અવિચાર ? પ્રજા આપણું અંગ છે, પ્રજાનું અંગ આપણે છીએ એટલું સમજી લઇએ તો આપણી ગંદકી અસંભવિત થાય અને આપણે રોગાદિમાંથી મુક્ત થઈ પ્રજાનું બળ વધારીએ અને પ્રજાનું ધન પણ વધારીએ.

—ગાંધીજી

બધા વાઈસરૉય અથવા જનરલ ન થઈ શકે, પણ સહુ સેવક કે સિપાઇ થઈ શકે છે.

—ગાંધીજી

જેમાં કોઈ પણ જીવનું અકલ્યાણ ન ઇચ્છેલું હોય અને ન કરાયું હોય તે જ સેવા ગણાય.

—ગાંધીજી

---

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ – કડી

# : સુવર્ણ જયંતી ફાળો :

સુવર્ણ જયન્તીની ઉજવણી નિમિત્તે સંસ્થા માટે ફાળો ઉઘરાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તે માટેના કામકાજની શરૂઆત કરવામાં આવી છે. આ ફાળામાં ધનિકો, શુભેચ્છકો, સંસ્થાના જુના અને ચાલુ વિદ્યાર્થીઓ, કાર્યકરો, અધ્યાપકો અને સંસ્થાના કાર્યમાં રસ ધરાવતા ભાઇબહેનોને સહાયભૂત થવા અને ઉદાર હાથે દાન આપવા આગ્રહ ભરી વિનંતિ છે.

... ... ... ... ...

### નીચેની મદદનાં વચનો મળ્યાં છે.

૨૫૦૧) શ્રી બહેચરદાસ હરગોવિંદદાસ પટેલ
લોખંડના વહેપારી : લોખંડ બજાર : અમદાવાદ – ૧

૨૫૦૧) શ્રી હરજીવનદાસ હાથીભાઈ પટેલ
હા. શ્રી બાબુભાઈ હરજીવનદાસ
લોખંડના વહેપારી, અલકાપુરી અમદાવાદ – ૧૩

૧૦૦૧) શ્રી ચંદુલાલ મગનલાલ પટેલ
ગુજરાત કૉલેજ પાસે અમદાવાદ – ૬

૧૦૦૧) મેસર્સ રામભાઇ પટેલ એન્ડ કું.
હા. શ્રી રામભાઇ મફતલાલ પટેલ
એન્જીન–પંપના બનાવનાર અને વેપારી
કડીયાકુઈ, રીલીફરોડ, અમદાવાદ – ૧

... ... ... ... ...

## ૨૭ જૂલાઈ ૧૯૨૯ના દિને સંસ્થામાં થયેલાં

# રાષ્ટ્રપિતાનાં પુનિત પગલાં.

પોપટલાલ શુ. પટેલ

સારો દેશ રાષ્ટ્રીય પ્રવૃત્તિથી ધમધમી રહ્યો હતો. સ્વદેશીની ચળવળ પૂર જોશમાં ચાલતી હતી, અને રાષ્ટ્રીય શાળાઓ ઠેરઠેર શરૂ કરવામાં આવતી હતી. કિંચિત્ રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલા યુવકો તે વખતે આ સંસ્થામાં કામે લાગ્યા હતા. છગનભા સંસ્થાના મંત્રી અને કર્ણધાર હતા. પાકટ ઉંમરે થોડુંક લખી વાંચી જાણવા જેટલું અક્ષરજ્ઞાન મેળવી સાધુસંતો અને સંન્યાસીઓનાં પાસાં સેવી હૈયા-ઉકેલથી વેદાંતનું જ્ઞાન મેળવી પંચાવન વર્ષની ઉંમરે તેમણે સમાજ-સેવાનો ભેખ ધારણ કર્યો. અમદાવાદના સુપ્રસિદ્ધ સામાજીક કાર્યકર ડોકટર હરિપ્રસાદ વ્રજરાય દેસાઈને સંસ્થામાં અને કડી કસ્બામાં કેટલાક ઉત્સવો-કાર્યક્રમો પ્રસંગોએ આવવા-જવાનું થતાં છગનભા સાથે પરિચય થયેલો ત્યારે છગનભાનું વ્યક્તિત્વ તેમને ખૂબજ અસર કરી ગયું. તે વખતની તેમજ આજની પેઢીને પણ નિરક્ષર અને અભણ જેવી લાગે તેવી વ્યક્તિમાં સાચા જ્ઞાનનું કેટલું ઉંડાણ છે અને તે સમાજની કેટલી સુંદર સેવા કરી શકે છે એનું આ દૃશ્ય-દૃષ્ટાંત છે, એમ એમને લાગ્યું; અને એ ઉપરથી એમણે પૂજ્ય મહાત્માજી સમક્ષ વાતવાતમાં કડીની સંસ્થા અને છગનભાનો પરિચય આપ્યો, અને પાછળથી છગનભાને લઈ મહાત્માજી સાથે મુલાકાત કરાવી. મહાત્માજીએ અનુકુળતાએ સંસ્થામાં આવવાનું જણાવ્યું. તા. ૨૭ જુલાઈ ૧૯૨૯ ને રોજ રાષ્ટ્રપિતાનાં સંસ્થામાં પુનિત પગલાં થયાં તેની આ ભૂમિકા.



આજે જ્યારે હું વિચારું છું ત્યારે મને લાગે છે કે સંસ્થાનું એવું કોઈ વિશિષ્ટ કાર્ય નહોતું કે જે મહાત્માજીને સંસ્થાની મુલકાત લેવાનું પ્રેરે. પરંતુ હિમાલય જેવા મહાન, સૂર્ય જેવા તેજસ્વી અને મહાસાગર જેવા ગંભીર એવા મહાત્માજીની ગણત્રીઓ કંઈક જુદી જ હશે. એક વાત ચોક્કસ કે છગનભાની ત્યાગવૃત્તિ અને કોઠાવિદ્યાથી થતી સમાજ સેવાથી મહાત્માજી સંસ્થાની મુલાકાત માટે પ્રેરાયા, અર્થાત મહાત્માજીને છગનભાના કાર્યક્ષેત્રને બીરદાવવાનું યોગ્ય લાગ્યું અને પરિણામે સંસ્થાને તેમનાં પુનિત પગલાંનો લાભ મળ્યો.

સંસ્થાની તેમની મુલાકાત તદ્દન સાદી અને સરળ હતી. બોર્ડિંગના મકાનના વચ્ચેના ચોકમાં પ્લીન્થ સુધી ચણેલા ભાગ ઉપર મહાત્માજીની બેઠક રાખી હતી. છાયા માટે થોડોક ભાગ પૂરતો મંડપ બાંધ્યો હતો. વિદ્યાર્થીઓ, કાર્યકર્તાઓ, કડી કસ્બાનો અને કડી તાલુકાનો જન સમુદાય તડકામા-ખુલ્લામાં બેસી મહાત્માજીનાં શાંતિથી દર્શન કરી શક્યા હતા અને તેમનું ટૂંકુ પ્રવચન ખૂબજ શાંતિથી સાંભળ્યુ હતું. તે વખતે માઈકની કોઈ વ્યવસ્થા નહોતી.

સંસ્થાના મંત્રીએ પોતાના ટૂંકા નિવેદનમાં સંસ્થાની પ્રવૃત્તિઓ વર્ણવતાં સંસ્થાની ત્રુટિઓનો પણ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હતો. મેટ્રીકના અભ્યાસનું ધ્યેય છે. હરિજનોને શાળામાં દાખલ કરવામાં આવે છે. અભ્યાસક્રમમાં ઉદ્યોગોને સ્થાન આપવામાં આવ્યું છે,– જેમાં કાંતણ અને વણાટ પણ છે. પરંતુ સંસ્થાનો દરેક વિદ્યાર્થી દરરોજ અમુક સમય આપે એવી યોજના હજ થઈ શકી નથી. સંસ્થાએ કોઈ ધનિકો પાસેથી મોટી રકમો મેળવી નથી, પરંતુ ગામેગામથી અને ઘેરઘેરથી નાનકડી રૂપિયા જેવડી રકમ કે બશેર-પાંચશેર અનાજ

[ અનુસંધાન પાન ૬

## સંસ્થા પરિચય – ૧

# પૂર્વ વ્યવસાયી તાલીમ કેન્દ્ર કડી

**ભૂમિકા :**

ત્રીજી પંચવર્ષીય યોજનામાં કેળવણી ક્ષેત્રે ઘણી બાબતો હાથ ધરવામાં આવી. પણ એમાં, અભ્યાસમાં મંદ હોય અથવા જેમનો અભ્યાસ છૂટી ગયો હોય કે પછી વાલીની નબળી આર્થિક સ્થિતિને લીધે જેમનો અભ્યાસ અટકી ગયો હોય એવાં ૧૧ થી ૧૬ વર્ષની ઉંમરનાં બાળકોના અભ્યાસ માટેની જોગવાઈની ઉણપ સદ્ગત વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ જોઈ. માત્ર પરિસ્થિતિને લીધે જ અણુવિકસિત રહેવા સર્જાએલા આ કિશોરધન માટે રાષ્ટ્રે કંઈક કરી છૂટવું જોઈએ એ વાત ઉપર એમણે સન ૧૯૬૦ ના જૂન માસમાં ભાર મૂકયો.

**ભારત** સરકારે આ વાત વિચારી અને યોગ્ય કાર્યવાહીને અંતે એને ત્રીજી પંચવર્ષીય યોજનામાં સ્થાન આપ્યું. આવાં બાળકોને નક્કી કરેલા કેટલાક વ્યવસાય માટેની પૂર્વ તાલીમ મળે એવી યોજના ઘડી કાઢવામાં આવી.



: સેન્ટરનું મકાન :

**આ યોજનામાં** યુનિસેફ અને આઈ. એલ. ઓ. નો સહકાર મળ્યો અને આર્થિક મદદની દરખાસ્ત પણ થઈ. રાજ્ય સરકારના સહકારથી ભારતભરમાં આવાં પાંસઠ કેન્દ્રો સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું.

## પૂર્વ વ્યવસાયી તાલીમ કેન્દ્ર, કડી :

**ગુજરાત** રાજ્યમાં સ્થપાયેલાં ત્રણ કેન્દ્રો પૈકીનું એક આ કેન્દ્ર છે. ઈ. સ. ૧૯૬૫ ના જાન્યુઆરીની પહેલી તારીખે આ કેન્દ્રની શરૂઆત થઈ આમાં ત્રણ વર્ષનો અભ્યાસક્રમ છે. દરેક વર્ષમાં ૩૦ બાળકોના પ્રવેશની સગવડ છે.

**આ** કેન્દ્રનું અલાયદુ મકાન બાંધવામાં આવેલું છે. તેમાં રૂ. ૩૫૦૦૦) ખર્ચ થયેલું છે. કેન્દ્રનું વાર્ષિક ખર્ચ ૩૫૦૦૦) રૂપિયા ઉપરાંત છે. સાધનો પાછળ રૂ. ૩૦૦૦૦) ઉપરાંત ખર્ચવામાં આવ્યા છે.

**અભ્યાસક્રમના વિષયો :**

**કેન્દ્રમાં** સામાન્ય વિષયો તરીકે ગુજરાતી, હિન્દી, ગણિત અને સમાજ વિદ્યા શીખવવામાં આવે છે. ટેકનીકલ વિષયો તરીકે સુથારી, લુહારી, ટર્નિંગ, ફીટીંગ, મોલ્ડીંગ અને શીટ મેટલ વર્ક શીખવવામાં આવે છે.

**સામાન્ય** વિષયો માટે દરરોજ બે કલાકનું સમયપત્રક હોય છે અને ટેકનીકલ વિષયોના જ્ઞાન તેમજ પ્રેકટીસ માટે દરરોજ ત્રણ કલાક આપવામાં આવે છે.

## પ્રિ. વૉકેશનલ ટ્રેઈનીંગ સેન્ટર – મકાન ઉદ્ઘાટન
તા. ૧૧-૪-૬૭



શિક્ષણમંત્રી શ્રી ચોખાવાળાના વરદ્ હસ્તે ઉદ્ઘાટન થયા બાદ મકાનના પ્રવેશદ્વારમાં મા. શ્રી ચોખાવાળા સાથે શ્રી પુરુષોત્તમદાસ, શ્રી પરભુદાસ કીશોરદાસ બીડીવાળા, સમારંભના પ્રમુખ શ્રી રમણલાલ નાનચંદ ખમાર તથા શ્રી ગમચંદ્રભાઈ અમીન વગેરે.

## પ્રિ. વૉકેશનલ ટ્રેઈનીંગ સેન્ટરના મકાનની ખાતમુહૂર્ત વિધિ



બંસીધર પ્રા. લિ અમદાવાદવાળા
શેઠશ્રી રમણભાઈના વરદ્ હસ્તે (તા ૨૩–૨–૬૬)
શ્રી રમણભાઈ તથા અમદાવાદ મ્યુ. કોરપોરેશનના મેયર
ડૉ. સોમાભાઈ સી. દેસાઈ પૂજા વિધિ કરી રહ્યા છે.
પાછળ: શેઠશ્રી પરભુદાસ કિશોરદાસ બીડીવાળા, શ્રી પુરૂષોત્તમદાસ છીંકણીવાળા, શ્રી નાનુભાઈ દેસાઈ, શ્રી જી. આઈ. પટેલ.
ડૉ. માણેકલાલ તથા તથા મંડળના મંત્રી શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ

**સ્ટાફ :**

કેન્દ્રનું સમગ્ર સંચાલન રા. ર. શેઠશ્રી પ્રા મ. વિવિધલક્ષી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના આચાર્યની દેખરેખ નીચે થાય છે.

**બાળકોના** શિક્ષણ માટે યોગ્ય તાલીમ પામેલા સ્ટાફની નિમણૂંક સરકાર તરફથી કરવામાં આવેલી છે.

### કેરિયર માસ્ટર

ધંધાકીય માર્ગદર્શનનો જેમણે કોર્સ કરેલો છે એવા તાલીમ પામેલા સ્નાતક બાળકોમાં અંગત રસ લઈને એમને દોરવણી આપે છે અને એમના વાલીઓની અવારનવાર મુલાકાત લઈને એ બાળકોના ઘડતર માટે ચોક્કસ યોજના નક્કી કરે છે.

### સામાન્ય વિષય શિક્ષકો

કેરિયર માસ્ટર ઉપરાંત બીજા બે તાલીમ પામેલા સ્નાતકો એમ કુલ ત્રણ શિક્ષકો બાળકોને સામાન્ય વિષયોનું શિક્ષણ આપે છે.

### ઈન્સ્ટ્રક્ટર્સ

તાલીમ પામેલા ચાર ઈન્સ્ટ્રક્ટર આ બાળકોને ટેકનીકલ વિષયોનું જ્ઞાન અને પ્રેક્ટીસ આપે છે. આ ઇન્સ્ટ્રક્ટર્સ પૈકી એક સિનિયર ઇન્સ્ટ્રક્ટર તરીકે કામ કરે છે.

**અન્ય** કર્મચારી વર્ગમાં એક કલાર્ક, એક વર્કશોપ એટેન્ડન્ટ અને એક પટાવાળાનો સમાવેશ થાય છે.

**બાળકોને સુવિધાઓ :**

**કેન્દ્રમાં** અભ્યાસ કરતાં બાળકોને દર મહિને રૂપિયા દસનું સ્ટાઈપેન્ડ મળે છે તેમજ એમનાં પુસ્તકો, સાધનો વગેરે પણ કેન્દ્રમાંથી મળે છે. અભ્યાસ અંગે બાળકના વાલીને કશો આર્થિક બોજ ઉઠાવવો પડતો નથી.

**અને પછી :**

**આવાં** કેન્દ્રોમાં તાલીમ પામેલાં બાળકો પોતાની તેજસ્વિતા દર્શાવી શકે તો વિવિધલક્ષી શાળા, આઈ. ટી. આઇ. કે જુનિયર ટેકનીકલ સ્કૂલમાં પ્રવેશ મેળવવા યોગ્ય બની શકે. અન્યથા, ભવિષ્યમાં પોતે જે ઉદ્યોગની તાલીમ લીધેલી છે એમાંથી પોતાની રુચિ અનુસાર ઉદ્યોગમાં સ્વતંત્ર ધંધો ચલાવવાને જરૂર શક્તિમાન બને.

**આ રીતે** આ બાળકો રાષ્ટ્રની આજની મહત્વની માગને સંતોષવા જરૂર ઉપયોગી બની શકશે.

---

## હજી સ્વતંત્રતા અધૂરી છે

કોંગ્રેસે રાજકીય સ્વતંત્રતા સિદ્ધ કરી, પણ દેશની આમવસ્તીને માટે આર્થિક સ્વતંત્રતા, સામાજિક સ્વતંત્રતા તેમ જ નૈતિક સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું કામ હજી બાકી છે. એ ત્રણે પ્રકારની સ્વતંત્રતા મેળવવાનું કામ કરવામાં રાજકીય લડતના કામ જેવી ધમાલનો નશો નથી, ઉત્તેજના નથી. તે કામ એવું ભભકભરેલું નથી, અને રચનાનું છે, તેટલા જ કારણસર વધારે કપરું છે. પરંતુ સર્વને સમાવી લેનારું તે રચનાકાર્ય આપણી કરોડોની વસ્તીનાં બધાંયે અંગોની શક્તિને જગાડનારું નીવડશે.

('હરિજનબંધુ' : ૨૭–૧–૪૮) —ગાંધીજી

ઉદ્બોધન

# પ્રેમકથા...

તમને ગમી જાય તેવા મીઠા મીઠા બે શબ્દો તમને કહું તેથી તમે મને ચાહવાના નથી. તમારા માટે હું કષ્ટ ઉઠાવું છું અથવા દુ:ખ વેઠવાની મારી તૈયારી છે એવી જ્યાં સુધી તમને પ્રતીતિ નહીં થાય ત્યાં સુધી તમે મને શી રીતે ચાહી શકો ? ગાંધીજીએ પોતાના દેશબાંધવો માટે અનેક કષ્ટ ઉઠાવ્યાં અને જેલ પણ ભોગવી. પ્રજાએ એમને હૃદયમાં સ્થાન આપ્યું.

પ્રજા નગુણી નથી. એના દિલમાં અપાર પ્રેમ છે. જ્યાં ઢોળે છે ત્યાં ઢોળી જાણે છે. એ પ્રેમ કદીય અસ્થાને ઢળતો નથી એ પ્રજાપાત્રની ખૂબી છે.

સંત મહાત્માઓ પ્રજાના કષ્ટનું સ્થાન શોધી કાઢે છે. બીજાના માટે પોતે ક્યાં અને ક્યારે કષ્ટ ઉઠાવી શકશે એની એમને અદ્‌ભૂત સૂઝ હોય છે. એમનું મન ત્યાંજ જઇને બેસે છે.

આપણને જેના માટે લાગણી હોય એની રજેરજની તકલીફો શોધવામાં અને એને દૂર કરવામાં આપણું ચિત્ત રમમાણ રહે છે. મોટા માણસો આખીયે માનવજાતને ચાહે છે અને એમનાં દુ:ખો દૂર કરવા માટે હંમેશાં પ્રયત્નશીલ રહે છે.

એમને પ્રજા આગળ મીઠી મીઠી વાતો કહેવી પડતી નથી. એમને કશા ખુલાસા આપવા પડતા નથી અને એમના માટે કશી ગેરસમજ ફેલાતી નથી.

( આશ્રમ-ગૃહપતિના પ્રવચનમાંથી )

# ઘડતર કથા...

શાળા એ બાળકનું ઘડતર સ્થાન છે. કયા સંસ્કારનો કયો સ્ફુલિંગ બાળકના હૈયાને ક્યારે અજવાળી મૂકશે એ પ્રક્રિયા કંઈ નજરે જોઈ શકાય એવી નથી હોતી. એટલું જ નહીં પણ કયા પ્રસંગમાંથી પ્રાપ્ત થયેલો સંસ્કાર જીવનના કયા ક્ષેત્ર કે પ્રસંગે ચારિત્ર્યનો પ્રકાશ બની પ્રોજ્જ્વલ થશે એ પણ સમજી શકાય એવું નથી રમતગમતમાં લાધેલો સંસ્કાર જીવનના સામાજિક ક્રમમાં મહત્તમ ઘડીરૂપ બનીને પણ આગળ આવે! નાનામાં નાની વાતમાંથી મેળવેલી પ્રેરણા મોટા અને પ્રખર પ્રલોભન ટાણે તારિણી બનીને પણ આવે! જેમકે ખોખોની રમત દરમ્યાન આઉટ થયેલા ખેલાડી તરફ પંચનું ધ્યાન ન ગયું; અથવા શરતચૂકથી પંચ એને નોટ–આઉટ જાહેર કરે એ વખતે એ જ ખેલાડી પોતે પોતાને આઉટ થયેલો જાહેર કરે. બાળક આ જુએ. એના ચિત્તમાં આ નાનકડા પ્રસંગની ઊંડી અસર થાય એને આ અસરની પ્રક્રિયાની સ્પષ્ટ જાણ પણ ન હોય. આ સંસ્કાર એને જીવનમાં કોઇ રમત વખતે નહીં પણ કોઇ અધિકાર સિવાયની લાલચ-માંથી ઉગારી લે! "આ મારે ન જોઇએ. આ મારા પુરુષાર્થનું વળતર નથી. એ મારું ધન નથી." આ છે બાળકની ઘડતર કથા.

આ જ રીતે કોઈ કુસંસ્કાર પણ ચિત્તમાં ઘર કરી જાય. એટલે જ તો સંસ્કારધામ શાળાઓના કર્ણધારોએ ખૂબ સાવચેત રહેવાની જરૂર ખરી. સંસ્કારઘડતરધામમાં નાની વાતો એ કદી નાની નથી.

( શાળા–આચાર્યના પ્રવચનમાંથી )

[ અનુસંધાન પાન ૩ ઉપરથી ચાલુ ]

ઉઘરાવી સંસ્થાનો નિભાવ થાય છે અને બની શકે તે વિકાસ કરવામાં આવે છે. ( નાણાં વિભાગ ભા.–૧લો જેમાં સંસ્થાએ છેવટ સુધીમાં રૂપિયા સુધીની રકમ કયા ગામથી, કઈ વ્યક્તિ તરફથી મળી તેની નોંધ તુરત જ જડી શકે તેવી રીતે ગોઠવી બહાર પાડવામાં આવ્યો હતો તે મહાત્માજી સમક્ષ રજુ કરવામાં આવ્યો હતો. ) હાલમાં કોઇ સિલિક નથી. વિદ્યાર્થીઓ સ્વાશ્રયી જીવન જીવે છે, પ્રસંગોપાત આજુબાજુના ગામડાઓમાં જઈ ફંડ પ્રવૃત્તિ કરે છે. અને બાળલગ્ન, કારજ જેવા રિવાજો સંબંધમાં સંવાદોથી સામાજિક પ્રચાર કરે છે, વગેરે હકીકતો નિવેદનમાં જણાવી હતી.

મહાત્માજીએ છગનભાના આ કાર્યને બીરદાવતાં એકત્ર થયેલી જનતાને કહ્યું હતું કે આ સંસ્થામાં તમારાં બાળકોને દાખલ કરી સારું શિક્ષણ અપાવી શકો છો. સંસ્થા પાસે સિલિક નથી એ એક સારી વસ્તુ છે. હરિજનોને તમારા ભાઇ બહેન જ ગણો અને એમને અપનાવો સંસ્થાના મંત્રીએ નિખાલસતાથી ત્રુટિઓ દર્શાવી છે એ નિખાલસતા માટે તેમને અભિનંદન ઘટે છે. છગનભાએ જે આ કાર્ય કર્યું છે તે સુંદર કાર્ય છે તેમની પાસેથી સેવાના પાઠ શીખજો અને એમના જેવા થવા પ્રયત્ન કરજો. આવી સંસ્થાને સમાજ જરુર પોષશે.

મહાત્માજી બપોરની સાડા અગીઆરની ગાડીથી ઉતર્યા અને પાછા ચારની ગાડીએ વિદાય થયા ત્યાં સુધીનો તેમનો કાર્યક્રમ ભરચક હતો ઉપરનો મુખ્ય કાર્યક્રમ શરુ થવાને વીસેક મીનીટની વાર હતી, તે વીસ મીનીટમાં નિંદ્રા ખેંચી કાઢવાનું તેમણે જણાવ્યું એ વીસ મીનીટ ઘસઘસાટ ઉંઘી ગયા અને બરાબર વીસમી મીનીટે પોતાની મેળે જ જાગી ગયા. જાહેર સભા, કાર્યકર્તાઓ સાથે વાર્તાલાપ, વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ વગેરે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એકાદ કલાક

( પેજ ૮ ઉપર ચાલુ

# આપણા દાતાઓ :

## શેઠશ્રી પરભુદાસ કિશોરદાસ – અમદાવાદ



ગુજરાત ભરમાં તેમજ રાજસ્થાન, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, માયસોર સ્ટેટ, ઉત્તર પ્રદેશમાં બીડી નિર્માતા તરીકે સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરનાર શ્રી પરભુદાસ કિશોરદાસ આજે ૭૩ વર્ષની વયે પુરૂષાર્થ અને પરિશ્રમથી ભવ્ય વિકાસ સર્જી રહ્યા છે. સાદાઇ ભર્યું જીવન જીવતા ધંધાનું સંચાલન કરી રહ્યા છે. આ ધંધામાં ભાગીદારો તરીકે તેમના સુપુત્રો શ્રી પ્રહ્લાદભાઇ તથા શ્રી જસવંતલાલનો સાથ સહકાર પણ તેમને સાંપડયો છે.

દશક્રોઈ તાલુકાના ભાવડા ગામમાં ૧૮૯૬ માં જન્મેલા શ્રી પરભુદાસ મધ્યમ કુટુંબમાં ઉછેર પામ્યા હતા. ગોમતીપુરની માધ્યમિક શાળામાં માફી ફીથી સાત ચોપડી સુધી અભ્યાસ કર્યો હતો. કુટુમ્બની જવાબદારી અદા કરવા અભ્યાસ પડતો મૂકી, શરાફી પેઢી અને કાપડની પેઢીમાં જીવનની શરૂઆત નોકરીથી કરી, ૧૯૩૦ માં બીડી ઉત્પાદન ક્ષેત્રમાં ધંધાની સ્વતંત્ર શરૂઆત કરી હતી.

શ્રી પરભુદાસભાઇ ઉદ્યોગ સાથોસાથ કેટલીક ધંધાકીય અને સેવાકીય સંસ્થાઓમાં મહત્વની સેવા આપે છે ઑલ ઇંડીયા બીડી એસોસીએશન. ગુજરાત, ગુજરાત વેપારી મહામંડળ, ટોબેકો એક્ષપોર્ટ પ્રમોશન કાઉન્સીલ, વિગેરેના તેઓશ્રી સભ્ય છે. કેળવણીની સંસ્થાઓમાં ઉંડો રસ લે છે. કુટુંબીઓને સારૂં શિક્ષણ આપવા સદા તત્પર રહે છે અને કેળવણીની સંસ્થાને મહત્વનાં સુચનો કરે છે. તેમણે આપેલા દાનથી શ્રીમતી રેવાબાઇ પરભુદાસ બાલમંદિરની સ્થાપના વલ્લભનગર, ઓઢવ નજીક થયેલ છે. ગોમતીપુર અમદાવાદમાં તેમજ દમોહ મધ્યપ્રદેશમાં પ્રસુતિગૃહોની સ્થાપના તેમની સખાવત દ્વારા શક્ય બની છે. આ સંસ્થાઓમાં તેઓશ્રી ઊંડો રસ લે છે. આ ઉપરાંત ઉંઝા તથા અન્ય સંસ્થાઓને કન્યા છાત્રાલયમાં ઉદાર મદદો આપી છે. સાયન્સ કૉલેજ માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળને ૧૧૦૦૦) ની ઉદાર સખાવત કરી છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વ્યવસ્થાપક મંડળ અને સાયન્સ કૉલેજ ગવર્નીંગ બૉડીના સભાસદ છે. અને તેના કાર્યમાં સારો રસ ધરાવે છે.

## શ્રી. રસિકલાલ નાથાલાલ શાહ – કડી
## હાલ : અમદાવાદ



શ્રી રસિકલાલ શાહનો જન્મ ૧૯૨૦ માં કડીમાં થયો હતો. બી. એસસી. (ટેક) ની ડીગ્રી પ્રાપ્ત કરી તેઓ રંગ અને રસાયણના ધંધામાં જોડાયા છે.

તેઓ અમદાવાદની સીન્ડેટ પ્રાઇવેટ લીમીટેડના મેનેજીંગ ડાયરેક્ટર છે. આ કંપની રંગ અને રસાયણ બનાવવાનું કામકાજ કરે છે.

ઔદ્યોગિક ક્ષેત્ર ઉપરાંત તેઓને સામાજિક અને શિક્ષણક્ષેત્રમાં રસ છે અને તેમાં સક્રિય ભાગ લઇ ઉદાર સખાવતો કરી છે. તેઓ પોતાના વતન કડીની આવી પ્રવૃત્તિઓમાં આગળ પડતો ભાગ લઈ રહ્યા છે.

તેઓ મેઘજી પેથરાજ એજ્યુકેશન સોસાયટી (કડી)ના માનદ્‌મંત્રી છે. તેમના મોટાભાઇ સ્વ. ચિમનલાલના સ્મરણાર્થે સારૂ દાન આપી કડીમાં સી. એન. આર્ટસ્ કૅાલેજની સ્થાપનામાં અગ્રભાગ લીધો છે.

તેઓએ સાયન્સ કૅાલેજ–કડી માટે પાંચ હજાર રૂપિયાનું દાન આપ્યુ છે. સાયન્સ કૅાલેજ ગવર્નીંગ બૉડીના સભાસદ પણ છે.

ઔદ્યોગિક ક્ષેત્રે તેઓ ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ગુજરાત ઇન્સ્ટીટયુટ ઓફ કેમીકલ ટેકનોલોજી–અમદાવાદ, ગુજરાત ફેર્સ એન્ડ એકઝીબીશન સોસાયટી–અમદાવાદ, એસોશીએશન ઑફ કેમીકલ ટેકનોલોજીસ્ટ (ઇન્ડિયા)–અમદાવાદના ઓનરરી સેક્રેટરી છે. અને કેમીકલ એન્ડ ફર્માસ્યુટીકલ કમિટિમાં ગુજરાત રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગમ તરફથી મેમ્બર સેક્રેટરી તરીકે તેમની નિમણૂક કરવામાં આવી છે.

મનુષ્યમાં ચારે ગુણ હોવા જોઇએ : જ્ઞાન, શૌર્ય, વાણિજ્ય ને સેવાભાવ.
— ગાંધીજી

સંભારણું

# "મને સાંભરે રે"

રણજિત પટેલ
(અનામી)

હું ભણતો હતો ત્યારે (ઇ સ. ૧૯૨૯-૧૯૩૪) કડી આશ્રમમાં એક મઝાનો તંદુરસ્ત નિયમ હતો: સવાર-સાંજ જમતી વખતે પીરસાય તે દરમિયાન ગીતાના સંસ્કૃત શ્લોક બોલવાનો નિયમ. પ્રભાતની તથા સાયંકાળની અને વિદ્યાલયની પ્રાર્થનાઓ તો જૂદી. સવાર-સાંજના સમયને અનુરૂપ કેટલાક શ્લોકોની વરણી કરી, એને જાડા મોટા કાગળની બંને બાજૂએ છાપવામાં આવતા પીરસણ પહેલાં આ કાગળિયાં પ્રત્યેક વિદ્યાર્થીને વહેંચાતાં પીરસણ ચાલુ થાય એટલે નકકી કરેલા બે વિદ્યાર્થીઓ ક્રમમાં અકેકે શ્લોકની પ્રથમ પંકિત ઉચ્ચ સ્વરે ઉચ્ચારે એટલે તરતજ બાકીના બીજા બધા એને ચિવટપૂર્વક અને શુદ્ધિપૂર્વક ઝીલે. એ દૃસ્ય ખરેખર હૃદયંગમ અને મનોહારી હતું

એનાથી એક પ્રકારનું આશ્રમિક વાતાવરણ જામતું. પીરસનારને ચાનક ચઢતી, શ્લોક બોલાવનારનું ગૌરવ થતું અને ઝીલનાર, ગણગણાટ-ઘોંઘાટ કરવામાંથી કે કરનારથી બચી જતા. આ તો એની ગૌણ બાજુ થઇ પણ એનાથી શિસ્ત જાળવવામાં સુગમતા થતી. શાસ્ત્રીય સંગીત નહી તોય રાગના ઘરમાં રહીને પણ શ્લોકો લલકારવાની લિજ્જત આવતી અને વાક્ય શુદ્ધિની કેળવણી સહજ રીતે મળતી. સંસ્કૃત ભાષાના શુદ્ધ અને શાસ્ત્રીય પઠનની કેળવણી સાથે આપણા હજારો વર્ષના સાંસ્કૃતિક વારસાનું કલ્યાણકારી ને બલપ્રદ ધાવણ લીલયા મળતું. એ કાળે સામાન્ય રીતે વધુ ભાર ઝીલવાની ક્ષમતા ધરાવનાર સ્મૃતિ અત્યંત સતેજ ને ધારદાર બનતી.




ગીતાના બીજા અધ્યાયમાંથી 'સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા સમાધિસ્થસ્ય કેશવ' થી 'એષાબ્રાહ્મી સ્થિતિઃ પાર્થ નૈનાં પ્રાપ્ય વિમુહ્યતિ' સુધીના શ્લોકોનું પઠન-પારાયણ મારા જેવા અનેક વિદ્યાર્થીઓને યાદ હશે. એ સમયે અમો 'સ્થિતપ્રજ્ઞ' નો અને 'બ્રાહ્મીસ્થિતિ' નો બ્રહ્મક્ષરેય જાણતા નહોતા (અને આજેય?) છતાંયે એ દેવભાષાને લલકારવામાં એક પ્રકારનો સૂક્ષ્મ ને સાત્વિક આનંદ આવતો. એમાંના બે શ્લોક મને અત્યંત પ્રિય હતા-છે તે આ :-

ध्यायतो विषयान्पुंसः
सङ्गस्ते षूपजायते ।
सङ्गात्संजायते कामः
कामात्क्रोधोऽभिजायते ॥

क्रोधाद्भवति संमोहः
संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो
बुद्धिनाशात्प्रणश्यति ॥

અદ્યતનમાં અદ્યતન માનસશાસ્ત્ર, ગૂઢમાં ગૂઢ યોગશાસ્ત્ર, ગહનમાં ગહન જીવનશાસ્ત્ર અને સર્વકાલીન તથા સર્વજનીન ઊંચી કવિતાની દ્રષ્ટિએ પણ એ શ્લોકનું મહત્વ મારે મન ઘણુંજ મોટું છે.

---

(૬ ઠ્ઠા પાનનું ચાલુ)

સંસ્થાની પ્રવૃત્તિઓ નજરે જોવાનો કાર્યક્રમ હતો. આપણી સામાન્ય સંસ્થામાં જગતના શ્રેષ્ઠ પુરુષ મુલાકાતે આવે અને બાળકો તથા જનસમુદાય તેમનાં દર્શનનો લાભ મેળવી શકે એ બીના આજે મને સ્વપ્નવત્ લાગે છે

મહાત્માજીની પધરામણી સાદી, સરળ અને પ્રેરણાદાયી હતી. કડી ગામ, કડી તાલુકાના પ્રજાજનો મહાત્માજીની એ મુલાકાતને પોતાના જીવનના એક ધન્ય પ્રસંગ તરીકે આજે પણ યાદ કરે છે.

## સંસ્થા સમાચાર...............

* સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી જયંતીલાલ મણિલાલ ઇલેકટ્રીકલ એન્જીનિયરિંગના વધુ અભ્યાસ માટે કેલિફોર્નિયા - યુ. એસ એ. ઉપડી ગયા છે. એમનો વિદાય સમારંભ તેમના વતન કુંડાળ મુકામે શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલના પ્રમુખપદે ઉજવાયો,

* સાયન્સ કૉલેજ - કડીના પ્રિન્સીપાલ તરીકે ડૉ. ડી. એન. શાહ, એમ. એસસી.; પીએચ. ડી.; એફ. આઈ. સી. જૂન માસથી જોડાયા છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી તંત્રી - પ્રકાશક - મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ - કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય - રેલ્વે સ્ટેશન સામે - કડી.

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ | કડી : ગુરુવાર : તા. ૧૮-૯-૬૯ | અંક ૨


## 'સુવર્ણ જયંતી' પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને............... પુરૂષોત્તમદાસ પટેલ

કડી સર્વવિદ્યાલય અને આશ્રમે ઘણા વિદ્યાર્થીઓનાં જીવનઘડતર કર્યાં છે. એમનામાં સાદાઇ અને હિંમતના ગુણ કેળવ્યા છે. એમનામાં રાષ્ટ્ર ભાવનાનું સિંચન કર્યું છે.

સર્વ વિદ્યાલય આશ્રમના જુના વિદ્યાર્થીઓ આજે તો એમાંના કેટલાક સારા દાક્તરો, સારા ઇજનેરો, સારા શિક્ષકો અને સારા વેપારીઓ થયા છે. એમાંના કેટલાક રાજકીય ક્ષેત્ર પણ દીપી ઉઠયા છે.

મોટા ભાગના જુના વિદ્યાર્થીઓ સુખી છે. ખેતી તેમ જ અન્ય વ્યવસાયમાં એમણે નવી ભાત પાડી છે.

એટલુંજ નહિ પણ ઉત્તર ગુજરાતમાં શિક્ષણની તેમજ અન્ય સામાજિક સેવાની સંસ્થાઓ આજે છે, તેને ઉભી કરવામાં અને તેમાં જીવન રેડવામાં સારો ભાગ લીધો છે. અને કેટલીક સંસ્થાઓનું સફળ સંચાલન કરી રહ્યા છે.

એ સર્વ વિદ્યાલયના – સંસ્થાના જુના વિદ્યાર્થીઓને સંસ્થા પ્રત્યેનું ઋણ રેડવાનો અવસર આવ્યો છે.

આ સંસ્થા પચાસ વર્ષ આ સાલમાં પૂરાં કરે છે. સંસ્થાએ ઉત્તર ગુજરાતને ઉભો કરવામાં મોટો ફાળો આપ્યો છે.

એના જુના વિદ્યાર્થીઓ સમસ્ત ગુજરાતમાં નવસારીથી માંડી દ્વારકા સુધી પથરાયેલા છે, અને એ સૌ ઠીક ઠીક સુખી છે.

### સુવર્ણ જયંતી

આ સાલમાં આ સંસ્થા એની 'સુવર્ણજયન્તી' ઉજવે છે.

એ પ્રસંગે આ સંસ્થાના જુના વિદ્યાર્થીઓ—

(૧) યથાશક્તિ પણ રૂ. ૨૫૧ થી ઓછા નહિ આપી આ સંસ્થાના આજીવન સભાસદ બને.

(૨) સુખી અને સારી સ્થિતિમાં છે તેઓ શક્ય તેટલું વધારે આપે.

(૩) 'સુવર્ણ જયન્તી' નું વાર્ષિક લવાજમ રૂા. ૫–૦૦ છે તે મોકલી આપી આ સંસ્થાના સુવર્ણ જયન્તીના કાર્યક્રમોથી વાકેફ રહે.

(૪) સંસ્થાનાં એમનાં સંસ્મરણો 'સુવર્ણજયન્તી' માં પ્રસિદ્ધ કરવા મોકલી આપે.

(૫) 'સુવર્ણ જયન્તી' પ્રસંગે – ચાલુ સાલમાં જુના તેમજ ચાલુ વિદ્યાર્થીઓનું સંમેલન યોજવાનું છે તે પ્રસંગે બીનચૂક હાજરી આપે.

(૬) 'સુવર્ણ જયન્તી' પ્રસંગે જુનિયર ટેકનિકલ સ્કૂલનાં; સ્કૂલ, છાત્રાલય તેમજ વર્કશોપના બંધાતાં મકાનોનાં ઉદ્દઘાટન આ વર્ષમાં થવાનાં તે પ્રસંગે જરૂર હાજરી આપે.

(૭) સાયન્સ કૉલેજની હોસ્ટેલનું ઉદ્દઘાટન તથા સાયન્સ કૉલેજના મકાનનું ખાતમુહૂર્ત આ વર્ષમાં થવાનું તે પ્રસંગે જરૂર હાજરી આપે.

આ બધા ઉદ્દઘાટનો તથા વિદ્યાર્થી સંમેલન સાથે રાખવા વિચારણા છે.

... ... ... ... ...

• આપણી સંસ્થા હવે માત્ર સર્વ વિદ્યાલય અને આશ્રમ પુરતી નથી. પણ આ સંસ્થાએ,

[ અનુસંધાન પાન ૬ પર ]

# આપણા જ્યોતિર્ધર સ્વ. પૂ. છગનભા આપણને જોઈ રહ્યા છે.

વકીલ ધનાભાઈ હ. પટેલ

ઉત્તર ગુજરાતમાં સને ૧૯૧૯ ના અરસામાં અક્ષરજ્ઞાન નહિવત હતું. જમાનો કેળવણી માગતો હતો. 'ખેડૂત સમાજે જાગ્રત થવું હોય અને પોતાનું શોષણ થતું અટકાવવું હોય તો કેળવણીની જ્યોત જગાવવાનો ભેખ લે. સન્યાસી થવાની જરૂર નથી.' તેવા પ્રકારનો મંત્ર પૂ. છગનભાને તે વખતે મળ્યો.

કડી તે વખતે પ્રાંતનું (જીલ્લાનું) મથક હતું. ઉત્તર ગુજરાતમાં જ્ઞાનની જ્યોત પ્રગટાવવાનો પુરુષાર્થ આદરવા પૂ. છગનભાએ કડીની પસંદગી કરી. સૌને જાણે કે કડીથી કડી જોડી સાંકળ બનાવવાની હોય તેમ પ્રાંતના તાલુકે તાલુકે અને મોટાં મોટાં ગામોએ હાઈસ્કૂલો અને કોલેજો સ્થપાતી જઈ કેળવણીની સાંકળથી સૌને સાંકળી લેવાનો વેગીલો પ્રવાહ ત્યારથી વિસ્તરતો જાય છે.

પૂ. છગનભા અને એમના સાથીદારો સ્વ. માધવજી તથા સ્વ. ધનશા ભગત, સ્વ. પૂ. બાપુભાઈ ગામી, શ્રી છગનભાઈ શ્રી પોપટભાઈ વગેરે ના હોત તો કડીની સંસ્થા ના હોત. અને કડીની સંસ્થા ના હોત તો આપણે બધા ક્યાં હોત? પૂ. છગનભાને જે વિદ્યાર્થીઓએ અને કાર્યકરોએ નજરે નિહાળેલા છે તેમની નજર સમક્ષ આ "ભા"ની પૂણ્યશાળી પ્રેરણાદાયિ પ્રેમઝરતી મૂર્તિ યાદ કરતાની સાથે ઉપસ્થિત થયા વગર રહેતી જ નથી. માથે મોટી ખાદીની ટોપી, ખાદીનું કાંસવાળુ અંગરખું, ખાદીનું ધોતીયું, પગમાં સાદાં અહિંસક ચંપલ કે જોડા અને હાથમાં પેલો ધોકો–જેડીયો લઈ આશ્રમના–બોર્ડિંગના દરવાજે "ભા" આવતા એટલે પ્રેમનો હિલોળો આશ્રમના કણકણને નવરાવી દેતો. ફળના ટોપલા વિના "ભા" કોઈ દિવસ આવતા જ નહિ. "બાળકો-વિદ્યાર્થીઓ" રાજી થાય તો જ હું રાજી આ તેમનો પ્રેમ નિતરતો સંદેશો હતો.

ગામે ગામ ગરીબમાં ગરીબ ખેડૂતે પણ 'ભા'ની ઝોળી ધરવામાં આવતાંની સાથે તેમાં કંઈને કંઈ ફાળો નાખ્યો જ હતો. ઘરઘરના અને ગામગામના એ ફંડમાંથી આ સંસ્થાનો પાયો નંખાયેલો છે. તેને આજે પચાસ વરસ થઈ ગયાં છે. કેટકેટલાય વિદ્યાર્થીઓ આ સંસ્થાને આંગણે પોતાના હાલના જીવનનાં ભાથાં બાંધી ગયેલા છે. "સુવર્ણ જયંતી"નો રૂડો અવસર આવ્યો છે. "ભા" ઋણ અને "માતૃ સંસ્થા" ઋણ ફેડવાની પવિત્ર પળ આપણા સામે આવી ઊભી છે. "ભા"નું બાવલું સંસ્થાના દરવાજાની સામે જ છે. સૌને જતા અને



પૂ. છગનભા

આવતા તેમણે જોયા છે. આશીર્વાદ દીધા છે કે 'પગભર થજો અને સંસ્થાને પગભર કરજો'

અને સંસ્થાને પગભર કરવાની ટહેલ નંખાણી છે. વિજ્ઞાન કોલેજ અને ટેકનીકલ સ્કૂલની પ્રવૃત્તિ પાંગરતી જાય છે. કન્યા છાત્રાલયનાં 'ભા'નાં સ્વપ્નાં અજાણ્યાં ના હતાં. કડીને આંગણે તે સ્વપ્ન પણ સાકાર કરવાનું છે.

ઇશ્વરે આપ્યું હોય તે બધું આપી દેવાનું નથી. બે ભાઈના બદલે ત્રણચાર ભાઈઓ હોય તો બાપની મિલકતના વારસામાં ત્રણ ચાર ભાગ પડી જાય બેને બદલે ચાર દિકરીઓ હોય તો ચાર કરકરીઆવર કરવા પડે.

સૌની પાસે સંસ્થાના કાર્યકરો ના પણ પહોંચી શકે. જે જે જાણે કે સંસ્થાની "સુવર્ણ જયંતી" ઉજવવાની છે તે દરેક જણ નાનો કે મોટો, ભાઈ કે બહેન, ખેડૂત કે વેપારી, મજુર કે શેઠ જે હોય તે પોતાની શક્તિને લક્ષમાં લઈ સંસ્થાએ ઉપાડેલી મોટી જવાબદારીઓને પહોંચી વળવા શક્તિ આપે. તેની "સુવર્ણ જયંતિ"ના પ્રસગે પાંખડી નહિ પણ ફુલ બને તેવી રકમ મોકલી આપશો તો "પૂ છગનભા"નો આત્મા પૂલકિત બની ઉઠશે અને જ્યાં હશે ત્યાંથી આપણે તેમને અને તેમણે વાવેલા સંસ્થાવૃક્ષને વફાદાર રહી આપણી ફરજ અદા કરી છે તે જોઈ આપણા સૌ ઉપર આશીર્વાદ વર્ષાવશે

# ગુલાબ

—મો૦

વાત આમ તો સાધારણ હતી. પણ દસ વર્ષની સરલાને મન એક કોયડારૂપ બની ગઇ. એક નાની સરખી વાત ઉપર સવારે પપ્પા ગુસ્સે થઈ ગયા અને અત્યારે બહેન ( શિક્ષિકા ) રાતાંપીળાં થઈ ગયાં !

વાત આટલી જ : ઘર આગળના ગુલાબના છોડ ઉપર રોજ ઊઘડતાં એકાદ બે ગુલાબ તોડીને સરલા નિશાળે લઇ જતી. બહેનને આપતી. વર્ગની બાળા પ્રેમથી ફૂલ લાવતી એટલે બહેન એ લઈ લેતાં અને માથામાં નાખતાં. સરલા ખુશી ખુશી થઇ જતી.

ઘર આગળ એકનો એક ગુલાબનો છોડ, એટલે પપ્પાની નજર એના ઉપર ઠીક ઠીક રહેતી. છોડ ઉપર ગુલાબ ખીલે એટલે ઘણીવાર એમને પોતાના કોટના બટનહોલમાં નાખવાનું મન થતું. પણ એ રીત પ્રચલિત નહીં હોવાને લીધે એ પાછા પડી જતા રોજ મનસુબો કરતા અને રોજ માંડી વાળતા.

એક દિવસ એ ઇચ્છા પ્રબળ થઇ આવી. એ છોડ ઉપરથી ગુલાબ તોડવા ગયા ત્યારે તો છોડ ઉપર માત્ર બેત્રણ કળીઓ જ ઝુમતી હતી. ફૂલ નહોતું. પપ્પા ગુસ્સે થયા; "ફૂલ ક્યાં ગયું ? હમણાં તો મેં છોડ ઉપર જોયું છે. એક નહીં બે ફૂલ હતાં !"

"મેં ફૂલ તોડ્યું છે" એમ ઉત્સાહપૂર્વક કહેવા માટે સરલા બહાર તો આવી પણ પપ્પાના ચહેરા ઉપરનું સ્વરૂપ જોઇ એને આજે પહેલીવાર લાગ્યું કે ફૂલ તોડવામાં પોતે કોઇ ગુનો કર્યો છે. એ ભોંઠી પડી ગઇ અને ગભરાયેલે મુખ પપ્પા સામે જોઈ રહી પપ્પા સમજી ગયા એમણે ગુસ્સામાં કહ્યું; "તેં તોડ્યું ?"

સરલા ચૂપ બનીને ઊભી જ રહી.

"શા માટે તોડ્યું ?"

સરલાની સાથે એના વર્ગમાં અભ્યાસ કરતી સ્મિતા ત્યાં ઊભી હતી. એણે સહજ ભાવે જવાબ આપ્યો; "સરલા અમારા બહેન માટે રોજ ગુલાબ લાવે છે."

પપ્પાનો ગુસ્સો હજુ ઉતર્યો નહોતો એમણે કહ્યું; "બહેનને ફૂલનો શોખ થતો હોય તો ગુલાબ વાવે પોતાને ત્યાં... સવાસો રૂપિયાની નોકરી કરવી અને ગુલાબના શોખ... લાવ એ ગુલાબ પાછાં... પપ્પા આવેશમા આ બધુય એકી સાથે બોલી ગયા.

પાણીના વાસણ નજીક રૂમાલમાં વીંટીને કાળજીથી મૂકી રાખેલાં ગુલાબ સરલા લઇ આવી.

રસોડામાં બેઠેલી મમ્મીને આ વાતની ખબર પડતાં એ આવી પહોંચી. અને સરલાની સ્થિતિ જોઈ એણે પતિને ઊંચા સાદે કહ્યું; "તમે ય કેવા છો ? આવી નાની વાતમાં આમ ગુસ્સે થઇ જાઓ છો ! બાળકના સ્વમાનનો તો ખ્યાલ જ કરતા નથી..."

નિશાળે જતી વખતે સરલા ગુલાબ લીધા વિના જ ચાલવા લાગી ત્યારે મમ્મીએ એ એના હાથમાં મૂક્યાં અને કહ્યું; "આજે લઇ જા. કાલે ન લઇ જવાં હોય તો ન લઇ જઇશ."

સરલાએ ફૂલ લીધાં ખરાં પણ એનું મોં પડી ગયું હતું.

શાળામાં જઇને સરલાએ એ ફૂલ બહેનના હાથમાં મૂક્યાં ત્યારે એનું મોં ખૂબ કરમાઈ ગયું હતું. એ જોઈ બહેને પૂછ્યું; "સરલા, આજે કેમ આમ સાવ લેવાઇ ગઇ છે ?"

સરલા તો કશું બોલી નહીં, પણ સ્મિતાએ બધી વાત કહી દીધી.

બહેનના ચહેરા ઉપર એકદમ ફેરફાર થયો. મોં લાલચોળ થઇ ગયું અને હોઠ પીસીને પેલાં બેય ફૂલ બારી બહાર ફેંકી દીધાં.

પપ્પા તો ઠીક, પણ બહેન કેમ આટલાં બધાં ગુસ્સે થઇ ગયાં એ સરલાને ન સમજાયું.

એની ઉદાસીનતામાં અનેકગણો વધારો થઈ ગયો.

---

# સમાચાર

*ઓગસ્ટની મધ્યમાં તેમજ અંતે સર્વ વિદ્યાલયને આંગણે કડી તેમજ કડી તાલુકા જૂથોની એટમમીટ હરીફાઇઓ યોજાઇ. આ હરીફાઇઓમાં કબડ્ડી, ફૂટબોલ, બાસ્કેટ-બોલ અને બહેનોની ખોખો હતી.

કડી જૂથ હરીફાઇઓમાં કબડ્ડી અને ફૂટબોલમાં આપણી શાળા પ્રથમ આવી.

તાલુકા જૂથ હરીફાઇઓમાં કબડ્ડીમાં આપણી શાળાના વિદ્યાર્થીઓ વામજની સાથે અને ફૂટબોલમાં સ્વતંત્રપણે જિલ્લા કક્ષાએ રમવા પસંદ થયા.

હવે આપણી શાળાની ટુકડીના વિદ્યાર્થીઓ ફૂટબોલની હરીફાઇ માટે મહેસાણા તાલુકાની ટુકડી સાથે ઝોન કક્ષાએ રમવા જશે

૧૫ મી ઓગસ્ટના રોજ અન્ય કાર્યક્રમોની સાથે એન. સી. સી. પ્રોમીસ પરેડ અને સફાઇ કાર્યક્રમો યોજાયા.

તા ૯-૯-૬૯ થી શાળાની પ્રથમ પરીક્ષા શરૂ થઈ.

## સંસ્થા પરિચય – ૨
# જુનિયર ટેકનીકલ સ્કૂલ–કડી

[ પ્રાથમિક કક્ષાએ ટેકનીકલ શિક્ષણ આપતા આ સંસ્થામાં ચાલતા પ્રિ–વૉકેશનલ ટ્રેઇનીંગ સેન્ટરનો પરિચય ગયા અંકમાં આપવામાં આવ્યો હતો. ટેકનીકલ શિક્ષણનું માધ્યમિક કક્ષાએ કામ કરતી આ સંસ્થામાં ચાલી રહેલી જુનિયર ટેકનીકલ સ્કૂલનો પરિચય આ અંકમાં આપવામાં આવે છે. રોજી–રોટી આપે એવા શિક્ષણનું આયોજન એ દેશ સમક્ષનો તાકીદનો અને ગંભીર સવાલ છે. આ સવાલના ઉકેલમાં ઉપયોગી થઇ પડે તેવી આ સ્કૂલની યોજના છે. ]

### ભૂમિકા

પરિવર્તન પામી રહેલા આ સમયમાં માધ્યમિક શિક્ષણ સમક્ષ બે પ્રશ્નો ઉભા છે.

(૧) બાળકોની જરૂરિયાત, શક્તિ અને સાધન પ્રમાણે તેમને વિવિધલક્ષી કેળવણી અને તાલીમની તક આપવી.

(૨) બદલાઇ રહેલી આર્થિક અને નોકરી ધંધાની પરિસ્થિતિને બંધ બેસતી થાય તેવી કેળવણીની સગવડો ઉભી કરવી.

રોજગારીનું મોટામાં મોટું ક્ષેત્ર ઉદ્યોગો ( ભારે, વપરાશી અને નાના પાયાના ) બન્યા છે. અને તેની રોજગારી આપવાની શક્તિ દિવસે દિવસે વધતી જવાની છે. તેમજ આ રોજગારી માત્ર એન્જનિયર્સ કે ટેકનોલોજીશિયન્સ પુરતી જ નહિ રહેતાં તાલીમ પામેલા કુશળ ટેકનીશિયન યુવાનો માટે મોટી અને સારી તકો પૂરી પાડનારી છે.

પરંતુ આ ક્ષેત્રમાં ભારે વિસંવાદિતા પ્રવર્તી રહી છે. એક બાજુ રોજગારી મળતી નથી, અને બીજી બાજુ રોજગારી માટે યોગ્ય શિક્ષણ અને તાલીમ પામેલા માણસો મળતા નથી.

આ કોયડાનો ઉકેલ લાવવાનો ભાર ટેકનીકલ શિક્ષણ ઉપર આવ્યો છે. તેનો ઉકેલ લાવવા ટેકનીકલ શિક્ષણક્ષેત્રે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ રાજ્ય અને ભારત સરકારે શરૂ કરી છે.

જુ. ટેકનીકલ સ્કૂલ આ દિશામાં એક સુયોજીત પગલું છે.

### જુનિયર ટેકનીકલ સ્કૂલની યોજના
#### પ્રવેશ અને સમય

જુનિયર ટેકનીકલ સ્કૂલનો અભ્યાસક્રમ ત્રણ વર્ષનો ધોરણ ૯ થી ૧૧ નો છે. ધોરણ આઠ પાસ થયેલ વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકે છે.

#### સંખ્યા

દરેક વર્ષમાં ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.

#### વિષયો

ત્રણે વર્ષમાં નીચેના વિષયો ફરજીયાત ભણવાના છે.



**શેઠશ્રી અરવિંદપ્રસાદ ન. મફતલાલ**
જેમના તરફથી જુ. ટે. સ્કૂલ
માટે બે લાખની દેણગી મળી છે.



મુખ્યમંત્રી શ્રી હિતેન્દ્રભાઇ દેસાઇ ટેકનીકલ સ્કૂલનું ખાતમુહૂર્ત કરી રહ્યા છે. પાછળ : શ્રી ધર્મસિંહ દેસાઇ, શ્રી પુરુષોત્તમદાસ પટેલ તથા શ્રી છગનલાલ રા. પટેલ વગેરે. ( તા. ૨૭–૫–૬૭ )

(૧) મીકેનીકલ એન્ડ ઇલેકટ્રીકલ એન્જીનિયરીંગ (૨) એન્જીનિયરીંગ ડ્રોઇંગ (૩) વર્કશોપ ટેકનોલોજી (૪) અંગ્રેજી (૫) ગુજરાતી (૬) હિન્દી (૭) રસાયણ અને ભૌતિકશાસ્ત્ર (૮) બીજગણિત (૯) અંકગણિત (૧૦) ભૂમિતિ (૧૧) ઇતિહાસ ભૂગોળ અને નાગરિકશાસ્ત્ર.

વિશેષમાં છેલ્લા વર્ષે સુથારી, લુહારી અને ફીટીંગ એ ત્રણમાંથી એક વિષયમાં વિશેષ તાલીમ લેવાની હોય છે.

### ફી નહિ–સ્ટાઇપેન્ડ

વિદ્યાર્થી પાસેથી કંઇપણ ફી લેવામાં આવતી નથી. ઉલટ અડધી સંખ્યાને પ્રથમ અને બીજા વર્ષમાં માસિક રૂા ૨૦] અને ત્રીજા વર્ષમાં રૂા ૩૦ લેખે સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. ઉપરાંત વિદ્યાર્થીઓને કેટલાંક જરૂરી સાધનો પણ આપવામાં આવે છે.

### કક્ષા અને પરિણામ

આ સ્કૂલમાં ત્રણ વર્ષનો ટેકનીકલ વિષયો સાથેનો અભ્યાક્રમ પૂર્ણ કરી રાજ્યના ટેકનીકલ શિક્ષણ ખાતા તરફથી લેવામાં આવતી પરીક્ષામાં આ વિદ્યાર્થી બેસે છે. આ પરીક્ષા પાસ કરી પોલીટેકનીકમાં દાખલ થઈ શકે છે. આ પરીક્ષાને આણંદ અને વડોદરા યુનિવર્સિટીએ એસ. એસ. સી. ની સમકક્ષ ગણી છે. ગુજરાત યુનિવર્સિટી પણ આ પરીક્ષાને એસ. એસ. સી. સમકક્ષ ગણવાની કાર્યવાહી કરી રહી છે.

( અનુસંધાન પાન ૮ ઉપર )



શ્રીમતી સગુણાબેન દેસાઈ છાત્રાલયનું ખાતમુહૂર્ત કરી રહ્યાં છે. પાછળ : શ્રીમતી સુભદ્રાબેન નટવરલાલ પટેલ વ (૨૭–૫–૬૭)



શ્રી નાગરદાસ બહેચરદાસ પંચાલ વર્કશોપનું ખાતમુહૂર્ત કરી રહ્યા છે. પાછળ શ્રી ધર્મસિંહ દેસાઇ, શ્રી પુરુષોત્તમદાસ પટેલ તથા શ્રી છોટાલાલ મ. પટેલ વગેરે. (તા. ૨૭–૫–૬૭)



ખાતમુહૂર્ત સમારંભના પ્રમુખ
શ્રી ધર્મસિંહ ડી. દેસાઇ
નડિયાદ : મુંબાઇ

ઉદ્‌બોધન

## માર્ગદર્શક

આપણો માર્ગદર્શક આપણા સિવાય બીજો કોણ હોઇ શકે ? દયારામે સાચું જ કહ્યું છે કે 'મન તણો ગુરુ મન કરશે, તો સાચી વસ્તુ જડશે.' આ મનનો ગુરુ તે જ આપણી સમજ–વિવેકબુદ્ધિ. માનવી આ સમજની સૂઝથી જ પોતાના એકેએક કાર્યની યોગ્યતા ચકાસી શકે છે. આ કાર્ય સારું કે ખોટું; આ કાર્ય મારાથી થાય કે ન થાય એ બાબત પોતે પોતાની આંતરિક સમજથી નક્કી કરી શકે છે. આપણામાંથી જ પ્રગટતી આ સમજ–વિવેક ને આપણા સંતો અંતરાત્માની વાણી રૂપે ઓળખી ગયા છે. આપણામાં રહેલી આ પ્રચંડ શક્તિ આપણને સતત દોર્યા કરે છે.

સમજ તો આપણામાં પ્રગટી હોય પણ એના પ્રમાણે ચાલવા માટે આંતરિક બળનો સહારો લીધે જ છૂટકો. હૈયાને સ્પર્શી ગયેલી વાત પણ આંતરિક બળ વિના ટકાવી રાખવી મુશ્કેલ હોય છે. એટલે તો આપણે ઘણી વાર જોઇએ છીએ કે એકાદ અસરકારી પ્રવચન, કોઇ વાર્તા, નાટક કે સિનેમાની અસર નીચે આવી જઇને કેટલાક માણસો જાતજાતના સારા સંકલ્પો કરે છે. એના આચરણનો નિર્ણય લઇ લે છે. પણ થોડા દહાડામાં તો એનો જીવનવ્યવહાર પૂર્વવત બનીને રહે છે. આને આપણે સ્મશાન વૈરાગ્ય કહીએ છીએ. જો મનને ગમી ગયેલી બાબતનો સંકલ્પ કર્યા પછી પણ આવું થતું હોય તો ઉપરથી લાદવામાં આવેલા વિચારો ( અલબત્ત આપણી સમજે સ્વીકાર્યા હોય એવા. ) કેટલો સમય ટકે ? એટલે આવા વિચારોને દૃઢ કરવા પેલાં આંતરિક બળની જરૂર છે. એ બળ એક બે દિવસમાં પ્રાપ્ત થતું નથી. એને માટે તો જાત ઉપર સંસ્કારનું સતત સિંચન થતું રહે એ જરૂરી છે. આશ્રમ જીવન આ સંસ્કાર જીવન માટે સૌથી ઉપયોગી અને મહત્વનો કાળ છે. આ સંસ્કારનું ભાથું જેટલું અહીં પ્રાપ્ત કરશો એટલો એનો ઉપયોગ જીવનભર મીઠાશપૂર્વક કરી શકશો.

**( આશ્રમ – ગૃહપતિના પ્રવચનમાંથી )**

## શ્રદ્ધા અને ઉત્સાહ

મનુષ્યને પાછળ રાખનારી બાબતોમાં મુખ્ય તો પોતાની શક્તિ માટેની શંકા અને કાર્ય માટેના ઉત્સાહનો અભાવ એ બે છે. જે કાર્યની પૂર્ણતા માટે આપણને પહેલેથી જ શંકા રહે છે એ કાર્યમાં કદી યે ઉત્સાહ આવી શકતો નથી. નિષ્ફળતાની અર્ધી લાગણીઓ આપણે પહેલેથી જ અનુભવી લઇએ છીએ અને એને લીધે મનમાં એક પ્રકારની નિરાશા આવી જાય છે. એ નિરાશા આપણા ચિત્તને કાર્યમાં બરાબર ચોંટવા દેતી નથી. એનું બીજું શું પરિણામ હોઈ શકે ? પહેલેથી જ એ રીતે ઉત્સાહીન થઇ જવાના કારણે એ કાર્ય માટેની સંપૂર્ણ કુશળતા પ્રાપ્ત થઇ શકતી નથી. એનામાં ચિત્ત બરાબર ન લાગવાના કારણે આપણે આપણી શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરી શકતા નથી અને એથી જ ત્યાં બિનઆવડત દેખાય છે.

એથી ઊલટું, કેટલીક વખત સામાન્ય શક્તિના માણસો પોતાની શક્તિ ઉપરની શ્રદ્ધા અને કાર્યમાં રસને લાધે આગળને આગળ વધતા જાય છે. આપણામાં એક કહેવત છે કે કામ કામને શીખવાડે છે એ તદ્દન યોગ્ય છે. માણસ એક વખત કામ હાથ ઉપર લે છે એટલે એને પરિસ્થિતિનો પૂરો ખ્યાલ આવી જાય છે અને એ વિષેની બધી માહિતીથી વાકેફ થઈ જાય છે. પછી એ અચકાતો નથી. કોઇક પેઢીમાં ગુમાસ્તા તરીકે કામ કરનારાઓ મોટા ઉદ્યોગપતિઓ થઇ ગયાના દાખલા મળે છે તે આને લીધે જ છે. જે માણસને પોતાની શક્તિમાં શ્રદ્ધા નથી એ કંઇ જ કરી શકતો નથી. નવાં સાહસ એનાથી ખેડી શકાતાં નથી, ડગલું ભરતાં પહેલાં હંમેશાં એને ડર રહે છે. યોગ્ય વિચાર કરી શકતો નથી અને એની ખીલવણી કરી શકતો નથી જેને પરિણામે એ પાછળ રહી જાય છે અથવા બીજાના આધારે જીવનારો બની જાય છે. અને સ્વત્વ માર્યું જતાં એ પામરતાની ટોચે પહોંચે છે

**( શાળા-આચાર્યના પ્રવચનમાંથી... )**

❁

[ ૧લા પાનાથી ચાલુ ]

(૧) પ્રિ-વૉકેશનલ ટ્રેઇનીંગ સેન્ટર
(૨) જુનિયર ટેકનીકલ સ્કૂલ અને
(૩) સાયન્સ કૉલેજ શરૂ કર્યાં છે.

સર્વ વિદ્યાલય હાઇસ્કૂલમાં ૧૨૦૦ જેટલા વિદ્યાથીઓ છે. ગુજરાતમાં એની નામના છે.

આશ્રમમાં વિદ્યાર્થી ખડતલ અને સ્વાશ્રયી બને છે.

આપણી આ સંસ્થા વિકાસ સાધી રહી છે. ટેકનિકલ સ્કૂલના મકાનનો તથા સાધનો પાછળ રૂા. બાર લાખ ઉપરાંત ખર્ચાશે.

સાયન્સ કૉલેજ અને તે અંગેની હોસ્ટેલની પાછળ હજુ દશ બાર લાખ ખર્ચવાના છે.

આ સંસ્થા આપની છે. એની પ્રત્યેનું ઋણ અદા કરવા મારી નમ્ર છતાં આગ્રહ ભરી વિનંતિ છે.

---

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી

# સુવર્ણ જયંતી ફાળો

સુવર્ણ જયન્તી ઉજવણી નિમિત્તે સંસ્થા માટે ફાળો ઉઘરાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તે માટેના કામકાજની શરૂઆત કરવામાં આવી છે. આ ફાળામાં ધનિકો, શુભેચ્છકો, સંસ્થાના જુના અને ચાલુ વિદ્યાર્થીઓ, કાર્યકરો, અધ્યાપકો અને સંસ્થાના કાર્યમાં રસ ધરાવતા ભાઇબહેનોને સહાયભૂત થવા અને ઉદાર હાથે દાન આપવા આગ્રહ ભરી વિનંતી છે.

## નીચેની મદદનાં વચનો મળ્યાં છે.

૨૫૦૧) શ્રી બહેચરદાસ હરગોવિંદદાસ પટેલ
લોખંડના વહેપારી : લોખંડ બજાર : અમદાવાદ-૧

૨૫૦૧) શ્રી હરજીવનદાસ હાથીભાઈ પટેલ
હા. શ્રી બાબુભાઈ હરજીવનદાસ
લોખંડના વહેપારી, અલકાપુરી અમદાવાદ - ૧૩

૧૨૫૧) શ્રી ખોડાભાઇ શિવાભાઇ પટેલ (વકીલ)
૧૭, મહેસાણા સોસાયટી ચિનાઇ બાગ,
નવા વાડજ રોડ, અમદાવાદ-૧૩

૧૦૦૧) શ્રી ચંદુલાલ મગનલાલ પટેલ
ગુજરાત કૉલેજ પાસે અમદાવાદ - ૬

૧૦૦૧) મેસર્સ રામભાઇ પટેલ એન્ડ કું.
હા. શ્રી રામભાઇ મફતલાલ પટેલ
એન્જીન-પંપના બનાવનાર અને વેપારી
કડીયાકુઈ, રીલીફરોડ, અમદાવાદ - ૧

૧૦૦૧) શ્રી હીરાલાલ મણીલાલ પટેલ વકીલ
(મોકાસણ વાળા)
૧૫, ગૌતમ વિહાર સોસાયટી, અમદાવાદ-૧૩

૧૦૦૧) શ્રી બાલુભાઇ મણીલાલ પટેલ
૧૨૫, સરદાર પટેલ કોલોની, અમદાવાદ-૧૪

૫૦૧) મેસર્સ આર. સી. પટેલ એન્ડ કું.
હા. શ્રી રણછોડભાઈ છગનલાલ પટેલ
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૧

૨૫૦) શ્રી ડાહ્યાભાઈ શીવદાસ પટેલ
નં. ૧૭બી, વસંત વિહાર હા. સોસાયટી,
નવરંગપુરા અમદાવાદ-૯

૨૫૦) શ્રી બાબુલાલ વેણીદાસ પટેલ
૫ બી, વસંત વિહાર કો. હા. સોસાયટી,
સરદાર પટેલ નગર રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯

૨૫૦) શ્રી રમેશભાઈ વિઠ્ઠલભાઇ પટેલ
C/o શ્રી વિઠ્ઠલભાઈ વનરાવનદાસ પટેલ
૨૦, મહેસાણા કો. હા. સો. અમદાવદ-૧૩

૨૫૦) શ્રી સોમાભાઈ વી પટેલ
નાયબ કૃષી સંચાલક (પેકેજ)
૧૫, ભારતી નિવાસ સોસાયટી
નગરી હોસ્પીટલની પાસે, અમદાવાદ-૬

૨૫૦) શ્રી કે. એચ. પટેલ
ઇન્સ્પેકટર, આર ટી ઓ.
૪, રાજકમલ પાર્ક સોસાયટી, અમદાવાદ-૧૪

## ભૂતપૂર્વ વિદ્યાર્થી મિત્રો!

આ સંસ્થામાં તમારા અભ્યાસકાળ તેમજ આશ્રમમાં વસવાટ દરમિયાનનાં તમારાં પ્રેરક સ્મરણો મોકલી આપવા વિનંતી છે. એ 'સંભારણામાં' સ્થાન લેશે.

ઉપરાંત, તમારી પ્રવૃત્તિ, પ્રગતિ કે પરિવારના અંગત સમાચાર મોકલી આપશો તો સંસ્થા પરિવાર સમાચારમાં પ્રગટ થશે.

સામાન્ય વિષય અને રસનાં ટૂંકા લખાણો પણ સ્થાન પામશે.

—સંપાદકો

—૦—

આપણા દાતાઓ

## શ્રી ભોગીલાલ મફતલાલ છીંકણીવાળા
## ગોમતીપુર–અમદાવાદ



ગોમતીપુર – અમદાવાદમાં આવેલી "શ્રી ભોગીલાલ મફતલાલ એન્ડ સન્સ ની પ્રખ્યાત પેઢીના સ્થાપક શ્રી ભોગીલાલનો જન્મ તા. ૨૭–૯–૧૮૮૩ ના રોજ થયો હતો. નહિ જેવા શિક્ષણ છતાં જાત મહેનત અને ખંતથી આગળ આવનાર અમદાવાદ શહેરના મહાનુભાવોમાંના તેઓ એક હતા.

ગુજરાતી સાત ચોપડીનો અભ્યાસ કરી નામાઠામાનો અને વેપારવણજનો અનુભવ મેળવવા સારૂ શરાફને ત્યાં વગર પગારે નોકરી લઈ જીવનની શરૂઆત કરેલી અને ત્યાં વર્ષો સુધી ધીરજ અને વફાદારી પૂર્વક કામ કર્યું. કેટલોક સમય બીડી બનાવવાનો અને પરચુરણ દુકાનદારીના ધંધામાં પડી સારો અનુભવ મળવ્યો. ત્યારબાદ છીંકણી બનાવવાનો કૌટુમ્બિક ધંધો હાથમાં લીધો. ધંધાને વિકસાવવામાં આવતી અનેક મુશ્કેલીઓ વેઠી અને તેનો સામનો કરી ધંધાને સારા પાયા ઉપર મૂકી દીધો.

તેઓને ધર્મ તરફ અભિરૂચિ હતી. ભજન–કીર્તનમાં ભાગ લેતા અને આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિ માટે સાધુ–સંતોની સેવા કરતા.

જાત મહેનત અને કરકસરથી ધંધો અને જીવન વહેવાર ચલાવતા અને તેથી થતી બચતનાં નાણાં સારા કામમાં લોકોના ઉપયોગમાં આવે તેવી વૃત્તિનું સેવન કરતા. સારા કામોમાં પોતે રસ લેતા અને મદદ કરતા. તેઓ ગાંધીજીના વિચારો અને કાર્યક્રમોથી સુપરિચિત રહેતા અને તેની અસર તેમના જીવન ઉપર ઊંડી હતી. તેઓ ખાદી પહેરતા અને અંત સુધી તેઓ ગાંધી–વિચારોથી રંગાયેલા રહેલા.

આ સંસ્થાની સ્થાપના ૧૯૧૯–૨૦ માં થઈ ત્યારથી તેઓ તેના પરિચયમાં હતા. આ સંસ્થાની સાદાઈ, સ્વાશ્રય અને સાત્વિક રહેણી કરણી ઉપર મંડિત થયેલી આશ્રમી કેળવણી પધ્ધતિથી તેઓ તેના તરફ શરૂઆતથી આકર્ષાયા હતા. તેના ફંડ ફાળામાં તેઓ મદદ કરતા અને આગેવાની લઈ મદદ કરાવતા હતા. સાયન્સ કૉલેજ સંસ્થાએ શરૂ કરી તેના ફાળામાં પણ તેમની પેઢી તરફથી રૂા. ૫૦૦૧) ઉદાર દેણગી મળી છે.

[ પાન પાંચમા ઉપરથી ચાલુ ]

### મકાનો અને સાધનો

આ શાળાની યોજનામાં મકાનો અને સાધનો પાછળ સવા અગિયાર લાખ જેટલું ખર્ચ અંદાજવામાં આવેલું છે. તેની વિગત નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) શાળાનું મુખ્ય મકાન | રૂા. ૨૬૨૦૦૦ |
| (૨) વર્કશોપનું મકાન | રૂા. ૧૬૪૩૦૦ |
| (૩) છાત્રાલયનું મકાન, રસોડાના મકાન સાથે તથા ફરનીચર સાથે | રૂા. ૨૩૭૫૦૦ |
| (૪) યંત્રો, સાધનો, હથિયાર ઓજાર, ફરનીચર વગેરે | રૂા. ૪૫૮૦૦૦ |
| | ૧૧૨૧૮૦૦ |

છાત્રાલયનું મકાન લગભગ પૂરું થવા આવ્યું છે. શાળાના મુખ્ય મકાનનો ભોંય મજલો તૈયાર થયો છે. પહેલા મજલાનું કામકાજ ચાલુ છે. વર્કશોપનું કામકાજ પણ ઘણું થઈ ગયું છે. આ કામમાં અત્યાર સુધીમાં સાડાચાર લાખ ખર્ચાયા છે. આ કામો આ વર્ષની આખર સુધીમાં પૂરાં થઈ જશે.

### નાણાં બાબત

આ કામમાં ૫૦ ટકા મધ્યસ્થ સરકાર અને ૨૫ ટકા ગુજરાત સરકાર ગ્રાન્ટ તરીકે આપવાની છે. બાકીના ૨૫ ટકા સંસ્થાએ ખર્ચવાના છે. આ માટે શેઠશ્રી **અરવિંદપ્રસાદ નવીનચંદ્ર મફતલાલ તરફથી બે લાખ રૂપિયા ની ઉદાર** સખાવત મળી છે.

પરંતુ સાધનો, યંત્રો અને મકાન બાંધકામના ભાવો ઘણા વધ્યા હોઈ આ યોજનાના મૂળ અંદાજ કરતાં વધુ ખર્ચ કરવું પડશે. જે વધુ ખર્ચ થાય તે સંસ્થાએ કરવાનો રહેશે. વિશેષ ખર્ચ બે થી ત્રણ લાખ થવા સંભવ છે.

### ચાલુ ખર્ચ

આ શાળાનું ચાલુ ( રીકરીંગ ખર્ચ ) વાર્ષિક એક લાખ રૂપિયાનું છે. આ ખર્ચ હાલ ૫૦ ટકા મધ્યસ્થ સરકાર અને ૫૦ ટકા ગુજરાત સરકાર આપે છે.

### સો ટકા પરિણામ

જૂન ૧૯૬૮ થી ત્રીજા વર્ષનો વર્ગ શરૂ કરવામાં આવ્યો હતો. આ છેલ્લા વર્ષની પરીક્ષા રાજ્યના ટેકનીકલ શિક્ષણ ખાતા તરફથી એપ્રીલ ૧૯૬૯ માં લેવામાં આવી હતી. તેમાં ૩૨ વિદ્યાર્થીઓ બેઠા હતા. તે તમામ ઉત્તીર્ણ થયા છે. તેમાંથી ૧૩ પ્રથમ વર્ગમાં અને ૧૯ બીજા વર્ગમાં આવ્યા છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઇ બા. પટેલ
ભાઇલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ | કડી : ગુરુવાર : તા. ૨-૧૦-૬૯ | અંક ૩


## સુવર્ણ

આ એક દુનિયાની અતિપ્રિય અને કિંમતી ધાતુ છે. જગતમાં તે ધનના મુખ્ય પ્રતીક તરીકે પ્રસ્થાપિત થયેલી છે. તેનો ઉપયોગ શક્તિશાળી રસાયણ તરીકે દવામાં થાય છે. રૂપ અને શોભાની અભિવૃદ્ધિ માટે તેનો બહોળો ઉપયોગ અલંકાર અને વસ્ત્રોમાં યોજાયો છે.

એવી અનુપમ ધાતુને સુવર્ણ નામ મળ્યું તેથી ભાષાને એક સમર્થ શબ્દ મળ્યો છે. માણસોના વિચારોની અભિવ્યક્તિ માટે શબ્દ–ભાષા છે. સુવર્ણ શબ્દના વપરાશમાં ભાષાએ અને માણસે પોતાની ઉત્તમોત્તમની ભાવનાને અભિવ્યક્તિ આપવાનો પ્રયત્ન કર્યો છે. સુવર્ણ શબ્દથી ભાવની જે અભિવ્યક્તિ થાય છે તે સુવર્ણ–ધાતુમાં જ પરિમિત થઇ રહેતી નથી. તે તેથી આગળ જાય છે. માનવમાં પરિપૂર્ણતા અને અસિમને પામવાની પ્રબળ ઝંખના રહેલી છે, તે સુવર્ણ શબ્દ દ્વારા પણ અભિવ્યક્ત થતી જોવાય છે. આથી પણ આ ધાતુની લોકપ્રિયતામાં ઘણો વધારો થયો હશે.

માણસ માતા, પિતા, ભાઇ, પતિ, પત્ની અને સંતાનો તરફ જે પૂજ્યભાવ અને પ્રેમ વ્યક્ત કરે છે તે શરીર ધારી જે તે વ્યક્તિ તરફનો હોય છે, પરંતુ તે ત્યાં જ પૂરો થઇ જતો નથી. તે તેથી આગળ જઇને માતૃપ્રેમ, ભ્રાતૃપ્રેમ પતિપ્રેમ વગેરેની ઉચ્ચ ભાવસૃષ્ટિ સર્જે છે, જેણે માનવ સંસ્કૃતિને ઘડવામાં ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે. માનવને સંસ્કૃત કરી તેને ઉચ્ચ સ્થાને મુકવામાં તે પ્રક્રિયાનો ઘણો મોટો હિસ્સો છે.

મૂર્તિને ઇશ્વર માનીને પૂજવામાં આવે છે પરંતુ મૂર્તિમાં જ ઇશ્વર સમાઈ જતો નથી. મૂર્તિની પૂજા–અર્ચના કરી રહેલા ભક્તના હૃદયમાં પણ મૂર્તિથી મોટો એવો ઇશ્વર રહેલો જ હોય છે. એ મોટા અને સાચા ઇશ્વરને કારણે જ મૂર્તિની પ્રતિષ્ઠા છે.

માનવ સુવર્ણને પૂજે છે પરંતુ તેની પૂજા સુવર્ણ ધાતુમાં જ પૂરી થઈ જાય છે એમ માનવું તે માનવચિત્તને અન્યાય કરવા જેવું છે. તે સુવર્ણ શબ્દથી અભિવ્યક્ત થતી પરિપૂર્ણતા અને ઉચ્ચતાની ભાવનાથી ભીંજાયેલો જ હોય છે.

સુવર્ણ યુગ, સોના જેવી વાત, સુવર્ણા, સુવર્ણ જયંતી વગેરે શબ્દોથી જે અર્થ મળે છે તે સ્થુળ સુવર્ણ કરતાં ઘણો વધારે અને ઉચ્ચ છે.

આપણા હૃદયમાં રાજતી અને સોહતી પ્રિય અને સુંદર સર્વવિદ્યાલયની સુવર્ણ જયંતી ઉજવવાનો અમોલો પ્રસંગ આપણને પ્રાપ્ત થયો છે. તે પ્રસંગે સૌ કોઇ સુવર્ણ આપે–સુવર્ણ ધાતુથી પર એવી સુવર્ણવંતી ઉચ્ચ ભાવનાથી આપે. અને સ્વીકારવામાં આવે તે પણ તેથી અદકેરી ભાવનાથી સ્વીકારવામાં આવે.

'સુવર્ણ જયંતી' એ ઉત્તમોત્તમ અને પરિપૂર્ણતાની ભાવનાની અભિવ્યક્તિનો ભવ્ય પ્રસંગ બની રહો !

—ભાo

# સંભારણાં

વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ

" અમે નાનાં નાનાં બાળ
કાલ મોટાં થાશું ને જગ દોરશું "

**આવતી** કાલના આગેવાન થવાનો કેટલો ચોક્કસ અને દૃઢતાભર્યો આત્મવિશ્વાસ આ લીટીઓમાં ધબકે છે!! આપણી સંસ્થામાં જીવનનાં ભાથાં બાંધવા આવનાર વિદ્યાર્થીઓમાં તેવો આત્માવિશ્વાસ સ્ફૂરી પાંગરતો.

સને ૧૯૩૩ માં હું ને મારા નાનાભાઈ શિવાભાઇ ગુજરાતી પાંચ ધોરણનો અભ્યાસ પૂર્ણ કરી આગળ અભ્યાસાર્થે સર્વ વિદ્યાલય – કડીમાં દાખલ થયા અને વિદ્યાર્થી આશ્રમમાં છાત્ર તરીકે પ્રવેશ મળ્યો.

મારું ગામ ગણેશપુરા કડી તાલુકા અને મહેસાણા તાલુકાની હદને અડીને હાલના નેશનલ હાઇવે ઉપર આવેલું માંડ સો ઘરોની વસ્તીવાળુ ગામડું છે. તે વખતે કડી, પગપાળા કે ઘોડેસ્વારી કરી અવાતુંજવાતું. ગણેશપુરાથી કૈયલ ગામ દોઢ ગાઉ થાય. અમારા ગામે ગુજરાતી શાળા હતી નહીં, તેથી દરરોજ ચાલતા કૈયલ જતાઆવતા અને ભણતા.

ગુજરાતી શાળામાં હેડમાસ્તર તરીકે સોજિત્રાના રહીશ લેઉઆ પાટીદાર શ્રી ઇશ્વરભાઈ હતા. અંગ્રેજી ચાર ચોપડી ભણેલા. તે વેળા ગામેગામ ફેરીઓ નીકળતી. પૂ. મહાત્મા ગાંધીજીની આઝાદીની લડતનું વાતાવરણ ગામેગામ હતું. અમે ગાતા–

'નહીં નમશે, નહીં નમશે; નિશાન ભૂમિ ભારતનું.' વળી શિક્ષકો ગવડાવતા;–

'ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે,
શૂરા જાગજો રે, કાયર ભાગજો રે... ડંકો.'

લાકડીમાં ત્રિરંગો ઝંડો ભેરવી, નીકળે એટલા ઊંચા સ્વરે આ લડાયક કૂચગીતો ગાતા. તે વખતે આ બધું શા માટે કરીએ છીએ તે ઓછું સમજાતું પણ અંગ્રેજોને કાઢવા પૂ. મહાત્માજીએ લડત ઉપાડી છે, તેવું થોડુંક સમજાતું.

મારા દાદાનું નામ ઉમેદદાસ. બાંધીદડીના. બે ચોપડી જેટલું નજીવું ભણેલા. પણ આપણે જેને આપસૂઝવાળા, સંસ્કારી કહીએ તેવા સારી સૂઝ ધરાવનારા સંસ્કારી હતા. ખેતી સાથે થોડો વેપાર પણ કરતા. મારા પિતાશ્રી હરગોવિંદદાસનો અભ્યાસ ગુજરાતી પાંચ સુધીનો. પણ નામું, વેપાર, મુખીપણું, ખેતી વગેરેમાં મારા દાદા કરતાં સવાયા હોંશિયાર. નીડર પણ એટલાજ.

કૈયલ, નંદાસણ, સૂરજ, લીંચ, ધોળાસણ વગેરે ગામોમાં જૈન વાણિયાની વસ્તી સારા પ્રમાણમાં અને આ બધાં ગામોની વચ્ચે મારું ગામ ગણેશપુરા એટલે એમને માટે સગેવહાલે જતાં આવતાં વિસામો ખાવાનું સ્થળ. એકા લઇને કે ઘોડે ચઢીને જતા આવતા અમારે ત્યાં રોકાય. મારા ગામમાં જૈન વણિયા કે બ્રાહ્મણનું ઘર નહીં, જેથી મારા દાદા કાયમ બ્રાહ્મણિયા પાણીની એક માટલી ભરાવી રખાવે, સાથે બે પ્યાલાં અને એક ડોલચો રહે. ત્યારથી માટલીમાંથી પાણી ડોલચેથી જ લેવાય અને ઘરમાં પણ તે રીતે પાણી લેવાતું. ગુજરાતી શાળાના મારા હેડમાસ્તર શ્રી ઇશ્વરભાઇ તથા મારાં ગુરુપત્ની ગંગાબહેન પણ સ્વચ્છતાના ઘણાં જ આગ્રહી હતાં. અને મારા દાદા–પિતા આવી સ્વચ્છતા રાખે છે, જાણી ઘણાં જ પ્રસન્ન થયેલાં. મળત્યાગ કરી નહાવું; સ્નાન સિવાય ઘરમાં જવાય નહીં; દિવસ આથમ્યા પહેલાં જમી લેવું ( જેને વાણિયા વાળુ કહેતા અને મારા દાદા–પિતાને સગાવહાલાં અજવાળિયા મહેમાન કહેતા ) વગેરે નિયમો ઘણા જ આગ્રહથી મારા દાદા તથા પિતા પાળતા અને પળાવતા.

મારા દાદાનો પ્રેમ અમો બાળકો ઉપર અધિક હતો. તેમના દેહાંત સમયે, 'દાદા અમને શું કહો છો?' તેવું પૂછતાં " બેટા ભણજો " તેવી શિખામણ આપેલી.

દાદાની શિખામણ અને સંસ્કારી, કેળવણી પ્રેમી સજ્જનોના સંગના કારણે તથા મારા હેડમાસ્તર શ્રી ઇશ્વરભાઇ સાહેબના આગ્રહથી મને તથા મારા નાના ભાઇ શિવાભાઇને મારા પિતાશ્રી પોતાનાથી દૂર રાખી કડી–સર્વ વિદ્યાલયમાં ભણવા મૂકવા પ્રેરાયેલા. તે વખતે કડી પણ ઘણુંજ દૂર લાગતું. **જો કડીની સંસ્થા નહોત તો મારું ભણવું શક્ય બન્યું ન હોત.**

પણ ઘર છોડી આગળ ભણવાનો ઉમંગ છાત્રાલયમાં દાખલ થયાને બીજે દિવસે મોળો પડી ગયો. એકલું એકલું લાગે. ગોઠે નહીં. પૂ. રતિભાઈ સાહેબ તે વખતે નાના વિદ્યાર્થીઓના ગૃહપતિ તરીકે કામ કરતા નવા આવનાર વિદ્યાર્થીઓને શરૂશરૂમાં ગોઠતું નથી તે તે જાણે. તેથી અમને રમાડે, વાર્તાઓ કહે. પણ મનમાંથી ગ્લાનિ દૂર ન થાય. અઠવાડિયામાં ઘેર ત્રણ કાગળ લખ્યા...... 'અમને ખાવાનું ભાવતું નથી. અમારે ભણવું નથી. અમને ઘેર લઇ જાઓ...' શ્રી ઇશ્વરભાઇ સાહેબ મારા પિતાશ્રી સાથે આવ્યા. તેમણે જોયું કે હાલ દબાણ કરે વાત બગડશે. શ્રી રતિભાઈ સાહેબને મળી અમને ગણેશપુરા

લઈ ગયા. પણ મારી બાએ મારા દાદાના શબ્દો યાદ દેવડાવ્યા, 'બેટા ભણજો.' પણ કૈયલ ગામે ગુજરાતી પાંચ ધોરણથી આગળ અભ્યાસ કરાવવામાં આવતો ન હતો. અમે ગુજરાતી પાંચ ચોપડી ભણી રહ્યા. હવે કરવું શું? એ પ્રશ્ન જાગ્યો. અને મારી બાને વિનવવા લાગ્યા; બા, મારા બાપાને અમને ફરી ભણવા મૂકવા કડી આવવાનું કહે. મારી બા મારા બાપાને કહે, પણ તે તાડૂકે, 'ભણ્યા હવે, નહોતો મૂકી આવ્યો? છો હવે ઘેર જ રહ્યા. ફરી કોણ લેવા જાય પાછું?' ડરના માર્યા અમે બોલી ન શકીએ. પણ મારી બાને છાના કરગર્યા કરીએ. 'બા હવે અમે પાછા નહીં આવીએ.' પણ મારા પિતા માને જ નહીં ને.

ફરી પાછા શ્રી ઇશ્વરભાઇ સાહેબ અમારી વહારે આવ્યા. તેમણે જોયું અને જાણ્યું કે અમારે ભણવા જવું છે. મારા પિતાને કહી અમને બન્ને ભાઇઓને કડી મૂકી ગયા. અમે રહ્યા. **અમને આશ્રમ નવો દેખાયો.** અમારા જેવા ઘણા નવા વિદ્યાર્થીઓ હતા. તેમાં ધનાલીથી મારા પિતાના મામાના દીકરા કાળિદાસ હતા. મારા મોસાળના ગામેથી ત્રિભોવનદાસ શોભણદાસના દીકરા ગોપાળભાઇ હતા. અમને જોડીદાર મળી ગયા. શરૂમાં ગાયનું દૂધ ભાવે નહીં તે ગોપાળભાઈ પોતે લઈ લે અને તેમનું શાક મને આપી દે.

અને પછી તો શ્રી રતિભાઇ સાહેબ શ્રી પોપટભાઈ સાહેબ શ્રી છગનભાઈ સાહેબ, શ્રી બાપુભાઇ ગામી સાહેબ વગેરે સૌનો જાદુ અમને સ્પર્શવા લાગ્યો. ગામડામાં જે રાષ્ટ્રીય વાતાવરણ હતું તેનાથી ઘણું મોટું અને વિશાળ વાતાવરણ અહીં હતું. શ્રી છગનભાઇ સાહેબ અમેરિકાના બૂકર ટી વૉશિંગ્ટનનાં ટસ્કેજી સંસ્થામાં આપેલાં ભાષણો વાંચી અમને ઘડે. સ્વ. પૂ. બાપુભાઇ સાહેબ તો સદા ધ્યાનમાં જ દેખાય. અને તેમના દેખાવની પ્રેમભરી ગંભીરતા અમને સીધા રસ્તે ચઢાવ્યા જ કરે. શ્રી રતિભાઇ અમીન સાહેબ અમારા રોજેરોજના કાર્યક્રમમાં જાગતા ચોકીદાર રહી અમને સંસ્કાર સિંચે. શ્રી પોપટભાઈ સાહેબનાં આગવાં સાદાઈ, નિષ્ઠા અને આગ્રહ અમને પ્રેરણા આપે. શ્રી પોપટભાઈ સાહેબની ચાલ. જોવાની અને બોલવાની રીત હજુ બરોબર યાદ છે. સૌની સાદાઈ, ત્યાગ, આશ્રમજીવનમાં અને શિક્ષણ ક્ષેત્રે સતત ઓતપ્રોત રહેવાની નિઃસ્વાર્થ તત્પરતા અમને એમ મનાવતી કે,–

'અમે નાનાં નાનાં બાળ
કાલ મોટાં થાશું ને જગ દોરશું.'

સુથારી વર્ગ અને વણાટ વર્ગ ચાલતા. વણાટ વર્ગમાં મેં જાતે વણેલો રૂમાલ મેં જે દિવસે વાપરેલો તે દિવસે જાણે કે મેં એક મહાન સિદ્ધિ હાથ કરી છે તેવું લાગેલું. અને જાતે વણેલી ખાટલાની પાટી જયારે મારે ઘેર લઇ ગયેલો ત્યારે મારા માતા–પિતાને તથા આજુબાજુના સૌને આશ્ચર્ય થયેલું અને આનું નામ ભણતર.' તેવા ઉદ્‌ગાર કાઢેલા.

સ્વ. શ્રી ઉમેદભાઈ સાહેબ ગુજરાતી લેતા. તે વખતે શ્રી રણછોડભાઈ (હાલના રણજિત 'અનામિ') શ્રી જયંતીલાલ ભાઈલાલ (સમીના હાલમાં મામલતદાર છે તે) સ્વ. શ્રી ત્રિભોવનદાસ નથુદાસ (લણવાવાળા) શ્રી પીતામ્બરભાઇ પટેલ (લેખક અને પંચાયત સર્વિસ કમીશન અધ્યક્ષ) શ્રી ખોડાભાઈ (અગ્રેસર વકીલ અને કાર્યકર) આવા ઘણા અમારી આગળ ઘડાતા લેખકો, કવિઓ, અને આગેવાનો હતા. મારી સાથે અમે પિસ્તાળીશ વિદ્યાર્થીઓ હતા. શ્રી હરગોવિંદભાઇ ધનાભાઈ (આજના મહેસાણા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ) શ્રી સોમાભાઇ માનાભાઇ સોલંકી (સુરજના હરિજન વિદ્યાર્થી અને આજના ગાંધીનગર જિલ્લામાંથી સંસદ સભ્ય) શ્રી ભુદરભાઈ પંચાલ સોજાવાળા (કલોલમાં શક્તિ એન્જિનિયરીંગ વર્કસના માલિક) શ્રી સોમાભાઇ વી. પટેલ ટુંડાવના (ગુજરાત રાજ્ય સરકારના ખેતીવાડી ખાતાના આસિસ્ટંટ ડીરેકટર) શ્રી વિશ્રામભાઇ શંકરલાલ પટેલ (મુંબાઇમાં મફતલાલ ગ્રુપની મીલમાં). પા. ચતુરભાઇ પલિયડવાળા (હાલ મહેસાણામાં મોટા વેપારી) વકીલશ્રી છગનલાલ કાળીદાસ (કલોલ) શ્રી મણીભાઈ ડાહ્યાભાઇ પટેલ (ઉનાવા બાલવાના હાલમાં છેક રાષ્ટ્ર સરકારની બીજ સમિતિમાં સભ્ય) શ્રી બેચરભાઇ ગાંધી (હાલમાં મુંબઇમાં મોટા વેપારી) શ્રી સોમચંદ શાહ (હાલમાં વડોદરા ગુજરાત રબર કંપનીવાળા) શ્રી સોમાભાઈ મગનલાલ બલોલવાળા (અમદાવાદમાં હાલમાં ચાંદીના મોટા વેપારી) સ્વ. ગોપાળભાઇ ત્રિભોવનદાસ (અમદાવાદમાં પાંચકુવામાં જથ્થાબંધ કાપડના મોટા સફળ વેપારી) આમ અનેક અમે માતૃસંસ્થા સર્વ વિદ્યાલય હાઇસ્કૂલમાં ભણ્યા અને છાત્રાલયમાં રહ્યા અને અમારા હાલનાં ભાથાં ભર્યાં. સંસ્કાર અને આત્મબળના અમીથી સંસ્થાએ અમને પોષ્યા જેના પરિણામે અમે અનેક જે છીએ તે પ્રતિ આગળ વધી શક્યા.

આજે અમારી આ માતૃસંસ્થા સુવર્ણજયંતી ઉજવે છે. એ તપોભૂમિમાં ગામડાંના શોષાતા ખેડૂતસમાજનાં બાળકોને અમી સિંચન થયાં છે, અને થયા કરે છે. આજે વિજ્ઞાન કૉલેજ, જુનિયર ટેકનીકલ સ્કૂલ, પૂર્વવ્યવસાયી તાલિમકેન્દ્ર તેની પ્રવૃત્તિઓમાં ઉમેરાયાં છે. પૂ. સ્વ. છગનભા અને સ્વ. શેઠશ્રી મફતલાલ ગગલદાસે રાખેલી આશાઓ ફળતી જાય છે.

આ તપોભૂમિમાં રહી સાદાઇ, શ્રમ, સ્વાશ્રય, નિયમિતતા પ્રાર્થના, વિવેક, વિનય, સદ્‌વિચાર, જે મેળવ્યું છે તેનો બદલો વાળીએ. યાદ છે આપણાં એ સૂત્રો?

[ પેજ ૮ મા ઉપર ચાલુ ]

ઉદ્‌બોધન

# બિનજરૂરી માયાજાળ

ઈર્ષા, લોભ, ક્રોધ, મોહ વગેરે વૃત્તિઓનાં વર્તુળ ખૂબ સાંકડાં છે. જ્યારે પ્રેમ, દયા, સમભાવ વગેરે સાત્વિક વૃત્તિઓનાં વર્તુળ ઘણાં વ્યાપક અને દૂરગામી છે. આપણાથી જે દૂર છે કે જેને આપણે જાણતા નથી એની આપણે ઈર્ષા કરતા નથી. દૂર અમેરિકામાં પડેલા માનવીની વ્યક્તિગત ઈર્ષા કરવાનું આપણા માટે કોઈ પ્રયોજન હોતું નથી. આપણે એના સંબંધમાં ન આવીએ ત્યાં સુધી એની ઉપર ક્રોધ કરવાનું આપણા માટે કંઈ કારણ નથી. જે માણસને આપણે જાણતા નથી કે જેના સંબંધમાં આપણે આવતા નથી એના ઉપર આપણે ક્રોધ કરતા નથી; એટલું જ નહીં પણ આપણે એક માનવી તરીકે એની પ્રત્યે સમભાવ રાખીએ છીએ અને એના કલ્યાણ માટે પણ આપણે પ્રાર્થના કરીએ છીએ. સૌ સુખી થાઓ... એ આપણા સ્વભાવિક ઉદ્‌ગાર હોય છે. મારામારી કે ખૂનના બનાવો મોટે ભાગે તો પરિચિત વ્યક્તિઓ, સાથીદારો–ભાગીદારો કે ભાઈ-ભાંડુઓમાં જ જાણવા મળે છે.

આથી જ કદાચ આપણા પ્રાચીન ઋષિમુનિઓ માનવ-સમાજથી દૂર રહેવાનું પસંદ કરતા હશે. નિકટત્વ નહીં એટલે આસક્તિ નહીં; ક્રોધ નહીં; લોભ, મોહ સત્તા કે આશા–નિરાશાનું કારણ નહીં. આજ કારણથી રગડાઝગડાથી કંટાળેલો કોઈ માનવી અજાણપણે પણ આ ઋષિમુનિઓની માફક જ ગામ છોડી દઈ ચાલ્યો જાય છે અને સુખી બની જાય છે.

જરૂરિયાતો ઓછી કરવામાં જેમ સુખ રહેલું છે, તેમ બિનજરૂરી સંબંધો ઓછા કરવામાં પણ સુખ રહેલું છે.

માનવી ઘણીવાર બિનજરૂરી સંબંધો ઉભા કરે છે. રાગ–દ્વેષના તારથી વીંટળાય છે અને દુઃખી થાય છે. કોઈ એમ કહે છે કે સંબંધો કેળવ્યા ન હોય તો દુઃખ વખતે આપણું બોલે કોણ? પણ એ માન્યતા ભૂલ ભરેલી છે. અગાઉ કહ્યું તેમ સાત્વિક વૃત્તિઓનાં વર્તુળ વધારે વિસ્તારવાળા છે. એવે સમયે માનવ સહાય આપોઆપ આવી મળે છે. એથી ઉલટું તો પેલા વધારે પડતા રાગ–દ્વેષને લીધે કેટલીકવાર સંકટ સમયે નિકટના માનવીઓ જ દૂર જતાં હોય છે. અન્ય માનવી તો માનવીના દુઃખે દુઃખી થઈને સહાય કરવા પ્રેરાય છે.

આમાં બધા જ સંબંધો કાપી નાખવાની વાત નથી; પણ બિનજરૂરી સંબંધો કેળવી મયાજાળ ન વધારવાનો હેતુ છે.

**( શાળા–આચાર્યની કલમેથી )**

# સહિયારી જવાબદારી

આપણે આપણાં અંગત કાર્યોમાં જાગૃતિ રાખીએ છીએ. નાનામાં નાના કાર્ય માટે આપણે ખૂબ ચોકસાઈ રાખીએ છીએ. ઉનાળાની સાંજે ક્યાંક ખેતરો વચ્ચે કે નેળિયામાં ચાલતાં પિતા બાળકને કહે છે: ચાલતાં ધ્યાન રાખજે વાડની નજીક ચાલીશ નહીં. ચોખ્ખી ભૂમિમાં પગ મૂકીને ચાલ... ક્યાંક સાપ ન નીકળે. ક્યાંક ઝાડ નીચે બે ઘડી વિશ્રામ માટે બેસીએ છીએ ત્યારે ઝાડ ઉપર નજર કરી લઈએ છીએ ક્યાંક પંખી તો બેઠેલું નથી ને. વખતે આપણાં કપડાં બગાડે. બહારગામ નીકળતાં પહેલાં આપણે અનેક પ્રકારની સગવડો અને સુખાકારીનો વિચાર કરી લઈએ છીએ. જેથી આપણી જાતને કોઈ તકલીફ ન રહે.

પણ કાર્યની અંગતતા જેમ જેમ ઓછી થતી જાય તેમ તેમ પેલી જાગૃતિ ઘટતી જાય છે. આખરે એક સૂત્ર આપણા હોઠ ઉપર આવી જાય છે; "સૌનું થશે એ આપણું થશે." અને આપણે નિષ્ફળતાના ચક્રમાં પડી જઈએ છીએ

આવી મનોવૃત્તિથી જ દેશનું નાવ ખરાબે ચઢી જાય છે. જેમાં આપણું પોતાનું પણ હિત સમાયેલું હોય એવી જાહેર બાબતો–કાર્યો-જવાબદારીઓ તરફ આપણે લક્ષ આપતા નથી. આપણે જે જવાબદારી અદા કરવાની હોય તે બાજુ રહી જાય છે. અને ધીરે ધીરે આ મનોવૃત્તિ વધતાં આપણામાં રાષ્ટ્રીયતા તરફ ઉદાસીનતા વધતી જાય છે અને આપણને રાષ્ટ્રીયતાની કિંમત સમજાતી નથી.

જ્યારે સહિયારું કાર્ય હોય ત્યારે દરેક વ્યક્તિએ સરખી જાગૃતિ રાખવી ઘટે. એટલું જ નહીં પણ એની વ્યાપકતા પણ વધારવી જોઈએ. હજુ આપણે આ દિશામાં આપણા વિચારોને ઘણા ઘડવાના છે. રાષ્ટ્ર માટે કોઈ પણ ભોગ આપવાની આપણી તત્પરતા કેળવાય એ આપણી એક સ્વાભાવિક વિચારસરણી બને ત્યાં સુધી પહોંચવાનું છે. હજુ આપણામાંના મોટા ભાગના લોકો, ભોગ આપવાની વાત તો બાજુએ રહી પણ જેમાં પોતાને કંઈ વિશેષ કરવું ન પડતું હોય એવી રાષ્ટ્રીય મિલ્કતને જાળવવાનું પણ સમજતા નથી.

**( આશ્રમના મુખ્ય ગૃહપતિની ડાયરીમાંથી )**

હસો, દુનિયા તમારી સાથે હસશે,
રડો અને તમે એકલા રડ્યા કરો.
કારણકે પુરાણી ને શોગિયા દુનિયાને આનંદની જરૂર છે.
તે પોતાની જ મુશ્કેલીઓથી પૂરી હેરાન છે.

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી

# સુવર્ણ જયંતી ફાળો

સુવર્ણ જયન્તી ઉજવણી નિમિત્તે સંસ્થા માટે ફાળો ઉઘરાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ફાળામાં ધનિકો, શુભેચ્છકો, સંસ્થાના જુના અને ચાલુ વિદ્યાર્થીઓ, કાર્યકરો, અધ્યાપકો અને સંસ્થાના કાર્યમાં રસ ધરાવતા ભાઇબહેનોને સહાયભૂત થવા અને ઉદાર હાથે દાન આપવા આગ્રહ ભરી વિનંતી છે. ફાળા માટેના કામકાજની શરૂઆત કરવામાં આવી છે. ફાળામાં વચનો મલ્યાં છે તે નીચે જણાવવામાં આવ્યાં છે. **દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.**

## ફાળાની યાદી

૨૫૦૧) શ્રી બહેચરદાસ હરગોવિંદદાસ પટેલ
લોખંડના વહેપારી : લોખંડ બજાર : અમદાવાદ-૧

૨૫૦૧) શ્રી હરજીવનદાસ હાથીભાઈ પટેલ
હા. શ્રી બાબુભાઈ હરજીવનદાસ
લોખંડના વહેપારી, અલકાપુરી અમદાવાદ - ૧૩

૧૨૫૧) શ્રી ખોડાભાઇ શિવાભાઇ પટેલ ( વકીલ )
૧૭, મહેસાણા સોસાયટી ચિનાઇ બાગ,
નવા વાડજ રોડ, અમદાવાદ-૧૩

૧૦૦૧) શ્રી ચંદુલાલ મગનલાલ પટેલ
ગુજરાત કૉલેજ પાસે અમદાવાદ - ૬

૧૦૦૧) મેસર્સ રામભાઇ પટેલ એન્ડ કું
હા. શ્રી રામભાઇ મફતલાલ પટેલ
એન્જીન-પંપના બનાવનાર અને વેપારી
કડીયાકુઈ, રીલીફરોડ, અમદાવાદ - ૧

૧૦૦૧) શ્રી હીરાલાલ મણીલાલ પટેલ વકીલ
( મોકાસણ વાળા )
૧૫, ગૌતમ વિહાર સોસાયટી, અમદાવાદ-૧૩

૧૦૦૧) શ્રી બાલુભાઇ મણીલાલ પટેલ
૧૨૫, સરદાર પટેલ કોલોની, અમદાવાદ-૧૪

૧૦૦૧) શ્રી ડૉ. રામાભાઇ મનોરદાસ પટેલ
મામલતદાર કોર્ટ પાસે - કડી

૫૦૧) મેસર્સ આર. સી. પટેલ એન્ડ કું.
હા. શ્રી રણછોડભાઈ છગનલાલ પટેલ
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૧

૨૫૦) શ્રી ડાહ્યાભાઈ શીવદાસ પટેલ
નં. ૧૭બી, વસંત વિહાર હા. સોસાયટી,
નવરંગપુરા અમદાવાદ-૯

૨૫૦) શ્રી બાબુલાલ વેણીદાસ પટેલ
૫ બી, વસંત વિહાર કો. હા. સોસાયટી,
સરદાર પટેલ નગર રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯

૨૫૦) શ્રી રમેશભાઈ વિઠ્ઠલભાઇ પટેલ
C/o શ્રી વિઠ્ઠલભાઈ વનરાવનદાસ પટેલ
૨૦, મહેસાણા કો. હા. સો. અમદાવદ-૧૩

૨૫૦) શ્રી સોમાભાઈ વી પટેલ
નાયબ કૃષી સંચાલક ( પેકેજ )
૧૫, ભારતી નિવાસ સોસાયટી
નગરી હોસ્પીટલની પાસે, અમદાવાદ-૬

૨૫૦) શ્રી કે. એચ. પટેલ
ઇન્સ્પેકટર, આર ટી ઓ.
૪, રાજકમલ પાર્ક સોસાયટી, અમદાવાદ-૧૪

**: : આપનો ફાળો નોંધાવવા વિનંતી છે : :**

## સમાચાર

*મોખાસણના વતની શ્રી પ્રહલાદભાઈ માધવદાસના પુત્ર, કડીના વકીલ શ્રી ધનાભાઈના ભાણેજ અને આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી જયંતીલાલ પ્રહલાદભાઇ પટેલ અહીં બી. ઈ. (મીકેનીકલ) પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઇ યુ. એસ. એ. માં એમ. એસ. (મીકેનીકલ) નો વધુ અભ્યાસ કરવા ગયા છે. તેમના માનમાં તેમના વતન મોખાસણ (તા. કલોલ) માં વિદાય સમારંભ કલોલના જાણીતા શ્રી કેશવલાલ ભોગીલાલના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન તરીકે કલોલના જાણીતા વહેપારી શ્રી કાન્તિલાલ કેશવલાલ પટેલ પધાર્યા હતા. કલોલથી શ્રી છગનભાઈ કા. વકીલ, કડીથી શ્રી ધનાભાઈ વકીલ, શ્રી રતિલાલ મગનલાલ પટેલ, ચીફ ઓફીસર શ્રી માણેકલાલ પટેલ તથા શ્રી ભાઇલાલભાઈ વગેરે હાજર રહ્યા હતા.

### આઈ. એમ. જે. સર્વ વિદ્યાલય, બલોલ

અમેરિકાની Old Dominion College, Norfolk ની ૨૪૦૦ ડોલરની સ્કોલરશીપ મેળવીને આ હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી રામભાઇ મગનદાસ પટેલ (કંથરાવી) M. Sc. I st class I st with distinction, તા ૮-૯-૬૯ ના રોજ, વધુ અભ્યાસ અર્થે અમેરિકા ઉપડી ગયા છે

બી. ઇ. (ઇલેકટ્રીકલ) ની ડીગ્રી મેળવીને આ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી કનૈયાલાલ કાળીદાસ પટેલ (ખરસદા) એમ. એસ. ના વધુ અભ્યાસ અર્થે તા. ૧૫-૯-૬૯ ના રોજ સેંટ લુઈસ (અમેરિકા) ઉપડી ગયા છે.

[ પેજ ૫મા પાનનું ચાલુ ]

**શાળા અમારી તીર્થભૂમિ, જ્ઞાનગંગા ત્યાં વહે.**
**જીવન એટલે ઉલ્લાસ, વિલાસ હરગીઝ નહીં.**

ચાલો આપણી માતૃસંસ્થાનો નાદ આપણે બુલંદ બનાવીએ.

"અમે નાનાં નાનાં બાળ
કાલ મોટાં થાશું ને જગ દોરશું."

## આજના પ્રસંગે......................

આજનો સવાલ એ છે કે સાચી સુલેહશાન્તિ કેમ સ્થાપવી. દિલ્હીમાં ફરી પાછી શાન્તિ સ્થપાયેલી દેખાય છે તેથી તમે બધા રાજી થતા હશો. પણ મને પોતાને એવો સંતોષ કે સમાધાન થતું નથી. આજે હિંદુ ને મુસલમાનનાં દિલ એકબીજાથી સાવ અળગાં થઇ ગયાં છે. પહેલાંયે એ બન્ને વચ્ચે ટંટા તકરાર થતાં. પણ તે બધું બે ચાર દહાડા પહોંચતું અને પછી સૌ એ વાત ભૂલી જતા. આજે તો બન્નેના દિલમાં એવી કડવાશ આવી ગઇ છે કે બન્નેને લાગે છે કે આપણે એકબીજાના જૂના વેરી છીએ. મને પોતાને આ જાતની પરસ્પર વેરની લાગણી રાખવામાં બન્નેની કેવળ નબળાઇ દેખાય છે. બન્નેએ એ નબળાઈ ખંખેરી નાખવી જોઇએ. એવી નબળાઈ કાઢી નાંખીશું તો જ આપણે એક પ્રજા તરીકે એક મોટી સત્તા બની શકીશું. આજે આપણા લોકોની સામે બેમાંથી એક વાતની પસંદગી કરવાનો સવાલ છે: કાં તો આપણે એક મોટી લશ્કરી સત્તા બનીએ; અથવા પ્રજા મારે રસ્તે ચાલવાનું પસંદ કરે તો કદી કોઇ પરાજય ન કરી શકે એવી એક મોટી અહિંસક સત્તા બનીએ. પણ યાદ રાખવાની વાત એ છે કે બેમાંથી ગમે તે એક પસંદગી કરશો તોયે તે બન્ને ધ્યેય પાર પાડવામાં સૌથી પહેલાં દિલમાં રહેલો બધી જાતનો ડર ખંખેરી નાખ્યા વિના છૂટકો નથી.

એટલે હિંદુ ને મુસલમાન બન્નેએ એકબીજાની નજીક આવવાનો એક જ રસ્તો છે: બન્નેએ સામાની ભૂલો ભૂલી જઇ પોતાની ભૂલોને મોટી કરીને જોતાં શીખવું જોઇએ. આ રસ્તો લેવાની સલાહ હું જેટલા ભારપૂર્વક મુસલમાનોને આપું છું તેટલા જ ભારપૂર્વક હિંદુ તેમ જ શીખોને પણ આપું છુ. કાલ સુધી જે દુશ્મન હતા તે આજે સહેજે દોસ્ત બની શકે છે તેને માટે શરત એટલી જ છે કે બન્ને પોતપોતાના ગુનાનો ખુલ્લા દિલથી એકરાર કરે. જેવા સાથે તેવા થવાની નીતિથી દોસ્તી બંધાતી નથી. એટલે તમે સૌ જો મારી સલાહ પ્રમાણે પૂરા દિલથી કામ કરવા માંડો તો પાકિસ્તાનમાં મારું કાર્ય કરવાને હું દિલ્હી છોડી શકું.

**દિલ્હી ડાયરી : ૧૪-૧-૪૮** —ગાંધીજી

તા. ૨૫-૯-૬૯ ના રોજ પ્રસિદ્ધ કરવાનો 'સુવર્ણ જયન્તી' નો ૩ જો અંક કડી શહેરમાં અશાન્તિ હોવાને કારણે છાપખાનું બંધ હોઇ પ્રસિદ્ધ થઇ શકયો ન હતો. તે આજે તા. ૨-૧૦-૬૯ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વે સ્ટેશન સામે-કડી

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઇ બા. પટેલ
ભાઇલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ | કડી : ગુરુવાર : તા. ૯-૧૦-૬૯ | અંક ૪


## રાષ્ટ્રપિતા પ્રત્યેનું ઋણ અદા કરીએ



ગાંધીજીની એક વિશિષ્ટતા એ હતી કે એમણે જે મહાન વ્યક્તિઓમાંથી પ્રેરણા લીધી એ પ્રેરણાને માત્ર સમજ કે શબ્દોમાં ન રહેવા દેતાં જીવનમાં ઊતારી. અને પોતાના જીવનમાં એને સદાય પથદર્શક દીપ તરીકે ગણીને એ માર્ગેજ પ્રયાણ કર્યું. એમણે રસ્કીનનું 'Unto this Last' મુસાફરી દરમ્યાન વાંચ્યું. પુસ્તકે એટલી બધી અસર કરી કે એમનું ચિત્તતંત્ર હાલી ઊઠયું. એક ભારે આત્મમંથન એમણે અનુભવ્યું અને એમના ચિત્તમાં સર્વોદયનો આવિષ્કાર થયો અને જીવનમાં બરોબર ઊતારીને છેક સુધી એને પાર પાડવા એમણે પુરુષાર્થ કર્યો. ટૉલ્સ્ટૉય પાસેથી મળેલા વિચારોએ શ્રમનો મહિમા - એની ભાવનાને વધારે દઢ કરવા મહત્વનો ભાગ ભજવ્યો. શ્રી રાયચંદભાઇ પાસેથી મળેલા આધ્યાત્મિક વિચારોથી એમણે પોતાના વ્યક્તિત્વને બરાબર રસ્યું. સોક્રેટીસની વીરત્વ અને નીડરતાની ભાવનાએ એમના વ્યક્તિત્વને વધારે તેજસ્વી બનાવવામાં સારો ભાગ ભજવ્યો. આવી અનેક વિભૂતિઓ-ગ્રંથો-માંથી ગાંધીજીએ જે મેળવ્યું એને જીવનમાં ઊતાર્યું. કદીયે છોડયું નહીં.

આપણે પગલે પગલે ગાંધીજીની વાત કરીએ છીએ. એમના વિચારોને ટાંકીએ છીએ, સમજીએ છીએ અને એની જરૂરિયાત વિષે પણ જાણીએ છીએ...પણ કેટલું જીવનમાં ઉતારીએ છીએ ? ગાંધીજી પાસેથી જે મેળવવા જેવું છે એ તો એક વિશાળ સાગર જેટલું છે. એમાંથી એક ચુલુક જેટલું પણ લઇને આપણા જીવનમાં એનું સિંચન કરવાની તમન્ના જાગી છે ? આપણે સદ્ભાગી છીએ કે એમના જમાનામાં જન્મ્યા છીએ; આપણું નસીબ છે કે આપણે એમના દેશમાં જન્મ્યા છીએ. આપણું એય એક સદ્ભાગ્ય છે કે એમના તેજથી ઘડાયેલી વ્યક્તિઓ આપણને એમની વાત કરે છે. અને સૌથી મોટું એક સદ્ભાગ્ય એ છે કે ગાંધીજીની કલમે લખાયેલું બધું જ એના મૂળ સ્વરૂપમાં તો આપણે એકલા—ગુજરાતી હોવાના નાતાથી, લઇ શકીએ છીએ.

આખું વિશ્વ જે મહાન વિભૂતિની જન્મશતાબ્દી ઉજવીને કૃતકૃત્યતા અનુભવે છે એ મહાન આત્માના તેજમાંથી આપણે કેટલું લઈ શકીએ છીએ એ આપણી યોગ્યતા ઉપર નિર્ભર છે. આપણે એ યોગ્યતા કેળવીએ અને આપણા મહાન રાષ્ટ્રપિતા પ્રત્યેનું ઋણ અદા કરવા તત્પર થઇએ.

—મો.

## सा विद्या या विमुक्तये।

—પુરુષોત્તમદાસ પટેલ

વિદ્યા એ કે જેનાથી મુક્તિ મળે. આજના યુગનો અનુભવ છે કે, રોટલાની–જીવન નિર્વાહ મેળવવાની ચિંતામાંથી મુક્ત કરે એજ સાચી વિદ્યા.

આજે તો હાઇસ્કૂલો અને કૉલેજોની સંખ્યા ખૂબ વધી છે. હાઇસ્કૂલો અને કૉલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઉભરાય છે. એસ. એસ. સી. પરીક્ષામાં લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ બેસે છે.

પણ એસ. એસ. સી. થયા પછી શું?

પહેલાં તો એસ. સી. પાસ થયા એટલે નોકરી મળતી. પહેલાં તો ગુજરાતી સાત પરીક્ષા પાસ કરે એને માટે પણ નોકરી દોડતી આવતી. આજે તો ગુજરાતી સાતની કિંમત રહી નથી એસ. એસ. સી. પાસ થયેલા નોકરી શોધતા ફરતા હોય ત્યાં ગુજરાતી સાત પાસનું શું?

એસ. એસ. સી. પાસ થયા એટલે કૉલેજમાં જવાનું. જેટલાં વર્ષ કૉલેજમાં ગાળ્યાં તેટલાં વર્ષની ચિંતા ઓછી. પણ બી. એ. અથવા બી. કોમ. અગર તો બી એસસી. થયા પછી ચિંતાનો ભાર ઘણો વધી જાય છે.

અભ્યાસ કરતી વખતે બાંધેલા કિલ્લા–કલ્પનાઓ જમીનદોસ્ત થઇ જાય છે.

નોકરીને માટે ફાંફા મારી મારીને શિક્ષિત યુવાન વર્ગ હતાશ થાય છે.

આમાં વાંક ભણતરનો છે.

નોકરીઓ ઓછી છે નોકરી શોધનારા ઘણા છે. બધા ભણેલાઓને નોકરી મળી શકે–આપી શકાય તેમ છે જ નહિ.

છતાં આપણું ભણતર નોકરી લક્ષી છે.

ભણતરની કક્ષા ખૂબ નીચી ગઇ છે.

એમાંએ જેને લાગવગ નથી તેની મુશ્કેલીઓનો પાર નથી એનો હાથ ઝાલે કોણ? એનું ઠેકાણું પાડે કોણ?

ખેડૂત અને મધ્યમ વર્ગના શિક્ષિત યુવાનોની તો કલ્પના કરતાં ધ્રુજારી છૂટે છે

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળને આનો ખ્યાલ આવ્યો. કાંઈક કરવું જોઇએ એમ લાગ્યું.

વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે કાંઈક હાથપગ ચલાવતાં શીખે તો એનામાં કાંઇક કરવાની વૃત્તિ જન્મે. એને નોકરી ના મળે તો પણ પગ ઉપર ઉભા રહે. ઘેર ગામડામાં જાય અને કુટુમ્બના ખેતીના ધંધામાં ઉપયોગી થાય.

ગામડામાં ખેડૂત શિક્ષિત જુવાન ફરે છે ત્યારે એની સ્થિતિ દયાપાત્ર થાય છે. કેટલાક ખેડૂત – ગ્રામવાસીઓ એની તરફ આંગળીઓ કરે છે અને બોલે છે કે જોયા આ ભાઇ ભણ્યા! બાપે એના કરતાં બે વીઘાં જમીન લીધી હોત તો સારૂં! આ વા ભણતર પાછળ પૈસા ખર્ચ્યા તે કુવા કરવામાં ખર્ચ્યા હોત તો?

આવી સ્થિતિ ચાલુ રહે તો ગામડામાં ભણવાની વૃત્તિ ઓસરી જાય.

આથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળે સર્વ વિદ્યાલયમાં ભણતર સાથે સુથારી લુહારી કામ, લેથ ચલાવવાનું ઉપરાંત બીજા ઇલેકટ્રીકલ અને મીકેનીકલ એન્જીનિયરીંગને લગતા વિષયો શીખવવાનો પ્રબંધ કર્યો. સદ્‌ગત શેઠશ્રી મફતલાલના સુપુત્રોએ આમાં સાથ આપ્યો.

આમ છતાં આ પુરતું નહોતું. આથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળે જુનીયર ટેકનિકલ સ્કૂલ શરૂ કરવા વિચાર્યું.

જુનીયર ટેકનિકલ સ્કૂલની યોજના માટે ખર્ચાળ છે. એના મકાનો અને સાધનો માટે આશરે બાર લાખ જોઇએ.

ભારત સરકારે પચાસ ટકા ગ્રાન્ટ અને ગુજરાત સરકારે પચીસ ટકા ગ્રાન્ટ મંજુર કરી. સદ્‌ગત્ શેઠશ્રી મફતલાલના સુપુત્રોએ રૂ. બે લાખની ઉદાર મદદ કરી.

જુનીયર ટેકનિકલ સ્કૂલ ચાર વર્ષથી ચાલે છે. એમાં અત્યારે પૂરો પ્રબંધ – સગવડ નથી પણ મકાનો આ ડીસેમ્બર સુધીમાં પુરાં થઇ જશે. એમાં લુહારી સુથારી, મોલ્ડીંગ, વેલ્ડીંગ, લેથ, વિગેરે બીજા સામાન્ય શિક્ષણ સાથે શીખવવામાં આવશે આજે તો લુહારી સુથારી અને લેથ શીખવવામાં આવે છે

આ સિવાય અમારી યોજના ઓઇલ એન્જીન અને વિજળી મોટર વિગેરે સમારવાનું તેમજ ઓટો મોબાઇલ્સના શિક્ષણની પણ ખાસ વ્યવસ્થા કરવાની છે. એસ. એસ. સી. પાસ થાય કે નાપાસ થાય તેના માટે આ વિષયના ખાસ વર્ગો શરૂ કરવા વિચાર છે. આ શિક્ષણ લઇ વિદ્યાર્થી ગામડાંમાં જાય ત્યારે એને મીકેનિકનું સામાન્ય શિક્ષણ મળેલું હોય છે. આથી એના કુટુમ્બના ખેતીના ધંધામાં ઉપયોગી બની શકે છે.

આજનું શિક્ષણ એકલું મગજનું છે એ જરૂરી છે પણ એની સાથે હાથ ચલાવતાં શીખવું જોઇએ કપડાંને ડાઘો પડે તેથી ગભરાઇ જાય એવું શિક્ષણ આજે અપાય છે. આથી આપણા ઇજનેરો જેવો એ પોપટીઓ ના બને પણ પ્રત્યક્ષ કામગીરી કરી વ્યવહારૂ બને છે.

આ પ્રયોગ સફળ ત્યારે જ થાય કે આ શિક્ષણ પૈસાના અભાવે રુંગાળાય નહિ. આ શિક્ષણમાં ચાલુ ખર્ચ વિશેષ રહે છે. આથી આપણી શાળાઓ આ શિક્ષણ શરૂ કરતી નથી.

[ જુઓ અનુસંધાન પાન ૮ ઉપર ]

## 'મને સાંભરે રે'

# હૃદયની સાચી કેળવણી

ડૉ. રણજિત પટેલ (અનામી)

ન-જાને કેમ પણ અમારા સમયની આશ્રમ–પ્રાર્થનાઓએ, મારું મન ભરી દીધું છે. પ્રાતઃકાળની અને સાયંકાળની એમ બંને કાળની પ્રાર્થનાઓ નિયમિત રીતે થતી. વય, રુચિ અને અધિકાર પ્રમાણે એના પ્રતિભાવની માત્રા વધતી-ઘટતી હશે પણ એકંદરે, હૃદયની સાચી કેળવણી આપવામાં એ તંદુરસ્ત નિયમે ઘણો જ મોટો ભાગ ભજવ્યો છે.

સ્વામીશ્રી વિવેકાનંદ અને પૂ. ગાંધીજીની અસરને પરિણામે આપણે ત્યાં વ્યક્તિગત મોક્ષના પુરુષાર્થની ભાવના સ્હેજ મોળી પડી અને આધ્યાત્મિક સાધના કાજે સામૂહિક પુરુષાર્થની દિશા જડી. સામૂહિક પ્રાર્થનાની પ્રણાલીને વિશાળ ફલક સાંપડયું.

(કડી આશ્રમની સમૂહગત પ્રાર્થનાઓ પાછળ સીધી પ્રેરણા કદાચ ગાંધીજી અને ગાંધીજીના આશ્રમની હોય! શ્રી બાપુભાઈ તો 'ઓલિયા' જેવા હતા. શ્રી પોપટભાઈ અને શ્રી છગનભાઈ, ગાંધીજીની વિદ્યાપીઠના સ્નાતકો હતા. 'આશ્રમ ભજનાવલિ' એમની માર્ગદર્શિકા હતી. આ શિક્ષક–ત્રિપુટીએ, સામૂહિક આશ્રમ–પ્રાર્થનાની પ્રણાલી ઉભી કરી. તેને નિત્ય નૂતન રાખી, નીતિ અને ધર્મની અને સરવાળે હૃદયની જે સાચી કેળવણી આપી છે એનો યોગ્ય ખ્યાલ તો પાકટ વયે જ આવી શકે. હવા, પાણી ને અન્ન વિના આપણને ચાલતું નથી. આ બધી દેહની જરૂરિયાતો છે. ધર્મ એ જીવનનો પ્રાણ છે અને પ્રાર્થના આત્માનો આહાર છે. વ્યવહાર જીવનને નિતિમય કરવા અને આત્માને પોષક આનંદનો આહાર આપવા પ્રાર્થનામય જીવન અનિવાર્ય છે.)

દુન્યવી પ્રેમ-સંવનનમાં ત્રીજી વ્યક્તિની ઉપસ્થિતિ ડખલરૂપ હોય છે. પ્રાર્થના એ આત્માનું પરમાત્મા સાથેનું પ્રેમ–સંવનન છે. નિર્વેદ, પ્રમાદ, ઉપેક્ષા, ટાઢાશ, નિદ્રા એમાં ન નભે.

'યહ પ્રીત કરન કી રીત નહીં,
રબ જાગત હૈ તૂ સોવત હૈ.'

પણ સમૂહ–પ્રાર્થનાની ય તે બલિહારી છે. પૂ. વિનોબાએ વડોદરાની એક વિરાટ સભામાં જે પ્રાર્થના કરાવેલી એને હું મારા જીવનનો લ્હાવો સમજું છું. कामये दुःख-तप्तानाम् प्राणिनाम् आर्ति-नाशनम् । સાર્વજનીન દુઃખ વિમોચનની ભાવનાનો પરિપાક આવી સાંઘિક પ્રાર્થનાનું શ્રેય હોય!

અમારી એ પ્રાર્થનાઓએ ત્યારે અમને શુક-પાઠી બનાવ્યા પણ ઉત્તર જીવનમાં અંતર્મુખ થવા પ્રેર્યાં. પરમતત્ત્વની સાધનામાં આપણે બધા સાથે છીએ એ ભાવના જીવનમાં કેવી ઉષ્મા આપે છે! અને પ્રાપ્તવ્યનો વિવેક પ્રાપ્ત થયો તે! ગભરુ-હૃદયોને પ્રાર્થના-જીવન પ્રત્યે અભિમુખ કરતાં એ ઉદાત્ત ગુરુ–હૃદયોની આત્મ સમૃદ્ધિનો ખ્યાલ કેવો સુખદ છે! એ 'વાઙ્મયી ઉપાસના' દ્વારા આપણી સંસ્કૃતિની સાત્ત્વિકમાં સાત્ત્વિક શ્રી-સમૃદ્ધિ પામ્યાનો અંદાઝ તો કોણ કાઢી શકે?

धर्मं चरत, माऽधर्मम्, सत्य वदत, नानृतम् ।
दीर्घं पश्यत, मा हूस्वम्; परं पश्यत, माऽपरम् ॥

---

શેખ સાદી પાસે એક રાજા ગયો. કહેવા લાગ્યો કે, મહારાજ, મને કંઈ બોધ આપો. સાદીએ કહ્યું, કે તુ મોટો રાજા છે ને? ત્યારે રાતે સારી ઊંઘ લે છે કે? તેણે કહ્યું, વખત મળે એટલી લઉં છું; પણ રાજકારભારમાં કયારેક કયારેક વખત મળતો જ નથી. સાદી કહે, રાતે ભરપુર ઊંઘતો જા. શકય હોય તો આખાયે રાત ઊંઘ કાઢ. અને દિવસે? ...રાજા બોલ્યો, દિવસભર તો ઊંઘવાનું બિલકુલ મળતું જ નથી. સાદી કહે કે, આ તારી મોટી ભૂલ છે. દિવસે પણ શકય તેટલો ઊંઘતો જા. રાજા ચકિત થઈને કહેવા લાગ્યો કે, તમે મને આ શો ઉપદેશ આપી રહ્યા છો? સાદીનો ઉત્તર હતો: આજ યોગ્ય ઉપદેશ છે. દુર્જન લોકો જેટલા ઊંઘશે તેટલું એમનું ય કલ્યાણ અને જગતનું ય કલ્યાણ.

–વિનોબાજી

x x x

ચારિત્ર્ય એ એવી માટી છે જેના ઉપર સર્વ કાંઈ સારું નીપજે છે.

–મુનશી

* * *

લોહિયાળ ક્રાન્તિ વિશે મને નૈતિક આપત્તિ નથી. મને જે કંઈ આપત્તિ છે તે વ્યાવહારિક છે. કોઈ એમ કહેતું હોય કે લોહિયાળ ક્રાન્તિ અહિંસક ક્રાંતિ કરતાં વધારે જલદી થાય છે, તો દુનિયાની ક્રાંતિઓનો ઇતિહાસ જોતાં એમ નથી લાગતું. વળી અનુભવ તો એવો છે કે લોહિયાળ ક્રાંતિ દ્વારા જે નવો સમાજ ઊભો થાય છે, તે ક્રાંતિકારીઓની મૂળ કલ્પના કરતાં બહુ જુદો જ હોય છે. જે ઉદ્દેશ સાથે ક્રાન્તિ કરી હોય છે, તે ઉદ્દેશ તો પાર પડતો નથી, બલ્કે તેનાથી વિપરિત પરિણામ આવે છે. જોવા એમ મળે છે કે સમાજની રચના જેવી આપણે ઇચ્છતા હોઈએ તેવી નથી થઈ શકતી.

–જયપ્રકાશ નારાયણ

આપણા દાતાઓ

## શ્રી ત્રિભોવનદાસ જીવણલાલ
### ચાંદીના દાગીનાના વહેપારી
ધાંચીની પોળ પાસે માણેકચોક, અમદાવાદ



બલોલ ( તા. મહેસાણા ) ગામમાં સં. ૧૯૬૭ ની સાલમાં તેમનો જન્મ થયેલો. તેમના પિતાશ્રી જીવણલાલ કાનજીદાસ એક ખેડૂત હતા. ઘરની સ્થિતિ સામાન્ય ગણાય. ઘરના ખર્ચ પૂરતું પણ ખેતીમાં પાકે નહીં. ગામમાં ગુજરાતી શાળામાં ૩–૪ ચોપડી ભણ્યા. ખેતીના કામકાજ અંગે ખેતરમાં કામે જવું પડે. ખેતીનું બધું કામ કરવામાં નિશાળ જવાનો વખત મળે નહીં. આવા સંજોગોમાં નાનપણમાં માતાપિતા સ્વર્ગવાસી થવાથી વડીલોની હૂંફ ગુમાવી અને ખેતી સાથે ઘરકામનો બોજો ઉઠાવવાનો વખત આવ્યો.

નાનપણથી સ્વભાવે મહેનતુ માતાપિતાના ઉચ્ચ વિચારોના સંસ્કારનો સુમેળ તેમના જીવનમાં વણાવાથી – હમેશાં કઇ રીતે આગળ વધાય અને ભાઇઓને તથા કુટુંબને મદદ કર્તા થવાય તેવા વિચારો કરવા લાગ્યા. અને એક દિવસ મોટાભાઇની રજા લઈ અમદાવાદ નોકરી કરવા ચાલી નીકળ્યા. માંડમાંડ લખી વાંચી શકે. તેમને અમદાવાદમાં નોકરી પણ કેવી મળે ? આખરે ચાંદીના દાગીના બનાવનાર એક કારીગરના ત્યાં રહેવા ખર્ચ પૂરતા પગારે નોકરી રહ્યા. ધીમે ધીમે પોતાની ધગશ અને ઉત્સાહ તથા મહેનતના ગુણોથી દાગીના બનાવવાનું કામ શીખી ગયા એટલે પોતાનો આગવો ધંધો શરૂ કર્યો.

આ વખતે તેમનાથી બે નાનાભાઈ (૧) હરજીવનદાસ તથા (૨) કેશવલાલ પણ અમદાવાદમાં મીલમાં નોકરી કરવા આવી ગયા હતા. તેમને પણ પોતાના ચાંદીકામના કારખાનામાં બોલાવી લીધા. ચાંદીનો ધંધો શરૂ કર્યો ત્યારે તેમની પાસે બિલકુલ મૂડી નહીં તેથી વેપારીઓની ચાંદી ઘડવા લઇ મજુરીથી માલ બનાવી આપવાનું કારખાનું શરૂ કર્યું.

આપબળે ધંધામાં ધીમે ધીમે આગળ વધ્યા કારખાના સાથે માલ ખરીદ વેચવાનું શરૂ કર્યું, પ્રમાણિકતા, ચોકસાઈ અને સારું કામ સારો ગેરંટીવાળો માલ આપી ધંધામાં નામ અને દામ કમાયા. અમદાવાદમાં રહીને પણ ગામને ભૂલ્યા નહીં. ગામમાં દવાખાનુ, હાઈસ્કૂલ અને બીજા સાર્વજનિક કામોમાં

[ અનુ. પાન ૫ ઉપર ]

# મહાપુરુષનું જીવન : બલિદાનની કથા

મહાપુરુષો પોતાના જીવનની દાસ્તાનને બલિદાનની કથા તરીકે જ રચે છે. એ માત્ર જીવન જીવી જતા નથી પણ જીવનની રચના કરે છે. એમનું જીવન હંમેશાં ગતિશીલ રહે છે. એ જીવનમાં કેટલા અને કેવા વળાંકો આવશે એ વિષે પહેલેથી કંઈ અનુમાન થઇ શકતું નથી. આ મહાપુરુષોએ જે ધ્યેયને માટે જીવન ધારણ કર્યું હોય છે એ ધ્યેયની ભૂમિકા સમાજમાં પડેલી હોય છે. એ ભૂમિકાના સંદર્ભમાં જ એમની ક્રિયાશીલતા હોય છે. એ ભૂમિકા સાથે જ એમનું હૃદય સર્વસ્વ સૂક્ષ્મ તંતુઓથી જોડાયેલું હોય છે. સમાજમાં જે સ્પંદનો કે ક્ષોભ પ્રગટે એ પેલા તંતૂઓને સતત્ આંદોલિત કરતાં હોય છે. અને આ મહાપુરુષો પોતાના ધ્યેયની જરૂરિયાત પ્રમાણે પોતાના આત્મબળનું તેજ સિંચીને પોતાના ધ્યેય પ્રમાણે એ સમાજનું ઉત્થાન કરવા પ્રયાસ કરે છે. આ માટે મહાપુરુષોને ક્યારે બલિદાનના ખપ્પરમાં હોમાઇ જવાનું થાય એ કહેવાય નહીં.

મહાત્મા ગાંધીજીના જીવનમાં અનેક લક્ષ્ય હતાં. રાષ્ટ્રને ગુલામીમાંથી મુક્ત કરવું, સામાજિક અન્યાયો દૂર કરવા, જનસમાજમાં એકતા અને શાંતિ સ્થાપિત કરવી વગેરે... આ બધા માટે બલિદાનની એમની તૈયારી હતી જ. હરિજનોને જુદા પાડવાની પેરવી અંગ્રેજ સરકારે કરી ત્યારે ગાંધીજીએ ઉપવાસ આદર્યા. અંગ્રેજ સરકારે નમતું જોખ્યું ન હોત તો ગાંધીજીએ એ ધ્યેય ખાતર પોતાનો દેહવિલય કર્યો હોત. દેશના ભાગલા વખતે બંને કોમોએ તાંડવ સર્જ્યું. માનવ માનવલોહીનો પિપાસુ બન્યો. કોમી એખલાસ મ[illegible] ગાંધીજીએ ઉપવાસ આદર્યા. તાંડવ શમ્યું ખરું; પણ આ પ્ર[illegible] ઉપર જ એમનો ભોગ લેવાયો. આ મહાપુરુષે માનવ કલ્યાણ ખાતર બલિદાન આપ્યું.

આ મહાપુરુષે પોતાના જીવનની રચના આ રીતે કરી. અને એ જીવન માનવ જાતના સુખ, સમતા અને શાંતિ માટે ધરી દીધું. આ મહાત્માએ પોતે જ કહ્યું હતું કે મારું જીવન એ મારો સંદેશ છે. એ મહાત્માએ એટલા માટે તો પોતાના જીવનપદ્મનું એકે એક દલ માનવ જાત આગળ ખોલી દીધું હતું. અને એ સહસ્રદલપદ્મની છેલ્લી પાંખડી પણ પ્રવૃત્તિ કર્મયોગના છેલ્લા ચરણની જેમ જાહેરમાં–માનવભીડ વચ્ચે જ સમર્પિત થઇ.

આ મહાત્માએ પોતાની જીવનકથાનું કોઈ રહસ્ય ગોપવ્યું. નથી, એટલા માટે કે કોઈ માનવપથિક મારું જીવન એ મારો સંદેશ છે' એ મંગળવાણીના સૂરે સૂરે ચાલ્યો આવતો હોય ત્યારે ક્યાંય ન ગૂંચવાય, ક્યાંય ન અટવાય. ( આચાર્યની કલમે )

## ૫૦ વર્ષને ઉંબરેથી

# આપણી અનોખી સંસ્થા

નટવરલાલ અ. પટેલ
પ્રમુખ: મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.

—o—

કડી રેલ્વે સ્ટેશન સામે આવેલી આપણી આ સંસ્થા આજે પણ આશ્રમના નામથી ઓળખાય છે. જ્યારે જ્યારે બહારગામ આ સંસ્થામાં ભણેલા કોઈ જુના વિદ્યાર્થી ભાઈને મળવાનો પ્રસંગ સાંપડે છે ત્યારે એ ભાઈ પ્રથમ પ્રશ્ન એ જ પૂછે છે 'કેમ આશ્રમના શું ખબર છે?' એટલે આપણી આ સંસ્થા આજે પણ આશ્રમના નામથી જ જાણીતી છે. પ્રાચીન સમયમાં બા–બાપો પોતાના બાળકોને વિદ્યાભ્યાસ કરવા માટે આશ્રમમાં મોકલતા હતા, જ્યાં વિદ્યાભ્યાસ સાથે આશ્રમ જીવનની તેમ જ મન અને બુદ્ધિના વિકાસની તાલીમ અપાતી હતી. ધીમે ધીમે જમાનો બદલાતાં શિક્ષણના પ્રવાહો પણ બદલાયા છે. આ બધું હોવા છતાં આપણી આ પવિત્ર સંસ્થામાં આજે પણ વિદ્યાર્થીને વિદ્યાભ્યાસ સાથે આશ્રમ જીવનની ઝાંખી થયા સિવાય રહેતી નથી. સંસ્થાની સ્થાપનાની શરૂઆતથી જ દૂર દૂરથી અને અમદાવાદ, વડોદરા, સૂરત વગેરે મોટા શહેરોમાંથી પણ વિદ્યાર્થીઓ આપણી આ સંસ્થામાં ભણવા માટે આવતા હતા અને આજે પણ આવે છે. આપણી આ સંસ્થામાં વિદ્યાભ્યાસ સાથે ચારિત્ર્ય ઘડતર તરફ વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. અને એ જ આપણી આ સંસ્થાની વિશિષ્ટતા છે.

આ સંસ્થામાં ભણેલો કોઈપણ વિદ્યાર્થી ભલે એ ડૉકટર હોય, વકીલ હોય ઇજનેર હોય, કલાકાર હોય કે વેપારી હોય, ગમે તે ક્ષેત્રનો હોય તો પણ એ બીજા કોઈથી પણ તરત જ જુદો તરી આવ્યા સિવાય રહેશે નહિ. એટલું જ નહિ પણ એના આચારવિચાર અને વર્તનમાં આપણા આશ્રમ જીવનની તેના ઉપર પડેલી અસર ઉપસ્યા સિવાય રહેશે નહિ. આજ કારણે આજે પણ આપણી સંસ્થામાં દાખલ થવા માટે વિદ્યાર્થીઓનો અસાધારણ ધસારો જોવા મળે છે. પૂજ્ય ભાએ અજ્ઞાનના અંધકારને દૂર કરવા કેળવણી રૂપી જ્ઞાનનો દીવો પ્રગટાવવાનું શરૂ કર્યું તે સમયે તેમના ગજવામાં માત્ર ૧૨ આનાના છૂટા જ હતા અને એ રીતે આ ભગીરથ કાર્યની શરૂઆત કરેલી. આજે પૂજ્ય ભાના આશીર્વાદ પામેલી આપણી આ સંસ્થા કેળવણીનું મોટું વટવૃક્ષ બની ગઈ છે. જ્યાં હાઈસ્કૂલ, જુનિયર ટેકનિકલ સ્કૂલ, પ્રી. વૉકેશનલ ટ્રેઈનીંગ સેન્ટર, સાયન્સ કૉલેજ વિગેરે શૈક્ષણિક પ્રવૃત્તિથી સંસ્થાનું વાતાવરણ ધમધમી રહ્યું છે.

આપણી આ સંસ્થા પોતાની સુવર્ણ જયંતી ઉજવી રહી છે. તે પ્રસંગે સંસ્થાનો ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બ્હેનો, હાલના વિદ્યાર્થી ભાઈ-બ્હેનો, તેમ જ સંસ્થાના ચાહકો, શુભેચ્છકો, તેમ જ સૌ કેળવણી પ્રેમી જનતા આ કાર્યમાં સંપૂર્ણ સાથ અને સહકાર આપે એ જ મારી નમ્ર વિનંતિ છે.

[ચોથા પાનના ૧ કોલમનું ચાલુ]

ઉદાર હાથે ફાળો આપ્યો છે. વ્યક્તિગત જરૂર વખતે મદદ કરવામાં પણ પાછી પાની કરતા નથી. અદમ્ય ઉત્સાહ, ખંત પ્રમાણિકપણું અને મહેનતથી અભણ માણસ કેટલો આગળ વધી શકે છે તેનું ઉદાહરણ શ્રી ત્રિભોવનદાસ જીવણલાલ પટેલના જીવનમાં જોઈ શકાય છે.

તેમની તરફથી સાયન્સ કૉલેજને રૂ. ૨૫૦૧ ની ઉદાર મદદ મળી છે. આ મંડળ સંચાલિત બલોલની આઈ. એમ. જે. સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ તેમની અને તેમના ધંધાના સહ-ભાગીદારોની ઉદાર સખાવતને લીધે ફૂલીફાલી છે.

## સુવર્ણ જયંતી ફાળો

પાન ૭ ઉપર પ્રસિદ્ધ થયેલી યાદીમાં ઉમેરો

રૂ. ૫૦૧) શ્રી જીવણલાલ લલ્લુભાઈ પટેલ
૩૦, મજૂર કો. હાઉસીંગ સોસાયટી
સ્ટેશન સામે, મુ. કલોલ

### અબજ

અબજ શબ્દ આપણે તો સાવ સાદી રીતે ઉપયોગમાં લઈએ છીએ. પણ તેના પ્રમાણનો કિંચિત ખ્યાલ આ રીતે પણ આવે. ધારો કે એક માણસ પાસે એક અબજ રૂપિયા છે. અને તે વગર વ્યાજે ઘરમાં રાખીને તેમાંથી રૂ. ૨૦૦૦ રોજ દાન કરે છે. આમ શેઠ દરરોજ દાન કરતા રહ્યા, પછી એના બાળકો, પછી તેમનાં બાળકો– આમ એક હજાર વર્ષો પર્યંત દાનની આ ધારા ચાલુ જ રહે છે, છતાં માંડ પોણો અબજ રૂપિયા ખર્ચાય છે; એ જાણીએ તો જ એક અબજની શક્તિનો ખ્યાલ આવે. "વિજ્ઞાન બંધુ"

આપણે યાદ રાખવું જોઈએ કે આપણે બધા દુનિયાના દેવાદાર છીએ. દુનિયા જરા પણ આપણા દેવામાં નથી. દુનિયાને માટે આપણે કંઈક કરી શકીએ, તો આપણને એ એક મહાન તક મળી છે એમ સમજવું. દુનિયાને મદદ કરવામાં આપણે આપણી જાતને જ મદદ કરીએ છીએ.

—સ્વામી વિવેકાનંદ

# આજના પ્રસંગે....................

[ દેશના ભાગલા પડતાંની સાથે મુસલમાન અને હિન્દુમાં જંગાલિયતનો જુવાળ ફાટી નીકળેલો અને ભયંકર કાપાકાપી અને મારામારી જામી પડેલી. તેને ઠારવા ગાંધીજીએ ૧૯૪૭માં કલકત્તામાં અને ૧૯૪૮માં દિલ્હીમાં ઉપવાસ કરેલા. દિલ્હીના ઉપવાસ ૧૩ મી થી ૧૮ મી જાન્યુઆરી સુધી ચાલેલા. ઉપવાસના પ્રથમ દિવસે ગાંધીજીએ પ્રાર્થના સભામાં આપેલા પ્રવચનમાંથી ઉતારો. ]

.........લોકો મને પૂછે છે કે શું મુસલમાનો ખાતર તમે આ ઉપવાસ શરૂ કર્યો છે! એમની વાત સાચી છે. હું હંમેશ લઘુમતીની વસ્તીનો, દબાયેલા લોકોનો પક્ષ લેતો આવ્યો છું. આજે અહીંના મુસલમાનોને મુસ્લીમ લીગનો આધાર રહ્યો નથી. હિંદુસ્તાનના બે ભાગલા પડયા. જ્યાં જ્યાં આધાર વિનાના થોડા લોકો રહી જાય છે ત્યાં સર્વ સ્થળે તેમને મદદ કરવાનો માણસનો ધર્મ છે. અસલમાં આ ઉપવાસ આત્મશુદ્ધિને ખાતર છે. આપણે સૌએ શુદ્ધ થવાનું છે. એવું તો કેમ હોય કે હિંદુ ને શીખ શુદ્ધ થાય ને મુસલમાન ન થાય. મુસલમાનો પણ શુદ્ધ અને સાચા નહિ બને તો પરિસ્થિતિ વણસી જશે. અહીંના મુસલમાનો પણ બિનગુનેગાર નથી. સૌએ પોતપોતાનો ગુનો કબૂલ કરવો જોઇએ. મુસલમાનોની ખુશામત કરવાને ખાતર મેં ઉપવાસ નથી શરૂ કર્યો. હું એક ઇશ્વરની જ ખુશામત કરનારો છું.........

ઉપવાસ મુસલમાનોને નામે શરૂ થયો છે. તેથી એમને માથે વિશેષ જવાબદારીનો ભાર આવે છે. એમણે નિશ્ચય કરવો જોઇએ કે અમારે હિંદુ ને શીખો સાથે દોસ્ત બનીને રહેવું છે, ભાઇ બનીને રહેવું છે; હિંદુ રાજ્યસંઘ તરફ વફાદાર બનીને રહેવું છે. અમે વફાદાર છીએ એમ પોપટની જેમ બોલ્યા કરવાથી વાતનો નિકાલ આવે તેવો નથી. હું એમના કામો પરથી એમની ભાવના જોઉં છું અને જોતો રહીશ.

મારી પાસે સરદાર વિષે વાતો આવે છે. મુસલમાનો મને આવીને કહે છે કે તમે ને જવાહરલાલજી તો સારા છો પણ સરદાર નથી. આ તે કેવી વાત? આવી વાતો મુસલમાનો કરશે તો કેમ ચાલશે? સરદાર અને જવાહરલાલ તેમ જ બીજા બધા મળીને હકૂમત ચલાવે છે. એ બધાયે તમારા નોકરો છે. એ સૌની ભેગી જવાબદારી છે. એવું હોય તો જ કેબિનેટ એટલે કે હકૂમત ચલાવનારું એક રાગવાળું પ્રધાનમંડળ બની શકે. સરદાર કંઇ ભૂલ કરતા હોય તો મને આવીને કહો. હું એમને બધી જાતની વાત કહી શકું છું. સરદારે આમ કહ્યું ને તેમ કહ્યું, તે આમ બોલ્યા ને તેમ બોલ્યા એવી વાતો ચલાવ્યા કરવાનો કશો અર્થ નથી. સરદારે પ્રત્યક્ષ ગુનો શો કર્યો તે બતાવો. આખી કેબિનેટની જેટલી જવાબદારી છે તેટલી જ આપણા સૌની છે કેમ કે પ્રધાનમંડળ આપણા સૌના પ્રતિનિધિઓનું બનેલું છે.

મુસલમાનોને હું કહીશ કે તમારે નિર્ભય તેમજ બહાદુર બનવું જોઇએ ને ગાંધી, જવાહરલાલ, સરદાર, કોંગ્રેસ કે લીગ કોઇનેયે ભરોસે ન રહેતાં કેવળ એક ખુદાને ભરોસે રહેવું જોઇએ. ખુદાને નામે તમે લોકો અહીં રહો અને મરવું પડે તો તેને નામે મરો. હિંદુ ને શીખ ગમે તેવાં ખોટાં કામ કરે પણ તમે કશું ખોટું કામ ન કરો, કોઇ જાતની બુરાઈ ન કરો. હું તો તમારી સાથે જ છું, તમારી સાથે જ મરીશ. આજેયે મરવા તો પડયો છું.

તમારામાંથી ભાઇઓ આવીને મને કહે છે કે સરદાર ખૂબ કડવી વાતો સંભળાવે છે. મેં પોતે સરદારને ઘણી વાર કહ્યું છે કે તમારી જીભમાં કાંટા છે. પરંતુ હું બરાબર જાણું છું કે એમના દિલમાં કાંટા નથી. એમનું દિલ સાફ છે. અલબત, એઓ સાચી વાત સંભળાવવામાં પાછા પડતા નથી. કલકત્તામાં તેમ જ લખનૌમાં એમણે કહ્યું છે કે મુસલમાનો ખુશીથી હિંદમાં રહી શકે છે પણ લીગી મુસલમાનોનો મને ભરોસો નથી. એમનું કહેવું છે કે કાલ સુધી જે દુશ્મન હતા તે આજે એકદમ દોસ્ત બની ગયા છે એવી વાત હું કદી નહીં માનું. વહેમ રાખવાનો એમને પૂરેપૂરો અધિકાર છે. એ વહેમનો તમારે મુસલમાનોએ સીધો અર્થ કરવો જોઇએ. મેં આજ પહેલાં ઘણી વાર કહ્યું છે કે વહેમ સાચો પડે, સાચો સાબિત થાય તે પછી જેના પર વહેમ હોય તેને જે કરવું હોય તે કરો પણ એવા લોકોને બૂરા માની લઈ કશું ન કરીએ.

.........હિંદુઓ અને શીખો સાચા ન બને, તેમનામાં એટલી બહાદુરી ન હોય કે આટલા થોડા મુસલમાનોને અહીં સલામત રાખી શકે તો મારે જીવીને શું કરવું છે? હું એટલું જ કહીશ કે પાકિસ્તાનમાં ચાહે તો બધાય શીખો ને હિંદુઓને કાપી નાખવામાં આવે તોયે આપણે એક પણ મુસલમાન પર હાથ ન ઉપાડીએ. જે નબળા છે તેને મારવા નીકળવું એ બુજદિલી એટલે કે નામરદાઇ છે.

... ... ... ...

.........હિંદુસ્તાનને, હિંદુઓને, મુસલમાનોને પારસીઓને, ખ્રિસ્તીઓને. કોઇનેય નીચું જોવું પડે એવું હું માગતો નથી. આપણે સૌ સાચા બનીએ તો હિંદ ઊંચુ આવશે.

દિલ્હી ડાયરી: તા. ૧૩-૧-૪૮ —ગાંધીજી

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી
# સુવર્ણ જયંતી ફાળો

સુવર્ણ જયન્તી ઉજવણી નિમિત્તે સંસ્થા માટે ફાળો ઉઘરાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ફાળામાં ધનિકો, શુભેચ્છકો, સંસ્થાના જુના અને ચાલુ વિદ્યાર્થીઓ, કાર્યકરો, અધ્યાપકો અને સંસ્થાના કાર્યમાં રસ ધરાવતા ભાઇબહેનોને સહાયભૂત થવા અને ઉદાર હાથે દાન આપવા આગ્રહ ભરી વિનંતી છે. ફાળા માટેના કામકાજની શરૂ-આત કરવામાં આવી છે. ફાળામાં વચનો મળ્યાં છે તે નીચે જણાવવામાં આવ્યાં છે. **દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.**

## ફાળાની યાદી

૨૫૦૧) શ્રી બહેચરદાસ હરગોવિંદદાસ પટેલ
લોખંડના વહેપારી : લોખંડ બજાર : અમદાવાદ-૧

૨૫૦૧) શ્રી હરજીવનદાસ હાથીભાઈ પટેલ
હા. શ્રી બાબુભાઈ હરજીવનદાસ
લોખંડના વહેપારી, અલકાપુરી અમદાવાદ - ૧૩

૧૨૫૧) શ્રી ખોડાભાઇ શિવાભાઇ પટેલ (વકીલ)
૧૭, મહેસાણા સોસાયટી ચિનાઇ બાગ,
નવા વાડજ રોડ, અમદાવાદ-૧૩

૧૦૦૧) શ્રી ચંદુલાલ મગનલાલ પટેલ
ગુજરાત કૉલેજ પાસે અમદાવાદ - ૬

૧૦૦૧) મેસર્સ રામભાઇ પટેલ એન્ડ કું.
હા. શ્રી રામભાઇ મફતલાલ પટેલ
એન્જીન-પંપના બનાવનાર અને વેપારી
કડીયાકુઈ, રીલીફરોડ, અમદાવાદ - ૧

૧૦૦૧) શ્રી હીરાલાલ મણીલાલ પટેલ વકીલ
(મોકાસણ વાળા)
૧૫, ગૌતમ વિહાર સોસાયટી, અમદાવાદ-૧૩

૧૦૦૧) શ્રી બાલુભાઇ મણીલાલ પટેલ
૧૨૫, સરદાર પટેલ કોલોની, અમદાવાદ-૧૪

૧૦૦૧) શ્રી ડૉ. રામાભાઇ મનોરદાસ પટેલ
મામલતદાર કોર્ટ પાસે - કડી.

* ૫૦૧) મેસર્સ આર. સી. પટેલ. એન્ડ કું.
હા. શ્રી રણછોડભાઈ છગનલાલ પટેલ
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૧

૨૫૦) શ્રી ડાહ્યાભાઈ શીવદાસ પટેલ
નં. ૧૭બી, વસંત વિહાર હા. સોસાયટી,
નવરંગપુરા અમદાવાદ-૯

* ૨૫૦) શ્રી બાબુલાલ વેણીદાસ પટેલ
૫ બી, વસંત વિહાર કો. હા. સોસાયટી,
સરદાર પટેલ નગર રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯

૨૫૦) શ્રી રમેશભાઈ વિઠ્ઠલભાઇ પટેલ
C/o શ્રી વિઠ્ઠલભાઈ વનરાવનદાસ પટેલ
૨૦, મહેસાણા કો. હા. સો. અમદાવદ-૧૩

૨૫૦) શ્રી સોમાભાઈ વી પટેલ
નાયબ ફૃષી સંચાલક (પેકેજ)
૧૫, ભારતી નિવાસ સોસાયટી
નગરી હોસ્પીટલની પાસે, અમદાવાદ-૬

૨૫૦) શ્રી કે. એચ. પટેલ
ઇન્સ્પેકટર, આર. ટી ઓ.
૪, રાજકમલ પાર્ક સોસાયટી, અમદાવાદ-૧૪

* ફુદડી વાળી રકમો વસુલ આવી ગઇ છે.

## :: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે ::

'સુવર્ણ જયંતી' સાપ્તાહિકનું લવાજમ રૂા. ૫) મોકલી આપવા વિનંતિ છે.

## શરૂઆત

—ભાઇ

માનવ સ્વભાવની એ પ્રકૃત્તિ છે કે તે હરહંમેશ કંઇને કંઈ કરતો હોય છે. એટલું જ નહિ પરંતુ તે રોજ કંઇને કંઇ નવું કરતો હોય છે; આ વસ્તુ તેની જાણમાં હોય કે ન હોય. ઇચ્છાએ કે અનિચ્છાએ કંઇક નવીન શરૂઅત થતી હોય છે.

આવાં કામો મોટે ભાગે એટલાં નાનાં અને નજીવાં હોય છે કે તેની ખબર ભાગ્યેજ પડે છે પરંતુ આગળ જતાં તે જીવનમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે. દરેક શરૂઆતમાં ઘણી પ્રબળ શક્તિ અને શકયતાઓ પડેલી હોય છે.

મોટી ઘુઘવતી નદી તેના મૂળમાં એટલું નાનું ઝરણું હોય છે કે જેને આપણી હથેળીથી રોકી શકાય. વરસાદનાં ફોરાં-ઓથી જ મોટું પૂર આવે છે. જટાજૂટ વિસ્તરેલા વટવૃક્ષનો રોપો ચરતા ઢોરના પગમાં કચરાઈ નાશ પામે એવો કુમળો હોય છે. અને બેદરકારીથી ફેંકેલી સળગતી દિવાસળી આખા શહેરનો નાશ કરી શકે એટલી આગ પેદા કરી શકે છે.

આધ્યાત્મિક જીવનમાં પણ ઘણી નાની બાબતોએ મહાન ભાગ ભજવ્યાનું જાણીતું છે. સામાન્ય શોખ અને ધુન મહાન કળા અને ચમત્કારિક શોધમાં પરિણમતી હોય છે. થોડાક શબ્દો બોલાતાં ઇતિહાસે અચંબાજનક વળાંક લીધો હોય છે. કોઈ એક પવિત્ર વિચારના સેવનથી દૂનિયામાં નવસર્જનનાં પૂર આવે છે અને અવિચારી પશુતાથી ભરેલા વિચાર ભયંકર તારાજી અને યાતનાઓની હારમાળ સર્જે છે.

ગુસ્સો, તિરસ્કાર, ઈર્ષા, લોભ અને અશુદ્ધ વિચારથી કરેલી શરૂઆત ખોટી શરૂઆત છે. તે યાતના અને દુઃખજનક પરિણામ લાવે છે. પ્રેમ, મમતા, કરૂણા, નિસ્વાર્થ અને પવિત્ર વિચારથી કરેલી શરૂઆત સારી શરૂઆત છે. તે સ્વર્ગીય સુખ-દાયક નિવડે છે.

શરૂઆત સારી હોય છે અને ખરાબ પણ હોય છે. અને તેનું પરિણામ તેવું જ આવે છે. સાવચેતીપૂર્વકના વિચારથી ખોટી શરૂઆતથી દૂર રહી શકાય અને સારી શરૂઆત થઇ શકે છે.

... ... ... ...

આજે તમે કોઇક નવીન શરૂઆત જરૂર કરવાના જ.

તો આ સુવર્ણ જયંતી સંબંધી જ આજે જ વિચારવાનું શરૂ કરશો. આજની શરૂઆતની બાબત તેને બનાવશો.

આ એક ઘણીજ સુખદાયક શકયતાઓથી ભરપૂર શરૂઆત બનશે. તમારે માટે – આપણે માટે, સંસ્થા માટે અને સમાજ માટે.

## અપેક્ષા

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસે આ પ્રમાણે અપેક્ષા રાખવામાં આવી છે.

(૧) સુવર્ણ જયન્તી પ્રસંગે ફાળામાં જેટલું બને તેટલું વધુ આપે.

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ થાય.

(૩) ૨૦૦ ભાઇઓ એવા આગળ આવે કે જેઓ આ કામ ઉપાડી લે, અને દરેક નિદાન ૨૦ આજીવન સભાસદો નોંધી–નોંધાવી આપવાની જવાબદારી ઉઠાવે.

આ સંસ્થામાં અભ્યાસ કરી ગયેલા દશ હજાર વિદ્યાર્થીઓનો સમુદાય છે. તેમની પાસે આ અપેક્ષા છે. એ પૂરી કરવા સૌ પ્રયત્ન કરે. બીજા ભાઇઓ પણ તેમાં મદદ કરે.

ફાળાની યાદી 'સુવર્ણ જયન્તી' માં પ્રસિદ્ધ થાય છે. તેવી રીતે ૨૦ આજીવન સભાસદ નોંધી આપવાની ઇચ્છા ધરાવનાર ભાઇઓનાં નામ પણ પસિદ્ધ કરવામાં આવશે. નામો સંસ્થામાં લખી મોકલવા વિનંતિ છે. આ કામમાં સંસ્થામાંથી માર્ગદર્શન, સહકાર અને સહાયની જરૂર હશે તો આપવામાં આવશે.

[ પાન ૨ ઉપરનું ચાલુ ]

સર્વ વિદ્યાલય કેળવણી મંડળે આ નવો પ્રયોગ શરૂ કર્યો છે.

એકલા આ કામને માટે એને બે લાખ હજુ જોઇશે.

મકાનોના બાંધકામમાં એસ્ટીમેટ કરતાં ખર્ચો વધે છે. બાંધકામમાં અમુક જ ગ્રાન્ટ મળવાની. વિશેષ ખર્ચ સર્વ વિદ્યાલય કેળવણી મંડળે કરવો પડશે.

સાધનો પણ પુરતાં જોઇશે. સાધનોની કિંમતમાં વધારો થયો છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની આર્થિક મુંઝવણ નિવારવા સૌ ભાઇઓને વિનંતિ.

પચાસ વર્ષ
ચાસ ચાસ ખેડ્યું,
સુવર્ણ વર્ષા.

પચાસ વર્ષે,
ફૂટતી–પમરતી,
સુવર્ણ પ્રભા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઇ બા. પટેલ
ભાઇલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ | કડી : ગુરુવાર : તા. ૧૬-૧૦-૬૯ | અંક ૫


## ગાંધી ત્હમે

રણજીત પટેલ (અનામી)

ગાંધી ! ત્હમે સતની શૂળીના શહીદ !
આંસુડાં શાને સારવાં હોજી ?
ગાંધી ! ત્હમે સાચકલા આતમવિદ,
કશે ન આનંદવાં હોજી ?
ગાંધી ! ત્હમે ભજવ્યો દધીચિનો વેશ,
આંસુડાં શાને સારવાં હોજી ?
ગાંધી ! ત્હમે જગવ્યો કુંભકરણિયો દેશ,
કશે ન આનંદવાં હોજી ?
ગાંધી ! ત્હમે પાયાં અમરત, પીધાં વિષ,
આંસુડાં શાને સારવાં હોજી ?
ગાંધી ! ત્હમે લીલા કરી મિષ મિષ,
કશે ન આનંદવાં હોજી ?
ગાંધી ! ત્હમે જૂની રે જમાતના જોગી,
આંસુડાં શાને સારવાં હોજી ?
ગાંધી ! ત્હમે અભિનવ યોગના યોગી,
કશે ન આનંદવાં હોજી ?
ગાંધી ! ત્હમે વણિક ! લાભ્યા ઋતનો લાભ,
આંસુડાં શાને સારવાં હોજી ?
ગાંધી ! ત્હમે ઊંડળે ભરિયું શું આભ !
કશે ન આનંદવાં હોજી ?
ગાંધી ! ત્હમે સાચકલા આતમવિદ
કશે ન આનંદવાં હોજી ?
ગાંધી ! ત્હમે સતની શૂળીના શહીદ !
આંસુડાં શાને સારવાં હોજી ?

(આકાશવાણીના સૌજન્યથી)

—

## સર્વના થઇને રહો

વકીલ ધનાભાઈ હ. પટેલ–કડી

દુનિયાના સર્વ દેશમાં ભારતનું સ્થાન અનોખું છે. કવિ ન્હાનાલાલે કહ્યું છે તેમ જગતની સંસ્કૃતિઓનાં પારણાં ભારતની સંસ્કૃતિએ હિંચોળ્યાં છે. આમ ભારતની સંસ્કૃતિ આજકાલની નથી પણ જગતને આર્યસંસ્કૃતિનો દાખલો લેવા સૌ પ્રથમ અસ્તિત્વમાં આવેલી મહાન સંસ્કૃતિ છે.

આખા યુરોપખંડમાં જેટલા દેશો છે તેટલા વિવિધ પ્રકારના લોકો એક યા બીજા સ્વરૂપે ભારતીય સંસ્કૃતિનાં ગામ યા શહેરમાં વસે છે. અને તે પણ કેવી રીતે? એક બીજાના પૂરક બનીને. સદા સાથે છતાં સૌ સૌની આગવી રીતે. નહિ કાયદો કે કાનુન છતાં જુગજુગના પોતાની જીવનપદ્ધતિના મૂલ્યો સાચવતા જઈને. દિલ્હીની ગાદી ઉપર અનેક પ્રકારના પલટા થયા અનેક પ્રકારના લોકો ભારત બહારથી આવ્યા–કોઈ આશ્રય લેવા આવ્યા કોઇ આક્રમણ કરીને આવ્યા. સૌ કોઇ સમાઇ ગયા–ભારતની પ્રજાના ભાગ તરીકે જડાઈ ગયા. લાકડીની ભારીમાં વધુ એક લાકડી ઉમેરાઈ, લાકડીની ભારી વધુ મજબુત બની. ભારતીય સંસ્કૃતિનો એ અહાલેક છે–સંદેશો છે કે–

न त्वहं कामये राज्यं ना स्वर्गं ना पूनर्भम् ।
कामये दुःख तप्तानाम् प्राणिनामातिर्नाशनम् ॥

હે પ્રભુ તમારી પાસેથી હું રાજ્ય, સ્વર્ગ કે પૂનઃ જન્મ નથી માગતો, હે પ્રભુ હું તમારી પાસેથી સર્વ પ્રાણીઓના દુઃખના નાશની કામના રાખું છું '

કેટલી ભવ્ય કામના. રાક્ષસ પણ શકિતશાળી હોય છે અને દેવ પણ શકિતશાળી હોય છે. ફેર એટલોજ કે દેવ બીજાના સુખ ખાતર શકિત ખર્ચી પરમાર્થમાંથી સુખી થવાની ભાવના રાખી વર્તન કરે છે જયારે રાક્ષસ બીજાને પીડા કરી તેમાંથી સ્વાર્થ સાધી સુખી બને છે.

ભારતની સંસ્કૃતિના આ આત્માને હણવાની નીચ દ્રષ્ટિ અંગ્રેજોએ તેમના અમલ દરમ્યયાન દાખવી. પણ આ ભૂમિ ઉપરથી તેમને હટી જવું પડયું તલવાર, ભાલા, બંદુકો કે બૉમ્બ કે તોપોના કારણે નહિ પણ પૂ. મહાત્મા ગાંધીજી મારફત ભારતની સંસ્કૃતિના સત્ય અને અહિંસાના ચમકારા માત્રથી, ભારતે જગતને ફરી શાન્તિથી જીવવાનો રસ્તો અને સાધન બતાવ્યું છે. પણ જતાં જતાં અંગ્રેજો ભારતના ભાગલા કરી ભારતને માટે–ભારતની સંસ્કૃતિ માટે અગ્નિ પરીક્ષા મૂકી ગયા છે. ભારતની સંસ્કૃતિના પ્રાણને ધરમોળવા એક રાક્ષસી ભાવના મૂકતા ગયા છે. પણ ભારતીઓએ તો તેમાંથી પણ

[ અનુસંધાન આઠમા પાન ઉપર ]

## આ દુનિયા, આ લોકો!

રૂાય

હુલ્લડ પછી લગભગ મહિને એમણે ફરી નવેસરથી દુકાન જમાવી દીધી હતી. ફરી પાછો ગ્રાહકોનો અવિરામ સ્રોત...

હું ગયો ત્યારે એ ત્રણ જણ એની સાથે વાતોમાં ગૂંથાયા હતા. હસતું મ્હોં રાખી એ જાણે એમની વાતો સાંભળવાનો ડોળ કરતો હતો. બાકી એ તો ગ્રાહકોને પતાવવામાં જ મગ્ન હતો.

" શું કરું યાર, જયારે બધા તોફાનીઓ તારી દુકાન ઉપર હલ્લો લાવ્યા ત્યારે મેં એ લોકોને સમજાવવા ઘણો પ્રયાસ કર્યો; પણ માન્યા જ નહીં ને! ખૂબ ખોટું થયું, નહીં!"

એકે નિઃશ્વાસ સાથે દુઃખ પ્રગટ કર્યું. બીજાએ કરૂણ અવાજે સૂર રાખ્યો.

" મને તો તારી દુકાન લૂંટાતી જોઈ, જાણે મારું પોતાનું ઘર જ લૂંટાતું હોય એવું લાગ્યું. ક્રોધ તો એવો ચડેલો કે બસ એકેએકને ગોળીએ દઇ દઉં. પણ શું કરું; આ તો હિંસક ટોળું કહેવાય! ......"

" કંઇ નહીં એ તો, ઉપરવાળાને જે ગમ્યું તે... " એનું તો કાર્યમાં જ સતત લક્ષ. ગ્રાહકોની જરૂરિયાત પ્રમાણે ચીજવસ્તુઓ આપતો જતો હતો. ચહેરા ઉપર સ્મિત પણ ખૂબ ધ્યાનથી જોઇએ તો એમાં કરુણતાની છાંટ પકડી શકાય.

હેં યાર, નુકશાની અંગે નોંધાવ્યું કે નહીં? એં અત્યારે તો સરકાર પાસેથી જે ખેરવ્યા એ. કુલ્લે કેટલું નુકશાન થયું હશે?" ત્રીજાએ પૂછયું.

ઘડી બે ઘડી એકટક એની તરફ જોઇ રહ્યો. ફરી પાછે. કામમાં પરોવાઇ ગયો. હસતાં હસતાં કહ્યું.

" ઉપરવાળો આપશે એ તો, શિર સલામત તો પઘડિયાં બહોત...... "

ત્રણેય ખૂબખૂબ આત્મીયતાભરી વાતો કરી ચાલ્યા ગયા. એ પછી મારી તરફ જોઇ એમણે સ્મિત ફરકાવતાં કહ્યું,

" જોયું સાહેબ, દુનિયા કેવી છે તે! આ મારા એ જ મિત્રો હતા. જેમણે મારી દુકાન લૂંટવા તોફાનીઓને ઉશ્કેર્યા હતા. મેં મારી સગી આંખે...... ખેર, જવા દો એ બધું", અને મનોમન બબડયા. જાણે......

" પથ્થ્ા છે પીઠ પર જખ્મો, મૂકું આરોપ કોના પર !
ઘણા મિત્રોના નામો છે, જે લેવાઇ નથી શકતાં "

ને એ ફરી હસ્યા પણ મ્લાન. આંખના ખૂણે આંસૂ ઝૂલી રહ્યાં.

# સંસ્થા પરિચય

પ્રિય મિત્રો,

આ સંસ્થામાં જ્ઞાનનું ભાથું મેળવીને જીવનના વિશાળ ક્ષેત્રમાં પ્રવેશ્યા પછી તમારામાંથી ઘણા આજે મોભાદાર વડીલો બનીને પુત્રો પૌત્રો સહિત વિશાળ કુટુંબના માર્ગદર્શક પણ બની ચૂક્યા હશો. સંસ્થા પોતાનાં પચાસ વર્ષ પૂરાં કરે છે, એટલે આ હકીકત સ્વાભાવિક છે. તમારામાંથી કેટલાક અનેક ક્ષેત્રોમાં સક્રિય કાર્યબોજ ઉપાડીને અનેક પ્રવૃત્તિઓના કર્ણધાર બની ચૂક્યા હશો. સમાજ અને ઉદ્યોગધંધામાં તમારી દોરવણીમાં આ સંસ્થામાંથી મેળવેલા સંસ્કારો હરેક પળે પ્રગટ થયા વિના નહીં રહેતા હોય એની મને ખાતરી છે.

તમને અહીંથી વિદાય લીધે ઘણો સમય પણ વીતી ગયો. માનવજીવનમાં વિદ્યાર્થીકાળ ઘણો મહત્વનો તબક્કો છે. જીવનમાં અનેક પ્રસંગોએ એ સુવર્ણકાળ યાદ આવ્યા વિના રહે નહીં. તમને પણ આ સંસ્થામાં પસાર કરેલો સમય તમારા જીવનને આનંદયુક્ત અને સ્ફૂર્તિમય બનાવવા માટે તમારા ચિદાકાશમાં અવારનવાર જરૂર ઝબકી જતો હશે.

અનેકવિધ જવાબદારીઓના વહનના ભાર નીચે તમારામાંથી કેટલાક મિત્રો ઘણાં વર્ષોથી આ પાવન ધરતી ઉપર ન પણ આવી શક્યા હો. આવા સંજોગોમાં, અહીંની તમારી વિદાય પછી સંસ્થામાં થયેલી પ્રગતિ જાણવી તમને આનંદપ્રદ થઈ પડશે.

ઈ. સ ૧૯૪૨ સુધી તમે જે પવિત્ર સ્થળે અભ્યાસ કરતા હતા એ સંસ્કારધામની સ્મૃતિ હજુય તમારા હૈયામાં એક ઉમળકો અને રોમાંચ પેદા કરતી હશે. ઉપલા માળમાં તમે અભ્યાસ કરતા હતા. નીચે હતો તમારો આવાસ પાછળના ચોકઠામાં ભોજનશાળા અને બાજુમાં જ રમતનું મેદાન વ્યાયામશાળા. અભ્યાસ, આરામ, રમતગમત ભોજન—જાણે બધું જ એકબીજાથી સંકળાયેલું. જીવનમાં બધાયનું સંકલિત સુદ્રઢ સ્થાન. તમારા ગુરુઓ – ગૃહપતિઓ પણ તમને ત્યાં અહોનિશ વિચરતા દેખાય. સાચું આશ્રમજીવન. " શાળા અમારી તીર્થભૂમિ...... " નો ભાવ આજ આટલાં વર્ષેય તમારા મનમાં જાગ્યા વિના ન રહે.

હજુય એ ભવન એક શાંત યોગીની જેમ ઊભું છે. દરવાજાની કમાનો, પ્રવેશ કરતાં જ ગમે તેવા પ્રખર ઉનાળામાં પણ શીતળતા આપે–હૈયું ટાઢું કરે એવા પ્રવેશદ્વારના ઓટલા અને ઓરડીઓ આપણા પચાસ વર્ષનું મધુર કાવ્યમય જીવન રજૂ કરે છે.

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જોગ

### આચાર્યશ્રીનો પત્ર

આ આશ્રમ તરફ પૂજ્ય છગનભાની પ્રતિમા હંમેશાં મીઠી નજરે બાળકોની બધી પ્રવૃત્તિઓને નિહાળી રહે છે. આ પ્રતિમાનું અનાવરણ ઈ. સ. ૧૯૫૧માં થયું. એ પ્રતિમાના મુખ ઉપરથી કર્મયોગીની દ્રઢતા અને વાત્સલ્યના પ્રગટતા ઓઘમાં આજનાં બાળકો સતત નહાયા કરે છે અને જ્યારે જ્યારે આ બાળકો કોઈ શુભ પ્રવૃત્તિ આદરે છે ત્યારે પૂ. છગનભાની જયઘોષણા કરીને જ પ્રસ્થાન કરે છે.

અત્યારે આશ્રમના મકાનમાં શાળાના વર્ગો બેસતા નથી. હવે એ આખુંય ભવન વિદ્યાર્થી નિવાસ છે. દશ વર્ષની કુમળી વયનાં બાળકોથી માંડીને થનગનતા યૌવનના ઊંબરે પહોંચી ચૂકેલા કિશોરો સૌ પ્રેમ અને ભાઈચારાથી એક સાથે રહે છે. ત્રણસો ભાઈઓનું એક વિશાળ ઘર જાણે! એક વિશાળ કુટુંબ.

આશ્રમનું મકાન



એ ભવન એક યોગીની જેમ ઊભું છે. દરવાજાની કમાનો, પ્રવેશ કરતાં જ ગમેતેવા પ્રખર ઉનાળામાં પણ શીતળતા આપે–હૈયુ ટાઢું કરે એવા પ્રવેશ દ્વારના ઓટલા......

છગનભાની પ્રતિમા



જે પ્રતિમા હંમેશાં મીઠી નજરે
બાળકોની બધી પ્રવૃત્તિઓ નિહાળી રહે છે.

સૌ સાથે જમે, રમે, ભણે, અને કલ્લોલ કરે. પાંચ ગૃહપતિઓ આ પાંગરતી જુવાનીના સ્વાસ્થ્ય અને સંસ્કારની સતત કાળજી રાખ્યા કરે.

ઈ. સ. ૧૯૪૨ માં શેઠશ્રી મફતલાલ ગગલદાસ તરફથી સંસ્થાને રૂપિયા એક લાખની ઉદાર સખાવત મળી અને 'પ્રાણસુખલાલ સરસ્વતી સદન' બંધાયું. શાળાના વિદ્યાર્થીઓ એમાં બેસવા લાગ્યા. ધીરે ધીરે વિદ્યાર્થીઓની સંખ્યા એમાં વધવા લાગી અને શાળાનું મકાન નાનું પડવા લાગ્યું..

આ પછી એકાદ દાયકા બાદ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની એક પ્રેરણાદાયી મદદ સંસ્થાને જરૂર ટાણે સાંપડી.. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રૂપિયા એકસો અગીયારની પુષ્પ પાંખડીઓ સંસ્થાને ચરણે ધરવા માંડી અને બીજું એક મકાન તૈયાર થયું. વિદ્યાર્થીઓને સારા અભ્યાસ માટે જોઈએ એવા મોટા વિજ્ઞાન ખંડ, કળા ખંડ અને એક વિશાળ પુસ્તકાલયના ખંડની સગવડ મળી. ઉપરાંત વર્ગો માટે છ ખંડ પણ સાંપડયા. ખેતર હતું ત્યાં સુંદર મઝાનું મકાન ઊભું છે. બે સામસામાં ભવ્ય મકાનો વિદ્યાર્થીઓ માટે આશીર્વાદ રૂપ બન્યાં છે.

તમે હતા ત્યારે નાટયપ્રવૃત્તિઓથી આશ્રમની અંદરના ભાગમાં રવીન્દ્ર રંગભૂમિ ધમધમી રહેતી. પ્રાર્થના પણ ત્યાંજ થતી. આજેય આશ્રમની પ્રાર્થના સવારે પાંચ વાગે અને સાયંકાળે એ સ્થળે થાય છે. નાટય પ્રવૃત્તિઓ માટે વિદ્યાર્થીઓને વધારે સગવડ મળે તો એમની શક્તિઓને પાંગરવા માટે વધારે અવકાશ રહે. આ માટે ઈ. સ. ૧૯૬૦ માં એક વિશાળ સંસ્કાર ભવન તૈયાર કરવામાં આવ્યું. આમાં સરકાર તરફથી રૂપિયા પાંત્રીસ હજારની ગ્રાન્ટ મળી અને રૂપિયા પાંચેક હજાર જેટલો વિદ્યાર્થીઓએ શ્રમ કર્યો. ખૂટતી રકમ સંસ્થાએ ઉમેરી અને બધા જ પ્રકારની સગવડવાળું સંસ્કાર ભવન તૈયાર થયું. એમાં સહેલાઈથી ૧૨૦૦ વિદ્યાર્થીઓ બેસી શકે છે. શાળાની પ્રાર્થના પ્રવચનો, ચર્ચાસભાઓ, મહેમાનોનાં ઉદ્‌બોધન, પરિસંવાદો, મેળાવડા, નાટય પ્રવૃત્તિ વગેરે અહીં થાય છે.

દેશમાં કેળવણીનો પ્રચાર વધતો ગયો. નાનાં નાનાં ગામોમાં પણ માધ્યમિક શાળાઓ થવા લાગી. રાષ્ટ્રમાં કેળવણી વધી પણ મોટે ભાગે એ કેળવણી એકાંગી હોઈ રોજીનો પ્રશ્ન ધીરે ધીરે વિકટ બનવા લાગ્યો. દેશમાં બેકારીનું પ્રમાણ કૂદકે ને ભૂસકે વધવા લાગ્યું. આવા સંજોગોમાં ઔદ્યોગિક કેળવણીનું મહત્વ સ્વીકારાયું. ઔદ્યોગિક કેળવણી પામ્યો હોય એ માનવી કદી ભૂખ્યો ન રહે. વળી આપણા આઝાદ રાષ્ટ્રમાં અનેક યોજનાઓ હાથ ધરવામાં આવી. દેશને ટેકનિશ્યનોની ખરેખરી તંગી જણાવા લાગી. આવા સંજોગોમાં આપણી સંસ્થાએ ટેકનીકલ કેળવણીના ક્ષેત્રે શક્ય એટલો પુરુષાર્થ કરવાનું નક્કી કર્યું. અને ઈ. સ. ૧૯૫૯ માં આપણી શાળાને વિવિધલક્ષી બનાવી એમાં ટેકનીકલ વિભાગ જોડયો. આપણી શાળા 'સર્વ'

શાળા અમારી તીર્થભૂમિ......



શ્રી પ્રાણસુખલાલ સરસ્વતી સદન : સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ જેમાં બેસે છે.

વિદ્યાલય'માંથી નવું સ્વરૂપ પામીને વિવિધલક્ષી સર્વ વિદ્યાલય બની. સંસ્થાના આ મહત્વના તબક્કા વખતે શેઠશ્રી અરવિંદપ્રસાદ મફતલાલ તરફથી સંસ્થાને એક લાખ રૂપિયાનું દાન મળ્યું. અને સંસ્થાના નામ સાથે શેઠશ્રી મફતલાલ ગગલદાસના સુપુત્ર શેઠશ્રી પ્રાણસુખલાલનું નામ જોડવામાં આવ્યું.

શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધવા લાગી અને આ સમય પછી સંખ્યા હંમેશાં હજાર કરતાં વધારે રહી. જગ્યાના અભાવે દાખલ ન થઈ શકવાથી અનેક વિદ્યાર્થી ભાઈઓને નિરાશ થવું પડે છે.

આશ્રમમાં રહેનાર છાત્રોની સંખ્યા પણ વધવા લાગી. આ માગને પહોંચી વળવા માટે આપણે ઇ. સ. ૧૯૬૩ માં એક નવું છાત્રાલય બાંધ્યું. આ છાત્રાલય માટે શેઠશ્રી ચુનીભાઈ ધનજીભાઈ તરફથી રૂપિયા એકવીસ હજારનું દાન મળ્યું. ખૂટતી રકમ સંસ્થાએ ઉમેરી અને 'શ્રી ધનજીભાઈ મો. છાત્રાલય' ઊભું થયું હાલ એમાં સાયન્સ કૉલેજના વિદ્યાર્થીઓ રહે છે.

ટેકનીકલ કેળવણીના ક્ષેત્રે આપણી ધ્યેયલક્ષી મજલ ચાલુ જ છે. આ ક્ષેત્રમાં એક ખૂબ જ ઉપયોગી અને એક વિશિષ્ટ અંગ આપણે ઇ. સ. ૧૯૬૫ના જાન્યુઆરી માસથી ઉમેર્યું છે. તે છે પ્રિ. વોકેશનલ ટ્રેઇનીંગ સેન્ટર. આ સેન્ટરમાં પ્રાથમિક ધોરણની કક્ષાના વિદ્યાર્થીઓને ટેકનીકલ શિક્ષણ આપવામાં આવે છે. એમની પાસેથી કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી. એમનાં અભ્યાસ માટેનાં બધાં જ સાધનો તેમ જ પુસ્તકો સંસ્થા તરફથી પૂરાં પાડવામાં આવે છે. ઉપરાંત એમને મહિને રૂપિયા દસ પ્રમાણે સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. પ્રિ.

સંસ્કાર ભવન



વિદ્યાર્થીઓને અતિપ્રિય
અભ્યાસેતર પ્રવૃત્તિઓનું કેન્દ્ર

વોકેશનલ ટ્રેઇનીંગ સેન્ટરનું અલગ મકાન બાંધવા માટે સરકાર તરફથી રૂપિયા ૩૪ હજાર મળ્યા હતા. વિદ્યાર્થીઓ માટેનાં બધાં જ સાધનો યુનિસેફ તરફથી પૂરાં પાડવામાં આવે છે. સ્ટાફનો બધો જ ખર્ચ ગુજરાત સરકાર આપે છે.

...પણ આપણી મજલ ખૂબ જ લાંબી અને બહોળો પુરુષાર્થ માગે એવી છે. આપણે એવું શિક્ષણ પણ આપવા વિચાર્યું કે જે શિક્ષણ મેળવ્યા પછી વિદ્યાર્થી વધારે અભ્યાસ કરવા ન ઇચ્છતો હોય તો તે સ્વતંત્રપણે અને પૂરી આત્મશ્રદ્ધાથી ધંધો કરી શકે. વળી આ શિક્ષણ મેળવ્યા પછી બીજે કયાંય અનુભવ લેવાની જરૂર પણ ન રહે.. આ હેતુથી આપણે 'જુનિયર ટેકનીકલ સ્કૂલ' શરૂ કરી. આપણા માટે આ વિશાળ કદમ છે. આ એક એવી મોટી યોજના છે કે જેમાં એકલી સંસ્થા પહોંચી વળી શકે નહીં. આમાં આપ સૌના સાથ સહકારની જરૂર રહેશે જ. આ સમગ્ર યોજનાનો ખર્ચ લગભગ સાડાબાર લાખ રૂપિયા થશે. હાલ આ સ્કૂલ માટે ત્રણ મકાનોની યોજના છે. એક સ્કૂલનું મકાન, બીજું, સ્કૂલની જંગી વર્કશોપ અને ત્રીજું, સ્કૂલની હોસ્ટેલનું મકાન. આમાં હોસ્ટેલનું મકાન પૂરું બંધાઈ ગયું છે સ્કૂલના મકાનનો બીજો માળ બંધાય છે જે થોડા જ સમયમાં પૂરો થશે. વર્કશોપનું બાંધકામ લગભગ પૂરું થયું છે. આ ત્રણે મકાનોના બાંધકામ પાછળ લગભગ આઠલાખ રૂપિયાની રકમ ખર્ચાશે. અને એના માટે યંત્રસામગ્રી સાધનો, ફર્નિચર વગેરેનો ખર્ચ લગભગ સાડાચાર લાખ રૂપિયા

જયાં સાયન્સ કૉલેજ બેસે છે



ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની પુષ્પ-પાંદડીની શરૂઆતથી જે મકાન બંધાયું તે

ખર્ચાશે. આ યોજના માટે કેન્દ્ર સરકાર તરફથી સાડાપાંચ લાખ, રાજ્ય સરકાર તરફથી રૂપિયા પોણાત્રણ લાખ અને શેઠશ્રી અરવિંદપ્રસાદ મફતલાલ તરફથી રૂપિયા બે લાખ મળ્યા છે. આ યોજના પૂરી કરવા પાછળ આ ઉપરાંત બીજા બે લાખ જેટલું ખર્ચ સંસ્થાએ કરવાનું રહેશે. આ ભગીરથ કાર્ય માટે સંસ્થા પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફ મીટ માંડે એ તદ્દન સ્વભાવિક છે. માતૃસંસ્થાની આ હાકલ એના ભાવુક વિદ્યાર્થીઓ પળની માગ જેટલું પવિત્ર કાર્ય સમજીને સહાય કરે એટલી અપેક્ષા આ સંસ્થાને માટે વધારે પડતી નથી જ. પોતે સિંચેલા સંસ્કારમાં સંસ્થાને શ્રદ્ધા છે.

આવું જ એક બીજું ભગીરથ કાર્ય આપણી સંસ્થાએ ઉપાડ્યું છે. તે છે સાયન્સ કૉલેજ. સારી વિજ્ઞાન કૉલેજમાં પ્રવેશ એ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે એક ભારે ચિંતાનો વિષય હતો. એક સારી વિજ્ઞાન કૉલેજ શરૂ કરવાનું ધર્મકાર્ય સંસ્થાએ ઉપાડ્યું ઇ. સ. ૧૯૬૫ ના જૂનથી એની શરૂઆત થઇ. જે હેતુથી આપણે આ કાર્ય ઉપાડ્યું છે એ પરત્વેની આપણી સતત જાગૃતિ રહી છે જ અને કૉલેજે આટલા થોડા ગાળામાં જ ઘણી સારી પ્રગતિ કરી છે. કૉલેજનાં યુનિવર્સિટી પરીક્ષાનાં પરિણામો ખૂબ સારાં આવે છે.

વળી, ગયે વર્ષે આપણી કૉલેજના એફ. વાય. અને ટી. વાય. બી. એસસી ના બે વિદ્યાર્થીઓ સૌથી વધારે ગુણ મેળવીને યુનિવર્સિટીમાં પ્રથમ આવ્યા હતા. આપણી કૉલેજના આઠ વિદ્યાર્થીઓએ સારા માર્કસ મેળવી મેડીકલ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો છે.

હાલ કૉલેજ શાળાના મકાનમાં બેસે છે. પણ એના માટે આપણે સ્વતંત્ર મકાન બાંધવું પડશે. એમ કરીએ તો જ હજુ વધારે સારી સવલતો આપીને વધારે સારી પ્રગતિ કરી શકીએ. કૉલેજ કેમ્પસ માટે ૧૧ એકર જમીન ખરીદાઇ છે. બીજી સાતેક એકર જમીન ખરીદવાની તજવીજ ચાલુ છે. જે જમીન ખરીદાઇ છે એ કેમ્પસમાં હાલ કૉલેજ માટેની હોસ્ટેલ, રસોડું અને રેકટર માટેના ક્વાર્ટર્સનું બાંધકામ ચાલુ છે. આ બાંધકામ પાછળ લગભગ અઢી લાખ રૂપિયા ખર્ચ થશે. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમીશન તરફથી ૫૦ ટકા ગ્રાન્ટ મંજૂર થઈ છે. બાકીનો ખર્ચ સંસ્થાએ કરવાનો છે.

હજુ તો કૉલેજનું મકાન, પ્રયોગશાળા માટેનાં મકાનો, બીજી બે હોસ્ટેલોનાં મકાન, સ્ટાફ ક્વાર્ટર્સ વગેરેના બાંધકામનું મહાન કાર્ય તો કરવાનું રહે જ છે. આ માટે પણ જંગી ખર્ચ કરવાનો છે. આ કાર્ય માટે પણ, મેં આગળ જણાવ્યું તેમ સંસ્થા તમારી તરફ મીટ માંડે છે. તમારે તમારી માતૃસંસ્થાની વહારે ધાવામાં પાછી પાની ન કરવા માટેની આ એક ઉત્તમ તક છે એમ હું સમજું છું. પૂ. છગનભાએ જે બી રોપ્યું એમાંથી એક વડલો તૈયાર થયો છે. હજુ અનેક અનેક શાખાએ અને પ્રશાખાએ એમાંથી ફૂટનાર છે. આવો, તમે પણ એના વિકાસમાં ફાળો આપી કૃતકૃત્ય થાએ.

આ વર્ષે આપણી સંસ્થાને ૫૦ વર્ષ પૂરાં થાય છે એ આપણા સૌ માટે મહાન પર્વ છે. એ પર્વની ઉજવણી માટે આપણે સૌએ કટિબદ્ધ થવાનું છે. આપણી સંસ્થાએ પચાસ વર્ષથી સતત આપણા સારાયે વિસ્તારમાં જ્ઞાન પ્રકાશ ફેલાવ્યો છે. એ જ્ઞાન જ્યોતને દિવસે દિવસે વધારે દેદીપ્યમાન બનાવવાનો આપણો ધર્મ છે. જૂના નવા વિદ્યાર્થીમિત્રો, શિક્ષકો, સંચાલકો સૌ આપણે આ સુવર્ણ અવસરે સંસ્થા પ્રત્યેનું ઋણ અદા કરવા કટિબદ્ધ થઇએ.

**મોહનભાઇ બા પટેલ**
આચાર્ય
રા. ર. શેઠશ્રી પ્રા. મ. વિવિધલક્ષી સર્વ વિદ્યાલય, કડી

# અપેક્ષા

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસે આ પ્રમાણે અપેક્ષા રાખવામાં આવી છે.

(૧) સુવર્ણ જયન્તી પ્રસંગે ફાળામાં જેટલું બને તેટલું વધુ આપે.

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ થાય.

(૩) ૨૦૦ ભાઇઓ એવા આગળ આવે કે જેઓ આ કામ ઉપાડી લે, અને દરેક નિદાન ૨૦ આજીવન સભાસદો નોંધી–નોંધાવી આપવાની જવાબદારી ઉઠાવે.

આ સંસ્થામાં અભ્યાસ કરી ગયેલા દશ હજાર વિદ્યાર્થીઓનો સમુદાય છે. તેમની પાસે આ અપેક્ષા છે. એ પૂરી કરવા સૌ પ્રયત્ન કરે. બીજા ભાઇઓ પણ તેમાં મદદ કરે.

ફાળાની યાદી 'સુવર્ણ જયન્તી' માં પ્રસિદ્ધ થાય છે. તેવી રીતે ૨૦ આજીવન સભાસદ નોંધી આપવાની ઇચ્છા ધરાવનાર ભાઇઓનાં નામ પણ પસિદ્ધ કરવામાં આવશે. નામો સંસ્થામાં લખી મોકલવા વિનંતિ છે. આ કામમાં સંસ્થામાંથી માર્ગદર્શન, સહકાર અને સહાયની જરૂર હશે તો આપવામાં આવશે.

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી

# સુવર્ણ જયંતી ફાળો

સુવર્ણ જયન્તી ઉજવણી નિમિત્તે સંસ્થા માટે ફાળો ઉઘરાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ફાળામાં ધનિકો, શુભેચ્છકો, સંસ્થાના જુના અને ચાલુ વિદ્યાર્થીઓ, કાર્યકરો, અધ્યાપકો અને સંસ્થાના કાર્યમાં રસ ધરાવતા ભાઇબહેનોને સહાયભૂત થવા અને ઉદાર હાથે દાન આપવા આગ્રહ ભરી વિનંતી છે. ફાળા માટેના કામકાજની શરૂ-આત કરવામાં આવી છે. ફાળામાં વચનો મળ્યાં છે તે નીચે જણાવવામાં આવ્યાં છે. **દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.**

## ફાળાની યાદી

૨૫૦૧) શ્રી બહેચરદાસ હરગોવિંદદાસ પટેલ
લોખંડના વહેપારી : લોખંડ બજાર : અમદાવાદ – ૧

૨૫૦૧) શ્રી હરજીવનદાસ હાથીભાઈ પટેલ
હા. શ્રી બાબુભાઈ હરજીવનદાસ
લોખંડના વહેપારી, અલકાપુરી અમદાવાદ – ૧૩

૧૨૫૧) શ્રી ખોડાભાઇ શિવાભાઇ પટેલ (વકીલ)
૧૭, મહેસાણા સોસાયટી ચિનાઇ બાગ,
નવા વાડજ રોડ, અમદાવાદ–૧૩

૧૦૦૧) શ્રી ચંદુલાલ મગનલાલ પટેલ
ગુજરાત કૉલેજ પાસે અમદાવાદ – ૬

૧૦૦૧ મેસર્સ રામભાઇ પટેલ એન્ડ કું.
હા. શ્રી રામભાઇ મફતલાલ પટેલ
એન્જીન–પંપના બનાવનાર અને વેપારી
કડીયાકુઇ, રીલીફરોડ, અમદાવાદ – ૧

૧૦૦૧) શ્રી હીરાલાલ મણીલાલ પટેલ વકીલ
(મોકાસણ વાળા)
૧૫, ગૌતમ વિહાર સોસાયટી, અમદાવાદ–૧૩

૧૦૦૧) શ્રી બાલુભાઇ મણીલાલ પટેલ
૧૨૫, સરદાર પટેલ કોલોની, અમદાવાદ–૧૪

૧૦૦૧) શ્રી ડૅા. રામાભાઇ મનોરદાસ પટેલ
મામલતદાર કોર્ટ પાસે – કડી.

૧૦૦૧) શ્રી જનતા કીરાણા સ્ટોર્સ
ગાંધીરોડ નીચે, અમદાવાદ–૧

* ૫૦૧) મેસર્સ આર. સી. પટેલ એન્ડ કું.
હા. શ્રી રણછોડભાઈ છગનલાલ પટેલ
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ–૧

૫૦૧) શ્રી જીવણલાલ લલ્લુભાઇ પટેલ
૩૦ મજૂર કો. હાઉસીંગ સોસાયટી
સ્ટેશન સામે, કલોલ

૨૫૦) શ્રી ડાહ્યાભાઈ શીવદાસ પટેલ
નં. ૧૭બી, વસંત વિહાર હા. સોસાયટી,
નવરંગપુરા અમદાવાદ–૯

* ૨૫૦) શ્રી બાબુલાલ વેણીદાસ પટેલ
૫ બી, વસંત વિહાર કો. હા. સોસાયટી,
સરદાર પટેલ નગર રોડ, નવરંગપુરા, અમદાવાદ–૯

૨૫૦) શ્રી રમેશભાઈ વિઠ્ઠલભાઇ પટેલ
C/o શ્રી વિઠ્ઠલભાઈ વનરાવનદાસ પટેલ
૨૦, મહેસાણા કો. હા. સો. અમદાવદ–૧૩

૨૫૦) શ્રી સોમાભાઈ વી પટેલ
નાયબ કૃષી સંચાલક (પેકેજ)
૧૫, ભારતી નિવાસ સોસાયટી
નગરી હોસ્પીટલની પાસે, અમદાવાદ–૬

૨૫૦) શ્રી કે. એચ. પટેલ
ઇન્સ્પેક્ટર, આર. ટી ઓ.
૪, રાજકમલ પાર્ક સોસાયટી, અમદાવાદ–૧૪

* ૨૫૧) ડૅા. સી. એમ. મહેતા
આચાર્ય, આર્ટસ એન્ડ સાયન્સ કૅાલેજ,
નેશનલ હાઇવે નં. ૮, ચાર રસ્તા,
ખોલવડ ડી. સુરત

* ફુદડી વાળી રકમો વસુલ આવી ગઇ છે.

## : : આપનો ફાળો નોંધાવવા વિનંતી છે : :

**‘સુવર્ણ જયંતી’ સાપ્તાહિકનું લવાજમ રૂા. ૫] મોકલી આપવા વિનંતિ છે.**

## થોડુંક વિચારીએ

– ભર્ગ

યુ. એસ. એ. ગયેલા વિદ્યાર્થીઓ ત્યાં અભ્યાસની સાથે અને અભ્યાસ પૂરો કરીને ઘણું કમાય છે. તેની અનેક વાતો હવે તો કોઈ પણ જગ્યાએ જઈએ ત્યાં સાંભળવા મળે છે.

રામજીભાઈનો ઈન્દ્ર અઠવાડિયે ૧૦૦ ડોલર કમાય છે.

છનાલાલનો કમલેશ અઠવાડિયે ૨૦૦ ડોલર કમાય છે. તેની વહુ પણ ૫૦–૧૦૦ ડોલર લાવે છે.

ખેમચંદભાઈના પ્રાણલાલે તો ૨૫ હજાર પાછા મોકલી આપ્યા અને ઘણું સારુ કમાય છે.

આ દેશમાં શું બળ્યું છે. અહીં તો પરાણે ૩૦૦–૪૦૦ રૂપિયા મળે તેય મહિને અને હદ થઈ જાય તો ૫૦૦–૭૦૦ આ ભૂખડી બારસ દેશમાં રહેવા જેવું જ ક્યાં છે?

અહીં જેને માસિક ૨૦૦–૨૫૦ રૂપિયાની નોકરી મેળવવાનાં ફાંફાં છે તેને અમેરિકામાં અઠવાડિયે ૨૦૦–૩૦૦ ડોલર કેમ મળે છે? એટલું આપણે અહીં કેમ આપી શકતા નથી?

તે દેશ સમૃદ્ધ છે, ધનિક છે, ખૂબ આગળ વધેલો છે એટલે તે ભારે દરમાયા આપી શકે છે અને આપણો દેશ તેવો નહિ હોવાને કારણે વધુ આપી શકતો નથી.

તો વિચાર કરીએ કે, તે દેશને સમૃદ્ધ અને ધનિક બનાવવામાં અને આગળ વધારવામાં શું કોઈને કંઈ જ કરવું પડ્યું નહિ હોય? હાથ જોડીને બેસી રહીને માત્ર પારકી મહેનતનું જ ભોગવવાની ઈચ્છા કરવાથી તે દેશ સમૃદ્ધ થઈ ગયો હશે? કોઈ દિવસ વિચાર કર્યો છે ખરો કે દેશની સમૃદ્ધિનું સર્જન કરવામાં અમેરિકન પ્રજાએ ખેતરો, કારખાના અને ખાણોમાં સાહસોથી ભરપૂર તનતોડ મહેનત કરી છે. અતિ કપરા વિગ્રહો અને આંતર વિગ્રહોમાંથી પસાર થઈને રાષ્ટ્રને આગળ વધાર્યું છે તેમની આ મહેનત અને પરિશ્રમના ફળ રૂપે દેશ સમૃદ્ધ બન્યો છે. અને તેનાં પરિણામે અમેરિકન પ્રજા જે ફળ ભોગવી રહી છે તેમાં અમેરિકા જનારને થોડો ભાગ મળે છે.

ત્યાં ખેતી એકરે સેંકડો મણ પાક ઉતારે છે. ફળો કીલો, બબે કીલોનાં થાય છે, ત્યાંની ગાય મણબંધ દૂધ આપે છે. કારખનાં ઢગલા બંધ સરસ માલ બનાવે છે. ત્યાં દહીં–દૂધ–માખણની નદીઓ વહે છે. ખાવાની ચીજોની વિપુલતા તો અહોહો, અને ચીજવસ્તુઓ તો એક જૂઓ ને એકને ભૂલી જાઓ. અને રસ્તાઓ અને મોટરોની તો વાત જ પૂછશો નહિ! આકાશને ભેદતાં મકાનો વગેરે......

આ બધું આપણા દેશમાં નથી કરવું; ન થવું જોઈએ એમ કોણ કહે છે? એ બધુંજ આપણા દેશમાં કરવું છે– થવું જોઈએ. પણ કરે કોણ?

સેંકડો એકરોના મબલખ પાક ઉતારતાં ખેતરો ભારતમાં નથી, પણ ખેતરની માટી જોડે દોસ્તી બાંધી મહેનત કરીશું તો તે બનશેને! ફળફળાદિની વિપુલતા આ દેશમાં નથી પણ નવીન જ્ઞાનનો ઉપયોગ કરી પરસેવો પાડીને બાગબગીચા બનાવી શું તો થશેને! મણ મણ દૂધ આપતી ગાયો ભારતમાં નથી તો તે માટે ભારતની ભૂમિ ઉપર ગાયોનાં ધણ રાખી ટાઢ, તડકો વેઠી પ્રયોગો કરીશું ને સારી ઓલાદ ઉભી કરીશું તો બનશેને! બીજું ઘણું નથી. પણ તે બધું પરદેશથી નવું જ્ઞાન અને દ્રષ્ટિ લઈ આવેલા નિષ્ણાતો અહીં કરે તો થાયને! એમને એમજ આપમેળે ઓછું થવાનું છે

ભણેલા - ગણેલા, નિષ્ણાતો, પદ્વિધારીઓ, શક્તિશાળી અને આશાસ્પદ યુવાનો આ નહિ કરે તો શું દેશના અભણ બિનકેળવાયેલ વર્ગ પાસે આ કરી આપવાની અપેક્ષા રાખવાની છે?

ભલે યુવાનો અમેરિકા જાય, બીજા દેશોમાં જાય. ત્યાંથી જ્ઞાનના ભંડાર ભરી લાવે અને ધનનાં પોટલાં પણ બાંધી લાવે. ત્યાંની સમૃદ્ધિ અને સુખ - સગવડનો ભરપટ્ટે ઉપભોગ કરે પરંતુ તે બધાનો લાભ - આસ્વાદ પોતાના માતા - પિતા, ભાઈભાંડુ, કુટુમ્બ, ગામ, પ્રદેશ અને માતૃભૂમિના કરોડોને મળે તે માટે પરિશ્રમ કરવાની પોતાની ફરજને વિસારે ન પાડે. તે બધાને ભારતમાં ચરિતાર્થ કરવા સાહસભર્યો પુરુષાર્થ કરવાથી ન ડરે. અહીં ભારતમાં પેંદા કરે અને સૌની સાથે ભોગવે.

સીમંતિનીની ધીરજ સાથે પ્રસૂતિની વેદનાનો ભાર ઉઠાવવાની તૈયારી બતાવ્યે જ છૂટકો છે. બીજાંનું દાયણપણું કરીને જ સંતોષ માન્યે કેટલો વખત ચાલશે? 'વ્હાઈટ કોલર જોબ' – ટેબલ ખુરસી ને ઉજળાં કપડાંની નોકરી શોધ્યે રાખેથી દેશનું કશું વળવાનું નથી. ... આમ થોડુંક વિચારીએ.

[ પાન ૨ નું પહેલા કોલમનું ચાલુ ]

જગતને 'જીવો અને જીવવા દો' નો મહામંત્ર શિખવવાનો પ્રયોગ કરવાનો છે. રાષ્ટ્રિય ચારિત્ર્ય અને રાષ્ટ્રિય ઐક્ય મારફત જગતના ઐક્યની સિદ્ધિ ખડી કરવાની છે. ફકત પોતાનીજ જાતની નહિ ફકત પોતાના દેશની નહિ પણ સૌ જાતિની અને તમામ દેશોની આબાદી અને એકતાની ભાવના માનવ ધારણ કરે તો તેને શસ્ત્રોની જરૂર ના રહે–તેને પશુ બનવાની જરૂર ના રહે.

ભારતની આ ભવ્ય સંસ્કૃતિની પ્રેરણામાંથી સર્વ વિદ્યાલય નામ પ્રેરાયું છે. ભારતીય ધર્મ અને સંસ્કૃતિના પ્રતીક સમા દેવો વિષ્ણુ અને શિવને 'સર્વ' નામથી પણ ઓળખવામાં આવે છે. અને એ 'સર્વ' આપણી સંસ્થા સાથે જોડવામાં આવ્યું છે. સર્વ વિદ્યાલયની હરકોઈ સંસ્થાનો વિદ્યાર્થી, જુનો કે નવો, તેમાંથી પ્રેરણા મેળવી સર્વનો થઈને રહે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઇ બા. પટેલ
ભાઇલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૨૩-૧૦-૬૯ [ અંક ૬


## : અભિનંદન :

શ્રી ઉમાશંકર જોશી ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ પદે ફરીથી ચૂંટાઈ આવ્યા એ પ્રસંગે 'સુવર્ણ જયંતી' એમને અભિનંદન પાઠવે છે. અને એમણે ઈ. સ. ૧૯૩૫માં સર્વ વિદ્યાલયના પ્રાંગણમાં છાત્ર સંમેલનના પ્રમુખપદેથી કરેલા ઉદ્‌બોધનમાંથી બાજુના પ્રેરક શબ્દો સહર્ષ પ્રગટ કરી ગામડાનાં બાળકો માટેની આ સંસ્થા આત્મીયતા અનુભવે છે.

## 'ઉગમણે બારણે આપણું ઘર છે.'

છતાં અત્યારે તમે મને તક આપી છે તો એક વાત સીધી કહીશ જ. તે એ કે તમે આગળ ઉપર હાઇકોર્ટો ક્રુજાવો કે યુનિવર્સિટીના શિખર પર કળશ થઇને દીપી રહો, ધારાસભા ગજાવો કે મોટી મોટી મેદનીઓ ડોલાવો, ભારે અફસર થાઓ કે મહાપુરુષ બની જાઓ; આટલું કદી ભૂલશો નહિ કે તમે અહીં અત્યારે ભણો છો એ એક અકસ્માત જ છે. આ કમભાગી દેશમાં સોમાંથી માંડ દસવીસ બાળકો પાટીપેન દેખવા પામતાં હશે. તમે અહીં ભણો છો ને તમારી ઉંમરના ગોઠિયાઓ ખેતરે માળા પર ચઢી પંખીડાં ઉડાડે છે, શહેરોનાં કારખાનાંમાં બેવડ વળી જાય છે, વીશીઓનાં અંગીઠાં આગળ શેકાય છે અથવા તો મુંબઇની ચોપાટી પર પગચંપી કરે છે. કોઇ અકસ્માતથી તમે એને ઠેકાણે હોત, એ તમારે ઠેકાણે હોત. પણ તમને ભણવા મળે છે ને આગળ ઉપર તમે મોટા તિસ્મારખાં બની જાઓ તો આટલું આ જરી ભૂલશો નહિ. અનેક લાલચો અને પ્રલોભનો હોય પણ પેલા વાંદરાએ મગરને કહ્યું હતું તેમ કહેજો કે મારું કાળજું તો, અરે, ત્યાં રહી ગયું ! ત્યાં, જ્યાં કુમળાં બાળકો ટોયા બની પંખી ઉડાડે છે, કપરી મજૂરીમાં ઘસાઇ જાય છે, પોતે ન સમજી શકે એવાં છાપાં વેચતા ફુટપાથ પર દોડે છે. આંખમાં આંસુ સાથે માએ કહેલું તે માતૃ-વતને પણ કહ્યું માનજો : 'ઉગમણે બારણે આપણું ઘર છે.' એટલું એક ભૂલશો મા.

—ઉમાશંકર જોષી



# 'મને સાંભરે રે'

રણજિત પટેલ (अनामी)

## "હજી તો બહુવાર છે"

૧૯૩૨ ની વાત છે. થામણાના વતની શ્રી ઉમેદભાઇ રણછોડભાઇ પટેલ અમારા ગુજરાતીના શિક્ષક. પ્રો. રામનારાયણ પાઠક સંપાદિત 'કાવ્યસમુચ્ચય ભાગ – ૨ પાઠયપુસ્તક. શિયાળાના દિવસો. વર્ગમાં કવિ 'કાન્ત' નું 'વસંતવિજય' ચાલે.

કિંદિમ ઋષિના શાપને કારણે પાંડુરાજા એની બંને પત્નીઓ – કુન્તા અને માદ્રી સાથે હિમાલયના કોઇ ગિરિપ્રાન્તમાં અલગ અલગ ઝુંપડીઓ બાંધી રહેતાં હતાં. બ્રાહ્મમુહૂર્તે વહેલા ઉઠી પાંડુને ગિરિપ્રદેશમાં ફરવા જવાની ટેવ. અનિદ્રાને કારણે એક દિવસ એ બહુ વહેલો ફરવા નીકળ્યો હશે ત્યારે આજીજી કરતાં માદ્રી કહે છે :

"નહીં નાથ! નહીં નાથ! ન જાણો કે સ્હવાર છે. આ બધું ઘોર અંધારું, હજી તો બહુ વાર છે." પ્રકૃતિના કેવળ ભૌતિક અંધકાર કરતાં પણ પાંડુના ચિત્તમાં જે વાસનાનો – કામનાનો અંધકાર છે એ પણ અહીં ગર્ભિત છે. પવિત્ર જીવનના સનાતન 'સ્હવાર' ને હજી ઘણી વાર છે.

આશ્રમમાં અમારે એ વખતે ૪–૩૦ કે પાંચ વાગે ઊઠી જવાનો કડક નિયમ. વિદ્યાર્થીઓ ઊઠયા છે કે નહીં તેની પાકી ખાત્રી કરવા ગૃહપતિ એકાદ 'રાઉન્ડ' મારી જાય; છતાંયે કુંભકર્ણ કે મુચુકુન્દના વારસદારો – કેટલાક સૂર્યવંશીઓ – કોઇ ખૂણે નસકોરાં બોલાવે. ન–છૂટકે ગૃહપતિ પથારીમાં જલનો અભિષેક પણ કરે!

'વસંત વિજયના' પાંડુને અનિદ્રાએ વહેલો ઉઠાડ્યો – અમારા સાથી – અભિનવ પાંડુને – અતિનિદ્રાનો રોગ – એટલે પથારી મૂકે તો એનું સૂર્યવંશીપણું લાજે! ગૃહપતિ એકવાર 'રાઉન્ડ' મારી ગયા પણ વીસમી સદીના આ 'મુનિ' નું સમાધિમાંથી વ્યુત્થાન થાય જ નહીં. બીજા 'રાઉન્ડે' ગૃહપતિએ જલાભિષેક કર્યો એટલે બબ્બે રજાઇઓ સ્હેજ દૂર કરી 'સ્થિતપ્રજ્ઞ' ની અદાથી ઉવાચ :–

...... ન જાણો કે સ્હવાર છે!

આ બધું ઘોર અંધારું, હજી તો બહુવાર છે.

અને અમને લાગ્યું કે 'કાન્ત' નું કવિપણું, શ્રી ઉમેદભાઇનું ભણતર અને અમારા સાથીનું ગણતર – ત્રણેય કૃતાર્થ થયાં. અને અમારું તટસ્થ સાક્ષ્ય પણ! ગીતામાં સ્વયં ભગવાને અમસ્તુ કહ્યું છે :

यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ।

## तेहिनो दिवसा गताः

ઓકસફર્ડ કે કેમ્બ્રીજમાં ભણતા એક ભાઇ હતા. અન્ય વિદ્યાર્થીઓની જેમ કોઇ વિશિષ્ટ વિદ્યાશાખાના નિષ્ણાત બનવાના આશયથી એ ગયેલા નહીં. ત્રણ ચાર વર્ષને અન્તે કોઇકે પૂછયુઃ 'ભાઈ! તમો કયા વિષયમાં કઇ ઉપાધિ લેવા અહીં આવ્યા છો?' તેમણે કહ્યુંઃ 'I am here not for any degree. I have come to imbibe the atmosphere' અહીં હું કોઇ ડીગ્રી લેવા આવ્યો નથી; હુ તો કેવળ અહીંનું વાતાવરણ મારા પ્રાણમાં ભરવા આવ્યો છું. ત્યારથી લોકોએ એમનું નામ 'Mr. Atmosphere' – 'મિસ્ટર એટમ્સ્પીઅર' પાડયું. આચાર્ય આનંદશંકર ધ્રુવે કયાંક એમના પુસ્તકમાં આ પ્રસંગ ટાંકયો છે.

કડી આશ્રમ અને વિદ્યાલયનો વિચાર કરતાં, સમગ્ર જીવનને ભરી દેતું ને જીવન્ત બનાવતું આ તંદુરસ્ત વાતાવરણ તાજું થાય છે.

લાંઘણજના, તેજ સ્વભાવના પણ ધાર્મિક વૃત્તિના એક મિસ્ત્રી હતા તે અમને સુથારીકામ શિખવે. સ્વભાવે ઢીલા પણ કામે પૂરા સ્વ. સોમાભાઇ પટેલ અમને વણતાં શિખવે. આદરજના, ભોળા પણ તરવરિયા સ્વભાવના, સદાય ટોલસ્ટોયની વાતો કરનાર ભાઇ મુદ્રણકળા શિખવે. એ જમાનામાં બી. એજી. થયેલા, શહેરમાં રહેવા યોગ્ય જીવ – અમારા પંડયા સાહેબ કછોટો મારી, ખેતરમાં લઇ જઇ વિવિધ પ્રકારનાં શાકભાજી વાવવાના પ્રયોગ કરી બતાવે! કાંતણ યજ્ઞ તો (તકલી દ્વારા) ચાલુ વર્ગે પણ ચાલતો જ હોય. સંસ્થાનાં નવાં થતાં મકાનોમાં નામનું મહેનતાણું લઇ શ્રમયજ્ઞનો લ્હાવો લેનારો પણ નીકળે. સ્વ. ઉમેદભાઈના નૃત્યના અને બંગાળીના વર્ગો ય ચાલે ને ચિત્રો ય ચીતરાય. સ્વ. ડાહ્યાલાલ હ. જાનીના સક્રિય સહકારથી સ્વ. ઉમેદભાઇ અને શ્રી ભાઇલાલભાઇ, રશિયન-ક્રાંતિનું કોઇ નાટક પણ ભજવતા હોય અને વચ્ચે વચ્ચે શ્રી માણેકલાલ રાવળ (અને શ્રી વાલજીભાઇ પટેલ – કવચિત્)

"માણેક કહે ઉમેદકુ
દો બાતેં શિખ લે,
રવિવારકુ ગામ જાકર
કોઠા ચોપડ લે." —એમ કબીર-કમાલના

દુહાની મૂળની ગંભીરતાને હળવો સ્વાંગ સજાવી, તરત બુદ્ધિ નવા દુહા રચી, કમાલ કરે! ઋતુના, ધર્મના, મહાપુરુષોના ઉત્સવો તો અવાર-નવાર ઉજવાય. જુનિયર શિક્ષકો અડાલજ, તારંગા, આબુના પ્રવાસે લઈ જાય દોઢસો-વીઘે વનભોજન ગોઠવાય. નાનાં બાળકો સમક્ષ શ્રી રતિભાઈ અમીનની વાતોની રમઝટ મચે. શ્રી અંબાલાલ ઇનામદાર કસરત અને વ્યાયામને સંગીતમય કરી મૂકે. શ્રી બાપુભાઇ

[અનુસંધાન : પાન ૩ ઉપર બીજું કોલમ]

# સુંદરમ્

—મો.

જે વસ્તુ માટે આપણો રાગ જાગે છે એ ધીરે ધીરે સુંદર લાગવા માંડે છે, એમાં આપણને સૌંદર્ય દેખાય છે. વસ્તુ તરફનો રાગ આપણી આસપાસના વાતાવરણમાંથી કેળવાય છે. એક વસ્તુને બીજાઓ સુંદર કહેતા હોય છે એટલે આપણા ખ્યાલ પણ એ રીતે ઘડાવા લાગે છે અને આપણેય એને સુંદર કહેતા થઈએ છીએ. પણ આ સાચું સૌંદર્ય નથી. સ્થાયી પણ નથી. આ સૌંદર્ય માટે જગતની વ્યાખ્યા બદલાતી રહે છે અને એથી આજે જે વસ્તુ સુંદર લાગે છે એ થોડા સમય પછી અસુંદર લાગે છે અને આજે જે અસુંદર લાગે છે એ થોડા સમય પછી સુંદર લાગવા માંડે છે. એટલે તો શિલ્પસ્થાપત્યથી માંડીને વસ્ત્રપરિધાન સુધીની અનેક બાબતોની આપણી રુચિ બદલાતી રહે છે. વળી આ સૌંદર્ય વ્યાપક પણ નથી. જગતના કેટલાક માનવીઓ જેને સુંદર કહે છે એને બીજા કેટલાક અસુંદર કહે છે. હબસીઓમાં માન્ય સુંદરમાં સુંદર ચહેરો બીજાઓને ભારે કદરૂપો લાગે. સાચું સૌંદર્ય સ્થાયી હોય, વ્યાપક હોય, સ્વયંભૂ હોય. વસ્તુમાંથી સૌંદર્ય પ્રગટે; સૌંદર્ય એમાં આગંતૂક ન હોય. એને જોતાં સૌને એક સરખો અનુભવ અને આસ્વાદ મળે. જગતના સૌ ખૂણામાં એ એક સરખો આદર પામે. એ સનાતન હોય એટલે કે યુગો પહેલાં પણ એ સુંદર હોય અને યુગો પછી પણ એટલું જ સૌંદર્ય એમાંથી નીતરે. આપણે જે સૌંદર્યને ઈશ્વર કહીએ છીએ તે આ સૌંદર્ય છે.

આ સૌંદર્ય ક્યાં પ્રાપ્ત થાય? ગગનને સીમાડે કે ઉદધિની ક્ષિતિજે? પહાડના શિખર ઉપર કે દુર્ગમ ખીણના ભેંકારમાં? કોઈ ધોધના ધૂધવાટમા કે નાજૂક જલતરંગમાં? પંખીના કલરવમાં કે કુંપળની ટશરમાં? મનને આપોઆપ સૌંદર્યથી ભરી દે એવું દર્શન ક્યાં થઈ શકે?

કદાચ હૃદયના તલસાટ સિવાય આ ક્યાંયે શક્ય નહીં બનતું હોય. હૃદયના તલસાટ વગર ઈશ્વરપ્રાપ્તિ પણ ક્યાં છે? ભક્ત હૃદય ઈશ્વરની ખોજની સતત ઝંખનામાં જગતની એકે એક ચીજમાં ઈશ્વરને નિહાળતો થઈ જાય છે. એ જ રઘવાટથી માનવી જગતની એકે એક ચીજમાં મન પરોવીને સૌંદર્ય શોધે તો એને એ જરૂર લાધે, સર્વત્ર સૌંદર્ય સૌંદર્ય પ્રગટી રહે. ઈશ્વર પ્રાપ્તિના આનંદની અનુભૂતિ આમાંથી જ પ્રગટે.

---

સાચું સમર્પણ તમને વિસ્તાર આપે છે, એ તમારી શક્તિ વધારી આપે છે. તમે પોતાની મેળે કદી મેળવી ન શકો તેવી ગુણ સંપત્તિ તમને ઘણા મોટા પ્રમાણમાં મેળવી આપે છે.

—શ્રી માતાજી

[ પાન બીજાના કોલમ ૨ નું ચાલુ ]

શ્રી છગનભાઈ, શ્રી ડાહ્યાભાઈ, ને શ્રી ઉમેદભાઈની પ્રેરણાથી લગભગ ડઝનેક હસ્તલિખિત માસિકો નીકળે. શ્રી બાપુભાઈ ને શ્રી છગનભાઈની નિગાહ નીચે વકતૃત્વ-સ્પર્ધાઓ યોજાય. વિશ્વના અનેકવિધ વિષયો પર શ્રી જાનીના જ્ઞાનની ઝડીઓ વરસે. શ્રી બાપુભાઈનું જીવાતું સાત્ત્વિક જીવન દરેકને માટે પ્રેરણારૂપ બની રહે. શ્રી પોપટભાઈના 'ધૂની' સ્વભાવની ભાવનાની મસ્તી અંતરને સ્પર્શે અને ત્યાંની પ્રાર્થનાઓની તો વાત જ ન્યારી! ક્વચિત્ ક્વચિત્ દર્શન દઈ જતા ખ્યાલે -મસ્ત પ્રો. સ્વામીનારાયણ, આખાબોલા ને નીડર દાસભાઈ (દાસકાકા), ગીતા-ઘેલા અમીન સાહેબ આદર્શનું ભાથુ બંધાવી જાય; અને મુંબઈ–જબલપુર–કલકત્તા–રંગુનના પ્રવાસેથી ફંડ ઉઘરાવી અને બાળકો માટે કૈંકનું કૈંક ખાવાનું લઈ તાજા જ પાછા ફરેલા વાત્સલ્ય-મૂર્તિ પૂ 'ભા' ના દર્શને આશ્રમનો કણેકણ જીવન્ત અને કૃતાર્થ થઈ જાય!

આમ શરીર, મન, બુદ્ધિ અને સંવિત્‌ની સમ્યક્ કેળવણી, ધરતીની ફોરમ ને માતાના તાજા ધાવણની જેમ, આશ્રમિક વાતાવરણમાંથી સહજ રીતે પ્રાપ્ત થતી.

તેહિનો દિવસા ગતાઃ । 'તે અમારા દિવસો વહી ગયા રે'!

# અપેક્ષા

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસે આ પ્રમાણે અપેક્ષા રાખવામાં આવી છે.

(૧) સુવર્ણ જયન્તી પ્રસંગે ફાળામાં જેટલું બને તેટલું વધુ આપે.

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ થાય.

(૩) ૨૦૦ ભાઈઓ એવા આગળ આવે કે જેઓ આ કામ ઉપાડી લે, અને દરેક નિદાન ૨૦ આજીવન સભાસદો નોંધી–નોંધાવી આપવાની જવાબદારી ઉઠાવે.

આ સંસ્થામાં અભ્યાસ કરી ગયેલા દશ હજાર વિદ્યાર્થીઓનો સમુદાય છે. તેમની પાસે આ અપેક્ષા છે. એ પૂરી કરવા સૌ પ્રયત્ન કરે. બીજા ભાઈઓ પણ તેમાં મદદ કરે.

ફાળાની યાદી 'સુવર્ણ જયન્તી' માં પ્રસિદ્ધ થાય છે. તેવી રીતે ૨૦ આજીવન સભાસદ નોંધી આપવાની ઇચ્છા ધરાવનાર ભાઈઓનાં નામ પણ પ્રસિદ્ધ કરવામાં આવશે. નામો સંસ્થામાં લખી મોકલવા વિનંતિ છે. આ કામમાં સંસ્થામાંથી માર્ગદર્શન, સહકાર અને સહાયની જરૂર હશે તો આપવામાં આવશે.

## હાથ છે

—ભા.

રમણ વતનના સ્ટેશને ઉતર્યો. ટીકીટ કાઢવા ખીસામાં હાથ નાંખ્યો. સીગારેટનું પેકેટ હાથ ચઢ્યું. અંદર નજર નાંખી. ખાલી હતું. ફેંકી દીધું. બીજા ખીસામાં હાથ નાંખ્યો. દિવાસળીની પેટી સાથે ટીકીટ બહાર નીકળી આવી. પેટી ખખડાવી જોઇ, ખાલી માલુમ પડતાં જોરથી ઘા કરીને ફેંકી દીધી. ટીકીટ ઝાંપા ઉપર આપી તે બહાર નીકળ્યો. કૉલેજમાં ભણતો રમણ વતનના સ્ટેશને ઉમંગભેર હળવો ફૂલ થઇને ઉતરતો. પણ આજે તે શોકમગ્ન અને ભારેખમ થઇને ઉતર્યો હતો. સ્ટેશને ઉતરી ઘેર પહોંચતાં વચ્ચે ભાઇબંધમિત્રોને મળવામાં કલાકેક કાઢી નાંખતો રમણ આજે સીધો ઘેર પહોંચી ગયો.

" અરે, રમણ, તું ! આવ ભાઇ આવ બહુ દા'ડે ઘર સાંભર્યું ! " કાકાએ આવકાર આપ્યો.

અવાજ સાંભળી કાકી ઘરમાંથી બહાર ધસી આવ્યાં " રમેશ તું તો ભાઇ, ભારે મોટો થઈ ગયો કાકા–કાકીનેય ભૂલી ગયો. છ મહિને આજે મોં દેખાડ્યું. "

કાકીએ આપેલું પાણી પીતાં તેના તનને ટાઢક વળી. પરંતુ તે નિષ્ફળતાના ખ્યાલથી મુકત ન થઈ શકયો.

રમણ પરીક્ષા પાસ કરીને નોકરીની શોધમાં ચાર–છ મહિના શહેરમાંજ રોકાઈ ગયો હતો. ઢગલાબંધ અરજીઓ, ઘણાબધા ઈન્ટરવ્યુ, ભલામણો અને દોડાદોડ ને અંતે નાસીપાસ થઇને પોતાને વતન આવ્યો હતો. પ્રેમ અને હિમ્મતની સરવાણી જેવાં બા અને બાપુજી તો તે કૉલેજમાં હતો તે દરમ્યાન અવસાન પામ્યાં હતાં. અને તેવા સંજોગોમાં સારી પદ્દી પ્રાપ્ત કર્યા પછી પણ નોકરી–ધંધો મેળવવાની હાડમારીએ તેને ઠીકઠીક ખોખરો કરી દીધો હતો.

" જૂઓ તો ખરા, રમણનું શરીર કેટલું લેવાઈ ગયુ છે. " કાકીએ આગવી રીતે તબીયતના સમાચાર પૂછીને તેના ઉપર આલોચના પણ કરી દીધી.

કાકાએ રમેશની નોકરીની પરિસ્થિતિના સમાચાર ચા પીતાંપીતાં જાણી લીધા. અને તેમણે સહાનુભૂતિ ભર્યો અફસોસ દર્શાવ્યો. સાથે સાથે હિંમત આપતાં કહ્યું,

" ભાઇ, આજે નહિ તો કાલ નોકરી મળશે. આટલું ભણ્યો છે તો નોકરી તને નહિ મળે તો કોને મળશે ? હમણાં તું અહીં આરામ કર. આપણે બે ચાર સગાસંબંધીઓને ભારપૂર્વક ભલામણ કરીશું એટલે કયાંકને કયાંક મેળ પડી જશે. એની ચિંતા કરે કંઈ નહિ વળે, કંઇક રસ્તો શોધી કાઢીશું. "

જમી પરવારી કાકો ભત્રીજો આરામની તજવીજમાં હતા ત્યાં કાકીએ કહ્યું,

" ભાઈ આ તમારાવાળું ઘર હમણાં મહેમાન આવેલા તે બેસવાઉઠવા માટે સાફસુફ કરી રાખ્યુ છે. તમે નીરાંતે આરામ કરો. ઘણા દિવસથી નિરાંત નહિ મળી હોય. " એમ કહી કાકીએ રમણના ઘરની ચાવી કાઢીને કાકા–ભત્રીજા તરફ ફેંકી.

થોડી પ્રસંગ–બિનપ્રસંગની વાતો કરી કાકો–ભત્રીજો હિમ્મત અને આશા દાખવતા પરંતુ ઊંડી ચિંતાના ભારથી લદાયલા ઉઠયા.

" રમણ તું આરામ કર હું જરા વાડીએ ભાત આપી આવું. "

રમણ ચાવી લઇને એક જ ઓસરીએ આવેલા પોતાના મકાનનું બારણું ખોલી અંદર દાખલ થયો. બા બાપુની ગેરહાજરી અને તેની નાસીપાસીના દુઃખથી તેનું હૃદય ભરાઇ આવ્યું. બારણું આડું કરી ભારે હૃદયે ખાટલા ઉપરનું ગોદડું પહોળું કરી તેના ઉપર પડ્યો. આંખો મીંચી વિચારે ચઢી ગયો. થાકેલા શરીરે ઉંઘનું શરણું લીધું.

બે એક કલાકની ઉંઘ ખેંચી કાઢી તે જાગી ઉઠયો અને તેના વિચારોનો તંતુ સંધાઈ ગયો. તેને લાગ્યું કે તેતો જાગતો જાગતો વિચાર જ કરી રહ્યો છે.

શરીરનો થાક ઓછો થતાં વિચારનું ભારણ પણ ઓછું થયું. તેની નજર ઘરમાં ફરવા લાગી. તેને ખૂબજ એકલવાયું લાગવા માંડયુ. જાણે સમુદ્રના નિર્જન ટાપુમાં તે એકલો આવી પડયો હોય અને તે પણ પોતાના ઘરમાં જ.

એકલતા ટાળવા તે પથારી છોડી બેઠો થઇ ગયો અને તેની ચિરપરિચિત વસ્તુઓ તરફ નજર નાંખી જૂનાં સંસ્મરણો તાજાં કરવા લાગ્યો.

તેની હાઈસ્કૂલની ચોપડીઓ એક તાકામાં ભરેલી તે ઉપર તેની નજર ગઈ. ચોપડીઓ આમતેમ ઉથલાવી. તેમાં તેનાજ હાથે કરેલી નોંધો જોઇ નવાઈ પામ્યો. તેમાં પ્રગટ થતી તેજસ્વીતાએ શિક્ષકોએ, મિત્રોએ અને વડીલોએ તેને આગળ અભ્યાસ કરવા ઉત્તેજયો હતો. અભ્યાસમાં તેણે બતાવેલો ઉત્સાહ અને તેજસ્વીતા અને તેણે સેવેલી મહત્વાકાંક્ષા અને રચેલાં સ્વપ્નોની એક સળંગ ચિત્ર–પટ્ટી નજર સમક્ષથી પસાર થઇ ગઈ. અને હૃદયરોગના દર્દીને હૃદયનું શૂળ જેમ એકદમ ઉપડી આવે તેમ તેને પોતાની નાસીપાસીના દુઃખનો

ઝાટકો લાગ્યો અને તકામાંથી પડું પડું થઈ રહેલી ચોપડીઓ આડો તેણે રાખેલો હાથ ખસી ગયો અને ચોપડીઓનો નીચે ઢગલો થઇ ગયો.

ચોપડીઓની બાજુમાં પોતાને પરિચિત એક નાનકડું પોટકું તેને દેખાયું. તે ઉપાડ્યું અને ધુળ ખંખેરી. તેને લઈ ખાટલા પર બેસી ખોલવા લાગ્યો. એ ચોરસ પોટકી ઉપરથી દોરી છોડી અને તેને ખુલ્લી કરી. તેમાંથી બે ત્રણ કોડીઓ નીકળીને ખાટલા ઉપર પડી. તેણે બાજીને ઉંચી કરી સોગઠાં અને કોડીઓનો ખાટલામાં ઢગલો કર્યો.

આ સોગટાં બાજી એ હતી કે જેના ઉપર તે અને તેના મિત્રો કલાકોના કલાક કાઢી નાખતા. બાપુજી પણ તેના ભારે શોખીન હતા. આજ સોગઠાં બાજી ઉપર બા, બાપુજી પોતે અને તેની નાની બેન કેટલું બધું રમ્યાં હતાં તે યાદ આવ્યું. બેન અને બાપુજી એક બાજુ અને બા અને તે એક બાજુ એમ હંમેશના ભેરુ બંધાઇ ગયેલા. બાપુજી જીંદગી અને બાજી-ની ફીલસુફી ડહોળતા અને રમત જમાવતા. બાજી જામતી પણ સારી. નાની બેનને મોટાભાઇને હરાવવાની હોંશ રહેતી પણ ભાઇની જીતથી નારાજ નહોતી થતી. પિતાને પુત્રની હારમાં રસ પડતો નહિ; પુત્રની જીત ઝંખતા ઝંખતા દાવ નાખતા. માતાને પિતાની જીતમાં તટસ્થ ભાવ હતો પરંતુ પુત્રની જીતનો આનંદ છૂપો રહેતો ન હતો. અને પુત્ર સર્વનો પ્રેમપાત્ર ને જેની જીતમાં બધાંજ રાજી અને પોતે પણ. એ પ્રેમથી અને શ્રદ્ધાથી ભરપુર દિવસો યાદ આવ્યા. વાદળ-છાયા સૂર્યની કિનારી જેમ અચાનક પ્રકાશિત થઇ ઉઠે એમ તેના વિશાદ ઘેર્યા શ્યામ ચહેરા ઉપર આનંદની રેખા પ્રકાશી ઉઠી. મન પ્રફુલ્લિત થઇ ઊઠયું.

ભાર ખંખેરી નાખતો હોય એમ રમણે માથુ ટટ્ટાર કર્યું. કેડમાંથી સીધો થઈ ખાટલામાં બરાબર પલાંઠી મારીને તે બેઠો. તેના હાથ બાજીના ચારે પાટ બરાબર સીધા કરીને પાથરી રહ્યા, ચારે રંગના સોગઠાં જૂદાં જૂદાં પાડી રહ્યા. કોડીઓ મુઠીવાળી હથેળીમાં લઇ ચાર અને ત્રણ એમ મનમાં ગણી સાત કોડીની પણ એક બાજૂ ઢગલી કરી.

રમણ આ અસબાબ તરફ જોઇ રહ્યો. ચોપાટની રમત ઉપર પિતાએ અનેકાનેક વખત ઉચ્ચારેલી જીવન અને બાજીની ફીલસુફી અને તેમાં તેમણે બધાંએ કરેલી ટીકાટીપ્પણીની પુરવણી તેના મગજમાં સ્ફૂટ થતી હોય તેમ લાગ્યું. છૂટાં છૂટાં મોતીને પરોવીને સુંદર માળા ગૂંથાય તેમ તેનું મન છૂટાછવાયા વેરાયેલા ઉદ્દગારો, પ્રશ્નો, પ્રતિપ્રશ્નો, ઉત્તરો અને કટાક્ષોને મનના દોરામાં પરોવી રહ્યું. સળંગ સુંદર માળા તૈયાર થઇ રહી. તેણે રમણના ચિત્તને જકડી લીધું.

"હું બાજી ચારે દિશાએ પટ પાથરીને બેઠી છું."

"અમે સોગઠાં, ચારે રંગનાં લાલ, પીળાં, લીલાં અને કાળાં અહીં જ છીએ."

"અને અમે સાતે કોડીઓ પણ હાજર છીએ."

"તો પછી રમત શરૂ કરો. કોની રાહ જુઓ છો?"

"પણ અમને હાથમાં લઇ, ખખડાવી પટ ઉપર દાવ ફેંકનાર હાથ જોઇએને! તે સિવાય અમે બધાં શું કરી શકીએ?"

"કોડીઓ ફેંકાય, દાવ પડે, સોગઠીઓ પટ ઉપર ચાલવા લાગે અને બાજી જામે."

તંદ્રામાંથી જાગતો રમણ બોલી ઊઠયો, "દાવ નાખવા હાથ જોઇએ!" અને તેની નજર તેના પોતાના હાથ ઉપર ગઈ.

"હાથ તો અહીં છે."

રમણ થોડી ક્ષણો વિચારમગ્ન દશામાં બેસી રહ્યો. અને પછી બોલી ઉઠયો,

"ચોપાટની બાજી ઉપર બહુ દિવસ હાથ અજમાવ્યો."

"હવે જીવનની બાજી ઉપર હાથ અજમાવું."

"દુનિયા ચોતરફ પટ પાથરીને પડી છે. સોગઠાંઓનો–સાધનોનો કયાં તોટો છે? રંગરંગનાં–જાતજાતનાં ભરપૂર પડયાં છે. અને કોડીઓ? શાળા–મહાશાળાઓમાંથી મેળવેલા જ્ઞાનને-બુદ્ધિને હાથમાં લઇ ખખડાવીને દાવ નાંખીશ અને તે પણ જીતના. હાથ છે પછી શી ચિંતા છે." બોલતાકને તે ઝપાટા-બંધ ખાટલામાંથી કૂદકો મારી ઉભો થઈ ગયો.

... ... ... ...

વહેલી સવારે કાકા વાડીએ જવા નીકળ્યા ત્યાં રમણને ઘરની પછીતે આવેલી તેના પિતાના મૃત્યુ પછી બંધ પડેલી દુકાનને સાફસુફ કરતો જોઇને નવાઇ પામી પૂછવા લાગ્યા,

"રમણ, આટલો વહેલો અહીં શું કરે છે?"

રમણ પોતાની ધૂનમાં પ્રસન્ન મને ગણગણતો હતો,

"ચોપટા છે, સોગઠાં છે, કોડીઓ અને હાથ પણ છે."

**આપણા દાતાઓ**

## સ્વ. ગુલાબદાસ જોરદાસ પટેલ

**લાંઘણજ (તા. મહેસાણા)**



શ્રી ગુલાબદાસ જોરદાસ પટેલ. વતન લાંઘણજ. જન્મ સં. ૧૯૨૪. સ્વર્ગવાસ: ૨૦૦૦. બે ચોપડીનો જ અભ્યાસ. હૈયા ઉકલતથી રામાયણ મહાભારત જેવાં પુસ્તકો વાંચે. નામાના હિસાબની ગૂંચો સરસ ઉકેલી શકે. લેણાદેણાની પંચાતમાં દેણદારને જરૂર ન્યાય મળે. લેણદારો પણ તેમનો બોલ ન ઉથાપે. મુખ્ય આગેવાન તરીકે બે દાયકા સુધી ગામનો વહીવટ સરસ રીતે સંભાળી નામના મેળવી. આર્થિક સ્થિતિમાં વારસામાં કાંઈ મળેલું નહીં. છતાં વિશાળ કુટુંબને દોરવણીરૂપ થયા. અને ભાઈઓની સ્થિતિ સુધારવામાં નિઃસ્વાર્થ રહી ખેતીના ધંધા માટે જમીનો મેળવી આપી. કોઈ જમીન વેચાઉ જણાતાં પોતાના પૈસાથી ખરીદે અને જે તે ભાઈને કહે કે અમુક જમીન તારા માટે ખરીદી છે. એ પ્રમાણે બધા ભાઈઓને જરૂરીઆત પ્રમાણે જમીન કરી આપી. રહેવાનાં ઘર માટે પણ મદદ કરી. વડોદરા રાજ્યમાં સૌ પ્રથમ લાંઘણજ ગામની પંચાયતને જ પ્રજાનિયુક્ત અધ્યક્ષ નીમવાની મંજુરી મળી. અને તેઓ અધ્યક્ષ તરીકે ચૂંટાયા. મહેસાણા તાલુકાના આગેવાનોમાં, દંઢાયના બાર ગામના ગોળમાં અને પાટણવાડાના આગેવાનોમાં જાણીતા હતા.

શિક્ષણની કિમ્મત સમજતા હોઈ તેમના પુત્રોને કેળવણી આપી હતી. તેમના વચેટ પુત્ર શ્રી પોપટભાઈ ગુજરાત વિદ્યાપીઠની સ્નાતકની પદ્દી મેળવી આ વિદ્યાલયના પ્રથમ આચાર્ય તરીકે જોડાયા હતા. તેમની આ સંસ્થાની લાંબી અને એકધારી અનુપમ સેવાના કારણે આખો પ્રદેશ તેમને ઓળખે છે. આ સંસ્થાના પાયામાં તેમની વીસ વર્ષથી પણ વધુ લાંબા સમયની આજીવન સ્વયંસેવક-ભેખધારીની સેવા રહેલી છે. મોટા પુત્ર વિરચંદભાઈ પણ ગામની કેળવણીના કામમાં રસ અને ખંતપૂર્વક આગળ પડતો ભાગ લે છે. નાના પુત્ર ગોપાળભાઈ, એમ ત્રણે ભાઈઓ હાલમાં મુંબાઈમાં જેરેકો ઈન્સ્ટ્રીઝ નામનું કારખાનું ચલાવે છે અને ધંધો કરે છે, અને સામાજિક પ્રવૃત્તિઓમાં અગ્ર ભાગ લે છે,

---

# ખુદાઈ ખિદમતગારો

૧૯૨૦ ની નાગપુરની મહાસભામાં પ્રતિનિધિ તરીકે હાજરી આપી અબ્દુલ ગફારખાન પાછા ફર્યા પછી તેમના વતન ઉતમાનઝાઈમાં 'આઝાદ શાળા' નામની રાષ્ટ્રીય શાળાની સ્થાપના કરી અને તેની શાખાઓ સરહદ પ્રાંતમાં સ્થળે સ્થળે ખોલવાનો પ્રયત્ન કર્યો.

સરકારથી આ સહન ન થયું અને પઠાણ બાળકોને રાષ્ટ્રીય શિક્ષણ આપવાના તેમનાં કામમાં અનેક અંતરાયો નાંખ્યા. પરંતુ તે કામયીઆબ નહિ નીવડતાં તેમને નિશાળ ચલાવવાના ગુન્હા બદલ ત્રણ વર્ષની જેલની સજા કરવામાં આવી. તેમણે શરૂ કરેલી આઝાદ શાળા તેમના કારાવાસ દરમ્યાન પણ બરોબર ચાલતી રહી. અને ૧૯૩૨ સુધી તે સારી રીતે ચાલી.

પરંતુ ૧૯૩૨ માં સરકારની ખફા મરજી રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓ ઉપર ઉતરી હતી. તેની ઝપટમાં અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠથી માંડી સરહદ પ્રાંતની આઝાદ શાળાઓ સુધીની દેશની તમામ રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓ આવી ગઈ હતી. એટલે આઝાદ શાળા ૧૦ વર્ષ ચાલીને ૧૯૩૨ માં બંધ પડી. પરંતુ એ દશ વર્ષના ગાળામાં જે પઠાણો તેમાં શિક્ષક તરીકે અને શિષ્યો તરીકે કેળવાયા હતા તેઓ જ અબ્દુલ ગફારખાનને એમના રચનાત્મક કામમાં મદદ કરનારા થઈ પડ્યા હતા. અને એ કાર્યકર્તાઓનું એક નાનકડું મંડળ આપોઆપ બની ગયું હતું. એને સ્થાયી અને વ્યવસ્થિત સ્વરૂપ આપવાનું ખાન સાહેબને સુઝતાં એ મંડળનું નામ ૧૯૨૯ માં 'ખુદાઈ ખિદમતગાર' પાડવામાં આવ્યું. ઈન્સાનની સેવા મારફત જ ખુદાની ખિદમત કરનારને આના કરતાં વધારે રૂડું નામ કયું જડે?

આ મંડળનું કામ આરંભમાં કેવળ સમાજસુધારાનું હતું– પઠાણોને ચોરી–લૂંટફાટ કરવામાંથી માણસાઈમાં લાવવા, શરાબ જેવી આદતો છોડાવવી, લગ્નક્રિયા અને બીજી ક્રિયાઓનો ખર્ચ ઓછો કરાવવો વગેરે. પણ દિવસ જતાં રાષ્ટ્રીય મહાસભાની બધા જ પ્રવૃત્તિઓ એ એની પ્રવૃત્તિઓ બની અને સરહદ પ્રાંતમાં રાષ્ટ્રીય લડતો લડનારી મજબૂત સંસ્થા બની ગઈ.

એ લોકોનો પોશાક પ્રથમ તો સફેદ ખાદીનો હતો, પણ ગરીબ પઠાણો ખાદીને હંમેશાં ધોવાનો ખર્ચ ક્યાંથી કાઢે? એટલે એને કોઈ મેલખાઉ રંગથી રંગવાનો નિશ્ચય થયો. એક દિવસ એક પઠાણ પોતાના ઘરમાં જ પોતાના કપડાં ઘેરા ગેરુઆ રંગે રંગીને લાવ્યો. તે સર્વેને પસંદ પડયાં અને ત્યારથી ખુદાઈ ખિદમતગારોના પોશાક ઉપર તે રંગ ચઢયો.

[અનુસંધાન પાન ૮ ઉપર]

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી : સુવર્ણ જયંતી ફાળો

સુવર્ણ જયન્તી ઉજવણી નિમિત્તે સંસ્થા માટે ફાળો ઉઘરાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ફાળામાં ધનિકો, શુભેચ્છકો, સંસ્થાના જુના અને ચાલુ વિદ્યાર્થીઓ, કાર્યકરો, અધ્યાપકો અને સંસ્થાના કાર્યમાં રસ ધરાવતા ભાઇબહેનોને સહાયભૂત થવા અને ઉદાર હાથે દાન આપવા આગ્રહ ભરી વિનંતી છે. ફાળા માટેના કામકાજની શરૂઆત કરવામાં આવી છે. ફાળામાં વચનો મળ્યાં છે તે નીચે જણાવવામાં આવ્યાં છે. **દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.**

## ફાળાની યાદી

૨૫૦૧) શ્રી બહેચરદાસ હરગોવિંદદાસ પટેલ
લોખંડના વહેપારી : લોખંડ બજાર : અમદાવાદ–૧

૨૫૦૧) શ્રી હરજીવનદાસ હાથીભાઈ પટેલ
હા. શ્રી બાબુભાઈ હરજીવનદાસ
લોખંડના વહેપારી, અલકાપુરી અમદાવાદ – ૧૩

૧૨૫૧) શ્રી ખોડાભાઇ શિવાભાઇ પટેલ ( વકીલ )
૧૭, મહેસાણા સોસાયટી ચિનાઇ બાગ,
નવા વાડજ રોડ, અમદાવાદ–૧૩

૧૦૦૧) શ્રી ચંદુલાલ મગનલાલ પટેલ
ગુજરાત કૅાલેજ પાસે અમદાવાદ – ૬

૧૦૦૧) મેસર્સ રામભાઇ પટેલ એન્ડ કું.
હા. શ્રી રામભાઇ મફતલાલ પટેલ
એન્જીન–પંપના બનાવનાર અને વેપારી
કડીયાકુઈ, રીલીફરોડ, અમદાવાદ – ૧

૧૦૦૧ ) શ્રી હીરાલાલ મણીલાલ પટેલ વકીલ
( મોકાસણ વાળા )
૧૫, ગૌતમ વિહાર સોસાયટી, અમદાવાદ–૧૩

૧૦૦૧ ) શ્રી બાલુભાઇ મણીલાલ પટેલ
૧૨૫, સરદાર પટેલ કોલોની, અમદાવાદ–૧૪

૧૦૦૧) શ્રી ડૅા. રામાભાઇ મનોરદાસ પટેલ
મામલતદાર કોર્ટ પાસે – કડી.

૧૦૦૧) શ્રી જનતા કીરાણા સ્ટોર્સ
ગાંધીરોડ નીચે, અમદાવાદ–૧

* ૫૦૧ ) મેસર્સ આર. સી. પટેલ એન્ડ કું.
હા. શ્રી રણછોડભાઈ છગનલાલ પટેલ
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ–૧

૫૦૧) શ્રી જીવણલાલ લલ્લુભાઇ પટેલ
૩૦ મજૂર કો. હાઉસીંગ સોસાયટી
સ્ટેશન સામે, કલોલ

૨૫૦ ) શ્રી ડાહ્યાભાઈ શીવદાસ પટેલ
નં. ૧૭બી, વસંત વિહાર હા. સોસાયટી,
નવરંગપુરા અમદાવાદ–૯

* ૨૫૦ ) શ્રી બાબુલાલ વેણીદાસ પટેલ
૫ બી, વસંત વિહાર કો. હા. સોસાયટી,
સરદાર પટેલ નગર રોડ, નવરંગપુરા, અમદાવાદ–૯

૨૫૦ ) શ્રી રમેશભાઈ વિઠ્ઠલભાઇ પટેલ
C/o શ્રી વિઠ્ઠલભાઈ વનરાવનદાસ પટેલ
૨૦, મહેસાણા કો. હા. સો. અમદાવદ–૧૩

૨૫૦ ) શ્રી સોમાભાઈ વી. પટેલ
નાયબ કૃષી સંચાલક ( પેકેજ )
૧૫, ભારતી નિવાસ સોસાયટી
નગરી હોસ્પીટલની પાસે, અમદાવાદ–૬

૨૫૦) શ્રી કે. એચ. પટેલ
ઇન્સ્પેકટર, આર ટી ઓ.
૪, રાજકમલ પાર્ક સોસાયટી, અમદાવાદ–૧૪

* ૨૫૧) ડૅા. સી. એમ. મહેતા
આચાર્ય, આર્ટસ એન્ડ સાયન્સ કૅાલેજ,
નેશનલ હાઇવે નં. ૮, ચાર રસ્તા,
ખોલવડ ડી. સુરત

* ૨૫૦) શ્રી રણજીતભાઈ એમ પટેલ
૨૨/૨, અરૂણોદય સોસાયટી
વડોદરા–૫

૨૫૧) શ્રી ઇશ્વરભાઈ ખોડીદાસ પટેલ ( ચાણસ્માવાળા )
પટેલ પાર્ક, સ્ટેડિયમ પાસે
નવરંગપુરા, અમદાવાદ–૯

* કુંદડી વાળી રકમો વસુલ આવી ગઇ છે.

⊕ ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'ના નામના ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.
⊛ આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

## : : આપનો ફાળો નોંધાવવા વિનંતી છે : :

**'સુવર્ણ જયંતી' સાપ્તાહિકનું લવાજમ રૂા. ૫) મોકલી આપવા વિનંતિ છે.**

[ પાન નં. ૬ નું બીજા કોલમનું ચાલુ ]

અને તેઓ 'લાલ ખમીશવાળા' તરીકે ભારતની સ્વાતંત્ર્ય લડતમાં પ્રખ્યાત થયા.

શિસ્ત જાળવવા માટે અને ઠેર ઠેર મંડળની શાખા કરવાને માટે ખિદમતગારોને રોજ લશ્કરી ડ્રીલ કરવામાં આવતી, લાંબી કૂચ કરાવવામાં આવતી અને લશ્કરી તાલીમ અપાતી. લડાઈ જેના હાડેહાડમાં છે એવી પઠાણની કદાવર કોમને લશ્કરી તાલીમ એ સ્વભાવિક વસ્તુ હતી. પણ ખાન અબ્દુલ ગફારખાને લશ્કરી તાલીમને અંગે જે એક આવશ્યક ગણાય તે હથીયારનો ત્યાગ કર્યો. લાઠી સુદ્ધાં કોઈ પણ પ્રકારના હથીયારોની મનાઈ ફરમાવી હતી.

ખુદાઈ ખિદમતગાર તરીકે જોડાતાં પહેલાં પઠાણોએ નીચેની પ્રતિજ્ઞા લેવરાવવામાં આવતી.

(૧) ખુદા, કોમ અને દેશની વફાદારી અને ખિદમતની,
(૨) અહિંસાની,
(૩) પગાર વિનાની ખિદમતની,
(૪) નિર્ભયતાની અને આત્મબલિદાનની,
(૫) વ્યસન વિનાના શુદ્ધ જીવનની.

લાલ વુગડું જોઈને આખલો ભડકે એમ ખુદાઈ ખિદમતગારોનાં લાલ કપડાં જોઈને અંગ્રેજ સરકાર–બ્રિટીશ સાંઢ સરહદ પ્રાંતમાં ભડકયો અને એણે ત્યાં રાષ્ટ્રીય ચળવળને ભૂસી નાખવા અને પઠાણોની–ખુદાઈ ખિદમતગારોની તાકાત તોડી નાખવા ભયંકર દમન અને અત્યાચારો કર્યા સંખ્યાબંધ પઠાણોની સાથે ખાન અબ્દુલ ગફારખાન અને તેમના મોટા ભાઈ ડૉ. ખાનને જેલમાં પૂરી દેવામાં આવ્યા.

પણ પઠાણો એ વજ્જર માટીની બનેલી પ્રજા છે કે તે એવી જોરતલબીને ગાંઠે જ નહિ. પઠાણની ઉપર પણ હિંસા કરતાં મહોબ્બત અને સમજૂતીની અસર વધારે થાય છે. એનો સ્વભાવ એટલો બધો ભોળો છે કે પ્રેમથી એના હૃદયમાં ઉતરીને તમે એને જહન્નમમાં (નર્કમાં) પડવાનુ કહો તો એ પડશે. પણ બળાત્કારે તમે એને જન્નતમાં (સ્વર્ગમાં) પણ નહીં લઈ જઈ શકો. એવા પઠાણોને ખાન ભાઈઓએ પ્રેમ અને શિક્ષણથી ખુદાઈ ખિદમતગાર બનાવી દીધા હતા અને તેમની શક્તિમાં અનેકધણો વધારો કરી દીધો હતો. એટલે સરકારના દમનના પડઘા રૂપે સને ૧૯૩૦ માં પેશાવરમાં ભયંકર રમખાણો ફાટી નીકળ્યાં.

એ વાત એટલે હદે પહોચી કે તેની તપાસ કરવા માટે શ્રી વિઠ્ઠલભાઈ પટેલની કમીટી કોંગ્રેસ તરફથી નીમવામાં આવી પરંતું તેને સરહદ પ્રાંતમાં પ્રવેશવા દેવામાં ન આવી. તેની તપાસનો રિપોર્ટ પણ જપ્ત કર્યો. જાણીતા ખ્રિસ્તી મીશનરી ફાધર એલ્વીને સરહદ પ્રાંતમાં જઈને તપાસ કરવા માગણી કરી પણ તેમને પણ મંજૂરી આપવામાં ન આવી. અને સરહદનો પ્રશ્ન રાષ્ટ્રીય હિલચાલનો પ્રશ્ન બની ગયો અને દેશ ભરમાં સરહદ દિનો ઉજવવાનું એલાન આપવામાં આવ્યું. લાલ ખમીશ પહેરીને દેશભરમાં હજારો સત્યાગ્રહીઓએ જેલો ભરી દીધી હતી.

ખાનભાઈઓ કોંગ્રેસમાં જોડાયા હોઈ મુસ્લીમ લીગ અને પાકિસ્તાન તેમના ઉપર હિંદુઓ થઈ ગયાનો આક્ષેપ મૂકી ગાળો ભાંડતા હતા. 'ખુદાઈ ખિદમતગારો' ને હલકા પાડવા માટે તેમને 'ગાંધીના ખિદમતગારો' કહી વગોવવામાં આવતાં છતાં ખાનભાઈઓ અને 'ખુદાઈ ખિદમતગારો' કોંગ્રેસ અને અને ગાંધીજીના સિદ્ધાંતોને જીવનમાં ઉતારવામાં મોખરે રહ્યા હતા.

દેશના ભાગલા પડવાથી તેઓને પાકીસ્તાનમાં જવું પડ્યું અને તેમનો આઝાદીની તમન્ના ઉપર અંધકાર અને નિરાશાનાં ઘેરાં વાદળ છવાયાં હતાં. આમ છતાં પેશાવરમાંની હિંદુ અને શીખ લઘુમતીનું રક્ષણ કરવામાં પાકીસ્તાની પોલીસ અને સેના નિષ્ફળ ગઈ ત્યારે ૨૪ કલાકમાં ૧૦ હજાર ખુદાઈ ખિદમતગારો પેશાવર પહોંચી ગયા હતા અને લઘુમતીઓનું રક્ષણ કર્યું હતું.

... ... ... ... ... ...

આ સંસ્થાની સ્થાપના અને રાષ્ટ્રીય શાળાઓની સ્થાપનાનો સમય એક છે. તેની પાછલી ભૂમિકા પણ કેટલાક અંશે સમાન છે. આ સંસ્થાના આદ્ય સંસ્થાપકોમાંના એક શ્રી નગીનભાઈ વ્રજલાલ પટેલ, નાગરપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લઈને તાજાજ આવીને આ સંસ્થાની પ્રવૃત્તિઓમાં પડેલા. અને 'સરહદ દિન'ના સત્યાગ્રહમાં આ સંસ્થાના આચાર્ય અને આજીવન સ્વયંસેવક શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલે 'લાલ ખમીશ' પહેરીને એક ટુકડીની આગેવાની લઈ વિરમગામમાં સત્યાગ્રહ કરેલો અને ત્યાંથી જેલમાં ગયેલા. ટૂકડીમાં વિદ્યાલયના કેટલાક વિદ્યાર્થીઓ પણ હતા. તેમાં જાણીતા સાહિત્યકાર શ્રી રણજીતભાઈ (અનામી) પણ હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઇ બા. પટેલ
ભાઇલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૩૦-૧૦-૬૯ [ અંક ૭

## 'ડાહ્યો થજે બેટા'

ઉમાશંકર જોષી

તમને જોઉં છું ને તરત મને વરસો પહેલાંની એક સાંજ યાદ આવે છે, જ્યારે ઊંટ પર ચઢી બેસીને મારા ગામના ડુંગરા મેં છોડયા હતા. તમને જોઉં છું ને અનેક ગામડાંનાં અનેક પાદરો મારી નજર આગળ તરવરે છે. હોંસભરી બા 'ડાહ્યો થજે બેટા' કહી બાળકને હાથે બચી કરી વિદાય આપે છે. દૂર ઝાડીમાં રસ્તાના વળાંક પાછળ સૌ એકમેકને દેખાતાં બંધ થાય તે પછી પણ 'માસ્તરનું કહ્યું માનજે બેટા' એવો બાનો અવાજ આવે છે તો સામેથી છોકરો, તોફાની હોય તો પણ એ ઘડીએ તો ઠાવકો બનીને, 'વારુ' એમ ટહુકો કરે છે. બધી ધમાલમાં વૃદ્ધ માતાજીએ એને એક બાજુ લઈ જઈ આંખમાં પાણી લાવીને શું કહેલું ? 'બેટા, દેશાવર ખેડે, પણ આપણી ઝૂંપડી ભૂલીશ માં. ઉગમણે બારણે આપણું ઘર છે.' આ બધાં હેત લાડ આંસુ આશાઓ, બધું સંભારતો સંભારતો વિદ્યાર્થી છાત્રાલય ભણી કોડભર્યો ચાલ્યો જાય છે. આવા તો કેટલાય વિદ્યાર્થીઓ અનેક ગામોથી નીકળી અનેક છાત્રાલયો ભણી ચાલ્યા આવે છે. નથી જોતા શિયાળાની ઠંડી, નથી જોતા ચોમાસાની રેલ. ઉનાળો તપતો હોય, નવાનવા ખરીદેલા જોડા સવારના પહોરમાં જ ઉત્સાહથી પહેરતાં ડંખ્યા હોય એટલે રેતી તપે ત્યારે તો હાથમાં ઉપાડીને પગે થનગનતા ચાલે. નાનકડી કોઇ લીંબડી મળી જાય તો નીચે જઇ થોડો વિસામો લે. અર્ધા અર્ધા ગવાતા હાલાના ગીતને અણસારે જળાશય કલ્પીને તે તરફ બપોરા ગાળવા માટે જાય. પણ નમતો પહોર થતાં કોયલોને સામો અવાજ કરી ચીડવતા ચીતરડતા, સાંજ પડતાં તો શંભુ મહારાજની બનાવેલી ભાખરી ખાવા છાત્રાલયમાં આવીને હાજર થઇ જાય છે. હોળી-ગાળે કેસૂડાંની રંગલીલા માણતા ટેકરીઓ ચઢતાઊતરતા, વસંતની મસ્તીનો ફાગ લલકારતા ઘર તરફ આંટો મારી આવે છે, તો ચોમાસે વળી બાજરીનાં વિશાળ ખેતરો તરી ઊતરી નદીનાળાં પાર કરી શ્રાવણના મેળા માણી આવે છે. અને વૅકેશન પૂરી થતાં ? મુસાફરીમાં એકાદ ટટ્ટુ હોય તો કયા બે જણા સવાર થાય, કોણ આગળ બેસે કોણ પાછળ, કોણ લગામ પકડે ને કોણ સોટી ચમકાવે એના રમૂજી કજિયા ચલાવતા, રસ્તે આંબા પરની શાખો પાડતા, પરબવાળી પાસેથી એક પૈસામાં પાંચ જણા પાણી પીતા, કરોળિયાનાં જાળાં પાંપણોમાં ભરાઈ જાય તેને હટાવતા, કલ્લોલ કરતા છાત્રાલય ભણી ચાલ્યા આવે છે. કુદરતમાંથી અને મનુષ્યોમાંથી દુનિયાને ખબર પણ ન પડે એમ અખૂટ આનંદ–ઉલ્લાસ પીને, પ્રજાજીવનનાં આ નવાણો કદી કૂદતાં, કદી પછડાતાં, ક્યાંક છલંગ મારતાં, ક્યાંક ઠોકરાતાં, કોઇ સૂકાતાં તો કોઈ બમણા વેગથી છલકાતાં અને આગળ ધપ્યે જતાં અત્યારે મારી નજર સામે તરવરી રહે છે. અત્યારે તમને જોઉં છું ત્યારે.

[ 'ગોષ્ટી' માંથી : સને ૧૯૩૫ માં કડી સર્વ વિદ્યાલયમાં મળેલા છાત્ર સંમેલનના પ્રમુખપદેથી આપેલા વ્યાખ્યાનમાંથી ]

## જુના વિદ્યાર્થી ! —પુરુષોત્તમદાસ પટેલ

આપણી સંસ્થા એ આપણા માટે આપણા સહીવારા કુટુમ્બનું ઘર છે.

કુટુમ્બના સભ્યો મોટા થાય અને દેશાવળ જાય પણ ગામને અને ઘરને ભૂલતા નથી.

કડીની સંસ્થાએ છેલ્લા પચાસ વર્ષમાં હજારો વિદ્યાર્થીઓને શારીરિક, માનસિક અને નૈતિક શિક્ષણ આપી તૈયાર કર્યા છે.

એમાંના કેટલાક ખૂબ આગળ વધ્યા છે. કડીની સંસ્થાનો વિદ્યાર્થી એ જ્યાં હોય ત્યાં, જે ધંધામાં હોય તે ધંધામાં અનોખી છાપ પાડી છે. એનામાં કર્તવ્યનું–ફરજનું ભાન છે.

ઉત્તર ગુજરાતની આજની પ્રગતિમાં કડીની સંસ્થાના વિદ્યાર્થીઓનો જેવો તેવો ફાળો નથી. આગેવાન બની, સ્વાર્થ ત્યાગી, ભોગ આપી જે ગામમાં ગયા ત્યાં વિકાસ સાધ્યો છે.

આપણી સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળે મોટાં કામ ઉપાડયાં છે. ટેકનિકલ સ્કૂલ, ટેકનિકલ સ્કૂલનું છાત્રાલય અને વર્કશોપનાં મકાનોનાં કામ રૂ. ૬૫૦૦૦૦ સાડા છ લાખનાં લગભગ પૂરાં થવા આવ્યાં છે. ટેકનિકલ સ્કૂલના સાધનો પાછળ રૂા. ૪૫૦૦૦૦ સાડાચાર લાખ ખર્ચ થશે. આ માટે ભારત સરકારે ૫૦% પચાસ ટકા ગ્રાન્ટ મંજૂર કરી છે. અને ગુજરાત સરકારે ૨૫% પચીસ ટકા ગ્રાન્ટ મંજૂર કરી છે. પચીસ ટકા આપણે કાઢવાના. રૂા. ૨૦૦૦૦૦/ બે લાખનું માતબર દાન શેઠશ્રી મફતલાલના સુપુત્રો તરફથી મળ્યું છે. છતાં એમાં ખુટવાના. મકાનોના બાંધકામના ખર્ચમાં વધારો થવાનો. આ સારૂ નિદાન બે લાખ જોઇશે.

સાયન્સ કોલેજ શરૂ કરી છે. એ માટે દશ એકર જમીન આંબાના પાછલા ભાગે ખરીદી છે. ભારે કિંમત જમીનની ચૂકવવી પડી છે.

સાયન્સ કોલેજની હોસ્ટેલનું મકાન રૂા. ૨૨૫૦૦૦ નું તૈયાર થઈ રહ્યું છે. ગ્રાઉન્ડ ફલોર તૈયાર થઇ ગયો છે. પહેલા માળના સ્લેબ સુધી કામ આવ્યું છે.

આ માટે તેમ જ કોલેજના મકાન માટે સારા જેવી રકમ જોઇશે.

જે સંસ્થામાં તમે ભણ્યા તે સંસ્થા સુવર્ણ જયન્તી આ વર્ષમાં ઉજવે છે.

આ સંસ્થાને પૂરી શ્રદ્ધા છે કે એના જુના વિદ્યાર્થીઓ સંસ્થા પ્રત્યેનું માતૃ ઋણ અદા કરશે.

જે જુના વિદ્યાર્થી વધારે આપી શકે તેમ હોય તે વધુ રકમ આ સુવર્ણ જયન્તી પ્રસંગે મોકલી આપી સંસ્થાની પ્રગતિમાં સાથ આપે.

કોઇપણ જુનો વિદ્યાર્થી નિદાન રૂા. ૨૫૧) મોકલી આપી સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો આજીવન સભ્ય બન્યા વિના નહીં રહે એવી શ્રદ્ધા માતૃ સંસ્થાને છે.

આપનો ચેક મોકલી આપી સંસ્થા પ્રત્યેની આપનું ઋણ–ભક્તિ અદા કરશો. (૨૪–૧૦–૬૯)

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ–કડી : સુવર્ણ જયંતી ફાળો

સુવર્ણ જયન્તી ઉજવણી નિમિત્તે સંસ્થા માટે ફાળો ઉઘરાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ફાળામાં ધનિકો, શુભેચ્છકો, સંસ્થાના જુના અને ચાલુ વિદ્યાર્થીઓ, કાર્યકરો, અધ્યાપકો અને સંસ્થાના કાર્યમાં રસ ધરાવતા ભાઇબહેનોને સહાયભૂત થવા અને ઉદાર હાથે દાન આપવા આગ્રહ ભરી વિનંતી છે. ફાળા માટેના કામકાજની શરૂઆત કરવામાં આવી છે. ગયા અંકમાં પ્રસિદ્ધ થયેલી યાદી પછી નીચેના વચનો મળ્યાં છે. **દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.**

* ૨૫૧) શ્રી મણીલાલ ડાહ્યાભાઇ પટેલ, શાકભાજીના બીના ઉત્પાદક તથા વહેપારી
મુ. ઉનાવા (બાલવા) વાયા. કલોલ.

* ફુદડી વાળી રકમો વસુલ આવી ગઇ છે.

⊛ ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'ના નામના ચેક યા ડ્રાફટથી મોકલી આપવા વિનંતી છે.

⊛ આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

## : : આપનો ફાળો નોંધાવવા વિનંતી છે : :

**'સુવર્ણ જયંતી' સાપ્તાહિકનું લવાજમ રૂા. ૫) મોકલી આપવા વિનંતિ છે.**



## નીલકંઠ

રણજિત પટેલ (અનામી)

ગાંધીશતાબ્દી! મચી મત્ત શી યાદવાસ્થળી!
ગાંધીશતાબ્દી મચી ના શિખ આખરી ખરી :
"જો લોકસેવક તણો બની રહે જ સંઘ
કોંગ્રેસ ના મરી શકે : ઘટતું વિસર્જન."

પ્રત્યક્ષ હ્યાં ક્ષણે ક્ષણે તવ-ભાખ્યું દર્શન!
સત્તાની 'રેસ' અસૂયા, કૂટ દાવપેચ.
આ મૂઢ પક્ષપલટા, ખુરશીની ખેંચ!
થાશે વિસર્જન! હશે બીજ નવ્ય સર્જન?

વ્યક્તિ અહં વકરતો? શું વિચારભેદ?
મોંકાણ વાદની ખરે? અહ્ ઐક્ય-છેદ.
આદર્શ-ઘર્ષણ? ધ્રુવીકરણે વિરામ?
'હે રામ' દેશ બનશે કદિ સત્યકામ?

આજે દધિમથન! કોઇક નીલકંઠ!
ગાંધી-શતાબ્દી જીરવે કુણ કાલકૂટ?

---

## જોગીડા પ્યારા!

રણજિત પટેલ (અનામી)

તારી ધૂણીએ દેશ તાર્યો
જોગીડા, પ્યારા!
તારી ધૂણીએ દેશ તાર્યો.
મુગતિનો પારસમણિ આપ્યો,
જોગીડા, મારા!
તારી ધૂણીએ દેશ તાર્યો.

સમદરનાં નીર વીંધી,
આવ્યો આતમને દેશે.
પરભોમે વસિયા તોયે
અસ્સલ અમારે વેશે.
દધીચિનો કોલ તેં તો થાપ્યો!
જોગીડા, પ્યારા!
તારી ધૂણીએ દેશ તાર્યો.
મુગતિનો પારસમણિ આપ્યો,
જોગીડા, મારા!
તારી ધૂણીએ દેશ તાર્યો.

તારે કમંડલે જલ ના, સંજીવની.
તારી ભસમમાં કશી ભવ્ય ભૂરકી!
માયાનો નાયડો તેં કાપ્યો,
જોગીડા, મારા!
તારી તાપણીએ દેશ તાર્યો.
ભરડો ભારતનો તેં કાપ્યો
જોગીડા, પ્યારા!
મુગતિનો પારસમણિ આપ્યો.

---

જે જીવનને જાણે છે તે જ મૃત્યુને જાણે છે અને તે જ જીવન-મૃત્યુની બહાર અને અંદર વિસ્તરેલા સમયને અને અવકાશને જાણે છે કવિ જીવન-મૃત્યુનો દાતા છે. એના કાવ્યનું રહસ્ય પ્રત્યેક મનુષ્ય પ્રત્યેની એની અપાર અનુકંપામાં રહેલું છે. એ સમગ્ર માનવ-સાથે એટલો બધો પ્રગાઢપણે ઓતપ્રોત થયેલો છે કે અન્યના મૃત્યુમાં એ જાતનું મૃત્યુ તીવ્રપણે અનુભવે છે.

સમર્પણ] [નલિન રાવળ

# ગઈ પેઢીના એક જ્યોતિર્ધર

## સ્વ. ધનજીભાઈ મોતીભાઈ

### [ જન્મ સને ૧૮૭૫ : અવસાન સને ૧૯૩૧ ]



સ્વ. ધનજીભાઈ મોતીભાઈ

**જગતમાં** દરેક સમયે સારી અને ખોટી, શાશ્વત અને તત્કાલિન, પરોપકારમય અને સ્વાર્થમય એવી અનેક વસ્તુઓ પ્રસરેલી હોય છે. આર્ષદૃષ્ટિ ધરાવતા પુરુષો સારી, શાશ્વત અને પરોપકારમય વસ્તુઓ પકડીને તેને આગળ ધપાવવા પ્રયત્ન કરે છે. પરિસ્થિતિ અને સાધન પ્રમાણે આ પ્રયત્નોના કદમાંવિસ્તારમાં ફેર હોઈ શકે, પણ તેની પાછળ રહેલી દીવો ધરીને પ્રકાશ બતાવવાની આર્ષદૃષ્ટિની બુનિયાદ તો એક જ હોય છે. એટલે ધરદીવડાને સૂર્યની સમાન કક્ષાએ કવિઓએ મૂક્યો છે. એવા એક ધરદીવડા-દીવો ધરી પ્રકાશ બતાવનાર ગઈ પેઢીના **જ્યોતિર્ધર પૈકી સ્વ. શ્રી ધનજીભાઈ મોતીભાઈ પટેલ** એક હતા.

... ... ... ... ... ...

શ્રી ધનજીભાઈનો જન્મ સને ૧૮૭૫માં લાડોલ ગામમાં ભલાં ભોળાં ખેડૂત માતપિતાને ત્યાં થયો હતો. પિતાની આર્થિક સ્થિતિ નબળી અને કેળવણીમાં કંઈક સમજ નહિ. પણ ધનજીભાઈનાં મોસાળીયાં ખાધેપીધે સુખી એટલે તેમનું બાળપણ મોસાળ – વિસનગર-માં વીતેલું; તેથી અંગ્રેજી છઠ્ઠા ધોરણ ( હાલનું ૧૦ મું ધોરણ ) સુધી અભ્યાસ કરવાનું બની શક્યું. સવાર સાંજ ખેતરમાં કામ કરવાની ફરજ તો ખરી જ.

એ પછી તેઓએ સિદ્ધપુર, ખેરાળું, ચાણસ્મા વગેરે સ્થળે મહેતાજીની નોકરી કરી. છેલ્લે છેલ્લે ચાણસ્મામાં તેઓ તજવીજદાર પણ હતા. એ પછી તેઓ લાડોલમાં આવી પાલીસ પટેલ – મુખીપણામાં સ્થિર થયા. આ કામ એમણે એકધારું ૨૨ વર્ષ કર્યું. અને આ વ્યવસાય સાથે તેમણે સમાજસેવાની નાની મોટી પ્રવૃત્તિઓ શરૂ કરી અને ચલાવી.

તેઓ બાળલગ્નના કટ્ટર વિરોધી હતા. બાળલગ્નો અટકાવવા તેઓ છેક વડોદરા સરકાર સુધી પ્રયત્ન કર્યાજ કરતા.

ધર્મની સાથે વણી લેવામાં આવેલા આ પ્રશ્નને અડકવું આગમાં હાથ ઘાલવા જેવું હતું, અને તેમાંય ગામડાંનો સમાજ! આ કારણે તો સમસ્ત પાટીદાર જ્ઞાતિએ એમને ઉંઝામાં ઠરાવ કરીને નાત બહાર મૂકેલા. તેઓ હંમેશાં પોતાના નિશ્ચયને અડગ રીતે વળગી રહેતા. દંડ ભરીને ફરી ક્યારેક જ્ઞાતિમાં જવાની ઇચ્છા કરેલી નહીં. આના અનુસંધાનમાં એમણે એમનાં બાળકોને – દશ બાર વર્ષે આવતા લગ્નથી– બાળલગ્નથી બાકાત રાખેલાં, અને એમની મોટી દીકરીનું છૂટક લગ્ન કરેલું. એ સમયમાં એ એક મહાન સુધારક અને હિમ્મત-ભર્યું પગલું હતું.

નીડરતા તો એમનામાં ભારોભાર ભરેલી હતી. એ કોઈથી ડરે નહીં. એમના મુખીપણાના સમયમાં એક વખતે પ્રાંતના સુબા લાડોલની સીમમાં શિકારે આવેલા અને શિકાર ભરવા માટે તેમણે ખેડૂતોનાં ગાડાં લઈ આવવા તેમને હુકમ કર્યો. શ્રી ધનજીભાઈએ હુકમનો અમલ કરવાની ધરાર ના કહી દીધી. અને કહ્યું કે ખેડૂતોની લાગણી દુભાય એવું કામ મારાથી નહીં થઈ શકે. આ બાબતમાં પાછળથી એકમને ... અને અમલદારોની ખફગી વહોરવી પડેલી.

તેઓ મરણ પાછળના ખર્ચા-બારમાના સખત વિરોધી હતા. તેઓ પોતે બારમું ખાતા નહીં. અને ઘરનાંને કોઈને ખાવા જવા દેતા નહીં. એટલું જ નહીં પણ પોતાના વિચારો પ્રગટ કરીને બારમા વિરુદ્ધ લોકમત કેળવતા અને બારમું અટકાવવા પ્રયત્નો પણ કરતા.

તેઓ ખાદી પહેરતા, જાતે કાંતતા અને એની ખાદી વણાવવા મોકલતા. ખાદીના આદ્ય કેન્દ્ર સમા વિજાપુર ગાંધી આશ્રમ સાથે ઘણો સંપર્ક હતો. નવજીવન વાંચતા અને વંચાવતા અને મહાત્માજીના વિચારો અમલમાં મૂકવા પ્રયત્ન કરતા. તેઓ ગાંધી વિચારના સ્વનિર્મિત પ્રચારક હતા - વાણી અને વર્તનથી.

સરદાર વલ્લભભાઈની જેમ એમની આંખો લાલ અને નિંદરભરી હતી. તેથી એમનું વ્યક્તિત્વ અનેરું અને પ્રતિભાશાળી હતું. એમની છેક નજીક જવાની ભાગ્યે જ કોઈ હિંમત કરી



શ્રી ચુનીલાલ ધનજીભાઈ જેમણે છાત્રાલય માટે એકવીસ હજારની દેણગી આપી છે.



આ સંસ્થામાં આવેલું સ્વ. ધનજીભાઇ મોતીભાઇ છાત્રાલય

શકતું. પણ એમનું હૃદય હંમેશા ફૂલ કરતાં પણ કોમળ હતું જ્યારે શબ્દો અગ્નિ કરતાં પણ પ્રખર હતા. ગુસ્સે થાય ત્યારે ચાર પગા સિવાય કહેતા નહીં. પરંતુ મહેસુલ બાકીના પસંગે કોઇના ત્યાં જપ્તી ના આવે તે પ્રમાણે ખેડૂતના હિતમાં કામ કરતા. વૃદ્ધજનો પ્રત્યે ઘણોજ આદર અને પ્રેમ રાખતા. પોતે જાતે જઇને સુખદુ:ખની વાત સાંભળતા અને કરતા.

તેઓ હરિજન પ્રેમી હતા. હરિજનવાસમાં ગયા પછી હું અભડાઈ ગયો છું એવું એમના મનમાં કદી આવેલું નહીં. આજના વખતમાં છૂતાછૂતનો વિચાર કરવો એ પણ કેટલું બેહુદુ લાગે છે! પણ એ સમયમાં હરિજનવાસમાં ગયેલા માણસે નાહીને કે છેવટે હાથપગ ધોઇને જ ઘરમાં દાખલ થવું પડતું. તેઓ ખેતરમાં હરિજન સાથે રહીને કામ કરતા. તેમજ કંઈ આપવા લેવામાં કે માથે ભારો ચઢાવવામાં કોઇ દિવસ એમણે સંકોચ અનુભવ્યો નથી. સને ૧૯૩૦ માં એમના પુત્ર શ્રી ચુનીભાઈ સાથે વિદ્યાપીઠના કેટલાક વિદ્યાર્થીઓ આવેલા એ વખતે લાડોલ ગામમાં હરિજનવાસમાં હરિજનોનું એક સંમેલન ભરાયેલું એમાં આ વિદ્યાર્થીઓએ ભાષણ કર્યું. વિદ્યાર્થીઓ તો એ પછી ચાલ્યા ગયા. પણ ગામના લોકોને આ ઘોર પાપ ધનજીભાઇએ કર્યું એમ લાગ્યું. પેઢીએ – (ગુન્હેગારને સજા કરવાના સ્થળે) – ગામ ભેગું થયું અને આ અધર્મના કાર્ય માટે ધનજીભાઇને ગામ બહાર મૂકવામાં આવ્યા. એટલે કે એમનો દીવો, દેવતા, પાણી, હોકો બંધ; કોઇ બોલે કે ચાલે નહીં. કૂવા ઉપર ઘરની બહેનોને માથે બેડું ચઢાવવા પણ ચોકિયાતને મોકલવા પડતા. એમના પ્રગતિશીલ વિચારોને લઈને યુવાન પેઢી આકર્ષાઇને તેમના પક્ષની થયેલી. દા. ત. શ્રી છગનભાઈ કાળીદાસ પટેલના પિતાજી વિરુદ્ધમાં પણ શ્રી છગનભાઈ એમના પક્ષમાં. એ પ્રમાણે આખાય ગામમાં ઘણીખરી જગ્યાએ વૃદ્ધ માબાપ વિરુદ્ધમાં હોય પણ એમનાં બાળકો, યુવાનો એમના પ્રક્ષમાં. યુવાનોને ઘડવાની તેમની આવડતના પરિણામે લાડોલ ગામની પ્રગતિ શરૂ થઈ.

ગામના ગરીબ ખેડૂતોને ચૂસતા વેપારી વર્ગના પંજામાંથી છોડાવવા માટે તેમણે સહકારી મંડળી સ્થાપી અને એમને નાણાં મળે એવી વ્યવસ્થા કરી. આ સંસ્થામાં તેઓ ૧૩ વર્ષ સુધી પ્રમુખ તરીકે રહ્યા. સહકારી મંડળીમાં ખેતીનાં નવાં સાધનો, નવાં ખાતરો વગેરે વસાવી તેનો લાભ ખેડૂતોને લેવા સમજાવતા. આ સંસ્થા આજે ગામનો મોટા ભાગનો પૂરવઠો પૂરો પાડે છે. આ મંડળી જિલ્લાની મોટી મંડળીઓમાંની એક છે. નિરક્ષરતા દૂર કરવા માટે એમણે પુસ્તકાલય-વાચનાલયની સ્થાપના કરી. શરૂઆતમાં તે માટે સારા પ્રસંગે હાથ લંબાવતા અને એ રીતે ફંડ કરીને પુસ્તકો વસાવતા. આ પુસ્તકાલય હાલ પણ જિલ્લાનાં સારાં પુસ્તકાલયોમાંનું એક છે. તેમાં ૬૦૦૦ ઉપર પુસ્તકો છે.

તેઓ કેળવણીના મહાન હિમાયતી હતા. ગામમાં માધ્યમિક શાળા ઉભી કરવા એમણે ઘણો પ્રયત્ન કરેલો. ગમે ત્યાંથી શિક્ષકો લાવીને શાળાને ઉભી રાખતા અને માબાપને સમજાવીને બાળકોને શાળામાં દાખલ કરાવતા. કન્યા કેળવણીના પણ હિમાયતી હતા. એમણે આશાળામાં એમની બે પુત્રીઓને સૌ પ્રથમ ભણવા મૂકેલી. તેમજ એમનાં બધાં બાળકોને ઉચ્ચ શિક્ષણ આપેલું. કડીની આ સંસ્થાની સ્થાપનામાં તેઓએ તન, મન અને ધનથી સેવા કરી હતી. ગામડે ગામડે ફરીને કેળવણીના ફાયદાનો પ્રચાર કરતા અને સંસ્થાના નિભાવ માટે

[ અનુસંધાન પાન આઠ પર ]

# હૃદય સંપત્તિ

ભગવત સુથાર

માનવીનું મન અનેક શંકાકુશંકા, તર્કવિતર્ક અને અસંતોષની જ્વાળાઓમાં શેકાતું લાગે છે. માનવી સુખના છાંયડામાં ક્યાંયે બેઠો હોય એમ લાગતું નથી ? માનવી મનમાં શેતો, પોતાની જાતને કોસતો લાગે છે. માનવી માનવી મટીને કયે માર્ગે પગરણ કરી રહ્યો છે-કશું જ કળાતું નથી. સુસભ્ય, સંસ્કારી ગણાતો માનવ હિંસાનું મહાતાંડવ ખેલી નાંખે છે. ...ખૂનામરકી, મારફાડ, ચોરી, અનીતિભર્યાં મહાકુકર્મોની કાળી પોથી ભરતાં તેને વાર લાગતી નથી. માનવીની આવી નીચ પ્રવૃત્તિઓ પર, મનની કાળી બાજુ પર ધ્યાન કેન્દ્રિત કરતાં એક વસ્તુ સ્પષ્ટ ઉપસી આવે છે કે માનવી માનવી છે ખરો કે પેલો શબ્દ કિન્નર– किम् नरः ? આ તે કેવો માનવ ! –સાર્થક થતો લાગે છે ?

આ ધૂંધળા વાતાવરણની આરપાર જોતાં એક બીજું દૃશ્ય પણ કોતરાઇ જાય છે. એક સંન્યાસી, ત્યાગી, સાચો સમાજ-સેવક, હજારોની સંખ્યામાં એકત્રિત થયેલી મેદનીને સંબોધે છે. ત્યાં પોલીસ નથી, કોઈ પણ નિયંત્રણ નથી છતાં યે અનેક કોમનાં માનવો એકઠાં મળીને મંત્રમુગ્ધ બનીને મધુરવાણીનું રસપાન કરી રહ્યા છે. આટલાં બધાં હૈયાં પર નિયંત્રણ કોણ કરે છે ? પેલા સાધુની સાધુતા, ફકીરની ફકીરી, સાચી સેવા કે ત્યાગ. ગમે તે હો પણ મને તો તેમાં હૃદયનો અખંડ વિસ્તાર કારણભૂત હોય એમ લાગે છે. ત્યાં મમત્વ નિઃશેષ થતું લાગે છે.

'अयं निजः परो वेत्ति लघुचेतसाम्' ની લઘુભાવના ત્યાં વરતાતી નથી. હૃદયની અપાર સંપત્તિ ધરાવતા આ મહામાનવો માનવમાં પરાયાપણું જોઈ શકતા નથી. તેમને મન સૌ કોઈ તેમનું છે સમાજમાં આમ બે ધારાઓ સ્પષ્ટ વહેતી દેખાય છે. એક ઘર્ષણ પેદા કરવામાં જ રાચે–પાપાચારમાં જ આનંદ પામે છે. તો બીજી પ્રવૃત્તિ આ પાપીઓના હૈયા-માંથી કાળાશ ધોઇને તેમને પુણ્યશાળી બનાવે છે. પશ્ચાતાપના કોઇ ઊંડા ઝરણમાં તેમને અંઘોળ કરાવે છે. એકમાં અપાર હૃદયસંપત્તિ ભરી છે. બીજામાં તેનું એક બુંદ પણ નથી. આ અસહ્ય પરિસ્થિતિ માટે શું કરવું ? મને લાગે છે. કે માનવી માનવીને પામી શકતો નથી–ઓળખી શકતો નથી. માનવી બીજાના હૈયા સુધી પહોંચવામાં અસમર્થ છે. માનવી ભલે ચદ્રની સપાટી સુધી પહોંચી શકયો છે પણ બાજુમાં જ રહેતા પોતાના પાડોશીના હૈયાની કોર સુધી કયારેય પણ પહોંચી શકતો નથી. આ માનવીની મોટી લાચારી છે. કોઇએ કહ્યું છે કે માનવીએ જેટલો ખર્ચ બીજી બાબતોમાં કર્યો છે એટલો સામાજિક સંબંધો સુધારવામાં કર્યો નથી. તો કોઈ એમ કહે છે કે આપણે આપણા સામાજિક રૂઢિગત રિવાજોને સમયના સાદ પ્રમાણે પરિવર્તનશીલ નહીં બનાવીએ તો તેમને એક દિવસ આપણા લોહીથી ધોવા પડશે... આ બધી ભૂલો છે...માનવમનની વિકૃતિઓને દૂર કરવા સમજવા માટે માનવીને સમજવો એ જ એક માત્ર સાચો ઉકેલ છે. તેથી માનવીને માનવીના સાચા સ્વરૂપમાં પામવા માટે સાહિત્યસેવન સાહિત્યશરણ જરૂરી છે. તે સૃષ્ટિમાં રહેલો માનવી વ્યવહારના માનવીથી આદર્શઘેલો લાગે, સત્યપૂત આદર્શગ્રસ્ત વ્યવહારમુખ લાગે, છતાં યે પ્રેરણાનાં અનેક સ્ત્રોત તેના હૈયામાં, આચરણમાં કે કર્તવ્યોમાંથી વહેતાં હશે. કોઇએ કહ્યું છે કે સાહિત્યના આસ્વાદ પછી માનવનું વર્તન વ્યવહારમાં કાંઈક જુદું હોય છે. કારણ કે તેના અનુભવો પાછળ રહસ્યો પડ્યાં હોય છે. વ્યવહારમાંનો અનુભવ માત્ર અનુભવ જ હોય છે, જ્યારે સાહિત્યસૃષ્ટિનો અનુભવ સરહસ્ય હોય છે. સાહિત્યના સેવનથી માનવીમાં વિચારદૃષ્ટિ ખીલે છે, વિવેકભાન કેળવાય છે, સારાસારનો ખ્યાલ સ્પષ્ટ થતો જાય ને પરિણામે દુર્યોધન મહાભારતમાં જે દ્વિધા–

> जानामि धर्मं न च मे व प्रवृत्तिः
> जानामि अधर्मं न च मे निवृत्तिः ।

માં ઝૂલે છે, તેનાથી સાહિત્યશીલ માનવી પાર ઉતરી જાય છે. તેના કર્તવ્યનો માર્ગ તેના માટે સ્પષ્ટ હોય છે. જીવન-કર્તવ્યની લક્ષ્મણરેખાને પાર કરી જવાનો તેને વખત આવતો નથી.

આ કર્તવ્યદીક્ષા માટે કેળવણી પણ મહત્ત્વનું અંગ છે. કોઇએ કહ્યું છે કે કેળવણી પામેલો આજનો માનવ અને ગુફાયુગનો માનવ બંનેમાં કંઇ જ ફરક હોય તેમ લાગતું નથી. આ વક્તવ્યના હાર્દમાં શું છે ? કેળવણીએ માનવીની ઊર્મિને બુદ્ધિના સારાસારના, કર્તવ્યાકર્તવ્યના નિયંત્રણથી સાચે માર્ગે ચાલવાની કોઇ સમજ આપી નથી. કેળવણીએ બુદ્ધિનો જેટલો વિસ્તાર સાધ્યો છે, બુદ્ધિને જેટલી તાલીમ આપી છે તેટલી કદાચ ઊર્મિને આપી નથી. પરિણામે ગુફામાનવ અને 'Sky Scrapper' માં વસતા માનવીની ઊર્મિ એક જ સ્થિતિમાં છે. ઊર્મિમાંનું જંગલીપણું દૂર થયું નથી, તેને સંસ્કાર મળ્યા નથી. આથી કેળવણીના માળખામાં પણ ઊર્મિને સ્થાન મળે, ઊર્મિનું ઘડતર થાય તે જરૂરી છે. માત્ર ઊર્મિ-માંદ્ય કે ઊર્મિલતા નહીં પણ ઊર્મિ અને બુદ્ધિ વચ્ચે કોઈ સમતુલા આવે તેવી કેળવણીની આવશ્યકતા છે. આંધળી ઊર્મિ અને જડ બુદ્ધિ માનવીને અવળે રસ્તે દોરી જાય છે. કોઈ કવિએ કહ્યું કે મને દેશનાં ગીત બનાવવાની છૂટ આપો, પછી

[ અનુસંધાન પાન સાત ઉપર ચાલુ ]

[ પાન નં. ૬ નું ચાલુ ]

કાયદાશાસ્ત્રીઓ ગમે તે નીતિનિયમો બનાવે, ગમે તે કાયદા બનાવે, મને તેની પરવા નથી.

માનવી માનવી પર ધાકધમકી કે કાયદાકાનૂનથી પોતાનું પ્રભુત્વ જમાવે છે. પણ સાચું પ્રભુત્વ તો હૃદયના સામ્રાજ્યમાં વિરાજિત છે. હૃદય જીતી શકાય તો ઘણું બધું છે. આ હૃદય જીતવા માટે સામે હૃદય જ આપી શકાય. અને હૃદયનો વિનિમય એટલે પ્રેમનો વિનિમય. કવિ કાન્તે પણ 'પ્રેમ છે, માટે પ્રેમ માગી શકું નહીં!'– કહીને માનવજીવનમાં પ્રેમને સારસર્વસ્વ માને છે. હૈયાના અતલ ઊંડાણમાંથી લાગણી જનમે, સાચી લાગણી હોય તો માનવીના હૈયાને સ્પર્શી જાય છે. લાગણીનો સ્પર્શ તેના વિસ્તાર પર છે. તેથી કોઈ કવિ કહે છે–

આપણી સરહદો ક્યાં સુધી?
લાગણી પહોંચે ત્યાં સુધી.

પ્રાકૃતિક, ભૌગોલિક કે માનવરચિત સરહદોને પણ માનવીની લાગણી વળોટી જાય છે. લાગણીને કશાં જ બંધન નથી. આ લાગણીનો સચ્ચાઈભર્યો રણકાર ઉઠેતો માનવતાની વસંત મ્હોરી ઊઠે, માનવજીવનની કુંજોમાં રસની છોળો ઉડે ને હૃદયસંપત્તિથી માનવજીવન ભર્યુંભર્યું, મઘમઘતું બની રહે.

---

"તમારા ચંપલ બરાબર ચાલતા નથી. આ વખતે તો સરસ ચાલે તેવાં આપજો."

ચંપલનો ઢગલો કરી બોલ્યો. જે પસંદ પડે તે લઈ લ્યો."

એક જોડ હાથમાં લઈને પસંદ પડતાં પુનઃ પૂછ્યું, આ ચાલશે ને?

આ સાંભળી રહેલા બીજા એક જણ બોલી ઊઠયા,

"એ ચંપલ તો કંઈ નહિ ચાલે, તે પહેરીને ચાલવાનું તો તારે જ છે."

... ... ... ... ... ...

"આ દીવો ખટકે છે, જપ પડવા નહિ દે." ચાલુ કામે ઉંઘવા પ્રયત્ન કરતા ભાઈએ ફરિયાદ કરી.

"આ તો બહારનો છે. અંદર હોય તો તમારું શું થાય?" કામ કરી રહેલા ભાઈ બોલી ઉઠયા.

ત્રીજી વ્યક્તિ બોલી "અંદર પ્રગટે તો જરા પણ જપ ન વળે."

ઉઘવાનો પ્રયત્ન કરતા ભાઈ બોલ્યો, "બુદ્ધની જેમ." કામ કરતા ભાઈએ કહ્યું "નિરાંત થઈ જાય! ખરું ને?"

# અનુભવ નાનો, ટકોરો વિશાળ

કાશીમાં એક વખત સ્વામી વિવેકાનંદ દુર્ગામંદિરેથી પાછા ફરી રહ્યા હતા ત્યારે વાંદરાઓનું એક ટોળું એમની પાછળ પડ્યું. સ્વામીજીએ દોટ મૂકી. એક વૃદ્ધ સંન્યાસીએ સ્વામીજીને આમ દોડતા જોઈ બૂમ પાડીને કહ્યું: "ભાગો નહીં, ભાગો નહીં; પશુઓનો હંમેશાં સામનો કરો." આ શબ્દોએ સ્વામીજી ઉપર જાદુઈ અસર કરી. એમની બીક અદૃશ્ય થઈ ગઈ. એ સામે થયા અને વાંદરાઓ તરત જ નાસી ગયા. આ નાનકડા અનુભવને આધારે સ્વામીજીએ જીવનમાં એક વિશાળ સત્ય તારવ્યું. એના આધારે જ ન્યુયોર્કના એમના એક પ્રવચનમાં એમણે કહ્યું: "કુદરતની સામે થાઓ! અજ્ઞાનનો સામનો કરો! માયાની સામે થાઓ! એનાથી કદી ભાગો નહીં!"

નાના નાના અનુભવોમાં જીવનનાં વિશાળ રહસ્યો ઉપર ટકોરો મારવાની તાકાત છે. રસ્તે ચાલતાં મને પગમાં કાચ વાગે તો મને સહેજે સમજાય કે રસ્તામાં કાચ ન ફેંકાય અને એટલા ઉપરથી હું આપોઆપ જાણું કે રસ્તામાં કાંટો ન નંખાય, રસ્તામાં લોખંડની કરચ કે ખીલી ન નંખાય, રસ્તામાં કેળાની છાલ ન નંખાય કારણ કે હું જાણું છું કે આ બધી ચીજોમાં નુકશાન કરવાનો સમાન ગુણ છે. આટલા ઉપરથી હું એ પણ જાણી શકું કે જે જે ચીજો માનવ શરીરને નુકસાનકર્તા હોય એ મારાથી કોઈને નુકસાન પહોંચે એ રીતે ન નંખાય... આ જ્ઞાન આવ્યું કયાંથી? અનુભવ તો માત્ર કાચ વાગવા પૂરતો હતો. પણ એ નાના અનુભવે બીજા રહસ્યો પણ ખુલ્લાં કર્યાં. અનુભવ આપણને જે જ્ઞાન આપે છે તે માત્ર સ્થૂળ મર્યાદાઓમાં સીમિત રહેતો નથી. એ જીવન અને આત્માને ઊંચે લઈ જાય એવું પોષકબળ પણ આપે છે. સ્વામીજીને વાંદરાઓનો સામનો કરવાનો એક સામાન્ય અનુભવ થયો પણ એમાંથી, આપણે ધારીએ તો અજ્ઞાન અને માયાનો સામનો કરીને જરૂર હઠાવી શકીએ એવા આધ્યાત્મિક બળ-પ્રાપ્તિની પ્રેરણા મળી.

અનુભવ માનવીના જીવનને સમૃદ્ધ બનાવે છે. એનું ચારિત્ર્ય ઘડે છે. રણમાં ભટકતો બેદુઈન પોતાના અનુભવથી પાણી અને ખોરાકની મુશ્કેલી સમજે છે અને એથી જ પોતાની સ્થિતિમાં મૂકાયેલાનું પ્રેમપૂર્વક આતિથ્ય કરે છે.

**( ગૃહપતિની કલમેથી )**

લોકસેવકનું કામ સ્તુતિ તરફ જોવાનું નથી. નથી નિંદાથી ડરવાનું. જે સ્તુતિથી ફુલાય છે ને નિંદાથી કરમાય છે, તેનાથી ખરી સેવા થતી નથી. સેવકની સ્તુતિ સેવામાં જ છે.

—ગાંધીજી

[ પાંચમા પેજનું ચાલુ ]

જે કંઇ અનાજ પાઇ પૈસો મળતો તે સંસ્થામાં પહોંચાડતા. એમને મન આ સંસ્થા એમની જીવતી જાગતી સ્વજન હતી. તેઓ વખતોવખત કડીની સંસ્થાની મુલાકાત લેતા અને તેના કાર્યમાં મદદ કરતા. તેના વ્યવસ્થાપક મંડળમાં વર્ષો સુધી તેઓ રહ્યા હતા.

કામ એજ એમનું જીવન એજ એમનો જીવનમંત્ર હતો. એમને એક મીનીટ નવરા તમે જોઇ શકો નહીં. ઘરમાં હોય તો બાળકો સાથે શિક્ષણનું કામ કરતા. ઘરનાં નાનાં મોટા કામ કરવામાં તેઓ નાનમ માનતા નહોતા. ખેતરે જાય ત્યારે વાઢવા લણવાથી માંડીને ઘાસનો ભારો માથે મૂકીને જાતે ઉપાડી ઘેર આવતા. ચોરામાં પોલીસ પટેલ, મુખી અને મહેતાનું કામ કરતા. તેઓ એમ માનતા કે આ બધાં કામોમાં કોઈ કામ અધુરું કે ઓછું ઉતર્યું તો તેની જવાબદારી તેમની છે.

પાછળથી તેઓ તાલુકા પંચાયતના અધ્યક્ષ થયેલા. ગામડે ગામડે ફરીને ગામડાઓમાં કૂવા હવાડા અને ગામોપયોગી કાર્યો કરવાનાં હોય એ પોતે જાતે ઉભા રહીને કરાવતા. અને એથી ગામના કાર્યકર્તાઓ તથા મુખીઓના પરિચયમાં આવતા. અને પોતાના વિચારોનો અંગત સંપર્ક અને કાર્ય દ્વારા જ પ્રચાર કરતા. આજે હૈયાત વૃદ્ધજનો એમના કાર્યોને યાદ કરે છે.

કર્મયોગ સાથે એમનું જીવન આધ્યાત્મિક પણ હતું. રોજ સવારે વહેલા ઉઠીને સ્નાન કરી પૂજાપાઠ કરતા, ગીતા અધ્યયન નિયમિત કરતા અને મહાત્માજીના કર્મયોગને સમજવા પ્રયત્ન કરતા. સાંજે આજુબાજુના વૃદ્ધ સ્ત્રીપુરુષોને એકઠા કરીને દેશના સમાચારો, કથાવાર્તા, ભાગવત, રામાયણ અને મહાભારત પણ વાંચતા. તેઓ બાવાઓ અને ભિખારીઓના વિરોધી હતા. પણ સાધુ સંત અને સદાચારી બ્રાહ્મણોનું માન સાચવતા.

તેઓ સમાજ સુધારક, શિક્ષણપ્રસારક, સહકારી પ્રવૃત્તિના ચલાવનાર, ખેતી સુધારક, પુસ્તકાલય અને આર્થિક બાબતોના એક આદ્ય કાર્યકર–જ્યોતિધર હતા.

તેમના પુત્ર શ્રી ચુનીભાઈ ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક થયેલાં તેમણે આ સંસ્થામાં આજીવન સ્વયંસેવક તરીકે જોડાઇને સંસ્થાની શરૂઆતના વર્ષોમાં સેવા આપી હતી. તેઓ હાલમાં મુંબાઈમાં પોતાનું સ્ટાન્ડર્ડ કેમીકલ એન્ડ ફાર્માસ્યુટીકલ કું નામનું કારખાનું ચલાવે છે. સેકેરીન બનાવનારાઓમાં તેઓની કંપની ભારતભરમાં જાણીતી છે. ઇન્દોરમાં પણ તેઓ કારખાનું ધરાવે છે. તેમના નાનાભાઇ ચિમનલાલે પણ પોતાનો ધંધો મુંબઇમાં સ્થાપ્યો છે. પરંતુ હાલમાં તેઓ વતનમાં રહી ખેતીવાડી વગેરે સારી રીતે સંભાળે છે.

---

## ગુજરાત ગોશાળા – કડીને
# મદદ કરવા વિનંતી

ગુજરાત ગોશાળાની ગાયો માટે ઘાસ તથા ખાણ માટે મદદ કરવા ધર્મપ્રેમી ભાઇ–બહેનોને વિનંતી કરવામાં આવે છે. આ કામ માટે ગુજરાત ગોશાળા તરફે માનદ ફંડ કરનાર શ્રી. જોઇતારામ કરશનદાસ પટેલ રે. ડરણ તા. કડીના આવે ત્યારે તેમને સહકાર આપી ફંડ ફાળામાં મદદ કરવા વિનંતી છે. <u>તેમજ ગામના આગેવાન ભાઈઓને તથા ગોપ્રેમી ભાઈ–બહેનોને જાતે થઇને પણ ઘાસ તથા ખાણનો ફાળો નીચેના સ્થળે મોકલી આપવા વિનંતી છે.</u> અમને નીચેના સ્થળે જણાવવામાં આવશે તો લઈ જવા માટે વ્યવસ્થા કરવામાં આવશે.

**વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ**
મંત્રી
ગુજરાત ગોશાળા–**કડી** (ઉ. ગુ)

**ગોશાળાનું સ્થળ :** આદુંદરાની સીમમાં, કડીથી આદુંદરાના રસ્તા ઉપર.

**ઓફીસનું સ્થળ :** વિદ્યાર્થી આશ્રમ, રેલ્વે સ્ટેશન સામે, કડી (ઉ. ગુ)

# સમાચાર

આ સંસ્થાના વિદ્યાર્થી શ્રી નટવરલાલ બબલદાસ પટેલ (રે. કોરડા તા. કડી) વધુ અભ્યાસ માટે યુ. એસ. એ. જતા હોઇ તેમને વિદાય આપવાનો મેળાવડો શ્રીયુત નટવરલાલ અમૃતલાલ પટેલ (પ્રમુખ મહેસાણા ડી. સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી.) ના પ્રમુખપદે કોરડા મુકામે યોજવામાં આવ્યો હતો.

સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ–કડી તા. ૩–૧૧–૬૯ સોમવારથી દિવાળીની રજાઓ માટે બંધ થશે. અને રજાઓ પૂરી થતાં તા. ૨૩–૧૧–૬૯ સોમવારથી પુનઃ ચાલુ થશે.

સાયન્સ કૉલેજ, દિવાળીની રજાઓ પૂરી થતાં તા. ૧૭–૧૧–૬૯ ના રોજ ખુલશે.

જ્યુનિયર ટેકનીકલ સ્કૂલ પણ દિવાળીની રજાઓ પૂરી થતાં તા. ૧૭–૧૧–૬૯ ના રોજ ખુલશે.

પ્રિ. વૉકેશનલ ટ્રેઈનીંગ સેન્ટર દિવાળીની રજાઓ માટે તા. ૩-૧૧-૬૯ ના રોજ બંધ થઈ તા. ૨૩–૧૧–૬૯ ના રોજ ખુલશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૬-૧૦-૬૯ [ અંક ૮


## હે ! સેનાની દુર્લભ

રણજિત પટેલ 'અનામી'

હે વલ્લભ ! વલ્લભ.
તમે ખરા આર્ય,
ખરા કૃષિકાર.
પડતર પ્રજા-ચિત્ત-ધરા,
ધારી શકે બી જરાતરા.
તીણી આરે ખેડી ઊંડી
ખેતી કરી અભયની.
[illegible]ાટી અને મડાંમાંથી
ધબ્યા ત્હમે સિંહ.
કેવો પાક ! કેવો ફાલ !
નિહાલ ! નિહાલ !
હે કૃષિકાર !
ધરતી આધાર.
તમે ખરા આર્ય !
વલ્લભ, હે વલ્લભ !

હે વલ્લભ ! વલ્લભ.
સેનાની દુર્લભ.
સૈનિક ને સેનાની ઉભય,
સેવામય, ગાંધીમય.
વજ્રાદપિ કુસુમ-કોમલ.
શઠં પ્રતિ શાઠ્યમ્ એવો નય.
પ્રજા કેરા અતંદ્ર સેવક,
પ્રજા પ્રેરી મચ્યે તક.
સુખે દુઃખે સ્થિત પ્રજ્ઞ,
કશી વાતે નહીં અજ્ઞ.



મૃત્યુ-મુખે ધસી જતાં
સેનાનીને કશી બ્હીક ?
મોરચે અનેક દોરી પ્રજા,
ધરી દીધી વિજયની ધજા.
સેનાની દુર્લભ !
વલ્લભ, હે વલ્લભ !

હે વલ્લભ ! વલ્લભ.
ભારતની એકતાના
ઘડવૈયા દુર્લભ.
આંગ્લ-ફૂટ-નયે મળ્યું રાષ્ટ્ર કેવું ખંડિત !
દેશી રજવાડે વિભાજિત.

[ આઠમા પાન ઉપર ચાલુ ]

## દિવાળી અને નૂતન વર્ષ નાં અભિનંદન

આ મંગળકારી નૂતન વર્ષ આપને અને આપના કુટુમ્બને યશસ્વી, સુખકારી અને લાભદાયી નિવડો એવી જગતનિયંતા પરમેશ્વર પ્રત્યે અમારી પ્રાર્થનાછે.

નૂતન વર્ષના મંગળ પ્રભાતે આ શિક્ષણ સંસ્થાને દિવાળીની બોણી તરીકે ભેટ આપી કેળવણીના કાર્યને ઉત્તેજન આપશો એવી આશા છે.

卐 卐 卐

### : અંક બંધ :

દિવાળી તહેવારોને કારણે તા. ૧૩-૧૧-૬૯ના રોજ સુવર્ણ જયંતીનો અંક પ્રસિદ્ધ થશે નહિ. હવે પછીનો અંક તા. ૨૦-૧૧-૬૯ના રોજ પ્રસિદ્ધ થશે તેની નોંધ લેવા વાચકોને વિનંતી છે.

## " ઑહ, બિચારો..... ! " —રૉય

**આળસ** મરડી બગાસુ ખાતા મેં એની તરફ જોયું. સવારની ચા પીતા પીતા એ મારી સામે જોઈ રહ્યો હતો. એની દૃષ્ટિમાં વિચિત્ર ચમક વર્તાતી હતી.

"ગુડ મોર્નિંગ ......" એણે કહ્યું અને ક્ષીણ હસ્યો.

"ગુડ મોર્નિંગ ......" મેં સહેજ હાથ ઊંચો કર્યો.

નર્સ મારા પાંજરામાંથી બ્રશ અને પેસ્ટ કાઢી આપતી ગઈ. મેં બ્રશ કરવા માંડયું.

"તમને ખબર છે, ગઇ રાત્રે શું બન્યું એ ? બન્યું એવું કે અચાનક હું જાગી ગયો. તમારા પલંગ પાસે એક રાની બિલાડાને જોઈ હું ચોંકયો. આવો જબરદસ્ત બિલાડો મેં આજ દિન સુધી જોયો નથી."

એની વાત સાંભળી મારા હાથમાં બ્રશ થંભી ગયું. આગળ જાણવાની ઇચ્છા બળવત્તર બની.

ચાનો ગ્લાસ સ્ટુલ ઉપર મૂકી એ ઓશિકાને ટેકે બેઠો. આંખો મીંચી દીધી. હું એકટક એને જોઇ રહ્યો. બ્રશ ધીરે ધીરે ફરતું થયું.

"બિલાડાનો ઘૂરકાટ વિચિત્ર હતો. તમારા પાંજરાને ખોલવા એ પંજા મારતો હતો. હું તમને જગાડવા, બુમ પાડવા વિચારતો હતો. ત્યાં એ મને જાગેલો જોઈ, સહેજ ઘૂરકી ઝડપથી જતો રહ્યો ......"

"બિલાડો પાંજરૂં ઉઘાડી દૂધ પી ગયો હતો કે ?!" સામે છેડે બીજા દર્દીનું ટેમ્પરેચર માપતી નર્સ ચોંકી; અને અમારી પાસે દોડી આવી પૂછ્યું. એની વિસ્ફારિત આંખોમાં નર્યો ભય દેખાતો હતો.

"ના ......" પેલાએ મીંચેલી આંખે જ જવાબ દીધો. મેં પણ નકારમાં ડોકું ધૂણાવ્યું.

"થેન્ક ગૉડ ......" અને કંઇક બબડતી એ જતી રહી.

ચારેક દિવસ પછીની સવારે ઊઠયો. હવામાં બગાસુ તરતું મૂકતા એ તરફ જોયું. ચમકયો, પલંગ ખાલી હતો. નર્સને પૂછવા કરતો હતો ત્યાં એ, એની જગ્યાએ ફરજ ઉપર આવેલી નર્સને કહી રહી હતી ...... ગઇ રાત્રે ફરીથી પેલો મનહૂસ બિલાડો આવ્યો હતો. અને એનું પાંજરૂં ઉઘાડી દૂધ પી ગયો ...... સવારે તો .........

અવાજમાં કંપ હતો ને આંખોમાં ભય.

"ઑહ, બિચારો; ચ્ ... ચ્ ... ચ્..." નવાગન્તુક ડરની મારી ખુરશીમાં ફસડાઇ પડી.

---

## જહન્નમ

○ મો.

સ્નેહીની ચિઠ્ઠી વાંચી રહ્યા પછી કૃષ્ણદાસ એ જુવાન સામે જોઈ રહ્યા.

ગ્રેજ્યુએટ થયા પછી નોકરીની શોધમાં બાર મહિના એ બરોબર રખડ્યો હતો. આખરે 'કારખાનું તો કારખાનું' એમ કહીને કૃષ્ણદાસના મિત્રની ચિઠ્ઠી લઇને એ અહીં આવ્યો હતો.

કૃષ્ણદાસને બહુ ભણેલા માણસનો ખપ નહોતો. એમનો પત્રવ્યવહાર મોટે ભાગે ગુજરાતીમાં થતો. સેલ્સટેકસ અને ઇન્કમટેકસનાં ફોર્મ તો એ એક્સપર્ટ પાસે ભરાવી લેતા. એમણે કહ્યું: "તમારી મરજી હોય તો આવી જાઓ કાલથી."

રમેશે અંદર જોયું. અનેક પ્રકારના અવાજોથી ધમરોળ મચી રહી હતી. લોખંડનાં શીટસ્ પછડાતાં હતાં, હથોડા ટીપાતા હતા, શેપીંગ મશીનના ખટકારાનો અવાજ છૂટી ઈંટોની માફક લમણા ઉપર ઝીંકાતો હતો, પાઇપો ઉપર આંટા પાડતો લેથ ચીસો પાડતો હતો.

કૃષ્ણદાસ એનું મન પામ્યા હોય એમ વળી બોલ્યા: "તમને અહીં બીજી કોઇ તકલીફ નહીં પડે એની ખાતરી રાખજો."

કૃષ્ણદાસની વાત સાચી હતી. અહીં કોઇને તકલીફ નહોતી. આ એક એવું કારખાનું હતું જ્યાં કારીગર અને માલિક વચ્ચે કોઇ ઝઘડો નોંધાયો નહોતો. બધાને મનમાન્યો પગાર મળતો હતો. બોનસ પણ ખૂબ મળતું હતું સૌ પ્રેમના એક મજબૂત તંતૂથી બંધાયા હતા.

થોડાક સ્વાભાવિક સંકોચથી રમેશે પૂછ્યું: "પગાર શો મળશે ?"

"ગ્રેજ્યુએટ છો એટલે એ પ્રમાણે તો મળશે જ ને ! એની ચિંતા તમે ન કરતા. તમને મનમાન્યો પગાર જરૂર મળી રહેશે.

હાલ પૂરતો આ સોદો કંઇ ખોટો નથી એમ વિચારી રમેશે હા ભણી દીધી અને નોકરીએ લાગી ગયો.

... અને નોકરીની ખોજ ચાલુ રાખી. એને આ માટે રજાઓની ઠીક ઠીક જરૂર પડતી. કૃષ્ણદાસ એ ખુશીથી આપતા. એડવાન્સ આપી સહાય પણ કરતા.

ટેબલ ઉપર બેસીને રમેશ થોકબંધ અરજીઓ અને મિત્રોને પત્રો લખતો. વળતી ટપાલ પણ એને એટલી જ આવતી. ટપાલ આવે ત્યારે કૃષ્ણદાસ એની ટપાલ કાળજીપૂર્વક જુદી પાડતા અને એને સોંપતા.

[ અનુસંધાન પાન આઠ ઉપર ]

# तस्मै श्री गुरवे नमः ।

રણજિત પટેલ (અનામી)

ઈ. સ. ૧૯૨૯ થી ૧૯૩૪ સુધી હું સર્વ વિદ્યાલયનો વિદ્યાર્થી હતો. ઇ. સ. ૧૯૩૬–૩૭ માં એ જ માતૃસંસ્થામાં (Alma Mater) શિક્ષક પણ હતો. તે સમયના શિક્ષક-ગણમાં, 'યાત્રિક' અને 'પરિમલ'ના તખલ્લુસથી (Pen-name) કાવ્યો અને લેખો લખનાર થામણાના શ્રી ઉમેદભાઈ ૨. પટેલ પણ એક નિષ્ઠાવાન શિક્ષક હતા. અમારી હળવી ક્ષણોમાં અમોએ ગંભીર રીતે, તે સમયના સંસ્થાના કેટલાક મહારથીઓ સંબંધે કેટલાંક કાવ્યો (?)– ના, પદ્ય–જોડકણાં રચેલાં. શ્રી બાપુભાઇ, શ્રી પોપટભાઇ અને શ્રી છગનભાઇ એ ત્રિપુટીને ઉદ્દેશીને લખાયેલું જોડકણું આજે તેત્રીસ વર્ષે પણ મને યાદ છે :

"તમે રે સંસ્થાના થાંભલા, અમે નળિયાંની ધૂળ,
વાયરા વાશે ને ઉડી જશું, ઊંડા તમારાં મૂળ.
તમે રે... ... "

'તમે રે સંસ્થાના થાંભલા' અને 'ઊંડાં તમારાં મૂળ'– આ બે ચરણો મને આજે પણ એટલાં જ સાચાં લાગે છે.

બ્રહ્મા–વિષ્ણુ–મહેશ આપણી દેવ–ત્રિપુટી. બીજા વિશ્વયુદ્ધ ટાણે–ચર્ચીલ, રૂઝવેલ્ટ, સ્ટેલીન– મિત્ર રાજ્યોની એ રાજપુરુષ ત્રિપુટી પ્રસિદ્ધ હતી. ૧૯૪૫ માં હું વડોદરાની બી ટી. કૉલેજમાં ભણતો ત્યારે સર્વશ્રી મેનન– મુખરજી– છત્રેની (Big Three) ત્રિપુટીએ વિદ્યાર્થી–આલમનું ધ્યાન ખેંચેલું. કડી સર્વવિદ્યાલયમાં સર્વશ્રી બાપુભાઇ, પોપટભાઇ, છગનભાઇની ત્રિપુટી પણ વિદ્યાર્થી–સમાજમાં ઠીકઠીક ધ્યાનપાત્ર બનેલી. આ ત્રિપુટીમાંના એક શ્રી બાપુભાઇ વિ. ગામી અમારા આચાર્ય હતા.

આમ તો આચાર્ય શબ્દ ખૂબ ગંભીર અર્થનો વાહક અને દ્યોતક છે.

आचिनोति हि शास्त्रार्थम् आचारे स्थापयति उत ।
स्वयमाचरते यस्तु स आचार्यः प्रचक्षते ॥

શ્રી ગામી સંસ્કૃત–અંગ્રેજી વિષયો લઇ ઓનર્સ ગ્રેજ્યુએટ થયેલા. વેદ–ઉપનિષદ–ગીતાનો તેમનો અભ્યાસ સારો હતો. પ્રસ્થાનત્રયી પર ભાષ્ય લખે એ આચાર્ય– એ અર્થમાં આચાર્ય નહીં પણ વિવિધ શાસ્ત્રોમાંથી રહસ્યશોધન કરવું, જીવન-વ્યવહારમાં વિવેકપૂર્વક એનો સમ્યક્ સમાસ કરવો અને મુખ્યતઃ, જીવનમાં એનું આચરણ કરવું – એ અર્થમાં શ્રી ગામી ખરેખર આચાર્ય હતા.



સ્વ. આચાર્ય બાપુભાઇ ગામી

મહારાષ્ટ્રમાં નામદાર ગોખલે અને લોકમાન્ય તિલક જેવાઓએ ભારત સેવક સમાજ જેવી સેવાભાવી સંસ્થા સ્થાપેલી. સૂરત એજ્યુકેશન સોસાયટી જેવી સંસ્થાઓ સેવા-ભાવથી કેળવણીનું કામ કરતી હતી અને આજે ય કરે છે. ઉપર્યુક્ત સંસ્થાઓમાં આજીવન સેવકો–સેવાની ભાવનાથી કામ કરતા હતા. તેવી રીતે આ સંસ્થાના સ્વયંસેવક મંડળમાં આ ત્રિપુટી ઉચ્ચ સેવાભાવથી કામ કરતી હતી.

## [ ૧ ]

શ્રી ગામીની આર્થિક સ્થિતિ સારી નહોતી પણ જીવનમાં તે કદાપિ અર્થ–દાસ નહોતા. એમના યોગે ગરીબાઈ પણ ગરીબ બનતી. સાદું જીવન અને ઉચ્ચ વિચાર (Simple living and High thinking) એ એમનું જીવન સૂત્ર હતું.

બુદ્ધનાં નયનોની કરુણાનો કેટલોક અંશ એમનાં નયનોમાં હતો. કોઈના પ્રત્યે પણ એમને અસદ્ભાવ હશે કે કેમ એ જ મારે મન પ્રશ્ન છે. પ્રેયસ્ કરતાં શ્રેયસ્‌ને વરેલો એમનો આ-ત્મા હતો. સંસારની વ્યવહાર–પ્રાપ્ત અને શિક્ષણની પારમાર્થિક ફરજો એ નિષ્ઠા અને આનંદપૂર્વક બજાવતા હતા પણ એમની લગની દિવ્ય વસ્તુઓમાં નિરંતર લાગેલી રહેતી. એમણે સ્વીકારેલો વ્યવસાય આજીવિકા–પ્રાપ્તિના સ્થૂલ સાધન કરતાં આત્માના શ્રેયનું સૂક્ષ્મ સાધન વિશેષતઃ હતું.

શિષ્યોનો ઉત્તરોત્તર વિકાસ એ જ એમનો પરમ ને સાત્ત્વિક આનંદ હતો. સંસ્કૃત કે અંગ્રેજી શિખવતાં એમને



આચાર્ય શ્રી છગનભાઇ

ણ આત્માભિવ્યક્તિનો આનંદ આવતો. શિષ્યોને જોતાં જ એમને શિખવવાનો લ્હાનો ચઢતો. કોઇ સામાન્ય વસ્તુ, અસામાન્ય અંશે, જડ વિદ્યાર્થીને સમજાય નહીં ત્યારે એમનો પિત્તો જતો અને માત્ર આટલું જ બોલતા "આમાં શા મોટા વેદ ભણવાના છે તે સમજાતું નથી!"

ઉત્તમ મધ્યમ અને કનિષ્ટ વિદ્યાર્થીઓને ખ્યાલમાં રાખી પ્રત્યેક કક્ષાના વિદ્યાર્થીને કંઇક ને કંઇક મળી રહે એવી શિક્ષણ-વિતરણની એમની પદ્ધતિ હતી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ગુપ્ત-સુપ્ત શક્તિઓની અભિવ્યક્તિ માટે તે સદાય જાગ્રત રહેતા. સુંદરને ચાહવું, અસુન્દરને નીંદવું, સુષ્ઠુને ઉત્તેજવું, હર્ષને ઉપેક્ષવું—એવી સુરુચિની કેળવણી, એમનાં વૃત્તિ-વલણ-વર્તન-વાણી અને ઇંગિતમાંથી આપોઆપ મળી રહેતી.

એમના આચાર-વિચારમાં અદ્‌ભુત એકતા હતી. એમની જ્ઞાન મર્યાદાઓને અતિક્રમવા એ નિત્યજાગ્રત રહેતા. એમને અને દંભને આડવેર હતું. પોતાથી કે અન્યથી કોઇને પણ થતા અન્યાય પ્રત્યે એમનો પુણ્યપ્રકોપ જાગી ઉઠતો. આત્માના વિકાસ સિવાય એમને કશામાં રસ કે મોહ નહોતો. મોટી રજાઓમાં તેઓ નિયમિત, મહર્ષિ અરવિંદના આશ્રમમાં રહેવા જતા. યોગ સાધનામાં આગળ વધેલા શ્રી અંબુભાઇ પુરાણી શ્રી ગીરધરલાલ અને શ્રી પૂન્જાલાલ દલવાડી સાથે તેમને સારો સંબંધ હતો. ટૂંકા આયુષ્યની અવધીમાં પણ તેમણે પારમાર્થિક જીવનના સૂક્ષ્મ ને સાત્ત્વિક પાથેયની ઠીકઠીક આરાધના-સાધના કરેલી. આવા આત્માર્થી આચાર્ય પામવા બદલ આજે ય તે હું ગૌરવ અનુભવું છું.

[ ૨ ]

આ પ્રખ્યાત શિક્ષક–ત્રિપુટીમાંના મારા બીજા ગુરુ તે લાડોલના રહીશ શ્રી છગનભાઈ કા. પટેલ. શ્રી છગનભાઇને પરોક્ષ રીતે તો હું ઈ. સ. ૧૯૨૯ પહેલાંથી ઓળખું. મારા કાકા શ્રી શંકરલાલ વર્ધમાનદાસ પટેલના એ મિત્ર. હજી એ બંને મિત્રોની સંયુક્ત છબિ મારા સ્વર્ગસ્થ કાકાને ઘરે છે.

શ્રી ગામી કરતાં શ્રી છગનભાઇ સાથે કામ કરવાના પ્રસંગો મારે ઝાઝા પડેલા. ૧૯૩૪ સુધી કડીમાં એમનો વિદ્યાર્થી. ૧૯૩૬ માં એમની સાથે કડીમાં શિક્ષક. ૧૯૪૪ માં હું એમ. એ. થયો અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળે પીલવાઇની શેઠ જી. સી. હાઇસ્કૂલમાં મેટ્રીકના વર્ગો શરૂ કર્યા ત્યારે શ્રી છગનભાઈ તેના આચાર્ય અને હું સહશિક્ષક. મુંબઇ યુનિવર્સિટી સંચાલિત મેટ્રીકની પરીક્ષાની કામગીરીમાં પણ અમો સાથે જ. હાઇસ્કૂલના શિક્ષક કરતાં કોલેજમાં મારે લેકચરર કે પ્રોફેસર તરીકે જવું જોઇએ એવી ઠેઠ ૧૯૪૪ માં શુભેચ્છા પૂર્વક સભાનતા કેળવવામાં તેમનો પ્રધાન હિસ્સો હતો. આજથી પચ્ચીસ વર્ષ પહેલાં તેમણે અંગ્રેજીમાં આપેલું સુંદર પ્રમાણપત્ર હજી પણ મેં સંઘરી રાખ્યું છે.

શ્રી બાપુભાઇ જેમ સંસ્કૃત–અગ્રેજીના સારા નિષ્ણાત તેમ જ શ્રી છગનભાઇ ગુજરાતી–હિન્દીના. અમારા સમયમાં તો તેઓ અંગ્રેજી વ્યાકરણના 'ખાં' ગણાતા. એ જમાનામાં એવું એક પણ ઉપલબ્ધ અંગ્રેજી વ્યાકરણ નહીં હોય જેનો સઘન અભ્યાસ છગનભાઇએ ન કર્યો હોય! સો ટકા પૂર્વતૈયારી વિના એ વર્ગમાં પ્રવેશે જ નહીં; અને વર્ગમાં પ્રવેશ્યા પછી 'ચોક'નો ખાંડો કાઢી નાખે. તાસ પૂરો થાય ત્યાં સુધી કૃષ્ણ-ફલક પર બસ લખ્યે જ રાખે, પ્રમાણમાં સ્થૂલ શરીર પરસેવે રેબઝેબ થાય, 'ચોક' નાં લાખ્ખો શ્વેત પરમાણુ પરસેવામાં ને વાતાવરણમાં ભળે પણ શિક્ષણ-વિતરણમાં તન્મય બનેલા શ્રી છગનભાઇ નિત્યની પ્રસન્ન મુખમુદ્રા ધારી દીધે રાખે.

"સમયનું લવ ભાન રહે નહીં
અવધિ અંકુશ સ્નેહ સહે નહીં"

આ બીજી પંક્તિમાં 'સ્નેહ' ને બદલે 'શિક્ષણ' શબ્દ મૂકીએ તો શ્રી છગનભાઇની તન્મયતાનો સાચો ખ્યાલ આવે.

શ્રી બાપુભાઇ અને શ્રી છગનભાઈમાં લેખનશક્તિ સારી પણ બાપુભાઈ ના-છૂટકે જ લખે જ્યારે છગનભાઇથી લખ્યા વિના ન રહેવાય. તે કાળે ચાલતાં અનેક હસ્તલિખિત માસિકો આની ગવાહી પૂરશે. શ્રી છગનભાઇ તો અનેક ઇનામી હરીફાઇઓમાં ભાગ લેતા અને વિજયી પણ થતા. 'ગ્રામપુનર્ઘટના' નામે એમનો દીર્ઘ ઇનામી લેખ વડોદરા રાજ્ય તરફથી પુસ્તકરૂપે પ્રગટ પણ થયો છે.

શ્રી બાપુભાઈ, મુંબઈ યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ જયારે શ્રી છગનભાઈ ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક (ભાષા વિશારદ) બાપુભાઇની જેમ તેઓ પણ અવારનવાર મહર્ષિ અરવિંદના આશ્રમમાં પોંડિચેરી જતા. આમ વિશ્વની તત્કાલીન (અને સાંપ્રત તેમજ ભાવિની પણ) બે મહાન વિભૂતિઓની પ્રત્યક્ષ પરોક્ષ અસર ને પ્રેરણા નીચે એમનું જીવન-ઘડતર થયું. કડીની સંસ્થામાં શરૂથી જ જે રાષ્ટ્રીયતાનો આવિર્ભાવ થયો તેમાં શ્રી છગનભાઇ અને શ્રી પોપટભાઇ જેવા ગાંધીજીની વિદ્યાપીઠમાં શિક્ષણ પામેલા સ્નાતકોનો સક્રિય ફાળો પણ ખરો. ગાંધીજીની ૧૯૩૧–૩૨ની રાષ્ટ્ર-વ્યાપી અસહકારની ચળવળમાં ભાગ લેવા બદલ છગનભાઇએ જેલનિવાસ પણ સ્વીકારેલો.

શિક્ષણકાર્ય ઉપરાંત છગનભાઇને ઘણીવાર મુખ્ય ગૃહપતિ તરીકેની કામગીરી પણ બજાવવી પડતી. અમારા સમયમાં ભારે કડક સ્વભાવના ગૃહપતિ તરીકે એમની ગણના થતી. ગમે તે કાર્યમાં એમનો ઉત્સાહ મોળો પડતો નહીં. એ તો સદાય પ્રસન્ન. વિદ્યાર્થીઓ સાથે સંઘર્ષ થયો હોય, સહકાર્યકર્તાઓમાં મતભેદ પડયો હોય, કોઇ સાંસારિક ઉપાધિ આવી પડી હોય છતાં યે હરકોઇ પરિસ્થિતિમાં તે પ્રસન્ન ચિત્ત રહી શકતા... ને વ્યવહાર-પ્રાપ્ત કર્તવ્ય પૂર્ણ નિષ્ઠાથી બજાવતા. એમના આખાબોલા અને વક્રોક્તિ પ્રધાન સ્વભાવને કારણે વિદ્યાર્થીઓ મર્યાદામાં રહેતા – થોડાક ડરતા પણ ખરા.

બાપુભાઇ ને છગનભાઇ બંનેયનાં કવિહૃદય. બંને ય ભક્તિ-નમ્ર પણ ખરા. બંનેયમાં સાધના-આરત પણ વત્તા ઓછા પ્રમાણમાં. બાપુભાઇની આધ્યાત્મિકતા, સ્થિર ગતિએ વહેતી સરિતા જેવી જયારે છગનભાઇમાં સાગર જેવાં ભરતી-ઓટ



લેખક : શ્રી અનામી



આચાર્ય શ્રી પોપટભાઈ

આવ્યાં કરે. આશ્રમ-પ્રાર્થના સમયે ઊંડી ગંભીરતાથી प्रातः स्मरामि हृदि संस्फुरद् आत्म - तत्त्वम् ગાતા-ગવડાવતા બાપુભાઇ અને દાસ કબીરનું, પૂરી તન્મયતાથી, 'ઝીની ઝીની બિની ચદરિયાં' ભજન ગાતા-ગવડાવતા છગનભાઇને આજે ય જયારે યાદ કરું છું ત્યારે ખાસ્સો ચાર દાયકાનો કાળનો પડદો હટી જાય છે ને મને મારા એ પુરાણા દિવસો (પુરા + નવ) જૂના પણ નવીન સંદર્ભમાં તાજા ને જીવંત લાગે છે.

શ્રી છગનભાઇને ભારત સરકારે ઈ. સ. ૧૯૬૪માં આદર્શ શિક્ષક તરીકેનો એવોર્ડ આપ્યો, પણ ઠીક ઠીક મોડો, એમ મને અંગત રીતે લાગે છે. એમના જ પ્રિય ભક્ત કવિ કબીરની નીચેની ત્રણ પંક્તિઓમાં એમના જીવન-કાર્યનું સાચુ પ્રતિબિંબ પડેલું મને દેખાય છે

"મન લાગો મેરો યાર ફકીરીમેં !
જો સુખ પાયો રામ ભજનમેં
સો સુખ નાહિં અમીરીમેં" ॥

અહીં 'ફકીરી' અને 'ભજન' એટલે, કેવળ શિક્ષણને જ વરેલા આજીવન શિક્ષકની, વિનયન અને શિક્ષણ-ભક્તિની ફકીરી સમજી લેવાની

# [ ૩ ]

મારા ત્રીજા ગુરુ તે લાંઘણજના શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ અમને એ ગણિત અને ભૂમિતિ શિખવતા. શ્રી છગનભાઇની માફક એય તે ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક, પણ અર્થશાસ્ત્રના વિષયમાં હાઇસ્કૂલમાં શિખવાતા અન્ય વિષયોની તુલનાએ ગણિતશાસ્ત્રનો વિષય પ્રમાણમાં નીરસ અને શુષ્ક

[ અનુસંધાન પાન ૬ ઉપર ]

[ પાન પાંચ પરનું ચાલુ ]

ગણાય છતાં યે શ્રી પોપટભાઈ એમના વિષયને સરળ અને રસિક બનાવવા નિત્ય જાગ્રત રહેતા. સ્વભાવે એ અત્યંત અલ્પભાષી, મિતભાષી પણ વર્ગમાં વિષયના અમૂર્ત ધ્યર્થને (Concept) વિશદ ને સ્પષ્ટ કરવા ભાષાનો વધુમાં વધુ ઉપયોગ કરતા. ગણિતના વિષયમાં જે દૃષ્ટાંતો આપે તેમાં પણ વ્યવહાર-જીવનની એમની સૂઝ અને શુદ્ધિ પ્રગટ થતાં. વર્ગમાં એ મિનિટે મિનિટ જીવન્ત લાગતા. એમની તીક્ષ્ણ દૃષ્ટિ પ્રત્યેક વિદ્યાર્થીના પ્રતિભાવની (Rosspronse) નોંધ લેતી. વ્યવહાર જીવનમાં સામાન્ય રીતે ગંભીર રહેતા ને લાગતા પોપટભાઈ, શિક્ષણ-વિતરણની જીવન્ત ક્ષણોમાં પ્રસન્ન-મુદ્રાળા લાગતા. કોઈપણ વિદ્યાર્થીની મુંઝવણને તે આશ્ચર્યકારક રીતે સમયસર પકડી પાડતા અને એ મુંઝવણ સો ટકા ટળે નહીં ત્યાં લગી અસામાન્ય ધીરજથી સમજાવ્યે જતા. છ વર્ષના મારા અભ્યાસકાળ દરમિયાન એમના સ્વસ્થ મિજાજની કમાન ક્યારેય છટકી હોય એવું મને સ્મરણ નથી. શિક્ષણકાર્ય કાજેની અનન્ય નિષ્ઠા અને વિદ્યાર્થીગણ માટેના નિર્વ્યાજ સ્નેહ સિવાય સ્વભાવની આ વિશિષ્ટતા સિદ્ધ કરી શકાય નહીં.

અમારા સમયમાં શ્રી પોપટભાઈની એક ધૂની શિક્ષક તરીકે ગણના થતી. એમના સહકાર્યકરો પણ કદાચ એમ જ માનતા હશે! એમની ધૂનમાં ડહાપણ નહોતું એમ નહીં કહી શકાય. એમની ધૂને કદાપિ સંસ્થાનું અહિત કર્યું હોય એમ હું માનતો નથી. આ ધૂન એ પણ ભાવનાની મસ્તીનું પરિણામ હતું. એમ મને સદાય લાગ્યું છે સરહદના ગાંધી અબ્દુલગફારખાનના લાલ ખમીશવાળા (Red Shirts) સ્વયંસેવકોની ગુજરાત ખાતે જે સત્યાગ્રહી ટુકડીઓએ અનેકવિધ પ્રવૃત્તિઓ ઉપાડેલી તેમાંની એક ટુકડીના નાયક તરીકે શ્રી પોપટભાઈએ પ્રશસ્ય કામગીરી બજાવેલી. એમની ટુકડીનો હું પણ એક અદનો સૈનિક હતો. દેત્રોજ, ભોયણી, વિરમગામ એ અમારી કર્મભૂમિ હતી. વિરમગામમાંથી અમારી ધરપકડ થયેલી. પંદર-સત્તર દિવસની કાચી જેલમાં પણ એમણે જે શાંતિ ને તિતિક્ષાપૂર્વક અનેકવિધ ત્રાસ ને કષ્ટ સહન કરેલાં અનો હું સાક્ષી છું. એ પછી સાબરમતી જેલમાં પણ અમે સાથે હતા. બે-અઢી માસ પછી એમની વિસાપુર જેલમાં બદલી થયેલી એવું મારું સ્મરણ છે. આ જેલ-નિવાસ દરમિયાન એમણે ઠીકઠીક સહન કર્યું. જેલમુક્તિ પછી એમની ધૂની અને કર્મઠ પ્રકૃતિમાં 'કેથોલિસિટી' (Catholicity) ની માત્રા વધી એવું મારું નિરીક્ષણ અને અનુમાન છે. ગણિતશાસ્ત્ર અને અર્થશાસ્ત્રના અભ્યાસને પરિણામે એમનામાં વ્યવહારુ ચોકસાઈ, સાવધાનપણું અને ડહાપણના ગુણો પ્રમાણમાં વધુ વિકસેલા જેનો લાભ તેમને વ્યક્તિગત રીતે અને સામાન્ય રીતે સંસ્થાને પણ મળ્યો છે.

ગૃહપતિ તરીકે આશ્રમની સમૂહ પ્રાર્થનાઓમાં તે અચૂક હાજરી આપતા. રાગના ઘરમાં રહી તે ભજનો ગાતા-ગવડાવતા, 'રઘુવર! તુમકો મેરી લાજ,' 'મો સમ કૌન કુટિલ ખલ કામી,' 'પ્રભુ મેરે અવગુણ ચિત્ત ન ધરો,' 'સબસે ઊંચી પ્રેમ સગાઈ' 'મન લાગો મેરો યાર ફકીરીમેં,' 'ગુરુ બિન કૌન બતાવે બાટ?' 'ઠાકુર તુમ શરણાઈ આયા,' નામ જપન કયોં છોડ દિયા?' 'મારી નાડ તમારે હાથે હરિ સંભાળજે રે,' 'એક જ દે ચિનગારી,' વગેરે પદો-ભજનો તેઓ ભાવપૂર્વક લલકારતા. પ્રાર્થનાને અંતે ટૂંકું પ્રવચન કરતા. ક્વચિત્ પોતાના લગ્નજીવનમાં પાળવાના બ્રહ્મચર્યની જાહેર પ્રતિજ્ઞા લઈ વિદ્યાર્થીઓને અંતર્મુખ બનાવતા.

ઘણાને એમનો સ્વભાવ નાળિયેર જેવો રુક્ષ ને શુષ્ક લાગે પણ ઉપરનાં છોતરાં ને કાચલું દૂર કરતાં અંદરના ગર્ભનું કોપરુ ને પાણીની મીઠાશ અનુભવવા મળે.

... ... ... ...

સંસ્થાની બહિર્રચનામાં અને અંતઃરચનામાં– Spirit ની બાબતમાં આ ત્રિપુટીએ-ગમે તેવા મતભેદ દૂર રાખી સંસ્થાના વિશાળ હિતમાં અનેક વર્ષો લગી એક-મને કાર્ય કર્યું છે. એમના વિષયના સૌ નિષ્ણાતો હતા; પણ એ વિષય-નૈપુણ્ય કરતાં પણ વ્યક્તિ અહમ્‌ને અને આરસ્પારિક પૂર્વગ્રહોને ગાળી-ઓગાળી ગૌણ બનાવી અનાસક્તિપૂર્વક લોકસંગ્રહની દૃષ્ટિએ એકનિષ્ઠાથી એમણે સંસ્થાની જે એકધારી સેવા બજાવી એ મારે મન આપણી મોંઘી મિરાત છે.

अकृत्वा परसन्तापम् अगत्वा खलनम्रताम् ।
अनुत्सृज्य सतां मार्गम् यदल्पमपि तद् बहु ॥

મારા આ ત્રણેય ગુરુઓનો આવો તંદુરસ્ત જીવન-આદર્શ હતો. तस्मै श्री गुरुवे नमः ।

---

**તમને વાંચતા આવડે તો દરેક માણસ મહાગ્રંથ છે.**
—ચેનીંગ

મને ઈશ્વરનો ડર છે. તે પછી બીજો ડર જે ઈશ્વરમાં માનતો નથી તેનો લાગે છે.
—સાદી

માણસ કેટલું જાણે છે તે સવાલ નથી પણ તે તેમાંથી કેટલું વાપરે છે તે સવાલ છે તેણે કેટલું ભેગું કર્યું છે અને તેણે કેવું શિક્ષણ મેળવ્યું છે એ સવાલ નથી પણ તે શું છે અને તે શું કરી શકે તેમ છે તે સવાલ છે.
જે. જી. હોલાન્ડ

હૃદયને આંખો છે તે મગજને ખબર નથી.
સી. એચ. પારખર્સ્ટ

એક બહેને કહ્યું: "હું પ્રાર્થના કરતી હતી, હવે છોડી દીધી છે." મેં પૂછ્યું. "કેમ?" તેણે જવાબ આપ્યો. "કારણ કે હું મારા અંતરને છેતરતી હતી." ઉત્તર બરાબર છે; પણ છેતરવાનું છોડે, પ્રાર્થના શા માટે છોડે?
૧૩-૧૨-'૪૪
—ગાંધીજી

# દિવાળી ટાણે

## દિવામાં તેલ પૂરો.

**વકીલ ધનાભાઇ હ. પટેલ**

અજ્ઞાનનાં અને નિરક્ષરતાનાં ધાડાં અંધારાં પથરાયેલાં પડ્યાં હતાં. ઋષિ જેવા છગનભા ત્યારે કાચીપાકી ખીચડી આરોગતા કડીના રેલ્વે સ્ટેશનની સામેની જમીનમાં પડાવ નાંખી પડયા હતા. એકલવ્ય જેવી વિદ્યાનિષ્ઠા ધરાવનાર વિદ્યાર્થીઓ તપડકાં ઊંચકતા, ઈંટો ઉપાડતા અને પાછા ભણતા. છગનભાનો આત્મવિશ્વાસ જાણે કે સમાજના કાને સંદેશો પહોંચાડતો હતો કે :-

નૈયા ઝુકાવી મેં તો જોજે ડૂબી જાય ના,
ઝાંખો ઝાંખો દીવો મારો જોજે બુઝાયના.

અને ગામે ગામ સળવળ્યાં, શેઠીયાઓનાં દિલ હાલ્યાં, દાનની સરિતા વહેવા લાગી. પૂ. છગનભાએ

નિશ્ચે મને તે સ્થિર પગલેથી,
ચલવી પહોંચાડશે ઘેર,
દાખવી પ્રેમળ જ્યોતિની સેર.

એ આત્મવિશ્વાસથી ઉપાડેલા ડગમાં સમાજે ગતી પૂરી અને દિવડામાં જેમ જેમ તેલ પૂરાતું ગયું તેમ તે તેજસ્વીને તેજસ્વી બનતો ચાલ્યો. વિદ્યાર્થી આશ્રમ, મેડા ઉપરનું શાળાને બેસવાનું સ્થાન, વ્યાયામશાળા, ગોશાળા, કન્યાકુંજનું મકાન, સર્વ વિદ્યાલય હાઇસ્કૂલનું નવું મકાન, વિદ્યાર્થીઓની ફૂલ-પાંખડીમાંથી પ્રગટેલું હાઇસ્કૂલના મકાન સામેનું મકાન અને સંસ્કારભવનનું મકાન વગેરે થયાં.

'છોકરાઓને વિજ્ઞાન કોલેજમાં 'એડમિશન મળતાં નથી.' એ [illegible]ર્ડ બૂમ ઉડી. કડીમાં આર્ટસ અને કોમર્સ કોલેજ થઇ છે. દાસભાઇ! કડીમાં વિજ્ઞાન કોલેજ જેવું કંઇક વિચારો.'

ખેડૂત જનતાના હિતને સદાય હૈયે ધરનાર શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલને સમાજની આ ગ્રામસમાજના હિતની વાત સંભળાઈ અને સંસ્થામાતાએ જાણે કે સાદ દીધો :-

મનના મંદિરે જોજે અંધારૂં થાય ના,
ઝાંખો ઝાંખો દીવો મારો જોજે બુઝાય ના.

હાઇસ્કૂલો ઘણી થઈ છે. કડીના આંગણેથી છગનભાના કામને જમાનાની માગ પ્રમાણેની ગ્રામકોલેજો આપવી જ જોઇએ. જ્યુનિયર ટેકનીકલ સ્કૂલ અને વિજ્ઞાન કોલેજ અને પ્રિ. વૉકેશનલ સેન્ટર સંસ્થાની પ્રવૃત્તિઓમાં ઉમેરાયાં. સંસ્થામાતાએ આજે પોતાના વિદ્યાર્થીઓને હાકલ દીધી છે.

સ્વાર્થનું સંગીત ચારે કોરે બાજે,
કોઇનું કોઇ નથી દુનિયામાં આજે,
તનનો તંબુરો જોજે બેસુરો થાય ના,
ઝાંખો ઝાંખો દીવો મારો જોજે બુઝાયના.

# ગુજરાત ગોશાળા – કડીને

## —: મદદમાં મળેલી રકમોની યાદી :—

૧૦૧) અ. સૌ. ગંગાબેન શીવલાલ ગણેશપુરા તા. કડી
૧૦૧) અ. સૌ. ગંગાબેન પુરુષોત્તમદાસ મહેસાણા
૧૦૧) અ. સૌ. ચંચળબેન ચતુરદાસ ઇશ્વરદાસ (પલીયડવાળા) કૃષ્ણ સોસાયટી મહેસાણા
૧૫૧) શ્રી. વી. હરિભાઇ એન્ડ કંપની મહેસાણા
૧૦૧) અ. સૌ. હીરાબેન ભીખાભાઇ ઠે. પરામાં, મહેસાણા
૧૦૧) અ. સૌ. નાથાબેન હરગોવિંદદાસ મહેસાણા
૧૦૧) ગુજરાત એગ્રીકલ્ચરલ આયર્ન વર્કસ મહેસાણા
૧૦૧) શ્રી પોપટલાલ ઉર્ફે બચુભાઇ રામદાસ, ડરણ તા. કડી
૨૫) અ. સૌ. રમાબેન મગનલાલ પીલાજીગંજ, મહેસાણા
૮૮૩) રોકડા આવી ગયા છે.

દાતાઓનો આભાર માનીએ છીએ.

દસ હજાર વિદ્યાર્થી આજ સુધીમાં સંસ્થામાતાનો ખોળો ખૂંદી ગયા છે. બે હજાર આજીવન સભ્યો થવાનો સંસ્થામાતાએ સાદ દીધો છે. **દિવાળીનું પર્વ નજીક આવી રહેલું છે. સંસ્થામાતાના દિવામાં બને તેટલું વધારે ને વધારે તેલ પૂરો.** વિદ્યાઋણ ચૂકવવાનો અવસર લાધ્યો છે. સુવર્ણ જયંતી ઉજવવામાં શ્રમ નહિ પણ ઉત્સાહની ભરતી ચઢાવો. સંસ્થામાતા તમોને હવે કહે છે.

અબ સોંપ દિયા ઇસ જીવનના,
સબ ભાર તુમ્હારે હાથોં મેં.
હૈ જીત તુમારે હાથોં મે,
ઔર હાર તુમારે હાથોં મેં.
મેરા નિશ્ચય બસ એક વહી,
એક બાર તુમેં પા જાઉં મૈં.
અર્પણ કર દૂ દુનિયાભર કા,
સબ પ્યાર તુમારે હાથોં મેં.

ચાલો ત્યારે આપણે વિદ્યાર્થીઓ સંસ્થામાતાને વિનંતિ કરીએ કે :-

જો કુછ ભી જગમેં આતા હૈ,
પ્રારબ્ધ ઉસે દે જાતા હૈ.
મૈં લિપ્ત ન ઉસમેં હો જાઉં,
રહે ધ્યાન તુમારે ચરણોમેં.

[ પાન ૧ નું ચાલુ ]

છિન્નભિન્ન ! દેશ જર્જરિત !
લોકનેતા, પ્રજા ભયભીત.
પ્રજાઓની હિઝરતો ભારી,
મર્મના ઘા કારી.
ધારી લઈ પડકાર
કર્યો મર્દ પ્રતિકાર તમે ભારી.
ભરી નરી લાચારીમાં–
મળી કૈંક યારી,
રાષ્ટ્ર - નૈયા ધારી.
લાલ - પીળા રંગે જે અનેક
દેશ વિભાજિત–
છેંકી - ભૂંસી તહમે
એકતાનો ઘૂંટયો રંગ પાકો એક.
ઘડવૈયા દુર્લભ–
ભારતની એકતાના,
વલ્લભ, હે વલ્લભ !

હે વલ્લભ ! વલ્લભ.
સ્વાતંત્ર્યના સેનાની દુર્લભ.
આજે થવા બેઠું ધૂળધાણી !
સાંભળે ના કોઈ કોઈની વાણી.
સહુ નિજ તાને મસ્ત,
અશ - સુરા મદે ગ્રસ્ત.
ત્રાહિ ત્રાહિ પ્રજા સમસ્ત.
કોમ કોમ, પ્રાંતના વિવાદ.
થોડી ધરા, થોડા જલ કાજે
ગજવી ગગનને લગાવે નાદ.
કરે રક્તપાત !
ધારનાર ધર્મ ધારી ના શકે !
તારનાર તરણી તારી ના શકે !
મારનાર તો બચાવી શેં શકે ?
દેશની પડી ન આંહીં કોઈને.
એકતા - સ્વતંત્ર - રત્ન ખોઈને,
રહીશું રોઈ રોઈને ?
તમારી આર્યતા ફરી ઊગી ઉઠો,
તમારી ચેતના ફરી ઝગી ઉઠો.
ખુમારી આપની ફરી રગે રગે,
પ્રજાસ્મિતાની આગ અંતરે ધગે.
હે સેનાની દુર્લભ !
વલ્લભ, હે વલ્લભ !

'અનામી'

# નવલવર્ષતણા અભિનંદન

(ઉપજાતિ – અનુષ્ટુપ – દ્રુતવિલંબિત)

દિપોત્સવી આ : નવલું પ્રભાત
આશિષદાત્રા રમણીય રાત.
કેવા જલે છે દીવડાં ય દ્વારે ?
જલો ! જલો ! અંતરગોખ મારે.

પ્રીતિવિહોણાં લઘુઉર, કલાન્તિ
ફુત્કાર રૌદ્ર, કટુતા, અશાંતિ
તે સર્વ વામો, ઉરપદ્મ મ્હેંકો
પ્રસ્પંદતીર્થે પ્રગટો પ્રદીપ !

અનેરા માનવી હૈયે પ્રેમપુષ્પો પ્રફુલ્લશે,
વિશ્વશાંતિ તણા મંત્રો પુણ્યપિતા વહાવશે.
તમિસ્રો વામશે જ્યારે ચૈતન્ય બ્રહ્મ મ્હોરશે;
અમરોનું અહો ! સ્વર્ગ વસુધા અવલોકશે.

કદિ ન હો કટુતા, ઉરવંદન;
નવલવર્ષતણા અભિનંદન

જાદવભાઈ દ્વ. પટેલ
"રશ્મિભિક્ષુ"

[ પાન નં ૨ નું બીજા કોલમનું ચાલુ ]

એક વખત રમેશ એક અઠવાડિયાની રજા ઉપર ગયો. કૃષ્ણદાસે એની ટપાલ ટેબલના ખાનામાં સાચવી રાખી. એ આવ્યો ત્યારે એમણે એને એ આપવા ટેબલનું ખાનું ખોલ્યું. આ વખતે અકસ્માત એમની નજર એક કાગળની પહેલી લીટી ઉપર જડાઈ ગઈ : " ......રજા પૂરી થઈ ગઈ હશે... અને ફરી જહન્નમમાં પહોંચી ગયો હોઈશ ? ...... "

કૃષ્ણદાસે કાગળની થોકડી બાજુ ઉપર મૂકી. એમની નજર કારખાનામાં ફરી રહી. હથોડા ટીપાતા હતા. મેટલશીટ પછડાતાં હતાં. લેથ ચીસ પાડી રહ્યો હતો. એ બધાની વચ્ચે ઉત્સાહભર્યા કારીગરોના હોંકારા પડકારા સંભળાતા હતા.

–મો.

# સુવર્ણ જયંતી ફાળામાં

નીચેની રકમ વસુલ આવી છે.

૨૫૧) શ્રી ઈશ્વરભાઈ ખોડીદાસ પટેલ, પટેલ પાર્ક, સ્ટેડીયમ પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૨૦-૧૧-૬૯ [ અંક ૯


# આંધી


રણજિત પટેલ
(अनामी)


ગાંધી ! તમે તો ગયા !
અમે અહીં રહ્યા,
જુઓ, કશા યે મેળ વિનાના !
તમે સુખી થઇ ગયા.
વ્યાસ જેવાં અરણ્યરુદન :
ઊંચા કરી હસ્ત દ્વય
તાર-સાદે કહ્યા કરે :
"ધર્મ લાવે અર્થ, કામ
મારું કોઇ સાંભળે ના."
તમે–
થતાં રહી ગયા વ્યાસ !
ગાંધી ! તમે બચી ગયા.
ગયા ! સુખી થઇ ગયા.
કશા યે મેળ વિનાના
જુઓ, અમે અહીં રહ્યા !

અર્ધી સદીનું કર્યું - કારવ્યું તમારું
કર્યું ધૂળધાણી !
ઉવેખી સન્ત-વાણી :
સંસ્થા થાય લોકસંઘ.
લોકો કેરા સુખેદુઃખે
સાથે રહે, સાથે સહે,
લોકસંગ્રહને ચહે.
શ્રેય રહે, પ્રેય દહે.
સહેવામાં પ્હેલો હોય
લેવા મહીં છેલ્લો.
લોકસંઘ લોક-નાડ, લોક-આંખ બની રહે.
આખરી એ આશા રહી !
ફળી નહીં વાણી.
ફળી વિપરીત કહાણી :
લેવે પ્હેલો, રહેવે છેલ્લો !
થયું ધૂળધાણી.

કુરુક્ષેત્ર – યાદવાસ્થળી !
સાથે–લાગી આજ અહીં ફળી.
ધર્મે, કૃષ્ણે લાચારી ધરી.
અભિનવ વ્યાસ પણ
કરી શકે શું કરી કરી ?
સત્તા એ જ સત્ય સૂત્ર લહ્યું.
સત્ય કેરું બળ રહ્યું - સહ્યું.
એ ય છિન્નભિન્ન, સૂઇ ગયું.
'સત્યે જય' સૂત્રે સત્ય રહ્યું.

ધર્મ કેરા શાલિગ્રામે :
સત્તા કેરી ચટણી વાટી !
કોરી રહી જીવનની પાટી.
અર્થ ! અર્થ ! અર્થ ! અર્થ !
સ્નેહ, સત્ય, સર્વ વ્યર્થ.
દ્રોણ - ભીષ્મ–કૃપ દાસ અર્થના.
અર્થ કોઇનો ન દાસ.
અર્થ- દાસ 'નેક, કોક વિષ્ણુ- દાસ.
કામનાની મેનકા- તિલોત્તમા,
દેવીઓ મનોરમા.
શ્રેય- સૂત્ર, ખેતમા !
ઊર- વશી ખમા ! ખમા !
ધર્મ, સત્ય, મોક્ષ સૌ મનોરમા !

આગ સાથ દેશ ફાગ ખેલતો,
શ્રેય છાંડી, પ્રેય-પંથ રેલતો.
સત્ત્વ છાંડી છાય સાથ ગેલતો.
આત્મ–કેફ સાગરે શું રહેલતો !

તમા કશી ન કોઇને,
મત્ત ગાદી જોઇને !
સ્વતંત્રતાનું રત્ન ખોઇ
રહેવું રોઈ રોઇને ?

પ્રભા-લકીર માંડ, ઊભરાય અંધકાર પૂર.
પૂર અંધકારનાં, પ્રભા-લકીર થાય દૂર.
તારનાર આ શતાબ્દી-નાવ થાય ચૂરચૂર.
ધારનાર ધર્મના કશે ન સંભળાય સૂર.

અધર્મ વારવાર ધારી ના શકે.
કૃષ્ણ વારવાર વારી ના શકે.
વારવાર ગાંધી તારી ના શકે.
ધારી, તારી ધર્મ- સત્ય બે શકે.

ગાંધી ! તમે તો ગયા.
સુખી થઈ ગયા !
કશા યે મેળ વિનાના,
ધોયેલા મૂળા જેવા–
જુઓ, જુઓ, જુઓ
આજ અમે અહીં રહી ગયા !

## ઉપદ્રવ

ભર્ગ

"દાદા, મને ડૉલી મૂડીમાં બેસવા દેતી નથી."

"ચલ, ચલ, મૂડી તો મારી છે. તને શાની બેસવા દઉં ?"

"દાદા, જુઓને મને ધક્કો મારે છે."

"ડૉલી, ઢબુને બેસવા દેને."

"હું શાની બેસવા દઉં ? આ તો મારી મૂડી છે."

"અરે, તું મોટી બેન છે. ડાહી છે ને તું, નાની બેનને બેસવા દેવી જોઈએ."

"ઊંહું હું શાની બેસવા દઉં ? એ એનાં રમકડાંને મને અડવા પણ દેતી નથી."

"ડૉલી તું મોટી છે, નાની બેનના વાદ ન લઈએ."

"ઊં હું, ઊં હું."

ઢબુ અને ડૉલી ખેંચાખેંચ કરે છે. ઢબુ રડવા લાગે છે.

"ઢબુ બેટા અહીં આવ જો, આ મોટી ખુરશી ઉપર બેસ."

રડતી રડતી ઢબુ દાદા પાસે આવે છે. અને દાદાની જોડે મોટી ખુરશીમાં બેસે છે.

ડૉલી પણ દોડતી ત્યાં આવે છે. અને ઢબુ બેઠી છે તે ખુરશીમાં બેસવા જાય છે.

"દાદા જુઓને ડૉલી અહીં મારી ખુરશીમાં બેસવા આવી છે."

"બન્ને જણ સાથે બેસો. ખુરશી મોટી છે. તું જરા આઘી ખસ. ડૉલીને બેસવા દે."

"નહિ, નહિ." ઢબુ ડૉલીને ધક્કો મારે છે. ડૉલી પડી જાય તે પહેલાં તેને દાદા ઉંચકી લે છે અને પોતાના ખોળામાં બેસાડી લઈ તેને નાની બેન જોડે નહિ લડવા સમજાવે છે.

ઢબુ ખુરશીમાં બેઠી બેઠી ડૉલીને અંગુઠો હલાવી ડીઓ કરે છે. ડૉલી પણ સામો ડીઓ બતાવે છે. ઢબુ જીભ કાઢીને ડીઓ બતાવે છે અને દાંતમાં આંગળીનો નખ ભરાવી કટ્ટા કરે છે. સામે ઢબુ ગુંબો મારવાનો અભિનય કરે છે ખુરશીમાંથી ઊઠીને ડૉલીને મારવા જાય છે. ત્યાં રસોડામાંથી દાદીનો સાદ આવ્યો.

"ડૉલી-ઢબુ ચા પીવા ચાલો."

બન્ને દોડતી દોડતી રસોડામાં પહોંચી જાય છે.

"પહેલી મને."

"પહેલી મને."

"મને મોટી રકાબી."

"મને પણ મોટી રકાબી."

"મને ખાખરો."

"મને પણ ખાખરો"

"મને ખાખરો નહિ, ભાખરી."

"મને પણ ભાખરી."

દાદીએ કહ્યું "હવે ઉઠો જાવ રમો."

"પહેલી તું ઉઠ."

"પહેલી તું નીકળ."

દાદીએ કહ્યું "જાવ તમારા દાદા ચા પી રહ્યા હશે. તેમનો ખાલી રકાબી પ્યાલો લઈ આવો."

"હું લઈ આવું, હું લઈ આવું." એમ કહેતી બન્ને દોડી દાદા પાસે પહોંચી ગઈ.

દાદા છાપું વાંચવામાં મશગુલ હતા. સીન્ડીકેટ અને ઇન્ડીકેટના ઝઘડાના હેવાલોમાં એટલા એક ધ્યાન બની ગયા હતા કે ચા પીવાનું ભૂલી ગયા હતા.

"દાદા તમારા પ્યાલામાં માંખી પડી છે."

"જોતી નથી ? બે માંખો પડી છે."

દાદાએ છાપામાંથી નજર બહાર કાઢી જોયું તો ખરે બે માંખો તેમના પ્યાલામાં પડી હતી.

ડૉલી-ઢબુ ખેંચાખેંચમાં રકાબી-પ્યાલા ફોડી નાખે તે માટે રસોડામાંથી બહાર નીકળી દાદી ત્યાં આવી પહોંચ્યાં. ચામાં માંખી પડેલી જોઈ બોલી ઉઠયા.

"માંખીઓનો ત્રાસ ખૂબ વધી પડ્યો છે."

"માંખીઓ તો જરાય જંપીને બેસવા પણ દેતી નથી. ભારે ઉપદ્રવ થઇ ગયો છે."

માંખોને ઉડાડવા બે હાથે પકડેલા છાપાને પોતાના મોં-માથા ઉપર પછાડતા દાદા બોલ્યા.

"પણ દાદા એકી સાથે બે કેમ કરતાં પડી ગઇ હશે ?"

દાદા પોતાની નજર ઇન્ડીકેટ-સીન્ડીકેટના ઝગડાથી ભરેલાં પાનાઓમાં પુનઃ પરોવતા બોલી ઊઠયા,

"લડતી લડતી પડી હશે !"

દાદીએ કપ ઉપાડી માંખો સાથે ચાને ખાળકુંડીમાં પધરાવી દીધી. અને નવી ચા બનાવવા રસોડા તરફ વળ્યાં.

## નૂતન વર્ષે

દેવે-દીધો દેહ, નિરામય રહો,
હો ધર્મનું સાધન.
ધર્મે-રળ્યું ધન, કણેકણ હજો,
કલ્યાણનું કરણ.
સર્વ-સંચારી મન નિર્મલ બનો,
હો મુક્તિનું કારણ.
સત્ય-સંકલ્પ આત્મા, સ્વયં શુદ્ધબુદ્ધ
આનંદ! આનંદ!

'અનામી'

# ખંજવાળ

ભાઇલાલભાઇ

બંગલાની ખુલ્લી જમીનમાં કરેલી વાડીમાંથી ભીંડા તોડતી સુવર્ણાને જોઇને કાકીએ પોર્ચમાં ઊભાંઊભાં જ બૂમ પાડી,

" ઊભી રહે, ફરી પાછી આવી, ના કહીએ છીએ તો માનતી જ નથી "

કાકીનો અવાજ સાંભળી સુવર્ણા આડુંઅવળું જોયા સિવાય જોડકાના જોડેના બંગલા તરફ દોડી ગઈ. શ્વાસ ભેર ઊંચું જોયું તો પપ્પા પોર્ચમાં ઊભા હતા અને તેમની નજર તેના ઉપર મંડાએલી હતી. ગભરાએલી સુવર્ણા પપ્પાને જોઇને ધ્રુસકાભેર રડી પડી અને પપ્પાના પહોળા થયેલા હાથમાં રડતી રડતી સમાઈ ગઈ.

કાકીની નજર તે તરફ ગઇ અને તે પણ પપ્પા આ સાંભળી– જોઇ ગયા તેથી ખસિયાણાં પડી ગયાં અને મનમાં પસ્તાવા લાગ્યાં. જાત ઉપર અને સુવર્ણા ઉપર ધુંધવાયાં પણ ખરાં.

પપ્પા ઠપકો આપશે એ બીકે સુવર્ણા પણ ડરી ગઇ હતી. વરસેક ઉપર મૃત્યુ પામેલી પત્નીના એક માત્ર સંભારણા સમી સુવર્ણાના ઓશિયાળા મુખે પપ્પાનું મન ગ્લાનિથી ઉભરાવી દીધું. સુવર્ણા તેમના હાથમાં જ ઊંઘવા માંડી. તેને પલંગ ઉપર સુવાડી પોતે પાસે બેઠા. પલંગ સામે સુવર્ણા, પત્ની અને પોતાના ટાંગેલા ફોટા પ્રત્યે ક્યાંય સુધી અનિમેષ આંખે જોઈ રહ્યા. પોતાના જીવનના ઉજડી ગયેલા બાગથી ખૂબ ખીજાતા બાવી ગઇ. લાંબી રાત સુધી આમ ચાલ્યું. જોડકામાંથી રેડિયોના ધીમા સુરો સાથે હસીખુસીના અવાજો કાને પડી રહ્યા હતા. તેને ઓરડામાં અકળામણ થવા લાગી. તે બહાર નીકળી આંગણામાં આંટા મારવા લાગ્યો. બધું શાન્ત અને નિરવ થઇ ગયું હતું. અજવાળી રાતમાં ભીંડાના છોડ તેની નજરે પડ્યા. બેચાર આંટા આમતેમ માર્યા, આંટા મારવાની ઝડપ વધતી ગઇ. એક આંટે તે ભીંડાની વચ્ચે જઇ પહોંચ્યો અને એકદમ ભીંડાના છોડ ઉખેડી નાખી વેરાન બનાવી દીધું. મનનો ઉશ્કેરાટ કંઇક ધીમો પડ્યો, ત્યારે ખ્યાલ આવ્યો કે હાથમાં ભીંડાની ખુજલીથી ખંજવાળ આવી રહી હતી

સવારે કાકીએ આ બધું જોયુ. તેમનું મન ખાટું થઇ ગયું. બધી પરિસ્થિતિ પામી ગયાં. ઉખેડી નાંખેલા છોડ યંત્રવત ભેગા કરી તેમાં વળગેલા ભીંડા ચૂંટી લેવાના કામમાં લાગી ગયાં.

સુવર્ણા ત્યાં આવી ચઢી.

" કાકી તમે આ બધા કેમ તોડી નાખ્યાં? હું ફરી ભીંડા તોડવા ન આવત. "

કાકીએ કંઈ જવાબ ન આપ્યો એટલે સુવર્ણા થાળીમાં એકઠા થઈ રહેલા ભીંડા તરફ જોઇ રહી. અને બોલી,

" કાકી એક ભીંડા લઉં?"

કાકીએ વગર બોલે થાળીમાંથી કૂણા જોઇને બે ભીંડા લઇ તેની તરફ ધર્યા.

ભીંડા લેવા સુવર્ણાએ હાથ લંબાવ્યો પણ તેની નજર પોતાના પોર્ચ તરફ હતી. રખેને પપ્પા જોઇ જાય!

ત્યાં તો તેણે પપ્પાને દાતણ લઇને પોર્ચમાં ઊભેલા જોયા. તેઓ બૂમ પાડી રહ્યા હતા,

સુવર્ણા ત્યાં શું કરે છે? અત્યારના પહોરમાં રખડવાની શું ટેવ પડી છે!"

હાથમાં આવેલા ભીંડા પડતા મૂકીને સુવર્ણા ભાગી. ભાગતાં ભાગતાં કાકીને ધીરેથી કહેતી ગઈ,

" કાકી, પછી આવીશ."

સાંજના પપ્પા અને સુવર્ણા પોર્ચમાં બેઠાં હતાં ત્યાં કાકી બહાર દેખાયાં.

પપ્પાએ સુવર્ણાને કહ્યું કે " સુવર્ણા તારી કાકીને કહે કે આવતી કાલે કડિયા બંગલા વચ્ચેની કંપાઉન્ડ દિવાલ કરવા આવવાના છે."

અને ભીંડાની ખંજવાળ હજુ હાથમાં રહી ગઇ હોય એમ તે હાથને મસળી રહ્યા.

## અપેક્ષા

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસે આ પ્રમાણે અપેક્ષા રાખવામાં આવી છે.

(૧) સુવર્ણ જયન્તી પ્રસંગે ફાળામાં જેટલું બને તેટલું વધુ આપે

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ થાય.

(૩) ૨૦૦ ભાઇઓ એવા આગળ આવે કે જેઓ આ કામ ઉપાડી લે, અને દરેક નિદાન ૨૦ આજીવન સભાસદો નોંધી–નોંધાવી આપવાની જવાબદારી ઉઠાવે.

આ સંસ્થામાં અભ્યાસ કરી ગયેલા દશ હજાર વિદ્યાર્થીઓનો સમુદાય છે. તેમની પાસે આ અપેક્ષા છે. એ પૂરી કરવા સૌ પ્રયત્ન કરે. બીજા ભાઇઓ પણ તેમાં મદદ કરે.

ફાળાની યાદી 'સુવર્ણ જયન્તી' માં પ્રસિદ્ધ થાય છે. તેવી રીતે ૨૦ આજીવન સભાસદ નોંધી આપવાની ઇચ્છા ધરાવનાર ભાઇઓનાં નામ પણ પસિદ્ધ કરવામાં આવશે. નામો સંસ્થામાં લખી મોકલવા વિનંતિ છે. આ કામમાં સંસ્થામાંથી માર્ગદર્શન, સહકાર અને સહાયની જરૂર હશે તો આપવામાં આવશે.



# ગુજરાત ગૌશાળા

## કડી

પુરુષોત્તમદાસ પટેલ

### ગૌશાળાની ગાયો

આપણાં શાસ્ત્રો ગાયને માતા ગણે છે. એને પવિત્ર-અતિ પવિત્ર ગણે છે. ગાયમાં અનેક દેવો અને દેવીઓનો વાસ હોવાનું આપણા કેટલાંક શાસ્ત્રો કહે છે.

વેદોમાં તેમ જ ઉપનિષદોમાં તેમ જ ત્યાર પછીની આપણી સ્મૃતિઓ વગેરેમાં ગાયને પવિત્ર ગણવામાં આવી છે.

કૃષ્ણ ભગવાનને ગોવાળ ચીતરી ગાયની અગત્યતા આપણા ઋષિઓએ બતાવી છે.

આપણા વ્રતો પણ એને અનુસરીને છે. ગૌરી પૂજાનું વ્રત ગાયનું ગૌરવ બતાવે છે. ગાય પ્રત્યે પ્રેમ દાખવવા માટેનું છે. ગાયની સેવા કરવા માટે ગૌરી પૂજાનું વ્રત છે.

ઉત્તરના નારાયણ થાય તે પ્રસંગે ગાયનું પૂજન અને તેને અનાજ ઘાસ નીરવાનું મહાત્મ્ય બતાવ્યું છે.

આમ ગાય એ હિન્દુ ધર્મનું અંગ છે. એને હિન્દુ ધર્મમાં ઓતપ્રોત વણી લેવામાં આવી છે. શા માટે ?

આપણો દેશ ખેતી પ્રધાન છે. આપણા દેશનું અર્થતંત્ર ખેતી અર્થતંત્ર છે. સારી ખેતી તો દેશ આબાદ. આપણા દેશમાં ખેતી કથળે છે એટલે આપણું રાષ્ટ્રીય અર્થતંત્ર હચમચી જાય છે.

ખેતીનો આધાર બળદ ઉપર છે.

આપણા દેશમાં ભલે ટ્રેક્ટરો આવ્યાં છતાં ખેતીનો આધાર મુખ્યત્વે બળદ ઉપર છે. નાના નાના ખેડૂતો જ દેશમાં મોટા ભાગની ખેતી કરે છે, એમની ખેતી બળદની ખેતી છે. બળદ વિના ભારતની ખેતી પડી ભાગે.

આથી બળદો આપનાર ગાય માતા આપણા ખેતીપ્રધાન અર્થતંત્રના પાયામાં છે. ગાય ના હોય તો બળદ ના હોય. બળદ ના હોય તો ખેતી ના હોય. ખેતી ના હોય તો સમૃદ્ધિ ના હોય.

આમ આપણી સમૃદ્ધિના મૂળમાં ગાય છે. આર્થિક અને ધાર્મિક રીતે ગાય આપણા માટે પૂજ્ય છે. આપણા ધર્મ-શાસ્ત્રો રચનારા ઋષિઓએ ધર્મ અને અર્થને વણી લઈ ગાયને મહાન પદ આપ્યું છે.

ગાયને ધાર્મિક દૃષ્ટિએ પવિત્ર ગણી ગણાવી ગાય ઉછેર માટે આપણને અનુરોધ કર્યો છે. ગાયને પાળવા અને તાજીમાજી રાખવા આપણને અનુરોધ–આજ્ઞા કરી છે.

પણ આપણે તો કોક દિવસ ગાયનું પૂંછડું આંખે લગાડી પુણ્ય મેળવીએ છીએ અથવા તો ઉત્તરાયણના દિવસે ગાયને ટોઠા નીરી અહોભાગ્ય માનીએ છીએ. ગૌરીપૂજાના દિવસોમાં ગાયને કપાળમાં ચાંલ્લો કરી ગાય પ્રત્યે ભક્તિ બતાવીએ છીએ.

સાચો ધર્મ ભૂલી આપણે ઔપચારિક બન્યા છીએ અને ધર્મના નામે દંભ પોષીએ છીએ.

એમ ના હોય તો–

ગાયો શેરીઓમાં ફરી મેલું ખાઈ પેટ ભરે ? મરવાની આળસે જીવતી હાડપિંજર જેવી ગાયો કાગળોના ડૂચા ખાતી જોવા મળે ?

ગાય માતાની આ દશા !

પૂજ્ય છગનભાને આ જોઈ ખૂબ લાગી આવતું. ગાયનો ઉછેર એવો કરવો કે ખેડૂત ભેંસને બદલે ગાય રાખતો થાય. ગાયનું દૂધ તાકાત અને બુદ્ધિ વધારનારું છે અને તેથી વિદ્યાર્થી અવસ્થામાં નિદાન ગાયનું દૂધ–ચોખ્ખુ દૂધ મળે તેમ કરવું જોઈએ.

આથી પૂજ્ય છગનભાને કડીની આપણી સંસ્થાના અંગ તરીકે ગૌશાળા સ્થાપવાનો વિચાર સ્ફુર્યો.

કડીની આપણી સંસ્થામાં સોમાંથી નવાણું ખેડૂતના દિકરા અભ્યાસ કરવા આવ્યા છે અને આવે છે. તેમની સમક્ષ ગાય પાલનની વ્યવહારુ વાત મૂકવા માટે ગૌશાળા આવશ્યક લાગી.

કડીથી એક માઈલ દૂર પૂજ્ય છગનભાએ આપણી સંસ્થા તરફથી જમીન રાખી. ગાયો ખરીદી અને ગૌશાળા ઉભી કરી. એ ગાયોનું દૂધ સવાર સાંજ વિદ્યાર્થી આશ્રમમાં આવે અને વિદ્યાર્થીઓ એ દૂધથી તાજગી મેળવે.

એ પછી આપણી સંસ્થાએ બીજી જમીન ખરીદી. જો કે આ જમીન દોઢસો વીઘાથી વધારે છે છતાં એ દોઢસો વીઘાના નામે ઓળખાય છે.

વિદ્યાર્થીઓ અવારનવાર ગૌશાળાએ જાય છે અને પ્રત્યક્ષ ગાય ઉછેર અને ખેતી જુએ છે.

વર્ષમાં એક દિવસ ચોમાસા પછી ત્યાં વનભોજન થાય છે. બધાએ વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેમજ અન્ય કર્મચારીઓ ત્યાં સવારના જાય છે. બપોરના ખીચડી જેવું હલકું ભોજન કરે છે. આખો દિવસ રમે છે. વક્તૃત્વ હરીફાઈ, સંવાદો અને ગાયનોનો જલસો થાય છે.

અને સાંજના મીષ્ટ ભોજન–પૂરા ઠાઠથી એક જ પંગતે જમે છે. જમતાં જમતાં શ્લોકોની રમઝટ ચાલે છે.

આખો દિવસ આનંદ માણી સૌ સાંજના આપણી સંસ્થામાં આવે છે.

ગૌશાળાની પૂરી વિગત ચિત્રો સાથે શ્રી. ધનાભાઈ લખવાના છે. એટલે હું વિગતમાં ઉતરતો નથી. શ્રી. ધનાભાઇ ગૌશાળા સંભાળે છે.

ગાય પ્રત્યેની મમતા અને ભક્તિ તો આવી ગૌશાળાઓ ચલાવવાથી થાય.

આપણામાં–હિન્દુઓમાં મરણ પછી સજ્જા ભરવાનો રિવાજ છે. મુએલાઓને કંઈ પહોંચ્યાનું ઘણાને લાગતું નથી.

આથી ઘણા ભાઇ સજ્જામાં આપવાની ચીજો ગોદડાં વગેરે સંસ્થામાં પહોંચાડે છે અને ગાય માટેની રકમ સારામાં સારી ગાય ખરીદવા માટે ગુજરાત ગૌશાળા-કડીને પહોંચાડે છે. અને ગૌશાળા એ રકમમાંથી ગાય ખરીદી દાતાને પસંદ નામ ગાયને આપે છે અને એ ગાય ગૌશાળાના કુટુમ્બમાં રહે છે.

કતલખાને જતી ગાયોને બચાવવી હશે તો આપણે આવી ગૌશાળાઓને પોષવી પડશે અને ખેડૂતે નિદાન એક ગાય રાખવા–પાળવા વ્રત લેવું પડશે.

એમાંથી સારી ઓલાદના આખલા–અને તેમાંથી ઉચ્ચ કક્ષાના બળદ મળે. દરેક સમજુ વ્યક્તિ નૂતન વર્ષે– કાંઇને કાંઇ દાન કરે છે. એ દિવસે મંદિર મહાદેવમાં કાંઇને કાંઇ મૂકે છે.

એ વખતે ગુજરાત ગૌશાળા – કડીને યાદ કરવા મારી આગ્રહભરી વિનતિ છે.

વિદ્યા અને ગાય માટેનું દાન ઉત્તમ દાન છે.

સજ્યામાં આપેલ ગાયનું પૂછડું મરનાર ને વૈતરણી નદી તરવા પકડવા મળવાની કલ્પના માત્ર છે પણ ગુજરાત ગૌશાળા–કડીને આપેલ ગાય નજરે દેખાય છે અને વિદ્યાર્થીઓને દૂધ આપી તાકાતવાન બનાવે છે.

બનાસકાંઠા તેમ જ મહેસાણાના ઉત્તર ભાગમાં દુષ્કાળ છે. માણસને ત્યાં ખાવા નથી તેથી છોકરાં સાથે રોજ પાંચસો જેટલા આ તરફ આવી રહ્યા છે. માણસને જ્યાં ખાવા નથી ત્યાં ગાયોનું શું ?

એ ગાયો જીવાડવાનો ધર્મ નથી ?

એક વર્ષનું ખર્ચ અને ગાય ખરીદવા માટેની કિંમત જો ભાઇ ગુજરાત ગૌશાળા–કડીને મોકલી આપે તેના નામથી સારી ઓલાદની એક ગાય ગૌશાળા ખરીદે તો આ રીતે થોડી પણ ગાયો આ ગૌશાળા મારફત બચાવી શકાય.

નવા વર્ષે પ્રભુ સૌમાં ગાય પ્રત્યેની લાગણી જન્માવે. ચેક અગર મનીઓર્ડર **શ્રી ધનાભાઇ પટેલ સંચાલક ગુજરાત ગૌશાળા C/o. વિદ્યાર્થી આશ્રમ, સ્ટેશન ઉપર મુ. કડી એ સરનામે મોકલવા વિનંતી** ૨૪-૧૦-૬૯

## ગુજરાત ગોશાળા – કડીને

# મદદ કરવા વિનંતી

ગુજરાત ગોશાળાની ગાયો માટે ઘાસ તથા ખાણ માટે મદદ કરવા ધર્મપ્રેમી ભાઇ-બહેનોને વિનંતી કરવામાં આવે છે. આ કામ માટે ગુજરાત ગોશાળા તરફે માનદ ફંડ કરનાર શ્રી. જોઇતારામ કરશનદાસ પટેલ રે. ડરણ તા. કડીના આવે ત્યારે તેમને સહકાર આપી ફંડ ફાળામાં મદદ કરવા વિનંતી છે. **તેમજ ગામના આગેવાન ભાઈઓને તથા ગોપ્રેમી ભાઈ-બહેનોને જાતે થઇને પણ ઘાસ તથા ખાણનો ફાળો નીચેના સ્થળે મોકલી આપવા વિનંતી છે.** અમને નીચેના સ્થળે જણાવવામાં આવશે તો લઈ જવા માટે વ્યવસ્થા કરવામાં આવશે.

**વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ**
મંત્રી
ગુજરાત ગોશાળા–કડી (ઉ. ગુ)

**ગોશાળાનું સ્થળ :** આદુંદરાની સીમમાં, કડીથી આદુંદરાના રસ્તા ઉપર.

**ઓફીસનું સ્થળ :** વિદ્યાર્થી આશ્રમ, રેલ્વે સ્ટેશન સામે, કડી (ઉ. ગુ.)

# " કર ભલા હોગા ભલા "

ભવન પટેલ : ધો. ૧૧ : સર્વ વિદ્યાલય – કડી

અમારા ગામમાં પેસતાંની સાથે જ એક સુંદર મજાનું લીંપ્યું ગૂંપ્યું ખોરડું પાદરમાં જ દેખા દે છે. ત્યાં તે ખોરડાને દુકાન તરીખે ઓળખવામાં આવે છે. થોડાક ડબ્બાઓ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલા ત્યાં પડ્યા છે. તેમાં મીઠું મરચું તથા બીજી ગામડાના લોકોને જરૂરી ચીજો સુઘડ રીતે ગોઠવેલી છે. બાજુમાં જ કંતાનનો સુંદર સાદો તકિયો ગોઠવેલો છે, ત્યાં અમારા ગામના એક પ્રસન્નપ્રૌઢ મૂર્તિ, સાદા, બેઠીદડીના ધરમસીભા બેઠેલા જણાય છે. તેમના ચહેરા પર હંમેશાં શાંતી જ પથરાયેલી હોય છે. હંમેશાં હસતો ચહેરો સૌ કોઈનાં મન હરી લે છે.

ધરમસીભા અમારું ગામ બંધાણું ત્યારથી જ આ ગામમાં વસેલા અને પાદરમાં આ દુકાન નાંખેલી. તેઓ જાતે વાણિયા હતા. આ દુકાન છેક જયારે ગામ બંધાણું ત્યારની જ એવીને એવી જ છે. કંઈ જ ફેરફાર થયો નથી. ગામમાં ઘણો ફેરફાર થયો. પરંતુ આ ધરમસીભાની દુકાન બદલાઈ નથી. જેટલી ચીજો પહેલાં હતી તેટલી જ અત્યારે. કંઈ પણ વધારે નફો મળવાની એમને આશા નથી અને એવી ઇચ્છા પણ રાખતા નથી.

મારા દાદા અને ધરમસીભાને ઘણી સારી. મારા દાદા અને ધરમસીભા નિત્ય સાથે બેસે અને નિત્ય ફરવા જાય. હું નાનો હતો ત્યારે મારા દાદાની સાથે જ ફરતો. આથી ધરમસીભા મારા પર ઘણું જ વહાલ રાખતા કે તે વહાલ આવડો મોટો થયો ત્યાં સુધી ઓસર્યું ન હતું. વહાલ તો ગામના બધા જ છોકરાઓ અને બાળકો પ્રત્યે રાખતા. કોઈ દિ તેઓ કોઈનો પણ ભેદભાવ રાખતા નહીં. અત્યારે બહાર ભણતા વિદ્યાર્થીઓ બહાર જાય ત્યારે અને આવે ત્યારે વિદાય આપતા અને સત્કારતા પાદરમાં ઉભા જ હોય... તેજ અમારા ધરમસીભા જિંદગીમાંયે શેં ભૂલાય ?

'ધરમસીભા' ને તો આમ ગામમાં પહેલાં ત્રણચાર ઘર હતાં, ત્યારે સંસારી હતા. પત્ની આવતાં જ મરણ પામેલી અને તેઓએ ફરીથી લગ્ન કરેલુ નહિ. તેઓએ સંસારમાંથી મુક્તિ મેળવેલી, છેક જુવાનીમાંથી જ. આ વધારે પડતાં ઘર એમને વધારે હતાં. આથી ગામમાં ગુજરાતી શાળાના મકાનની વાત આવી અને આ ઘરની જમીન નિશાળ માટે ગામને અર્પણ કરી દીધી. અને તેઓએ તેમના રહેવા પુરતી એક દુકાન અને અંદરના ભાગમાં રહેવા ઓરડી જ રાખેલી. પાદરમાં થોડી જમીન હતી તે પણ ધર્મશાળા બંધાવવા આપી દીધી.

પછી–

### " सब भूमि गोपालकी "

ઈશ્વર ભજનમાં જ જીવન ગાળવા લાગ્યા. આ દુકાને થોડો ટાઈમ બેસે અને ગુજરાન પૂરતું જ લે અને રહે... ગામમાં સત્કાર્યો જ કર્યા કરે... બધુ જ ભગવાનના નામ પર જ... તેઓ એકલાજ હતા... કેમ એકલા ? આખુ ગામ એમનુ જ હતુ ને ? કયાં એકલા હતા ? ગામના માણસોને પોતાના કરી ચાહે, અને તેમનું જ ભલુ કરવામાં મંડ્યા રહેતા.

નિશાળમાં આવતા બાળકોને કેવી સુંદર રમુજની પ્રસાદી પિરસતા...... બાળગીતો તો એમનાં જ...... સુંદર રાગ. ઘરડા થયા છતાં પણ તેમની મધુર વાણી ઓસરી ન હતી. રમુજી ટૂચકા સંભળાવી બાળકોને ખુશખુશ કરી દેતા... અને બાળકો પણ એવાં. ધરમસીભાને જુએ કે તુરત જ તેમની પાસે આવી જાય. અને આ સુંદર શાંતપ્રૌઢ અને આનંદિત મૂર્તિ સાથે ગેલ કરે.

નિત્ય સવારે ચાર વાગતાના નજીકના ઘરોમાં નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં સંભળાતાં. તેઓ ઊઠી તળાવમાં નહાવા જતા અને સ્નાન કરી આવી પ્રભુનું સ્મરણ કરતા. તેઓ સવાર ઉગતાં જ તૈયાર થઈ જતા. દુકાન વાળીચોળીને સ્વચ્છ કરી દેતા. ભગવાનનો ગોખલો પણ સ્વચ્છ કરી, કૃષ્ણ ભગવાનની સુંદર છબીને સાફ કરી અગરબત્તિ સળગાવી સુંદર ઘીનો દીપ જલાવતા અને પગે લાગીને દુકાને બેસતા

તેમની દુકાન સામેજ પીંપળો હતો. પીંપળાની આજુબાજુ સવારે તેઓ જ સાફ કરતા અને સુંદર મજાનાં પાણીનાં માટલાં ઉનાળાના દિવસોમાં ત્યાં પીંપળાના થડમાં મૂકતા અને ઉપર સુંદર ચકચકિત પિત્તળના બે પ્યાલા. ચોતરાની આજુબાજુ સાફ કરીને જ દુકાને બેસતા. દુકાન ઉપરની ભીંત ઉપર તેઓએ સુંદર અક્ષરોથી લખેલું —

'કર ભલા હોગા ભલા......'

આવું ઘણું ધરમસીભા હમેશાં લોકોને કહેતા અને સંત પુરુષોની વાર્તા હમેશાં નિત્ય સાયં પ્રાર્થનામાં થતી.

પ્રાર્થનામાં ગામના બધા જ નર-નારીઓ હાજર રહેતા. અમે જયારે ઘેર હોઈએ ત્યારે આ લાભ લેવાનો ચૂકતા નહિ. પ્રાર્થનામાં ધરમસીભા સુંદર મજાની પ્રાર્થના બોલતા કે જે ગાંધીજીને પ્રિય ભજન હતું. "વૈષ્ણવ જન તો તેને રે કહીયે" એ ભજન બોલાઈ રહ્યા પછી બાપુનાં 'અગિયાર મહાવ્રતો બોલતા' અને ધરમસીભા 'કર ભલા હોગા ભલા'નું

સુત્ર સમજાવતી સુંદર વાતો કહેતા. અને પ્રાર્થના વેરાતી અને સૌની પાછળ જ ધરમસીભા ઉઠતા. અને ઘેર જઈ સાદું ભોજન ખાઈ લેતા અને પ્રભુનું સ્મરણ કરતા કરતા જ સુઈ જતા.

મહિના માસની ઉનાળાની રજાઓ કે દિવાળીની રજાઓમાં બહાર ભણતા વિદ્યાર્થીઓ ઘેર આવતા ત્યારે પહેલાં ધરમસીભાને મળ્યા સિવાય ક્યાંય જતા નહીં. ધરમસીભા બધાના માથા પર હાથ ફેરવતા અને સમાચાર પૂછતા. અને જ્યારે રજાઓ પૂરી થાય અને જ્યારે વિદ્યાર્થીઓ ભણવા જાય ત્યારે પણ વિદાય આપવા ઉભા હોય જ. અને શિખામણ આપતા– થોડું ભાથુ બાંધી આપતા – અને છેક બે માઈલ દૂર આવેલા સ્ટેશન સુધી વળાવવા આવતા અને કહેતા —

" બેટાઓ ! તમે તો ગામનું નાક છો. ગામના તમ ભણેલા નાગરિકો છો. દેશનું સુકાન તમારા હાથમાં આવવાનું છે. અને અત્યારે તો ગામના સરપંચ અને મુખી સૌ અભણ છે, છતાં કેવા સમજણા છે. તો તમે તો ભણેલા મુખી અને સરપંચ બનશો તે સમજતા રહેશો. અને 'કર ભલા હોગા ભલા' નો અર્થ દિમાગમાં લખી રાખશો. તમે કોઈનું ભલું કરો છો તે તમારું જ ભલું છે, તેવું જ સમજજો. અને અગિયાર વ્રતોનું સંપૂર્ણ પણે પાલન કરજો. અને ઘેર માતા પિતા અને ગામ પર અમીદ્રષ્ટિ રાખજો. તમે સારા સંસ્કારી અને ગામનું નામ ઉજવાળો તેવા બનજો જાઓ–હાં–બેટા અને ઘર તરફ ભણતી વેળાએ લમણો આપતા નહીં. ઘર તો તમારું જ છે ને ! "

નિશાળે જઈ ત્યાં થોડો વખત તો અમને ધરમસીભા જ યાદ આવ્યા જ કરતા અને થોડા દિવસ પછી છોકરા ઘેર જતા ત્યારે અમે સૌ ધરમસીભાની ખબર લેતા આવવા ખૂબખૂબ કહેતા.

એક દિવસ અમે સૌ ઘેર ગયા ત્યારે તેમને મળવા ઘણા જ ઉત્સુક હતા. અને વિચારતા કે ધરમસીભા પાદરમાં સ્વાગત કરવા ઉભા હશે !

પરંતુ......

ગામમાં સુમસામ... કોઈ જ બોલે નહિ. ધરમસીભા ની દુકાન બંધ, પીંપળો પણ રડતો ઉભો હતો. પેલા થડમાં પડેલાં માટલાં પણ જેમતેમ આડાં પડયાં હતાં. વધ્યુ ઘટયુ પાણી પરબમાંથી કાગડાઓ છલકાવતા હતા. પેલી પક્ષીઓની પરબ પણ જાણે આંસુના છાંટા પાડતી હોય ! ગામના બધા માણસો શોકભીની આંખે ફરતા હતા. પછી માલમ પડ્યું કે ગામના દાદા.........ગામના ગાંધી......ગયા... ! !

ત્યારે !

અમારી આંખમાંથી અશ્રુઓની ધારા વહ્યા વિના રહે જ કેમ ! ! !

# આપણા દાતાઓ

## શ્રી અંબાલાલ ભાયચંદદાસ પટેલ
## મહેસાણા



શ્રી અંબાલાલ ભાયચંદદાસ પટેલ-મહેસાણાના આજે ૫૭ વર્ષના છે. ભારે શ્રમ અને દુઃખ વેઠી સ્વબળે આગળ વધ્યા છે.

એ પાંચ વર્ષના હતા અને એમના પિતાશ્રી સ્વર્ગસ્થ થયા. એ સમયે એમની આર્થિક સ્થિતિ ભારે દુઃખદ. એમની માતુશ્રીએ એમને અને એમના ભાઈને મજૂરી કરી મોટા કર્યા.

આથી એમને નાનપણમાં નોકરી શોધવી પડી. મહેસાણાના શેઠ જવાલાપ્રસાદ ગડુમલની દુકાને મહિને રૂ. ૨–૮–૦ અઢી રૂપિયા પગારથી નોકરી મેળવી જીવનની શરૂઆત કરી.

આઠ વર્ષની સતત વફાદારીભરી નોકરીના અંતે સંવત ૧૯૯૩માં એમનો પગાર મસિક રૂા. ૨૦ (વીસ) થયો.

રૂા. ૩૧–૦–૦ ઉછીના લઈ એમણે એના નાના ભાઈ શ્રી જોઈતારામ ભાયચંદદાસ પટેલ પાસે મોદીખાનાની દુકાન સં. ૧૯૯૩માં શરૂ કરાવી અને ૧૯૯૪માં નોકરી છોડી દઈ પોતે પણ ભાઈની સાથે એ ધંધામાં જોડાયા.

આમ નોકરી છોડી વેપારી બન્યા.

સ્વાશ્રય, જાત મહેનત અને કુનેહથી ધંધો વિકસાવ્યો અને આગળ વધ્યા.

પ્રભુ કૃપાથી મહેસાણામાં આજે એમની ત્રણ પેઢીઓ ચાલે છે.

(૧) તેલ, ગોળની જથાબંધની દુકાન. પટેલ કિરીટકુમાર અંબાલાલના નામની.

(૨) લોખંડ કાથી વિગેરેની દુકાન ભોગીલાલ અંબાલાલ પટેલના નામની.

(૩) શ્રોફ એન્ડ કમીશનની અંબાલાલ ભાયચંદદાસ પટેલ નામની ચાલે છે.

શ્રી અંબાલાલભાઈ ગરીબાઈમાંથી આવેલ હોઈ ગરીબો પ્રત્યે મમતા રાખે છે અને ગુપ્ત રીતે મદદ કરે છે.

કેળવણીની સંસ્થાઓમાં પણ ઉદારતાથી મદદ કરે છે.

આપણા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના અનેક મદદગારો પૈકીના એક છે. અને સંસ્થાના મેળાવડાઓમાં પણ હાજરી આપી પ્રોત્સાહિત કરે છે. આપણી સંસ્થાએ સાયન્સ કોલેજ શરૂ કરી અને તેમણે ૨૫૦૧) નું દાન ઘણી ખુશીથી આપ્યું છે.

## સુવર્ણ જયંતી ફાળામાં
### નીચેની રકમો નવીન લખાઈ છે.

૧૫૫૧૪) આગળનો સરવાળો
* ૫૦૨) શ્રી સોમાભાઈ લલ્લુભાઇ પટેલ
મંત્રી, મજૂર મહાજન સંઘ– સિદ્ધપુર.
૨૫૧) શ્રી ઈશ્વરભાઈ પુંજાભાઈ પટેલ
(ચુંવાળ ડાંગરવાવાળા) મુ: કટોસણ.
૨૫૧) શ્રી કાન્તિભાઈ ગિરધરદાસ પટેલ : મુ: ઉંટવા
હા. શ્રી ભક્તિભાઇ
૨૫૧) શ્રી સોમાભાઇ વીરદાસ પટેલ
ડેપ્યુટી એન્જીનિયર, જીલ્લા પંચાયત મુ: મહેસાણા
૨૫૧) શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
ચીફ ઑફીસર, કડી મ્યુનિસિપાલિટી. મુ: કડી.
૧૭૦૨૦)

* વસુલ આવી ગયા છે.

### સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.

૧૦૦૧) શ્રી રામભાઇ પટેલ એન્ડ કાં.
હા. શ્રી રામભાઇ મફતલાલ– અમદાવાદ.

## ગુજરાત ગોશાળા – કડીને
### –: મદદમાં મળેલી રકમોની યાદી :–

૧૦૧) પટેલ એન્જીનિયરીંગ સ્ટોર્સ હા. શ્રી ચુનીલાલ,
પટેલ ભુવન, કડી.
૨૫) અ. સૌ. શિવકોરબેન અંબાલાલ પટેલ
ઠે: પરામાં મુ. મહેસાણા

## : સમાચાર :

કડી તાલુકાનો રમતોત્સવ તા. ૨૯ – ૩૦ અને ૩૧ મી ઓક્ટોબરના રોજ શ્રી કલ્યાણ વિદ્યાલય, કલ્યાણપુરામાં યોજાયો હતો. સમારંભનું ઉદ્‌ઘાટન ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ વિદ્વાન સારસ્વત શ્રી ઉમાશંકર જોષીના વરદ હસ્તે થયું હતું અને પૂર્ણાહુતિ સમારંભના અતિથિવિશેષ શ્રી ગોરધનદાસ ચોખાવાલા હતા. ઇનામ વિતરણવિધિ ઓનરરી મેજીસ્ટ્રેટ શ્રી જાદવજીભાઇ પટેલ (મેઢાવાળા) ના વરદ હસ્તે થઇ હતી.

આ રમતોત્સવમાં કડી જૂથ પ્રથમ આવ્યું હતું. માધ્યમિક વિભાગની રમતોમાં **સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ, કડીના વિદ્યાર્થી રામજીભાઇ ચતુરભાઇ પટેલ વ્યાયામવીર અને કુમારી કોકીલાબેન આત્મારામ પટેલ** વીરબાળા તરીકે વિજેતા બન્યાં હતાં. ભાઇઓની ખોખોની બધી રમતોમાં સર્વ વિદ્યાલય મોખરે હતું. યુવક મહોત્સવમાં પણ કડી જૂથ પ્રથમ સ્થાને હતું.

### કડી તાલુકા હરીફાઇઓમાં સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ–કડીના નીચેના વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા.

#### જ્યુનિયર વિભાગ – ભાઇઓ

| રમતનું નામ | મેળવેલા નં. | વિજેતા |
|---|---|---|
| ૧ ૧૦૦ મીટર દોડ | દ્વિતીય | નરેન્દ્રકુમાર ચુનીલાલ જોષી |
| ૨ ઉંચો કૂદકો | દ્વિતીય | કનૈયાલાલ બબલદાસ પટેલ |
| ૩ ગોળા ફેંક | તૃતીય | નરેન્દ્રકુમાર ચુનીલાલ જોષી |
| ૪ ૪×૧૦૦ રીલે રેસ | પ્રથમ | શાળાની ટુકડી |
| ૫ ખોખો | પ્રથમ | શાળાની ટુકડી |

#### જ્યુનિયર વિભાગ–બહેનો

| | | |
|---|---|---|
| ૧ ૧૦૦ મીટર દોડ | પ્રથમ | કોકિલાબેન આ. પટેલ |
| ૨ ઉંચો કૂદકો | પ્રથમ | ,, ,, ,, |

#### સિનિયર વિભાગ – ભાઇઓ

| | | |
|---|---|---|
| ૧૦૦ મીટર દોડ | દ્વિતીય | રામજીભાઈ ચતુરભાઇ પટેલ |
| ૧૧૦ મી. વિઘ્નદોડ | પ્રથમ | ,, ,, ,, |
| લાંબો કૂદકો | દ્વિતીય | ,, ,, ,, |
| લંગડીફાળ કૂદકો | પ્રથમ | ,, ,, ,, |
| ૮૦૦ મીટર દોડ | દ્વિતીય | ગોવિંદભાઇ ગોરધનદાસ પટેલ |
| ૧૫૦૦ મીટર દોડ | દ્વિતીય | અમૃતભાઇ નથુદાસ પટેલ |
| કુસ્તી વર્ગ–૧ | દ્વિતીય | ગોવિંદભાઇ આત્મારામ પટેલ |
| કુસ્તી વર્ગ–૨ | ,, | કરસનજી ગલાબજી |
| ગોળાફેંક | દ્વિતીય | બચુભાઈ મોતીદાસ પટેલ |
| બરછીફેંક | ,, | ,, ,, ,, |
| હથોડાફેંક | પ્રથમ | દેવકરણ રામદાસ પટેલ |
| ઉંચો કૂદકો | દ્વિતીય | ભવાનભાઇ ગંગારામદાસ પટેલ |
| ખોખો | પ્રથમ | શાળાની ટુકડી |

#### સિનીયર વિભાગ – બહેનો

| | | |
|---|---|---|
| ૧૦૦ મીટર દોડ | દ્વિતીય | દક્ષાબેન માધવલાલ પટેલ |
| ૨૦૦ મીટર દોડ | ,, | ,, ,, ,, |
| ૪૦૦ મીટર દોડ | પ્રથમ | મંજુબેન નાથાલાલ પટેલ |
| ૮૦૦ મીટર દોડ | દ્વિતીય | ,, ,, ,, |
| ગોળા ફેંક | ,, | કપિલાબેન ચતુરભાઈ પટેલ |
| ચક્ર ફેંક | ,, | ,, ,, ,, |
| બરછી ફેંક | તૃતીય | ,, ,, ,, |
| લાંબો કૂદકો | પ્રથમ | દક્ષાબેન માધવલાલ પટેલ |
| ઉંચો કૂદકો | તૃતીય | ,, ,, ,, |
| વિઘ્નદોડ | ,, | ,, ,, ,, |

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૨૭-૧૧-૬૯ [ અંક ૧૦


## આગલી રાત્રે

પુરૂષોત્તદાસ પટેલ

[ સ્વર્ગસ્થ શ્રીમંત મહારાજા સાહેબ સર સયાજીરાવ કડી પધાર્યા હતા.

કડીની આપણી સંસ્થાની મુલાકાત તા. ૪-૧-૨૬ ના રોજ સવારના લેવાનું નક્કી થયું અને તેની ખબર સંસ્થાને શ્રીમંત મહારાજા તરફથી આપવામાં આવી.

સંસ્થાના એ સમયના પ્રાણ જેવા સ્વ. સ્વામિનારાયણ પ્રોફેસર તથા સ્વ. દુર્ગાપ્રસાદ શેઠશ્રીને સંસ્થા તરફથી ખબર આપવામાં આવતાં તેઓ શ્રીમંત મહારાજા સાહેબનું સ્વાગત કરવા સંસ્થામાં આવી ગયા હતા.

સંસ્થાના સ્થાપક પૂ. છગનભાના આનંદનો પાર ન હતો. એમને મહારાજા સાહેબ પ્રત્યે પૂજ્યભાવ અને આદર.

સંસ્થાના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ શ્રીમંત મહારાજા સાહેબનું સ્વાગત કરવા ઘણા દિવસથી મહેનત કરી રહ્યા હતા. એ વખતે સંસ્થાના વિદ્યાર્થીઓનો એક જ પ્રકારનો પોષાક હતો અને બેન્ડ હતું. બેન્ડ ઉપર વિદ્યાર્થીઓનો હાથ ખૂબ બેસી ગયેલો. તાલબદ્ધ બેન્ડ વગાડતા અને શીસ્ત બદ્ધ કવાયત-માર્ચડ્રીલ.

આખા ચોગાનમાં તેમ વિદ્યાર્થી આશ્રમની અંદર પાણીનો છંટકાવ કરવામાં આવેલો સ્હેજ પણ ધૂળ ના ઊડે તે માટે સવારથી પાણી છંટાતું હતું.

આસોપાલવનાં તોરણ બંધાયાં હતાં

સાંજના વિદ્યાર્થીઓ બેન્ડ વગાડી રીહર્સલ કરતા હતા.

એના સુરના કારણે અથવા તો તાલીમબદ્ધ કવાયત કરતા તે જોઇને આગલી રાત્રે વડોદરા રાજયના સ્કાઉટ કમીશનર શ્રી. દવે (મને એવું નામ યાદ છે) રાત્રે સાડા આઠ વાગે સંસ્થામાં આવ્યા.

શ્રીમંત મહારાજા સાહેબની સવારીમાં સાધારણતઃ દિવાન સાહેબ, સર સુબા, સુબા, સ્કાઉટ કમીશનર વગેરે રહેતા.

આ વખતે શ્રીમંત કડી સ્ટેશન ઉપર-સંસ્થાની સામે જ આવેલા આરામગૃહમાં ઊતર્યા હતા. એમનો રસાલો પણ આરામગૃહના કંપાઉન્ડમાં તંબુઓ નાંખીને પડ્યો હતો.

શ્રી. સ્કાઉટ કમીશનર શ્રી. દવે સંસ્થામાં આવતાં અમે ભેગા થઇ ગયા. હું, સ્વ બાપુભાઇ, શ્રી પોપટભાઇ, શ્રી છગનભાઈ અને શ્રી કુબેરભાઇ. અમે શ્રી દવેનું સ્વાગત કર્યું. ચાહ પાણી કર્યાં. અને એમના આવવાનું પ્રયોજન પૂછ્યું.

શ્રીમંત મહારાજા સાહેબ આવતી કાલે સવારના તમારી સંસ્થાની મુલાકાત લેવાના છે અને તે પ્રસંગે સંસ્થાના વિદ્યાંર્થીઓને સ્કાઉટના બીલ્લા અને સ્કાઉટનો વાવટો શ્રીમંત મહારાજા સાહેબના શુભ હસ્તે અપાય અને તમારી સંસ્થાનું એ રીતે ગૌરવ થાય. એ સારુ તમને તમારા વિદ્યાર્થીઓને સ્કાઉટમાં જોડાવા કહેવા આવ્યો છું. શ્રી દવેએ ખૂબ પ્રેમ અને વિવેકથી વાત સમજાવી

અમે બધા વિચારમાં પડી ગયા. શું કહેવું તેની ગૂંચવણ અમને બધાને હતી.

એટલે મેં મૌન તોડ્યું અને પૂછ્યું, "સ્કાઉટ શું છે અને એથી શું લાભ તે અમને સમજાવો."

શ્રી. દવેએ સમજાવતાં કહ્યું કે સ્કાઉટમાં જોડાયેલ વિદ્યાર્થી શિસ્તબદ્ધ બને છે. અને એમના પ્રવાસની જોગવાઇમાં મદદ

કરવામાં આવે છે. એમને કવાયતનું પ્રાથમિક શિક્ષણ મળે છે. દરેક સ્કાઉટ પરમેશ્વર, રાજા અને દેશને ( for God King and Country ) વફાદાર રહેવાના સોગન લે છે.

આની ચર્ચા ચાલી. થોડી ગરમ ચર્ચા પણ થઈ.

અમે એમને નમ્રભાવે જણાવ્યું કે અમારી સંસ્થામાં જુદા જુદા ધર્મના અને જ્ઞાતિના વિદ્યાર્થીઓ છે. કોઈ રામજીને પૂજે છે તો કોઈ સ્વામિનારાયણને અને કોઈ બીજા વિષ્ણુ, શિવ કે માતાને. અમારી શાળામાં મુસલમાન વિદ્યાર્થી પણ છે અને તેમનો ધર્મ પણ જુદો. આ સ્થિતિમાં એકજ સ્વરૂપની પરમેશ્વરની માન્યતા નથી અને તેથી અમે અને અમારા વિદ્યાર્થીઓ એમાં પડે તે અમને રુચતું નથી.

રાજા સબંધમાં તો સોગન કેમ લેવાય ? આપણા દેશમાં ઘણા રાજાઓ આવ્યા અને ગયા. રાજ્યોની ઉથલ પાથલ થઈ. અત્યાર સુધી રાજા પ્રત્યેની વફાદારીના સોગન લેનારા રાજ્યની ઉથલપાથલ થતાં નવા રાજા–દુશ્મન રાજા પ્રત્યે વફાદાર બન્યા છે. આપણા દેશમાં અંગ્રેજોની હકુમત છે. એમનું રાજ્ય છે. એ રાજ્ય આપણું નથી. આપણે પરતંત્ર છીએ. એ સ્થિતિમાં રાજા પ્રત્યે વફાદારીના સોગન કેમ લેવાય ?

દેશ પ્રત્યે વફાદારીના સોગન લેવા અમને હરકત નથી. દેશને માટે અમે, અમારા વિદ્યાર્થીઓ માંથાં આપવામાં ગૌરવ માનીએ છીએ. અમારા દેશની મુક્તિ–આઝાદીની લડત ચાલે છે. એમાં અમે, અમારા વિદ્યાર્થીઓ ભાગ પણ ઓછો વત્તો લઈએ છીએ. દેશ પ્રત્યેની વફાદારીના સોગનમાં દેશની આઝાદીની લડત આવી જાય ?

આવા અનેક પ્રશ્નો ચર્ચાયા. ચર્ચા રાતના સાડા બાર સુધી ચાલી. શ્રી. દવે સાથે અમે સંમત થઈ શક્યા નહિ.

નિરાશ થઈ શ્રી. દવે આરામ ગૃહ તરફ ગયા. ત્યાં દિવાન સાહેબને વાત કરી હશે. શ્રીમંત મહારાજા સાહેબને વાકેફ કર્યા હશે.

એવું વાતાવરણ ઉભું થયું કે આપણી સંસ્થા બંડખોર–રેવોલ્યુશનરી છે.

અને શ્રીમંત મુહારાજા સાહેબે આપણી સંસ્થાની મુલાકાત રદ કરી અને રાત્રે એક વાગે જણાવવમાં આવ્યું કે શ્રીમંત મહારાજા સાહેબે સંસ્થાની મુલાકાત રદ કરવા કૃપા કરી છે.

આ સમાચાર મળતાં સૌ દુઃખી થયા. અમારી સ્થિતિ કફોડી થયાનું અમને લાગ્યું. અમે ખૂબ મુંઝાયા. સ્વ. સ્વામિનારાયણ સાહેબ અને સ્વ. લશ્કરી શેઠને રાત્રે જગાડી ખબર આપી.

સવારના વહેલી ગાડીમાં સ્વ. સ્વામિનારાયણ સાહેબ દેત્રોજ ગયા અને સ્વ. લશ્કરી શેઠ સવારની ગાડીથી અમદાવાદ ગયા.

સંસ્થામાં ગમગીની ફેલાઈ ગઈ. સ્વ. છગનભા ખૂબ દુઃખી થયા.

પણ થાય શું ?

અમારું સદ્‌ભાગ્ય કે અમને કોઈ લઢ્યું નહિ. અમે શ્રી. દવે સાથેની વાત છાની રાખી પણ એની હવા તો ફેલાઈ ગઈ.

સંસ્થાનો એ વખતે નિયમ હતો કે સવારના વહેલી પ્રાર્થના થાય. વિદ્યાર્થીઓ સમૂહમાં ભજન ગાય. આજે પણ એ નિયમ પળાય છે.

સદ્‌ભાગ્યે સવારના વહેલા સાતેક વાગે શ્રીમંત મહારાજા સાહેબ એમના એ. ડી. સી. (રક્ષક) સાથે સ્ટેશન ઉપર ફરવા નીકળ્યા અને એમણે વિદ્યાર્થીઓનાં ભજન સાંભળ્યાં.

ભગવાને એમનામાં પ્રેરણા કરી. આ સંસ્થામાં બંડખોર પ્રવૃતિ કેવી અને શું થાય છે તે જોવા જાણવાની વૃત્તિ જાગી.

અને રેલ્વે પાટા ઓળંગી સંસ્થા તરફ ચાલ્યા. એ. ડી. સી. એમની પાછળ.

સંસ્થા તરફ આવતા જોઈને એમનાં દર્શન કરવા સૌ ભેગા થઈ ગયા. સંસ્થાના કંપાઊન્ડમાં દરવાજામાં શ્રીમંતે પગ મૂક્યો અને વ્હીસલ મારી વિદ્યાર્થીઓને લાઈનમાં ગોઠવ્યા. શ્રીમંત મહારાજા સાહેબનું ખુબ આનંદથી સ્વાગત કર્યું.

મહારાજા સાહેબે સંસ્થાનો ખૂણેખૂણો જોયો. વિદ્યાર્થીની પેટીઓ જોઈ. પુસ્તકાલયનાં પુસ્તકો ફેર્યા. પ્રેસ તેમ જ વણાટ રેંટીયા બધુએ જોયું.

મહારાજા સાહેબ સંસ્થામાં પધાર્યાની ખબર મળતાં દિવાન સાહેબ અને રસાલો દોડતો આવી પહોંચ્યો.

શ્રીમંત મહારાજા સાહેબની બેઠક રસોડાની દક્ષિણ તરફની પડાળીમાં ગોઠવવામાં આવી હતી. શ્રીમંત મહારાજા સંસ્થા જોઈ ખુશ થયા અને દિવાન સાહેબ વગેરે રસાલાની હાજરીમાં નીચેના ભાવનું જણાવ્યું :

**મારા અમલદારોએ આ સંસ્થા બંડખોર છે, એવી માહિતી મને આપી અને તેથી મારી આ સંસ્થાની મુલાકાત મેં રદ કરી હતી. પણ સ્ટેશન ઉપર ફરતાં મારા દીલને થયું કે આ સંસ્થા કેવી બંડખોર છે તે જોઉં અને આવ્યો. સંસ્થાની બધી પ્રવૃત્તિઓ જોઈ. અને આને મારા અમલદારો બંડખોર પ્રવૃત્તિ કહેતા હોય તો હું ઈચ્છું છું કે મારા રાજ્યના ખુણેખુણામાં આવી બંડખોર પ્રવૃત્તિ થાય.**

**ઇંગ્લાંડની સ્કૂલો ઉપરથી એવી સ્કુલ સ્થાપવા મેં પ્રયત્ન કરેલ પણ એમાં સફળ થયો નહિ પણ અહીં મારું સ્વપ્ન સિદ્ધ થતું મને લાગે છે.**

[ અનુસંધાન પેજ આઠ ઉપર ]

# સાચા માર્ગદર્શક

શ્રી મણિભાઈ એમ. પટેલ

ઈ. સ. ૧૯૩૯ની સાલ હતી. એ સાલના ફેબ્રુઆરી માસના એક દિવસે મારા આશ્ચર્ય વચ્ચે મને એક અનામી વ્યક્તિનો પત્ર મળે છે. એ પત્ર મેં સાચવી રાખ્યો નથી પણ એની વિગતો સ્મૃતિમાં સચવાઈ રહી છે. કાગળનો ભાવ કંઈક નીચે પ્રમાણે હતો :– "માતાજીનો (કયાં માતાજી તે ભૂલી ગયો છું.) આદેશ છે કે આજથી દિન ચારમાં, આવા જ પ્રકારના નવ પત્રો તમારા ઓળખીતા પારખીતાઓ અને મિત્રમંડળને લખજો. માતાજીનો આદેશ છે કે આ પત્ર–વેલ અખંડ રહેવી જોઈએ. એ તોડનારનું માતાજી ધનોત–પનોત કાઢી નાખશે. રાજપુરના એક ભાઈએ આ વેલ તોડી તો એનો કમાતો–ધમાતો દીકરો ફાટી પડયો. શાહપુરનાં એક બહેને આ વેલ તોડી તો, નખમાં યે રોગ નહોતો ને ઘડીમાં એના રામ રમી ગયા. ગંભીરાના એક સર્જને વેલ તોડી તો ત્રણ માળનું એનું ઘર લાગી ગયું. અમીનપુરાનાં એક સન્નારીએ વેલ તોડી તો સાજો-સમો ભીમ જેવો એનો પતિ મરી ગયો. લવારપુરના એક કણબીએ વેલ તોડી તો ત્રણ દિવસમાં એના બે બળદ ને એક ભગરી ભેંસ ફાટી પડ્યાં...... માટે ડાહ્યા હો તો માતાજીનો આ આદેશ માથે ચઢાવી બીજા નવ પત્રો લખજો અને માતાજીની કૃપા પામજો"– વગેરે વગેરે.

મને આ પત્ર મળ્યો ત્યારે પ્રમાણમાં મારી ઉંમર નાની ગણાય. એના પ્રથમ વાંચને આશ્ચર્ય થયું. એના બીજા વાંચીને વિડંબનાની વૃત્તિ થઈ. વધુ વાંચવા લાગ્યો એટલે હાસ્ય અને ઊંડી છૂપી ભીતિની લાગણીઓ જાગી. આ બધી મિશ્ર લાગણીઓમાં સરવાળે ભીતિની લાગણી પ્રબળ થવા લાગી. સાચું શું હશે? પત્રવેલ તોડું તો શું થશે? ખરેખર આ ધતીંગ હશે? એને આવો પત્ર લખવામાં સ્વાર્થ શો? મારા કોઈ મિત્રે તો મારી આવી મશ્કરી કરી નહીં હોય? આથી પોસ્ટ ખાતાને જ લાભ થવાનો...... ને મારો સમય બગડવાનો ને બીજા એવા કયા નવ ભાગ્યશાળીઓને મારે માતાજીને નામે આ આદેશ. આપવો? મારા શિક્ષકના જીવને આવો વહેમ શોભે? અને ખરેખર આ વહેમ જ છે? વહેમ માનીને પત્ર-વેલ તોડું અને મને અથવા મારાંઓને ન કરે નારાયણ અને કંઈક થાય તો? ભલેને એ કંઈક કાકતાલીય–ન્યાયે થાય પણ પછી કારણ–કાર્ય–ન્યાયમાં મારા ચિત્તની શ્રદ્ધા કેટલે અને કયાં સુધી ટકે? લાવને, મારા અમુક અમુક નાસ્તિક-આસ્તિક મિત્રના ચિત્તના પ્રત્યાઘાત જાણુવા પણ એના ઉપર માતાજીનો આદેશ ઉતારું! પણ, ના જીવ! તું રહ્યો વ્યવસાયે શિક્ષક તને આવી પાખંડ–વેલ ફેલાવવી ન શોભે. પણ આમાં મારા ગુરુજીનું માર્ગદર્શન લીધું હોય તો? કયા ગુરુજીનું માર્ગદર્શન લઉં? શ્રી ડાહ્યાલાલ જાનીનું લઉં કે શ્રી ઉમેદભાઈનું? શ્રી છગનભાઈ સાહેબને લખું કે શ્રી પોપટભાઈ સાહેબને પૂછાવું? ખેર! ગામીસાહેબને જ લખવા દે. અધ્યાત્મશાસ્ત્ર એ એમનો ઈલાકો...... અને વર્ગમાં સંસ્કૃત શીખવતાં શાસ્ત્રના અનેક શ્લોકો બોલતા હતા! એમની ય કસોટી થશે. પત્ર લખવાનું નક્કી થયું. પણ પત્ર અંગ્રેજીમાં લખું કે ગુજરાતીમાં? ગામી સાહેબ અંગ્રેજી શિખવતા હતા; તો એમને ય ભલે ખ્યાલ આવે કે શિષ્યોને કેવું અંગ્રેજી આવડે છે! ગોઠવી ગોઠવીને મુદ્દાસર, સારા શુદ્ધ અંગ્રેજીમાં શિક્ષકશાઈ પત્ર લખ્યો. પત્ર તો લખ્યો પણ ગામી સાહેબ પત્રનો પ્રત્યુત્તર જ નહીં પાઠવે તો? અરે! એવું તો બને? મારા ઉપર એમનો સાચો ભાવ હતો. બે લીટીનો, પણ જવાબ તો આવવો જ જોઈએ. અને તા. ૧૦–૩–૧૯૩૯ના રોજ પૂ. ગામી સાહેબનો મારા પર નીચે પ્રમાણેનો પત્ર આવ્યો:

## 'મને સાંભરે રે'

**Dear Manibhai,**

The chain of which you write in your letter is nothing but an appeal to the superstition and fear-emotion lying in every human heart in varying degrees. The originator of the scheme wants to take advantage of the human weakness in this direction in order to achieve either some of his selfish motives or to satisfy his egoistic false ideas. Never believe in it, and do not be an instrument in its spread.

His (God's) ways are mysterious. we owing to our ignorant and unlighted nature, attribute to Him many a false things and motives which really do not belong to him, but which are simply the creations of our own egoistic trend of mind and heart.

To know His ways we must quiet down all the throbbings of our false mind and heart and aspire steadily and patiently for the Light. If we take this attitude, the Light will surely come and It will enlighten all the

dark corners of our life. I hope this will satisfy you for the present.

Yours sincerely,
**Bapubhai.**

**વ્હાલા મણિભાઇ,**

તમારા પત્રમાં જે પત્ર–સાંકળ ( પત્ર–વેલ )ની વાત લખો છો તે બીજું કશું જ નથી પણ પ્રત્યેક માનવ–હૃદયમાં, ઓછા-વત્તા પ્રમાણમાં જે વહેમ અને ભીરુતાની ( ગુપ્ત–સુપ્ત ) વૃત્તિ છે તેને તે ‘ અપીલ ’ કરવા માગે છે. આ યોજનાનો કોલંબસ, માનવીની નિર્બળતાનો આ દિશામાં ગેરલાભ ઉઠાવવા માગે છે. આ રીતે તે કાં તો પોતાનો કોઇ સ્વાર્થી હેતુ સિદ્ધ કરવા ઇચ્છે છે અથવા પોતાના અહં- પ્રધાન, અહં-કેન્દ્રી મિથ્યા વિચારોને સંતોષવા ઇચ્છે છે. રખે એમાં માનતા અને રખે એના પ્રચાર કે પ્રસારમાં સાધનરૂપ બનતા.

પરમાત્માની લીલા અગમ્ય છે. આપણા અજ્ઞાનને કારણે આપણી પ્રકૃતિની અ–જાગ્રતિને લીધે એવી કેટલી યે વસ્તુઓ અને આશયો- ઇરાદાઓ છે જેનું આરોપણ આપણે પરમાત્મામાં કરીએ છીએ પણ તત્ત્વતઃ એ તો આ બધાથી ઉફરો છે. જે વસ્તુ– આશયો - ઇરાદાઓનું આપણે એનામાં આરોપણ કરીએ છીએ તે તો વસ્તુતઃ કેવળ આપણા જ હૃદય અને મનના અહંપ્રધાન વલણનું સર્જન હોય છે.

પરમાત્માની ગતિ-વિધિને જાણવા-પામવા માટે તો આપણે આપણા વિતથ મન–હૃદયનાં સ્પંદનોને શાંત કરી દેવાં જોઇએ, અને સાતત્યપૂર્વક અને ધૃતિપૂર્વક એ પરમ પ્રકાશની ઝંખના જાગવી જોઇએ. આપણો અભિગમ આવો હશે તો એ પરમ પ્રકાશ અચૂક આવશે જ અને આપણા જીવનના બધા જ અંધારિયા ખૂણાઓને અજવાળશે જ. માનું છું કે હાલ પૂરતો આટલાથી સંતોષ થશે.

તમારો નિખાલસ
બાપુભાઇ

આ પત્ર-પ્રકાશનનો આશય ત્રિવિધ છે. (૧) એક તો, જે પત્રવેલની વાત ત્રણ દાયકા-જૂની છે તે હજી નવે સ્વરૂપે ચાલુ જ છે. અજ્ઞાન, વહેમ, ભય જેટલી એ વેલ અમર [?] છે. (૨) વર્ગ–શિષ્ય મટી ગયા પછી પણ પૂ. ગામી સાહેબ જેવા ગુરુઓ કેવા વડીલ મિત્ર કે માર્ગદર્શક રહ્યા હતા. (૩) ત્રીજું, આવડા ટૂંકા અંગ્રેજી પત્રમાં પણ એમણે રોગ–રોગીની નાડ બરાબર પારખી છે, એનું યોગ્ય નિદાન કરી યોગ્ય ચિકિત્સા પણ સૂચવી છે જે એ પરમ વંદનીય ગુરુની એ દિશાની વિકાસની પારાશીશી રૂપ છે.

**આચાર્ય શેઠ સી. વી. વિદ્યાલય**
ગવાડા ( તા. વિજાપુર )

---

[ પેજ પાંચ ઉપરથી ચાલુ ]

પણ કેનેડીએ આ શરત માન્ય ન રાખી. એમણે તો પોતાની મૂળ વાતને જ વળ આપ્યો : “ રશિયા એ મથકોનો નાશ કરે, રાષ્ટ્રસંઘ એની ખાતરી કરી લે; પછી અમે કયુબાને ફરતો પહેરો છોડીશું અને કયુબા ઉપર બોંબમારો કરવાનું જતું કરીશું. ”

બીજે દિવસે સૌના આશ્ચર્ય વચ્ચે ક્રુશ્ચેવ મથકોનો નાશ કરવા કબુલ થયા અને શસ્ત્રો રશિયા ભેગાં કર્યાં.

આ પત્યા પછી કેનેડીએ આપોઆપ પોતાનાં મથકો તુર્કીમાંથી દૂર કર્યાં.

આ પળે બંને નેતાઓએ ડહાપણનું કામ કર્યું. સલાહકારોની સલાહ અવગણીને કેનેડીએ બોંબમારો ન કર્યો અને ક્રુશ્ચેવે પ્રતિષ્ઠાની પરવા કર્યા વિના વિશ્વશાંતિના એક મહાન કારણ ખાતર મથકો દૂર કર્યાં.

સૌ માનતા કે આ પ્રસંગ પછી રશિયા અને અમેરિકા એકબીજા સામે વધારે ખારભર્યો હુંકાર કરશે. પણ એથી ઊલટું બન્યું. એ પળની નજીકના ઇતિહાસમાં તો એ વધારે નજીક આવ્યાં. અને એ રીતે આ કટોકટીની પળ ઇતિહાસમાં વધારે મહત્વની બની રહી.

---

[ પેજ ૬ ઉપરથી ચાલુ ]

મને એમાં ‘ વહેલો તે પહેલો ’ એટલું ઉમેરી દેવાનું મન થઈ આવ્યું. ડાયરીનું આકર્ષણ એટલે લોકોને મન મોટો લાભ. કેલેન્ડર, ડાયરી, બૉલપેન વગેરે તો વિનામૂલ્યે જ ભેટમાં મેળવવાનાં હોય.

મહાપુરુષો પોતાને માટે કહી ગયા છે કે, “ પ્રભુએ મને હેતુપુરઃસર સર્જ્યો છે. હું એની કીર્તિ વધે તેવી રીતે મારું કાર્ય કરીશ અને તેમ કરી હંમેશનું સ્થાયી સુખ ભોગવીશ. ” એમ આ ડાયરી પણ કહી શકે કે, બીઝનેસમેન ને કંપનીઓએ મને હેતુપુરઃસર જ સર્જી છે. મારે તેમની કીર્તિ વધે તેવી રીતે મારું કાર્ય કરવું જોઇએ. અને તેમને લાભ કરાવીને હું હંમેશનું સ્થાયી સુખ ભોગવીશ. ”

અને જેઓ ભેટમાં કે ફોગટમાં ડાયરી મેળવવામાં નિષ્ફળ ગયા છે તેઓને મારો આ સંદેશો કે... હે ડાયરી ગુમાવનારાઓ! કદી પણ નિરાશ ન થતા. કમર કસો, હોઠ બીડી વિજયના મેદાનમાં ઊતરો. ખાત્રી રાખો કે તમને ફત્તેહ મળશે જ. તમે હારશો તેવા વિચારો સ્વપ્ને પણ લાવતા નહીં. નિશ્ચયપૂર્વક માનો કે જીત તમને વરેલી જ છે. અને આવો પ્રખર નિશ્ચય હશે તો તમે જરૂર ડાયરી મેળવીને જ રહેશો. ”

---

# ખરા શાણા; ખરા શૂરા

મોહનભાઈ પટેલ

[ આ માસની ૨૨ મી તારીખે પ્રમુખ કેનેડીની છઠ્ઠી મૃત્યુસંવત્સરી આવી ગઇ. પ્રમુખ કેનેડી આમ તો ઘણી રીતે જગતને યાદ રહેશે. અમેરિકાના થઇ ગયેલા પ્રમુખોમાં એમની વય સૌથી ઓછી. કેથોલિક તરીકે પ્રમુખના હોદ્દા ઉપર પહેલવહેલા એ આવ્યા. પછાત અને વણ-વિકસ્યા દેશોમાં શાંતિ ટુકડીઓને મોકલવાની શરૂઆત એમણે કરી. અમેરિકામાં હબસીઓના હિતની વાત લિંકન પછી અમેરિકાના પ્રમુખ તરીકે પહેલીવાર એમણે વિચારી. એમની હિંમત, શાણપણ અને તેજસ્વીતા માન મૂકાવે એવાં હતાં. કયુબાના પ્રશ્ન ઉપર એમણે બતાવેલાં હિંમત અને મુત્સદ્દીગીરી જગતના ઇતિહાસમાં સદાય અંકિત રહેશે. — લેખક ]

ઈ. સ. ૧૯૬૨ ના ઓકટોબરનું છેલ્લું અઠવાડિયું જગત-ના ઇતિહાસમાં અભૂતપૂર્વ બની ગયું. તારીખ ૨૫, ૨૬ અને ૨૭ મી એ તો કાળ પોતાનું વિકરાળ ડાચું ફાડીને જ જાણે ઊભો થઇ ગયો હતો. જગત વિનાશની એક ઊંડી ખીણની ધાર ઉપર આવીને ઊભું હતું. માનવ આબાદ રહે કે બરબાદ થઇ જાય એના નિર્ણયની પળ આવી લાગી હતી.

એ નિર્ણયનો આધાર બે વ્યક્તિઓ ઉપર હતો. માત્ર બે જ માનવી. આ બે માનવી તે – એક અમેરિકાના પ્રમુખ જહોન ફીટઝીરાલ્ડ કેનેડી અને બીજા રશિયાના વડાપ્રધાન નિકિતા ક્રુશ્ચેવ. બેમાંથી એકપણ પોતાની અંગત પ્રતિષ્ઠા કે અહમ્ તરફ લક્ષ આપે તો એક વિશ્વવિધ્વંસક મહાયુદ્ધનો વૈશ્વાનર એક જ પળે ભડકી ઊઠે.

વાત આમ બની હતી. પોતાના સંશોધક વિમાનો દ્વારા અમેરિકન પ્રમુખ કેનેડીના જાણવામાં આવ્યું હતું કે રશિયાએ કયુબા ટાપુમાં દૂરગામી અણુશસ્ત્રો ફેંકી શકાય એ માટે મથકો ચણવા માંડયાં છે અને રશિયાથી અણુશસ્ત્રો લાવીને ત્યાં ખડકવા માંડયાં છે.

અમેરિકા માટે આ ભયંકર સમાચાર હતા. કયુબા ટાપુ અમેરિકાથી ફકત ૯૦ માઇલ દૂર. ત્યાંથી છૂટેલાં શસ્ત્રો અમેરિકાને સહેલાઇથી પાયમાલ કરી શકે. આમ થવા દઈ શકાય નહીં.

કેનેડીએ કયુબાની ચારે બાજુએ પોતાનાં યુદ્ધ જહાજોનો પહેરો મૂકી દીધો. અને જે જે જહાજો કયુબા તરફ આવતાં હોય એમની જડતી લઇને એમાં યુદ્ધ સામગ્રી ન હોય તો જ આગળ જવા દેવાં એવા કડક હુકમો આપી દીધા. અને જે જહાજ આવી તપાસ ન કરવા દે એનો નાશ કરવાનો આદેશ પ્રમુખે આપી દીધો

રશિયાનાં ૨૫ વ્યાપારી જહાજ કયુબા તરફ આવી રહ્યાં હતાં.

જાણે કટોકટીની પળ જ દરિયા ઉપર સવાર થઇને આવી રહી હતી.

જગતની પ્રબળ સત્તાઓ બે. એક અમેરિકા અને બીજી રશિયા. આમ તો બંને વચ્ચે ઠંડુ યુદ્ધ તો ચાલતું હતું જ. ખુલ્લો ભડકો થઇ જાય એવી પરિસ્થિતિ સરજાઇ ચૂકી હતી.

આખા જગતમાં એક પ્રશ્ન ચર્ચાઇ રહ્યો. રશિયા પોતાનાં જહાજોની તપાસ થવા દેશે? અને અમેરિકા એમને વણ-તપાસ્યાં જવા દેશે?

રાષ્ટ્રસંઘની સલામતી સમિતિની તાકીદની બેઠક મળી. મહામંત્રી ઉ–થાંએ અમેરિકાને પોતાનો પહેરો ખસેડી લેવા અને રશિયાને શસ્ત્રનિક્ષેપનાં મથકો દૂર કરી દેવા જણાવ્યું. પણ બેમાંથી કોઇએ આ વાત માની નહીં.

તારીખ ૨૬ મી એ વાત વણસી ચૂકી. અમેરિકાએ તપાસ માટે કયુબા ઉપર ઉડાડેલાં શોધક વિમાનો ખબર લાવ્યાં કે પેલાં ક્ષેત્રો તો લગભગ પૂરાં બંધાઇ ચૂક્યાં છે. જહાજો રોકો કે ન રોકો બધું સરખું છે. વાતે નવો વળાંક લીધો. ઊભાં થયેલાં મથકોનો બોંબમારાથી તત્કાળ નાશ કરવો કે કેમ? કયુબા ઉપર વિના વિલંબે બોંબમારો કરવાની કેનેડી-ના સલાહકારોએ સલાહ આપી. પણ કેનેડીએ આગવો નિર્ણય લીધો. એણે રશિયાને માત્ર ચેતવણી આપી. "મથકોનો તરત નાશ કરો; નહીંતર કયુબા ઉપર બોંબમારો શરૂ કરીશું."

આ મક્કમ જાહેરાતથી રશિયનો મૂંઝાયા.

બીજે દિવસે ક્રુશ્ચેવે કેનેડીને કાગળ લખ્યો: "એક શરતે અમે એનો નાશ કરીએ. તમે તુર્કીમાંથી તમારાં મથકોનો નાશ કરો. અમારાં મથકો અમેરિકાથી ૯૦ માઇલને અંતરે છે, પણ તમારાં તો અમને અડીને છે."

[ અનુસંધાન પેજ ૪ ઉપર ચાલુ ]

# ભેટની ડાયરી

રૉય

જ્યારથી મેં મારા એક પરમ મિત્રના હાથમાં સુંદર મજાની કાળા ચકચકિત પ્લાસ્ટીકના રેપર–કવરવાળી ડાયરી જોયેલી ત્યારથી મને સતત એની જ લાલસા થયા કરેલી "... બીજું હું કાંઈ ન માગું રે... " ની ગીતપંક્તિ વારેવારે ગાઇ ઊઠતો. કવિશ્રી કલાપીની તો જ્યાં જ્યાં નજર ઠરતી ત્યાં એમને એમની પ્રેયસીની યાદ ભરેલી દેખાતી. જ્યારે મારી દૃષ્ટિમાં એ ડાયરી એવી તો સાંગોપાંગ ઊતરી ગયેલી કે જ્યાં હું દૃષ્ટિ સ્થિર કરતો ત્યાં ધીરેધીરે એનો જ આકાર બંધાતો જતો ને દુષ્યંતની જેમ " હા શકુન્તલે " ની જગ્યાએ 'હા ડાયરી' એટલો જ ફેરફાર કરી ઊંડા નિઃશ્વાસમાં ડૂબી જતો.

"... ડાયરી સારી છે હોં; ક્યાંથી લાવ્યો ?" ડાયરીને હાથમાં ફેરવતા ફેરવતા એના ઉપરથી મારી લોલૂપતાભરી દૃષ્ટિને લગારે ખસેડયા સિવાય જ પૂછ્યું. એના ઉપર અલ્ટ્રા વ્હાઇટ અક્ષરોમાં નીચે ખૂણામાં ૧૯૬૯ અને ઉપર કંપનીનું નામ એમ્બોઝ કરેલું હતું. એ ખરેખર આંખે ઊડીને વળગે એવું હતું.

" હેં, છે ને સરસ રાજ્જા; આ તો એક ઇલેકટ્રીક કંપનીમાં મારો ફ્રેન્ડ છે એણે ભેટ આપી... "

એણે ધીરે રહીને મારા હાથમાંથી એ કાળી કામણગારી ડાયરી સેરવી લીધી. મેં એના ચહેરા ઉપર વિજય – ગર્વીલું સ્મિત જોયું. મારા હાથમાં રહેલા કેલેન્ડર તરફ એણે ઉપેક્ષિત દૃષ્ટિ નાંખી. ...મારી આ ડાયરી આગળ તારાં આવાં અનેક કેલેન્ડરો શા વિસાતમાં... એવું હું એની દૃષ્ટિમાં સ્પષ્ટ વાંચી શક્યો. મને એમાં મારો ઉપહાસ દેખાયો. મને મારી અલ્પતાનું ભાન ત્યારે જ થયું. કેલેન્ડર પ્રાપ્તિની ખુશી લુપ્ત થઇ ગઈ. બસ. ડાયરીની લિપ્સા બળવત્તર બની હૃદયમાં જામી ગઇ. ડાયરી મારી પરમેશ્વર અને હું ડાયરીનો......

મહાન કવિ–નાટયકાર શેક્સપિયર એના 'જુલિયસ સીઝર' નાટકમાં કહી ગયો છે કે... વહાલા બ્રુટસ, દોષ આપણા દૈવનો નથી. પરંતુ આપણો જ છે. પુરુષાર્થ કરોને પ્રાપ્ત કરો. કોઇક વિચારકે પણ કહ્યું છે તે કે... જીવન આદર્શની વિરોધી એવી સર્વ કોઈ પરિસ્થિતિને સાધકે વધારે શકિતમત્તા મેળવવાની સ્થિતિ સમજી વર્તવું જોઇએ અને પછી જુઓ કે સાધકની ઇચ્છાઓ પાર પડે છે કે નહીં પહેલા ઇચ્છાઓ કરો. લાયકાત એના પગલાં સૂંઘતી આવશે એકાગ્રતા, ઉદ્યમ અને શ્રદ્ધા આ ત્રણ વસ્તુઓનો જો યોગ્ય સમન્વય થાય તો પછી આ જગતમાં એકે વસ્તુ એવી નથી કે જે અપ્રાપ્ય રહે. જે શોધે છે અથવા તો અન્ય દ્વારા શોધાવરાવે છે તેને તે મળે જ છે. પણ એ શોધની પાછળ તમન્ના–લગની લાગેલી હોવી જોઇએ. લાગેલી લગની એ જ મોટામાં મોટો પુરુષાર્થ છે. સર્વ વસ્તુઓ તમારી જ છે. પણ તમારે તે ઉપર તમારો હક સ્થાપિત કરવો પડે, તો જ તે તમારી માલિકીની વસ્તુ બને. એટલે જ કહ્યું છે ને કે **યાદૃશી ભાવના તાદૃશી સિદ્ધિ:** । જેવી ભાવના તેવી સિદ્ધિ. ઇપ્સિત વસ્તુઓની પ્રાપ્તિ માટે જોઇએ લગની. 'યા હોમ કરીને ઝુકાવો અને ગમે તેમ કરીને એ મેળવીને જ રહો' ... એ જ ખરી ભાવના. અને એ ભાવના, એ લગનીને મૂર્તસ્વરૂપ આપો પછી સિદ્ધિ હાથવેંતમાં. માટે તમે પહેલા તમારું લક્ષ્યબિંદુ નક્કી કરો; તમારી ઇચ્છાઓનું કેન્દ્ર નિશ્ચિત કરો શા માટે તમારે એ વસ્તુ જોઇએ છે તે પણ વિચારી લો, અથવા એ ન વિચારી શકો તો કંઇ નહીં,બસ તમારે એ જોઇએ જ છે એમ મનથી દૃઢ બનો. તમારી ઇચ્છાઓ જેટલી વધુ ચોક્કસ, બળવત્તર એટલી વધુ એ કાર્યમાં સિદ્ધિ મળશે.

છેવટે સફળતા મળી જ. પણ બીજાની સહાયથી. આમાં જો કે મેં મારો સ્વાર્થ સાધવા મારા મિત્રને ઉત્સાહિત કર્યો. અને એના પુરુષાર્થે મને ડાયરી પ્રાપ્ત થઈ. એ તો છે જ કે વિના સહકાર નહીં ઉદ્ધાર.

આમ તો આ ડાયરી બજારમાં ક્યાં નથી મળતી ? બજારમાંથી પણ ખરીદીને લાવી શકાય. પણ એમાં આ રીતે ભેટમાં મેળવેલી ડાયરી જેટલા આનંદ કે ઉત્સાહ નથી સમાયેલા હોતાં. જેમ કેલેન્ડરોનું તેમ ડાયરીઓનું વળી ! અમૂલ્ય પ્રાપ્ત કરેલી ચીજોનું જ મૂલ્ય અંકાય. બજારમાંથી ખરીદીને લાવેલી ડાયરી રૂપે રંગે, આકારપ્રકારે, ભેટમાં મેળવેલ ડાયરી કરતા હજાર દરજ્જે સારી હોય જ, કારણ કે આપણે એ જોઈ તપાસીને પસંદ કરીને લાવેલી હોય. છતાં ભેટમાં મેળવેલી સામાન્ય કક્ષાની ડાયરી પ્રત્યે જે ભાવ, જે મમત્વ, પ્રેમ, ગર્વની લાગણી થાય છે તે ખરીદેલી ચીજ પ્રત્યે બહુ જ ઓછી થાય છે.

એક પુસ્તકવિક્રેતાની દુકાને એક પાટિયા ઉપર મોટા અક્ષરે નીચે પ્રમાણે જાહેરાત હતી.

" અમારે ત્યાંથી ત્રીસ રૂપિયાના પુસ્તકો ખરીદનારને અથવા નીચે જણાવેલ પાંચ સામયિકોમાંથી ગમે તે એકનું ત્રણ વર્ષનું લવાજમ એક સાથે ભરનારને ચાલુ સાલની માહિતીસભર આકર્ષક ડાયરી ભેટ આપવામાં આવશે. આ ભેટયોજનાનો લાભ આ મહિના પૂરતો જ મળશે. "

[ અનુસંધાન પેજ ૪ ઉપર ચાલુ ]

## : સમાચાર :

### કડી તાલુકા હરીફાઈઓમાં સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ કડીના વિજેતા વિદ્યાર્થીઓની યાદી

[ ગયા અંકથી આગળ ચાલુ ]

#### માધ્યમિક અ વિભાગ – ભાઇઓ.

| રમતનું નામ | મેળવેલો નં. | વિજેતા |
|---|---|---|
| ૧ ૧૦૦ મીટર દોડ | દ્વિતીય | કાન્તીલાલ લવજીભાઇ પટેલ |
| ૨ લાંબો કૂદકો | પ્રથમ | ,, ,, ,, |
| ૩ ક્રિકેટ દડા ફેંક | પ્રથમ | રમણિકભાઈ પી. પટેલ |
| ૪ ખો ખો. | પ્રથમ | શાળાની ટૂકડી. |

#### માધ્યમિક બ વિભાગ – ભાઇઓ

| | | |
|---|---|---|
| ૧ ૧૦૦ મીટર દોડ | દ્વિતીય | રામજીભાઇ ચતુરભાઈ પટેલ. |
| ૨ લાંબો કૂદકો | દ્વિતીય | ,, ,, ,, |
| ૩ વિઘ્નદોડ (૧૧૦મી) | પ્રથમ | ,, ,, ,, |
| ૪ લંગડીફાળ કૂદકો | પ્રથમ | ,, ,, ,, |
| ૫ ૮૦૦ મીટરદોડ | દ્વિતીય | ગોવિંદભાઇ ગોરધનદાસ પટેલ. |
| ૬ ૪૦૦ મીટરદોડ | દ્વિતીય | ,, ,, ,, |
| ૭ હથોડા ફેંક | પ્રથમ | ગણુપતભાઈ કચરદાસ પટેલ |
| ૮ બરછી ફેંક | દ્વિતીય | બચુભાઈ મોતીદાસ પટેલ |
| ૯ ઊંચો કૂદકો | ,, | ભવાનભાઇ ગં. પટેલ. |
| ૧૦ ૧૫૦૦ મીટરદોડ | ,, | અમૃતભાઇ નથ્થુદાસ પટેલ |
| ૧૧ ૨૦૦ મીટરદોડ | ,, | રામજીભાઇ ચતુરદાસ પટેલ |
| ૧૨ ૪×૧૦૦ રીલેરેસ | પ્રથમ | શાળાની ટૂકડી |
| ૧૩ વાંસ કૂદકો | પ્રથમ | ભવાનભાઇ ગં. પટેલ. |
| ૧૪ ગોળા ફેંક | દ્વિતીય | બચુભાઈ મોતીદાસ પટેલ |
| ૧૫ ચક્ર ફેંક | દ્વિતીય | બળદેવભાઇ મથુરદાસ પટેલ |

#### માધ્યમિક બ વિભાગ – બહેનો.

| | | |
|---|---|---|
| ૧ ૧૦૦ મીટરદોડ | પ્રથમ | કોકીલાબેન આત્મારામ પટેલ |
| ૨ વિઘ્નદોડ | ,, | ,, ,, ,, |
| ૩ લાંબો કૂદકો | દ્વિતીય | ,, ,, ,, |
| ૪ ઉંચો કૂદકો | દ્વિતીય | ,, ,, ,, |
| ૫ ૨૦૦મીટરદોડ | તૃતીય | ,, ,, ,, |
| ૬ ગોળા ફેંક | પ્રથમ | પટેલ કપીલાબેન ચતુરભાઇ |
| ૭ ચક્રફેંક | તૃતીય | ,, ,, ,, |
| ૮ બરછીફેંક | દ્વિતીય | ,, ,, ,, |
| ૯ ૨૦૦ મીટરદોડ | દ્વિતીય | પટેલ દક્ષાબેન માધવલાલ |
| ૧૦ ૪૦૦ મીટરદોડ | પ્રથમ | પટેલ મધુબેન નાથાલાલ |
| ૧૧ ૪×૧૦૦ રીલેરેસ | પ્રથમ | શાળાની ટૂકડી |

#### યુવક મહોત્સવ વિભાગ
#### અ વિભાગ (૧૪થી ૧૯ વર્ષ સુધી)

| | | |
|---|---|---|
| (૧) નિબંધ સ્પર્ધા | પ્રથમ | પટેલ ડાહ્યાભાઇ બબલદાસ |
| (૨) હળવું કંઠ સંગીત | ,, | પટેલ જીવણભાઈ શિવરામ |
| (૩) લોક સંગીત વાદ્ય | ,, | પટેલ ભવાનભાઈ ગંગારામ |
| (૪) શાસ્ત્રીય કંઠ્ય સં. | ,, | નાયક ભાનુબહેન રવિશંકર |
| (૫) સંગ્રહની હોબી | ,, | પટેલ અમૃતભાઇ તુલસીદાસ |


ગુજરાતની અગ્રગણ્ય અને આપણી સૌની પ્રિય માતૃસંસ્થા

સુવર્ણજયન્તી

પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ સર્વે ભાઈ–બહેનો પાસે

અપેક્ષા રાખે છે:

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.

(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.

(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.

(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. 'સુવર્ણ જયંતી' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.

(૬) 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.

આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::

## સર્વ વિદ્યાલયને

### અહો મૈયા મોરી!

(ખંડ શિખરિણી)

અહો મૈયા મોરી !
શુચિ પ્રજ્ઞા તોરી
અનેરા ઓજસ્વી ધવલગિરિ-શા આત્મશિખરે;
જગત્ કલ્યાણાર્થે વિમલ ઋતુલીલા અભિરમે.
પરમ રવિનાં તેજ પ્રગટે,
કલ કલ કરી નિર્ઝર ઝરે
મહા કલ્યાણી હે !
ઋચાની વાણી હે !

સ્ફુરે હૈયે તારે ગહન ગરવાં ભાવસુકુલો;
રમે ત્યાં ઉલ્લાસે સ્મિતમધુર ભોળાં શિશુકુલો.
નયન નિરખે છાંય ગહરી,
જનની ! ઉર તારે પ્રીત ભરી
ઉષા - શી દિવ્યાંગે
સદા તારા સંગે-
પ્રફુલ્લાવી, કીધી સુરભિભર આ આત્મકળી તેં ;
રચું હૈયે હૈયે પરિમલભરી સ્નેહકથની
સકલ જગ હૈયે સ્મિત ભરું;
ચરણરજ તારી શિશ ધરું.
અનેરા આ વર્ષે;
મહોલ્લાસે, હર્ષે:
વહાવું આનંદે તુજ ચરણમાં કાવ્યઝરણાં;
રહું ઝંખી તારા વિમલ ઉરની દિવ્ય કરુણા.

સર્વ વિદ્યાલય
કડી

જાદવભાઈ તુ. પટેલ
" રશ્મિભિક્ષુ. "

[ અનુસંધાન ૨ પેજ ઉપરતું ચાલુ )

**વ વિભાગ ( ૧૯ થી ૩૫ વર્ષ સુધી )**

| | | |
|---|---|---|
| (૧) વકતૃત્વ સ્પર્ધા | પ્રથમ | પટેલ જાદવજીભાઇ તુ. |
| (૨) નિબંધ સ્પર્ધા | પ્રથમ | ,, ,, ,, |

**ખુલ્લો વિભાગ ( ૧૪ થી ૩૫ વર્ષ સુધી )**

| | | |
|---|---|---|
| સમૂહ ગીત | પ્રથમ | શાળાની ટૂકડી |

## સુવર્ણ જયંતી ફાળામાં

### નીચેની રકમો નવીન લખાઇ છે.

૧૭૦૨૦) આગળનો સરવાળો
*૨૫૧) શ્રી કાશીભાઇ ખોડીદાસ પટેલ
ઠે, મેસર્સ મોહનલાલ હરગોવિંદદાસ
મુ ફુલપુર-( જી અલ્હાબાદ)
૨૫૧) શ્રી માધવલાલ અમીચંદદાસ પટેલ
(બલોલવાળા) પટેલ ફાર્મ, અણખોલ તા. કડી
૧૭૫૨૨)
* વસુલ આવી ગયા છે.

**સુવર્ણ જયંતિ ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.**

૨૫૦) શ્રી કે. એચ. પટેલ હા. શ્રી ગોવિંદભાઈ
અમદાવાદ-૧૪

**સાયન્સ કોલેજ ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી નીચેની નવેમ્બર માસમાં વસુલ આવી છે.**

૧૦૦૧) શ્રી નાથાલાલ ઉજમદાસ પટેલ
(નારદીપુરવાળા) સરદાર પટેલ કોલોની,
અમદાવાદ-૧૪
૨૫૦૧) શ્રી બાબુભાઇ પુરુષોતમદાસ પટેલ
ઠે. પટેલ ઑટોમોબાઈલ્સ, હાઇવેરોડ, મહેસાણા

[ અનુસંધાન પેજ ૨ નું ચાલુ ]

જે સંસ્થા રાજાને વફાદાર રહેવા ઇન્કાર કરે તે સંસ્થા માટે આવો ઉચ્ચતમ ઉદ્ગાર મત વડોદરાના રાજર્ષિ સર સયાજીરાવ જ ઉચ્ચારી શકે. એમનામાં લોકશાહી ભાવના કેટલી ઊંચી હતી તેનાં દર્શન અમને થયાં.

શ્રીમંત મહારાજા સાહેબ મુલાકાત લઇને ગયા. પણ પછી બે વાગે એમના એ ડી. સી આવ્યા અને મહારાજા સાહેબે વિદ્યાર્થીઓને એમના તરફથી ભોજન આપવા ફરમાન કર્યાનું જણાવ્યું. એટલું જ નહીં પણ ભોજનની વિગત (મેનુ) આપ્યું અને વિદ્યાર્થી જમવા બેસે ત્યારે ખબર આપવા તથા ખર્ચની રકમ મંગાવી લેવા જણાવ્યું.

વળી પાછા ખબર આવ્યા મહારાજા સાહેબ સ્વામિનારાયણ સાહેબને મળવા માગે છે. રાત્રે નવ વાગ્યાનો સમય.

સ્વામિનારાયણ સાહેબને બોલાવ્યા.

રાત્રે મહારાજા સાહેબને અમે મળવા ગયા. સંસ્થાનો ઇતિહાસ પૂછ્યો. મુ. છગનભાને ધન્યવાદ આપ્યા.

આ વડોદરાના રાજવીને આ સંસ્થા કેમ ભૂલે ! વડોદરા રાજયની પ્રજા કેમ વિસારી શકે ?

એવા રાજવીઓનો આદર્શ આપણા આજના રાજ-કર્તાઓ રાખે તો ? ૨૧-૧૧-૬૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વે સ્ટેશન સામે-કડી

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૪-૧૨-૬૯ [ અંક ૧૧


## વિજય

મોહનભાઈ પટેલ

અમેરિકાના આંતરવિગ્રહ વખતે ઇ. સ. ૧૮૬૫ માં કોનફેડરેટ રાજ્યો ( દક્ષિણનાં રાજ્યો કે જે ગુલામી પ્રથાની તરફેણ કરતાં હતાં અને ઉત્તરનાં રાજ્યો–કે જે ગુલામી પ્રથાને પાપ સમજતાં હતાં, તેમની સામે લડતાં હતાં ) નો એપોમેટોક્સ આગળ પરાજય થયો. દક્ષિણનાં આ રાજ્યોના કમાન્ડર જનરલ રોબર્ટ લી હતા. જ્યારે ઉત્તરનાં રાજ્યોના કમાન્ડર તરીકે જનરલ યુલિસિસ ગ્રાન્ટ હતા.

રોબર્ટ લી દુશ્મન સૈન્યોના સરદાર હતા, વળી એમના પક્ષે યુદ્ધનો ધ્યેય પણ નીચો હતો તેમ છતાં જનરલ ગ્રાન્ટને રોબર્ટ લી માટે ખૂબ માન હતું. રોબર્ટ લી ઉંમરમાં જનરલ ગ્રાન્ટ કરતાં દશેક વર્ષ મોટા હતા. એ બાહોશ સૈનિક હતા અને લશ્કરમાં અત્યંત પ્રિય હતા. એમ કહેવાતું કે રોબર્ટ લીના સાનિધ્યમાં રહેનાર વ્યક્તિ ઉત્તરોઉત્તર એમની પ્રત્યે વધારે માન ધરાવતી થાય એવી એમની પ્રતિભા હતી.

સંધિની શરતો માટે ગ્રાન્ટ અને લી મળવાના હતા. રોબર્ટ લીને જ્યારે આ હેતુથી જનરલ ગ્રાન્ટ પાસે લાવવામાં આવ્યા ત્યારે એમણે એમને ખૂબ આદરપૂર્વક આવકાર્યા.

શરતો માટેની એમની વાતચીત શરૂ થઇ. પણ નવાઈની વાત એ હતી કે જનરલ ગ્રાન્ટ વારંવાર બીજી વાતોમાં સરી જતા હતા અને રોબર્ટ લી એમને શરતો નક્કી કરવાના મૂળ કાર્યને યાદ દેવડાવતા હતા.

એવામાં જનરલ ગ્રાન્ટના સૈનિકોની છાવણીમાંથી એક પછી એક તોપો ફૂટવાના અવાજ આવવા લાગ્યા. વિજયની ખુશાલીમાં ગ્રાન્ટના સૈનિકોએ સો તોપોનો અવાજ કરવો શરૂ કર્યો હતો. આ સાંભળી જનરલ ગ્રાન્ટ સાવધ થઈ ગયા. એમણે તોપો ફોડવાની આ ચેષ્ટા તરત બંધ કરવાનો હુકમ છોડયો. એમણે કહ્યું; " આ બરાબર નથી. આપણને એ શોભતું પણ નથી. એમના ( દક્ષિણનાં રાજ્યોના ) પતન ઉપર આપણાથી મહોત્સવ ન મણાય. "

સાચો વિજય આ છે. કોઇની હારને નિમિત્ત બનાવી મહોત્સવ માણવામાં માનવીનું માટીપગાપણું જ છતું થાય છે. એ નરી હાર સિવાય બીજું કંઈ નથી.

**સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો.**

# પત્ર

બળદેવભાઇ પૂંજાભાઇ પટેલ

જમી-પરવારીને કંચનલાલ, એમનાં પત્ની સગુણાબેન, નાનો પુત્ર હરેશ એનાથી મોટો શાળામાં ભણતો પ્રકાશ વગેરે બેઠાં હતાં. કંચનલાલ વર્તમાનપત્ર વાંચતા હતા. સગુણાબેન કપડાં સાંધતાં સાંધતાં પોતાની ઇડરમાં પરણાવેલી એકની એક પુત્રીને સંભારી સંભારીને જીવ બાળે જતા હતાં.

" સાંભળો છો ? પ્રતિમાને સાસરે ગયે દોઢ – બે માસ થવા આવ્યા છતાં એનો એકે પત્ર હજી સુધી આવ્યો નથી. જતાં તો કહેતી હતી કે દર અઠવાડિયે પત્ર લખીશ. બસ, પહોંચ્યાનો કાગળ આવ્યો તે આવ્યો બીજાનું તો નામ જ નહિ.

બિચારીને ત્યાં કેવું હશે ? ગોઠતું હશે ? લાડમાં ઉછરેલી એકની એક દીકરી છે. મોટું ખાનદાન ખોરડું જાણીને ત્યાં પરણાવી છે પણ ત્યાં જે જાય છે તે કંઈ સારા વાવડ લાવતું નથી.

આ મીનાની બા ત્યાં ગયાં હતાં. પાછા આવ્યે અઠવાડિયુ થયું મળ્યાં ત્યારે કહેતાં હતાં : તમારી પ્રતિમાને તો દુઃખનો પાર નથી પોસ પોસ આંસુ સારે છે.

શાન્તાબેનને ત્યાં ઇડરથી એમનાં સગાં આવ્યાં હતાં ત્યારે એમને મળવા ગઈ હતી. એ પણ કહેતાં હતાં : તમારી દીકરી તો બિચારી ગરીબ ગાય જેવી છે. એના સંસ્કાર તો બસ એના જ છે. ધન્ય તમને એના માતાપિતાને કે આટઆટલું દુઃખ પડે છે પણ એકેય વાત કરવાની કેવી !

લોકો વાતો કરે છે કે સાસુ કજિયાખોર છે. વાતવાતમાં ખાંચા કાઢવા જોઇએ. સસરા મોટા મોભામાં આડંબરમાંથી ઊંચા આવતા નથી. બહાર નામ પણ અંદર-ખાને સમજ્યા જેવું. જેઠાણી છે તેયે સાસુની ઉપર સાત પાવડા વાળે એવી. નણદીને ય એની સાસુના જ સંસ્કાર ને ! આમાં બિચારી મારી ગરીબ સ્વભાવની દીકરીનો અવતાર શી રીતે જશે ! "

ઉપેક્ષા કર્યે હવે ચાલશે નહિં એમ લાગતા વર્તમાનપત્ર-માંથી મોં ઊંચું કરીને કંચનલાલ બોલ્યા,

" એ બધું ખોટું. મનમોહનદાસ લાખ રૂપિયાના માણસ છે. એમના ઘેરથી પણ બહુ ગરવા સ્વભાવના છે. પ્રતિમાની જેઠાણી કે નણદી કોઇ બોલે એવું નથી. એને તો એય મઝાનું રૂડું રાજ છે. નોકર...ચાકર...વાડી...વજીફો. આવું ઘર આખા સમાજમાં એક તો બતાવ. પ્રતિમાનાં કેટલાં નસીબ હશે ત્યારે આવું ઘર મળ્યું છે. નકામી ખોટા ખોટા વિચારો કરીને જીવ બાળવો રહેવા દે "

વાતચીત ચાલતી હતી ત્યાં ટપાલી આવ્યો એક પત્ર આપીને ચાલતો થયો. પ્રકાશે તે લઇ લીધો.

" કોનો પત્ર છે, પ્રકાશ ! " સગુણાબેને પૂછ્યું.

" પ્રતિમાબેનનો જ લાગે છે. " કવરને ફોડતાં પ્રકાશે જવાબ આપ્યો.

" વાંચ " આનંદમાં આવી જઇને સગુણાબેને કહ્યું.

પ્રકાશે ફોડેલા કવરમાંથી પત્ર બહાર કાઢીને વાંચવા લાગ્યો : પૂજ્ય પિતાશ્રી, માતુશ્રી, અરુણભાઇ, પ્રકાશ તેમ જ હરેશ અને સર્વાંસ્નેહી, આડોશીપાડોશીને મારા હાર્દિક પ્રણામ

બા, તું મારા પત્રની ખૂબ...ખૂબ રાહ જોતી હોઇશ. તારો જીવ હું જાણુ ને ! મેં તને દર અઠવાડિયે પત્ર લખવાનું કહેલું અને ન લખી શકી એટલે કદાચ મારા ઉપર રોષે પણ ભરાઈ હોઇશ. પણ બા, સમય જ મળતો નથી. દિવસો કેમ જાય છે એની યે ખબર પડતી નથી એટલે તને કહ્યા પ્રમાણે કરી શકી નથી. ઘણા લાંબા સમયે પત્ર લખું છું તે પણ તું ધરાય એટલો લાંબો નહિ તેથી માઠું ન લગાડીશ અને મને માફ કરજે.

બાપુજીનું પેઢીનું કામકાજ નિયમિત ચાલતું હશે. એમનું શરીર સારુ રહેતું હશે.

પ્રકાશની પરીક્ષા પતી ગઈ હશે. હોંશિયાર છે એટલે નંબર તો લાવશે જ.

હરેશનું તોફાન હવે ઓછું થયું કે નહિ ?

બા, અમદાવાદથી મોટાભાઇનો પત્ર હતો. તેનો જવાબ પણ હજી આપી શકી નથી. કાલે લખવા ધારું છું.

તમે બધાં ખૂબ...ખૂબ યાદ આવો છો.

બા, તેં મને ખૂબ માનપાનથી લાડકોડમાં ઉછેરેલી ચાર ચાર ભાઇઓ વચ્ચે એકની એક બહેન બાપુજી પણ મને લાડ લડાવવામાં બાકી નહોતા રાખતા. એટલે તમને બધાને મારી ગેરહાજરી સાલ્યા તો કરતી હશે જ. એમ તો મને ય થયા કરે છે. પણ બા, બીજી બધી રીતે હું ખૂબ સુખી છું. કદાચ તારા સ્વભાવ પ્રમાણે મારી ચિંતા કર્યા કરતી હોઇશ અને જીવ બાળ્યા કરતી હોઇશ; પણ તને મારે એટલું જ કહેવાનું કે નકામી મારી ચિંતા કરતી નહિ.

કદાચ અહીંના કોઈ કોઈ ત્યાં આવતાં હશે અથવા ત્યાંથી અહીં ચારપાંચ જણ આવી ગયાં. તેમને મળીને તેં મારા સમાચાર જાણવા પ્રયત્ન કર્યો હશે મોટું ખાનદાન ખોરડું, મોભાદાર સાલસ સ્વભાવના સસરા, ગરવાં સાસુ, પ્રેમાળ જેઠાણી ને લાડકી નણદી એટલે લોક ઇર્ષા કરે અને ખરું ખોટું. કહેવા ન કહેવાનું તને કહે તેથી જરા પણ માની લેતી નહીં હું ખૂબ જ સુખી છું. દિવસો આનંદમાં કેવી રીતે

[ અનુસંધાન પાન આઠ ઉપર ]

# ત્રિમૂર્તિ

## પોપટલાલ ગુલાબદાસ પટેલ

**આ** સંસ્થાના આદ્ય સંસ્થાપક પૂ. છગનભાએ આ સંસ્થાનું વૃક્ષ રોપી આ એક જ સંસ્થાના સ્થાપના કરી ન હતી પરંતુ તેમણે એવું બી વાવ્યું હતું કે જેમાંથી આ પચાસ વર્ષમાં આ પ્રદેશના કેળવણી-ક્ષેત્રે સંસ્થાઓ અડાબીડ ફૂલીફાલી છે. તેમણે આર્ષ દૃષ્ટિથી જોયેલું કે આ સમાજના ઉદ્ધાર માટે કેળવણી જેવું બીજું એકે સાધન નથી. તેમણે વાનપ્રસ્થ થઈને ભગવાં કપડાં પહેરી સન્યસ્ત લેવાની ઈચ્છાને કાબુમાં રાખી કેળવણી માટે ભેખ લીધો. અને એક સુંદર સંસ્થાનું સર્જન કરી કેળવણીનું અતિ જરૂરી સાધન પૂરું પાડ્યું અને સાથોસાથ સમાજના સામાન્યવર્ગ–ખેડૂતવર્ગ – તે સમયે બહુધા અભણ વર્ગ–માં વિશિષ્ટ શ્રદ્ધા ઊભી કરી કે લોકો પોતે થઈને, લોકો માટેની સંસ્થા, લોકોની મદદથી ચલાવી શકે છે. આથી લોકોમાં નવજાગૃતિ, આત્મશ્રદ્ધા અને આશાના નવદીપ પ્રગટ્યા. તેનાં સુફળ દરેક ક્ષેત્રે દૃષ્ટિગોચર થઈ રહ્યાં છે.

આ કામમાં તેમના સાથીદારો હતા મેર્ડાઆદ્રજના વતની શ્રી માધવજીભાઈ તથા શ્રી ધનશા ભગત. છગનભાને આ બે વહેવારુ બુદ્ધિના અને સમાજની નાડ પારખનાર, પગના સાજા અને મજબૂત આગેવાનોનો સાથ મળ્યો અને આ કામ ઘણું સરળ બની ગયું. આ ત્રિપુટીનું શાળાકીય શિક્ષણ નહિવત્. સહી કરતાં આવડે અને ખપ પૂરતું વાંચતાં આવડે. આ અભણ ત્રિપુટીએ કેટલા બધાને ભણતા કર્યા તેનો અંદાજ કાઢવો પણ મુશ્કેલ પડે એટલો મોટો છે. આખું પડ જ જાગતું થઈ ગયું છે.

શ્રી એ મહાન ત્રિમૂર્તિની ઓળખ આપતો લેખ, આ સંસ્થાના ભૂતપૂર્વ આચાર્ય, મંત્રી અને તેમની સાથે પ્રત્યક્ષ કાર્ય કરનાર પોપટલાલ ગુલાબદાસ પટેલની અધિકૃત કલમે લખાયેલ, અત્રે રજૂ કરતાં આનંદ થાય છે. —સંપાદકો

### [૧]

### પૂ. છગનભા

પ્રથમ મહાયુદ્ધની પૂર્ણાહૂતિ થઈ હતી. બ્રીટીશ સલ્તનતની ધૂસરી દૂર થાય એમ દેશ ઝંખી રહ્યો હતો. પણ રોલેટ કાયદાના રૂપમાં તે પકડ મજબૂત બની. દેશનું વાતાવરણ ઘેરુ બન્યું. સમાજ રિવાજ–કુરિવાજોની પકડમાં સૈકાઓથી જકડાયો હતો, અને અજ્ઞાન વ્યાપ્યુ હતું. આવે પ્રસંગે ઉત્તર ગુજરાતને જે એક વિરલ પુરુષ સાંપડ્યો તે આપણા છગનભા. સંન્યાસી મહાત્માઓનાં ચરણો તળાંસતાં તેમને પ્રેરણા અને જ્ઞાન લાધ્યું કે સમાજમાં અજ્ઞાન છે તેને દૂર કરવાનો એક માત્ર ઉપાય કેળવણી છે. કેળવણીનો પ્રચાર કરવો એ જ સાચી સામાજિક સેવા છે." તેમણે જો કે ધૂળી નિશાળના મહેતાજી પાસે ખાસી મોટી ઉંમરે માત્ર દોઢેક વર્ષમાં વ્યવહારુ કેળવણી લીધી હતી. છતાં કેળવણીના પ્રચાર માટે કમર કસી. તે માટે રાતદિવસ પ્રયત્ન આદર્યો અને તેમાં સિદ્ધિ મેળવવા સુધી જંપ્યા નહિ.



પૂ. છગનભા

આ ધ્યેય પાર પાડવા તેમના પ્રયત્નથી સંવત ૧૯૭૫ ના ઉનાળામાં પોતાના વતન સરઢવ ગામે આગેવાનોની સભા મળી તેમાં કેળવણીની સંસ્થાનો ઠરાવ થયો. તે વખતે **છગનભાએ પ્રતિજ્ઞા લીધી કે જ્યાં સુધી છાત્રાલયની શરૂઆત ન થાય ત્યાં સુધી પોતે મિષ્ટાન્ન નહિ લે.** સાત આઠ માસમાં જ છાત્રાલય શરુ થયું તેમાં તે પ્રતિજ્ઞાનું બળ હતું. શાળા પણ બે વર્ષ બાદ શરૂ થઈ, અને સંસ્થાના મકાન માટે જમીન ખરીદાઈ અને ખાતમુહૂર્તની ક્રિયા થઈ.

તેમણે એકલે હાથે ધૂણી ધખાવી. સિલકમાં માત્ર પાંચ રૂપિયા હતા છતાં મકાનના પાયાનું કામ શરૂ કર્યું. ઈશ્વર ઉપર અડગ શ્રદ્ધા, સત્કાર્ય માટેની તાલાવેલી અને અખૂટ નિશ્ચયબળ આ એમનાં હથિયાર હતાં. શ્રાવણ માસની હેલી હતી. ગામમાં જે મકાનમાં છાત્રાલય હતું તે જીર્ણ હતું. વિદ્યાર્થીઓ પથારીઓ સંકેલી આખી રાત ટૂંટિયું વાળી બેસી રહેતા. એ કરુણ દૃશ્ય 'ભા' થી જોયું ન ગયું. આ દૃશ્યે તેમને વધુ ઉત્તેજીત કર્યા અને તેમણે દૃઢ સંકલ્પ કર્યો કે બાળકોને એ ત્રાસમાંથી મુક્ત કરવા. ભાદરવા માસમાં ચણતર શરૂ થયું અને વિજ્યા-દસમીએ વાસ્તુ કર્યું. પોતની પથારીઓ લઈ નવા પણ અધૂરા મકાનમાં આવેલા વિદ્યાર્થીઓનો હર્ષ અને ઉલ્લાસ ખરેખર અવર્ણનીય હતો.

છગનભા સત્સંગી અને વેદાંત જ્ઞાનના પિપાસુ હતા. દરેક પંથના મહાત્માઓ કે રાષ્ટ્રપુરૂષો પાસેથી, તેમનાં ભાષણો-માંથી કે મહાત્માઓનાં જીવન ચરિત્રોમાંથી જ્યાંથી મળી શકે ત્યાંથી જ્ઞાન મેળવી લેતા. પોતે નક્કી કરેલી કસોટીએ તેને કસી જોતા, અને તેને પ્રત્યક્ષ જીવનમાં ઉતારતા.

છગનભાએ ૫૬-૫૮ વર્ષની ઉંમરે સામાજિક ઋણ અદા કરવા અને સમાજનું સંસ્કાર જલ વહેતું રાખવા જીવનના છેલ્લા શ્વાસ સુધી તપ કર્યું. તેમણે સૈકાઓથી ભૂલાઈ ગયેલી વાનપ્રસ્થ અને સંન્યસ્ત પ્રણાલિકાને નવીન સ્વરૂપમાં સજીવન કરી, આચરી બતાવી અને સુંદર દાખલો બેસાડ્યો

બહારગામથી છગનભા જ્યારે સંસ્થામાં આવે ત્યારે નવ-જીવન લેતા આવે. વિદ્યાર્થીઓ ઘેરી વળે, પોતાનાં સુઃખ દુઃખની વાતો તેમને ખુલ્લા દિલે કરે. શક્ય તેટલી મદદ બાળકોને તેઓ તરત જ કરતા અને ન બને ત્યાં વિદ્યાર્થીને લઇ કોઈ શ્રીમંતને ઘેર પહોંચી જઈ મદદ અપાવતા

છગનભાએ આ સંસ્થા તેમ જ બીજી સંસ્થાઓ માટે ફંડની સફળ ઝોળી ફેરવી છે. સંસ્થામાં કે ગામડામાં કે ગાડીમાં હોય કે પગપાળા મુસાફરી કરતા હોય, જે મળે તેની સાથે સમાજસુધારા અને કેળવણી સંબંધી વાતચીત ચાલુ જ હોય, અને તેના ગામ સંબંધે સંપૂર્ણ હકીકત જાણી લે. પોતાના છેલ્લા શ્વાસ સુધીમાં તેમણે આખા ગુજરાત અને કાઠિયાવાડનાં ગામડાં અને શહેરોમાં અનેક વાર ફરી ફંડફાળા કર્યા જ કર્યા હતા કડીની સંસ્થાના તો છગનભા જાણે કલ્પ-વૃક્ષ હતા. તેમના પગ ચાલ્યા ત્યાં સુધી સંસ્થાને નાણાંની ભીડ જણાઇ નથી.

ભાની ભાષણશૈલી અનુકરણીય હતી. કલાકો સુધી તેમની રસમય વાતો ખૂટતી ન હતી. "તેમની ભાષણશૈલી નૈસર્ગિક અને વિદ્વાનોને અનુસરવા જેવી છે." એમ કાકા કાલેલકરે કહ્યું હતું. વિદ્વાનોની વાણી સાંભળી કંટાળેલો શ્રોતાવર્ગ ભાની વાણી સાંભળવા આગ્રહ રાખતો. તેમની પ્રેરક વાણી સાંભળી શ્રીમંતવર્ગ દાન આપવા તૈયાર થઇ જતો.

છગનભા ગોપ્રેમી હતા. ગોપાલનનું મહાત્મ્ય સમાજને સમજાવવા તેમણે સારી જહેમત ઉઠાવી હતી. એ હેતુથી જ તેમણે ગોશાળા સ્થાપવાનો વિચાર કરેલો.

'કર ભલા હોગા ભલા' એ એમનો જીવન મંત્ર હતો. ત્રણ મહા વાક્યોની જેમ તે મંત્ર પણ તેમને મન ચોથું મહાવાક્ય હતું. જીવનભર એ મંત્ર એમણે જપ્યો, તે પ્રમાણે અમલ કર્યો અને સમાજમાં સેવાવૃત્તિનાં બીજ રોપ્યા.

આવા સાદાસીધા નિરક્ષર ગણાતા છગનભાની સાધના પૂજ્ય મહાત્મા ગાંધીજીના કાને પહોંચી. છગનભા મહાત્માજીના દર્શને ગયા. ત્યાં વાતોચીતો થઈ. મહાત્માજીએ આશ્રમની મુલાકાતે પધારવા વચન આપ્યું. મહાત્માજી સંસ્થાની મુલાકાતે પધાર્યા તે દિવસ સંસ્થાના ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખા-યેલો છે.

કડીના આશ્રમ, વિદ્યાલય અને ગોશાળામાં, વિસનગરના આશ્રમ અને વિદ્યાલયમાં, અમદાવાદના વિદ્યાર્થી ભવનમાં અને વડોદરાના છાત્રાલયમાં છગનભાના આ કાર્યની ઝાંખી આજે પણ થઈ રહેલી જોઇ શકાય છે.

એ મહાપુરુષ સાથે ૨૫ વર્ષ સુધી આ સંસ્થા અને સમાજ સુધારાના ક્ષેત્રે કામ કરવાનું અને એ મહાપુરુષનાં છેવટનાં દર્શન પામવાને હું ભાગ્યશાળી થયો હતો. જીવનમુક્તની જેમ સનાતન નિદ્રામાં પોઢેલા એ મહાપુરુષનાં છેલ્લાં દર્શન આજે પણ મારી નજર સમક્ષ તાજાં જ છે. એ મહાપુરૂષ ઘણું જીવો.

# [ ૨ ]

## શ્રી ધનશા ભગત

### ( સ્વામીશ્રી ધનરાજગિરિ )

[ સ્વ. છગનભા, સ્વ. માધવજીભાઈ અને સ્વ. ધનશાભગતની ત્રિપુટીએ કડીની સર્વ વિદ્યાલય સંસ્થાને આર્થિક દૃષ્ટિએ પગ-ભર કરવા સારું અને તેનો વિકાસ કરવા સારુ ખૂબજ જહેમત ઉઠાવી હતી.] એ ત્રિપુટીએ સમાજમાંથી કુરિવાજો નાબુદ કરવા સારું અગાઉ પરિષદોમાં હાજરી આપી તેના આદેશ અનુસાર જોસભેર પ્રચાર પણ કરેલો. પરંતુ તેમને લાગ્યુ કે કેળવણી એ જ સમાજના ઉદ્ધારનું ખરું સાધન છે. એથી તેમણે કેળવણીની સંસ્થા કડીમાં ઊભી કરી, અને સંસ્થાના પ્રાણરૂપ બન્યા.

ધનશા ભગતની આર્થિક સ્થિતિ તદ્દન સામાન્ય. તેમનો ગૃહસંસાર પણ સરળ નહોતો. માવિહોણાં બે બાળકોને ઉછેર-વાનું તેમના [illegible] આવ્યું. એવામાંજ સંસ્થાની શરૂઆત થઇ. વેદાંતના સંસ્કારો તેમના હૃદયમાં દૃઢ થયેલા. એથી એક વખત ઘર છોડી સંન્યસ્ત ધારણ કરવા ગયેલા, પરંતું તેમના અને સંસ્થાના [illegible]નશીબજોગે તેઓ સેવાકાર્ય તરફ વળ્યા.



શ્રી ધનશા ભગત

બાળકોને પ્રભુના આશરે આજુબાજુના પાડોશીઓને ભળાવી સંસ્થાના કામમાં ઓતપ્રોત થઇ ગયા. સંસ્થા માટે તેમને એવી તો લગની લાગી કે સંસ્થાની ફંડપ્રવૃત્તિ કરવા ગામેગામે ફરે ત્યારે કેટલાંય અઠવાડિયાં સુધી પાછા ફરે નહિ. બાળકોનું શું થશે એની ચિંતા મનમાં રાખેજ નહિ.

ત્રિપુટીમાં ધનશા ભગત સૌથી નાના. એ ત્રિપુટીના જાણેકે કન્વીનર. પ્રોગ્રામો ઘડે અને પોતાના સાથીઓને કહે કે ચલો. એટલે તેમના સાથીઓ પોતાને ગમે તેવું મહત્વનું કામ હોય તોપણ છોડી દઇ તૈયાર થઈ જાય. ત્રણે જણા સંસ્થામાં આવે. સાધનો વગેરે લઇ આગળ પ્રયાણ કરે. ધનશા ભગત સંસ્થામાં જ્યાં સુધી હોય ત્યાં સુધી તેમને મેં નવરા જોયા નથી. આખા માથે અસ્ત્રો ફેરવવાનું પોતાના હાથે, પોતાનાં બે બાળકોનાં કપડાં સીવવાનાં પોતાના હાથે, કપડાં ફાટયાંતૂટયાં હોય તો પણ પોતાના હાથે જ સીવે, કપડાં ધોવાનાં પોતાના હાથે, સંસ્થામાં હોય ત્યારે રેંટીઓ ફેરવે. ઘેર એટલે આદરજ હોય ત્યારે રસોઇ પોતે કરે, મકાનનું ચણતર કામ પણ જાતે કરે, ખેતી પણ જાતે જ કરે. બળદ નહિ છતાં બીજા ખેડૂતોની હારોહાર ખેતી કરે અને સરસ પાક લે. ગામના બીજા ખેડૂતો તેમનું અનુકરણ કરે. લોકો કહે કે ભગતજી જનસેવા કરે છે એટલે પ્રભુ તેમને બરકત આપે છે.

વેદાંતના અભ્યાસમાં ઠીક ઠીક ઊંડા ઉતરેલા. વિચાર-ચંદ્રોદય, વિચાર સાગર અને વૃત્તિપ્રભાકર નામનો ન્યાયનો ગ્રંથ–એમાં પ્રતિપાદન કરેલા સિદ્ધાંતોની ચર્ચા તેમની પાસે સાંભળવામાં ખૂબ આનંદ આવતો. કેટલાય મુદ્દાના શ્લોકો તેમને કંઠાગ્ર. ઘણી વખતે તેઓ તે શ્લોક લલકારતા અને વિવરણ કરતા. આદરજ ગામના મંદિરની પ્રતિષ્ઠા વખતે સંસ્થા માટે ગામ તરફથી ફંડ કરી આપવામાં તેમનો અનન્ય ફાળો હતો. તેમની છેલ્લી માંદગી વખતે તેઓશ્રી સંસ્થામાંજ બ્રહ્મલીન થયા.

સંસ્થાના કંપાઉન્ડના મુખ્ય પ્રવેશદ્વારની બાજુમાં આવેલી તેમની સમાધિ અને પગલાંનાં દર્શનનો લાભ સંસ્થાના મુલાકાતીઓ લઇને આજે પણ પાવન થાય છે.

## [૩]

## શ્રી માધવજીભાઈ

હિંદમાં અંગ્રેજોના આગમન પછી અને એમના સંસર્ગ પછી આપણે લઘુતાગ્રંથીના ભોગ બન્યા. અંગ્રેજો શક્તિશાળી, બુદ્ધિવાન, અને પ્રગતિમાન, જ્યારે આપણે કાયર, અજ્ઞાન અને પછાત છીએ એમ માનતા થયા. સત્તા શું ન કરે, એ તો માંથા વચ્ચે વાટ પાડે, આવા ઘણા ખ્યાલો આપણામાં ઘર કરી ગયેલા. ઉપરાંત શહેરોમાં જ બુદ્ધિવાન પુરુષો છે, જ્યારે ગામડાંનાં માણસો અણુજ, કલેશી અને અને દૂબિલા એમ આપણે માનવા લાગ્યા.

પરંતુ ગામડામાં માધવજીભાઇ જેવાં ઢાંકયાં રત્નોનો ખ્યાલ કરીએ છીએ ત્યારે ઉપરોક્ત અભિપ્રાય ખોટો ઠરે છે. ગામડામાં જન્મી, ગામડાના વાતાવરણમાં ઉછરી, સંન્યાસી મહાત્માઓનાં પાસાં સેવી વેદાંત જેવા ગૂઢ વિષયના સંસ્કારો મેળવી, સેવાનો ભેખ ધારણ કરી લગભગ પાછોતરની આખી જીંદગી માધવજીભાઇએ પોતાના ગામની અને આજુબાજુના પ્રદેશની સુંદર સેવા કરી, અને કડીની કેળવણીની સંસ્થા માટે ફંડ પ્રવૃત્તિનું સતત રટણ કરી સમાજને એક અનુપમ દાખલો બેસાડ્યો છે. આજે પણ તેમનું નામ યાદ આવતાં એ ભદ્ર પુરુષની મનોમૂર્તિ પ્રત્યે માનની લાગણીથી શીર ઝૂકી પડે છે. તેઓશ્રી જ્યાં જ્યાં અન્યાય થતો જણાય ત્યાં ત્યાં એ અન્યાય દૂર કરવા ભગીરથ પ્રયત્ન કરી છૂટતા. ડંઢાયના ગોળમાં, બેતાળીસના ગોળમાં કે ચુંવાળમાં તેમની શાખ એક સાત્વિક, પ્રમાણિક અને નિષ્પક્ષપાતી સજ્જન તરીકે ફેલાઇ હતી. જો કોઇને અન્યાય થયો હોય તો તે તેમની પાસે દોડી જતો અને એઓશ્રી તેને જરુર ન્યાય અપાવતા. કડીમાં કેળવણીની સંસ્થા શરૂ થઈ ત્યારથી તેઓશ્રી તેમજ તેમની પ્રેરણાથી અને દોરવણીથી આદરજ ગામ સંસ્થા ને મદદરૂપ થતા આવ્યા છે. ડંઢાયના ગોળની પાસે પડેલી પરંતુ જુદા જુદા ગામોના ગૃહસ્થો પાસે અનામત મૂકેલી એક માતબર

રકમ રૂા. ૬૯૦૦ સંસ્થાને ફંડમાં આપી દેવાનો ઠરાવ તેમણે કરાવ્યો હતો અને એ રકમ સંસ્થાને અપાવી હતી. તેમણે એવી પ્રતિભા મેળવી હતી કે તેમનું વચન સામાન્યતઃ કોઈ ઉથાપે નહિ. ખાખરીઆ ટપ્પો અને ચુંવાળના પ્રદેશનાં ગામડાંઓમાં સંસ્થા માટે જે ફંડપ્રવૃત્તિ શરૂના વર્ષોમાં સતત ચાલેલી તેમાં માધવજીભાઈની પ્રતિષ્ઠાએ અમૂલ્ય ફાળો આપ્યો હતો. તેમની સાથે ધનશા ભગત (પાછળથી સંન્યસ્ત લેતાં ધનરાજ ગિરી) અને છગનભા હોય જ. આ ત્રિપુટીનું કાર્ય કોઈ શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી.

માધવજીભાઈનો ધંધો ખેતીનો. તેમની ખેતી વિસ્તૃત–બે ત્રણ હળ જેટલી. બે દિકરા મદદમાં. એટલે ચોમાસાની ખેતી માટે ચીવટથી ધ્યાન આપી વાવેતર વ્યવસ્થિત રીતે કરાવવાનું તેમનું કામ. પછી આખું વર્ષ સંસ્થાની ફંડપ્રવૃતિ માટે હાજર થઈ જ જાય. આમ સતત પંદર વર્ષ સુધી એકધારો તેમણે સંસ્થા માટે ભોગ આપ્યો. વેદાંત અને રામાયણ મહાભારતના પ્રસંગોની ચર્ચામાં જ્યારે એ ત્રિપુટી ચઢે ત્યારે ભલભલા વિદ્વાનોને પણ એ ચર્ચા સાંભળવામાં ખૂબ જ આનંદ આવે એવી તેમની ચર્ચા ચાલતી.

એક પ્રસંગ તો યાદ રહી જાય તેવો છે. માધવજીભાઈની પ્રેરણાથી આદરજ ગામે રામજી મંદિરની પ્રતિષ્ઠા હતી. તે પ્રસંગે કડીની સંસ્થાના કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓને ગામે આમંત્રણ આપેલું. એ વખતે ગામની એકતા અને સંસ્કારિતાનો ખરો ખ્યાલ આવ્યો. **स्थित प्रज्ञस्य का भाषा** વાળો ગીતાના બીજા અધ્યાયનો છેલ્લો ભાગ તથા **ऊर्ध्वमूलमधः शाखः** ભગવાનનું વિરાટ સ્વરૂપ વર્ણવતો અધ્યાય પ્રાર્થનારૂપે વિદ્યાર્થીગણ ઉચ્ચારવા માંડયો અને ગામનાં ભાઈબહેનો તરફથી તેમાં સૂર પૂરાવવામાં આવ્યો ત્યારે જે શુદ્ધ, આલ્હાદક અને આકર્ષક વાતાવરણ મંદિરના ચોગાનમાં ખડું થયું તેની ફોરમ આજે તે પ્રસંગ યાદ આવતાં પણ જાણે હવામાં પ્રસરે છે. પ્રાર્થના પૂરી થતાં જ ધનશા ભગતે પોતાની આર્થિક સ્થિતિ કરતાં સારી રકમ સંસ્થાની ટીપમાં લખાવી અને ટીપ શરૂ કરી, કે તુરત જ એક પછી એક ફંડમાં લખણી શરૂ થઈ. માત્ર એક કલાકમાં સારી એવી ચાર હજારની રકમની લખણી થઈ.

તેમનાં છેવટનાં દર્શન અર્થે સંસ્થાના કાર્યકર્તાઓ આદરજ મુકામે બસમાં ગયા હતા ત્યારે તેમની અંતિમ પળ હતી. "ઈશ્વરના સંસ્થા ઉપર ચારે હાથ છે." એવી મતલબના શબ્દો બોલી એમણે સંસ્થા માટે પોતાના અંતરની ઊંડી સદ્ભાવના વ્યક્ત કરી હતી.

---

તા. ક.:– સ્વ. માધવજીભાઈના ફોટાનો બ્લોક અમદાવાદથી બનાવી મંગાવેલો તે ટપાલમાં ક્યાંક અટવાઈ પડતાં સમયસર નહિ આવી પહોંચતાં તેમનો ફોટો આ લખાણ સાથે છાપી શકાયો નથી.

---

ગુજરાતની અગ્રગણ્ય અને આપણી સૌની પ્રિય માતૃસંસ્થા

## સુવર્ણજયંતી

પ્રસંગે ભૂતપૂર્વ વદ્યાર્થીઓ તેમ જ સર્વ ભાઈ–બેનો પાસે

## અપેક્ષા રાખે છે:

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.
(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.
(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.
(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.
(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. 'સુવર્ણ જયંતી' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.
(૬) 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફટથી મોકલી આપવા વિનંતી છે.

આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::

## આપણા દાતાઓ

### શ્રી ભીખાભાઈ જોઈતારામ પટેલ મહેસાણા



સંવત ૧૯૭૬ માં વાર્ષિક રૂ. ૧૨૫) ના પગારથી જીવનની શરૂઆત કરી આજે મહેસાણામાં આગળ પડતી લોખંડની પેઢીના માલિક–ભાગીદાર બન્યા છે. ગુજરાતભરમાં પ્રમાણિકતા માટે જાણીતી ડી. માધવલાલની પેઢીના માલીક–ભાગીદાર છે.

નોકરી કરતા હતા તે વખતે પણ તેઓ હરિજન પ્રવૃત્તિમાં રસ લેતા અને હરિજન સેવક સંઘની તળે કામ કરતા હતા. પ્રજામંડળના એ અનન્ય મુંગા કાર્યકર હતા અને પંદર વર્ષ સુધી ખાદીની ફેરી કરી ખાદીને પ્રચલિત કરવામાં ફાળો આપ્યો છે

એમની કેળવણી પ્રાથમિક શાળા પર્યન્તની છે પણ વાચન વિશાળ હોવાથી સારું જ્ઞાન ધરાવે છે. એમની સજ્જનતા અને કુનેહ સાથે પ્રમાણિકતાને લઈ તેમ જ શ્રમને લઈ આગળ વધ્યા છે.

જેમ જેમ કમાણી વધતી ગઈ તેમ તેમ કેળવણી તેમ જ વૈદકીય સંસ્થાઓ પ્રત્યેની એમની ઉદારતા વધતી ગઈ.

મહેસાણા ટી. બી. હોસ્પીટલને રૂ. ૩૧૦૦૦ નું દાન આપી ટી. બી. હોસ્પીટલને જન્માવી અને ત્યાર પછી પણ છૂટક છૂટક સારી રકમો હોસ્પીટલને આપી છે.

રૂ. ૪૦૦૦ સાર્વજનિક કેળવણી મંડળ–મહેસાણા, રૂ. ૨૨૦૦ પ્રાથમિક કેળવણી મંડળ–મહેસાણા, રૂ. ૧૨૫૧ પરા કેળવણી મંડળ – મહેસાણા વગેરે શિક્ષણ સંસ્થાઓને દાન આપ્યાં છે.

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળને રૂ. ૧૦૦૧) આપ્યા છે.

તેઓ મહેસાણાની સરદાર–ટી. બી. હોસ્પીટલના ટ્રસ્ટી, પરા કેળવણી મંડળના ટ્રસ્ટી, સાર્વજનિક કેળવણી મંડળની કારોબારીના સભ્ય, મહેસાણા નાગરિક સહકારી બેંકના પ્રમુખ અને મહેસાણા જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ મંડળની કારોબારીના સભ્ય છે. આમ વેપાર ખીલવવા સાથે જાહેર પ્રવૃત્તિમાં રસ લે છે. રાજકારણમાં સીધો ભાગ લેતા નથી પણ કોંગ્રેસ સંસ્થાના શરૂથી ભક્ત છે.

### સ્વ. મનોરદાસ વિરચંદદાસ પટેલ મહેસાણા



શ્રી મનોરદાસ વિરચંદદાસ–પટેલ સેલાવીવાળા–પાઘડીવાળા કાકાથી ખૂબ જાણીતા હતા.

સને ૧૯૪૯ માં એમના દિકરા શ્રી અંબાલાલભાઈના સાહસથી મહેસાણામાં ખેતીના ઓજાર બનાવવાનું શરૂ કર્યું અને બાપદિકરાએ જાત મહેનતથી વિકસાવ્યું. એ કારખાનું અંબિકા એગ્રીકલ્ચરલ વર્કસથી ખૂબ જાણીતું છે.

શ્રી અંબાલાલ મુંબાઈમાં લોખંડવાળાને ત્યાં નોકરી કરતા હતા. તે વખતે એમણે ઇમ્પીરીયલ એગ્રીકલ્ચરલ આયર્ન વર્કસ શરૂ કર્યું અને તેમાં બનાવેલ ઓજારો વેચવા મહેસાણામાં મોકલી આપતા. એ રીતે મહેસાણામાં નાની દુકાન શરૂ કરી.

એમાંથી મહેસાણામાં ખેતીનાં ઓજારો બનાવવા એક નાનું કારખાનું સને ૧૯૪૯ માં શરૂ કર્યું અને શ્રી અંબાલાલ મહેસાણામાં આવી એ કારખાનાના કામમાં જોડાયા.

સ્વ શ્રી મનોરદાસ ઉદાર હતા અને જે કોઈ એમની પાસે ધર્માદાની ટીપ લઈને જાય તેને ૨૦૦–૫૦૦ આપી છૂટતા.

એ રીતે એમના ગામ સેલાવીમાં પણ જાહેર સંસ્થાઓને ઉદારતાથી મદદ કરી છે.

શ્રી મનોરદાસનો સ્વભાવ મિલનસાર અને પ્રેમાળ હતો. મહેમાનોનાં સ્વાગત કરવામાં અને જમાડવામાં એમને આનંદ થતો.

એમનો અભ્યાસ ગુજરાતી છ ધોરણ સુધીનો હતો. ભણીને પ્રાથમિક શાળામાં માસિક રૂ ૭–૦ સાતના પગારથી શિક્ષક બન્યા હતા.

પણ તેમણે નોકરી છોડી દઈ ધંધાનાં સાહસ ખેડેલાં અને અંતે ખેતીના ઓજાર બનાવવાના કારખાનામાં સફળ થયેલા.

એમની સફળતામાં એમના દિકરા શ્રી અંબાલાલની જાત મહેનત અને કુનેહનો ફાળો ઠીક ઠીક હતો.

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળને રૂ ૧૦૦૧) આપી એની પ્રવૃત્તિઓમાં સાથ આપ્યો છે.

શ્રી મનોરદાસ તા. ૨૯–૮–૬૮ ના રોજ સદ્દગત થયા હતા.

# સુવર્ણ જયંતી ફાળામાં
## નીચેની નવીન રકમો લખાઇ છે.

૧૭૫૨૨) આગળનો સરવાળો
૫૦૧) શ્રી જોઇતારામ ઇશ્વરદાસ ચોકસી
( બલોલવાળા ) માણેકચોક, અમદાવાદ
* ૨૫૧) શ્રી ત્રિભોવનદાસ મોહનલાલ પટેલ
માજી ઉપપ્રમુખ : મહેસાણા જીલ્લા પંચાયત
તથા મંત્રી, કન્યા કેળવણી મંડળ મુ. ઊંઝા
* ૨૫૧) શ્રી મણીલાલ ઇશ્વરભાઇ પટેલ
ઠે. કલ્યાણપુરા મુ. ઊંઝા
૧૮૫૨૫)
* વસુલ આવી ગયા છે.

[ પેજ ૨ ઉપરનું ચાલુ ]

પસાર થાય છે એનો પણ ખ્યાલ રહેતો નથી. માટે તું મારી જરાયે ચિંતા કરીશ નહિ. હું ખૂબ...ખૂબ...ખુશી મજામાં છું.

મારી બેનપણીઓ પ્રભા, લીલા, સવિતા બધાંને મારા તરફથી યાદ કરજે.

નાના હરેશને મારા પ્યાર.

પત્ર લખજે.

લિ. તારી આજ્ઞાંક્તિ
ચિ. પ્રતિમાના પ્રણામ

પત્ર વંચાઇ ગયો.

" લે, જો સાંભળ્યું ને ? તારી દીકરીને રાજગાદી મળી છે ને ? છે જરા યે દુઃખ ? નકામી ખોટા તર્ક કરીને દુઃખી થતી હતી ને ? " કંચનલાલે ઉપાલંભ આપ્યો.

પત્ર એક વાર સાંભળ્યાથી ન ધરાયાં હોય એમ તેને ફરીથી વાંચવા માટે સગુણાબેને પ્રકાશને કહ્યું. આખોય પત્ર ફરીથી ખૂબ ધ્યાનથી સાંભળ્યો. એટલાથી યે સંતોષ ન થયો હોય તેમ પ્રકાશના હાથમાંથી પત્ર હાથમાં આવતાં જાણે દીકરી ખોળામાં આવી બેઠી હોય એવો આનંદ થયો. એમણે પત્ર વાંચવો શરૂ કર્યો. વાંચતા વાંચતા " ખૂબ...ખૂબ ખુશીમજામાં છું. " શબ્દો આગળ તે અટકી ગયાં. આખા પત્રમાં મોતીના દાણા જેવા સુંદર અક્ષરો અને આ " ખુશીમજામાં " શબ્દો કેમ આમ ? પત્ર હિન્દીપેનથી લખાયેલો હતો. એ શબ્દના " મ " અક્ષરની શાહી ફેલાઇ ગઇ હતી.

સગુણાબેન બધું જ સમજી ગયાં. પત્રના આગમને આનંદમાં આવી ગયેલાં સગુણાબેન ગમગીન બની ગયાં. આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. પણ હૃદયમાં ભાવ હતો, " પોતાના જ સંસ્કાર પુત્રીમાં ઉગી નીકળ્યા છે. "

( આચાર્ય આદર્શ હાઇસ્કૂલ : કડી )

# માનવીની વિશેષતા

રણજિત પટેલ
( અનામી )

એક સમે પશુ–પંખી–કીટ પરિષદ મળી
માનવથી પોતાતણી વિશેષતા નાણવા;
સહજનહાર કેરી સૃષ્ટિ તણો હાર બની
બેઠો તેથી અધિકતા પોતાની પ્રમાણવા.

હાથી કહે : ગુરુતામાં મુજથી વિશેષ કોણ ?
સિંહ કહે : ગૌરવમાં જુદી જ અમારી જાત !
વાઘ વદે : ક્રૂરતામાં અમને કો આંબી શકે ?
ઊંટ કહે: ઊંચાઈ ને બીજી વાતે નોખી ભાત !

અશ્વ હણહણી કહે : અશ્વ–શક્તિ, ગતિ ઓર !
ગર્દભની ધીરજનો પાર કોણ પામશે ?
શિયાળની ચતુરાઈ, લુચ્ચાઇ તો કાગ કેરી,
પોપટની સમજ ને સ્મૃતિને શું જાણશે ?

કલા અનુકરણની વાનરની કહેવી પડે !
મધમાખી ગણુ ગણુ કામ સદા કરનાર,
સંઘ–આયોજન કીડી કેરાં જગે અનુપમ,
કલાપીની કલા–કેકા જગ–મન હરનાર.

" ગુરુતામાં, ગૌરવમાં, ઊંચાઇ ને ક્રૂરતામાં,
ગતિ, ધૃતિ, સ્મૃતિ, કૃતિ, ચતુરાઈ, ચાલમાં;
સંઘ–આયોજન, કલા અવર અનેક વિધે
અધિકતા આપણી જ આવે રૂડા ખ્યાલમાં "

સાંભળી ઠરાવ આવો પશુ પરિષદ કેરો
માનવીના પ્રતિનિધિ કવિ કહે કામઢા :
" ગુણ અવગુણ સહુ આપમાં તો એક એક
જાતિમાં અમારી તો અઢારે એક સામટા " !

# સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો.

# સાપ્તાહિકનું લવાજમ પાંચ રૂપિયા મોકલી આપશો.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૧૧-૧૨-૬૯ [ અંક ૧૨

## જીવતરની કળા

મોહનભાઈ

પોતાની કૃતિ જીવંત અને સંપૂર્ણ બને એ માટે કલાકાર એની પાછળ પોતાની સર્વશક્તિ અને પ્રતિભા રેડે છે. પોતાનું ચિત્ર ઉત્તમ કલાકૃતિ બને એ ખાતર ચિત્રકાર ખૂબ મહેનત ઉઠાવે છે. પોતાની કૃતિ અમર બની જાય એ માટે સાહિત્યકાર રાતદિવસ ચિંતન કરીને પોતાની મેધાની પ્રતિભાનાં દર્શન કરાવે છે. પોતાના શિલ્પના નમૂનાની રેખાએ રેખા ઊઠાવ પામે એ ખાતર શિલ્પી તનતોડ પ્રયત્ન કરે છે. આવો પુરુષાર્થ એકેએક કલા માગી લે છે. અને એવા પુરુષાર્થને અંતે એ કલાકારની કૃતિ જગત જરૂર સન્માને છે. જીવનનું પણ કંઈક એવું જ છે. જે જીવન માનવતાથી ભર્યું ભર્યું છે, જે જીવનમાં આદર્શની આભા પ્રકાશમાન હોય, જે જીવન સ્ફટિક શું નિષ્કલંક હોય એ જીવન પેલી ઉત્તમ કલાકૃતિઓ કરતાં અનેકગણું વધારે અસરકારી અને ચિરંજીવ છે. ચિત્રની કળા, શિલ્પની કળા કે સાહિત્યની કળા તો બહુ થોડા માણસો વિકસાવી શકે છે પણ જીવનની કળા હરકોઈ માનવી હસ્તગત કરી શકે છે. એમાં બીજી કોઈ કુદરતી પ્રતિભાની જરૂર નથી. જીવનના કલાસ્વામીઓ પેલા કલાકારો કરતાં ઘણા ઊંચા, ઘણા પ્રતિભાવંત અને જનગણ હૈયે વાસ કરનારા હોય છે. સાહિત્ય, શિલ્પ કે સ્થાપત્યકલા આપણાં ચિત્તને પ્રસન્ન કરી મૂકે છે. આપણે એ કૃતિઓના આસ્વાદથી ડોલી ઊઠીએ પણ છીએ. પણ આથીય ઊંચેરી અસર આપણને ઉત્તમ પ્રકારનું જીવન જીવી ગયેલી એકાદ વ્યક્તિના નામસ્મરણ સાથે થાય છે. ચિત્રકાર, શિલ્પી કે સાહિત્યકાર પોતાનાં કલ્પના, કળાકૌશલ્ય કે પ્રતિભાના જોરે ચિરંજીવ છાપ પાડી જાય છે. પણ જીવન દરમ્યાન ચિંતન, વાણી કે કર્મ ઉપર પ્રચંડ કાંણુ મેળવી એમને નિર્મળ રાખનાર તપસ્વીનું તેજ એથીય કંઈક ઊંચા પ્રકારનું છે. સંસારમાં રહી કોઈપણ અનુચિત પ્રવાહમાં તણાયા વગર લક્ષ્ય ઉપરથી સહેજ પણ નજર ખસેડયા વગર અડગ મનોબળ અને પુરુષાર્થની મદદથી કદમ ઉઠાવ્યે જનાર મનુષ્યની સિદ્ધિ અજોડ છે. એવી સિદ્ધિમાં જો મહત્વાકાંક્ષાનો મેલ ન હોય, એના વિજયમાં યશપ્રાપ્તિની વાસના ન હોય તો એનું જીવન પ્રાતઃસ્મરણીય સંત જેવું બની રહે છે.

અને કયા સંતે લોકહૈયે પોતાનું સ્થાન નથી જમાવ્યું ?

સમાન રહેવા સર્જાયેલાંમાં અસમાનતા જોઈ એનું મન દુઃખી થઈ જતું હોય, કોઈને દુઃખી જોઈ એનો આત્મા બેચેન થઈ જતો હોય, કોઈના કલ્યાણ માટે એનું મન હંમેશાં તત્પર રહેતું હોય તો જ એણે સાચું જીવતર જીવ્યું છે એમ કહી શકાય. બાકી તો, જો એનામાં કાળી મહત્વાકાંક્ષા હોય, કોઈને દુઃખી જોઈ એનો જીવ કપાતો ન હોય, કોઈના કલ્યાણમાં એ રાજી ન હોય અને પોતાનો સ્વાર્થ સાધવા સૌથી જુદો પડી જતો હોય તો માનવતાના પંથ ઉપરથી ખસી કોઈ અંધાર માર્ગે એ જઈ રહ્યો છે. એની જીવનકૃતિ સામાન્ય બનતી જાય છે. ધીરે ધીરે એ કૃતિ એવી પ્રાણહીન બની જશે કે કોઈનું લક્ષ્ય એ તરફ દોરાશે નહીં. સામાન્ય કલાકારની કૃતિ કોઈક વખત એક પણ વ્યક્તિનું ધ્યાન દોર્યા વગર જ વિસ્મરાઈ જાય છે એમ આવું સત્વહીન અને નિર્માલ્ય જીવન જીવનારનાં પચાસ કે એંશી વર્ષ કાળના વહેવા સાથે ક્યાં તણાઈ ગયાં એની કોઈનેય ખબર નહીં પડે ! કરોડો વ્યક્તિઓ જન્મ પામીને મૃત્યુને અધીન થાય છે જ ને ! એમાં કેટલાની જીવનકૃતિઓ આપણું માથું નમાવે છે ? જીવનની એક એક પળ પાછળ પેલા મહાન ચિત્રકાર કે શિલ્પીની જેમ કાળજી લેવામાં આવી હોય એવું જીવન જ કાળની સપાટી ઉપર સ્થિર ટકીને વર્તમાન અને ભવિષ્યની પ્રજા આગળ હરદમ પ્રેરણાની પરબ માંડી રહે છે.

# એક પત્ર

ડૉ. રણજીતભાઈ (અનામી) અને તેઓ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં અધ્યાપક હતા તે વખતે તેમના હાથ નીચે અભ્યાસ કરી ગયેલા એક વિદ્યાર્થી શ્રી વિરચંદભાઇ ન. પટેલ (જેઓ હાલ ધીણોજ (તા. ચાણસ્મા) ના શ્રી. ન. હ. સાર્વજનિક વિદ્યામંદિરમાં કામ કરે છે) વચ્ચે "સુવર્ણ જયંતી" ના માધ્યમ દ્વારા ગુરુ-શિષ્ય તરીકેનો સંબંધ તાજો થાય છે તે એક નોંધનીય બાબત છે. સુ. જ. ની શુભ અસર આમ ઘણે ઠેકાણે થઇ હશે. વિસ્મૃતિની ગર્તામાં ફેંકાઈ ગયેલા ગુરુઓ તથા સહાધ્યાયી મિત્રો તેમજ અન્ય સંસ્મરણો તથા અનુભવો વાચકોના ચિત્તમાં તાજાં થયાં હશે. તેમાંનો એક પ્રસંગ શબ્દદેહ પામ્યો છે તેને અહીં રજુ કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે આ પ્રકારનાં લખાણો અમને ચારે દિશાઓથી મળતાં રહો.

—સંપાદકો

પૂજ્ય રણજીતભાઈ સાહેબ,

સાદર રાધાસ્વામી.

વર્ષો પછી આપ આ હસ્તાક્ષર નહિ ઓળખી શકો. સને ૧૯૩૬ માં સર્વ વિદ્યાલય કડીમાં આપ અમારા ગુજરાતીના અધ્યાપક હતા. 'સુવર્ણ જયંતી'માં વિદ્યાર્થી આશ્રમજીવનનાં સંસ્મરણો વિષે વાંચવા મળ્યું અને એક વિદ્યાર્થીના નાતે એ સ્મૃતિ જાગ્રત થઇ અને આશ્રમજીવનનાં ચાર વર્ષો (૧૯૩૫ થી ૧૯૩૯) દરમિયાન જે પ્રતિબિંબો અત્યારે પણ ઊંડે ઊંડે પડેલાં દેખાય છે તે સાકાર થવા માંડયાં. એક

## 'મને સાંભરે રે'

વિશેષ આનંદની વાત કે 'સુવર્ણ જયંતી'માંથી આપનું સરનામુ મળી ગયું અને ત્યારથી આપને અક્ષરદેહે મળવાનું નક્કી કરી નાખ્યું. મારી સાથેના વિદ્યાર્થીઓમાં શ્રી ખોડાભાઈ શિવરામ પટેલ (વકીલ) તથા શ્રી સોમાભાઇ વીરદાસ પટેલ, શ્રી ઇશ્વરભાઇ હરજીવનદાસ, શ્રી નારણભાઇ શિવરામ પટેલ શ્રી પ્રહ્લાદભાઇ વીસાભાઇ પટેલ વગેરે હતા. ધો. ૯ માં સત્રાન્ત પરીક્ષામાં મારે ગુજરાતીમાં સૌથી વધુ ગુણ આવેલા ત્યારે આપે મને ઓળખવા માટે ઉપર વર્ગમાં બોલાવેલો અને અભિનંદન આપેલાં. આપણે સાંજે જમ્યા પછી આશ્રમની પાછળના ભાગમાં ફરવા જતા ત્યારે અમારી પાસે આપ લોકગીતો – ગાણાં ગવરાવતાં. આજે પણ આપના માટે એ જ પ્રેમભાવ – ગુરુ માટેનો પૂજ્યભાવ મારા હૃદયમાં છે. આ પત્ર આપના તરફના 'પ્રેમ'ને લીધે જ લખાયો છે.

એકાદ વર્ષ પહેલાં આપનું "આપણું રાષ્ટ્રગીત" પુસ્તક વાંચવાનો અવસર મળેલો. બીજું તો ઠીક પણ તમારા લખાણની આધ્યાત્મિક બાજુએ મને ખૂબ આકર્ષેલો. આપનાં લખાણોની આધ્યાત્મિક બાજુ મને કેમ આકર્ષે છે તે આપને જણાવવાની રજા લઉં તો અસ્થાને નહિ કહેવાય આપ આ બાબતમાં મારા કરતાં કદાચ ઘણા આગળ પણ હશો.

ગયા નવેમ્બર ૧૯૬૮ની ૨૪મી તથા ૨૫મી તારીખે વડોદરામાં સંતમત પર સત્સંગ હતો અને પંજાબથી બ્યાસના રહેવાવાળા સદ્ગુરુ મહારાજ બાબા ચરણસિંહજીએ સંતમત ઉપર પ્રદર્શન મેદાન ઉપર સત્સંગ ફરમાવેલો. આ સત્સંગ સંતો – કબીર સાહેબ, નાનક સાહેબ, દાદૂ સાહેબ, રવિદાસ સાહેબ, સ્વામીજી મહારાજ, મીરાંબાઈની – વાણી ઉપર હોય છે અને જેને શુદ્ધ આધ્યાત્મિક કહીએ એવો હોય છે.

આ પત્ર લખવાનું મુખ્ય પ્રયોજન એટલું જ કે આપને આધ્યાત્મિક બાબતોમાં રસ છે એ વાત ચોક્કસ છે અને આપે સંતમતનો અભ્યાસ કે જાણકારી પ્રાપ્ત ન કરી હોય તો આપ જરૂર થોડુંક વાંચો અને તે માટે હું આપને પુસ્તક મોકલાવું ... જો આપે વાંચ્યું ન હોય તો "Call of the Great-Master" નામનું પુસ્તક ખૂબ જ ઉપયોગી છે અને સંતમત વિષે લગભગ સંપૂર્ણ જાણકારી પ્રાપ્ત થાય એવું છે. આપ પ્રોફેસર અને આપને માટે કોઇ પુસ્તકની હિમાયત કરવી તે મોભાની દૃષ્ટિએ અયોગ્ય લાગે છે પણ હૃદયના વેગને રોકી શકાય તેમ નથી તો દરગુજર કરશો.

આપનો વિનમ્ર
વીરચંદ ન. પટેલ

### મોક્ષ

મહાનતા ને વય સાથ વાધે,
કારી અહંગ્રાહ, ગજેન્દ્ર જીવ.
કો મુક્તિદાતા તુજ વિણ શિવ.
વિનમ્રતા, ભક્તિ કૃપા ય સાધે.

—अनामी

### પ્રાર્થના

જેવી મારી તરલ અપલા પાંપણો અશ્રુ રક્ષે,
જેવું મારું હૃદય વિમળું દેહને રક્ત બક્ષે.
જ્ઞાનેન્દ્રિયો વિપદ સમયે મસ્તકે તાર છોડે,
એવી રીતે વિભુવર! જગે વર્તજે જીવ જોડે.

—अनामी

## બે ચહેરા

ભગવત સુથાર

તે પોતાની કાપડની દુકાનમાં બેઠો છે. સામેનો ગલ્લો કેટલાક દિવસથી બંધ છે. કોમી રમખાણ પછી તો ઘરાકી સાવ નહીંવત્ થઈ ગઇ છે. તેની નજર વારેવારે પેલા પાનના ગલ્લા તરફ મંડાય છે. ને નિ:શ્વાસ નાંખતી પાછી ફરે છે.

... ... ... ... ...

" ભાઈ રહમ કર. મેરી બાત રખ. અલ્લા કસમ. નહીં તો મેરા બેટા... " ને તેની આંખમાં ઝૂલતાં આંસુ તેને યાદ આવી ગયાં.

" યહ અહેસાન મૈં જિંદગીભર નહીં ભૂલૂંગા... "

... ... ... ... ...

બીજું એક દૃશ્ય તેની આંખમાં તરવરે છે....

હડતાલ છે. દુકાનો ફડોફડ બંધ થાય છે. હુલ્લડ છે. ધારિયાં ભાલાં, તલવારો, ઢેખાળા, પથરાને આગની લપકતી જ્વાળાઓ... આખું ગામ ભડકે બળે છે...

એક ભાલો તેની બંધ દુકાનના બારણાની એક તકતી તોડી નાંખે છે. એક હાથ અંદર કેરોસીનનો સળગતો કાકડો નાખવા જાય છે. ને તેનાથી સર્વહારા ચીસ નંખાઇ ગયેલી...

પણ તેની આંખે કૈંક અવનવું જોયેલું. તકતી આડે કોઇ ઊભું છે. કાકડાવાળો હાથ તેની દાઢી સળગાવે છે, તેનું કૂર્તું સળગી જાય છે. પણ તે તો અડીખમ નિશ્ચલ ઊભો રહે છે. હઠતો નથી. તેની રગેરગમાં કોઇના લૂણનો પોકાર છે.

પેલો હૉસ્પિટલમાં છે. બચી ગયો છે. આગમાં માત્ર એક આંખ બચી ગઇ છે. ચહેરો તો !

બબડે છે, અમ્મા, વહ આયે તો કહેના. કિ મૈં ઉસકા અહેસાન નહીં ભૂલા... "

તે પહોંચી જાય છે. પેલાનો હાથ હાથમાં લે છે. માથે મૂકે છે. બંનેની આંખમાંથી અશ્રુધાર થાય છે. પેલાની આંખમાંથી વહેતી માનવતાને વરસતી આંખે જોઇ રહ્યો છે. બસ જોઇ જ રહ્યો છે જ્યારે પેલાની અમ્મા એ બન્નેના ચહેરાને સજળ નેત્રે જોઇ રહે છે.

---

## : સમાચાર :

૮-૧૨-૬૯ ના રોજ સાયન્સ કૉલેજમાં ગુજરાત યુનિવર્સિટી તરફથી નિયુક્ત તપાસ સમિતિમાં ગુજરાત કૉલેજના પ્રિન્સપાલ શ્રી સાંડિલ સાહેબ તથા ભવન્સ કૉલેજ-ડાકોરના પ્રિન્સિપાલ શ્રી દવે સાહેબ પધાર્યા હતા. એમાં શ્રી સાંડિલ સાહેબે ' આધુનિક વિજ્ઞાનની પ્રગતિ ' ઉપર વિદ્વત્તાપૂર્ણ માહિતીસભર પ્રવચન વિદ્યાર્થીઓ આગળ કર્યું હતું.

---

ગુજરાતની અગ્રગણ્ય અને આપણી સૌની પ્રિય માતૃસંસ્થા

સુવર્ણજયન્તી

પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ સર્વે ભાઈ-બેનો પાસે

### અપેક્ષા રાખે છે:

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.

(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.

(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.

(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. ' સુવર્ણ જયંતી ' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.

(૬) ' સુવર્ણ જયન્તી ' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

❁ ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.

❁ આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::

# પ્રભુના આશીર્વાદ છે

પુરુષોત્તમદાસ પટેલ

આપણી સંસ્થા ખૂબખૂબ વિકસી છે અને વિકસતી જાય છે. એના ઉપર પ્રભુના આશીર્વાદ છે.

સરઢવ મુકામે સૌથી પ્રથમ આગેવાનોની સભા તા. ૮-૬-૧૯૧૯ ના રોજ થઈ તેમાં કેળવણી મંડળની સ્થાપનાનો ઠરાવ થયો. તેમ જ બોર્ડીંગ શરૂ કરવાનો નિર્ણય કર્યો. બોર્ડીંગ ક્યાં શરૂ કરવી તેનો નિર્ણય નહિ થયેલો.

પૂ. છગનભાનું ગામ સરઢવ. ત્યાં સભા થઈ તેમાં તેમણે આગળ પડતો ભાગ લીધો. તેમણે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી બોર્ડીંગ શરૂ ન થાય ત્યાં સુધી પોતે મિષ્ટાન્ન લેવું નહિ. તેઓએ ગામડે ગામડે પ્રચાર અને પૈસા માટે ફરવા માંડ્યું. આમ આ શુભ કામ આરંભાયું.

એ અસલ જમાનો. જ્યાં જાય ત્યાં લાપસીનાં આંધણ મૂકાય. છગનભાની પ્રતિજ્ઞા આગળ આવે. વાતાવરણમાં કુતૂહલ ઊભું થાય. વાતનો તંતુ ચાલે અને આખા ગામમાં આ નવતર કામની અને તે કરવા નીકળેલાઓની વાત ફેલાઈ જાય. 'લાપસીની ના' ને પગ આવ્યા – પાંખો આવી આ ગામ પેલે ગામ ચારે બાજુ ફેલાઈ ગઈ.

આ કામમાં શેરથા ગામના આગેવાનોનો સાથ હતો. મેઉં-આદ્રજના આગેવાન શ્રી માધવજીભાઈ અને શ્રી ધનશા ભગત છગનભા સાથે જોડાયા. કામની જમાવટ પડી.

સંવત ૧૯૭૬ ના ચૈત્ર સુદ ૨ (તા. ૨૨-૩-૨૦) નો શુકનવંતો દિવસ ઊગ્યો. તે દિવસે કડીમાં બોર્ડીંગની શરૂઆત કરી. ભાડાના મકાનમાં સાત વિદ્યાર્થીઓ સાથે લાપસીના શુકન કરી ભગીરથ કાર્યના છગનભાએ શ્રીગણેશ માંડ્યા.

તે વખતે કડીમાં અંગ્રેજી શિક્ષણની સગવડ. કડી જિલ્લાનું મુખ્ય મથક. આજુબાજુના ગામોનો સાથ મળી રહેવાની ધારણાએ કડીને પસંદ કર્યું. અને છગનભાએ કેડ બાંધી.

શરૂમાં બોર્ડીંગની દેખરેખનું કામ શ્રી વિઠ્ઠલભાઈ રણછોડદાસ પટેલે માથે લીધું અને ફંડ વગેરેનો હિસાબ કડીની જાણીતી પેઢી બોડીદાસ ઝવેરદાસને ત્યાં રહેતો.

સંખ્યા વધતાં કાયમી વ્યવસ્થા ગોઠવાઈ. વિરમગામના વતની શ્રી કુબેરદાસ છોટાલાલ, તેમણે પ્રાથમિક શાળા ખાતાની નોકરી અસહકાર નિમિત્તે છોડી દીધેલી. સિનિયર ટ્રેઈન્ડ થયેલા એટલે આ ક્ષેત્રના જાણકાર. તેઓએ આશ્રમના કામની જવાબદારી ઊપાડી લીધી તે આપણા પહેલા ગૃહપતિ અને કર્મચારી. તેઓ ૨૮-૧૧-૧૯૨૦ ના રોજ જોડાયેલા.



બાખચોકનું મંદિર



અમીનનું રામજી મંદિર



અમીનનું ડહેલું

છગનભા ગામડે ગામડે ફરે જે મળે તે ભેગું કરે. અનાજ આપે તેનું અનાજ લે, આઠ આના - રૂપિયો આપે તે પણ હોંશથી લે. પરંતુ તે વખતે જમાનો એવો કે માગો તો શક્તિ પ્રમાણે પૈસા કે અનાજ લોકો આપી છૂટે પણ ભણનાર ન



ડાબેથી બીજા : શ્રી પોપટભાઈ, ત્રીજા : શ્રી કુબેરભાઇ ચોથા : શ્રી છગનભાઈ.
ડાબેથી પ્રથમ : શ્રી ચુનીભાઇ ધનજીભાઇ તથા પાંચમા : શ્રી પોપટલાલ મગનલાલ જેઓ થોડા સમય પછી શિક્ષક તરીકે જોડાયેલા.



શ્રી પુરુષોત્તમદાસ પટેલ
જેઓ શરૂઆતના ચાર શિક્ષકો પૈકી એક હતા.

મળે. બાળકોને ભણવા ન મોકલે. એટલે છગનભાએ પૈસા ઉઘરાવવા સાથે છોકરાઓની પણ ભીખ માગવા માંડી "તમારા છોકરાને ભણવા મોકલો."

છગનભાની આ પ્રવૃત્તિને હસી કાઢનાર પણ ઘણા હતા. તેમને ઘડપણમાં ગાંડપણ હાલ્યું છે એમ કહેતા. પરંતુ તેની અસર છગનભા ઉપર થતી ન હતી. બધું શાન્તિથી સાંભળી સહન કરી લેતા. તેમને થતું કે કેટલું બધું કામ કરવાનું છે! તેમણે કેડ તો બાંધી હતી પણ આવા પ્રસંગે કેડને ફરીને ફરીને બાંધતા. તેમના જીવનમાં નિરાશા તો હતી જ નહિ.

બોર્ડીંગમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી ગઈ. રામજી મંદિરનો મેડો, ખાખચોકનો મેડો, અમીનનું ડહેલું એમ એક પછી એક મકાન ભાડે રાખતા ગયા, બદલતા ગયા અને બધાની જયાંત્યાં સગવડ કરતા ગયા.

વિદ્યાર્થીઓનો ઉમંગ અને કામ કરનારાઓનો ઉમંગ ભારે. બધું જાતે કરવાનું, ઘણી વખત, રાંધો જાતે, વાસણ માંજો જાતે, પાણી ભરો જાતે, અવાવરાં મકાનો સાફસુફ કરો જાતે, કોણ નાનું કે કોણ મોટું? કોણ શિક્ષક કે કોણ વિદ્યાર્થી? બધા એક સાથે, એક હરોળ

વિદ્યાર્થીઓ તે વખતે કડીની એ. વી. સ્કૂલમાં ભણવા જતા. આ સ્કૂલ કોટની અંદર આવેલી. જેલની જૂની બરાકોમાં બેસતી, તેમાં દરેક ધોરણનો એક એક વર્ગ, બીજો વર્ગ કરવાની જગા નહિ. અને સરકારી તંત્રમાં કોને પડી હોય તે એ બધી કડાકૂટમાં પડે.

બોર્ડીંગમાં સંખ્યા વધી અને વિદ્યાર્થીઓના પ્રવેશનો પ્રશ્ન મુંઝવવા લાગ્યો, કેટલાય વિદ્યાર્થી દાખલ થયા સિવાય રહી જાય. નવા વિદ્યાર્થીઓને લઇ ન શકાય. પ્રયત્નો કરવામાં આવે પણ કંઇ મેળ ન પડે.

શું કરવું? મોટો પ્રશ્ન થઇ પડયો. બૉર્ડિંગનો વિકાસ અટકી પડવા જેવું થયું. સાથે સાથે બૉર્ડિંગની સંખ્યા વધતી ગઇ તેમ તેમ તેનું ખર્ચ વધતું ગયું. આવક કરતાં ખર્ચ વધે. દેવું વધ્યે જાય.

આમ છતાં આપણી શાળા શરૂ કર્યા સિવાય છૂટકો ન હતો. અસહકારનો યુગ, શાળા કોલેજના બહિષ્કારનો જમાનો અને રાષ્ટ્રીય શિક્ષણની ભાવનાથી ભરેલું વાતાવરણ હતું.

એ સમયે શ્રી પોપટભાઈ સરકારી કૉલેજ છોડી ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠમાં જોડાઇ સ્નાતક થઇને ઘેર આવેલા. શ્રી છગનભાઇ પણ સરકારી કૉલેજ છોડી વિદ્યાપીઠમાં અભ્યાસ



બંદુકસાહેબની હવેલી
(હાલનું બકરાવાળા બીલ્ડીંગ)

માટે જોડાયેલા. એમના દિલમાં પણ સમાજ માટે કંઈ કરી છૂટવાની ભાવના અને તમન્ના.

શ્રી પોપટભાઈ અને શ્રી છગનભાઈ સેવા આપવા તૈયાર થયા. શ્રી કુબેરભાઈ તો બૉર્ડિંગના કામમાં આવી જ ગયા હતા અને ચોથો હું તો હતો જ.

શરૂના ત્રણ ધોરણમાં એક હેડમાસ્તર અને ત્રણ શિક્ષકો જોઈએ. એ થઈ રહ્યા અને શાળા શરૂ થઈ ગઈ. શ્રી પોપટભાઈ શરૂના હેડમાસ્તર બન્યા અને અમે ત્રણ શરૂના શિક્ષકો બન્યા.

આમ શાળાની શરૂઆતમાં જ રાષ્ટ્રીયભાવનાથી પ્રેરાયેલા શ્રી પોપટભાઈ, શ્રી છગનભાઈ તથા શ્રી કુબેરભાઈ સંસ્થાને મળ્યા એમાં ઈશ્વરનો હાથ જ હોવો જોઈએ.

મકાનો તો ભાડાનાં જ શોધવાનાં હતાં. શરૂઆતમાં ખાખચોક, અમીનનું ડહેલું અને અમીનના રામજીમંદિરનાં જુદાં જુદાં મકાનોમાં બૉર્ડિંગ અને શાળાનો જેમતેમ કરીને સમાવેશ કર્યો.

શાળા તરફ વિદ્યાર્થીઓનું આકર્ષણ વધ્યું. બૉર્ડિંગની સંખ્યા પણ વધતી જતી હતી એટલે શાળા માટે મોટા મકાનની જરૂર પડી.

કડીની મધ્યમાં આવેલ મામલતદાર કચેરી પાસેનું બંદુક સાહેબની હવેલીના નામે પ્રખ્યાત મકાન (હાલનું બકરાવાળા બીલ્ડીંગ) તે વખતે બંધ હાલતમાં અવાવરૂ પડ્યું હતું, તેના ઉપર નજર ગઈ. એ મકાનનો મેડો ભાડે રાખ્યો પછીથી નીચેનો પણ કેટલોક ભાગ રાખેલો. આ મકાન વર્ષો થયાનું બંધ અને અવાવરૂ. તેની સાફસૂફીનું કામ પણ એક મહાભારત કામ. શિક્ષકો અને વિદ્યાર્થીઓએ મળીને તેની સાફસૂફી કરી. તેમાંથી ટોપલાબંધ નહિ પણ ગાડા બંધ કચરો ઉથામી બહાર કાઢ્યો. અને મકાનને શાળાને બેસવા લાયક બનાવ્યું. થોડા દિવસ રસોડું પણ એમાં ચલાવેલું. થોડા વિદ્યાર્થીઓ પણ રહેતા.

તળાવ ઉપરના અને ભાગોળના મકાનોમાંથી શાળાને કડીના મધ્યભાગમાં વસાવી. શાળા લોકોની નજરે પડી. કામ વ્યવસ્થિત અને સારી રીતે ચાલવા લાગ્યું. શાળાની પ્રતિષ્ઠા જામી અને સંખ્યામાં વધારો થવા લાગ્યો. બકરાવાળા બીલ્ડીંગ અને મામલતદાર કચેરી વચ્ચેના ચોકમાં શાળા વાર્ષિક ઉત્સવો ઠાઠથી ઉજવતી અને લોકો હેકડેઠઠ જમા થઈ જતા.

આ બધા માટે છગનભાને ગામડે ગામડે ફંડફાળા માટે ફરવું પડતું એ લાવે તેના કરતાં અમારું ખર્ચ આગળ વધતું. દેવું વધ્યે જતું ઉધરાણીયા ઉંબરા ઘસી નાંખે. ધીરધાર બંધ થાય. વહેવાર અટકી પડે એવા કપરા દિવસો પણ જોતા.

ઉપાધી–અડચણોનો આંક નહિ અને ઉત્સાહ–ઉમંગનો પાર નહિ. પ્રભુ સર્જિત આ બન્ને અથડાય અને પ્રભુના આશીર્વાદ ઉતરી આવે. બધાને દેશનું કામ કરી રહ્યાનો ભારે ઉત્સાહ.

## આપણા દાતાઓ

## શ્રી હરજીવનદાસ હાથીભાઈ પટેલ

### લોખંડ બજાર, અમદાવાદ



અમદાવાદમાં શ્રી હરજીવનદાસને સૌ કોઈ ઓળખે છે. એમની લોખંડ બજારમાં શ્રી હરજીવનદાસ હાથીભાઈ પટેલ એ નામની લોખંડ અને હાર્ડવેરની પ્રખ્યાત દુકાન છે. આ દુકાન ગુજરાતભરમાં જાણીતી છે.

ભલમનશાઈ અને સજ્જનતા એ એમના ખાસ ગુણ હતા. પ્રિયભાષી અને મહેમાનોનાં સ્વાગત કરવામાં એમને ખૂબ આનંદ આવતો. પોતાના વતન આજોલમાં ગુજરાતીનો અભ્યાસ કરી અમદાવાદમાં ૩૫–૪૦ વર્ષની ઉંમરે આવી નોકરીથી જીવનની શરૂઆત કરી.

એમનામાં પ્રણાલિકતા અને કુનેહ. એમણે અમદાવાદમાં લાખંડ બજારમાં ૩૫ વર્ષ ઉપર લોખંડ અને હાર્ડવેરની દુકાન શરૂ કરી અને પ્રભુએ એમને ધંધામાં યારી આપી અને આજે તો અમદાવાદમાં હાર્ડવેરના ધંધામાં એમની આગળ પડતી ગણના છે.

આજોલ હાઈસ્કૂલમાં રૂ. ૫૦૦૦ ઉપરાંત નાનામોટા દાન કર્યાં છે.

વર્ષ ઉપર તેઓ સદ્ગત થયા. તેઓ અમદાવાદ મર્કેન્ટાઈલ બેંક લી. ના ડાયરેકટર, આયર્ન રજીસ્ટરર્ડ સ્ટોક હોલ્ડર એસોસીએશન લી. ના ડાયરેકટર અને લોખંડ મહાજનના ઉપપ્રમુખ હતા.

એમના જેવા ગુણીયલ અને ધંધામાં નિપુણ ત્રણ દિકરા શ્રી બાબુભાઈ શ્રી ચંદુભાઈ, અને શ્રી હસમુખભાઈ છે. આ દિકરા શ્રી હરજીવનદાસ હાથીભાઈ પટેલની લોખંડ અને હાર્ડવેરની પેઢી સંભાળે છે અને પ્રણાલિકતા અને કુનેહથી સંચાલન કરે છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળને રૂ. ૨૫૦૦ નું દાન એમના દિકરાઓએ ખૂબ ઉમંગથી આપ્યું છે.

---

આ બૉર્ડિંગ અને શાળા તે આપણો વિદ્યાર્થી આશ્રમ અને સર્વ વિદ્યાલય અને આ બધો તેનો વિસ્તાર. આપણા ઉપર પ્રભુના આશીર્વાદ છે.

## પુત્ર

ભાઈલાલભાઈ

આચાર્યનો પુત્ર અને બીજો એક વિદ્યાર્થી અભ્યાસમાં બરોબરના હરીફ.

પરીક્ષા આવે અને ઉત્તરપત્રો તપાસનારની મૂંઝવણનો પાર ન રહે. તેજીલા ઘોડાઓની દોડમાંની કાનની ટીસી આગળ-પાછળની હારજીત જેવો મામલો. આ બાજુથી જુએ તો પેલા ઘોડાની ટીસી આગળ લાગે અને પેલી બાજુથી જુએ તો આ બાજુની ટીસી આગળ લાગે.

બન્ને આચાર્ય અને અધ્યાપકોના પ્રેમપાત્ર વિદ્યાર્થીઓ. પણ પરીક્ષા વખતે એમની કસોટી કરનારાઓ એ તમામ ભારે કસોટીમાં મૂકાઇ જાય. પરંતુ પરીક્ષાના નિરસ કામને કંઈક રસ પડે એવું બનાવી દે.

આચાર્ય પુત્ર થોડીક માંદગી ભોગવીને ચાલી નીકળ્યો. પ્રચંડ વીજળી પડે એમ આચાર્ય, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપર એની અસર થઇ ગઇ. બધું ખાલી ખાલી અને હતાશાપૂર્ણ બની ગયું.

વાર્ષિક પરીક્ષા આવી. કોઈ નિર્જીવ પુતળાં હાલતાંચાલતાં હોય એમ પ્રશ્નપત્રો વહેંચાયા, ઉત્તરવહીઓ લખાઇ અને તપાસાઇ.

આચાર્ય પોતે તપાસેલી ઉત્તરવહીઓમાંથી માર્કશીટમાં માર્ક ઉતારી રહ્યા હતા. રમણનું નામ આવ્યું. ઉત્તરવહીમાંથી જોઈ તેના નામ સામે ૮૩ માર્ક મૂકયા. અને તેની પછી આવતા પોતાના પુત્ર રમેશના નામને બદલે બીજા વિદ્યાર્થીનું નામ આવ્યું. તેઓને આગળ માર્ક ઉતારવાનું રુચ્યું નહિ. રમણનું ઉત્તરપત્ર હાથમાં લઇ તેની સામે જોઇ રહ્યા. તેને ફરી તપાસતા હોય એમ પહેલેથી પાનાં ફેરવવા લાગ્યા અને મનોમન બોલવા લાગ્યા, " અહીં આ ભૂલ રમેશે ન કરી હોત, બે માર્ક વધારે લઇ જાત. આ પ્રશ્નમાં રમેશે આ કરતાં સારૂ લખ્યું હોત, એક માર્ક વધુ મળત. આ નિબંધ રમણે લખ્યો છે તેવો કદાચ રમેશ ન લખી શકત, બે એક માર્ક ઓછા મળત. પરિશીલનમાં રમેશ જરૂર બે માર્ક વધુ મેળવી જાત અને આ વ્યાકરણના પ્રશ્નોમાં તો રમણને પૂરા માર્ક મળ્યા છે તો રમેશ એમાં પા માર્ક પણ ઓછો ન મેળવત.......
એમ આખું પેપર જોઇ ગયા અને મનમાં સરવાળો બાદબાકી કરી ૮૩ ની નીચે ૮૫ નો આકડો લખી નાંખ્યો. ત્યાં પત્નીએ જમવા ઊઠવા માટેના સંકેતનો અવાજ કર્યો એટલે બાકીના માર્ક ઝટપટ ભરી જમવા ઊઠયા.

શાળામાં જઇ ઉત્તરવહીનાં બંડલ સાથે માર્કશીટ ઑફિસ-માં આપી દીધું. અને પોતે બીજા કામમાં પરોવાયા.

રમણ આચાર્યની ઑફિસમાં કંઇ કામે આવ્યો. તેને ઊભો રાખી તેના પેપર સંબંધી તેને ધન્યવાદ આપી માર્ગ-દર્શન આપી રહ્યા. અહીં આમ લખ્યું હોત તો સારું થાત. ત્યાં થોડી ધીરજ રાખી હોત તો આવી ભૂલ ન થાત વગેરે.

ત્યાં માર્કશીટનાં કાગળિયાં લઇને કલાર્ક દાખલ થયો. અતિ ચોકસાઈના આગ્રહી આચાર્યના માર્કશીટમાં ભૂલ શોધી કાઢ્યાનો તેનો ઉમંગ મુખ ઉપર છૂપો રહી શકતો ન હતો. તેણે માર્કશીટ ટેબલ ઉપર મૂકી તેમાં લખાયેલા ૮૩ અને ૮૫ માર્કના આંકડા ઉપર આંગળી મૂકી પૂછયું, ' સાહેબ, આમાં સાચો આંકડો કયો છે ? "

સાહેબ શું જવાબ આપે છે તે જાણવાના કુતૂહલથી કલાર્ક સાહેબના મોં સામે જોઈ રહ્યો.

સાહેબના મોં ઉપરના ભાવ પરિવર્તનને જોઇને કલાર્કને લાગ્યું કે પોતે જ સમજવામાં કંઇ ભૂલ તો કરી નથી બેઠો ને ?

સવારે માર્ક ઉતારતી વખતની પોતાની સ્થિતિનો આચાર્યને ખ્યાલ આવી ગયો. દુઃખ અને નિઃસહાયતાનો ભાવ તેમના મુખ ઉપર ઉપસી આવ્યો. તેઓ બોલ્યા,

" ભાઇ, બંને ખરા છે. તમને જે ગમે તે લખો. "

" સાહેબ મને એમાં શું ખબર પડે ? " ભોંઠપ અનુભવતો હોય તેમ કલાર્ક બોલ્યો.

સાહેબે પેન ઉપાડી ૮૩ નો આંકડો છેકી નાંખી ૮૫ નીચે બે લીટી દોરી દીધી.

---

## શરદ સંધ્યા

( વસંતતિલકા )

સંધ્યા નમી શરદની ગગને સુહાસે
પુર્ણેન્દુ લોલ રસ ચાંદનીનો નિતારે.
સામે ઊભેલ વડલો રમણીય સોહે
યોગી સમો અટલ એકલ સ્વસ્થચિત્તે

ને ત્યાં નિહાળું રમતાં મનુબાલપુષ્પ
કિલ્લોલતાં સુભગ શૈશવ ખેલનાદે.
પૃથ્વી પટેઃ ધવલ સાગરના તરંગો—
દીઠા સુહાગી ગિરિનિર્ઝર નીર ભોમે !

ઊભો રહું અચલ ચંચલ નેત્ર જોતાં
વ્યોમે અતીત મુજ શૈશવનીલકુંજ
શીળી, પ્રસન્ન અતિ ઉજ્જવલ ભાવના-શી
મ્હેંકાવતી હૃદયમંડપ પુણ્યવંતા !

ત્યાંથી સરું : ચરણ માંડું વિનમ્રભાવે
ઘેરા સુણાય રવ આત્મગુહાની માંહે.

સર્વ વિદ્યાલય–કડી " રશ્મિભિક્ષુ "

## સુવર્ણ જયંતી ફાળામાં
### નીચેની નવીન રકમો લખાઇ છે.
### તે માટે હાર્દિક આભાર માનવામાં આવે છે.

૧૮૫૨૫) આગળનો સરવાળો.

૨૫૦૧) શ્રી ડૅા. ત્રિભોવનભાઈ એન. પટેલ
હા. શ્રી રામભાઇ એન. પટેલ એન્ડ બ્રધર્સ
રીલીફરોડ, રિલીફ સિનેમા પાસે અમદાવાદ-૧

૧૨૫૧) શ્રી મેસર્સ ગોપાળભાઇ ત્રિભોવનદાસની પેઢી
હા. શ્રી ત્રિભોવનભાઇ શોભણદાસ
પાંચકુવા, અમદાવાદ-૨

૧૦૦૧) શ્રી અમૃતલાલ હરગોવિંદદાસની પેઢી
હા. શ્રી હરિભાઇ તથા શ્રી હરગોવિંદદાસ
એલ. કે. ટ્રસ્ટ બીલ્ડીંગ, રેવડી બજાર અમદાવાદ-૧

૫૦૧) શ્રી તુલસીદાસ વનમાળીદાસ
હા. શ્રી કેશવલાલ ત્રિકમલાલ અગોલવાળા
જૂનાવાડજ, અમદાવાદ-૧૩

૫૦૧) શ્રી નારણભાઇ જેઠાલાલ પટેલ
વસંતવિહાર સોસાયટી, બીગ્રુપ;
નવરંગપુરા, અમદાવાદ-૯

* ૨૫૧) શ્રી ઇશ્વરભાઈ અંબાલાલ પટેલ (શેરથાવાળા)
ડી. ઇશ્વરલાલ એન્ડ કું. ૩૭ ન્યુ બ્લોક,
દિલ્હી દરવાજા બહાર અમદાવાદ-૧

* ૨૫૧) શ્રી વિઠ્ઠલભાઇ અંબાલાલ પટેલ (શેરથાવાળા)
Ph. D. (U. S. A.)
ડી. ઇશ્વરલાલ એન્ડ કું.; ૩૭ ન્યુ બ્લોક;
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૧

૨૫૧) શ્રી સોમચંદ ઉજમદાસ પટેલ (રાજપુરવાળા)
૧૫ / વસંતવિહાર સોસાયટી અમદાવાદ-૯

૨૫૧) શ્રી કચરાભાઇ છગનદાસ પટેલ
૯ / ભરતકુંજ સોસાયટી, એલીસબ્રીજ, મીઠાખળી
અમદાવાદ-૬

૨૫૧) શ્રી પ્રહ્‌લાદભાઇ અંબાલાલ પટેલ (વીમાવાળા)
૧૨/ભરતકુંજ સોસાયટી, એલીસબ્રીજ, મીઠાખળી
અમદાવાદ-૬

૨૫૧) શ્રી નારણભાઇ અમીચંદદાસ પટેલ
૪/શારદા સોસાયટી, અમદાવાદ-૭

૨૫૭૮૬)

* વસુલ આવી ગયા છે.

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.

૨૫૦૧) શ્રી બહેચરદાસ હરગોવિંદદાસ પટેલ
લાખંડ બજાર; અમદાવાદ-૧

૧૦૦૧) શ્રી બાલુભાઇ મણીલાલ પટેલ
૧૨૫ / સરદાર પટેલ કોલોની; અમદાવાદ-૧૪

૧૦૦૧) શ્રી હિરાલાલ મણીલાલ પટેલ (મોકાસણવાળા)
એડવોકેટ
૧૫ / ગૌતમવિહાર સોસાયટી, અમદાવાદ-૧૩

ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ક્રોસ ચેક આ ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.

## સમાચાર

કડીના જાણીતા આગેવાન વકીલ અને કાર્યકર તથા આ સંસ્થાના મંત્રી શ્રી ધનાભાઈ હરગોવિંદદાસ પટેલના સુપુત્ર અને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી કનુભાઈ ધનાભાઇ પટેલ એમ. બી. બી. એસ. ની પરીક્ષામાં (બધા જ વર્ષોમાં પ્રથમ પ્રયત્ને) ઉત્તીર્ણ થયા છે. અભિનંદન.

કાસવા (તા. કડી) ના વતની શ્રી ઇશ્વરભાઇ પુરુષોત્તમદાસ, કેમીકલ એન્જીનિયરીંગના વધુ અભ્યાસ માટે યુ. એસ. એ. ગયા છે. તેમનો વિદાય સમારંભ કડી સુધરાઈના પ્રમુખ શ્રી બાબુભાઇ ધનાભાઈના પ્રમુખપદે કાસવા મુકામે યોજવામાં આવ્યો હતો.

## સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો.

## સાપ્તાહિકનું લવાજમ પાંચ રૂપિયા મોકલી આપશો.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વે સ્ટેશન સામે-કડી

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૧૮-૧૨-૬૯ [ અંક ૧૩


## ૫૦ વર્ષને ઉંબરેથી

સર્વપ્રિય આ માતૃસંસ્થાને ૫૦ વર્ષ પૂરાં થયાં ને તેની 'સુવર્ણ જયંતી' ઉજવાય છે. તે પ્રસંગ કેટલા બધાના હૃદયને આનંદવિભોર બનાવી રહ્યો છે!

જનની–માતાનું પદ દુનિયાભરનાં અનેક જાજવલ્યમાન પદો કરતાં પુત્ર–પુત્રીને મન જેમ સદાય અદકું રહ્યું છે; તેમ આ વિદ્યા–દાતા સંસ્થાએ તેના વિદ્યાર્થીઓ – વિદ્યાર્થિનીઓનાં હૃદયમાં અનોખું સ્થાન પ્રાપ્ત કરેલું છે. માંધાતા બની ચૂકેલા પુત્ર–પુત્રી માતાની સાનિધ્યમાં આવે ત્યારે તેની તમામ મોટાઈ ઓગળીને માતાના ચરણમાં વહી જઈ તે માત્ર માતાના ખોળામાં ખેલતાં–ગેલતાં શિશુ જેવાં બની જાય છે; તેમ ગઈ કાલના કેટલા બધા વિદ્યાર્થીઓ, આજે તો પિતા ને દાદા બની ચૂકેલા અને પુત્ર–પુત્રીઓ ને પૌત્રો–પૌત્રીઓનો લાંબો કુટુમ્બ વિસ્તાર ધરાવતા, આ સંસ્થાનું નામ સાંભળતાં અને પ્રસંગે તેની ભૂમિ ઉપર પગ મૂકતાં બાળપણનો ભાવ અનુભવે છે અને તે બાળકોમાંના એક તરીકે પોતાને માણી રહે છે.

આ ભાવ અનુભવતાં હૃદયો ધરાવનારાઓ સર્વે ધન્યતાના અધિકારી છે. અને એવી હૃદયની કેળવણી જે ભૂમિ ઉપરથી પ્રાપ્ત થઈ તે યોજનાર અને આપનાર આચાર્યગણ, અધ્યાપકગણ, સંસ્થાપકગણ, સંચાલકગણ, સમાજ અને દાતાઓ પણ એ ધન્યતાના અધિકારી બન્યા છે. આવો સુમેળ અને સફળતા એ આપણી આ સર્વપ્રિય માતૃસંસ્થાની આગવી સિદ્ધિ છે.

આ જગતમાં માણસ જ્યારે આપતો હોય છે ત્યારે તે કંઈક પામતો જ હોય છે – લેતો હોય છે; તેમ જ જ્યારે તે લેતો હોય છે – પામતો હોય છે ત્યારે તે કંઇક ને કંઇક આપતો જ હોય છે. આ બાહ્ય–આંતર ક્રિયા આ સમાજ અને સૃષ્ટિની હયાતીનું અને શાશ્વતપણાનું રહસ્ય છે. આ સનાતન ક્રિયા આ સંસ્થાની ભૂમિ ઉપર સદૈવ ચરિતાર્થ થતી રહી છે. અને તેથી તે સદાય નવપલ્લવિત અને પ્રફુલ્લિત રહી છે. અને શાશ્વત પણ બની છે.

આ સંસ્થા પાસેથી વિદ્યાર્થીઓએ તો અમૂલ્ય ખજાનો મેળવ્યો છે, તેની સાથે સાથે સંસ્થાપકગણ, સંચાલકગણ, આચાર્યગણ, અધ્યાપકગણ, સમાજ અને દાતાઓ સુદ્ધાં સર્વેએ પણ ઘણુંઘણું મેળવ્યું છે.

આમ લેવું અને આપવું, આપવું અને લેવું એ આ જગતનો અતૂટ સનાતન નિયમ છે. તે બધે જ લાગુ પડે છે અને તેમાંથી કોઈ અલિપ્ત રહી શકતું નથી. આ ૫૦ વર્ષને ઉંબરે–સુવર્ણ જયંતી પ્રસંગે સંસ્થાને આપવાનો સમય આવ્યો છે. આ પ્રસંગ દેદિપ્યમાન બને એમ ચારે દિશાએથી સૌ મનભર આપે એ જ પ્રાર્થના.

**: : સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો : :**

## આપણા દાતાઓ

# શ્રી નાગરદાસ બહેચરદાસ પંચાલ

અમદાવાદ



શ્રી નાગરદાસ બહેચરદાસ પંચાલ 'પરમ શક્તિ' એન્જીનોના બનાવનાર તરીકે ગુજરાતભરમાં અને મહારાષ્ટ્ર, રાજસ્થાન મદ્રાસ વગેરે પ્રદેશોમાં પ્રખ્યાત થયેલા છે.

શાળાકીય શિક્ષણ નહિ જેવું હોવા છતાં હૈયાઉકલત, સ્વાશ્રય, કારીગરની કુશળ દૃષ્ટિ અને મજબૂત હૈયા અને હાથના સહારે તેમણે સફળતા મેળવી છે.

શ્રી નાગરદાસના પિતાશ્રી બેચરદાસ તેમના વતન ઊંટવા (તા. કડી) થી આવડત અને નશીબ અજમાવવા ૧૯૨૪ માં અમદાવાદ આવેલા ત્યારે શ્રી નાગરદાસની ઉંમર ૪ વર્ષની અને નાનાભાઇ શ્રી શંકરલાલની ઉંમર ૧ વર્ષની હતી. શ્રી બહેચરદાસ ધગશ અને મહત્વાકાંક્ષાવાળો જીવ હોવા છતાં સંજોગોએ યારી આપેલી નહિ.

કુટુંબની આર્થિક સ્થિતિ સારી નહિ હોવાથી બન્ને ભાઈઓએ અંગ્રેજી ત્રીજા ધોરણ સુધી અભ્યાસ કર્યો ન કર્યો ને આઠ આનાના રોજથી કારખાનાઓમાં કામ કરવાનું શરૂ કરવું પડેલું. જુદાં જુદાં કારખાનામાં કામ કરી હોંશિયારી અને કુશળતા પ્રાપ્ત કરી.

૧૯૪૩ માં ત્રણ ફૂટના નાનકડા લેથ ઉપર મીલના દાગીના બનાવવાનું સ્વતંત્ર કામ શરૂ કર્યું. ૧૯૪૫ માં એન્જીનનું રિપેરીંગ અને સ્પેરપાર્ટસ બનાવવાનું શરૂ કર્યું. નસીબે અને સ્વાશ્રયભરી કારીગરની આવડત અને કુશળતાએ તેમને સફળતાના માર્ગે ચઢાવી દીધા. ૧૯૫૧ માં પોતે એન્જીનો બનાવવાનું શરૂ કર્યું અને તેની દિનપ્રતિદિન પ્રગતિ થવા માંડી. તેઓ આજે મેસર્સ નાગરદાસ બહેચરદાસ એન્ડ બ્રધર્સ પ્રા. લિ. નામથી વરસે દહાડે ત્રણ હજાર એન્જીનો બનાવે છે અને આખા દેશમાં તેમના ૫૦ જેટલા ડીસ્ટ્રીબ્યુટરો પથરાયેલા છે. તેમના એન્જીનો અને બીજી બનાવટોની ખૂબ ખ્યાતી થયેલી છે. કારખાનું પણ અદ્યતન બનાવ્યું છે.

શ્રી નાગરદાસભાઇએ ઉદ્યોગની સાથે સાથે સમાજસેવા, કેળવણી અને બીજી ઘણી પ્રવૃત્તિઓમાં રસ લઇ ઉદાર હાથે સખાવતો કરી છે અને કરે છે. તેઓએ પંચાલ યુવક મંડળમાં વર્ષો સુધી મનેજીંગ કમીટી ઉપર રહીને સેવા આપી છે અને મનુપંચાલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ–કડીના વ્યવસ્થાપક મંડળમાં સભ્ય છે અને તેની પ્રવૃત્તિઓમાં રસ લે છે. આ મંડળ સંચાલિત જુનિયર ટેકનીકલ સ્કૂલના બે લાખની કિંમતના વર્કશોપના મકાનનું ખાતમુહૂર્ત તેમના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ મકાન લગભગ પૂરું થવા આવ્યું છે.

ધંધામાં અને અંગત જીવનમાં પ્રામાણિકતા, સચ્ચાઇ અને ઉદારતા એ એમના જીવન મંત્ર રહ્યા છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળને તેમના તરફથી રૂ. ૫૦૦૧) ની ઉદાર દેણગી મળી છે.

---



શ્રી નાગરદાસભાઈ પંચાલ જુનિયર ટેકનીકલ સ્કૂલની વર્કશોપના બે લાખની કિંમતના મકાનનું ખાતમુહૂર્ત કરી રહ્યા છે. (તા. ૨૭–૫–૬૭) આ મકાન પુરું થવા આવ્યું છે.
ઉભેલા : શ્રી ભાઈલાલભાઈ, શ્રી પુરુષોત્તમદાસ શ્રી ધરમસીભાઈ દેસાઇ (નડિયાદવાળા) તથા શ્રી છોટાલાલ પટેલ

# ઇષ્ટાપત્તિ

રણજીત પટેલ ( अनामी )

૧૯૩૧ કે ૧૯૩૨ ની સાલ હશે. બનતાં સુધી ૧૯૩૨ ની. વિદ્યાર્થી આશ્રમમાં અનેક હસ્તલિખિત માસિકો નીકળે. વિદ્યાર્થીઓનો અનેરો ઉત્સાહ અને એમાં અધ્યાપકોનું ગજબનું પ્રોત્સાહન. હસ્તલિખિત માસિકોમાં ઠીક ઠીક વૈવિધ્ય હોય. એક બીજાની વિશેષતા સિદ્ધ કરવા તન–તોડ અને મન–તોડ (!) પ્રયત્ન પણ થાય એમાં ઇર્ષ્યા–ભાવ રજ ન મળે, કેવળ તંદુરસ્ત હરીફાઇ.

હું પણ એક માસિકનો તંત્રી હતો. ' દીપક ' કે ' મધુકર ' એવું કૈંક નામ હતું. એમાં મેં એક પ્રકૃતિ–કાવ્ય લખેલું. એમાંની ચાર પંક્તિઓ આ પ્રમાણે હતી.

શીળો મીઠો અનિલ આમથી તેમ વાય,
જેથી જગે સકલને મૃદુ શાંતિ થાય.
જુઓ નભે વિહગ મુક્ત ઉડે સુહાય,
ને કાનને વન – પશુ સરમાં નહાય.

મારી કક્ષા જોતાં આ વર્ણન કાંઇ ખાસ ખરાબ તો નહોતું, પણ મારાથી એક વર્ષ આગળ ભણનારાઓમાં મારા કેટલાક પરમ મિત્રો અને સ્નેહી – સ્વજનો પણ હતા એમાંના કેટલાંક નામ આપું તો એક તો કંબોઇના ( હાલ નૈરોબીમાં પ્રેસ ચલાવે છે ) શ્રી મોતીભાઇ ચેલદાસ પટેલ, બીજા, લણવાના ( હાલ વિસનગરમાં ' નૂતન સર્વ વિદ્યાલય ' ના આચાર્ય ) શ્રી કલ્યાણભાઇ ગોપાળભાઇ પટેલ, ત્રીજા ભાવનગરના ( હાલ વડોદરામાં પ્રેસ ચલાવે છે ) શ્રી હિંમતભાઇ દેવજીભાઈ પટેલ અને ચોથા મારા વડીલ બંધુ શ્રી મણિભાઇ મોહનલાલ પટેલ ( હાલ ગવાડાની શેઠ સી. વી. વિદ્યાલયના આચાર્ય ) વગેરે હતા. શ્રી મોતીભાઇની તે વખતે ચુસ્ત આદર્શવાદી અને ધૂની વિદ્યાર્થીમાં ગણના થતી. કેટલાક એમને ' ગુરુજી ' કહી બોલાવતા. એમનામાં દલીલ કરવાની શક્તિ સારી પણ જક્કી ય તે એવા ! કલ્યાણભાઈ મરક મરક હસતા જાય ને ભાતભાતના મમરા મૂકતા જાય એ સમયે થોડાક ટીખળી પણ હશે ! હિંમતભાઇનાં ફોઇબાને નામ પાડવા માટે ધન્યવાદ આપવા ઘટે... અને મારા મોટાભાઇમાં મારા માટે પૂરો પ્રેમ પણ ટીખળે ચઢેલા સહાધ્યાયીઓને સાથ આપવામાં એમની મૂક સંમતિ ખરી.

એક દિવસે મોતીભાઈ, કલ્યાણભાઇ ને મણિભાઇએ મને ઠીક ઠીક પજવ્યો. એમની પજવવાની રીત પણ વિચિત્ર હતી. મારા પેલા પ્રકૃતિ–કાવ્યની પ્રથમ બે પંક્તિઓ શ્રી મોતીભાઈ ચીપી ચીપીને ગાય, કલ્યાણભાઈ હસતાં હસતાં એનો પાઠ કરે અને " શીળો મીઠો અનિલ **આમથી તેમ વાય** " એમાંના " **આમથી તેમ** " શબ્દો પર મણમણનો ભાર મૂકી, ડાબો હાથ ડાબી દિશામાં ને જમણો હાથ જમણી દિશામાં ફંગોળે અને ડોકું ધૂણાવીને ગાય અને પછી મણિભાઇને પૂછેઃ " મણિભાઇ ! અનિલ કેમ વાય ? " એટલે મણિભાઇ એમાં સૂર પૂરાવે : " આમથી તેમ વાય. "

મારા ગાંડા–ઘેલા બાલ–કાવ્યની, પ્રકૃતિ–કાવ્યની આવી વિડંબના થતી જોઇ મારો પિત્તો જાય પણ મારાથી બીજું શું થાય ? કેવળ આટલો જ જવાબ આપું. " કરો તમતમારે મશ્કરીઓ. જો જો, એક દિવસ હું જરૂર કાવ્યો લખવાનો. "

## 'મને સાંભરે રે'

મારા આ મિત્રોના પરિહાસમાં ઇર્ષ્યાનો કે કટુતાનો જરાય ડંખ નહોતો. એ બધા જ પોતપોતાની રીતે વિશિષ્ટ શક્તિ ધરાવતા હતા. એથી એ થોડાક સભાન પણ હતા, પણ મને પજવીને મારી સુપ્ત સર્ગ–શક્તિને એ પ્રજ્વલિત પણ કરતા હતા એ હું તે સમયે ક્યાં જાણતો હતો ? અને એ બધા પણ ! આજે વન–પ્રવેશ કરી ચૂકેલા અને મોટાભાગના ' દાદા ' બની ચૂકેલા એ બધામાંથી કેટલાકને મળીએ છીએ અને ભૂતકાળનાં સુખદદુઃખદ સંસ્મરણો સંકોરીસંકોરી, વાગોળીવાગોળી અરસપરસને પૂછીએ છીએ :

તને સાંભરે રે ?
અને જવાબ મળે છેઃ
મને કેમ વિસરે રે.

---

## શી ગતિ !

ગગન-ભાલે એક તારકઃ સૌમ્ય ધાર પ્રકાશની.
સુમન ખીલે કોક કાનનઃ હવા મન્દ સુવાસની.
સન્ત-કરુણા ક્યાંક પ્રગટેઃ દેશ- કાળ ન લેખતી.
પરમપ્રભુના પ્રેમ - પારાવારની તો શી ગતિ ?

' अनामी '

## વંશ

વાંસના અમથા તરાપે વિકટ ઉદધિ તરાય છે.
વાંસ- કટકે છેદ કરતાં રમ્ય સંગીત થાય છે.
વંશમાં એકાદ સપૂતે વિજય- ભેરી વાય છે.
બંસીધર કૃપા–કટાક્ષે કોટિ – બંધ કપાય છે.

' अनामी '

# ઉમંગ, ઉલ્લાસ અને જોશથી તમારે કામે મંડી પડો–
# ભવિષ્ય ઉજળું છે.

[આપણી શાળાના ભૂતપૂર્વ આચાર્ય સ્વ. બાપુભાઈ ગામી સને ૧૯૩૫ના વર્ષમાં જ્યારે તેઓ શ્રી અરવિંદ આશ્રમ, પોન્ડેચેરીમાં થોડા સમય માટે સાધક તરીકે રહેલા ત્યારે વિદ્યાર્થીઓને ઉદ્દેશીને લખેલો પત્ર અહીં પ્રગટ કરીએ છીએ. તેમાં જીવનનું ભાથુ બાંધવામાં ઉપયોગી પાયાની બાબતો સરળ રીતે સાદી ભાષામાં સચોટ રીતે રજુ થયેલી જોઈ શકાશે અને તે આજે પણ સૌ કોઇને પ્રેરણાદાયી બની રહેશે. —સંપાદકો]

અરવિન્દ આશ્રમ,<br>
પોન્ડેચેરી<br>
તા. ૧૯-૧૧-૩૫

પ્રિય વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ,

તમે બધાય વેકેશન ભોગવી પાછા આશ્રમમાં આવી ગયા હશો. અત્યારે હું તમારાથી લગભગ હજારેક માઇલ દૂર છું. છતાં મને લાગે છે કે જાણે હું તમારી વચ્ચે જ ફરી રહ્યો છું.

તમે ભૂગોળમાં શીખી ગયા છો કે મદ્રાસના કિનારાને બે ચોમાસાં હોય છે. બંગાળના ઉપસાગર ઉપર થઇને આવતા ઉત્તરના પવનો ભેજવાળી હવા લાવે છે અને પૂર્વઘાટ સાથે અથડાઈ વરસાદનું સ્વરૂપ લે છે (પોન્ડેચેરી મદ્રાસની દક્ષિણે–લગભગ ૧૨૫ માઇલ–આવેલું ફ્રેન્ચના તાબાનું બંદર છે.) અહીં બીજી વર્ષાઋતુ શરૂ થઈ ગઈ છે. વારેવારે વરસાદ આવ્યા કરે છે. અને જ્યારે વરસાદ ન હોય ત્યારે તાપ–આપણા વૈશાખ જેઠ જેવો–પડે છે. ખરી રીતે અહીં બે જ ઋતુઓ છે ઉનાળો અને ચોમાસુ. તમે જાણો છો કે જેમ જેમ દક્ષિણમાં જઇએ–વિષુવવૃત્ત સુધી–તેમ તેમ તાપ વધારે પડે છે. અહીં શિયાળો ફક્ત એક જ માસ અને તે પણ નહિ જેવો હોય છે. ત્યાં આપણે ઉત્તરધ્રુવ જેટલો ઊંચો જોઈ શકીએ છીએ તેટલો ઊંચો અહીં દેખાતો નથી. અહીં તે ઘણો જ નીચો લાગે છે. અને જો વિષુવવૃત્ત આગળ જઇએ તો તે સાવ સપાટીમાં જ દેખાય અને વિષુવવૃત્ત ઓળંગીએ તો તે ન દેખાય. આ બધું તમે ભૂગોળમાં શીખો છો. પણ ભૂગોળમાં શીખવું એ એક વાત છે અને પ્રત્યક્ષ અનુભવ કરવો એ બીજી વાત છે. અહીંની વસ્તી વગેરે સંબંધી બીજી હકિકત રૂબરૂમાં કહેવી ઠીક પડશે. એટલે આ સંબંધી તો આટલું જ કહીશ.

× × ×

તમને સાહસોની કથામાં કેટલો બધો આનંદ પડે છે? ઉત્તરધ્રુવની મુસાફરીઓ, પાતાળપ્રવેશની વાતો અને આકાશનું ઊંડાણ ભેદતાં વિમાનોની કથાઓમાં તમને કેટલો બધો રસ પડે છે? પણ જીવનનાં ઊંડાણોમાં અને ઊંચાણમાં જ્યારે ડૂબકીઓ મારવાનો સમય આવે છે, ત્યારે તો ભલભલાનાં



સ્વ. આચાર્ય બાપુભાઈ ગામી

ભેજાંઓ ઘડીભર ગેબ થઇ જાય એવાં કારમાં અને અદ્‌ભુત દૃશ્યો નજરે પડે છે. આજે તો આપણે બધાય જીવનની છીછરી સપાટી ઉપર જ છીએ. અને તેમાં જ બધું સમાઇ ગયું છે એમ માની બેઠા છીએ જીવનના અમાપ અને અફાટ પ્રદેશમાં એક નાનકડા ટુકડા ઉપર જ આપણી દૃષ્ટિ પડે છે. કોઇ કોઇ એ દૃષ્ટિને જરા વધારે વિસ્તૃત કરી તેને જ સર્વસ્વ માની બેસે છે. પણ જ્યાં જીવન–પ્રદેશના કરોડો થરો આવી રહેલા છે. ત્યાં એકાદ થરના અમુક ભાગને જોઇ આપણે રાચીએ અને તેને જ ઇતિ કર્તવ્ય માની બેસીએ એના જેવું દુઃખદ બીજું શું હોઇ શકે?...

આજે તો આપણે બીજાએ ઘડી રાખેલા વિચારોનાં બીબાંમાં જ આપણાં જીવનો ઢાળી દઇએ છીએ, અને ફેરફુંદડીની માફક એના એજ સ્થળે જરાપણ પ્રગતિ કર્યા સિવાય ફર્યા કરીએ છીએ. કેટલાક જે બીજાના વિચારોથી આડા ફંટાઇ સ્વતંત્ર વિચારકો થવાનો દાવો કરે છે તે પોતાના જુનાં ગંધાતા ખાબોચિયામાં જ ડુબકાં ખાધાં કરે છે. અને વિશ્વપ્રકાશના કિરણો તરફ પોતાની બુદ્ધિ અને હૃદયના દરવાજા

બંધ કરે છે. પરિણામે તેમને જીવનમાં કંઈપણ નવી તાજગી, નવી ચિનગારીઓ અને નવી પ્રેરણાઓ મળતી નથી. જ્યારે એક તરફ જ્ઞાનસૂર્ય અખંડ તપી રહ્યો છે અને પોતાનાં નૂતન બળપ્રેરક કિરણો ચોતરફ ફેંકી રહ્યો છે ત્યારે બીજી બાજુ માણસ પોતાની અંધારી બખોલોમાં સ્વ-અહંકારના નાનાશા ટમટમિયાં પ્રગટાવી માર્ગ કાઢવા પ્રયત્ન કરી રહ્યો છે. પ્રકાશ મેળવવાનો ખરો રસ્તો આ નથી. આ અંધારી બખોલોની ભીંતોને તોડી પાડી સાચાં જ્ઞાનપ્રકાશને આવવા દો. અને જુઓ, પછી જીવનમાં કેટલો તનમનાટ, ઉલ્લાસ અને આનંદના ફુવારાઓ ઉડે છે. જીવનવૃક્ષ કેવું ફૂલે છે અને ફાલે છે.

× × ×

આજે વિજ્ઞાનના જમાનામાં આપણે એક્સ કિરણોથી રોગો મટાડવાના પ્રયત્નો થતા જોઈએ છીએ. સૂર્યસ્નાનથી અનેક રોગો મટતા જોઈએ છીએ. આ શારીરિક વ્યાધિઓથી લાખો ઘણી ભયાનક વ્યાધિઓ આપણામાં પડી છે. તેને મટાડવા આપણે શું કરીએ છીએ? આપણે તો હજુ એ વ્યાધિઓને જાણતા પણ નથી. આ વ્યાધિઓ દૂર કરવાની પ્રચંડ શક્તિ આપણામાં ગુપ્તપણે પડેલી છે. તેને જાગ્રત કરવી એમાં જ મનુષ્યજીવનનું રહસ્ય છે; અને એમાં જ ખરો પુરુષાર્થ છે.

યાદ રાખજો કે પુસ્તકોમાં કંઈ પડયું નથી. જેમાંથી આ બધાંયે પુસ્તકો અને વાગ્ વ્યવહાર ઉત્પન્ન થયાં છે તેની શોધમાં જ ખરી વિદ્યા રહેલી છે. એકવાર એ વડી ચાવી– Master Key-તમારા હાથમાં આવી તો આખી લાયબ્રેરીની લાયબ્રેરીઓ ભરી કાઢો એટલો જ્ઞાનભંડાર તમે ખોલી શકશો એ પાતાળગંગા જ્યાં સુધી ફૂટી નથી ત્યાં સુધી ટાંકીઓ ભર્યા જ કરીશું. પણ આપણી તરસ છીપવાની નથી. એકવાર એ પાતાળગંગા ફૂટે તો જીવનની ઠેક ઉપરની સપાટી ઉપર એ પાણીના ફુવારાઓ ઉડયા કરશે અને આખાય જીવનને રસમય કરી મૂકશે– આનાથી ઓછી વસ્તુઓથી ચલાવી લેવામાં ભીરુતા છે, કાયરતા છે.

અને જીવનશક્તિને આપણે હજુ ક્યાં પીછાની છે. નમાલી અને હાય હાયની વાતોથી જ આપણું જીવન આપણે ભરી નાખીએ છીએ. દુનિયામાં ખાવાનું કોને નથી મળતું? શું ભણતર ખાવા જ માટે છે? શું વિદ્યાર્થીજીવન આવી હાયવરાળમાં જ કાઢવાનું છે? ના, વિદ્યાર્થીજીવન એ તો જિંદગીની ઈમારતનો પાયો છે. વિદ્યાર્થીજીવનમાં તો સ્વરાટ્–પોતાના રાજા બનવાની શકિત મેળવવાની છે. અને આ શકિત પુસ્તકોમાંથી આવશે એમ રખે માનતા–જીવનમાં–તમારી અંદર ડુબકીઓ મારો, ત્યાં લડાઈ જગાઓ અને વીર યોદ્ધાની માફક સમરાંગણમાં ઝૂઝો. અંદર છૂપાઈ રહેલા શત્રુઓને મારી હઠાવો. અને એ રીતે તમારા શરીરને વજ્ર જેવું બનાવો; તમારી બુદ્ધિને તલવારની તીક્ષ્ણ ધાર જેવી ઘડો. તમારી ભાવનાઓને વિશાળ મહાસાગર જેવી વિશાળ અને ઊંડી બનાવો – એટલે પછી આખુંયે જગત જીતવું એ તો રમતવાત છે. પછી બિચારી પરીક્ષાઓનો તો શો હિસાબ છે? સરસ્વતીદેવી તમારી જીભે વસશે અને ગણપતિ તમારી કલમમાં આવી બેસશે. પણ સ્વરાટ્ બનવું એ પ્રથમ શરત. અને પછી સમ્રાટ થતા તમને કોણ રોકે તેમ છે? આ મોટું જણાતું જગત તમે હથેળીમાં લઈ ફરશો – એક નેપોલિયને આખાય યુરોપને થથરાવી મૂક્યું – એક હિટલરે જર્મનીને યુરોપમાં ટટ્ટાર બની ફરતું કર્યું. અને એક મુસોલિની રોમન સામ્રાજ્યની ભૂતની જાહોજલાલીના સ્વપ્નોને ખરાં કરવાં આખાય યુરોપને ચાકે ચઢાવી રહ્યો છે.......

'જ્ઞાનમાં શક્તિ છે. – એ જ્ઞાન તે પુસ્તકો વાંચીને પોપટની માફક મોઢે કરેલું જ્ઞાન નહિ પણ જે જ્ઞાનસાગરમાંથી બુદ્ધિ એક ચાંચ બોળી ચમકારા મારી રહી છે, જેના અગાધ ભંડારમાંથી હૃદય એક ટીપુ લઈ ઓઘોઘોઘો કરી રહ્યું છે તે જ્ઞાન – તેવા જ્ઞાનની શોધ કરો. તેમાંથી શક્તિના ફુવારાઓ ઉડશે અને જીવનને પ્રફુલ્લિત કરી મૂકશે.

... ... ... ... ... ...

આમ લખવા બેસું તો પાર જ ન આવે વિદ્યા પ્રાપ્ત કરવી એટલે ઊંચે, ઊંડે અને ચોપાસ જોવું – બહાર જોવું અને અંદર જોવું – ચર્મચક્ષુથી જોવું અને જ્ઞાનચક્ષુથી જોવું. બાહ્ય મનથી જોવું અને આંતર્મનથી જોવું. કેવળ સપાટી ઉપર ન રમો. ઊંડે ઉતરો તો જ રત્નાકરમાંથી રત્નો મળે. નહિ તો મગર અને કાચબાનાં બિહામણાં દૃશ્યો જોઈ હૃદયમાં બળતરા જ થયા કરે – ઊંડે જાવ તો હીરામાણેકની ખાણો મળે નહિ તો ઢેફાં અને પથરા ઉપાડ્યા જ કરો. ઊંડે જાવ તો પાતાળગંગાના પાણી મળે, નહિ તો ખારી વીરડીઓના પાણી પી પી જીવનને ખારું જ બનાવવાનું રહે – ઉમંગ, ઉલ્લાસ અને જોસથી તમારા કામે મંડી પડો – ભવિષ્ય ઉજળું છે......

આવતા શનિવારે હું ત્યાં આવીશ.

એજ. બાપુભાઈ

---

## : સમાચાર :

### શ્રી ભાનુભાઈ પટેલ M. B. B. S. ડૉકટર થયા

કડી સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી ભાનુભાઈ ગિરધરલાલ પટેલ ૨૧ વર્ષની નાની વયમાં સર્જરીમાં ડીસ્ટીંગશન સાથે ચાલુ સાલે M. B. B. S. માં ફર્સ્ટ કલાસમાં પાસ થયા છે. એમના અભ્યાસ દરમ્યાન બધીએ પરીક્ષાઓમાં ફર્સ્ટ કલાસમાં પાસ થયેલા છે.

શ્રી ભાનુભાઈ ડૉ. ગિરધરલાલ પટેલ (મહેસાણા) ના સુપુત્ર છે. ડૉ. ગિરધરલાલ પણ આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.

## "રે માનવ" — ભગવત સુથાર

રે માનવ !
રે બાંધવ !
તું જ છે ઇશુ, કૃષ્ણ, ગાંધી, બુદ્ધ,
પ્રબુદ્ધ છે તું નિજ હૈયાની રાગિણીથી શુદ્ધ.
એક નયન તુજ અગ્નિસમ,
એક નયન તુજ સ્નેહમય.
એક હસ્ત તવ આશિષધનજીવનસ્નેહદાતા,
એક હસ્ત તવ જુલમવિદ્રોહમૃત્યુદાતા.
રે માનવ,
તું પાંડવ !
તું કૌરવ !
તું કેશવ !
તું જ છે સ્વાતંત્ર્યપ્રેમી.
તું જ છે સ્વાતંત્ર્યઘાતી !
તું જ છે પાષાણસમ કઠોર.
તું જ છે કુસુમસમ નાજુક.
તું જ છે સંસ્કૃતિવિધાતા.
તું જ છે સંસ્કૃતિવિઘાતક !
રે માનવ !
સૌમ્ય,
કરાલ ! કોમલ !!
રે માનવ !
વિશ્વઅણુ,
વિશ્વવિદ્યુતજ્યોતરેખા !
રે કીર્તિવંત ! કીર્તિનાશક !
રે પરમાર્થી ! રે પરહિતશત્રુ !
રે માનવ !
ન શું નારાયણ તું ?
ન શું દાનવ તું ?

---

## તારી દૃષ્ટિ

પ્રભો ! તારી દૃષ્ટિ સહજ કરડી થાય ત્યહીં તો
ધરા, આભે ઓકે અગન ધખતાં શુષ્ક સહરા.
કટાક્ષે કારણ્યે 'જીવન' ઉભરે, મેઘ ઉલટે
દયાના, રં થંભો ! વસુ થકી વસુધા છલકતી !

'अनामी'

## ખાલી ચોકઠું — ઉપેન્દ્ર રાવળ

એ ફરી પોતાની બારીમાંથી ધૂમિલ વાતાવરણને ભેદીને દૂર થતી ઝાંખી હલચલને જોઇ રહ્યો. દૂર પેલો વૃદ્ધ, મજૂરોને લારીમાં સામાન ગોઠવવાની સૂચનાઓ આપતો હતો.

...દરરોજ એ પેલા વૃદ્ધને સામે આવેલા મકાનની બાલ્કનીમાં બેઠેલો જોતો... સવારે છાપું વાંચતો હોય... બપોરે બાલ્કનીમાં પલંગ ઢાળી સૂતો હોય... સાંજથી એની ખાંસી વધુ જોર પકડતી... રાત આખી એ ખાંસ્યા કરતો... 'દમનો દર્દી હોવો જોઇએ...' એને કારણે તો ઘણીવાર પોતાની ઊંઘમાં ખલેલ પડતી... 'ઘણીવાર ઊઠીને એનું ગળું દબાવી દેવાનું મન થતું...' ...

લારીમાં સામાન ગોઠવાઈ ગયો. પેલો વૃદ્ધ ઘરમાંથી કંઇક લઇ આવ્યો. લારીમાં મૂકયું. 'શું હશે ?!' એણે આતુરતાથી ઝીણી આંખ કરી જોયું. કંઈ દેખાયું નહીં. સામાન બંધાઇ ગયો. વૃદ્ધે લાકડીથી ચાલવાનો ઈશારો કર્યો. 'કદાચ એ જતાં જતાં એકવાર આ બારી તરફ જોશે ! ... કદાચ... ન પણ જુએ...' એક ક્ષણ એ જોઇ રહ્યો. પછી ઝડપથી એણે બારી બંધ કરી દીધી... તિરાડમાંથી જોવાનો પ્રયત્ન કર્યો. પણ વ્યર્થ ... એણે ઝડપથી પેલી બારી ખોલી નાખી. રસ્તો થોડું આગળ જઇને વંકાઇ ગયો હતો. એ બબડ્યો.' કદાચ એણે પાછું વળી જોયું હશે ! કદાચ ન પણ જોયું હોય !!...'

ખુલ્લી બારીમાંથી પેલું ધૂમિલ વાતાવરણ ઘરમાં ભરાઇ ગયું. એકાંત ઘરની દીવાલ ઉપર બારીનું ખાલી ચોકઠું અંકાઇ રહ્યું. ■

## વડલો — રૉય

વડલો
વ્હાલસોયો વૃદ્ધ જાણે !
સ્નેહ નીતરતી આંખે
સૂર્યના પ્રખર શરોથી વીંધાયેલાં
ત્રસ્ત, તપ્ત, વિકલ પ્રાણીઓને
મીઠું હસી આવકાર દેતો,
આશ્રય આપતો.
દાઢી પકડીને ઝુલતાં
અંગ પર ચઢી જતાં બાળકોને જોઇને
ખડખડ હસતો.
વટેમાર્ગુઓનો શાંતિદાતા,
પશુપંખીઓનો આશ્રયદાતા;
બાળકોના દાદાજી જેવો
વડલો,
વિષ પી સુધા વરસાવતો.
ખુદ દુઃખ વેઠી સૌને રીઝવતો.

## આપણા દાતાઓ

# શ્રી બેચરભાઈ હરગોવિંદદાસ પટેલ

લોખંડ બજાર, અમદાવાદ



ગુજરાતભરમાં શ્રી બેચરભાઇ હરગોવિંદદાસ પટેલનું નામ જાણીતું છે. એમની લોખંડની પેઢી અમદાવાદ લોખંડબજારમાં ત્રીસ વર્ષથી છે અને એ પેઢી ખૂબ જાણીતી છે.

ગુજરાતી છ ચોપડીઓનો અભ્યાસ પોતાના વતન પુંધરામાં કરી અમદાવાદમાં ૩૫ વર્ષ ઉપર આવ્યા અને એક લોખંડના વેપારીને ત્યાં વગર પગારે નોકરી રહ્યા.

એમની પ્રમાણિકતા અને કુનેહના કારણે બે વરસમાં તેઓ આ પેઢીના ભાગીદાર બન્યા. આ પછી લોખંડ બજારમાં પોતાની આગવી પેઢી–લોખંડ અને હાર્ડવેરની ત્રીસેક વર્ષ ઉપર શરૂ કરી. ઇશ્વરે એમને ધંધામાં યારી આપી અને સુખી કર્યા.

૧૯૫૭ માં માણસા મતદાર મંડળમાંથી શ્રી માનસિંહભાઇ પટેલને હરાવી મુંબાઇ વિધાનસભામાં ચૂંટાયા.

એમની સજ્જનતા અને ઉદારતા માટે એ જાણીતા છે.

પુંધરા હાઇસ્કૂમાં રૂ. ૬૦૦૦) અને પુંધરામાં વોટરવર્કસ માટે રૂ. ૪૦૦૦) નાં દાન આપ્યાં છે અને એ સિવાય નાના મોટાં દાન આપ્યાં છે.

અમદાવાદમાં કન્યા કેળવણી મંડળ સ્થાપવામાં આવેલું છે. તેની તરફથી અત્યારે કન્યા છાત્રાલય નવરંગપુરામાં ચલાવે છે. છાત્રાલયનું મકાન બાંધવા સારા લત્તામાં જમીન જોઈતી હતી. શ્રી બેચરભાઇએ આ કન્યા છાત્રાલય બાંધવા રૂપિયા એક લાખની કિંમતની જમીન કન્યા કેળવણી મંડળને આપી છે.

તેઓ અમદાવાદ મર્કેન્ટાઇલ બેંક લી. ના ડાયરેક્ટર, આયર્ન રજીસ્ટર્ડ સ્ટોક હોલ્ડર એસોસીએશન લી. ના ડાયરેક્ટર તથા લોખંડ મહાજનના ઉપપ્રમુખ અને માનવ સેવા ટ્રસ્ટ તથા કન્યા કેળવણી મંડળના ટ્રસ્ટી છે.

તેમને એમના જ જેવા ગુણીયલ શ્રી સતીષભાઇ તથા શ્રી નટવરભાઇ એમ બે દિકરા છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળને રૂ. ૨૫૦) ની ઉદાર દેણગી આપી છે.

---

ગુજરાતની અગ્રગણ્ય અને આપણી સૌની પ્રિય માતૃસંસ્થા

## સુવર્ણજયંતી

પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ સર્વે ભાઈ–બેનો પાસે

## અપેક્ષા રાખે છે:

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.

(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.

(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.

(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. 'સુવર્ણ જયંતી' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.

(૬) 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

---

ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.

આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

---

:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::

## સુવર્ણ જયંતી ફાળામાં
### નીચેની નવીન રકમો લખાઇ છે.
### દાતાઓનો હર્દિક આભાર માનવામાં આવે છે.

૨૫૭૮૬) આગળનો સરવાળો અંક ૧૨ માંથી.
૧૫૦૧) મેસર્સ પોપટલાલ એન્ડ જીવાભાઇની કું.
સ્ટેશનરોડ, કલોલ.
૧૦૦૧) શ્રી કાન્તીલાલ કેશવલાલની કું-
સ્ટેશનરોડ, કલોલ.
* ૭૫૧) શ્રી બાબુલાલ એન્ડ કાળીદાસની કું.
સ્ટેશનરોડ, કલોલ.
૭૫૧) શ્રી છબીલભાઇ કરશનદાસ એન્ડ કું.
સ્ટેશન રોડ, કલોલ.
૩૦૧) શ્રી શંકરભાઇ રણછોડદાસ પટેલ.
(મોરવાવાળા) ભાઉપુરા–કડી.
૨૫૧) શ્રી મનોહરસિંહ દોલતસિંહ જાડેજા.
મુ. ઇરાણા, તા. કડી.
* ૨૫૧) શ્રી બળદેવભાઇ ડોસાભાઇ ટ્રસ્ટ.
હા. શ્રી બળદેવભાઇ ડોસાભાઈ
ચોખાબજાર, અમદાવાદ.
૨૫૧) શ્રી શિરીષકુમાર માધવલાલ
હા. માધવલાલ પ્રભુદાસ પટેલ.
વિદ્યાર્થી આશ્રમ,–કડી.
* ૨૫૧) શ્રી ડૉ. ગિરધરભાઇ ગોકળદાસ પટેલ
પીલાજી ગંજ, મહેસાણા.

૩૧૦૯૫)

* વસુલ આવી ગયા છે.

---

ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ક્રોસ ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.

---

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.

૧૨૫૧) શ્રી ખોડાભાઈ શીવાભાઇ પટેલ (વકીલ)
૧૭/ મહેસાણા કો. હા. સોસાયટી,
ચિનાઇબાગ, નવા વાડજ રોડ અમદાવાદ–૧૩

# સંસ્થા સમાચાર

સાયન્સ કૉલેજ ગવર્નીંગ બૉડી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વ્યવસ્થાપક મંડળની સભાઓ તા. ૧૪-૧૨-૬૯ ના રોજ મળી.

સુવર્ણ જયંતી ફાળા અને ઉજવણી અંગે વિચારણા કરવામાં આવી. આ પ્રસંગે 'સુવર્ણ જયંતી – ગ્રંથ' પ્રસિદ્ધ કરવાનું અને ભૂતપૂર્વ તથા ચાલુ વિદ્યાર્થીઓનું સંમેલન બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું. ફાળાના કામની ઝડપ વધારવાનું પણ વિચારવામાં આવ્યું.

સાયન્સ કૉલેજ હોસ્ટેલનું મકાન જેનું બાંધકામ ચાલી રહ્યું છે તે સભાસદોએ જોયું. હોસ્ટેલનું કામ બે એક માસમાં પુરું થઈ જશે. હોસ્ટેલના મકાનનું એસ્ટીમેટ દોઢ લાખ રૂપિયા છે. તેની સાથેના ગૃહપતિના રહેઠાણ અને રસોડાના બ્લોકનું કામકાજ આ મહિનામાં શરૂ થઇ જશે. તેનું એસ્ટીમેટ અનુક્રમે ૩૪ હજાર અને ૧૬ હજાર છે. ઉપરાંત ફરનીચર અને કન્ટીજન્ટ માટે પંદર હજારનો અંદાજ છે.

જુનિયર ટેકનીકલ સ્કૂલની ગવર્નીંગ બૉડીની સભા તથા બીલ્ડીંગ કમિટિ અને ઈક્વીપમેન્ટ કમીટીની સભાઓ તા. ૧૫–૧૨–૬૯ ના રોજ મળી.

જુ. ટેકનીકલ સ્કૂલ અંગેનાં શાળા, છાત્રાલય અને અને વર્કશોપનાં મકાનોના બાંધકામનું નિરીક્ષણ કરવામાં આવ્યું. સાત લાખની કિંમતનાં આ મકાનો થોડા સમયમાં પૂરાં થઇ જશે.

ગવર્નીંગ બૉડીએ જુ. ટેકનીકલ સ્કૂલની નવીન યોજના સંબંધી વિચાર્યું.

શ્રી ક. પા. કે. ઉ. મંડળની વ્યવસ્થાપક મંડળની સભા તા. ૧૪–૧૨–૬૯ ના રોજ મળી હતી.

---

## સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો.

---

## સાપ્તાહિકનું લવાજમ પાંચ રૂપિયા મોકલી આપશો.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી : તા. ૧૮–૧૨–૬૯

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૨૫-૧૨-૬૯ [ અંક ૧૪


## સમયની ખેતી

મોહનભાઈ

**સમયની** મહત્તા વિષે સાચા સ્વરૂપમાં બહુ ઓછા માણસો વિચાર કરે છે. 'સમય નથી', 'સમયની ખેંચ છે' એવી બૂમો સૌ મારે છે. પણ સમયના ઉપયોગ વિષે ગંભીરતાપૂર્વક વિચાર કરવા બહુ ઓછા માણસો થોભે છે. આજના સંકુલ જીવનમાં સમયની ભારે હાડમારી છે એ સાચું; વળી દિનપ્રતિદિન ઔપચારિક વ્યવહાર અને પ્રવૃત્તિઓ વધતાં એની સાથે જોડાયેલો સમયનો વ્યર્થ વ્યય પણ ખૂબ થાય છે. સમારંભો, મેળાવડાઓ, અધિવેશનો, મેળાઓ, ઉત્સવો... આવા પ્રસંગોએ ઉડાઉપણે બગડતા માનવીના સમયનો ગંભીરતાપૂર્વક બહુ ઓછા માનવીઓ વિચારે છે કેટલાક સમારંભોમાં તો લગ્ન કે મરણ વખતના વિધિ જેવો જ જડ વિધિ સ્થાપિત થયો છે. ત્રાસદાયક પણ એટલો જ. અને એમાંય એકની એક વાતને ઘોષિત કરતાં પેલાં પ્રાસંગિક પ્રવચનો...!! ...આ બધુંય અનિવાર્ય.

...છતાં માની લઈએ કે આ જમાનામાં આ બધું જ અનિવાર્ય છે. પેલા જૂનવાણી લોકો રુઢિગત કર્મકાંડમાંથી છૂટી શક્યા નહોતા. એમને છૂટવું હતું તોપણ શક્ય નહોતું. જકડાઈ ગયા હતા. આપણેય જકડાયા છીએ આ સમારંભો અને મેળાવડાઓમાં. સમય ઘણો વપરાય છે. પ્રવૃત્તિઓ ઘણી છે. તો ? એના ઉપર ગંભીરતાપૂર્વક વિચાર કરવો ઘટે. આપણે ખેતી ઉત્પાદન તરફ જે સંદર્ભમાં લક્ષ્ય આપ્યું તેવું જ આમાં પણ કરવું જરૂરી છે. દેશમાં વસ્તી વધારો થતો રહ્યો જમીન એની એ રહી. આપણે વિચાર કરતા થયાઃ ખેતી ધ્યાનપૂર્વક કરો. ઉત્પાદન વધારો. ખાતરનો ઉપયોગ કરો. જમીન કેળવો. બિયારણ સુધારો....અને એકજ એકરમાંથી બમણું, ચારગણું ઉત્પાદન લો...એ વિના કોઈ આરો નથી.

સમયની બાબતમાં પણ આ જ વાત મહત્વની છે. આપણી પાસે જે સમય હોય એનો પૂરેપૂરો ઉપયોગ કરી લો. એટલા જ સમયમાં બમણું કામ કરી લો, ત્રણગણું ચારગણું...

કાર્યની ઝડપ વધારો.

સૂઝ, કાર્યની સૂઝ વગર ઝડપ ન આવે.

રસ વિના સૂઝ ન આવે

મનગમતું કાર્ય ન મળે ત્યાં સુધી રસ ન કેળવાય.

મનગમતું કાર્ય ન મળે ત્યાં સુધી એમાં પડવું જ નહીં.

અહીં જ ભારત માટેનો પ્રાણપ્રશ્ન છે. પંચાણું ટકા માનવીઓ રસ વિનાનું કાર્ય હાથમાં લે છે – એમને લેવું પડે છે. આથી જ ચારે તરફ વેઠ, અપ્રામાણિકતા અને કામચોરી જોવા મળે છે. દેશનું નાવ ખરાબે ચઢ્યું છે.

દરેકને મનગમતું કામ મળી રહે એ સ્થિતિ હમણાં – નજીકના ભવિષ્યમાં સ્થપાય એવું તો કંઈ જણાતું નથી. એ સ્થપાય ત્યાં સુધી તો દરેક માનવીએ પોતે હાથમાં લીધેલા કાર્યમાં મન પરોવીને રસ ઉત્પન્ન કરવો એ પ્રથમ ફરજ ગણવી જોઈએ.

...અને પોતાને જે સમય મળે એમાં પોતાના કાર્ય – ધંધાની ઝીણામાં ઝીણી વાકેફગારી મેળવી લેવી જોઈએ. એક વખત 'પરાયા' ગણેલા ધંધાનો થોડો કસબ પણ હાથ લાગી જાય તો એમાં રસ અને ઉત્સાહ બંને વધવાનાં અને પછી સમયને પૂરેપૂરો નીચોવીને વાપરી લેવાની હોંશ જરૂર પ્રાપ્ત થવાની.

# આત્મલક્ષી આદર્શવાદી

રણજીત પટેલ (अनामी)

એક સુંદર વન હતું. એમાં જાતજાતનાં ને ભાતભાતનાં વૃક્ષ- વેલીઓ હતાં. રાની વનપશુ અને કોમલ પંખીઓ હતાં.

એક પુષ્પિત વૃક્ષને ડાળે એક દિવસ એક સુવર્ણ–પંખી બેસીને મીઠા રાગે ગીત ગાતું હતું. વનનાં વૃક્ષો અને વિહંગો એનાં શ્રોતા હતાં. આત્મ- મુગ્ધ તે સુવર્ણ-પંખી કેવળ આત્મ-સુખાય ગીતની ધારા રેલાવી રહ્યું હતું. તે આત્મ–મસ્ત હતું.

પાસેની ઝાડીમાંથી એક રાની બિલાડો નીકળ્યો. એને ડીલે ચટાપટા હતા. એની પીળચટ્ટી આંખોમાંથી હિંસા ટપકતી હતી. ખુલ્લામાં બહાર આવી એણે આકાશ સામે ઊંચું મુખ કરી એક લાંબુ બગાસું ખાધું. વૃક્ષની ડાળે પેલું સુવર્ણ- પંખી દેખતાં એનું બગાસું બગડી ગયું !

રાની બિલાડાને જોતાં સુવર્ણ- પંખીને ભય અને આશ્ચર્યની લાગણી થઇ. એને મનમાં થયું : "સારું છે કે પશુઓને પાંખો નથી." આવા વિચાર સાથે તે આંખો પટપટાવવા અને પાંખો ફફડાવવા લાગ્યું.

આંખો પટપટાવતાં એના તરંગી મનમાં એક તુક્કો સૂઝ્યો. ક્ષણભર આંખો બંધ કરી તો રાની બિલાડાનું અસ્તિત્વ જ ન મળે. ફરી પાછી આંખો ખોલે તો રાની બિલાડાનું સો ટકા અસ્તિત્વ વરતાય. પોતાના અસ્તિત્વની વાસ્તવિકતા જેવું જ. ઘડીભર એણે આંખો ઉઘાડ-મીંચ કર્યા કરી અને એના ચિત્તમાં દૃઢ પ્રતીતિ થઈ ગઇ કે: "આ રાની બિલાડાની અસ્તિ- નાસ્તિ મારા મનની મુનસફી પ્રમાણે જ નક્કી થાય છે"

સુવર્ણ- પંખીએ એના એ એક-પક્ષી આત્મ-મુગ્ધ રમત ચાલુ રાખી. ઘડીભર આંખો બંધ કરે એટલે રાની બિલાડો અલોપ. ઘડી પછી આંખો ખોલે એટલે રાની બિલાડો ભય-મૂર્તિ જેવો પ્રત્યક્ષ.

આંખોની આ ઉઘાડ-મીંચ અને બિલાડાના અસ્તિત્વ-નાસ્તિત્વની કુતૂહલભરી આ રમત ઠીક ઠીક ચાલી. એ રમત દરમિયાન સુવર્ણ- પંખીની આંખો વધુ સમય માટે મીંચાઇ ગઇ અને રાની બિલાડાએ મૃત્યુ-વેગે તરાપ મારી સુવર્ણ-પંખીનું અસ્તિત્વ નામ-શેષ કરી દીધું !

તરવત : આમ તો આ એક 'ફેબલ'જ છે. પણ એમાં આત્મલક્ષી, આત્મરત આદર્શવાદીઓ માટે મોટો પદાર્થ પાઠ રહેલો છે

જમાનાની આ તેજ રફતારમાં, કાળના કડછા નીચે, અનેક પ્રસ્થાપિત મૂલ્યો, ઉપર-તળે થઈ રહ્યાં છે. હજાર વર્ષનું ઇતિહાસનું નાટક છેલ્લા સો વર્ષમાં ભજવાઇ ગયું છે અને છેલ્લા સૈકાનું નાટક છેલ્લા દાયકામાં ભજવાઇ ગયું છે. આપણાં પ્ર-રક્ષક રુઢિતંત્રો અને રુચિ-તંત્રોમાં આમૂલ પરિવર્તન આવતું જાય છે. ક્ષિતિજો દિનપ્રતિદિન વિસ્તરતી જાય છે. હ્રસ્વમાંથી ભૂમા બન્યા સિવાય કોઇને ય ચાલવાનું નથી. જીવનના કોઈ-પણ ક્ષેત્રમાં શાહમૃગી-નીતિ ચાલવાની નથી. નક્કર વાસ્તવિકતાના પડકારનો મર્દ પ્રતિકાર કર્યા વિના આપણો આરો કે ઉગારો નથી જ નથી. આત્મ-રત આદર્શવાદની ભીંતો દોદળી બને તે પહેલાં પરલક્ષી, જગલ્લક્ષી, વિશ્વ-લક્ષી વાસ્તવિકતાનો ઉઘાડો મુકાબલો કર્યા સિવાય સનાતન (!) મૂલ્યોની રક્ષાને નવીન મૂલ્યોની પ્રસ્થાપના શક્ય નથી. વિકસતા વિશ્વ સાથે આપણે વિકસવું જ પડશે. અતંદ્ર જાગ્રતિપૂર્વક; બાકી આંખની ઉઘાડ-મીંચ રમતે, રાની બિલાડાનું અસ્તિત્વ–નાસ્તિત્વ નક્કી કરતા આત્મરત સુવર્ણ પંખીની જેમ આપણું ભાવિ પણ નિશ્ચિત જ છે.

# परोपकाराय सतां विभूतयः।

રૉય

'લોકો જો પોતાની દ્રષ્ટિ ત્યજીને બીજાની દ્રષ્ટિથી જોતાં શીખે તો અડધું જગત શાંત થઇ જાય' ધૂમકેતુનું આ વાક્ય ઘણુંબધું કહી જાય છે. પોતાની જેમ બીજાને સુખી જોનારાં કેટલાં ? પોતાના સમય, પૈસા તથા જાતને બીજાની સેવામાં આપવાની કેટલી બધી જરૂર છે; એ ભાગ્યે જ થોડા લોકો સમજે છે. परोपकाराय सतां विभूतयः। સજ્જનો પરોપકારાર્થે જીવન વીતાવે છે. આજે એ રીતે જીવન વીતાવનારા કે પરોપકારને વ્યવહારમાં મૂકનારા કેટલા ? પૈસાદાર કહેવડાવવું અને કેવળ ધન એકઠું કરવા પાછળ જ સમગ્ર જીવન વ્યતીત કરવું એમાં જ શું સુખની ઇતિશ્રી આવી ગઈ ! 'ધનવાન એટલે સુખી' એ વ્યાખ્યા કેટલી ભ્રામક અને અધૂરી છે ? ધન મેળવી ધનવાન થવું, પણ એમાં દાનનો સહયોગ ન હોય તો એ ધન શા કામનું ? એ ધનવાનપણું પણ શા કામનું !

શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં આપણે પ્રથમ શ્વાસ લઇને શ્વાસ બહાર કાઢીએ છીએ શ્વાસ બહાર કાઢ્યા સિવાય નવીન શ્વાસ લેવો કઠીન છે, અશક્ય છે. આ રીતે જો કેવળ સંગ્રહ કરવાની જ વૃત્તિ રાખીશું તો અલબત્ત ધનમાં ઉમેરો થતો જશે પણ સાથેસાથે કૃપણતા ભારોભાર વધતી જશે. આપણું સમગ્ર ધ્યાન એ દિશામાં જ કેન્દ્રિત થશે. એથી લોભ, લાલચ, હીનતા, સ્વાર્થ, દ્વેષ, શઠતા વગેરે દુર્ગુણોનું બાહુલ્ય થશે. સ્વસ્થ અને પરોપકારી વિચારોના અભાવમાં વ્યક્તિત્વનો અને પ્રતિષ્ઠાનો હ્રાસ થશે. કૃપણતાની છાપ ઉપસતાં સમાજમાં કંઇક અંશે તિરસ્કૃત થવું પડશે પ્રતિભા જોખમાશે.

વળી ધન એ અસ્થાઈ છે. ચંચળ છે. એને તો શાકભાજીની માફક તરત જ ઉપયોગમાં લેવાય એ જ હિતાવહ નહિતર બીજે દિવસે બગડી, કહોવાઇ જશે. માટે જે છૂટા હાથે ખર્ચી શકે છે તે જ એના પ્રવાહને પોતાના તરફ અવિરત વહેતો રાખી શકે છે. દાન દ્વારા ખર્ચાયેલું ધન એ યશ અપાવે છે. પ્રતિષ્ઠા વધારે છે.

# 'મને સાંભરે રે'

મારા પિતા મને ગુજરાતી શાળામાં શિક્ષક બનાવવા માગતા હતા ને મારા ગામ મોકાસણમાં વધુ અભ્યાસની સવલત ન હતી તેથી ગુજરાતી શાળાના મારા ગુરુ શ્રી મફતલાલ રણછોડલાલ દવેસાહેબની સલાહ લઈ સને ૧૯૩૫-૩૬ માં કડી વિદ્યાર્થી આશ્રમમાં દાખલ થયો. સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં તથા આશ્રમમાં તે વખતે સંખ્યા ઓછી પરંતુ આચાર્ય શ્રી બાપુભાઈ ગામીસાહેબ, શ્રી પોપટભાઈ સાહેબ, શ્રી છગનભાઈ સાહેબ, વગેરેની કાળજીભરી હૂંફને કારણે વાતાવરણ ઘણું ચોખ્ખું અને શિસ્તમય હતું. અમારા અભ્યાસ માટે તેમને જેટલી ચીવટ હતી તેટલી અમને ન હતી એમ કહું તો પણ ચાલે. આર્થિક સંજોગોને કારણે હું શાળા છોડવા માગું છું તેની ગામીસાહેબને જાણ થતાં મારા અભ્યાસની તેજસ્વિતા જોઈ શાળાની ફી તેમણે માફી કરી તથા ભોજન ખર્ચમાં પણ લગભગ અડધોઅડધ મદદ મેળવી આપી. ગામી સાહેબ, પોપટભાઈ સાહેબ તથા છગનભાઈ સાહેબની ઉષ્માભરી સતત પ્રેરણા અને ઉત્તેજનને પરિણામે સને ૧૯૪૨ માં મેં મેટ્રિકની પરીક્ષા આપી. તેમાં કેન્દ્રમાં બીજા કે ત્રીજા નંબરે હું પાસ થયો.

સાદાઈ, નિયમિતતા તથાધીરજ વગેરે સદ્‌ગુણો દરેક છાત્રમાં કડી વિદ્યાર્થી આશ્રમમાં ખીલતા હતા ને તેની સુવાસ અમારા વખતના વિદ્યાર્થી ભાઈઓ જ્યાં જ્યાં ગયા છે ત્યાં ત્યાં તેમણે મૂકી છે.

ઘણાખરા ભાઈઓએ જીવનમાં તે વણી જીવન-સિદ્ધિનાં સોપાન સર કર્યાં છે. જીવનના ઝંઝાવાતમાં, લાલચની પળોમાં, તથા ચારિત્રના કસોટી કાળે, હું કંઈ પણ ટકી શક્યો હોઉં તો તે આશ્રમ જીવનમાં પ્રાપ્ત કરેલા અમૂલ્ય સદ્‌ગુણોના પ્રતાપે જ. તે હિસાબે હું એમ. એ., એલ. એલ. બી. થઈ શક્યો ને વિદ્યાપ્રાપ્તિ સાથે સાથે નોકરી પણ કરી શક્યો. આણંદ મ્યુનિસિપાલિટીમાં ચીફ ઑફીસર તરીકે સને ૧૯૫૬ માં જોડાયો. તે પછી નોકરીમાં રહેલી ગુલામીએ મારામાં નોકરી તરફ એટલો તિરસ્કાર પેદા કર્યો કે વકીલાતમાં આવકની અનિશ્ચિતતા હું જાણતો હોવા છતાં સ્વમાન અને સ્વાતંત્ર્યપ્રેમે મને વકીલાત શરૂ કરવા ફરજ પાડી. પરિણામે સને ૧૯૫૯ ના ફેબ્રુઆરી માસથી મેં વકીલાત શરૂ કરી.

રમતગમત તથા ઇતર પ્રવૃત્તિઓમાં કડીનો આશ્રમ અને વિદ્યાલય વડોદરા રાજ્યમાં સૌથી વધુ ખ્યાતી ધરાવતો હતો. વૉલીબોલ, ખોખો, લખોટાની રમત મને વધુ પ્રિય હતી. તેથી



લેખક : શ્રી હીરાલાલ મણિલાલ પટેલ

તેમાં હું ભાગ લેતો, પણ સૌથી વધુ રસ મને વિશિષ્ટ વાંચન અને તેની પરીક્ષાઓમાં તથા પરિસંવાદોમાં હતો. દર ૭ માસે મનોરંજન કાર્યક્રમ રાખવામાં આવતો તેમાં મારો અચૂક ફાળો રહેતો જ. જોકે નામના કાઢે તેવું મેં પાત્ર ભજવેલું નહીં પણ ધ્યાન ખેંચે તેવું પાત્ર હું જરૂર ભજવી શકતો હતો. તે ઉપરાંત, સુથારી, સીવણકામ, છાપકામ, વગેરેના વર્ગો ચાલતા હતા ને તે ફરજિયાત હતા. આ વિષયોનું પ્રાથમિક જ્ઞાન પણ મેં મેળવેલું. આમ વિવિધક્ષેત્રે અમારું વ્યક્તિત્વ ખીલવવાની સોનેરી તક અમને આ સંસ્થાએ આપી હતી.

ત્યારબાદ હું ઘણી બોર્ડીંગો, છાત્રાલયો અને હોસ્ટેલોમાં રહ્યો છું. પણ તે સંસ્થાઓમાંથી મેં નોંધપાત્ર કાંઈજ મેળવ્યું નથી. ઊલટું કડીમાંથી જે સાદાઈ અને સ્વાશ્રયી જીવનની ભાવના પામ્યો હતો તેમાં ઘસારો લાગ્યો હતો ને ભણવાની તમન્નામાં પ્રમાદીપણું ઘૂસ્યું હતું. મારી સાથેના મિત્રોમાં અલબત્ત અમો કેટલીક બાબતોમાં આદર્શરૂપ ગણાતા હતા.

દેશપ્રેમ, ચીવટતા અને સ્વમાનના ગુણ હું ગુજરાતી નિશાળમાં ભણતો હતો ત્યારે મફતલાલ દવે સાહેબે અમો તમામ વિદ્યાર્થીઓમાં જગાવેલા. મારા પિતા મણીલાલ ગોપાળદાસે મને માર મારીને પણ સત્યપ્રેમ અને નીતિના ગુણો મારા જીવનમાં વણ્યા, પ્રભુભક્તિ તથા શ્રદ્ધા મારા માતુશ્રી મણીબાએ મને પયપાનમાં આપ્યા. આ બધા સંસ્કારોને પરિપુષ્ટ કર્યા સર્વ વિદ્યાલયે. ઉપરાંત કર્તવ્યપાલનની ભાવના, સ્વાશ્રય, સહનશીલતા, સાદાઈ, નિયમિતતા વગેરે સદ્‌ગુણો કડી સંસ્થાએ મારા શિશુકાળમાં રેડ્યા, આજે હું જે કંઈ છું તે માટે તેઓ સૌનો ઋણી છું.

૧૫ ગૌત્તમવિહાર સોસાયટી, આશ્રમરોડ, અમદાવાદ-૧૩

---

નોંધ : શ્રી હીરાલાલ તરફથી રૂ. ૧૦૦૧) સુ. જ. ફાળામાં મળ્યા છે. -સંપાદક

ગુજરાતની અગ્રગણ્ય અને આપણી
સૌની પ્રિય માતૃસંસ્થા

સુવર્ણજયન્તી

પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ
સર્વે ભાઈ–બેનો પાસે

અપેક્ષા રાખે છે:

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.
(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.
(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.
(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.
(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. 'સુવર્ણ જયંતી' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.
(૬) 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

❁ ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.

❁ આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::

## સુવર્ણ જયંતી ફાળામાં

### નીચેની નવીન રકમો લખાઈ છે.
### દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

૩૧૦૯૫) આગળનો સરવાળો.
* ૧૦૦૧) મેસર્સ કુમુદચંદ્ર કે. મહાદેવિયા એન્ડ સન્સ.
૧૪૩, ન્યુ કાપડ માર્કેટ, અમદાવાદ–૨
* ૧૦૦૧) કુમારી મીનળદેવી કૌશિકપ્રસાદ મહાદેવિયા.
સ્વ. કુ. તારામતિબેન પીતાંબરદાસના સ્મરણાર્થે.
'આસોપાલવ', શાહીબાગ, અમદાવાદ–૪
* ૨૫૦) નિયોગી કૌશિકપ્રસાદ મહાદેવિયા.
૬૭, રેડક્રોસ, આર. ડી. વડોદરા–૭
* ૨૫૦) શ્રી વિરૂભાઈ હઠીભાઈ પટેલ
એવીટી ઇન્સ્ટ્રુમેન્ટ મેન્યુ ફેક્ચરીંગ કંપની,
લાલમીલ પાછળ, ચકુડિયા મહાદેવ પાસે, રખિયાલ
અમદાવાદ–૨૧
૨૫૧) શ્રી મણિલાલ ધરમશીભાઇ પટેલ
નવાપુરા, કડી.

૩૩૮૪૮)

* વસુલ આવી ગયા છે.

ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ક્રોસ ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.

### સાયન્સ કોલેજ ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી નીચેની ડીસેમ્બર માસમાં વસુલ આવેલી છે.

૧૦૦૧) સ્વ. પટેલ નારણદાસ શંકરદાસના સ્મરણાર્થે.
હા. શ્રી. પુંજાલાલ નારણદાસ પટેલ
મુ. પો. રાજપુર, : તા. કડી.

## સમાચાર

ઉંટવા (તા. કડી)ના કિસાન ટ્રેડીંગ કંપની–કડીવાળાના ભાઈશ્રી ભક્તિભાઈ કેમીકલ એન્જીનિયરીંગના અભ્યાસ માટે અમેરિકા જતા હોઇ તેમનો વિદાય સમારંભ તા. ૧૯-૧૨-૬૯ 'ના રોજ ઊંટવા મુકામે શ્રી પુરુષોત્તમદાસ (દાસકાકા)ના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. તેમાં અમદાવાદથી પરમશક્તિ એન્જીનવાળા શ્રી નાગરદાસ બહેચરદાસ પંચાલ વગેરે તથા કડીમાંથી કડી સુધરાઇના ચીફ ઑફીસર શ્રી માણેકલાલ, શ્રી રતિભાઇ મગનલાલ પટેલ, શ્રી કાન્તિભાઇ વકીલ, શ્રી જશભાઇ વકીલ વગેરે તથા આજુબાજુના ગામેથી સારી સંખ્યામાં માણસો હાજર હતા આમંત્રિતો તથા ગામ તરફથી ઉમળકાભેર ભાઇ ભક્તિભાઇની વિદાય આપવામાં આવી હતી.

ભાઇશ્રી ભક્તિભાઇ આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.

# આ સંસ્થા કોની ?

૫૦ વર્ષના ઉંબરેથી એક સવાલ પૂછવાનું મન થાય છે. આ સંસ્થા કોની ?

આ પચાસ વર્ષમાં સંસ્થાનું વિશિષ્ટ વ્યક્તિત્વ ઘડાયું છે. આ વ્યક્તિત્વ ઘડાવાનું અને તે પણ વિશિષ્ટ પ્રકારનું વ્યકિતત્વ ઘડાવાનું કારણ શું ? અને એ ઘડનાર કોણ ?

**૫૦ વર્ષને ઉંબરેથી**

આ જેણે ઘડ્યું તેની આ સંસ્થા.

સંસ્થાની સ્થાપના, સંચાલન અને પરિપાલન કરનારની આ સંસ્થા ગણાય. આવાં કામ કરનારાઓમાંથી કોઇ વ્યક્તિ આગળ ઉપસી આવતી હશે. તેમની આ સંસ્થા ગણી શકાય. પરંતુ આ સંસ્થામાં કોઇ એક જ વ્યકિતને સંસ્થાપક, સંચાલક અને પરિપાલન કરનાર નિયત નહિ કરી શકીએ. તેની સ્થાપનામાં સમગ્ર સમાજની કામના, સંચાલનમાં સર્વ જણની કર્તવ્યબુદ્ધિ અને પરિપાલનમાં રંકથી રાય સુધીની યજ્ઞ-ભાવનાએ કામ કર્યું છે. એટલે આ સંસ્થા સૌના સહિયારા કર્મનું ફળ છે. સંસ્થાના કાર્યમાં જોડાયેલી વ્યક્તિઓની સેવાઓને–સિદ્ધિઓને બિરદાવતાં આ સંસ્થા કદીય સમષ્ટિ તત્ત્વથી વિખૂટી પડી ગઇ નથી. સમષ્ટિમાંથી પેદા થયેલી એવી આ સંસ્થાનું મુખ સદાય સમષ્ટિ તરફ જ રહ્યું છે. એટલે એ સમષ્ટિની–સમાજની છે.

બીજો જવાબ સૂઝે છે કે તેના આચાર્યો–અધ્યાપકોની આ સંસ્થા છે. અલબત્ત આ જવાબ ટકી શકે તેવો મજબૂત પાયાવાળો છે. આ સંસ્થા ભાગ્યશાળી રહી છે કે તેને ઉત્તમ આચાર્યો અને અધ્યાપકો સાંપડ્યા છે. તેમણે જે આત્મીયતા અને નિષ્ઠાપૂર્વક કામ કર્યું છે તે પણ આ જવાબને વ્યાજબી ઠરાવવા માટે પૂરતો છે. શરૂઆતના આચાર્યો અને અધ્યાપકોએ તો આ સંસ્થાનો દેહ અને આત્મા ઘડવામાં સર્જકનું કામ કર્યું છે. અને તેની સુવાસ આજે પણ સંસ્થાના વિશિષ્ટ વ્યકિતત્વને ઉઠાવ આપવામાં અગત્યનો ફાળો આપી રહી છે. તે રાહે ચાલવાનો સૌએ યથાશક્તિ અને સંજોગો પ્રમાણે નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કર્યો છે.

પરંતુ આ સંસ્થાનું વિશિષ્ટ પ્રકારનું વ્યક્તિત્વ બાંધવામાં સૌથી વધુ હિસ્સો હોય તો તે તેના વિદ્યાર્થીઓનો છે. આ ૫૦ વર્ષમાં વિદ્યાર્થીઓએ સંસ્થા પાસેથી ઘણું મેળવ્યું છે. પણ જે કંઈ મેળવ્યું છે તેની સામે તેઓએ સંસ્થા પ્રત્યે જે પ્રેમ વહાવ્યો છે તે અમોઘ છે. પોતાની જનની કરતાં પણ અધિક સ્નેહનો પ્રવાહ સંસ્થા તરફ વહેવડાવ્યો છે. જનની-માતાને બે-પાંચ પુત્રોનાં ભક્તિ અને પ્રેમ પ્રાપ્ત થાય છે. ત્યારે આ વિદ્યાદાતા–માતા હજારો વિદ્યાર્થીઓનાં ભક્તિ અને પ્રેમનો સદાસર્વદા અભિષેક પામતી રહી છે. આ પ્રેમ-ભક્તિએ સંસ્થામાં નવપ્રાણનો સંચાર કર્યા કર્યો છે. તેથી તેના સંચાલકો આચાર્યો અધ્યાપકોના ઉત્સાહ અને કર્તવ્ય-ભાવનાને પોરસ ચઢતો રહ્યો છે. તે આ સંસ્થાનું વિશિષ્ટ વ્યકિતત્વ બન્યું છે.

આ વિદ્યાર્થીઓએ પોતાના ઘરમાં, ગામમાં અને સમાજમાં જઇ જે નાનું મોટું કર્તવ્ય આજીવિકા રળવાનું કે લોકસેવાનું મળ્યું તેમાં કોઈપણ જાતના હોબાળા-હિલચાલ સિવાય પોતાનાં જીવનને નિષ્ઠાપૂર્વક પરોવી દીધાં છે અને તેમાં આ સંસ્થામાં પ્રાપ્ત કરેલી હાથ-પગ, બુદ્ધિ અને હૃદયની કેળવણીને ચરિતાર્થ કરી રહ્યા છે. આ વિદ્યાર્થીગણ હજારોની સંખ્યામાં સમાજમાં ઓતપ્રોત થઇ ગયો છે અને જે ઉદાત્ત છાપ ઉભી કરી છે તે આ સંસ્થાનું વિશિષ્ટ વ્યક્તિત્વ છે. આની અસર એટલી ઘેરી છે કે જેમને આ સંસ્થામાં અભ્યાસ કરવાનું પ્રાપ્ત થયું નથી તેવાઓ પણ આ વિદ્યાર્થીભાવ અનુભવી રહ્યા છે અને આ સંસ્થાને માતૃસંસ્થા તરીકે માને છે.

આમ સમાજમાં સંસ્થાનું ઉદાત્ત વિશિષ્ટ વ્યક્તિત્વ પ્રસ્થાપિત કરનાર વિદ્યાર્થીઓની જ આ સંસ્થા છે.

આ સંસ્થા કોની કોની તે સવાલનો સાચો જવાબ છે કે–
"આ સંસ્થા તેના વિદ્યાર્થીઓની.".

પરંતુ અહીં બીજું ઉદાત્ત-ભવ્ય દૃશ્ય ખડું થશે. આ બધા વિદ્યાર્થીઓ તો એકી અવાજે કહી ઉઠશે—

"આ સંસ્થા તો છગનભાની."

આ જવાબ પણ એટલો જ સાચો છે. કારણ કે અહીં 'છગનભા' વ્યક્તિ વિકસીને એક ભાવના રૂપે દૃષ્ટિગોચર થાય છે. આમાં સંસ્થાપકો, સંચાલકો, દાતાઓ, સમાજ, આચાર્ય, અધ્યાપકો, નાનામોટા કર્મચારીઓ અને વિદ્યાર્થીગણના સંસ્થા તરફ વહેલાં અને અવિરત વહી રહેલાં નિષ્ઠા, કર્તવ્ય, સેવા, દાન અને યજ્ઞની એક ભાવ-પ્રતીક તરીકે અર્ચના થઇ રહી છે. અને આ ભાવ-પ્રતીકના સર્જનમાં આ બધાની ઉદારચિત્ત નિષ્કામ-કર્મની ભાવનાની ખુશ્બો પ્રસરી રહી છે. એકાત્મભાવની સુંદર વાડી ખીલી છે.

આ એકાત્મભાવ પણ સંસ્થાના વિશિષ્ટ વ્યક્તિત્વનું સર્જક ક્ષમતા ધરાવતું અંગ છે.

---

**સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો.**

## ફરજ

સંસ્કૃતમ્

**સુરાપાનની** સીમા રહી ન હતી. આગ્રહ કરી કરીને એકબીજાને પ્યાલીઓ ઉપર પ્યાલીઓ પિવડાવવાનું કામ ચાલુ હતું. પ્યાલીઓના ખણખણાટની સાથે એલફેલ શબ્દો પણ વાતાવરણમાં વેરાયે જતા હતા.

ઇરાનના શાહ અબ્બાસે પણ પોતાના એક અધિકારીએ યોજેલા એ સમારંભમાં ભાગ લીધો હતો. એમની આંખો પણ નશામાં ચકચૂર થઇ ગઇ હતી અને પગ લથડિયાં ખાતા હતા. આખા યે શરીરમાં ઝણઝણાટી વ્યાપી ગઇ હતી. રૈયતના રખેવાળની સાન લોપાતી જતી હતી.

આખરે એમના પગ, એ અધિકારીના જનાનખાનાના ઉંબરે એમને ખેંચી લાવ્યા.

ત્યાં જીવનહીરને પિછાણનારો પડછંદ દરવાન ઊભો હતો. તેણે નમ્રતાથી પણ મક્કમતાપૂર્વક શાહને આગળ વધવા ન દીધા.

'તને ખબર છે કે તું કોને અંદર જતાં રોકી રહ્યો છે? એનું પરિણામ શું આવશે તેનો તને ખ્યાલ છે?'

'હા...'

'હજુ હું ફરી પૂછું છું કે તું શું કરી રહ્યો છે તેની તને ખબર છે?'

'માલિક, મારી ફરજ બજાવી રહ્યો છું'

'તારામાં જરાય અક્કલ છે કે નહિ?'

'શાહ, અક્કલ છે માટે જ કહી રહ્યો છું. બાકી તો શરાબ તમારી અક્કલ ઊછીની લઇ ગયો લાગે છે!'

'જીભ સંભાળ' શાહ તાડૂક્યા.

'તમે આ ઉંબરે આવીને ઊભા પછી જીભ સંભાળવાની ન રહે. બાકી અંદર જઇને ય તમે સાર નહિ કાઢો.'

'કેમ?'

'માફ કરજો સલામત. નાને મોંઢે મોટી વાત કરવી પડે છે. પણ મારા પ્રશ્નનો જવાબ આપીને જાવ.'

'બોલ ઝટ, બોલ......'

'જો કોઈ આપના જનાનખાનામાં દરવાનને મારીને દાખલ થઇ જાય તો આપની બેગમો શું કરે?'

'શું કરે શું?' વાઘની માફક શાહ ગર્જ્યા. એ નાલાયકની છાતીમાં ઝેરપાયેલી કટારો ભોંકાઇ જાય......'

'... તો શાહ અહીં પણ એવું જ થાય.'

'ખસ આઘો ચાંપલાઇ કર્યા વિના......' શરાબે શાહની સાન તદ્દન ઝૂંટવી લીધી હતી.

પછી તો તરત ખંજર કાઢીને બાદશાહની છાતી પાસે લઈ જતાં દરવાને કહ્યું, 'શાહ મારા, એક ડગલું આગળ ન

[ અનુસંધાન પેજ ૮મા ઉપર ]

## "રેણુના દાદા"

શ્રી રમેશભાઈ ત્રિવેદી

**અને** હું તો છે ને તે તે દિવસે ઝબકીને જાગી ગઈ. ઓય મા, કેવું બિહામણું સપનું હતું!...... જાણે કે મારા દાદાને કાળા કાળા ચોર પકડીને લઇ જતા'તા. મેં ચીસ નાખી. પણ દાદા તો ન બોલે કે ચાલે... બસ એ તો પેલા ચોરની સાથે ને સાથે ચાલતા જતા હતા. ......

મેં જાગીને જોયું તો પડખે દાદા સૂતા નહોતા. બાપરે! હું તો ગભરાઈ જ ગઇ. કદાચ દાદા સાચે જ...... અને પથારીમાંથી ઊઠીને હું પૂજાની ઓરડી પાસે દોડી ગઈ. મેં બારણા પાસે જઇને કહ્યું, 'દા... દા...' -પણ ઓરડીમાં દાદા હોય તો ને! મને તો ધ્રાસકો પડયો. કદાચ.........

—અને હું તો બગીચામાં દોડી ગઈ. દાદા ત્યાં જરૂર ફૂલ વીણતા હશે......

મેં બોરસલ્લીના ઝાડ પાસે જઇને બૂમ પાડી...... દાદા. કોઇ બોલ્યું જ નહિ ને... હાય, હાય દાદા કયાં ગયા હશે? કદાચ...! ફરી પાછી મને ફાળ પડી. ને હું તો રડમસ બનીને બા પાસે રસોડામાં દોડી ગઇ. મેં બાને પૂછ્યું...... 'બા, દાદા......' અને બચ્યું આટલું કહેતાં તો રડી જ પડી.

'અરેરે, મૂઈ તું તો...' -બા એ મીઠો છણકો કર્યો. અને હસીને કહ્યું – "દાદા કયાંય નથી ગયા. જા એ રહ્યા બાથરૂમમાં" હાશ! હવે મને ટાઢક વળી. હું બાની પાસે છટકીને દો......ડી બાથરૂમ બાજુ. મેં બારણાને જોરથી ધકેલ્યું અને હું નાચી ઊઠી...... હે એ એ એ... દાદા બી ગયાને!

બારણું તો ધડાક દૈ ને ખખડયું. અને હું જ બી ગઇ. મેં અંદર ડોકિયું કર્યું અને હસી પડી...... 'દા... દા' દાદા તો સાચે જ બી ગયા હતા. ના બોલે કે ના ચાલે! મેં કહ્યું – દાદા બી ગયા ને!...... પણ ઓ... મા, દાદા તો બોલતા જ નથી!

અને મને તરત જ પાછી રાતની વાત યાદ આવી રાતે દાદા મને વારતા કહેતા તા અને એકદમ એમને ઉધરસ ઉપડેલી. મેં એમને પાણી આપેલું અને તે વેળાએ દાદાએ છાતી પર હાથ દબાવી હસતાં હસતાં કહેલું કે... દીકરી રેણુ, આ છેલ્લી વારતા હતી હોં......

—અને છે ને તે એ વેળાએ જ હું ગભરાઇ ગયેલી હા......

દાદાને આ રીતે બાથરૂમમાં પડેલા જોઇને મારા મોંમાંથી તો ચીસ નીકળી ગયેલી... "મમ્મી...... દાદા તો......"

અધ્યાપક : એસ. એમ. પમાર ગર્લ્સ હાઇસ્કૂલ-કડી

57

## આપણા દાતાઓ

### શ્રી કચરાભાઈ જે. પંચાલ

મેનેજીંગ ડાયરેકટર : ગુજરાત એન્જીનિયરીંગ પ્રાઈવેટ લિ. અમદાવાદ



શ્રી કચરાભાઈ જે. પંચાલનું વતન કડી તાલુકાનું ઊંટવા ગામ. તેમનો જન્મ સંવત ૧૮૬૯ માં. આજે ૫૭-૫૮ વર્ષની ઉંમરે પણ તેઓ ધંધામાં અને સાથે સાથે જાહેર લોકહિતનાં કાર્યોમાં ધગશ અને ઉમંગપૂર્વક કામ કરી રહ્યા છે.

માત્ર ગુજરાતી ચાર ચોપડીનો અભ્યાસ હોવા છતાં તેઓ આજે ગુજરાત ભરમાં પ્રખ્યાત એન્જીનો બનાવનારી કંપની 'ગુજરાત ઑઈલ એન્જીન પ્રાઈવેટ લિ. ના મેનેજીંગ ડાયરેકટર છે. સાહસ અને આત્મવિશ્વાસથી માણસ ગમે તેવા સંજોગોમાંથી આગળ વધી શકે છે તેનો તેમનું જીવન એક ઉમદા દાખલો છે.

૧૬ વર્ષની ઉમ્મરે અમદાવાદ આવીને કારખાનાઓમાં નાની મોટી નોકરીઓ કરી. આમ ૧૪ વર્ષ સુધી ચાલ્યું. નોકરીમાં તેમને જાતજાતનો અનુભવ મળ્યો, અને ધંધાનું સારું જ્ઞાન અને અનુભવ પ્રાપ્ત થયો. એટલે નસીબ અજમાવવા સને ૧૯૪૩ માં નાનું કારખાનું ભાગીદારીમાં શરૂ કર્યું. તે આજે ગુજરાત એન્જીનિયરીંગ પ્રાઈવેટ લિ. ના નામથી પ્રખ્યાત છે. તે તેમની કુશળતા અને હિંમતનું પ્રતીક છે.

તેઓએ તેમના વતન ઊંટવાની વિકાસ પ્રવૃત્તિઓ માટે આગળ પડતો ભાગ લઈ બીજા મિત્રોનો સહકાર મેળવી સારૂ કામ કર્યું છે. કેળવણી ક્ષેત્રમાં પણ રસ છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ–કડીને તેઓએ રૂા. ૨૫૦૧) નું દાન ઉદાર દિલથી આપી રહ્યા છે. તેઓ સાયન્સ કૉલેજ–કડીની ગવર્નીંગ બૉડીના મેમ્બર છે.

---

સભાસદ છે. કડી ઉપરાંત વીસનગર, ઊંઝા અને વડનગરની કેળવણી સંસ્થાઓમાં કારોબારીના સભાસદ છે. કડવા પાટીદાર પરિષદના મંત્રી છે.

રહેઠાણ : ૧૭, મહેસાણા સોસાયટી, ચીનાઈ બાગ, વાડજ, અમદાવાદ–૧૩

તેઓ તરફથી રૂ. ૧૨૫૧) નું દાન પ્રેમપૂર્વક મળ્યું છે.

ઓફીસ : ચંદ્રિકા ચેમ્બર્સ, જનસત્તા કાર્યાલય સામે, મીરજાપુર રોડ, અમદાવાદ–૧ ફોન નં. ૨૬૦૯૧

### શ્રી ખોડાભાઈ શિવરામદાસ પટેલ

એમ એ, એલએલ. બી એડવોકેટ, કોવિદ

વતન : મણિયારી; * તા. ચાણસ્મા.



શ્રી ખોડાભાઈ અમદાવાદમાં એક આગળ પડતા જાણીતા અને હોંશિયાર વકીલ છે. અભ્યાસકાળ દરમ્યાન તેઓ સ્કોલર હતા અને ઘણાં ઇનામો મેળવ્યાં હતાં. સારા વકીલ સાથે સાથે તેઓ નિષ્ઠાવાળા જાહેર અને રાજકીય કાર્યકર તથા આગેવાન છે. તેઓ આ સંસ્થાના વિદ્યાર્થી હોવાનું પોતે ગૌરવ માને છે.

સને ૧૯૩૯ માં મેટ્રીક પાસ થયા. આગળનો અભ્યાસ વડોદરા, અમદાવાદ અને મુંબાઈની કૉલેજોમાં કર્યો. બી. એ. ઓનર્સમાં સંસ્કૃત ધર્મશાસ્ત્રોમાં ઊંચા નંબરે આવવાથી શ્રી દ્વિવેટીયા મેરીટ પ્રાઈઝ મળ્યું. એલ એલ. બી. માં અમદાવાદ સેન્ટરમાં પ્રથમ નંબરે આવી (૧) ડૉકટર ફલ્ટન લૉ પ્રાઈઝ, (૨) દી. બ. અં. સા. દેસાઈ પ્રાઈઝ (૩) ગુજરાત લૉ સોસાયટી મેરીટ પ્રાઈઝ અને (૪) બરોડા ચીફ જસ્ટીસ પ્રાઈઝ મેળવ્યાં.

જીવનની શરૂઆતમાં સેન્ટ્રલ એકસાઈઝ ખાતામાં કામ કરેલું. પરંતુ વધુ વિકાસ માટે નોકરીમાંથી રાજીનામું આપી ૧૯૫૦ માં અમદાવાદમાં સ્વતંત્ર વકીલાત શરૂ કરી. રાજકારણ, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં રસ હોવાથી તેમાં પણ ભાગ લેવા માંડયો.

રાજકીય જીવન કોંગ્રેસમાં શરૂ કર્યું. મહાગુજરાતના સવાલ વખતે તેઓ જુદા પડયા અને મહાગુજરાત જનતા પરિષદ તરફે ચાણસ્મા તાલુકામાંથી મુંબાઈ ધારાસભામાં ધારાસભ્ય તરીકે ચૂંટાયા. ત્યાં પક્ષના નેતા તરીકે અને ધારાસભાકીય જુદી જુદી કમીટીઓમાં સારું કામ કરેલું. રાજ્ય લેવલની સેલ્સટેક્ષ એડવાઈઝરી કમિટિના સભ્ય તરીકે પણ કામ કર્યું ગુજરાત રાજ્યની રચના થતાં તેઓએ પુનઃ કોંગ્રેસમાં આવી સ્પીકરની પેનલમાં કામ કર્યું. ગુજરાત રાજ્યની મત વિભાગો નક્કી કરનારી ચૂંટણી પંચની ડીલીમીટેશન કમિટિના સભ્ય તરીકે પણ કામ કર્યું. આ સંસ્થાના મંત્રી તરીકે પણ તેઓએ સેવાઓ આપી છે અને તેના વ્યવસ્થાપક મંડળમાં વર્ષો થયા સભાસદ છે. ઉત્તર ગુજરાત રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના છેલ્લા પાંચ વર્ષથી પ્રમુખ છે. ગુજરાત રા. ભા પ્ર. સમિતિના ઉપપ્રમુખ અને અખિલ ભારત રા. ભા. પ્ર. સમિતિમાં ચૂંટાયેલા

# ટપાલ પેટી

## [૧]

નરોત્તમભાઈ ટી. પટેલ
કસ્બાપાર
તા. નવસારી : જી. વલસાડ
તા. ૧૨-૧૨-૬૯

પૂજ્ય ગુરુવર્ય શ્રી મોહનભાઇ સાહેબ, સ્નેહાળ શ્રી રામભાઇ સાહેબ, શ્રી અંબાલાલ સાહેબ અને અન્ય ગુરુવર્ગ.

સંસ્થાની સુવર્ણ જયંતી ઉજવાશે તે એક ગૌરવ છે. સંસ્થા તરફથી પ્રગટ થતું "સુવર્ણ જયંતી" અમારા ત્યાં આવે છે.

આજે આપના ભાણાભાઇ શ્રી નરોત્તમભાઇ અને હું મળ્યા હતા. અહીં સૂરત ખાતે આપણી સંસ્થાના થોડાક વિદ્યાર્થીઓ છીએ. સંસ્થા માટે સુવર્ણ જયંતીમાં ફાળો આપવો એને અમે ગૌરવરૂપ જ ગણીશું. એમ છતાં યે કંઈ સંસ્થાનું ઋણ ઓછુ થવાનું નથી. આ નિમિત્તે હું આપને સમય હોય તો સૂરત, નવસારી તરફ આવવાનું આમંત્રણ આપું છું. કદાચ આપને શ્રી નરોત્તમભાઇ (કંબોઇવાળા)નો પણ પત્ર આમંત્રણનો મળશે. આપ આવો તો સુવર્ણ જયંતી માટેનો ફાળો આપના આવ્યા પછી કરીએ ! આ નિમિત્ત આપ અમારે ત્યાં પધારો એ મોટી આશા છે. પત્રથી જવાબ મળશે તો આનંદ થશે.

'સુવર્ણ જયંતી' ક્યારે ઉજવાશે ? ટૂંકમાં જાણીએ તો સારું. આપના પત્ર પછી ફાળા માટે અમે નક્કી કરી શકીશું. આભાર સહ.

આપનો આજ્ઞાંકિત,
નરોત્તમભાઈ ટી. પટેલના પ્રણામ

## [૨]

નારણભાઇ છગનલાલ શાહ
ક્વાર્ટર નં. સી. એન ૨/૪
નેશનલ રેયોન કો. લી.
મોહોને. : જી. થાણા [ સે. રેલ્વે ]

શ્રી મંત્રીશ્રી,
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ
કડી : (ઉ. ગુ.)

શ્રી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલનો હું ભુતકાળનો એક વિદ્યાર્થી છું. સને ૧૯૪૩ થી ૧૯૪૬ સુધી આશ્રમ તથા શાળા બન્નેનો લાભ મને મળેલો. મુ. શ્રી પોપટલાલભાઇ, છગનભાઈ તથા શ્રી નાથાલાલભાઈ સાહેબના હાથ નીચે અભ્યાસ કરવાની મને તક મળેલી.

આપશ્રી મને 'સુવર્ણ જયંતી' પણ હમણાંથી નિયમિત મોકલો છો. મને ખબર નથી કે મારું સરનામું તમારી પાસે કઈ રીતે આવ્યું. ગમે તેમ પણ મારી જૂની શાળા મને યાદ કરે છે જાણી ભુતકાળનાં અનેક ખાટાંમીઠાં સંસ્મરણો જાગૃત થાય છે.

મારે લાયક કામકાજ લખશો.

એજ લી.
નારણભાઈ શાહના વંદન

## : વિનંતી :

ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ–બહેનોનાં સરનામાં મેળવવાનો અમારો પ્રયત્ન સતત ચાલુ છે. છતાં હજુ ઘણાં સરનામાં બાકી છે. બધા જ વિદ્યાર્થીઓનાં સરનામાં મેળવવાં જરૂરી છે કે જેથી તેમનો સંપર્ક સાધી તેમને 'સુવર્ણ જયંતી' ઉજવણીમાં આમંત્રણ આપી શકાય અને તેમાં તેમનો સાથ અને સહકાર મેળવી શકાય. જેમણે પોતાનાં અને મિત્રોનાં સરનામાં ન મોકલ્યાં હોય તેમને મોકલી આપવા વિનંતી છે.

[ પાન ૬ઠ્ઠા પરનું ચાલુ ]

વધશો, નહિ તો મારે મારી ફરજ બજાવવી જ પડશે...'

ખંજરની ચકચકતી અણીએ શાહની સાન ઠેકાણે આણી દીધી.

બીજે દિવસે જે અધિકારીને ત્યાં સમારંભ હતો તે અધિકારીએ શાહને જણાવ્યું કે ગઇકાલે આપની સામે ગુસ્તાખી કરનાર દરવાનને પોતે પાણીચું આપી દીધું છે, ત્યારે પોતાની ભૂલ માટે આખીરાત પસ્તાયેલા શાહે એ જ દરવાનને બોલાવડાવી પોતાના અંગરક્ષકોનો ઉપરી બનાવ્યો અને કહ્યું, 'માણસને પિછાણતાં શીખો ફરજને સમજતાં શીખો.'

પેલો અધિકારી તો ધરતી માગ આપે તો અંદર સમાઇ જવા જેટલી ભોંઠપ અનુભવતો હતો !

બરાબર એ જ સમયે પેલો દરવાન મનમાં ને મનમાં ખુદાતાલાને વિનવતો હતો, 'મારી નેકીને કદીયે બટ્ટો ન લાગવા દઇશ, મારા પરવરદિગાર !'

[ ચંદ્રશંકર પંડયા : અધ્યાપક,
શક્તિ સેકન્ડરી સ્કૂલ – ખાવડ * તા. કડી. ]

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી : તા. ૨૫–૧૨–૬૯

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૧-૧-૭૦ [ અંક ૧૫


## સર્વ વિદ્યાલય કેળવણી મંડળની પ્રગતિ

પુરુષોત્તમદાસ પટેલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ આ વર્ષમાં સુવર્ણ જયંતી ઉજવે છે. આ વર્ષ દરમ્યાન સર્વ વિદ્યાલય કેળવણી મંડળે શરૂ કરેલાં ટેકનિકલ સ્કૂલના મકાનો (૧) ટેકનીકલ સ્કૂલ (૨) છાત્રાલય અને (૩) વર્કશોપનાં મકાનો પૂરાં થશે.

વર્કશોપનાં કેટલાંક સાધનો ખરીદ્યાં છે હજુ બીજાં ઘણાં ખરીદવાનાં બાકી છે. ગયા અઠવાડિયે ટેકનિકલ સ્કૂલની ગવર્નીંગ બોડીએ રૂ. ૮૦ હજારનાં સાધનો ખરીદવા ઠરાવ કર્યો છે.

ટેકનિકલ સ્કૂલનાં મકાનોમાં હજુ કેટલુંક કામ બાકી છે. આ બધુ સંપૂર્ણ કરતાં હજુ ૭ મહિના લાગશે.

એકંદરમાં ટેકનિકલ સ્કૂલ પાછળ બાર લાખ રૂપીઆ ખર્ચાશે.

આ મકાનોનું ઉદ્‌ઘાટન આસો મહિના આસપાસ રાખવા વિચારાયું છે

સાયન્સ કૉલેજ તેમ જ હોસ્ટેલ વગેરે માટે આપણે રૂા. ૩૧૦૦૦, ના ખર્ચે જમીન ખરીદી છે — આશ્રમના રસોડા પાછળના આંબા પછવાડેની જમીન-શુકલવાળા કુવા અને શુકલવાળા પાના નામે ઓળખાતી જમીન. શુકલવાળા કુવાની દક્ષિણે આવેલ જમીનમાં સાયન્સ કૉલેજની હોસ્ટેલનું મકાન થઈ રહ્યું છે. ગ્રાઉન્ડ ફ્લોર તૈયાર થઈ ગયો છે. પહેલા માળનું ચણતર થઈ ગયું છે. પહેલા માળ ઉપર અડધો સ્લેબ નંખાઈ ગયો છે. બાકીના અડધા ભાગનો સ્લેબ જાન્યુઆરી ૧૯૭૦માં નંખાઈ જશે. આ હોસ્ટેલનું મકાન ફેબ્રુઆરીમાં પૂરું થઈ જશે.

આ હોસ્ટેલના રસોડાના તથા ગૃહપતિના નિવાસના મકાનના પાયા નખાઈ રહ્યા છે. આ મકાનો માર્ચ મહિનામાં પૂરાં થઈ જશે.

હોસ્ટેલ, રસોડું અને ગૃહપતિ નિવાસ પાછળ રૂા ૨૨૫૦૦૦ સવા બે લાખનો ખર્ચ થશે.

સર્વ વિદ્યાલયના જૂના વિદ્યાર્થીઓ સુવર્ણ જયન્તી પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળને આર્થિક મદદ આપી રહ્યા છે. એને લઈ મને ખૂબ ઉત્સાહ થયો છે.

હજુ ઘણા જૂના વિદ્યાર્થી ભાઈઓએ એમનો સુવર્ણ જયન્તી ફાળો મોકલી આપ્યો નથી. તેમને તેમનો ફાળો વહેલી તકે મોકલી આપવા મારી આગ્રહ ભરી વિનંતી છે.

બધા જૂના વિદ્યાર્થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આજીવન સભ્યો હોવા જોઈએ. જૂના વિદ્યાર્થીઓ વાર્ષિક સભા પ્રસંગે હાજરી આપે અને એક બીજાને મળે, પરિચયમાં આવે તે ઇચ્છવા યોગ્ય છે. બાર મહિને નિદાન એક વાર સમગ્ર સભા પ્રસંગે પણ સંસ્થામાં આવે તો સંસ્થા સાથેનો એમનો પરિચય રહે અને સંસ્થાની જવાબદારીના ભાગીદાર બને.

આમ થાય તો સંસ્થા વિકસે અને સંસ્થામાં જે કોઈ કામ કરતા હોય તેમનામાં ઉત્સાહ રહે.

ઉત્તર ગુજરાતની સામાજિક, આર્થિક તેમ જ રાજકીય ઉત્ક્રાંતિનું મૂળ સર્વ વિદ્યાલય છે. એમાંથી પ્રેરણા મેળવી એના વિદ્યાર્થીઓ ગુજરાતભરમાં પથરાયેલા છે.

એ બધા વાર્ષિક સભા પ્રસંગે મળે તો નવી પ્રેરણા મળે અને નવી કલ્પનાઓ કરાય અને તેને અમલી કરી શકાય. ■

## મને સાંભરે રે

### રસેષણાનો મોક્ષ

રણજીત પટેલ
( અનામી )

આશ્રમમાં જે અનેકવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચાલતી હતી તેમાંની એક તે સંવાદ–નાટય પ્રવૃત્તિ પણ હતી. મારા ખ્યાલ અને અભિપ્રાય પ્રમાણે અમારા સમયમાં એ પ્રવૃત્તિઓ ધમધોકાર ચાલતી ! કેટલાક ઓખલિયાવૃત્તિના શિક્ષકો અને વિદ્યાર્થીઓ એનાથી અલિપ્ત રહ્યા હશે, કદાચ; પણ મોટે ભાગે તો હૃદયની અને સ્મૃતિની કેળવણી આપવામાં એ પ્રવૃત્તિએ ઠીકઠીક ભાગ ભજવેલા.

ગામડા ગામમાંથી તાજો આવેલો હું– રામલીલા અને ભવાઇના વાતાવરણથી ભર્યોભર્યો હતો. રામલીલાનું તો ઠીક, પણ ભવાઇમાં તો શ્લેષના ઘુંઘટમાં ઘણુંબધું અશ્લીલતત્ત્વ આવે... પણ એ વયે ક્ષીરનીર વિવેક કયાંથી હોય ? ' વ્હાલી વીજળીને કયમ લાગી વાર ' ? ગાતો ગાતો પ્રવેશતો સૂત્રધાર કે ' લચપચતા નવ લાડુ, રોજ જમવાની ટેવ પડી મુજને ' ગાતો વિદૂષક–રંગલો કે :–

" જમનપુરાની જમના ડોશી બળતણ લાવી કાપી. (૨)
( આ ) લોટ હતો તે કૂતરાં એ ચ્યાં, બેઠી બેઠી તાપી.
રાંડ ઘેલી બોલ્યાની તને ટેવ છે."

કે : " જૂની કરે રોટલા ને નવી કરે દાળ,
( આ ) બંદા બેઠા કઢી હલાવવા
ત્રણે લ્હારોલ્હાર –રાંડ ઘેલી "

કે : " બાવળ વાઢયા, આંબા વાઢયા, મહૂડા વાઢયા બહૂ,
(આ) છપનો કાકો એવા પડીયા ( કે ) વાંઢા પામ્યા વહૂ
રાંડ ઘેલી બોલ્યાની તને ટેવ છે. "–

આ રંજન-સંસ્કાર–કવિતા (?) થી છલકાતા એવા મારા ભાગ્યમાં જ્યારે : " ગુરુકુળમાં કેમ જશો બ્રહ્મચારી, તમને તમારી માતા રોકશે. "

કે વિવેકાનંદે ભારત અને ભારત જનતાને કરેલા ઉદ્બોધનો લલકારવાનો યોગ પ્રાપ્ત થયો ત્યારે મારી આખી રસ–દૃષ્ટિ પલટાઈ ગઈ અને જીવનસૃષ્ટિ નવપલ્લવિત બની.

શ્રી ડાહ્યાભાઇ જાનીની પ્રેરણા અને શ્રી ઉમેદભાઇની સક્રિય કામગીરીને કારણે સંવાદ–નાટકની પ્રવૃત્તિ વધુ વિશાળ અને ગંભીર બની. શ્રી દ્વિજેન્દ્ર રોયનાં મેઘાણી-અનુવાદિત નાટકો ' શાહજહાં ' અને ' પ્રતાપ ' તથા શ્રી રમણભાઈ નીલકંઠનું ' રાઇનો પર્વત ' અને શ્રી ન્હાનાલાલનું ' સંઘમિત્રા ' અભ્યાસક્રમમાં ચાલે ત્યારે શ્રી ઉમેદભાઇ પાત્રવરણી કરી ભાવ અને અભિનયપૂર્વક વર્ગમાં સંવાદ બોલાવે. આથી વાંચનશુદ્ધિ, ઉચ્ચારશુદ્ધિની સાથે સાથે નાટકનાં પાત્રોના ભાવ અને ક્રિયા સમજવાની સૂઝ પણ ખીલતી. તે સમયે ધોરણ પાંચમામાં– ( અત્યારનું નવમું ) ભણતા હતા ત્યારે અમોએ ' શાહજહાં ' ભજવ્યું હતું તેવો ખ્યાલ છે. શ્રી પીતાંબર પટેલે જહાનઆરાનું પાત્ર સમર્થ રીતે ભજવ્યાનું સ્મરણ છે, અને ગણપતપુરાના રહીશ ( હાલ–વડોદરાના અગ્રગણ્ય કોંગ્રેસ કાર્યકર્તા ) શ્રી ગોરધનભાઇ બેચરભાઈ પટેલે સુજાની પત્ની પિયારાની ભૂમિકા સફળ રીતે ભજવી હતી એની તાજી સ્મૃતિ છે. એશિયાના એક તત્ત્વચિંતક દિલદારની ભૂમિકા મારે ભાગ આવેલી. શ્રી કલ્યાણભાઇ, શ્રી મોતીભાઇ, શ્રી મણિભાઇ, ગણપતપુરાના ( હાલ– મુંબઈ ) શ્રી મોહનભાઈ સુરભાઈ પટેલ વગેરે અનેક મિત્રોએ એમાં ભાગ લીધેલો ( ! )– કોણે કયું પાત્ર ભજવ્યું તે યાદ નથી; પણ એ નાટક સારી રીતે ભજવાયું હતું એ ચોક્કસ. ઉપર્યુક્ત નામોમાં સંભ્રમ થવાનો સ્વલ્પાંશે સંભવ ખરો.

તે સમયે અસામાન્ય ગણાય એવો ' કૃષ્ણ–સુભદ્રા 'નો ડોલન-શૈલીમાં– અપદ્યાગદ્યમાં લખાયેલો સંવાદ શ્રી પીતાંબરે અને મેં ભજવેલો તે હજી ય સ્મૃતિમાં એટલો જ તાજો છે. ન્હાનાલાલના ' યુગપલટો ' કાંડ પરથી તૈયાર કરેલો એ ઉદાત્ત સંવાદ હતો. મથુરાની માયા મૂકી કૃષ્ણ ગુર્જર સાગરતીરે વસ્યા પછી તેઓ સુંદરમાંથી ભવ્ય કેવી રીતે બન્યા એ ' યુગપલટો ' નો વિષય છે. ' યુગપલટો ' ની ભાષા તે વખતે અનેકને સંસ્કૃત–પ્રચુર લાગી હોય પણ તેના કરતાં તો અંગ્રેજી ' બ્લેન્ક વર્સ ' ના જેવા રાગબદ્ધ ગદ્યમાં સંવાદો ચાલે તે ઘણાને વિચિત્ર લાગે. જો કે વિચિત્રતાની સાથે અસ્વાવિકતાને ભેળવવાની આવશ્યકતા નથી; કેમ જે કવિના એ ' ગાંડીવ-ધન્વા ' માં પાત્રાનુસારી ભાવ ને ક્રિયા દર્શાવવાની લવચીકતા ( Flexibility ) છે. નમૂના તરીકે ' યુગપલટો 'માંથી ' એક અવતરણ :–

સુભદ્રા :– જમનાતીરે તું ફૂલ હતો,
ને ફૂલ શું મધુરૂંક ફોરમતો.
આજે જો ! યુગપલટાના અરુણોદય,
સાગરતીરે– ધરતીને છેડે
આજ વીર મ્હારો છે જગમેઘ
ને મેઘ શો ગડગડશે જગત ભરીને.

કૃષ્ણ :– ને સુભદ્રા ! ત્હેં સાંભળી છે ?
એ બંસી યે ઘેરી ઘેરી બોલે છે.
આ વેણુ છે રેવતાચળનાં વનની:
મહીં ભરેલા છે સિંહ શબ્દના હુંકાર.

[ અનુસંધાન પાન ૮ ઉપર

## ગુરુની ખોજ

મોહનભાઈ પટેલ

પ્રવાસે નીકળ્યા હોઈએ ત્યારે કોઈ અનુભવી માનવી સાથે હોય તો કેટલી બધી રાહત રહે છે! ગાડીઓની જાણકારી, રિઝર્વેશન, પ્રવાસ સ્થાનો, સ્થળે સ્થળે ઉતારાની વ્યવસ્થા, ભોજનનો પ્રબંધ વગેરે અનેક સુવિધાઓની ચિંતા ટળી જાય છે. આપણે જાણે સાવ નિશ્ચિંત. રમણીય સ્થળો જોવાના આનંદ-માં રમમાણ રહીએ. સમય થયે વાહન હાજર, સમય થયે ભોજન મળે અને સમય થયે શયન. અગવડનું નામ નહીં. ઘરમાં વડીલની છત્રછાયા હોય છે ત્યારે ગૃહવ્યવસ્થા કે રોજ-બરોજના સામાજિક પ્રશ્નોની બાબતમાં આપણે કેવા બેફિકર રહીએ છીએ! કેટલીકવાર તો જીવન જરૂરી ચીજો ક્યાંથી આવે છે અને જવાબદારીભર્યા પ્રશ્નો કેવી રીતે ઉકલી જાય છે એની આપણને ખબર સુદ્ધાં હોતી નથી.

આવી રીતે જીવનના પ્રવાસમાં–જીવનના મહાસાગરમાં જ્યાં પળે પળે ગૂંચો આવતી હોય, મન વારંવાર ખિન્ન થઈ જાય એવી વિટંબણાઓનો પાર ન હોય, નિરાશાઓનાં ભારે વમળો આપણને ઘેરી ઘૂમરીઓમાં તાણી જતાં હોય, જીવનનો ભાર ઉપાડવાની તાકાત ખૂટી જતી હોય ત્યારે ધીરજથી કામ લેવાનું બતાવનાર, મુશ્કેલીની ગૂંચો ઊકેલી આપનાર, ઝંઝાવાતો સામે લડવાની પ્રેરણા આપનાર કોઈ વ્યક્તિ આપણા પંથને સરળ બનાવી આપનાર હોય ત્યારે આપણે ભારે શાંતિ અનુભવીએ છીએ. જીવનના માર્ગની કેડી ઉપર અજવાળાં પાથરીને પથદર્શક બનનાર આ વ્યક્તિ તે ગુરુ. ગુરુના સાનિધ્યમાં માનવી જીવનના ઘોર વનમાં પણ નિશ્ચિંત બનીને પ્રસન્નચિત્તે આગળ વધે છે. જે સંજોગોમાં એ ભારે નિરાશામાં ભાંગી પડત એ સંજોગોમાં એ અજબ ધૃતિ પ્રાપ્ત કરી શકે છે. યુદ્ધમાં સામા પક્ષે પોતાનાં જ સ્વજનો અને વડીલોને નજરે નિહાળી, એમના જ સંહારના ખ્યાલથી અર્જુનમાં એક ભારે વિષાદ પેદા થયો અને એણે હથિયાર મૂકી દીધાં. આ પરિસ્થિતિમાં કૃષ્ણે ગુરુનું કાર્ય કર્યું. સ્વજનોના સંહારના વિકટ કાર્યના વાજબીપણાનો પ્રકાશ એના ચિત્તમાં પાથર્યો. વિષાદ દૂર થયો અને અર્જુનમાં નવો જ ઉત્સાહ પ્રગટ્યો. અને એણે કહ્યું :

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।
स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव ॥

પણ પથપ્રદર્શક ગુરુની પ્રાપ્તિ એ ઘણી અઘરી બાબત છે. અગાઉ કેટલાક ભક્તો ગુરુની શોધમાં વર્ષો સુધી ફર્યાના દાખલા આપણે જાણીએ છીએ. ગુરુપદ વાંછુઓની સંખ્યાનો તોટો નથી હોતો. યોગ્યતા વિના સલાહસૂચન આપવા ઉત્સુક માનવીઓ આપણને, જ્યાં નજર નાખીએ ત્યાં જડી આવે છે. પણ એથી કાંઈ આપણને ગુરુપ્રાપ્તિ થતી નથી. આવા 'ગુરુ' ને આંખ મીંચીને સ્વીકારી લઈએ તો માર્ગ ઉપરથી ભૂલા પડતાં પણ શી વાર? ગુરુની પસંદગીમાં શિષ્યની પણ પૂરી કસોટી છે. શિષ્ય મૂર્ખ હોય તો મૂર્ખ ગુરુ ભેટી જતાં શી વાર? આવા સંજોગોમાં બંને જણ ખાડામાં પડે કે બીજું કંઈ?

સાચા ગુરુ કે માર્ગદર્શકની પસંદગીમાં આપણી ખંડ-દર્શનથી પરિતૃપ્ત થવાની આસુતોષ વૃત્તિને ત્યજવી જોઈએ. માનવીમાં પોતાનામાં હોય એના કરતાં વધારે દેખાડવાની વૃત્તિ સહજ છે. માર્ગદર્શક બનવાનો અભરખો રાખનારમાં આ વૃત્તિ વિશેષ હોવાની. આવા માનવીને અખિલાઈ ભરી નજરે ન માપીએ તો આપણે થાપ ખાઈ જવાના. વસ્તુપરખ-ની આપણી પકડ ઢીલી હશે તો આપણે સામા માનવીની મહત્તા અનુચિત રીતે સ્થાપી બેસવાના. આંશિક દૃશ્યથી આખી પ્રતિમાને આપણે કલ્પી-નિહાળી લેવા ટેવાઈ ગયા છીએ. એવી જ રીતે આપણે માનવીનાં ચાર છ ઉદ્‌ગાર, વક્તવ્ય કે કાર્યોથી એને 'સમજી' લેવા ટેવાઈ ગયા છીએ. આ માપમાં છેતરાવાનો પૂરો ભય છે. કોઈ વ્યક્તિની માપણી-માં આપણી પ્રતિભાનો ગજ પણ પૂરેપૂરો મપાય છે. આપણો ગજ બોદો હશે તો છીછરા વ્યક્તિત્વવાળા પણ મોટા દેખાવ કરી શકવાની ચતુરાઈવાળા માનવીની મહત્તા આપણી નજરે વધી જશે. એટલે જ તો કહ્યું ને કે ગુરુની શોધમાં શિષ્યની પૂરી કસોટી છે. એક વખત સાચા ગુરુની શોધ થઈ જાય તો ભવાટવીને એક મનહર અને મનભર ઉપવન બની જતાં શી વાર?

સાચો ગુરુ આપણા જીવનને કાંટારહિત બનાવે છે. અંધકાર વખતે આપણો હાથ પકડી લે છે અને ઊંડી ગર્તાના કિનારે આવીને ઊભા હોઈએ ત્યારે આપણી બાંહ સાહી લે છે. આથી જ આપણા સંસ્કૃતિગ્રંથો ગુરુની મહત્તા ગાતાં કદી થાકતા નથી. એના સમર્થનમાં નીચેના ઉદ્‌ગાનથી વિશેષ બીજું શું હોઈ શકે?

गुरु ब्रह्मा गुरुर्विष्णु गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात् परं ब्रह्म तस्मै श्री गुरुवे नमः ॥

---

### ધાર લીલા કલાની

अनामी

નિઃ સત્યોમાં સુપ્ત હે ગુપ્ત સત્ય :
નિઃ સત્ત્વોમાં રાજતા લુપ્ત સત્ત્વ :
આનન્ત્યે હે ઊભરાતા અનન્ત :
આયુષ્યે શેષ ઊગી, જીવન રસભરી,
ધાર લીલા કલાની!

### મને લોકો બોધે–

अनामी

મને લોકો બોધે : પ્રણય વરજીને પ્રભુ ભજો.
વ્યથા સંસારીની વ્યરથ : પરમાર્થે મન સજો.
મને તો શ્રદ્ધા છે : પ્રણય થકી, સાચા પ્રણયમાં
પરા મુક્તિ : સ્નેહે અભિમુખ, પ્રભુના સ્મરણમાં.

# પ્રાણ પ્રતિષ્ઠા

ભાઈલાલભાઈ

શિલ્પી વર્ષો થયાં મૂર્તિ ઘડી રહ્યો હતો. પથ્થરમાં પોતાના પ્રાણ પૂરી તેને સ્વરૂપ આપી રહ્યો હતો. તેના હૃદયમાં સંગ્રહાયેલી પ્રતિમાને પથ્થરમાં કંડારી રહ્યો હતો. તેની સાથે ઓતપ્રોત થઇ ગયો હતો. ઉપસતી જતી મૂર્તિ સાથે તેનામાં એકાત્મભાવ પ્રગટ્યો હતો.

સતત પરિશ્રમને અંતે એક દિવસ તેનું કામ પૂરું થયું, મૂર્તિ સંપૂર્ણ ઘડાઇ ગઈ. ટાંકણાં બાજૂએ મૂકી મૂર્તિને તે નિરખી રહ્યો. હૃદયસ્થ પ્રતિમા કરતાં પથ્થરમાં કંડારાયેલી મૂર્તિ તેને સવાઈ લાગી તેના હૃદયના ઊંડાણમાંથી ઉદ્ગાર નીકળી પડ્યો,

એક તું હી! તું હી!

વર્ષોથી લોકો મૂર્તિ ક્યારે પૂરી થાય અને ક્યારે તેની મંદિરમાં પ્રતિષ્ઠા કરીએ તેની રાહ જોઇ રહ્યા હતા. તે પ્રસંગ આજે આવી પહોંચ્યો હતો. મંદિરમાં મૂર્તિની પ્રતિષ્ઠા કરવાનો મહોત્સવ ઉજવાઇ રહ્યો હતો. સ્ત્રી-પુરુષ, આબાલવૃદ્ધની જબરી ભીડ જામી હતી. રાજામહારાજાઓ, શેઠશાહુકારો, પ્રભુને ચરણે હીરામોતી, સોનાચાંદી, રંગબેરંગી વિવિધ સુગંધનાં પુષ્પો, ફળફળાદિ ઇત્યાદિ ઠાઠમાઠથી ધરી રહ્યા હતા. ચપટી ચોખા અને પાઈ પૈસો નાંખનારની પણ ભારે ભીડ જામી હતી. ગાયક-ગાયિકાઓ સુંદર રાગે ઇશ્વરની સ્તુતી ગાઇ રહ્યાં હતાં. પૂજારી ઉચ્ચ સ્વરે આરોહ અવરોહ આપીને બુલંદ કંઠે સ્તોત્રો ભણી રહ્યા હતા. ધૂપદીપ મહેંકી રહ્યાં હતાં. ભજનિકો ભજન પણ લલકારી રહ્યા હતા. વિશિષ્ટ કોલાહલ વચ્ચે પ્રભુની પ્રાણપ્રતિષ્ઠા થઈ રહી હતી.

જે કોઇની મૂર્તિ ઉપર નજર પડતી તે તેના સુંદર અલૌકિક રૂપમાં અંજાઈ જતા તેમના મનમાં ભક્તિની અને ઉલ્લાસની ઉર્મિઓ ઉઠી આવતી હતી તે બોલી ઉઠતા—

ધન્ય, પ્રભુ શું રૂપ સર્જ્યું છે!
અહો શું સ્વરૂપ વિલસ્યું છે!
આંખોમાંથી નરી કરુણાભરી કૃપા વરસી રહી છે!
ઓષ્ટ મરકમરક સ્મિત વેરી પ્રેમવર્ષા કરી રહ્યા છે!

આ વિશાળ હૃદયપટ આ મર્ત્ય લોકોને આશ્વાસન આપી રહ્યું છે કે, દુનિયામાં જે નહિ સમાય તેને પણ અહીં આશરો મળી રહેશે.

વાહ, પ્રભુ! વાહ, પ્રભુ! શું રૂપ કંડારાયું છે!

આમ બધા કંઠમાંથી પ્રભુની પ્રતિમાનાં વખાણ અને સ્તુતિનો સતધા ધોધ વહી રહ્યો હતો. ધન્ય છે મૂર્તિ કંડારનારને. તેણે તો સ્વર્ગમાંથી ખુદ પ્રભુને અહીં વિરાજમાન કરી દીધા છે! જય પ્રભુ! જય પ્રભુ!

આ સઘળી સ્તુતિ, ગાયનવાદન અને મંત્રોચ્ચાર અને ઘંટનાદની વચ્ચે મંદિરના ખૂણેથી અલગ તરી આવતો એક અવાજ આવી રહ્યો હતો. આ બધાં વખાણો સાંભળીને ગદ્ગદીત થઈ ગયેલ કંઠમાંથી નિરંતર એક અવાજ ઊઠી આવતો હતો.

એક, તું હી! તું હી!

એ અવાજ એવા પ્રાણ ભરી આવતો હતો કે તે જેના કાને પડતો એ મૌન થઇ જતા. કોલાહલમાંથી પણ આ અવાજ માણસો સ્પષ્ટ સાંભળી રહ્યા હતા. ધીરે ધીરે કોલાહલ ઓછો થવા લાગ્યો અર્ધ્યના સોનાચાંદીના થાળ હાથમાં જ રહી ગયા અને બધી આંખો આ અવાજની શોધમાં લાગી ગઇ. માત્ર સ્તુતિ અને મંત્રોનું શાસ્ત્રીય ગાન ચાલુ રહ્યું, પણ સાંભળનારનું ચિત્ત તેમાંથી વિચલિત થવા લાગ્યું. અવાજ એવો ઘોર ગંભીર અને ખેંચાણવાળો થવા લાગ્યો. કે પૂજારીઓ અને ગાયકો પણ ધ્યાનચ્યૂત થવા લાગ્યા અને તાલ ચૂકયા. તેઓના વેપારમાં ખલેલ પડી. તેઓનું "એક તું હી! તું હી!" ના તરંગ તરફ ધ્યાન ખેંચાઇ રહ્યું. બધે શાન્તિ થઈ રહી. માત્ર "તું હી! તું હી!" જ સમગ્ર વાતાવરણને ભરી રહ્યું.

બધાએ જોયું કે એક ખૂણામાં ઉભા રહી ગયેલા મૂર્તિના શિલ્પકારના કંઠમાંથી આ અવાજ આવી રહ્યો હતો. એ અવાજનું આકર્ષણ એટલું વધ્યું કે તેમની સાથે બધો સમુદાય 'એક તું હી! તુ હી!" ગાવા લાગ્યો.

શિલ્પી તો ધ્યાનસ્થ દશામાં ભાવાવેશમાં હૃદયના ઉંડાણમાંથી જપી રહ્યો હતો, "તું હી! તું હી!" એક તું હી! તું હી" જનતા પણ તેમની સાથે તલ્લીન થઇને એ પ્રમાણે ભાવવિભોર બનીને ગુંજારવ કરવા લાગી, "એક તું હી! તું હી!"

શિલ્પીનો અવાજ ધીરે ધીરે નીચે ઉતરતો ગયો, છતાં માનવમેદનીમાં તે મોટો થઇને સંભળાતો હોય એમ લાગી રહ્યું...... અવાજ તેમના કંઠમાં જ ભરાઇ ગયો હોય એમ લાગ્યું. "તું હી! તું હી! લોકોને વધારે મોટા અવાજે સંભળાવવા લાગ્યુ.........અવાજ ગળામાંથી નીચે ઉતરવા લાગ્યો અને શિલ્પી ઢળી પડતો જણાયો. કેટલાકે એક તેજ પૂંજને શિલ્પીના દેહમાંથી મૂર્તિ ભણી જતો નીરખ્યો. મૂર્તિ ઝળાંઝળાં થઇ ઉઠી. અને "એક, તું હી! તું હી!"નો ગગનચૂંબી ઘોર અવાજ સંભળાઈ રહ્યો.

પ્રાણપ્રતિષ્ઠાનો ઉત્સવ પૂરો થયો.!

---

## આપણા દાતાઓ

### શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ

જનરલ મરચંટ એન્ડ કમીશન એજન્ટ

ચોખાબજાર, કાળુપુર, અમદાવાદ—૨



શ્રી બળદેવભાઈ સાણંદના વતની છે. સાણંદમાં ગુજરાતી અભ્યાસ પૂરો કરી આગળ અભ્યાસ માટે તેઓ આ સંસ્થામાં દાખલ થયા હતા. તેઓએ આ સંસ્થામાં ત્રણ વર્ષ અભ્યાસ કર્યો હતો. સને ૧૯૩૪ માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી વતનમાંજ પિતા દ્વારા ચાલી રહેલા નાના પાયા ઉપર-વેપારમાં જોડાયા. પિતા ઘરની ખેતી સંભાળતા અને વેપાર કરતા હતા.

ત્રણચાર વર્ષ સાણંદમાં અનુભવ મેળવી :અમદાવાદમાં પ્રોવિઝન સ્ટોર્સની દુકાન કરી. તેમાં ખંત, જાતી: દેખરેખ અને મહેનતથી આગળ વધ્યા. અમદાવાદમાં હોલસેલ અનાજના વેપારમાં ધંધો શરૂ કર્યો અને તેમાં સારી રીતે જમાવટ કરી અમદાવાદના અનાજ બજારમાં સારી નામના ધરાવતી શ્રી બળદેવભાઇ ડોસાભાઇ પટેલ નામની પેઢીનું તેઓ છેલ્લા વીસ વર્ષની સંચાલન કરી રહ્યા છે.

તેઓ ગ્રેઈન મરચન્ટસ્ એસોસીએશન – અમદાવાદની મેનેજીંગ કમીટીમાં લાંબો સમય સભાસદ તરીકે રહ્યા છે અને ચાર વર્ષ સુધી તે તેના પ્રમુખપદે પણ રહી ચૂકયા છે. ગુજરાત વહેપારી મહામંડળની મેનેજીંગ કમીટીમાં અને અન્ય ધંધાકીય તથા સામાજિક પ્રવૃત્તિઓની વ્યવસ્થાપક સમિતિ-ઓમાં તેઓએ સેવાઓ આપેલી છે.

સને ૧૯૬૭ ના દુષ્કાળ વખતે ગુજરાત દુષ્કાળ સંકટ રાહત સમિતિ વતીથી પંચમહાલ તેમજ સાબરકાંઠા જિલ્લામાં સસ્તા અનાજના વિતરણનું કામકાજ સક્રિય રીતે સફળતા-પૂર્વક કરેલું તથા મફત રસોડાં ચલાવવામાં પણ સક્રિય કામ કરેલું. હાલની બનાસકાંઠાની દુષ્કાળ પરિસ્થિતિમાં ગુજરાત રાહત સમિતિ તરફથી સક્રિય ભાગ લઈ સસ્તા ભાવે અનાજ વેચવાનું કામ કરી રહ્યા છે.

તેઓએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળને રૂા. ૧૫૦૧) ની ઉદાર દિલથી દેણગી કરી છે.

### શ્રી સોમાભાઈ મગનલાલ પટેલ

મુ. બલોલ (તા. મહેસાણા) * હાલ : અમદાવાદ



મહેસાણા જીલ્લાનાં કેટલાંક ગામ તેમની પ્રગતિમાન દૃષ્ટિ માટે જાણીતાં છે. એવું એક ગામ બલોલ છે. બલોલના નિષ્ઠાવાન એક આગેવાન શ્રી મગનભાઈ બાજીદાસના સુપુત્ર શ્રી સોમાભાઇ અમદાવાદમાં સોના - ચાંદીના ધંધામાં જાણીતા વહેપારી છે. તેઓએ આ સંસ્થામાં આશ્રમ અને વિદ્યાલયમાં રહીને મેટ્રિક સુધી અભ્યાસ કર્યો હતો. સને ૧૯૪૧ માં તેઓ મેટ્રિક પાસ થયા હતા.

૧૯૪૨ માં એક વર્ષ બલોલની અંગ્રેજી શાળામાં શિક્ષક તરીકે તેઓએ કામ કર્યું હતું. અને ત્યાર પછી ૧૯૪૩ થી અમદાવાદમાં માણેકચોકમાં સોના-ચાંદીના દાગીના બનાવવાની અને વેચવાની સોમાભાઈ ત્રિભોવનદાસ ચોકસીના નામની ભાગીદારીમાં પેઢી શરૂ કરી. અને તે ધંધો સારી રીતે વિકસાવ્યો છે અને પ્રતિષ્ઠા જમાવી છે.

તેઓ તથા તેમના ભાગીદાર ભાઇઓ ધંધા ઉપરાંત સામાજિક અને કેળવણીનાં કાર્યોમાં સારો રસ ધરાવે છે અને તેમાં આર્થિક સહાય પણ આપે છે.

આ મંડળ સંચાલિત બલોલ ગામની આઈ. એમ. જે. સર્વ વિદ્યાલયની સ્થાપના અને વિકાસમાં આ ભાઇઓએ આગળ પડતો ભાગ લઇ સારી આર્થિક સહાય કરી છે. ગામના દવાખાના વગેરે પ્રવૃત્તિઓ માટે પણ તેઓએ સહાય કરી છે.

શ્રી સોમાભાઈ તરફથી આ સંસ્થાને રૂ. ૧૦૦૧) નું દાન મળ્યું છે.

---

### હાઈકુ

જાદવભાઈ તુ. પટેલ (રશ્મિભિક્ષુ)

(૧) શારદા મૈયા !
સર્વ વિદ્યાલયઃ હું
શિશ ઝૂકાવું.

(૨) વાદલડીમાં
ચાંદ છૂપાયોઃ શોધે
પાગલ ઝરણાં !

(૩) ગાંધી શતાબ્દી !
સત્ય - અહિંસા દીપ
જ્યોત વિહોણાં !

(૪) હસે ચાંદની
ફૂલડાં ફોરેઃ હૈયું
મલકે ઝીણું.

# સનાતન સત્યો

[ ઉત્તર વિયેટનામના પ્રમુખ હો ચી મીં એ મૃત્યુ પથારી-એથી રશિયા અને ચીનના માંધાતાઓને પત્ર લખેલો તેને દિલ્હીના 'હિમ્મત' નામના અંગ્રેજી સાપ્તાહિકમાંથી અહીં ગુજરાતીમાં ઉતાર્યો છે. —સં. ]

વ્હાલા બિરાદર એલેક્ષી અને માઉ,

ડૉકટરો કહે છે કે મારો સમય ભરાઈ ગયો છે. અને આ છેલ્લા અઠવાડિયાઓમાં તમે બન્ને મારા વિચારમાં રમી રહ્યા છો.

મને મૃત્યુ પામવાનો ડર નથી. મારો આત્મા સંતોષ પામશે કે મારું ઘરડું શરીર મારી માતૃભૂમિની માટીમાં આરામ પામશે કે જેને ( માતૃભૂમિને ) ઘડવામાં અને દોરવામાં મેં મારું સર્વસ્વ ખર્ચ્યું છે. મૃત્યુ પછી શ્રીમંતોના સ્વર્ગમાં ફરવાની ઇચ્છા રાખતો નથી. તેમજ સામ્રાજ્યવાદીઓ મારે માટે ઇચ્છે છે ત્યાં જઈને પરસેવો પાડવા પણ માગતો નથી.

મને મૃત્યુ પામવાનો ડર નથી. છતાં અંત જેમ નજીક આવે છે તેમ વસ્તુઓને-પરિસ્થિતિને થોડી જુદી રીતે જોયા સિવાય રહી શકતો નથી. તમને પણ તેની એક દિવસ સમજ પડશે.

મેં મારી પસંદગી વરસો પહેલાં કરી લીધી છે. તેને માટે મને પસ્તાવો થતો નથી. મારી જાત માટેના અંગત બદલાનો કોઈપણ જાતનો વિચાર કર્યા સિવાય મેં મારા વચનને વફાદાર રહેવાનો પ્રયત્ન કર્યો છે. મારાં મોટરના ટાયરના ચંપલ તરફ સામ્રાજ્યવાદીઓ હસે છે. પણ સાચું કહું તો મને તેમાં આરામ રહે છે. અને તે પૂરતાં સંતોષકારક છે. હું માત્ર ઇચ્છું છું કે દરેક સ્ત્રી-પુરુષને તેની એક એક જોડ મળે. માનવીની તંગીનો અને તેના હકાલપટ્ટીનો અંત આણુવાની મારી અંતરેચ્છાએ સૌ પ્રથમ આપણી ક્રાન્તિમાં મને રસ ઉત્પન્ન કર્યો હતો. સામ્રાજ્યવાદીઓ માને છે કે સત્તાના લોભને કારણે આપણામાં આ સ્વપ્ન જન્મ્યું છે પણ તેઓ મુર્ખ છે. તેમ છતાં મને લાગે છે કે સત્તાના પ્રેમે આપણને આપણી જાણ બહાર ઘેરી લીધા છે અને આપણા સ્વપ્નના ભૂક્કા ઉડાવી દીધા છે.

તમારા દેશો તરફનું ઋણ હું કેવી રીતે અદા કરી શકું ? મારા હૃદયમાં આજે પણ સળગી રહેલી આગને ઝારના દરવાજા ખખડાવનાર અને જનતાને ત્રાસમાંથી મુક્ત કરનાર તમોએ વીંઝ્યો નાંખ્યો છે.

મારી ઇચ્છા છે કે તમે બન્ને મારી દફનક્રિયામાં હાજર રહેશો. મારી દફનક્રિયા માટે મને કંઈ પડી નથી. પરંતુ મને લાગે છે કે દુનિયાભરના બિરાદરો હેનોઈ તરફ કોઈ નિર્દોષ માટે નજર માંડી રહ્યા હશે કે ડ્રેગન (ચીન) અને રીંછ (રશિયા) મારા જનાજાની આજુબાજુ મળે.

આપણે ફેસીસ્ટો સામે લડ્યા અને જીત્યા, આપણે ફ્રેંચો સામે લડયા અને જીત્યા. આપણે અમેરિકનો સામે લડી રહ્યા છીએ અને જીતી રહ્યા છીએ. આપણે જીતીએ છીએ ? આપણે મારી રહ્યા છીએ અને આપણા પુત્રો મરી રહ્યા છે પણ આપણે જીતીએ છીએ ? આની કિમ્મત શું પડશે ? કોમ્યુનિસ્ટ વિએટનામ બેયોનેટો સાથે ધસી ગયું લાખો માણસો આપણા ઉપર ધિક્કાર વર્ષાવતા અને ભયની નચે જીવતા— જેઓ આપણી સાથે સહમત ન થયા તેમને ઝારના દોઝખખાનાની જેમ પૂરી દીધા. આજ પ્રશ્ન મારી માતૃભૂમિ સંબંધી મને પીડી રહ્યો છે કે જ્યાં મારાં હાડકાં દટાવાનાં છે.

આ પીડા પૂરતી છે પણ તમે બન્ને જે યાતનામાં હશો તેથી મને રુદન આવી જાય છે. રશિયા અને ચીન ! લાખો માણસોની આશા તમારી ઉપર હતી. હવે તમે લાખો લોકોના, જેમાં આપણા બિરાદરો પણ છે, તેમના મેણાં-ટાણાં સાંભળી રહ્યા છો. આપણા ધિક્કારને આપણી ક્રાન્તિને નાકામિયાબ બનાવવા દીધી છે અને તેમાં ઝેર રેડવા દીધું છે. આપણે માનેલું કે આપણે મુડીવાદીઓને ધિક્કારીશું અને અંદરોઅંદર પ્રેમ કરીશું. આપણે ખોટા હતા. આપણે મુડીવાદીઓને ધિક્કાર્યા અને તેનું પરિણામ અંદરોઅંદર એકબીજાને ધિક્કારવામાં આવ્યું. આ એક સનાતન નિયમ છે જેને આપણે ધ્યાનમાં ન લીધો.

મને મૃત્યુનો ભય નથી. પણ દક્ષિણ વિયેટનામની યુદ્ધભૂમિ ઉપર મરણ પામેલા આપણા ભાઈઓના જીવનો મને ક્યાંય મેળાપ થશે ? હું તેમને કહી શકીશ કે આપણે જીત્યા છીએ ? નવી દુનિયા કે જેને માટે તેમણે પોતાના જીવ આપ્યા તે મળી રહી છે તેમ તેમને કહી શકીશ ? મને ખાત્રી નથી કે માત્ર સૂત્રો સંતોષ આપી શકશે.

મને મૃત્યુનો ભય નથી. પણ મને ડર છે કે ઇતિહાસનો ચૂકાદો શું હશે– મારા જીવન માટે નહિ પણ આપણી ક્રાન્તિ સંબંધમાં. હું ઇચ્છું છું કે મને થોડાં વધુ વર્ષો મળે. પરંતુ તમારી પાસે તો હજુ સમય છે કદાચ તમે આપણામાં–નાઓની જે કરવાની હિંમત હતી તેના કરતાં વધુ કરી શકશો.

આપણા તિરસ્કારે અને ડરે આપણી આજુબાજુ દિવાલો ચણી લીધી છે— પ્રથમ આપણા રાષ્ટ્રની આજુબાજુ અને આખરે આપણી જાતની આજુબાજુ. હવે તમારા બે રાષ્ટ્રોને જુદા કરતી દિવાલ ઉભી થઈ છે. આપણી દિવાલોની વચ્ચે નાની દિવાલો ઉભી થઈ છે. તમે તિરસ્કાર અને વહેમની દિવાલોનું ઉલ્લંઘન ખરેખર કરી શકો તો તમે સાચા ધંધાર્થી ( ધ્યેયાર્થી ?) બની જાઓ. કારણ કે આ દિવાલો આપણે સિદ્ધાંતો ઉપર

બાંધી હોવાની વાતો કરીએ છીએ તે રીતે બંધાયેલી નથી. તે તો માનવ સ્વભાવના નિશ્ચળ સ્વભાવ ઉપર બંધાઇ છે. તેની ઈંટો ગર્વ, ઇર્ષ્યા અને તિરસ્કારની છે. તે કોમ્યુનિસ્ટ ઈંટો નથી, તેમ કેપીટાલીસ્ટ ઈંટો નથી. તે ઈંટો સામાન્ય માટીની—માનવ માટીની છે. તેનો નાશ કરો અને તમે તમારી ક્રાન્તિને અને દુનિયાને આજની દ્વિધાની પરિસ્થિતિમાંથી માર્ગ બતાવી શકશો.

તમારી માફક જ મને સામ્રાજ્યવાદીઓ સર્જીત ઇશ્વર માટે સમય નથી. તેની હૈયાતી આપણી ક્રાન્તિને અવરોધતી લાગે છે. પરંતુ દંભ પ્રત્યેના આપણા પ્રત્યાઘાતથી આપણે આપણા મૂળભૂત તત્ત્વના કારણની લુંટ નથી ચલાવી ? કોઇ એક માનવીય સત્તા માનવાના આપણા નકારને કારણે આપણે છીન્નભીન્ન થઇ ગયા છીએ. જે આપણો કદી આશય ન હતો. જે તત્ત્વ ખૂટે છે તે એ ઉચ્ચ સત્તા હશે કે જેને સર્વ કોઇ સ્વીકારી શકે અને માનવ વૃત્તિઓને વાળી શકે; જે માનવ વૃત્તિઓ આપણા ઉમદા હેતુઓને નિષ્ફળ બનાવે છે.

મને લાગે છે કે આપણે જેવા સમાજની રચના કરવા માગીએ છીએ, તે માટે આપણે કંઇક નવીન શોધી કાઢવું પડશે. સૌથી વધુ ક્રાન્તિકારી બિરાદર એ બની શકશે કે જે એવા ખુલ્લા મનનો હશે કે જે અંતરના ડહાપણના—આત્માના અવાજને—નિસ્વાર્થ, અને પ્રમાણિકતાના અવાજને—ઇશ્વરના અવાજને સાંભળી શકશે.

આપણે ખોટા હતા તે સ્વીકારવું તે હાર નથી. તે વિજય છે. આ સમજો જ્યારે તમારી પાસે સમય છે.

તમારો વફાદાર બિરાદર,
હો ચી મીં
Ho Chi Minh

---

## સુવાસ

મહાત્મા ટોલ્સ્ટોયને એકવાર કોઇએ પૂછ્યું : "માણસના જીવનમાં ઘડતરનું મૂલ્ય શું ?"

મહાત્મા ટોલ્સ્ટોયે કહ્યું : "લોઢાના એક ટુકડો વેચો તો તેનો એક રૂપિયો ઉપજે. પણ જો એ લોઢાના કકડામાંથી ઘોડાની નાળ બનાવીને વેચો તો અઢી રૂપિયા ઉપજે. જો એ લોઢાના ટુકડામાંથી સોય બનાવીને વેચો તો છસો રૂપિયા ઉપજે. અને જો નાળ કે સોય બનાવવાને બદલે ઘડિયાળની ઝીણી ઝીણી કમાનો બનાવીને વેચો તો પચાસ હજાર રૂપિયા ઉપજે. લોઢું તો એનું એ જ, એટલું જ છે. પરંતુ જેવું ઘડતર કરો એવું એનું મૂલ્ય અંકાય. માણસ વિષે પણ આવું જ છે. માણસનું જેટલું ઘડતર સારું, એટલું એનું મૂલ્ય વધારે.

---

ગુજરાતની અગ્રગણ્ય અને આપણી
સૌની પ્રિય માતૃસંસ્થા

સુવર્ણજયન્તી

પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ
સર્વે ભાઈ—બેનો પાસે
અપેક્ષા રાખે છે:

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.
(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.
(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.
(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.
(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. 'સુવર્ણ જયંતી' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.
(૬) 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફટથી મોકલી આપવા વિનંતી છે.

આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::

# પત્ર પેટી

[ 3 ]

Tele :- NIPCO Phone Office :- 24742 Resi-27934
M/s N. I. Patel & Co.
5/359 Bhajiwali Pole, Baranpuri Bhagol, SURAT-1

તા. ૨૬-૧૨-૬૯

પૂજ્ય મામાશ્રી,

મામીશ્રી, બાળકો તથા સ્નેહીજનો સૌ કુશળ હશો. આમતો મેં ત્રિકમલાલ ન. પટેલને રૂબરૂ કહેલું કે તમે કડી જાઓ છો તો પૂજ્ય મામાશ્રીને જણાવશો કે સુરત 'સુવર્ણ જયંતી' ના ફાળા અંગે જો રૂબરૂ આવો તો ઘણું સારું. હાલમાં નાતાલ વેકેશન ચાલુ છે વળી અહીં પોંકની સીઝન પણ ચાલુ છે. અહીંની વિશિષ્ટતા એ પોંકનો અનુભવ પણ એકાદ વખત કરવા જેવો ખરો. જો અનુકૂળ હોય તો અવશ્ય આવી જશો. ફાળો પણ વ્યવસ્થિત રીતે થઇ શકશે. માટે જરૂરથી આવશો.......અમારા આમંત્રણનો સ્વીકાર જરૂરથી કરશો એવી આશા રાખીએ છીએ.

આપના ભાણેજ : નરોત્તમભાઇના પ્રણામ

પ્રતિ : શ્રી મોહનલાલ બી. પટેલ :

પ્રિન્સિપાલ : સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ, કડી.

[ ૪ ]

ઠે. ગુજરાત વિજળી બોર્ડ
રાધનપુર તા. ૧૪-૧૦-૬૯

માનનીય, આચાર્ય સાહેબ,

આપ સર્વના પરિશ્રમના પરિપાક રૂપે આકાર લેતો 'સુવર્ણ જયંતિ' નો ચોથો અંક ઉપલબ્ધ થયો. વાંચી ખરેખર અનહદ આનંદ થયો.

શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે જ નહિ; સાહિત્ય પ્રત્યેની અભિરૂચિના કારણે પણ મને અનેક વાર થતું કે, સ્કૂલમાંથી 'મંજરી' ની જેમ એક સર્વાંગ સુંદર સામયિક પ્રસિદ્ધ થાય કે જેમાં સાહિત્યની સર્વ શાખાઓ-વાર્તા, કાવ્ય, રૂપક, મહાપુરુષના ઉમદા વિચારો બધું વાંચવાનું મળી રહે, અને ત્યાં 'સુવર્ણ જયંતી' સાંપડ્યું.

પાંચ રૂપિયાનું લવાજમ કંઇ વધુ ન કહેવાય. શાળાની અનેકવિધ પ્રવૃત્તિઓમાં દરેક વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો તરફથી ફૂલ નહિ તો ફૂલની પાંખડી મળે અને સંસ્થાને મદદ મળે. આવો સુંદર Idea આપનાર અને તેને 'સુવર્ણ જયંતી' સાપ્તાહિક તરીકે મૂર્તિમંત કરનારને ધન્યવાદ.

હવે મારો અલ્પ પરિચય આપું.

વતન કડી પાસેનું કાસ્વા. ધો. ૮ થી ૧૧ સુધી સર્વ વિદ્યાલયમાં ભણી સ્વામિનારાયણ આર્ટસ કૉલેજમાં તથા કલોલ કૉલેજમાંથી ૬૫ ની સાલમાં અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર લઇ બી. એ. થયો. બી. એ. થયા પછી સીટી લૉ અમદાવાદમાં LL. B. શરૂ કર્યું. એ અરસામાં ગુજરાત વિદ્યુત બોર્ડમાં સર્વિસ મળતાં પ્રથમ વર્ષ પૂર્ણ કરી છેલ્લા ચારેક વર્ષથી અહીં સર્વિસ કરી રહ્યો છું.

સંસ્થાનું મારા લાયક કામકાજ જણાવશો, તો મારી જાતને ધન્ય માનીસ, રૂા. પાંચ લવાજમના તો મોકલાવીશ જ.

તસ્દી બદલ ક્ષમા યાચું છું.

આપનો વિશ્વાસુ : ધનાભાઇ કે. વણકરના
( ડી. કે. કાસ્વાકર ) જયહિંદ

# સુવર્ણ જયંતી ફાળામાં
## નીચેની નવીન રકમ લખાઇ છે.

૩૩૮૪૮) આગળનો સરવાળો.
૨૫૧) શ્રી વિઠ્ઠલભાઈ છગનલાલ પટેલ
એકાઉન્ટસ ઓફીસર, જિલ્લા પંચાયત, કચ્છ-ભૂજ
૩૪૦૯૯)

[ અનુસંધાન પેજ બે ઉપરથી ]

સુભદ્રા :- અર્ધી-અર્ધી સદીનાં મ્હારા વીર !
અંહી- ધરતીની પરવાડે;
ત્હેં જગત તપેશ્વરીએ તપ માંડયાં :
અર્ધી-અર્ધી સદીભર.

રૈવતવનના સિંહનાદ ઝીલ્યા :
અર્ધી-અર્ધી સદીભર
સાગરતીરે સાગર મંત્રણા પીધી.

વ્રજમાં તું હતો મધુરપની ઝરમર :
સોરઠને આરે તું સોહામણો,
થયો ગાજન્તો મેઘાડંબર.

બંસી બોલ ઘૂંટાઇઘૂંટાઇને,
મ્હારા કૃષ્ણદેવના થયા મેઘનાદ.

ગોપિકાનાં જીવન ઘડયાં;
હવે ભારતનાં ભાગ્ય ઘડ.
વ્રજનો રસવિધાતા થયો;
હવે થા ભારતનો ભાગ્યવિધાતા.

જો ! અરુણ આશિષો વરસે છે,
યુગની બાજી સમેટી લે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વે સ્ટેશન સામે-કડી : તા. ૧-૧-૭૦

62

# સુવર્ણ જયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રાંચ

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૮-૧-૭૦ [ અંક ૧૬

## સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન

### એપ્રીલ ૧૯૭૦ના પહેલા સપ્તાહમાં

એપ્રિલ ૧૯૭૦ના પહેલા સપ્તાહમાં સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન ભરવા વિચારાયું છે

પચાસ વર્ષ દરમ્યાન સર્વ વિદ્યાલય અને આશ્રમમાંથી પ્રેરણા મેળવી ઘણા-હજારો વિદ્યાર્થીઓ જીવનક્ષેત્રમાં પ્રવેશ્યા છે. એમાંના કેટલાય તો દાદાજી થયા છે અને કેટલાક જીવન-નિવૃત્તિ ભોગવે છે.

પચાસ વર્ષ દરમ્યાન શિક્ષકો પણ બદલાયા છે. કાર્યકરો પણ બદલાયા છે.

પણ આ બધા સર્વ વિદ્યાલય અને આશ્રમનો પરિવાર છે.

આ બધા સુવર્ણ જયન્તીના વર્ષમાં એક બીજાને મળે અને જૂનાં સ્મરણો તાજાં કરે અને તે સારૂ સર્વ વિદ્યાલય અને આશ્રમના કુટુમ્બ પરિવારનો મેળો-સંમેલન થાય એવી માગણી કેટલાક જૂના વિદ્યાર્થીઓ તરફથી આવી છે.

આ સંમેલન ૧૯૭૦ એપ્રિલ મહિનાના પહેલા અઠવાડિયે ભરવામાં આવશે. આપણા ઘણા વિદ્યાર્થી સરકારી નોકરીમાં છે. તેથી તેમનું સૂચન છે કે તેમને માર્ચ પછી અનુકૂળ થાય.

૧૯૭૦ એપ્રિલ પહેલાં સાયન્સ કોલેજની હોસ્ટેલનું મકાન, રસોડું અને ગૃહપતિ નિવાસનાં મકાનો તૈયાર થઇ ગયેલાં હશે. આ પ્રસંગે આ મકાનોનું ઉદ્‌ઘાટન કરવા નિર્ણય કરવામાં આવ્યો છે.

જૂના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કાર્યકરો સંસ્થાની પ્રગતિ જુએ. એમાં દિશા-સૂચન કરે અને ભવિષ્યની રૂપરેખા તૈયાર કરે.

આ સિવાય સામાજિક, આર્થિક વગેરે બાબતોની વિચારણા કરે.

આમ વિચારોની આપ-લે થાય અને સમાજની સેવામાં એક પગલું આગળ વધવાનું થાય.

સર્વ વિદ્યાલય-આશ્રમ પચાસ વર્ષ ઉપર શરૂ કરવામાં આવ્યાં, ત્યારે મહેસાણા જિલ્લો શિક્ષણ ક્ષેત્રે ઘણો પછાત હતો. માત્ર બે ત્રણ હાઇસ્કૂલો હતી. સર્વ વિદ્યાલય-આશ્રમમાંથી વિદ્યાર્થીઓ નીકળ્યા તેમણે એમના ગામોમાં અંગ્રેજી શાળાઓ સ્થાપવામાં-ચલાવવામાં મહત્વનો ફાળો આપ્યો છે. મહેસાણા જિલ્લામાં બસો ઉપરાંત હાઇસ્કૂલો છે, અને તે બધીનું સારી રીતે સંચાલન થાય છે.

મહેસાણા જિલ્લામાં અઢાર જેટલી કૉલેજો છે. આમાં પણ સર્વ વિદ્યાલય-આશ્રમના જુના વિદ્યાર્થીઓ અને કાર્યકરોનો સારો ફાળો છે.

આનો આનંદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળને છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંચાલકો, શિક્ષકો અને જૂના વિદ્યાર્થીઓ તેમ જ કાર્યકરો ગર્વ લઇ શકે તેવી પ્રગતિ મહેસાણા જિલ્લાએ કરી છે.

પચાસ વર્ષ ઉપર મહેસાણા જિલ્લામાં રૂઢિગત રિવાજો, માન્યતાઓ અને વહેમો હતાં.

શ્રી છગનભાને લાગ્યું કે આ અંધકાર નિવારવા શિક્ષણ જ્ઞાન દીવો પ્રગટાવવો જોઇએ. એમણે એ દીવો કડીમાં આશ્રમ અને સર્વ વિદ્યાલય સ્થાપી ચેતાવ્યો. પરિણામે અંધકાર ઓછો થયો.

[ પાછળ ચાલુ ]

[ ૧લા પાનાનું ચાલુ ]

છતાં હજુ ઘણું કામ કરવાનું છે. સમાજ રૂઢિ, વ્હેમો અને ખોટી માન્યતાઓથી પર થયો નથી. જૂની પ્રણાલિકાઓ સારી જે છે તે સાચવવી જોઇએ. પણ નુકશાનકારક પ્રણાલિકાઓનો અંત આણવો જોઇએ. હાનિકારક નવી પ્રણાલિકાઓ અને ખોટા રિવાજો સમાજમાં દાખલ થવા માંડ્યા છે.

સમાજિક, આર્થિક તેમ જ રાજકીય ક્ષેત્રે ઉત્તર ગુજરાત પછાત છે. સમાજનાં કામ ઘણાં છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંચાલકો, કાર્યકરો નવા-જૂના શિક્ષકો તેમ જ નવા-જૂના વિદ્યાર્થીઓની જવાબદારી ઉત્તર ગુજરાતને, ગુજરાતના બીજા ભાગોની હરોળમાં મૂકવાની છે એ ભૂલવું નહિ જોઇએ.

સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન, જેમાં સંચાલકો, કાર્યકરો, નવા જૂના શિક્ષકો તેમજ નવા જૂના વિદ્યાર્થીઓ વગેરે હાજરી આપશે. તેઓ સર્વ એમની જવાબદારીઓનો વિચાર વિનિમય કરે અને પ્રગતિ સાધવા રસ્તા શોધે અને કાર્યરત બને.

આ પરિવાર સંમેલનમાં સંચાલકો, કાર્યકરો અને નવા જૂના શિક્ષકો હાજરી આપે.

મારું કામ તો સંમેલન મેળવવાનું. અને ત્યાર પછી સંમેલનમાં હાજરી આપનારા સંમેલનનું સંચાલન કરે. વિચારોની આપ લે કરે અને પ્રગતિ સાધવાની દિશા અને રસ્તા નક્કી કરે અને પ્રગતિ સાધે.

પુરુષોત્તમદાસના
જયહિંદ

[ સામેના કોલમમાંથી ચાલુ ]

આનંદ હવે તો મળવો મુશ્કેલ છે પણ ઇશ્વર કદાચ તક આપે તો અવશ્ય ઝડપી લેવી છે.

આ સંસ્થા માટે અમને ઘણો ગર્વ છે. મારે લાયક કામકાજ હોય તો અવશ્ય જણાવશો તો હું મારી સંસ્થાનું કામ કરી અનેરો આનંદ લઈ શકું.

શિક્ષકગણ, સર્વ વિદ્યાલયનો પરિવાર, વિદ્યાર્થીમિત્રોની કુશળતા ઇચ્છતો હું કુશળ છું. આભાર સાથે.

લી.
પુરુષોત્તમ રામદાસ પટેલ

---

## સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો.

---

# ટપાલ પેટી

[૫]

ફીઝીક્સ ડિપાર્ટમેન્ટ
એમ. એન કૉલેજ,
વિસનગર.

માનનીય સાહેબશ્રી,
સાદર પ્રણામ.

સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીનું નામ સ્મરણ કરતાં જ અંતરમાં આનંદ ઉભરાય છે. જે માતૃગોદથી ઉચ્ચ પ્રકારના સંસ્કાર લાધ્યા છે તેને કેમ વિસરાય? શાળા પોતાના ભૂતપૂર્વ બાળકોને આ રીતે યાદ કરે છે, એ ખરેખર પ્રશંસનીય અને આવકારદાયક પગલું છે. કોઇપણ પ્રસંગે શાળામાં આવવાનું થશે તો ખૂબ જ ઉલ્લાસથી આવીશ. એ જ.

આપનો વિદ્યાર્થી
પાનાભાઈ શિ. વણકર

---

[૬]

એ/૫ હૉસ્પીટલ સ્ટાફ ક્વાર્ટર્સ
કીર્તિમંદિર નજીક
વડોદરા

પૂજ્યશ્રી,

સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ-કડીમાંથી સંસ્કાર સિંચન પામી ૧૯૪૭માં કડી છોડ્યા પછી ન કડીનો સંપર્ક સાધી શક્યો કે ન સર્વ વિદ્યાલયનો. અને માતૃસંસ્થાની યાદ આજ વીસ વર્ષે પણ એવી ને એવી જ છે જ્યારે સંસ્થાની પ્રગતિ, ઉત્સવ, ઉજવણી કે ચઢતીના પ્રસંગો વિષે કંઇ પેપરમાં વાંચવા મળે છે ત્યારે કે કોઇ તે બાજુના અને સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી, ધંધાર્થી કે નોકરિયાત મળે છે ત્યારે પુરાણી પુણ્ય સ્મૃતિઓ સજીવન થાય છે અને વીસ વર્ષ પહેલાંનું મનોરમ રમ્ય દૃશ્ય નજર સમક્ષ તરે છે. વિનંતી કરવાની કે શુભ પ્રસંગે મને સંસ્થાની પ્રગતિ જણાવવા અને તેની ચઢતીમાં સોપાન તરીકે ઉપયોગી થવાની તક આપવા કૃપા કરશો.

લી આપનો
ચંદ્રકાન્ત મગનલાલ શાહ

---

[૭]

આદર્શ હાઇસ્કૂલ
નવા ડીસા

આચાર્યશ્રી,

આપનો પત્ર મલ્યો. ઘણો જ આનંદ થયો.

આપણી સંસ્થાનું અવારનવાર અમે જૂના મિત્રો પત્રો દ્વારા સ્મરણ કરીએ છીએ. આશ્રમની રહેવાની, જમવાની, રમતોની અને અભ્યાસની મઝા ભૂલાય તેવી નથી. પત્ર લખતાં મન કડીના વિચાર કરી રહ્યું છે. કડીનો અનેરો

[ સામેના કોલમમાં ચાલુ ]

## ૫૦ વર્ષને ઉંબરેથી

## સંન્યાસીનું સંતાન

રણજીત પટેલ
( अनामी )

આપણી સંસ્થા એ સાચા અર્થમાં 'સંન્યાસીનું સંતાન' છે. સંન્યાસીની પ્રાચીન ને પારંપારિક ( Traditional ) વિભાવના કાળના પ્રવાહમાં અલબત્ત, પરિવર્તન પામી છે. પણ એ વિભાવના છિન્નભિન્ન, જીર્ણશીર્ણ થઇ નામ-શેષ, સ્મૃતિ-શેષ બને તે પહેલાં સ્વામી વિવેકાનંદ અને પૂ. ગાંધીજીએ એને નવા અર્થ-મૂલ્યનું પ્રદાન કર્યું. સ્વામી વિવેકાનંદ તો આજીવન બ્રહ્મચારી હતા. કિન્તુ ગાંધીજી તો પૂરા સંસારી-સંન્યાસી પણ એમનો સંન્યાસ પૂ. ગોવર્ધનરામ ત્રિપાઠીની પરિભાષામાં કહીએ તો –Practical Asceticism– વ્યવહારું સંન્યાસ, પ્રાકૃત વ્યવહારને બાધ ન આવે એવી તપસ્વિતા, એવો સંન્યાસ હતો. પૂ. છગનભા, પૂ ધનશા ભગત અને પૂ. માધવજીભાઇ– આવા અભિનવ તપસ્વીઓ – સંન્યાસીઓ હતા.

સ્વામી વિવેકાનંદ પછીના અભિનવ સંન્યાસીઓનું એક વ્યાવર્તક લક્ષણ તે વ્યક્તિગત મોક્ષની વાસનાને ગૌણ બનાવવી અને લોકસંગ્રહની ભાવનાને પ્રબળ બનાવવી તે. સમષ્ટિની મુક્તિમાં વ્યક્તિની મુક્તિનો સ્વીકાર. પૂ. 'ભા' તો વ્યક્તિગત મોક્ષ કાજે ઝોળી ઝૂલાવતા સંસારને અલવિદા કહી ચાલી નીકળેલા, પણ ભલું થજો એમના ગુરુનું કે એમને આત્મ–કલ્યાણની સાથે લોક-કલ્યાણની દૃષ્ટિનું પ્રદાન કર્યું. આ અર્થમાં પણ આપણી સંસ્થા 'સંન્યાસીનું સંતાન' છે.

સંન્યાસી સતત ભ્રમણશીલ રહે જેથી નિત્ય-નૂતન જ્ઞાનની ભિક્ષા અને દેહ ટકાવવા પૂરતું ભિક્ષાનું અન્ન મળતું રહે તેમ જ કોઈ એક જ સ્થળ માટે અને અમુક જ વ્યક્તિઓ કાજે માયા ન જાગે અને એ જ્ઞાનની જંગમ વિદ્યાપીઠનો પ્રજાને સરવાળે લાભ મળે. આપણી સંસ્થાના અભિનવ સંન્યાસીઓ આ અર્થમાં પણ કેટલા બધા સાચા હતા !

અને સંન્યાસી એટલે જ્ઞાન-ભક્તિ–કર્મ–વૈરાગ્ય–અભયનો પરિગ્રહી પણ લોભ, મોહ, ક્રોધ અને વિત્તનો અપરિગ્રહી. આપણી સંસ્થાના વિત્ત–વિષયક અપરિગ્રહને સને ૧૯૨૯માં વિશ્વવંદ્ય પૂ. ગાંધીજીની અંજલિ મળી છે એ 'સંન્યાસીના સંતાન'નું ઓછું અહોભાગ્ય નથી; પણ ધર્મે–ધોયું ધન તો આપણને ખપે છે–સંગ્રહ માટે નહીં. લોકસંગ્રહના શ્રેયકાજે 'સંન્યાસીનું સંતાન' એ સાર્વજનિક સંતાન છે સાર્વજનિક

## ગુજરાત ગોશાળા : કડી [ ઉ. ગુ. ]

### : સમાચાર :

આ સંસ્થાના જુના કાર્યકર્તા શ્રી પોપટભાઇ ગુલાબદાસના ભાઈ શ્રી વીરચંદભાઇ ગુલાબદાસ અચાનક કડી આવતાં ગુજરાત ગોશાળા–કડીના મંત્રી વકીલ શ્રી ધનાભાઇ સાથે તા. ૩૦–૧૨–૬૯ ના રોજ ગોશાળાની મુલાકાત લીધી. ગોશાળાને પાણીના બોરની જરૂરીઆત છે તથા ઘાસ ભરવાના શેડની જરૂરીઆત છે તેની તેમણે પૂછપરછ કરી હકીકત જાણી. તે માટે રૂા. ૫૦,૦૦૦) ની મદદની જરૂર છે. તેમા સંસ્થાના કાર્યકરો મુંબઇ આવે તો સંપૂર્ણ સહકાર આપવાની ભાવના પ્રદર્શિત કરી. વધુમાં ચાલુ વરસે ગાયોને મદદ કરવાની જે વિનંતિ 'સુવર્ણ જયંતી' ના અંકોમાં કરવામાં આવેલી તે માટે નીચે પ્રમાણેની મદદ મોકલવાનું જણાવી ગોપ્રેમ અને સંસ્થા પ્રેમ તેમણે જે વ્યક્ત કર્યો છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ. બીજાં પણ ધર્મપ્રેમી ભાઈબહેનો ઉદારતાથી આ સંસ્થાને પોતાની મદદ મોકલે તથા અનુકૂળતાએ ગોશાળાની મુલાકાત પણ લેતા રહે તેવી વિનંતિ કરીએ છીએ.

વકીલ ધનાભાઈ હ. પટેલ
મંત્રી

## ગુજરાત ગોશાળાને મદદ

૨૫૧) સૌ. કૃષ્ણાબેન વીરચંદભાઇ ગુલાબદાસ લાંઘણુજ
૨૫૧) સૌ. જોઇતીબેન પોપટલાલ ગુલાબદાસ „
૨૫૧) સૌ. કમળાબેન ગોપાળભાઇ ગુલાબદાસ „

## જૂના વિદ્યાર્થીઓને

સર્વ વિદ્યાલયના જૂના વિદ્યાર્થીઓનાં હાલનાં સરનામાં મેળવવા પત્રો લખવામાં આવ્યા. કેટલાકે જવાબ આપ્યા. ઘણાએ જવાબ આપ્યા નથી.

સુવર્ણ જયન્તી મહોત્સવ પ્રસંગે તેમ જ નવાજૂના વિદ્યાર્થી સંમેલન પ્રસંગે બધાએ જૂના વિદ્યાર્થીઓને આમંત્રણ આપી શકાય તે સારૂ બધાએ જૂના વિદ્યાર્થીઓનાં સરનામાં મેળવવાની જરૂર છે. આ ઉપરાંત તેઓ હાલ શું કરે છે–ધંધો પ્રવૃત્તિ વગેરે તેની માહિતીની પણ જરૂર છે.

જે વર્ષોમાં સર્વ વિદ્યાલય તેમ જ આશ્રમમાં રહ્યા તે દરમ્યાન તમારી સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ – તમારા મિત્રોનાં હાલનાં સરનામાં તથા તેમની વિગત જાણતા હશો

કૃપા કરી તમે જે જે ભાઇઓ – આપણા જૂના વિદ્યાર્થીઓનાં સરનામાં જાણતા હો તે વહેલી તકે લખી મોકલશો. આચાર્યશ્રી, સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ, કડી ( ઉત્તર ગુજરાત ) એ નામે સરનામાં મોકલશો.

પુરુષોત્તમદાસ પટેલના જયહિંદ

---

સંતાનનાંય આપણે સંતાનો છીએ–હજારોની સંખ્યામાં. દુરસ્ત તન, તેજસ્વી મન અને શુદ્ધ ધનથી, આ સુવર્ણજયંતી અવસરે આપણે આપણા એ ઉજ્જવલ વારસાને અનુરૂપ નીવડી દીપાવીએ

## મનની ગતિ | ભર્ગ૦

[૧]

પાંચ સાત મિત્રો એક મિત્રને ત્યાં બેઠા હતા. ત્યાં એક સંન્યાસી આવી ચઢ્યા. કંઈક સંસ્કારી જીવ લાગ્યા. તેઓ પગથિયાં ચઢીને ઉપર આવ્યા અને "જય સચ્ચિદાનંદ" કહીને ઉભા રહ્યા. શિયાળાનો દહાડો હતો. તેમના શરીર પર માત્ર પાતળી કફની અને પાતળું ઉત્તરીય ઓઢેલું હતું. તેમણે માગણી કરી :

' મેરી ઇચ્છા હૈ: એક કમ્બલકા પ્રબંધ હો જાય."

કંઈક તુચ્છકારના ભાવથી બે ત્રણ જણ એકી સાથે બોલી ઉઠ્યા :

"મહારાજ, આગળ જાઓ અહીં કંઇ નહિ બને."

સંન્યાસી ઝડપથી પગથિયાં ઊતરીને ચાલતા થયા. સંન્યાસીની વિદાય પછી આ બધા મિત્રો જે મિત્રના ત્યાં ભેગા થયા હતા તે મિત્ર બોલ્યા :

"આપણે એમને કંઇક આપવું જોઇતું હતું."

એક ઉતાવળિયા સ્વભાવનો મિત્ર બોલ્યો :

"તારા પાસે વધુ પૈસા પડયા હોય તો મહારાજને પાછા બોલાવી લાવું."

બીજા મિત્રે પૂર્તિ કરી: "એમ શા માટે ? તારી પાસે પૈસા વધુ હોય તો લાવને અહીં જ ચા સાથે નાસ્તાનો મેળ પાડી દઇએ."

ઘરધણી મિત્રે કહ્યું : "પૈસા વધારે પડવાનો કે ઓછા પડવાનો આ સવાલ નથી. પરંતુ આ તો આપણા મનના વલણનો સવાલ છે. તેના થયેલા વિચિત્ર ઘડતરનો સવાલ છે. આપણા હાથમાં આવ્યું, ખીસ્સામાં પડયું અને ઘરમાં પહોંચ્યું એટલે આપણા હાથ અને મન એવાં સંકોચાઈ જાય છે કે તેમાંથી એક પાઇ પણ બીજાને માટે કાઢવાની વૃત્તિ થતી નથી. દાખલા તરીકે કહું કે : આજે સવારના જ તમે બધા આવ્યા તે પહેલાં જ એક વસીલ આવીને તેનો કેસ મને આપી ગયો અને પચાસ રૂપિયા પણ ફી પેટે આપી ગયો. તે હજુ મારા આ ઉપરના ખીસામાં પડયા છે. પરંતુ તેમાંથી એક રૂપિયો સંન્યાસીને કાઢી આપવાનું મને તે વખતે મન ન થયું. આ વસીલ ન આવ્યો જ ન હોત અગર બીજે ગયો હોત તો ? અગર પચ્ચીસ રૂપિયા ઓછી જ ફી ઠરાવી ગયો હોત તો ? આવો વિચાર કંઇક આપવાના પ્રસંગે આવતો કેમ નહિ હોય તે ઉપર આપણા જેવા સંસ્કારી અને ભણેલા ભાઇઓએ વિચાર કરવા જેવો સવાલ નથી ?

"સાધુ-બાવાઓને આપવામાં હું માનતો નથી." એક મિત્રે કહ્યું અને ચાનો કપ હાથમાં લીધો.

"એ તો સૌ સૌની માન્યતા અને દૃષ્ટિનો સવાલ છે. મારું તો કહેવાનું છે કોઇપણ પરહિતાર્થે- સમાજહિતાર્થે આપવાના પ્રસંગે સામાન્યત : મનની ગતિ શી હોવી જોઇએ તે સંબંધમાં."

[૨]

એક સામાન્ય ગામ હતું તેમાં પ્રાથમિક શાળા પણ નહોતી. છોકરાઓ નજીકના ગામે ચાલીને ભણવા જતા. ચોમાસાના દિવસો હતા. બપોર પછી ભારે વરસાદ શરૂ થઇ ગયો હતો. છોકરાઓ પેલે ગામ નિશાળમાં ભરાઈ પડેલા. વરસાદ એટલે ખેતીનું કામ નહિ એટલે પાંચ-દશ ભાઇઓ રામજી મંદિરના અંધિયાર પાકા મકાનમાં બેઠા હતા અને છોકરાઓની ચિંતા કરતા હતા. વરસાદ ધીમો પડે અને છોકરાં ઘર ભેગાં થઇ જાય તો સારું એમ દરેક જણ વારાફરતી કહી રહ્યા હતા.

તેમાં એક ભાઈ બોલ્યો :

"કાકા, ગામમાં જ નિશાળ થાય તેવું કંઇ કરોને કે જેથી છોકરાં નિરાંતે ઘરઆંગણે ભણી શકે."

"હયો, ભાઇ બોલ્યા. નિશાળ કરો. પણ એને માટે પૈસા જોઇએ એ ક્યાંથી કાઢવા ?

"કાકા, તમે હાથમાં લો તો બધું થઇ જાય. ગામ છે, ખરડો કરો, સૌ સૌની શક્તિ પ્રમાણે આપશે."

મંદિરના મહારાજ પણ સમજુ, ને પરોપકારી અને પ્રગતિકારક વિચારના હતા. તેમણે કહ્યું :

"મુખી કાકા, તમે કામ હાથ ઉપર લો બધું થઈ રહેશે. સારા કામમાં રામજી પણ સહાય કરશે."

"મહારાજ, તમે ક્યાં નથી જાણતા કે અહીં કોણ આપે તેવું છે. બધાનાં મન જ એવાં સંકડાઇ ગયાં છે કે આપવા કરવાનું તો કોઇ સમજ્યા જ નથી."

"એમ મન સંકડાયેલું રાખે કંઈ ચાલે ? જરા જુદી રીતે જુઓ તો સંકડાયેલું મન મોકળું થઇ જાય જુઓ તમારે માત્ર બે છોકરા જ છે. તેમને એકાદ બેન હોત તો તેના લગ્નમાં અને કરકરિયાવર કરવામાં તમે કંઈ મણા રાખવાના હતા ? તે વખતે છોકરાઓનું ઓછું થઈ જશે એમ વિચાર આવત ? અને ભાઇઓને પણ એમાં પોતાનું ઓછું થઈ ગયાનો કોઇ વિચાર ન આવત. તમે અને ભાઇઓ બધા દીકરીને આપવાની ભાવના સાથે સાથે પ્રતિષ્ઠાને ખાતર પણ ઘણું ખર્ચ ન કરત ?"

વચ્ચે એક વયોવૃદ્ધ ભગતે ટાપલી પૂરી : "હા, મહારાજ તમે બરાબર કહ્યું આ કોઇ ઘરમાં બે જણ ખાનાર છે, કોઇ ઘરમાં ચાર પાંચ છે, કોઇ ઘરમાં સાત આઠ છે. તેમાં એકાદ વધારે હોય તો શું તેને કાઢી મૂકવાના હતા ? એવું માનીને દરેક જણે આવા કામમાં મદદ કરવી જોઇએ."

એક જુવાનિયો બોલી ઊઠ્યો "ભગત કાકા, એ તો બધાય આપશે. પણ ગામના આ ૧૦–૧૫ ઘર આગળ પડતાં છે, સુખી છે, સારી મિલ્કતો છે, સારી આવક છે તેઓ ધારે કે તેમને એક એક દીકરો વધુ હતો અને એનો ભાગ ગામના કામમાં કાઢે તો ગામ અસલ ગોકળિયું બની જાય."

"ભાઈ આ તો મનની ગતિની વાત છે. મારે ક્યજે પડ્યું, કોઠે પડ્યું તેમાંથી ચપટી પણ કાઢવાની મરજી થતી નથી. રામજી એવી સદ્‌બુદ્ધિ આપે તો અહીં શાનો તોટો રહે ? ગામ સ્વર્ગ બની જાય." મુખી કાકા બોલ્યા.

મહારાજ બોલ્યા : "મુખી કાકા, રામજીની મરજી છે કે ગામ ગોકળિયું બને. અહીં જ સ્વર્ગ ઉતરે. મનની ગતિ માણસ નહિ બદલે તો શું ચોપગાં બદલવાનાં છે ? માણસ અહીં નહિ વાપરે તો બીજે ક્યાં જઈને વાપરવાનો છે ? બીજાને માટે, પરોપકારાર્થે નહિ વાપરે–રામજીને માટે નહિ વાપરે તો બીજા કોને માટે વાપરશે ? જે કંઈ કરે છે તે માણસ જ કરે છે. શક્તિ આપનાર તો રામજી જેવો માથે બેઠો જ છે ને !"

---

[ સામેના કોલમનું ચાલુ ]

મારી દૃષ્ટિ વિશાળ થઈ. હોડીને ઝડપથી ચલાવવાની એકલી જ જરૂર નથી. પણ આજુબાજુ નજર રાખી આ સંસાર સાગરમાં હોડીવાળા અને હોડી વિનાનાં સૌની સંભાળ લેવાની મારી ફરજ છે તેવું મને ત્યારે સમજાયું.

અને ત્યારે મને મારી શાળા યાદ આવી. એ શાળા ના હોત તો મેં જે મેળવ્યું તે મને મારા એકલાના ઘરમાંથી કેવી રીતે મળત ? અને જન્મ્યા પછીની આ તંદ્રામાંથી જ્યાં જાગ્યો ત્યાં મારા હાથમાં 'સુવર્ણ જયંતી' નો અંક પોસ્ટમેને મૂક્યો. મને મારી ફરજ સમજાઈ

માતૃઋણ, પિતૃઋણ, ગુરુઋણ આ શબ્દો મને અક્ષરસઃ સમજાયા.

હું સૌને ભૂલી ગયો હતો, હવે જાગૃત થયો છું સંસ્થામાતાને મેં મારી શક્તિ મુજબનો એક લખી મોકલ્યો અને 'સુવર્ણ જયંતી' નું લવાજમ મોકલ્યું ત્યારે જ મને શાન્તિ થઈ કે મેં મારી ફરજ બજાવી છે.

---

મારા દેશના ભવિષ્યનો વિચાર કરતાં હું કંપી ઊઠું છું. આપણી નવી પેઢીનો માત્ર ભૌતિક મૂલ્યોને આધારે થવા માંડ્યો છે. : ૧૯૫૩

—રાજાજી

ગેરસમજૂતીને લઈને મારે ઘણું સહન કરવું પડ્યું છે, પરંતુ જો લોકો મને બરાબર સમજ્યા હોત તો મારે એથીય વધુ સહન કરવું પડ્યું હોત.

—માર્ક ટ્વેન

## મારી ફરજ | એક વિદ્યાર્થી

**મને** મારી જાતનું ભાન ન હતું ત્યારે મારાં માતાએ મારી કાળજી લીધી અને મને ઉછેરી મોટો કર્યો, મારા પિતાએ મારું લાલનપાલન કર્યું. મારાં માતા-પિતાએ મને બોલતાં અને ચાલતાં શિખવાડ્યું. મને શાળામાં મૂક્યો.

મારે આંખો હતી છતાં લખેલું હું વાંચી શકતો ન હતો. કક્કો-બારાખડી શીખ્યો, જેમ તેમ વાંચતો પણ કંઈ સમજી શકતો ન હતો. મારા શિક્ષકોએ મને વાંચતાં અને સમજતાં શીખવાડ્યું

વાંચતાં-સમજતાં શીખવા માટેનું આ સુંદર સ્થળ-અમારી શાળાનાં મકાન કોણે બાંધ્યાં ? કોણે બંધાવ્યાં ? શા માટે બાંધ્યાં હશે ? કોના માટે બાંધ્યાં હશે ? તેતો હું વાંચતાં અને સમજતાં શીખ્યો ત્યારે પણ પૂરી રીતે સમજાયું ન હતું. ભણી રહ્યા પછી હવે શું ? મને દુનિયા મહાસાગર સ્વરૂપે જણાઈ. આ મહાસાગરમાં હોડી વિનાનો હું જણાયો. માતા-પિતાએ પોતાની ઓથ તાણી લીધી હતી. મને પ્રશ્ન થયો હવે તરવું શી રીતે ? હું મુંઝાયો.

ચારે તરફ નજર નાંખી. સંસાર-સાગરમાં તરવા આર્થિક હોડી મેળવવાની મુંઝવણનો ઉકેલ શો કાઢવો ? મેં મુઝાવાનું છોડી શોધ માંડી. એક ઠેકાણે નહિ પણ અનેક ઠેકાણે. અને હાલ શોધ કરનાર હું એકલો નથી પણ અનેક છે તે સત્ય મને સમજાયું અને મને આશ્વાસનની હિંમત મળી. સંસારનો સાગર અનંત અને અગાધ છે. હોડીવાળા ચાલ્યા જાય છે અને ખાલી હોડીઓ ફરતી ખલાસીની રાહ જોતી હોય છે. મને હોડી મળી ગઈ આજુબાજુ જોતો ગયો. જાણતો ગયો અને શીખતોય ગયો.

કેટલીય નાની હોડીઓ કોઈ મોટી મોટી હોડીના હડફેટમાં ચઢી જતી અને હોડી અને હોડીવાળો ડૂબી જતો. કોઈ પરગજુ હોડીવાળો ડૂબતાને બચાવતો પણ મોટાભાગના તો પોતાની હોડીની ઝડપ જ વધારવા સિવાય બીજાનું જાણે કે લક્ષ જ આપતા નથી તેવું જ મને સમજાવા લાગ્યું.

મોટી હોડીઓને પણ હડફટમાં લેનારાં વહાણ મને ક્યાંક નજરે ચઢતાં અને ભયતી કંપારી મને ધ્રુજાવી જતી. મારી દૃષ્ટિ ખૂલવા માંડી. મારા માતાપિતાની હોડી ક્યાં ગઈ ? અને હું ખુદ પણ હવે તો પિતા બની ગયો છું ને ? મારે પણ મારા બાળકને તે બોલતાં ચાલતાં શીખી ગયું હોવાથી શાળામાં બેસાડવું છે તેનું શું ? મને હવે સમજાયું કે શાળાઓ બંધાવનારાઓએ સારી સેવા કરી પોતાની કમાણી સન્માર્ગે વાપરી છે નહિતર હું કંઈ મારા બાળકને ભણાવવા મારી પોતાની શાળા બંધાવી શકું નહિ.

[ સામેના કોલમમાં ચાલુ ]

## 'મને સાંભરે રે'

# " એકાગ્રતા "

અમૃત સુથાર ( M.Sc ) કરણનગર

૧૯૫૫ માં આગળ અભ્યાસ કરવા માટે સર્વ વિદ્યાલય–કડી માં દાખલ થયો; ત્યારે જૂના વિદ્યાર્થીઓ તરફથી શાળાના શિક્ષકોના સ્વભાવની, કામની અને પ્રસંશા અંગેની ઘણી ઘણી વાતો સાંભળવા મળતી. વાલજીકાકા ( વાલજીભાઈને વિદ્યાર્થી આલમ તથા શિક્ષકગણ એ સમયે વાલજીકાકા તરીકે જ ઓળખતા હતા ) વિશે પણ મેં ઘણું ઘણું સાંભળેલું.

પરંતુ જયારે હું આઠમા ધોરણમાં આવ્યો ત્યારે જ તેમની પ્રતિભાનો મને પ્રત્યક્ષ અનુભવ થયેલો. સાદગી તો એમની જ. સ્વભાવે કડક ખરા પરંતુ ઉદાર પણ એટલા જ. નિયમિતતાના તેઓ હડાગ્રહી. તે વખતે અંગ્રેજીનો વિષય તેઓ જ લેતા હતા. મારા ખ્યાલ મુજબ તેમણે કૉલેજની કોઈ ડિગ્રી મેળવી નથી છતાં અંગ્રેજીભાષા પર સારું એવું પ્રભુત્વ ધરાવતા હતા. તેમની શિક્ષણ પદ્ધતિ ઘણી જ સાદી અને સરળ હતી. ચાલુ પાઠે, નાના-મોટા, અનુભવી અને ઉપયોગી થાય તેવા, પાઠને અનુરૂપ પ્રસંગો કહેતા, અને ગમ્મત સાથે જ્ઞાન આપતા હતા.

એક દિવસની વાત, અંગ્રેજીનો પાઠ ચાલુ હતો. બાજુની પાટલી પર એક વિદ્યાર્થી બીજાની સાથે વાતો કરે. આ હકીકત વાલજીકાકાથી અજાણ હોય તેવું તો બને જ નહીં, છતાં અજ્ઞાત બનીને તેમણે પાઠ ચાલુ રાખ્યો. વિદ્યાર્થીની વાતો પણ એ જ રીતે ચાલવા લાગી. એટલે હવે વધુ સમય સુધી આવું ચાલે તે વાલજીકાકાને પોસાય તેમ નહોતું. પેલા વિદ્યાર્થીનો કાન પકડીને ટેબલ પાસે લાવી ઊભો રાખ્યો. બધા વિદ્યાર્થીઓની માફક મેં પણ કલ્પના કરી કે હવે આ વિદ્યાર્થીનું 'નવટાંક ઓછું' થયા વિના રહેશે જ નહીં. પરંતુ કંઈક જુદું જ બન્યું.

ન્યાધીશની માફક તેમણે પેલા વિદ્યાર્થીને પ્રશ્નો પૂછવા માંડ્યા " તારે ઘેર બહેન,-બા છે ? " વિદ્યાર્થીની સ્થિતિ વાઘ આગળ ઊભેલા શિકારના જેવી થઈ ગઈ. ગભરાતાં ગભરાતાં તેણે કહ્યું " હા "

" તેઓ પાણી ભરવા કૂવે જાય છે ખરાં ? " બીજો પ્રશ્ન તુરત જ પૂછ્યો. " હા " ભણાવેલા પોપટની માફક વિદ્યાર્થી જવાબ આપતો હતો. તુરત જ તેમણે ફરી પૂછ્યું

" તને ખબર છે કે જ્યારે બહેન કૂવેથી પાણી ભરીને ઘેર પાછી ફરે છે તે દરમ્યાન રસ્તામાં તેની સાહેલીઓ સાથે પણ વાતો કરે છે ? "

હવે વિદ્યાર્થી ગંભીર થઈ ગયો હતો. "હા ના" નો ઉત્તર આપવાના પણ હોશ નહોતા રહ્યા. આખો વર્ગ શાંત હતો. ટાંકણી પડે તો પણ અવાજ સંભળાય.

વાલજીકાકાએ એકવાર નિરુત્તર રહેલા વિદ્યાર્થી સામે જોયું પછી ઉમેર્યું "બહેન જ્યારે ઘેર પાછી ફરે છે, ત્યારે અલક મલકની વાતો પણ કરે છે. છતાં કોઈ દિવસ તેના માથા પરનું બેડું નીચે પડ્યું છે તેવું સાંભળ્યું છે ખરું ? સમતોલન ગુમાવે તો તુરત જ વાતો કરતાં કરતાં પોતાનો હાથ બેડાને સંભાળવા પહોચી જશે. વાતો તો મોંઢે કરવાની હોય છે, પરંતુ ચિત્ત તો પેલાં બેડાંમાં જ હોય છે. " વાતનો વળાંક લેતાં થોડી ક્ષણો બાદ બોલ્યા, ભાઈ, તને ખબર છે કે તારા માતા-પિતાએ અહીં શા માટે મોકલ્યા છે ? અભ્યાસ કરવા માટે, બેરિસ્ટર થવા માટે, બાપનું નામ કમાવવા માટે, ભાઇને સુખે જોવા માટે. "

એકીશ્વાસે ઉપરોક્ત શબ્દો બોલ્યા બાદ અટક્યા. એક દૃષ્ટિ વર્ગના બધા જ વિદ્યાર્થીઓ પર ફેરવી. પછી નમ્રતાથી કહ્યું " ભાઇ, વાતો તો કરીએ, રમીએ પણ ખરા, સિનેમું જોવાય જઇએ પરંતુ જે કામે અહીં તું આવ્યો છે તેને અભરાઇએ તો ના જ મૂકી શકાય ને ? બહેનબા પોતાના માથાપરના બેડાંનું ધ્યાન ના રાખે અને વાતો જ ઝીંકે રાખે તો ? "

આવી પરિસ્થિતિમાં વાલજીકાકા સામે ઊંચી નજરે જોવાની પણ હિંમત રહેતી નહિ. વિદ્યાર્થીએ જવાબ ના આપ્યો. મૌન રહ્યો. એટલે ફરી વાતનો તંતુ પકડતાં તેમણે કહ્યું, " નંદવાઈ જ જાય. એકાગ્રતા સિવાય કામની સિદ્ધિ અપૂર્ણ જ રહે છે. અર્જુનના જેવી જ એકાગ્રતા હોય તો જ બાપનું નામ કાઢશો. નહીં તો પોટલું ઉપાડવાનો વારો આવશે."

અંતમાં તેઓ જરા ઉગ્ર બન્યા. વિદ્યાર્થીને તેની જગ્યાએ મોકલતાં તેમણે કહ્યું, " જા અહીંથી જતો રહે નહીં તો " નવટાંક ઓછું થઈ જશે. "

અત્યારે હજુ મને યાદ છે ત્યાં સુધી, પેલા વિદ્યાર્થીએ કે અમે બધાએ વાલજીકાકાના પિરીયડમાં તો શું પણ બીજા શિક્ષકોના પિરિયડમાં પણ ત્યાર પછી વાતો કરવાની હિંમત કરી શકતા નહોતા. આથી એકાગ્રતા અંગેની શીખનું પરિણામ શુભ જ આવે તેમાં શંકા જ નથી આજે પણ એકાગ્રતાની પ્રેરણા વાલજીકાકામાંથી જ મળે છે.

: : સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો : :

# સુવર્ણ જયંતી ફાળામાં

## નીચેની નવીન રકમો લખાઈ છે.

## દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

૩૪૦૯૯) આગળનો સરવાળો આગલા અંકમાંથી

૧૦૦૧) શ્રી બળદેવભાઈ અંબાલાલની કું.
હા. શ્રી રણછોડલાલ માધવલાલ
શ્રી અંબાલાલ માધવલાલ
શ્રી કાન્તિલાલ માધવલાલ
એલ. કે ટ્રસ્ટ બીલ્ડીંગ-રેવડી બજાર–અમદાવાદ ૨

૨૫૧) શ્રી નગીનભાઇ રામદાસ પટેલ કુંડાળવાળા
હા. શ્રી રામદાસ ત્રિભોવનદાસ
વસંત વિહાર સો. નં. ૨ બંગલા નંબર ૯.
સેન્ટ ઝે. કૉલેજ કોર્નર અમદાવાદ ૯

૨૫૧) શ્રી મફતલાલ શિવલાલ વડુવાળા
વસંત વિહાર સો. નં–૨ બંગલા નં–૧૫
સેન્ટ ઝે. કૉલેજ કાર્નર અમદાવાદ–૯

⊙ ૫૦૧) શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ કડીવાળા
દરિયાપુર પટેલ સોસાયટી બંગલા નં.–૧૫ બી
ઉસમાનપુરા સામે અમદાવાદ–૧૩

* ૨૫૧) શ્રી બળદેવભાઇ વિઠ્ઠલદાસ પટેલ
દરિયાપુર પટેલ સોસાયટી, બંગલા નં. ૧૧ A,
ઉસમાનપુરા સામે–અમદાવાદ–૧૩

૨૫૧) શ્રી પોપટલાલ જોઇતારામ ગોઝારિયાવાળા,
C/o આનંદ પ્રોવિઝન સ્ટોર્સ એલિસબ્રિજ
પ્રિતમનગર ૧ લો ઢાળ,
અમદાવાદ–૬

૨૫૧) શ્રી ચુનીલાલ શંકરલાલ છીંકણીવાળા મોકાસણવાળા
ડોસીવાડાની પોળ સામે અમદાવાદ–૧

૨૫૧) ડૉ. મણીલાલ એસ. પટેલ લણવાવાળા
બી ડી. એસ. દાંતના ડૉકટર
સ્વામીનારાયણ મંદિર પાસે, કડી.

૩૭૧૦૭)

* વસુલ આવી ગયા છે. ⊙ ૨૫૧) આવ્યા છે.

## સાપ્તાહિકનું લવાજમ પાંચ રૂપિયા મોકલી આપશો.

ગુજરાતની અગ્રગણ્ય અને આપણી સૌની પ્રિય માતૃસંસ્થા

**સુવર્ણજયન્તી**

પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ સર્વે ભાઈ–બેનો પાસે

## અપેક્ષા રાખે છે:

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.

(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.

(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.

(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. 'સુવર્ણ જયંતી' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.

(૬) 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

❁ ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફટથી મોકલી આપવા વિનંતી છે.

❁ આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::

# ખોટાં મોતી

## (ઈતિહાસનું એક નાટક)

મોહનભાઈ પટેલ

ઈ. સ. ૧૦૭૭ ની સાલના જાન્યુઆરી મહિનાનો ૨૫ મો દિવસ હતો. ભારે કડકડતી ઠંડી હતી. આવી ઠંડી યુરોપમાં કદીય પડી નહોતી ચારે તરફ બરફ છવાઈ ગયો હતો.

ઈટાલીના ટસ્કની પરગણાના કેનોસા શહેરના એક કિલ્લા બહાર એક માનવી નત મસ્તકે અને ઉઘાડા પગે ઊભો હતો. એના દેહ ઉપર જીર્ણ અને જુનાં વસ્ત્રો હતાં. કિલ્લાનાં દ્વાર બંધ હતાં. આ માનવી એ દ્વાર ઊઘડવાની પ્રતીક્ષા કરી રહ્યો હતો.

ત્રણ દિવસથી આમ એ ત્યાં જ ખાધાપીધા વગર પ્રતીક્ષા કરી રહ્યો હતો.

આ માનવી કોઈ સામાન્ય માનવી નહોતો. એ હતો રોમન સામ્રાજ્યનો શહેનશાહ–જર્મનીનો હેન્રી ચોથો.

એ છેક જર્મનીથી આવી હાલતમાં અહીં ઇટાલીના એક પરગણા સુધી આવ્યો હતો. અત્યારે એ સત્તા ઉપર જ હતો. પણ છરી જેવો ઠંડો પવન જેમાંથી ધૂસી જાય એવાં વસ્ત્રોમાં અને ઉઘાડા પગે આમ પ્રતીક્ષા કરતો ઊભો હતો. સાથે ગણ્યાં ગાંઠયા માનવીઓ હતાં.

નામદાર પોપ આ કિલ્લાનાં દ્વાર ઉઘાડવાનો હુકમ આપે એની એ રાહ જોતો હતો. પોપ ગ્રેગરી સાતમા એ કિલ્લામાં હતા.

ગ્રેગરી પોપ સાતમાએ આ શહેનશાહનો દીવો દેવતા બંધ કર્યાં હતાં. પોપ તરફથી દીવો દેવતા બંધનું ફરમાન એટલે ?... એટલે ખ્રિસ્તી તરીકેની બધી આસ્થાઓનો ભોગવટો બંધ ! ધર્મસ્થાનોમાં પ્રવેશની મનાઈ.

અને મૃત્યુ પછી નક્કી કરેલા કબ્રસ્તાનમાં પણ જગ્યા ન મળે ! પોપ તરફથી આવી શિક્ષા પામેલા શહેનશાહને ખંડિયાઓ અને ઉમરાવો રાજા કે શહેનશાહ તરીકે ન સ્વીકારે.

...આવો માનવી પૂરતો પશ્ચાત્તાપ કરે અને એ વાત પોપના હૈયામાં વસે તો પોપ માફ કરે. હેન્રી ચોથો નામદાર પોપના હૈયામાં એ વાત પ્રગટાવવા જર્મનીથી પગપાળા ચાલીને આવ્યો હતો અને બરફમાં આમ ઊભો હતો.

શહેનશાહની આવી તપશ્ચર્યા જોઈ નામદાર પોપના અંતેવાસીઓ ગદ્‌ગદ્ થયા. એમણે પોપની સમક્ષ જઈ સજળ નેણે વિનંતીઓ કરી : શહેનશાહ ઉપર ખમૈયા કરો. શહેનશાહ ઉપરના પ્રતિબંધ ઊઠાવી લો.

ત્રીજા દિવસને અંતે કિલ્લાનાં દ્વાર ઊઘડ્યાં. શહેનશાહ હેન્રી ચોથા ઉપર ધર્મગુરુની મહેર થઈ. અને પ્રતિબંધ છૂટયા.

અને પછી...

થોડા જ સમયમાં એક ડયુકે હેન્રી સામે માથું ઊંચક્યું. પોપે એને પ્રોત્સાહન આપ્યું. આથી હેન્રીનો મિજાજ ગયો. એ બહાનું શોધ તો જ હતો. મળી ગયું. થોડા સમય ઉપર ફાટેલે કપડે અને પગપાળા જે માર્ગે હેન્રીએ મુસાફરી કરી હતી એ માર્ગે આજે ફાટેલી લાલ આંખે, હાથમાં તાતી તેગ લઈને, બખ્તરઢાલ સજી મોટા લશ્કર સાથે વંટોળિયાની માફક ધસમસતો આવ્યો. અને શસ્ત્રની અણીએ પોપને કિલ્લા બહાર તગડ્યો. ગ્રેગરી જીવ લઈને નાઠો અને કયાંક અજાણ્યા અગોચર ખૂણામાં મરણને શરણ થયો.

હેન્રીનો પશ્ચાત્તાપ નાટકિયો હતો એ ગ્રેગરી જાણતો હતો.

અને ગ્રેગરીની ક્ષમા આચારના દબાણ હેઠળ હતી એ હેન્રી જાણતો હતો.

ધર્મ અને રાજકારણનું આ નાટક ઇતિહાસને પાને કોતરાઈ ગયું છે.

---

## હાયકુ

અનામી

**વિપર્યાસ–**

ઉલૂક આંખે
સૂર્ય ચંદ્ર ને તારા
પ્રકાશ દેખે !

**તું**

ગગને છાઈ
રંગ રંગની લીલા
તું અખિલાઈ

**સંસાર**

કેવું નાટક ?
પર્દા ઉપરે પડે,
અલોપ નટ !

**કરુણા**

ધરતી આંસુ–
સારે અનરાધારે
ગાંધી યમને.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી : તા. ૮–૧–૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૧૫-૧-૭૦ [ અંક ૧૭


## આપણો પુરુષાર્થ, આપણો વિજય

રૉય

**મ**નુષ્ય સ્વભાવ છે કે વેપારમાં ખોટ, રોગ કે અન્ય સામાન્ય પ્રકારની બીમારી તથા નિષ્ફળતા વગેરેને ખરાં માની લઇ હતાશ થઈ જવું. ઉપરાઉપરી સુખના કે સફળતાના અનુભવો થયા પછી જો એકાદ વિષયમાં યત્‌કિંચિત્‌ પણ ખોટ કે નિષ્ફળતાની અસર જણાય તો તરતજ આપણે જાણે જીવનમાંથી સાર સર્વસ્વ ગુમાવી બેઠા એવી બુમો પાડીએ છીએ, ને જાણે આપણા નશીબમાં દુઃખ જ લખાયું છે, સુખ છે જ નહીં એવી મિથ્યા ભ્રમણામાં જ નિરાશાપૂર્ણ જીવન વીતાવીએ છીએ. ત્યાં વળી કાકતાલીય ન્યાય મુજબ જો એકાદ બીજું સંકટ આવી પડ્યું તો પછી આપણી અચૂક ખાત્રી થઇ જાય કે આ જીવનમાં આપણે કરવા ધારેલાં કાર્યો નિષ્ફળતામાં જ પરિણમશે. જાણે આપણો દૈવ રૂઠયો ને આપણા એકલાને માટે જ આ દુઃખો એકઠાં કરી અલગ ન રાખ્યા હોય એમ.

નથી લાગતું કે આવા વિચારોને આપણા મનમાં ધૂસવા દેવા એ ખરેખર ભયાનક વસ્તુ છે ? ગમે તેમ પણ તે આપણા નવીન પ્રયાસ અને ઉત્સાહને શિથિલ કરી દે છે. જો આપણે આપણા પ્રયાસને, પુરુષાર્થને પ્રથમથી જ નકામો અને નિષ્ફળ ધારી બેસીશું તો પછી નવીન ઉદ્યમ કરવાનો કોઇ અર્થ જ રહેતો નથી. અને આ પ્રમાણે જિંદગી ધસડાતી જાય એ ખરેખર તો આ પ્રાપ્ત જિંદગીનું અપમાન છે.

નિષ્ફળતાની ભ્રમણામાં અટવાઇને આપણે આપણી જાતને નુકશાનીમાં ઉતારી રહ્યા છીએ. જેમ દર્દી પોતાનું દર્દ નિરાશાજનક વિચારો કરી ઊભું કરે છે ને પોતાના દુર્ભાગ્યનો નિર્માતા પોતે જ બને છે, તેમ જો આપણે આપણી અશક્તિ, ગરીબાઇ કે બેત્રણ અસફળતાઓનું મનથી વિસ્તૃત કરેલું ચિત્ર દોરી દોરી દુઃખી થઇશું તેમતેમ આપણને આ બધી વસ્તુઓ એના પરિઘમાં ઘેરતી જ જશે. પરિણામે જીવનમાં બધું જ ગુમાવી બેસીએ તો એમાં અજાયબ થવા જેવું લગારે નથી. જેમ વધારે ઊંચેથી પથ્થર પડે તો તેની ગતિ વધારે હોય છે, તેમ આવા ખોટા નિરાશા–જનક વિચારો કરવામાં આવે તેમ તેમ વધુ નિરાશાના સંજોગો ઊભા થવાના જ. માટે ભ્રમણાથી દૂર રહી આપણે પોતે વિજયરૂપ છીએ. આપણો પુરુષાર્થ એ પણ વિજયરૂપ જ છે. એમ ધારીને વિચાર–પ્રવાહને આપણે બદલીએ. હંમેશાં વિજયનીજ આશા રાખીએ. પ્રયત્નને શું અશક્ય છે! ગરીબાઈ, અશક્તિ અને નિરાધારતાના ખ્યાલોને આપણા પ્રચંડ પુરુષાર્થથી મનમાં પેસતા અટકાવીએ તેમાંજ આપણો ઉદય અને આપણી જીત છે. પુરુષાર્થ આડે વિશ્વમાં એવી કોઈ ચીજ નથી કે જે અંતરાયરૂપ નીવડે. દૈવ અને સંજોગોને આપણી નિષ્ફળતા ઓઢાડીએ એ નિર્બળતા છે. પ્રારબ્ધ એ પુરુષાર્થ આગળ પાંગળું છે. તમારી કાર્યપ્રણાલીને સુદૃઢ પાયા ઉપર મૂકી, નિષ્ફળતાની ભ્રમણાથી દૂર રહી, સતત પ્રયત્નશીલ રહી, ઉદ્યમ કરતા રહો તો સફળતા મળશે જ. ■

**: : સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો : :**

# સર્વ વિદ્યાલયનું વ્યક્તિત્વ

પાટીદાર સમાજ તરફથી શરૂ થયેલી આ સંસ્થાનું નામ તે જમાનાની ચીલા-ચાલુ રૂઢિ પ્રમાણે પાટીદાર આશ્રમ અને પાટીદાર વિદ્યાલય રાખવામાં આવેલું. તે જમાનામાં લોકો તરફથી-સમાજ તરફથી ચાલતી સંસ્થાઓ જૂજ હતી અને જે ચાલતી તે છાત્રાલયો અને બોર્ડીંગો ચાલતી. અને તે બધી કોઈ જ્ઞાતિના નામ સાથે જોડાએલી: હતી: જેવી કે બ્રાહ્મણ બોર્ડીંગ, જૈન બોર્ડીંગ, અનાવિલ છાત્રાલય, વૈશ્ય બોર્ડીંગ વગેરે. રૂઢિ પ્રમાણે નામની બાબતમાં આ સંસ્થાનું પણ બનેલું પરંતુ આ સંસ્થાના દ્વાર શરૂઆથીજ સર્વ કોમ માટે ખુલ્લાં હતાં. બીજી કોમના વિદ્યાર્થીઓને શરૂઆતથી જ દાખલ કરવામાં આવતા.

**૫૦ વર્ષને ઉંબરેથી**

પાટીદાર વિદ્યાલયનું .નામ તેના કાર્ય અને ભાવનાના વિશાળ ક્ષેત્રને અનુરૂપ ન હતું. તેથી પાંચેકવર્ષ પછી તે નામ બદલવાનો વિચાર કરવામાં આવ્યો.

નવીન નામ પાડવું સહેલું હશે પરંતુ નામ બદલવું એટલું સહેલું નથી હોતું, જન્મની સાથે નામ પાડવું એમાં માત્ર સારું નામ શોધી કાઢવાનો અને નામ પાડનારની પસં-દગીનો સવાલ હોય છે. નવજાતના ગુણ-કર્મ અને સ્વભાવ વગેરે સાથે તેનું સાયુજ્ય યોજવાનો ત્યાં પ્રશ્ન ઊઠતો નથી. પરંતુ નામ બદલવાના પ્રસંગે તો નામધારીનું વ્યક્તિત્વ વિકસ્યું હોય છે, તેનાં ગુણ-કર્મ સ્ફૂટ થયેલાં હોય છે એટલે નવીન નામ પાડવા માટે તે બધાનો વિચાર કરવો પડે. અને તે બધાની અસર નવીન નામ પસંદ કરવાના નિર્ણય ઉપર પડ્યા સિવાય પણ ન રહે.

પાટીદાર વિદ્યાલયનું જે સાર્વજનિક અને સર્વદેશીય જે સ્વરૂપ વિકસ્યું હતું, તેણે પોતાના આદર્શનો જે ધ્રુવતારક સાંધ્યો હતો તેને પૂરેપૂરું વહન કરી શકે તેવું નામ શોધવાનો પ્રયત્ન અને વિચાર વિમર્શ શરૂ થયો.

તે વખતે ઘણાં નામોનો વિચાર થયેલો. પ્રતાપ, આદર્શ, સાર્વજનિક, ઉમા, સર્વ અને એવાં બીજાં ઘણાં નામોનો વિચાર થયેલો. તેમાંથી.'સર્વ' પસંદ થયું અને આ સંસ્થા 'સર્વ વિદ્યાલય' બની. આ નામ તેના વિકસેલા વ્યક્તિત્વને અને આદર્શને ઘણું જ અનુરૂપ બન્યું અને ઉપરાંત તે તેના ભાવિના વિકાસનું વાહક પણ બન્યું.

સંસ્થાના તે વખતના પ્રમુખ પ્રો. સ્વામીનાયણ સાહેબ તેમના ગણિતશાસ્ત્રના વિષય ઉપરાંત સંસ્કૃતના સારાવિદ્વાન હતા. તેઓએ અસહકારમાં ગુજરાત કૉલેજના પ્રધ્યાપકની નોકરી છોડેલી અને રાષ્ટ્રીય કેળવણીના કામમાં પડેલા. કેટલોક વખત ગુજરાત વિદ્યાપીઠમાં પણ કામ કરેલું. તે વખતે વડોદરામાં દેશપાંડે, કાકાસાહેબ કાલેલકર, અને બીજાઓએ મળીને એક રાષ્ટ્રીય શાળા શરૂ કરેલી તેનું નામ હતું "ગંગનાથ ભારતીય સર્વ વિદ્યાલય." પ્રો. સ્વામીનારાયણ સાહેબ તેમાં રસ લેતા અને કેટલોક સમય તેમાં માનદ્ સેવાઓ પણ આપેલી. થોડો સમય ચાલી તે શાળા બંધ પડેલી પરંતુ સ્વામીનારાયણ સાહેબના ચિત્તમાં તેની ઊંડી સ્મૃતિ ભરાઈ રહેલી તે આ વખતે બહાર આવી. બધાને અપરિચિત લાગતું 'સર્વ વિદ્યાલય' નામ સ્વામિનારાયણ સાહેબને પરિચિત હતું, એટલે તેણે બધાના મનમાં પ્રવેશ કર્યો

શિવ અને વિષ્ણુ ભગવાનનું બીજું નામ 'સર્વ' છે. પાટીદાર સમાજ શિવપત્ની ઉમાને પોતાની કુળદેવી તરીકે પૂજે છે. એટલે પાર્વતીપતિનું નામ તેમનાં પ્રયત્નના ફળ સાથે જોડાય તે પણ ઉચિત લાગેલું. ઉપરાંત ખેડૂત સમાજ દુનિયાના ભરણ-પોષણ માટે ધાન્યાદિ પેદા કરે છે. એટલે તેને જગતનું ભરણપોષણ કરનારનું બિરૂદ મળેલું છે. જગતનું ભરણપોષણ કરનાર તરીકે ભગવાન વિષ્ણુને માનવામાં આવ્યા છે. તેમનું બીજું નામ પણ 'સર્વ' છે એ ધારણા પણ ઘણી બંધબે-સતી લાગી અને "સર્વ વિદ્યાલય" નામની પસંદગી થઈ.

આમ નામ રૂપ-ગુણનું યથાર્થ દર્શન આપી શકે એવું અને ભાવિના વિશાળ પટ ઉપર વિસ્તારના સંકેતવાળું નામ પ્રાપ્ત થયું. નામ તો યથાર્થ પડે પરંતુ તે પછી તેનું પ્રતિબિંબ નામધારીમાંથી ન ઊઠે તો નામનું અવમૂલ્યન થઈ જાય છે. પરંતુ આ સંસ્થાના સંદર્ભમાં તો તેનું નામ શિક્ષણના એક વિશિષ્ટ ખ્યાલનું વાહક બન્યું છે.

સર્વ એટલે બધું તો ખરું જ પણ તેનો અર્થ 'સંપૂર્ણ' પણ છે. બધા જ લોકોની કેળવણી તો ખરી પણ સર્વાંગી કેળવણી એ આ સંસ્થાનો આદર્શ રહ્યો છે. ચાલુ ચીલાની બૌદ્ધિક કેળવણી ઉપરાંત સ્વાશ્રયી જીવનની તાલીમ, હાથપગની કેળવણી ઉદ્યોગ અને ટેકનીકલ કેળવણી અને હૃદયની કેળવણી તેની ભૂમિ ઉપર સારી રીતે વિકાસ પામી છે.

... ... ... ... ...

માણસ જે ઘરમાં, કુટુમ્બમાં, સમાજમાં અને વાતાવર-ણમાં ઉછર્યો હોય છે તેની અસર તેના જીવન અને વિચાર અને કર્મ ઉપર પડે છે અને તે પ્રમાણે તેનું વ્યક્તિત્વ ઘડાય છે. તેવી રીતે સંસ્થા જે સમાજમાં જન્મી, જેનાથી ભરણ-પોષણ પામી વિકાસ પામી અને જે વાતાવરણમાં શ્વાસ લેતી

હોય તેની અસર તેના વ્યક્તિત્વના ઘડતરમાં થાય છે.

આ સસ્થા ખેડૂત સમાજમાં જન્મી છે. તેના વડે પોષણ પામી છે અને તેજ ગ્રામજીવનમાં જીવન-ધબકારા કરી રહી છે એટલે આ સંસ્થાના વ્યક્તિત્વમાં ખેડૂતજીવનનાં-ગ્રામ તત્ત્વો ઉપસી આવ્યાં છે.

વરસાદ આવશે જ એ શ્રદ્ધાએ ખેડૂતો ખરા તાપમાં જમીન ખેડી રાખે છે. અદકી શ્રદ્ધાથી વરસાદ આવ્યા પહેલાં કોરી જમીનમાં બી પણ નાખી થાપણીયું કરી રાખે છે. એવી જ શ્રદ્ધાથી સર્વ વિદ્યાલયે નવીન પ્રવૃત્તિઓ શરૂ કરવામાં કર્યું છે. તેમાં સફળતા પણ મળી છે અને નિષ્ફળતાય મળી છે. : ખેડૂતની જેમ. છતાં ખેડૂતના જેમ તેની પણ શ્રદ્ધા કદી ઓછી થઇ નથી. શ્રદ્ધાપૂર્વક તે હરહંમેશ નવીન કામ હાથ ઉપર લેતુંજ રહ્યું છે.

વરસાદ પડે અને જમીનમાં વરાપ થાય ત્યારે ખેડૂત રાતદિવસ જોયા સિવાય વાવણી કરી નાંખે છે. ઘણી વખત વરાપનો ઉપયોગ કરી લેવાની તલપમાં તે ઘણું બધું વાવી નાંખે છે પરંતુ તેને ખ્યાલ રહેતો નથી કે પાછળ વરસાદ નહિ આવે તો કૂવાથી પહોંચી શકાશે કે નહિ. વાવું છું એટલું સાચવવાનો, ઉછેરવાનો લણવાનો અને ઘરભેગું કરવાનો જોગ છે કે કેમ તેની ગણત્રી પણ ઘણી ઓછી કરતો હોય છે. તેવું સર્વ વિદ્યાલયના જીવનમાં બન્યા કરતું હોય છે. આવી બાબતમાં નફાનુકશાનના આંકડા મૂકવાનું વલણ ખેડૂતનું હોતું નથી. એવી રીતે સર્વ વિદ્યાલયે આવા આંકડા મૂક્યા નથી. કારણકે તેને શ્રદ્ધા છે કે શુભ નિષ્ઠાથી કરેલાં કાર્યો નિષ્ફળ જતાં નથી; તેનું પરિણામ પ્રત્યક્ષ નહિ તો પરોક્ષ, નજીકનું નહિ તો દૂરનું, સ્વના લાભનું નહિ તો પરના લાભનું આવે જ છે અને તે શુભકર હોય છે.

ખેડૂત જે કંઇ મહેનત કરે છે-ઉત્પન્ન કરે છે તે બહુધા બીજાઓ માટે હોય છે. જનસમાજના પોષણ માટે ધાન્યાદિ ઉત્પન્ન કરવામાં તે માત્ર પોતાનો વિચાર કરતો નથી-જોકે ખેતી એ જીવન-નિર્વાહનો વ્યવસાય ગણાય છે છતાં પોતાની પેદાશમાંથી તે તો માત્ર જીવનનિર્વાહ પૂરતું પરાણે પામે છે, બીજું બધું અન્યને માટે જાય છે, છતાં તેને તેની ગણત્રી હોતી નથી. ઉદારભાવે-સંન્યાસભાવે ઋષિભાવે તે પોતાની અને જનસમાજની પોષણ પ્રવૃત્તિમાં નિષ્ઠાપૂર્વક વળગેલો જ રહે છે. સર્વ વિદ્યાલયના વ્યક્તિત્વમાં આ તત્વ મૂળભૂત રીતે વણાઇ ગયું છે.

સર્વ વિદ્યાલય ધરતીનું છોરું છે. તેનામાં ધરતીનું ખરબચડાપણું છે. પણ કઠોરતા નથી. તેનામાં નાગરીકતાનો આંજી નાંખે તેવો ભપકો નથી તો નગરનો ઉપટી જાય તેવો રંગ નથી. તેનામાં ધાટઘુટ ઓછાં આકર્ષક હશે તો નગરની

[ અનુસંધાન પાન આઠ ઉપર ]

**ગુજરાતની અગ્રગણ્ય અને આપણી સૌની પ્રિય માતૃસંસ્થા**

**સુવર્ણજયન્તી**

**પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ સર્વે ભાઇ-બેનો પાસે**

**અપેક્ષા રાખે છે:**

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.

(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.

(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.

(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. 'સુવર્ણ જયંતી' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.

(૬) 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

❁ ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફટથી મોકલી આપવા વિનંતી છે.

❁ આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડીના પરિવારની

## આઈ. એમ. જે. સર્વ વિદ્યાલય-બલોલ

ગુજરાત અને સૌરાષ્ટ્રમાં કેળવણીની જે હરિયાળી ભૂમિકાઓ છે તેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓ પોતાની એક આગવી મ્હેક ધારી રહે છે. તેમના વાતાવરણમાં પૂ છગનભાનું તપ અને સેવાવૃત્તિ મ્હેક્યા કરે છે. તેમના વિકાસ પાછળ અનેક ધૂરિણોનાં આયોજન, દૃષ્ટિ અને મહેનત કામે લાગેલાં છે, વિશાળ જન સમૂહાયની ભાવનાનાં જળસિંચન છે, સુજ્ઞ આચાર્યો અને અધ્યાપકોનાં તેજ રેલાયેલાં છે. અને વિશાળ છાત્રગણનો અનુરાગ પ્રગટેલો છે.

સર્વ વિદ્યાલય પરિવારના એક અંગ લેખે આઈ. એમ. જે. સર્વ વિદ્યાલય, બલોલનો પોતાનો નાનોશો પણ ગૌરવાન્વિત ઇતિહાસ છે. ૧૯૫૨ માં આની સ્થાપના હોઈ દાયકાનાં બે તપ પણ તેનાં પૂરાં નથી થયાં છતાં સતત ૧૨ વર્ષ મહેસાણા તાલુકા વ્યાયામ મંડળમાં આ વિદ્યાલય ચેમ્પીઅન બનતું આવ્યું છે અને બે વર્ષ S. S. C. બોર્ડમાં S. S. C. નું પરિણામ ૧૦૦% પ્રાપ્ત કરી લાવ્યું છે.

મહેસાણા તાલુકામાં બલોલ એક અગ્રગણ્ય અને મુખ્ય ગામ છે. આસપાસ છ છ માઈલના વિસ્તારમાં આવેલાં ગામડાં પોતાની માધ્યમિક શિક્ષણની અને અન્ય જરૂરીઆતો અંગે તેને આધારભૂત ગણે છે. આ રીતના કેન્દ્રભૂત ગામમાં સ્થાનિક તેમ જ આસપાસનાં ગામોનાં બાળકોને માધ્યમિક શિક્ષણ આપી શકાય તે હેતુથી ગામના તેમ જ અમદાવાદ અને બહાર રહેતા ઉત્સાહી નાગરિકોએ શાળા ખોલી અને પોતાનાં બાળકોને માધ્યમિક શિક્ષણ આપવાના ૧૯૫૨ પહેલાં બે ત્રણ પ્રયત્નો કર્યા જે નિષ્ફળ નીવડયા. સફળ સંચાલન વિના કોઈપણ સંસ્થા ફાલીફૂલી શકતી નથી તે આ ઉપરથી ફલિત થાય છે.

બલોલના અને વિશેષત: અમદાવાદ નિવાસી બલોલના નાગરિકોને પોતાનાં બાળકો ઉચ્ચકક્ષાની કેળવણીથી કેળવણીના એ જમાનામાં વંચિત રહે એ વસ્તુ દિલમાં સતત ખટક્યા કરતી હતી.

'બલોલ મિત્રમંડળ' અમદાવાદ તરફથી બલોલ મુકામે માધ્યમિક શાળા ખોલવાની માગણી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી પાસે કરવામાં આવી હતી. તે ઉપરથી તા. ૧-૩-૫૨ થી બલોલ મુકામે "શ્રી મિત્રમંડળ સર્વ વિદ્યાલય" નામની શાળા સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શાખા તરીકે શરુ કરવામાં આવી.

ઉપરોક્ત શાળાનું ઉદ્‌ઘાટન શ્રીયુત રામચંદ્રભાઈ અમીનના વરદ્ હસ્તે તા ૨૯-૨-'૫૨ ના રોજ કરવામાં આવ્યું હતું.

"ઈશ્વર મય જીવન"



શાળાનું નવીન નામાભિધાન ગુજરાત યુનિ.ના કુલપતિ અને સુખ્યાત કવિ-વિવેચક શ્રી ઉમાશંકર જોષીના વરદ્ હસ્તે દીપ પ્રગટાવીને કરવામાં આવે છે. [તા. ૧૦-૨-૬૯]

શરૂમાં બે વર્ષ નાણાંકીય જવાબદારી શ્રી બલોલ મિત્રમંડળ અમદાવાદે ઉપાડી લીધી હતી. ત્યારબાદ બલોલ કેળવણી મંડળે આ શાળાની આર્થિક જરૂરિયાતો પૂરી કરવાની જવાબદારી ઉપાડી છે.

શાળાના સ્વતંત્ર મકાન માટે મંડળે ફંડની શરુઆત કરી અને ગામ ખેતી પ્રધાન હોવા છતાં ગામ લોકોએ પોતાના ગજા ઉપરાંત ફાળો આપી ફંડ માટે ખૂબ સારી ધગશ બતાવી સદર ફંડને આસપાસનાં આઠથી દસ માઈલના વિસ્તારનાં ગામડાંઓએ ઘણો સારો સહકાર આપ્યો. મહેસાણા, અમદાવાદ અને મુંબઈથી પણ દાનોની સહાય મળી.

બલોલના વતની અને હાલ અમદાવાદ નિવાસી ચોકસી સોમાભાઈ ત્રિભોવનદાસની પેઢીના ભાગીદારો સર્વશ્રી જોઇતારામભાઈ ઇશ્વરદાસ તથા સોમાભાઇ મગનદાસ અને ત્રિભોવનભાઈ જીવણદાસ આ સંસ્થાના વિકાસમાં પ્રારંભથી ખૂબ જ રસ લઈ તન, મન અને ધનથી સહાય કરતા આવેલા છે; અને તેમના તરફથી રૂા. ૩૧૦૦૦/ હજારનું દાન મળતાં વિદ્યાલય સાથે તેમના પિતૃઓનું નામ જોડવામાં આવ્યું. વિદ્યાલયનો નવીન નામકરણ વિધિ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ અને સુખ્યાત કવિ–વિવેચક શ્રી ઉમાશંકરભાઇ જોશીને વરદ હસ્તે તા. ૧૦-૨-'૬૯ના રોજ થયો. તે પ્રસંગે તેમણે સંસ્થાને તેના નામના અનુસંધાનમાં 'ઇશ્વર મગ્ન જીવન' એ ચેતનમંત્ર આપ્યો જે તેને માથે એક મોટા આશીર્વાદ રૂપ છે. કવિશ્રી ઉમાશંકરને કેળવણીની આ હરિયાળીએ તૃપ્ત કર્યા હતા. એ તેને માટે ગૌરવપ્રસંગ છે.

સંસ્થાને પોતાનાં રૂ. ૨,૭૫૦૦૦/નાં મકાનો છે, વિશાળ પ્લેગ્રાઉન્ડ છે, અને ૮ વીઘા જમીન છે તથા છાત્રાલય છે. વિદ્યાલયની સંખ્યા ૫૫૦ ની છે વિદ્યાલયને સાધન સંપન્ન પોતાનાં પુસ્તકાલય - વાચનાલય, પ્રયોગશાળા તથા ચિત્રશાળા છે. પંડિત મોતીલાલ નહેરુ વ્યાયામ મંદિર પણ સરકાર સહાયે બંધાયેલું છે. આ વિદ્યાર્થીઓ S. S. C. બોર્ડમાં બે વખત ૧૦૦% પરિણામ લઈ આવ્યા છે અને વિદ્યાલય ગયાં બાર વર્ષથી મહેસાણા તાલુકામાં વ્યાયામ ક્ષેત્રે ચેમ્પીયન બનતું આવ્યું છે. તેની નોંધ પ્રારંભે જોઈ

આ વિદ્યાલયને સર્વ વિદ્યાલય પરિવારના આદ્ય પ્રણેતા પૂજ્ય છગનભાના તપની મ્હેક અને ગુર્જરીના મૂર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોશીના આશીર્મંત્રનું બળ વિશેષ વિકાસ પ્રતિ પ્રેરી રહેશે.

વિદ્યાલયને પ્રાર્થના અને પ્રવચન માટે એક સંસ્કાર ભવન (Auditorium) ની ખાસ આવશ્યકતા છે, જે પરમકૃપાથી પૂર્ણ થાય અને અન્ય 'વ્યવસાયિક બાયસ' અને 'હાયર સેકન્ડરી' વિકસાવવાની મંગલકામના પૂર્ણ થાય એ વાંચ્છા.

સંસ્થા સમક્ષ નાણાંકીય મુશ્કેલીઓ છે જ છતાં આશા રાખીએ કે પૃથ્વીપર સુકાર્યોની સ્થાપના અને વિકાસમાં ભાગવતી ચેતના અને શક્તિ વિજયી નિવડશે જ.

આ શાળાના આચાર્ય તરીકે શ્રી ઈશ્વરભાઇ જી. પટેલ એમ. એ., બી. એસસી., બી એડ., રત્ન કામ કરે છે.

# સૂરજદાદા અને ચાંદામામા

[ ડૉ. બિપિન કે. પરીખ ]

સૂર્ય–સૂરજ–સૂરજદાદા ! ખરેખર એ આપણા વિશ્વના દાદા છે. દાદાજીની કીર્તિ જેમ સર્વત્ર પ્રસરેલી હોય છે તેમ સૂરજદાદાનાં કિરણો પણ જગતમાં સર્વત્ર પ્રસરેલાં હોય છે. દાદાજીનો જેવો પ્રભાવ હોય છે એવો એનો પણ છે–કોઇ માથું ઉંચું કરી એમની સામે જોવાની હિંમતજ ન કરેને ! ગંભીર છતાં દાદાજીનું હૈયું પોતાનાં બાળકો માટેતો પ્રેમાળ હોય છે. બાળકોને ગોદમાં લઇ દાદાજી પોતાના કર્કશ હાથે રમાડે છે તેમ સૂરદાદા પણ જગતને ગોદમાં લઇ પોતાનાં ચેતનવંતાં કિરણોથી પંપાળે છે અને સુપ્ત જગત ફરી ચેતનવંત બની જાય છે. ઊંઘમાંથી ઉઠેલું બાળક દાદાજી મળતાં હસી ઉઠે છે તેમ જગત પણ સૂરજદાદાનાં દર્શન થતાં હસી ઉઠે છે–ફૂલો પાંદડીઓ ખોલી સસ્મિત ડોલે છે; પંખીઓ દાદાજીની દાઢી પકડવા આકાશમાં આમતેમ ઉડી કિલ્લોલ કરી મૂકે છે.

પણ દાદાજી આખો દિવસ બાળકોને રમાડવા નવરા નથી હોતા–બાળકોને ઊંઘમાંથી ઉઠાડી, રમાડી તેઓ પોતાને કામે વળગે છે અને બાળકોને પણ પોતાની જવાબદારીનું ભાન થતાં પોત પોતાને કામે વળગે છે.

રવિદાદા જતા રહે ને બાળકોનું ચેતન પણ જાણે હણાઇ જાય બાળકોને તો દાદાની ગોદમાં રમવાનું ઘણું ઘણું ગમે પણ મિહિરને એટલાં બધાં બાળકો છે કે બીજાંની ખબર લેવાય જવું પડેને ? એટલે બાળકોને ચાંદા મામાના હાથમાં સોંપીને ભાનુ પશ્ચિમમાં સરકી જાય છે

અર્યમાની વિદાય સાથેજ જગત ભણે હાંફળું ફાંફળું બની જાય છે. પક્ષીઓ, પશુઓ, માનવી–સૌ પોતપોતાના ઘર તરફ દોટ મૂકે છે. નૈરાશ્યના ઓળા જાણે જિંદગી પર ઉતરી આવે છે. ઉન્મૂલનનો ભય જાણે અસ્તિત્વને હચમચાવી નાખે છે. આફતાબ વગરનું આકાશ જાણે સૌને ખાવા ધાય છે.

પરન્તુ ત્યાં તો... હસતા હસતા ચાંદામામાનાં શીતળ હાથ આકાશમાંથી લાંબા થતા દેખાય છે. અને ભયથી ધ્રુજતાં બાળકો જાણે શાતા અનુભવે છે ચાંદામામાના શીતળ હાથે પંપાળાવાનું કોને ન ગમે ? દાદાનો તો પ્રભાવ એવો કે એમની સામે જોઇ પણ ન શકાય જ્યારે મામાનું હસતું મોં જોઇને તો જાણે વળગી જ પડવાનું મન થાય એટલે ઘડીભરતો બાળકો ભાસ્કરદાદાને ભૂલી જાય છે અને શરદેન્દુ મામાની શીતળ ચાંદનીમાં ન્હાવાનો લ્હાવો લે છે.

દાદાની તીખી નજર નીચે તો જવાબદારીને ફિકર–ચિંતા આખો દિવસ કોરી ખાય જ્યારે મામાની મમતાળુ સ્નેહવર્ષણા હેઠળ તો બસ... સ્નેહસંવર્ધન સિવાય જાણે કંઈ સૂઝે જ નહીં. એટલે રજનિપતિના રાજમાં પ્રીત, પ્રેમ અને પ્યારનું ચલણ ચાલુ થઇ જાય છે. તેથી પ્રેમીઓને ચાંદ બહુ ગમે છે.

મહેતાબની માયાની અસર નીચે પ્રેમ કરતાં બાળકો ટપોટપ ઊંઘવા માંડે છે પણ ઊંઘ આવે તે પહેલાં તો મામા કેટલાકને રૂપેરી ચંદ્રલોકની સફરે લઇ જાય છે. રૂપેરી ડુંગરો અને રૂપેરી નદીઓનો એ દેશ જોતાં જોતાં બાળકો ઊંઘી જાય છે ત્યારે બાળકોને પંપાળી રહેલો સોમામામાનો સૌમ્ય હાથ હળવેથી સરકી જાય છે અને પૂર્વમાંથી પાછા સહસ્રરશ્મિના સહસ્રહાથ સહસ્રનેક બાળકો તરફ લંબાય છે.

# પણ મેં આ ચોરી કેમ કરી?

રણજીત પટેલ [अनामी]

**સંભવત :** ૧૯૩૨ ની સાલ હશે. પૂ. છગનભા કરાંચીની ટ્રીપમાંથી (સંસ્થા માટે ઉઘરાણાનીસ્તો!) તાજા જ પાછા ફરેલા. એ આવે એટલે આશ્રમનું મોં મીઠું થાય જ. કાં તો મીઠાઈ લાવ્યા હોય વા મિષ્ટ ભોજનો. આવે અવસરે ગેલમાં આવી ગયેલી ભોજન-શાળામાં પ્રમાણમાં વધુ કલબલ થાય. પીરસાતું હોય વા સેંકડો ચક્કીઓ ચાલતી હોય ત્યારે 'ભા' એ બાજૂ ક્યાંકને ક્યાંક આંટા મારે અને એમના યંત્રમાં કલબલની માત્રા વધી પડેલી લાગે એટલે કેવળ બે જ 'પેટન્ટ' વાક્યો બોલે :

'શાંતિ, બેટા! શાંતિ'! ત્રણ શબ્દોનુ આ એકાક્ષરી વાક્ય બોલતાં એ ઠીક ઠીક ઊંચા દેહના બે લાંબા હાથ હવામાં અદ્ધર ઊંચા થાય જાણે સામુદાયિક આશીર્વાદ આપતા ન હોય! મુખ ઉપર જરાય ક્લેશ, રોષ કે નિર્વેદનો ભાવ નહીં. એમની આ 'પ્રેમની અપીલ' થી ભોજનશાળામાં હંગામી શાંતિ પ્રસરે એટલે બધા સાંભળે તેમ સ્વગત (!) બોલે :

"મારા બેટા હલ્લડ કરે છે!"

'મને સાંભરે રે'

જેનો જઠરાગ્નિ વધુ તેજ હોય તેવા વા ખાઉધરા વિદ્યાર્થીઓ બે-વાર નાસ્તો લેતાં કોકવાર કોઠારીની દૃષ્ટિની ઓઝટમાં આવી ગયા હશે! અમારા કોઠારી હતા શ્રી સોમાભાઈ પટેલ આદરજના. ચોરી કરી બેવાર નાસ્તો લેતા કેટલાક વિદ્યાર્થીઓની કોઠારીએ 'ભા' સમક્ષ રાવ ખાધી એટલે એ 'સુપ્રીમ કોર્ટ'માંથી આખરી ફેંસલો જાહેર થયો :

## "ખાવાની બાબતમાં ચોરી ગણાય જ નહીં."

ચોરી એટલે ચોરી–પછી એ ગમે તેટલી બાધાઈ સાથે કે ચાલાકીથી કરી હોય! પકડાય કે ચાલી જાય–એથી તત્ત્વતઃ એમાં કશો ફેર પડતો નથી; પણ આવો ફેંસલો આપતાં 'ભા' ના વાત્સલ્ય-સભર અંતરમાં કેટલા બધા બાલ-કનૈયાઓ માટેનો મઝિયારો નંદ-જશોદાનો બાલ-પ્રેમ ઊભરાતો હશે? "આટલાં બધાં બાળકો બિચારાં મા-બાપને મૂકીને અહીં આશ્રમમાં રહે છે. ખાવા-પીવાનું એમને શા માટે દુઃખ પડવું જોઈએ? ભલે ખાતાં-પીતાં ને ખેલતાં બિચારાં"–આવો કૈંક ભાવ એમના ફેંસલામાં હશે! પણ પૂ. ભાનો આ ફેંસલો મારી બાબતમાં વિચિત્ર રીતે ફળ્યો! અમારી સાથે એક ચતુરભાઈ પટેલ કરીને ભણે. તબિયત મસ્ત પણ ભણવે રહેજ મંદ. તે સમયના અમારા વિજ્ઞાનના શિક્ષક શ્રી સદાશિવ યુ. ભટ્ટ ખૂબજ પ્રેમાળ ને ઉત્સાહી. વિદ્યાર્થી-જગતમાં ખૂબ હળેભળે. શિયાળો આવ્યો. "અમુક અમુક દ્રવ્યો નાખી પાક બનાવવામાં આવે તો ગમે તેવી મંદ બુદ્ધિ પણ તેજ થાય" એવો એમનો દાવો! કેટલાકને તેમણે આવો પાક બનાવી પણ આપ્યો. શ્રી ચતુરભાઈએ એ લાભ લીધો એવો મારો ખ્યાલ છે.

મારા મોટાભાઈ (ગવાડાની શેઠ સી. વી. વિદ્યાલયના હાલના આચાર્યશ્રી મણિભાઈ પટેલ) અને હું અને અમારા જેવા બીજા અનેક મોટે ભાગે શિયાળાના પાકમાં ગોળ-કોપરાં જ ખાઈએ. આ બધા ડબ્બા આશ્રમની નક્કી કરેલી એક ઓરડીમાં રાખવાના અને ઘંટ વાગે એટલે એને ન્યાય આપવાનો.

અમારા ચતુરભાઈ એમના મોટા મજબૂત ટ્રંકમાં જ પિત્તળને ડબ્બે તાળું મારી એમના પાકનો એકલા એકલા ઉપભોગ કરે! દરરોજ ચાર વાર (બે વાર સમૂહ ભોજનમાં ને બે વાર સમૂહ પ્રાર્થનામાં) ॐ सह नाववतु। सह नौ भुनक्तु। सह वीर्यं करवावहै। ગાવું ને એકલા એકલા ખાવું એ અમને શી રીતે પોષાય? કોણ જાણે શી રીતે એક દિવસ એમની ચાવઓ મેં બડી સિફતથી ચોરી લીધી! એ ભાઈ વર્ગમાં વિદ્યા-વૃદ્ધિ કરે. ત્યારે મેં એમનો ટ્રંક ખોલી, ડબ્બો ઉપાડી મારા ટ્રંકમાં મૂકી દીધો અને બીજે દિવસે સવારે સાડા ચારે શિયાળાની કડકડતી ઠંડીમાં દૂરના એક ખેતરમાં જઈ ડબ્બો તોડી નાંખ્યો, ખવાય તેટલો પાક ખાધો અને ડબ્બો હતો તે કૂવામાં પધરાવ્યો! -જલદેવતાને નૈવેદ્ય! જે હોહા થવાની હશે તે થઈ હશે. ગૃહપતિએ સંભળાવ્યું : 'પાકના ડબ્બા આશ્રમની અમુક ઓરડીમાં જ રાખવાના હતા તમારે જોખમે તમારી પાસે રાખો એની જવાબદારી અમારી નહીં." પત્યું, પણ મેં આ ચોરી કેમ કરી? ગોળ-કોપરાં ખાઈ કંટાળેલો જીવ નવીનતા માગતો હતો એટલે? મફતિયા માલે જીભ સળવળી? ચતુરભાઈ એમને सह नौ भुनक्तु। કરાવતા નહોતા તેથી? મહેતા સાહેબના 'ઈલમી પાક' થી વર્ગમાં અમારો નંબર જતો રહેશે એ લાંબાગાળાના છૂપા ડરથી? કદાચ મારામાં ખાઉધરાવૃત્તિ લબકારા મારતી હશે તેથી? કે ચોરી કરવામાં પણ ખૂબ ચાલાકી જાઈએ છે એ સત્ય પૂરવાર કરવા આ પ્રધાન-ગૌણ કારણોમાંથી સાચું કારણ ગમે તે હો પણ પૂ. 'ભા' નું પેલું બ્રહ્માસ્ત્ર "ખાવાની બાબતમાં ચોરી ગણાય જ નહીં" એ મારુ રક્ષણ કરવા ભાથામાં સદાય તૈયાર હતું. વાત્સલ્ય-યજ્ઞમાંથી પ્રગટેલા 'ભા'ના એ બ્રહ્માસ્ત્રે અનેક આપદ્ધર્મમાંથી મને ઉગાર્યો છે. આજે એ બ્રહ્માસ્ત્ર મેં મારાં બાળકોને હવાલે કર્યું છે–હું 'ભા' નથી એટલું જ!

# વાત્સલ્ય

શ્રી જાદવભાઈ તુ. પટેલ
'રશ્મિભિક્ષુ'

આખા દિવસથી રશ્મિકાન્ત બેચેન હતા.

છાત્રાલયના પ્રાંગણમાં રોજ કરતાં વધારે વાર એમણે અકારણ આંટા માર્યા. અજાણપણે પણ એ જગદીશની રૂમ આગળથી પસાર થતા હતા. કોઈક વખત એની રૂમમાં ડોકિયું પણ કરી લેતા. જગદીશ દેખાતો નહોતો. એકાદવાર કોઈ છાત્રને એમણે જગદીશ વિષે પૂછ્યું પણ ખરું. કોઈ ખાસ પ્રયોજન સિવાયની પૃચ્છા સમજી એ છાત્રે, સહજ ભાવથી 'રમવા ગયો હશે' કહી ચલાવી લીધું.

સવારે જગદીશ ઉપર પોતે જરૂર કરતાં વધારે ગુસ્સે થયા હતા એમ એમને લાગતું હતું. ગુસ્સામાં એમણે એને થોડો માર પણ માર્યો. શારીરિક શિક્ષા એ ક્રોધના ગાંડપણનો આવિર્ભાવ છે એવું પોતે માનતા હતા. એટલે તો આ ગાંડપણ દાખવ્યા બદલ એમના મનને ભારે ચણચણાટી હતી... અને આમ છતાં, જગદીશે કરેલો દોષ એમને મન જરાય ઓછો નહોતો. જગદીશે એના સાથી છાત્રને સામાન્ય બાબત માટે માર્યો હતો.

જગદીશે છાત્રને માર્યો; પોતે જગદીશને માર્યો. જગદીશ અને પોતાનામાં શો ફેર હતો ? બંનેને પશ્ચાત્તાપ થવો જોઈએ. પોતે તો અત્યારે દ્રવી રહ્યા હતા. એક દિવસના ઉપવાસનો મનોમન નિર્ણય પણ કરી લીધો હતો. જગદીશ માટે ? એને પોતાની ભૂલ સમજાવી જોઈએ.

રશ્મિકાન્ત કંઈક માર્ગ વિચારી રહ્યા હતા.

સાયં પ્રાર્થનાનો બેલ વાગ્યો.

ભોજન પછી મુક્ત વિહાર કરતા છાત્રો ધીરે ધીરે પ્રાર્થના ભૂમિ ભણી ચાલતા થયા. કેટલાક બાળ છાત્રો તો દોડીને પણ ત્યાં પહોંચી ગયા. પ્રથમ હરોળમાં બેસવાનું એમને મન ભારે આકર્ષણ હતું.

ગોધૂલિવેળાનાં નયનાભિરામ દશ્યો આત્મસંતર્પક હતાં. અસ્તાચલગામી સૂર્યનાં કોમળ કિરણો વાદળોમાં મનમોહક સ્વસ્તિકો રચતાં હતાં. પંખીઓની લાંબી હારમાળા પોતાના માળા ભણી ઉડ્ડયન કરી રહી હતી.

ઝીણા સંગીતની સાથે ભજનની દિવ્ય સુરાવલિ વાતાવરણમાં પ્રસરી ગઈ. છાત્રોની બંધ આંખોમાં મુદિતાના ભાવ પથરાયા. જાણે કોઈ વેદઋચાનું આહ્વાન ન થતું હોય !

રશ્મિકાન્તે આંખો બંધ કરવાનો આજે પ્રથમ જ સભાન પ્રયત્ન કર્યો

પ્રાર્થના પૂરી થતાં સૌના આશ્ચર્ય વચ્ચે માત્ર એટલું જ કહ્યું : "આજે 'આત્મકથા'નું વાચન નહીં થાય."

"કેમ ?" છાત્રોના મોં પર પ્રશ્ન ઝીલાઈ રહ્યો. પણ કોઈએ પૂછવાની હિંમત ન કરી.

છાત્રો તરેહ તરેહની કલ્પનાઓ ચલાવવા લાગ્યા.

"શાંતિ બેલ" વાગતાં જ સૌ સ્થિર થઈ ગયા વાતાવરણમાં બિલકુલ શાંતિ પથરાઈ ગઈ.

એ પછી સૌ છાત્રો પોતપોતાની રૂમમાં ગયા.

રશ્મિકાન્ત ચૂપચાપ 'ઓફિસ' ભણી ચાલતા થયા.

"સાહેબ, મને માફ કરો." એમણે જોયું કે એક બાલછાત્ર તેમને પ્રણમી રહ્યો હતો. એની બંને આંખોમાં અશ્રુ ઉભરાયાં હતાં.

રશ્મિકાન્તે બાળકના ખભા પર હાથ મૂક્યો. તેમનું હૈયું પણ ભરાઈ આવ્યું બોલ્યા, "દશરથ, ભાઈ, તું ? કેમ રડે છે ?"

એની વાણીમાં વેદના અને પશ્ચાત્તાપ હતાં.

"સાહેબ, મેં મોટો અપરાધ કર્યો છે. જગદીશને ગાળ મેં જ દીધી હતી. તેનો જરાય વાંક ન હતો."

...... ને એનાથી પાછું રડાઈ ગયું !

રશ્મિકાન્તની નજર સમક્ષ સવારનું દશ્ય તરવરી રહ્યું. એમના મનમાં પેલો પ્રશ્ન ફરી વેગવંતો બન્યો.

જગદીશને પોતે શા માટે માર્યો ? ભૂલ–ગૂનો કોણ નથી કરતું ? એક ગૃહપતિ તરીકેનું કામ તો મહાન જવાબદારીભર્યું ગણાય ! એણે તો હીરાધર શિલ્પી બનીને પથ્થરોમાંથી પ્રતિમાઓ કંડોરવાની ? એમાં અજબની ધીરજ, અદ્ભુત કુશળતા ને સૌથી વિશેષ તો આત્મ કલાની સૂક્ષ્મ સૂઝ ને સંવેદના જોઈએ !! એકેક બાળક એને મન આરાધના અને ઉપાસનાનું પાત્ર હોય, એની પ્રત્યેક પ્રવૃત્તિ જીવનસાધનાની અત્યુત્તમ ફલશ્રુતિ હોય એ જ આ પદને દીપાવી શકે. બાળક તો ઈશ્વરનું જ પ્રતિરૂપ ! એની નાજુક ઊર્મિઓને કચડી નાખનારનું અહીં સ્થાન ન હોય ! બાળક ભૂલ કરે એ તો પોતાની જ સાધનાની ઊણપ !

એ ધન્ય પળે એમની વિચારતંદ્રા તૂટી. ને બીજી જ ક્ષણે સહેજ સ્વસ્થ બની એમણે કહ્યું : "ભાઈ દશુ, રડ નહીં. જા, તું, ભલો–ભોળો છોકરો છે."

આંસુ લૂછી એને વિદાય કર્યા પછી તેઓ છાત્રોની રૂમ ભણી ચાલ્યા.

એ જગદીશની રૂમમાં આવ્યા. જગદીશને એમણે કંઈક કહેવું હતું. શું કહેવું હતું, કઈ રીતે કહેવું હતું એ હજુ કંઈ વિચાર્યું નહોતું. પણ એમની મુખમુદ્રા ઘણું ઘણું કહેતી હતી. એમની આંખોમાંથી કરુણાનો એક વિસ્મયકારી ઓધ પ્રગટતો હતો.

[ અનુસંધાન પેજ ૮ ઉપર

# સુવર્ણ જયંતી ફાળામાં

## નીચેની નવીન રકમો લખાઈ છે.

## દાતાઓનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

૩૭૧૦૭) આગળનો સરવાળો આગલા અંકમાંથી

૨૫૧) પ્રહલાદભાઈ મોહનદાસ જાસપુરવાળા
૧૦ ભરતકુંજ સોસાયટી, મીઠાખળી પાસે.
અમદાવાદ–૬

૨૫૧) ચતુરભાઈ ડુંગરદાસ
C/o કાંતીલાલ વિઠ્ઠલદાસની કું.
માણેકચોક, અમદાવાદ

૨૫૧) ગુણવંતલાલ આત્મારામ
C/o કાંતીલાલ વિઠ્ઠલદાસની કું.
માણેકચોક, અમદાવાદ

૧૦૦૧) કાંતિલાલ આત્મારામ (જાસપુરવાળા)
૧૫, ભરતકુંજ સોસાયટી, મીઠાખળી પાસે.
અમદાવાદ–૬

⊙૧૦૦૧) માધવલાલ અમીચંદદાસ
૧૬, ભરતકુંજ સોસાયટી, અમદાવાદ–૬

૨૫૧) છોટાલાલ ચુનીલાલ પટેલ (એડવોકેટ.)
૨૨, નાથાલાલ કોલોની, : સ્ટેડીયમ રોડ
અમદાવાદ–૧૪

૨૫૧) ધરમચંદ શીવલાલ
સરદાર પટેલ કોલોની, : બંગલા નં. ૮૪
અમદાવાદ–૧૪

૨૫૧) પા. અમૃતલાલ કાંતિલાલ
હા. કાંતિલાલ છનાલાલ (ઝુલાસણવાળા)
એલ. કે. ટ્રસ્ટ બિલ્ડીંગ રેવડીબજાર, : અમદાવાદ–૨

૨૫૧) બકુભાઈ વિઠ્ઠલદાસ પટેલ
૫/૧ દરિયાપુર પટેલ સોસાયટી, ; અમદાવાદ–૧૩

૨૫૧) ચતુરભાઈ વિઠ્ઠલદાસ
૮/A દરિયાપુર પટેલ સોસાયટી, : અમદાવાદ–૧૩

૨૫૧) ડૉ. હિંમતલાલ પી. પટેલ
૯, ગૌતમ વિહાર સોસાયટી,
આશ્રમરોડ, : અમદાવાદ–૧૩

૧૦૦૧) નાથાલાલ નારણદાસ દેસાઈ
હા. કીરીટચંદ્ર નાથાલાલ દેસાઈ
૭, અમીન સોસાયટી, : અમદાવાદ–૧૪

૫૦૧) ડૉ. નારાયણ એમ. પટેલ (કડીવાળા)
૨, શ્રીજી બાગ ફ્લેટસ નવરંગપુરા, : અમદાવાદ–૯

૨૫૧) દેવુભાઈ રણછોડભાઈ દેસાઈ
મુ. પો. સચાણા : તા. વિરમગામ.

૧૦૦૧) એચ. એમ. પરીખ એન્ડ કું.
૭, મહાદેવનગર, : અમદાવાદ–૧૪

૧૦૦૧) શંકરલાલ નારણદાસ પટેલ
હાઈકોર્ટ જજ
૧, કેતન સોસાયટી, : અમદાવાદ

૨૫૧) સવિતાબેન શંકરલાલ
૧, કેતન સોસાયટી, : અમદાવાદ

૧૦૦૧) ઇશ્વરલાલ નારાયણદાસ પટેલ
૮૫, સરદાર પટેલ કોલોની, : અમદાવાદ-૧૪

* ૨૫૧) ડૉ. રેવાભાઈ ખેમચંદદાસ પટેલ
ઠે. સ્ટેટબેંકની સામે, : મુ. કલોલ

૨૫૧) શ્રી રમણભાઈ નારણભાઈ પટેલ
પોસ્ટ ઓફિસ પાસે, : મુ. ચાણસ્મા

૨૫૧) શ્રી રમેશભાઈ નારણભાઈ પટેલ
પોસ્ટ ઓફિસ પાસે, : મુ. ચાણસ્મા

૪૭૧૨૮)

* વસુલ આવી ગયા છે. ⊙ ૨૫૧) આવ્યા છે.

---

[ અનુસંધાન પાન ત્રણ ઉપરનુ ચાલુ ]

મર્યાદિત સીમાઓ પણ નથી. તેનામાં આકર્ષણવૃત્તિ અને પ્રદર્શનવૃત્તિ નથી તો અતડાપણું પણ નથી. ખુલ્લા હૃદયની આત્મીયતા તેનું આકર્ષણ છે.

સર્વ વિદ્યાલયનાં મૂળ ધરતીમાં છે, તેના દેહમાંથી ધરતીની ફોરમ આવે છે, શિવ અને વિષ્ણુ (કલ્યાણ અને પોષણ) તેના ઉપાસ્ય દેવ છે, સર્વને માટે સર્વાંગીણ વિકાસના ધ્યેયને તે વરેલી છે.

રાજતી અને સોહતી સર્વ વિદ્યાલયનું આ વ્યકિતત્વ છે.

---

[ અનુસંધાન પાન ૭ ઉપરનું ચાલુ ]

ગૃહપતિને રૂમમાં દાખલ થયેલા જોઈ છાત્રો ઊભા થઈ ગયા અને હાથ જોડીને આવકાર આપ્યો.

રશ્મિકાન્ત જગદીશ પાસે ગયા. રૂમમાં શાંતિ પથરાઈ ગઈ હતી. સૌ ગંભીર હતું.

એ ઘડીભર જગદીશ પાસે ઊભા રહ્યા. એમણે કહ્યું : "ભાઈ, જગદીશ !"

રશ્મિકાન્તના મુખમાંથી નીકળેલા આ શબ્દો, શબ્દો નહોત જાણે નાદબ્રહ્મનું સ્વરૂપ હતું. પ્રેમનો જબરજસ્ત પ્રવાહ હતો.

અને ત્યાં તો, ચમત્કાર થયો હોય એમ 'ગુરુજી' કહીને જગદીશ એમના ચરણોમાં ઝૂકી પડયો. વાતાવરણ એવું ભાવના સભર બની ગયું કે અન્ય છાત્રોની આંખો પણ સજળ બની ગઈ.

હવે રશ્મિકાન્તે જગદીશને કંઈ કહેવાની જરૂર રહી નહોતી. હૃદયની વાણી એને પ્રાપ્ત થઈ ચૂકી હતી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી : તા. ૧૫–૧–૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૅાય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૨૨-૧-૭૦ [ અંક ૧૮


## જય હો !

રણજીત પટેલ (अनामी)

મ યૂ ર વા હિ ની
વી ણા ધા રિ ણી
જા ડ્ય હા રિ ણી
ક્લે શ તા રિ ણી
અ ય શ મા રિ ણી
અ શુ ભ વા રિ ણી
પુ ણ્ય કા રિ ણી
અ ભ ય ભા રિ ણી
જય હો દેવી સરસ્વતી.

આશ્રમ ને વિદ્યાલય જય હો,
જય હો ભારતીદેવી પુત્રો,
અધ્યાપક - ગણ કેરો જય હો,
જય હો પુણ્ય ભૂ મિ નો.

ભવ્ય ગગનનો જય હો,
જય હો રમ્ય પવનનો!,
પશુ – પંખીનો જય હો,
જય હો ધન્ય અવસરનો.

અર્ધ-શતાબ્દી અવસર જય હો,
જય હો ધરતીના કણકણનો,
અનુકૂળ હવા-ભૂમિ-પશુ-માનવ,
કેવી રચી આ સૃષ્ટિ અભિનવઃ
જય હો જય હો જય હો સહુનો.

વિદ્યાલય–આશ્રમનો જય હો,
અર્ધ–સદીની સિદ્ધિ જય હો,
સાર્થ જ્ઞાન–ગંગોત્રી જય હો,
ગંગાના ભા–ભગીરથ જય હો.

આયોજક-સંયોજક જય હો,
પ્રેરક-પોષક કેરો જય હો,
ગોવર્ધન–ગિરધારી જય હો,
ગોવાળો–લાકડીઓ જય હો.

સહુના જયમાં આપણો જય હો
આ જયના સર્જકનો જય હો.

—

: : સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો : :

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૅાય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૨૨-૧-૭૦ [ અંક ૧૮


## જય હો !

રણજીત પટેલ (અનામી)

મ યૂ ર વા હિ ની
વી ણા ધા રિ ણી
જા ડ્ય હા રિ ણી
ક્લે શ તા રિ ણી
અ ય શ મા રિ ણી
અ શુ ભ વા રિ ણી
પુ ણ્ય કા રિ ણી
અ ભ ય ભા રિ ણી
જય હો દેવી સરસ્વતી.

આશ્રમ ને વિદ્યાલય જય હો,
જય હો ભારતીદેવી પુત્રો,
અધ્યાપક - ગણ કેરો જય હો,
જય હો પુણ્યભૂમિનો.

ભવ્ય ગગનનો જય હો,
જય હો રમ્ય પવનનો,
પશુ - પંખીનો જય હો,
જય હો ધન્ય અવસરનો.

અર્ધ-શતાબ્દી અવસર જય હો,
જય હો ધરતીના કણકણનો,
અનુકૂળ હવા-ભૂમિ-પશુ-માનવ,
કેવી રચી આ સૃષ્ટિ અભિનવઃ
જય હો જય હો જય હો સહુનો.

વિદ્યાલય-આશ્રમનો જય હો,
અર્ધ-સદીની સિદ્ધિ જય હો,
સાર્થ જ્ઞાન-ગંગોત્રી જય હો,
ગંગાના ભા-ભગીરથ જય હો.

આયોજક-સંયોજક જય હો,
પ્રેરક-પોષક કેરો જય હો,
ગોવર્ધન-ગિરધારી જય હો,
ગોવાળો-લાકડીઓ જય હો.

સહુના જયમાં આપણો જય હો
આ જયના સર્જકનો જય હો.

: : સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો : :

# સર્વ વિદ્યાલય પરિવારમાં ટેકનીકલ શિક્ષણનું એ સ્વપ્ન સફળ હો.

જયંતીભાઈ સી. શાહ અધિક્ષક : ટેકનીકલ વિભાગ : સર્વ વિદ્યાલય વિવિધલક્ષી હાઈસ્કૂલ, કડી

૧૯૫૦–૬૦ ના દાયકામાં દેશમાં ટેકનીકલ શિક્ષણ અંગેના જુવાળનો સમય. દેશમાં ઔદ્યોગીકરણની જરૂરિયાત અને તે માટે જોઈતી ટેકનીકલ જ્ઞાનવાળી માનવશક્તિનો ઉપયોગ કેમ કરવો, કઈ રીતે કરવો તેને માટે ક્યાં પગલાં ભરવાં વગેરે અંગે અનુમાનો અને આયોજનો થઈ રહ્યાં હતાં. દેશમાં એન્જિનિયરીંગ કોલેજો, પોલીટેકનીક કોલેજો અને ટેકનીકલ હાઈસ્કૂલો શરૂ થઈ હતી–થતી હતી. દેશમાં ટેકનીકલ જ્ઞાનવાળી માનવશક્તિની જરૂરિયાતને કેમ પ્રાપ્ત કરવી એ પ્રશ્ન આજે પણ છે.

સને ૧૯૫૯ ની એ સાલમાં સર્વ વિદ્યાલય પરિવારમાં શ્રી અમીન સાહેબ તથા શ્રી દાસકાકા વગેરેના મનમાં આ બાબત રમ્યા કરતી. એમણે એ જોયું કે હવે પછીથી જો દેશને આગળ ધપાવવો હશે તો ઔદ્યોગિક ક્રાંતિ સિવાય આરો નથી. તે માટે ટેકનીકલ જ્ઞાનવાળી માનવશક્તિ તૈયાર થવી જ જોઈએ. દેશમાં આ પ્રકારની હવા ઊભી થાય એ જરૂરી છે. મહેસાણા જિલ્લો પાછળ રહે તે કેમ ચાલે? ૧૯૨૦ ની સાલમાં પૂજ્ય છગનભાએ જ્ઞાનદીપ પ્રગટાવ્યો અને તે જ્ઞાનદીપમાં ઉમેરણ કરતા રહેવું કે જેથી જ્ઞાનદીપ બુઝાય નહીં અને અખંડિત પ્રજવલ્યા કરે. તે કાર્ય તો દેશની સમય સમયની જરૂરિયાતોને પીછાની ને જ થઈ શકે. દેશમાં હવે પછીથી સાયન્સ ટેકનોલોજી એજ મહત્વનું અંગ ગણાશે અને તો જ દેશ દુનિયાની હરોળમાં રહી શકશે. સર્વ વિદ્યાલયે જ્ઞાનદીપમાં વાટડી બનવાનું કામ હાથમાં લીધું અને ૧૯૫૯ ની સાલમાં ટેકનીકલ શિક્ષણ અંગેના પાયા નંખાણા. શરૂઆત તો નાના પાયેથી જ થાય. માધ્યમિક કક્ષાએથી શરૂ કરી આગળ વધવું અને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં એક ટેકનીકલ વિભાગ શરૂ કરવામાં આવ્યો જેથી વિદ્યાર્થીઓ એસ. એસ. સી. માં ટેકનીકલ વિષયો રાખી પાસ થઈને આગળ જઈ શકે.

પરંતુ દેશમાં કુશળ કારીગરો અને અર્ધ-કુશળ કારીગરો વગર ઉદ્યોગો અને ધંધાઓ નભી શકતા નથી. આ પ્રકારના માણસો સમાજના છેક નીચલા થરમાંથી મેળવવામાં આવે તો વધુ સારું કારણકે તેમની બેકારી હલ થાય તેમજ તેઓ પણ આગળ આવી શકે. તદ્‌ઉપરાંત સમાજમાં એક એવો વર્ગ છે જે તેમના બાળકોને શાળાએ મોકલતા નથી અથવા તો ત્રણ કે ચાર ધોરણો ભણાવીને ઉઠાડી લે છે. આર્થિક પરિસ્થિતિ પણ એક કારણ છે જ. તો આવા બાળકોને પણ આગળ લાવવાના હેતુથી પ્રિ. વોકેશનલ ટ્રેઈનીંગ સેન્ટર – ગવર્નમેન્ટ દ્વારા સર્વ વિદ્યાલયના પરિવાર રૂપે ચલાવવાનું નક્કી થયું. અને પ્રાથમિક કક્ષાએ ટેકનીકલ શિક્ષણનું કાર્ય સોંપીને તેમને કુશળ યા અર્ધ-કુશળ કારીગરો તૈયાર કરવા જેથી ઉદ્યોગો તેમને સારી રીતે નભાવી શકે. આર્થિક મદદ રૂપે સરકાર તરફથી માસિક રૂા. ૧૦) ની મદદ આ સેન્ટરમાં ભણતાં દરેક વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. પરંતુ આતો પ્રાથમિક ક્ષેત્ર છે કારણ કે આમાં તો ધો. ૪ પાસ વિદ્યાર્થીઓને લેવામાં આવે છે અને ધો. ૫–૬–૭ ની સમકક્ષ ટ્રેઈનીંગ આપીને તૈયાર કરવામાં આવે છે.

પરંતુ માધ્યમિક ક્ષેત્રે ૧૪ થી ૧૭ વર્ષની ઊંમરના છોકરાઓનો સમાજમાં એક એવો વર્ગ છે જેઓ ધો. ૭ સુધી ભણીને પછીથી આગળ ભણતા નથી. આર્થિક સંજોગો અલબત્ત મુખ્ય કારણ છે જ. તદ્‌ઉપરાંત આગળ અભ્યાસ કરીને પણ શું ફાયદો એમ માનનારો આ વર્ગ છે. તેથી આ પ્રકારના વિદ્યાર્થીઓને કુશળ કારીગરો તરીકે તૈયાર કરવામાં આવે તો સમાજને એટલા પ્રમાણમાં ઓછા ભારરૂપ નીવડે. તેથી ૧૯૬૫ની સાલમાં જુનિયર ટેકનીકલ સ્કૂલનો સર્વ વિદ્યાલયના પરિવારમાં ઉમેરો કરવામાં આવ્યો. તેમાં પણ આવનાર વિદ્યાર્થીઓની આર્થિક પરિસ્થિતિ પ્રમાણે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.

આમ જ્ઞાનદીપની જ્યોત આગળને આગળ વધી રહી છે. અને ટેકનીકલ શાખાઓ પાંગરતી જાય છે. ટેકનીકલ પાંખોનું એકત્રીકરણ કરીને વધુ ઉપયોગી બનવાની દૃષ્ટિથી એક નવી જ યોજના હાલના દેશના સંજોગોને અનુસરીને અમલમાં મૂકવા માટેના યોગ્ય પ્રયાસો થઈ રહ્યા છે. આ નવીન યોજનાથી એસ. એસ. સી. ના વર્ગો ટેકનીકલ વિષયો સાથેના તો રહેશે જ. કારણ કે તે તો મૂતભૂત જરૂરિયાત કહેવાય. પરંતુ વિવિધ ટ્રેઈડસ જેને માટે ઉદ્યોગોને વિશેષ જરૂરત રહે છે અને નવીન ટેકનોલોજીની પ્રક્રિયામાં ઉપયોગમાં આવે તેવા કુશળ કારીગરો તૈયાર કરવાના હેતુથી નવાન ટ્રેઈડસ જેમકે ટર્નર ટ્રેઈડ કોર્સ; ઈલેકટ્રીશીઅન; મોટર રીવાઈન્ડીંગ કોર્સ; રેડીઓ સર્વીસીંગ કોર્સ; ઓટોમોબાઈલ ટ્રેઈડ કોર્સ; યંત્રોનું સમારકામ અંગેનો ટ્રેઈડ; કેમીકલ ટેકનોલોજી; મિકેનીકલ ડ્રાફ્ટસમેન કોર્સ અને સીવીલ ડ્રાફ્ટસમેન અને એસ્ટીમેટીંગ કોર્સ વગેરે અભ્યાસક્રમો જુદી જુદી તેની વિશિષ્ટતાઓ સાથે અમલમાં મૂકવા માટેના હવે પછીથી પ્રયાસો થાય તે યોગ્ય જ છે. વાયરમેન એપ્રેન્ટીસ કોર્સ તો ૧૯૬૪ થી અમલમાં છે જ.

પરંતુ આટલેથી કાંઈ ઓછું બેસી રહેવાય કે પૂ. દાસકાકાને સંતોષ થાય? એમના મનમાં ઊંડે ઊંડે પોલીટેકનીક કોલેજ સ્થાપવાના સ્વપ્નો પડ્યાં છે. તેથી જ સર્વ વિદ્યાલય પરિવારમાં ટેકનીકલ શિક્ષણનું એ સ્વપ્ન સફળ હો......

---

# એ સૌ પાયાના સેવકો હતા

વકીલ ધનાભાઈ હ. પટેલ

'મને સાંભરે રે'

**સ**ને ૧૯૩૨-૩૩ની સાલમાં હું વિદ્યાર્થી આશ્રમમાં છાત્ર તરીકે દાખલ થયો અને સર્વ વિદ્યાલયમાં વિદ્યાર્થી તરીકે દાખલ થયો. નવા આવનાર વિદ્યાર્થીઓના મનપારખુ એવા અમારા નાના વિદ્યાર્થીઓના ગૃહપતિ હતા **શ્રી રતિભાઈ અમીન સાહેબ.** અમારી સાથે રમે, અમોને રમાડે. ખાવામાં, પીવામાં, વાંચવામાં, સુવામાં નિયમિતતા લાવતા જાય. પ્રશ્નપેટી રાખે. અમો બધા જે મુશ્કેલીઓ કહી ના શકીએ તે લખી તેમાં નાખીએ. તે પ્રશ્નોના ખુલાસા કરે. ચર્ચા સભાઓ, હસ્તલિખિત માસિકો, ગામડાંની મુસાફરીઓ વિગેરે પ્રવૃત્તિઓ પ્રેરતા રહે પગાર તરફ લક્ષ જ નહિ. એ નોકર નહિ પણ પાયાના સેવક હતા. બાળકોના અમે ઘડવૈયા છીએ તેવી ફોરમ તેમની ફોરતી.

ગૌશાળામાં તેવા પાયાના સેવક બીરાજેલા હતા. **શ્રી શંકરભાઈ જેશીંગદાસ પટેલ લાંઘણજના.** સવા બસો વીઘા જમીનના ખૂણે ખૂણે તેમની નજર ફરતી અને પગ ફરતા. હાથમાં લાકડી – કોદાળી કે ખભે ધારીયું લઈ ફરવા નીકળે. નકામો છોડ દેખે એટલે મેનેજરપણું ભૂલી જઈ ખેડૂત બની જઈ તેને ખોદી નાંખતા. બીજાને હુકમ કરે નહિ. તેમનું જોઈ બીજા પણ તેમ જ કરતા. તેમની લાડલી દીકરી ઇચ્છાબેન. ગૌશાળામાં શકરીયાં વાવેલાં. એ ત્રણ શકરીયાં ખોદી લાવી. શંકરભાઈએ તે જોયું. ત્રણચાર તમાચા મારી દીધા. શકરીયાં આશ્રમના રસોડે મોકલી આપ્યાં. ગૌશાળામાં રહેતો કર્મચારી વર્ગ પડેલા કેરીના મરવા પણ ના વાપરતો. એ પાયાના સેવકની ફોરમ ગૌશાળામાંથી ફોરતી. આજે પણ વાત કરીએ છીએ તો ગૌશાળા પ્રત્યેનો તેમનો પ્રેમ અને ભક્તિ ઉભરાવા લાગે છે.

સર્વ વિદ્યાલય અને આશ્રમને પોતાની સેવાની ફોરમથી ભરી દેતી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવી ત્રિપુટી સ્વ. શ્રી બાપુભાઈ ગામી, શ્રી પોપટભાઈ ગુલાબદાસ અને શ્રી છગનભાઈ કાળીદાસ. ઋષિ જેવા ભવ્ય તેજસ્વી શ્રી બાપુભાઈનો દેખાવ જ આખા વાતાવરણને આશ્રમી જિંદગીથી ભરી દેતો અને સાદાઈ, સ્વચ્છતા અને ઉચ્ચ વિચાર તરફ સૌને ખેંચતો. શ્રી પોપટભાઈ સાહેબ વગર બોલે ચાલ્યા જતાં જતાં પણ આંખની નજર માત્રથી જે કહેવાનું હોય તે કહી દેતા અને વ્યવસ્થા સ્થાપી દેતા. જ્ઞાન–વિદ્યા તમે ગ્રહણ નહિ કરો તો તે તમને ગ્રહણ કરી દેશે તેવા અભ્યાસી વાતાવરણને સદા સ્થપાયેલું રાખવાનું અનોખું વ્યક્તિત્વ ધરાવતા શ્રી છગનભાઈ વિદ્યાર્થીઓનાં ટીખળી અને તોફાની તત્વોને વીણી કાઢતા અને ઠોઠ નિશાળિયો પણ તેમના હાથે ઘડાઈ જતો. આખી સંસ્થાના જાણે કે પાયાના સંસ્કાર સીંચનારા તે ઋષિવર્યો હતા.

સ્વ. **શ્રી ઉમેદભાઈ, શ્રી વાલજીભાઈ, શ્રી રાવલ સાહેબ**ની ત્રિપુટી વિદ્યાર્થીઓમાં હાજરજવાબીપણું, સાહિત્ય તરફની અભિરુચિ કેળવતી. આનંદી વાતાવરણ સદા ખડું કરતી. કડિયાના લેલા માફક ઘડતરનું કામ કર્યા કરતી.

સુથારી વર્ગ અને શિવણ વર્ગ ચલાવતા **શ્રી સોમાભાઈ,** ખડતલપણું અને ખુમારીનાં તત્વો ખિલવતા **શ્રી ઈનામદાર,** જીવંત વિજ્ઞાનધારી **શ્રી સદાશિવ મહેતા,** ઘુઘવાટા કરતી સરિતા જેવા **શ્રી અંજારીયા** આજે પણ માનસ પટ ઉપર આ સંસ્થાના પાયાના સેવકો તરીકે નજર સમક્ષ આવી ઊભા રહે છે. પગારની રકમો તો આજે મોંઘવારી ભથ્થુ મળે છે તેટલી પણ નહિ હોય. પણ સંસ્થા માટે અને વિદ્યાર્થીઓ માટે ચોવીસે કલાક સદા તત્પર રહેતા અને કામ કરતા આ બધા પાયાના સેવકો હતા.

સને ૧૯૪૦માં આ જ્ઞાનની ગંગાનાં નીર પીવાય તેટલાં પી અમે કોલેજો તરફ ગયા. સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓની શિસ્ત, અભ્યાસ કરવાની તમન્ના અને કસરતી શરીરના બાંધા કોલેજોમાં પણ સન્માનનીય વાતાવરણ ઊભું કરતા.

જ્યારે સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ બની ત્યારે પૂ. સ્વ. **જેઠાલાલ સ્વામિનારાયણ** પ્રોફેસર સાહેબે પોતાની સેવાઓ તેના પાયામાં નાખી હાઈસ્કૂલનો પાયો મજબૂત બનાવેલો. છેક અમદાવાદથી ગણિત શીખવાડવા માનદપણે તે પધારતા.

અને પછી તો સંસ્થા ફલક ઉપર પોતપોતાનાં આગવા વ્યક્તિત્વથી ઘણા શિક્ષકો આવ્યા અને ગયા અને સંસ્થાની તેમજ વિદ્યાર્થીઓની સેવા કરતા ગયા. તેમાં **શ્રી નાથાભાઈ નારણદાસ દેસાઈ** સાહેબ આચાર્ય તરીકે આ સંસ્થાના વિદ્યાર્થીઓનાં મન ઉપર કાયમી છાપ મૂકવામાં અગ્રેસર રહેલા છે. તેમના પગલે આજના આચાર્ય **શ્રી મોહનભાઈ** અને **શિક્ષકો પાયના** સેવકો તરીકે સેવાઓ આપી રહેલા છે.

સંસ્થાની સુવર્ણ જયંતીને મહાન સફળ પ્રસંગ બનાવવા સૌ હયાત વિદ્યાર્થીઓ અને સેવકો પોતાની શક્તિઓ કામે લગાડે. ગરીબ વિદ્યાર્થીઓને ભોજન ખર્ચમાં મદદ આપી શકાય તેવું ભંડોળ ઊભું કરવા તેમજ સંસ્થાનાં ચાલુ કામો પૂરાં કરવા પણ મોટુ ફંડ થાય તેવી પ્રવૃત્તિઓ ઉપાડવા અને અમલ કરવામાં આ સૌ પાયાના સેવકો આપણી પ્રેરણા બની રહો તે અભ્યર્થના.

# ટપાલ પેટી

[૮]

પ્રહલાદભાઈ એમ. પટેલ
૧૫, જવાહર સોસાયટી,
વિસનગર તા. ૯–૧–૭૦

પૂજ્ય ગુરુવર્ય શ્રી મોહનભાઈ સાહેબ, સ્નેહાળ અને હસ-મુખા શ્રી રામભાઈ સાહેબ તથા અન્ય ગુરુવર્ગ.

સંસ્થાની 'સુવર્ણ જયંતી' ઉજવાશે તે એક ગૌરવ લેવા જેવી વાત છે. સંસ્થા તરફથી પ્રગટ થતું "સુવર્ણ જયંતી"નો એક અંક મારા હાથમાં આવતાં મને ઘણો જ આનંદ થયો છે.

શ્રી સર્વ વિદ્યાલયનો હું ભૂતકાળનો એક વિદ્યાર્થી છું. અને સને ૧૯૫૯ થી ૧૯૬૪ સુધી વિદ્યાર્થી આશ્રમ તથા શાળા બંનેમાં એસ. એસ. સી. (ટેકનીકલ) સુધી અભ્યાસ કરવાનો લાભ મળેલો છે. અને તે લાભ મારા જીવનને અતિ અનુકુળ નિવડયો છે. અને આશ્રમ તથા શાળાનાં હાલ, ભુતકાળનાં અનેક ખાટા મીઠાં સંસ્મરણો જાગૃત થાય છે.

"સુવર્ણ જયંતી" માટે મારે લાયક યોગ્ય કામકાજ લખશો.

ઓફીસ : તાલુકા પંચાયત, વિસનગર
પાતાળ કુવા શાખા
વિસનગર

આપનો આજ્ઞાંકિત,
પ્રહલાદભાઈ એમ. પટેલ
(Mech Engi.)ના પ્રણામ...

[૯]

પ્રો. રતિલાલ એમ. પટેલ
શામળદાસ કોલેજ, ભાવનગર–૨
તા. ૧૩–૧–૭૦

પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી મોહનભાઇ સાહેબ, શ્રી અંબાલાલ સાહેબ અને શ્રી રામભાઇ સાહેબ વગેરેની પવિત્ર સેવામાં–

મારા અત્યલ્પ પરિચય રૂપે હું સીતાપુર તા. વિરમ-ગામનો વતની છું. મારા જીવનના ઉષઃકાલની સપ્તાબ્દિ (ઇ. સ. ૧૯૪૫ થી ૧૯૫૨) મને માતૃસંસ્થા 'સર્વ વિદ્યાલય' અને 'કડવા પાટીદાર બોર્ડીંગ'ની સુંવાળી ગોદમાં ગાળવાનું અહોભાગ્ય પ્રાપ્ત થયું હતું. તે પછી એલ. ડી. આર્ટ્સ કોલેજ, અમદાવાદમાંથી સંસ્કૃત વિષય સાથે બી. એ. અને એમ. એ. દ્વિતીય વર્ગમાં પસાર કરીને છેલ્લાં દસ વર્ષથી જામનગર, અમદાવાદ અને ભાવનગરની સરકારી કોલેજોમાં અધ્યાપન દ્વારા માતૃસંસ્થાએ સીંચેલી જ્ઞાનસુવાસનો પમરાટ પ્રસરાવી રહ્યો છું.

સંસ્કૃતમાં સૂકિત છે કે 'निशायां नष्टचन्द्रायां दुर्लभो मार्गदर्शकः।' (ચન્દ્રવિહોણી ગાઢ રાત્રિએ માર્ગદર્શક દુર્લભ હોય છે.) તેમ ઉત્તર ગુજરાતના જ્ઞાનવિરહિત ભૂતકાળમાં આ સંસ્થા મમ સદૃશ અગણિત વિદ્યા–અર્થીઓના ઉજ્જ્વળ ભાવિ માટેની માર્ગદર્શક બની છે. દેવોને દૂધ દોહ્યલાં છે તેવી જનની-તુલ્ય અલભ્ય જ્ઞાનનાં પયઃપાન કરાવનાર આ સંસ્થા સાચે જ દેવો માટે પણ દુર્લભ છે. એણે અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને અ-ભૂતપૂર્વ બનાવ્યા છે. ગૌરવવંતી ગાથાયુક્ત જ્ઞાનદાત્રીના 'સુવર્ણ જયંતી' મહોત્સવ પ્રસંગે તેના સર્વ વિદ્યાર્થી યત્કિંચિત્ સેવાથી ઋણમુક્ત થવાનો સાદર પ્રયત્ન કરે તે તેની પવિત્ર ફરજ જ છે. 'સર્વ વિદ્યાલય' અને 'સરસ્વતી સદન' સાચે જ સર્વનું વિદ્યા–આલય અને સરસ્વતીનું ધામ છે. આપણે પરાપૂર્વથી સૂત્રોચ્ચાર કરીએ છીએ કે–

मातृदेवो भव। पितृदेवो भव। आचार्यदेवो भव।

તેમાં મને એક સૂત્રનો ઉમેરો કરવાનો સમય પાકી ગયો છે તેમ લાગે છે અને તે– मातृसंस्था देवो भव।

આવી માતૃસંસ્થાનો વિદ્યાર્થી હોવાનો સાદર ગૌરવ અનુભવતો.

આપનો વિદ્યાર્થી,
રતિલાલ પટેલ

[૧૦]

૪૯, પ્રોફેસર્સ કોલોની
નવરંગપુરા
અમદાવાદ ૯

સુ. શ્રી મોહનભાઈ

પૂ. દાસકાકા, તથા સર્વ વિદ્યાલય હાઇસ્કૂલના પૂ. ગુરુગણ તથા વિદ્યાર્થી આશ્રમના કુટુંબીજનો જેવા વડીલોની સેવામાં.

આજથી પચાસ વર્ષ પહેલાં મહેસાણા જીલ્લામાં જ્ઞાનનો દિપક પ્રગટાવવા માટે પૂ. છગનભાએ કડીની પસંદગી કરી અને સર્વ વિદ્યાલય તથા આશ્રમની સ્થાપના કડીમાં થઇ. અને ધીમે ધીમે તેનો વિકાસ આખાએ જીલ્લામાં તેની શાખાઓ દ્વારા થયો. મારા માટે સર્વ વિદ્યાલયમાં આવવું કંઇ નવાઇ જ વાત નથી. મારા પૂ. પિતાશ્રી વિદ્યાર્થી આશ્રમ અને સર્વ વિદ્યાલયમાં છેલ્લા ૩૫ વર્ષથી તેમની સેવાઓ આપી રહ્યા છે તેથી ત્યાં આવવાનું અવારનવાર થાયજ છે. મેં સર્વ વિદ્યાલયમાં ૭ વર્ષ નહિ પણ ૮ વર્ષ અભ્યાસ કર્યો છે. અને તેના પવિત્ર વાતાવરણથી સંપૂર્ણ પરિચિત છું જ. છતાંએ એક માસ અગાઉ ત્યાં આવવાનું થયું ત્યારે ખાસ સમય કાઢીને સર્વ વિદ્યાલય કેમ્પસ જોવા

માટે ગયો હતો. આ કેમ્પસમાં સાયન્સ કોલેજ તેની હોસ્ટેલ, ટેકનીકલ સ્કૂલ અને તેની વર્કસ શોપ, ઓડીટોરીયમ, બોટનીકલ ગાર્ડન વ. જોઇને વિચાર્યું કે પહેલાનું સર્વ વિદ્યાલય ક્યાં અને આજનું સર્વ વિદ્યાલય કેમ્પસ ક્યાં? ખરેખર સર્વ વિદ્યાલયના વ્યવસ્થાપકોને અને તેમાંએ ખાસ કરીને પૂ. દાસકાકા તેના માટે અભિનંદનને પાત્ર છે.

સર્વ વિદ્યાલય ૫૦મા વર્ષમાં પ્રવેશે છે, અને સુવર્ણ જયંતી ઉજવનાર છે તે પ્રસંગે હું મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું અને ઇશ્વરને પ્રાર્થના કરું છું કે આપ સર્વેને આ મહાન કાર્ય પૂરું પાડવામાં ઇશ્વર સંપૂર્ણ સહાય કરે.

તા. ક. :– " સુવર્ણ જયંતી " સાપ્તાહિકના લવાજમનો ચેક આ સાથે મોકલું છું.

લી. આપનો
શરદભાઈ માધવલાલ પટેલના
વંદન

[૧૧]

ભાવનગર,
તા. ૧૪–૧–૭૦

માનનીય સાહેબશ્રી,
સાદર પ્રણામ...

હાઇસ્કૂલનું નામ સ્મરણ થતાં કે કોઇના મુખથી સાંભળતાં મનને અનેરો આનંદ થાય છે અને શિષ ગર્વથી ઉંચું થઇ જાય છે જે જગ્યા એ તેના ખોળામાં આ જીવન પર્યંત ન વિસરાય તેવા સંસ્કારો મળ્યા છે અને જેના પરિપાક રૂપે આજે ગર્વથી કહી શકું છું કે હું પણ તે માતૃમયીનો ભાગ્યશાળી વિદ્યાર્થી હતો.

હાલ હું જેના પ્રતાપે સેલ્સટેક્ષ ખાતામાં ઇન્સ્પેકટર તરીકે સેવા બજાવી રહ્યો છું. તે માતૃમયીનું ઋણ કેમે કર્યું ચુકવ્યું જાય તેવું નથી. અને શાળાએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આ અનેરી રીતે જે યાદ કર્યા છે તે પ્રશંશનીય છે.

પ્રસંગોપાત તે પવિત્ર ભૂમિમાં ચરણ મૂકવા ભાગ્યશાળી હોઇશ તો હું અવશ્ય આવીશ.

લી. આપનો વિદ્યાર્થી,
જી. કે. ઇશનીઆ

---

**કોણ ?** | अनामी

આ નિયતિનો કોણ નિયંતા ?
સર્વેશ્વર ? માયા જગદમ્બા ?
કર્તા કોણ ? કવણ સંહર્તા ?
આત્મા ? બંદા ? કોણ નિયંતા ?

---


ગુજરાતની અગ્રગણ્ય અને આપણી
સૌની પ્રિય માતૃસંસ્થા

**સુવર્ણ જયન્તી**

પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ
સર્વે ભાઈ–બેનો પાસે
**અપેક્ષા રાખે છે:**

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.
(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.
(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.
(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.
(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. ' સુવર્ણ જયંતી ' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.
(૬) ' સુવર્ણ જયન્તી ' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

❀ ફાળાની રકમ ' સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ' ના નામના ચેક યા ડ્રાફટથી મોકલી આપવા વિનંતી છે.

❀ આ સંસ્થાને ઇન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::

# શરીર અને નગર

ડૉ. બિપિન કે. પરીખ

માનવદેહ એક વિશાળ નગર સાથે સરખાવી શકાય છેઃ નગર તેની ચારેબાજુ ફરતા કોટથી સુરક્ષિત હોય છે; શરીર પણ ચામડીના આવરણથી સુરક્ષિત છે. નગરનો સૌથી અગત્યનો ભાગ સરકારી કચેરી છે; શરીરની 'સરકારી કચેરી' મગજ છે. કારણ કે ત્યાંથી આખાય શરીરનું શાસન ચાલે છે. સરકારી કચેરી પેટા કચેરીઓ સાથે વિજળીના તાર ( ટેલીફોન, ટેલીગ્રાફ વ. ) થી સતત સંપર્કમાં રહેલી હોય છે; મગજ પણ શરીરના પ્રત્યેક ભાગ સાથે તંતુઓ નામના 'વિજળીના તાર' થી જોડાયેલું છે. નગરનું બીજું અગત્યનું અંગ તેને માટે આવશ્યક વસ્તુઓનું ઉત્પાદન કરતાં કારખાનાં ( મિલો, ફેકટરીઓ, લેબોરેટરીઓ ) છે; શરીરમાં પણ અનેક રસાયણિક કારખાનાં ( લેબોરેટરીઓ ) છે, જેમને ગ્રંથિઓ કહેવામાં આવે છે. નગરનું ત્રીજું અગત્યનું અંગ તેની આવશ્યક વસ્તુઓની હેરફેર કરતો વાહન–વ્યવહાર છે; શરીરનો વાહન–વ્યવહાર રૂધિરાભિસરણ દ્વારા થાય છે; નગરનો બધો કચરો નગરની બહાર ફેંકી દેવામાં આવે છે. નગર જડ અને જીવંત વસ્તુઓથી વસેલું છે; શરીરમાં પણ જડ અને જીવંત પદાર્થો છે. નગરનો આત્મા તેના લાખો નાગારકો છે, જેમના વગર નગર ખંડેર બની જાય છે; શરીરનો આત્મા – શરીરના અસંખ્ય નાગરિકો – તેના પ્રત્યેક કોષ છે, જેમના મૃત્યુ સાથે આખું શરીર મૃત – ખંડેર બની જાય છે.

## કોષ ( कोष CELL ) શું છે ?

બહારથી સુંદર અને સળંગ લાગતી એક ઇમારત જેમ અસંખ્ય ઈંટોની બનેલી હોય છે તેમ શરીરનું એકેએક અંગ અસંખ્ય કોષોનું બનેલું છે. દરેક ઇંટ જેમ સિમેન્ટથી એકબીજા સાથે સ્નિગ્ધ પદાર્થથી ચોંટેલી હોય છે; પરંતુ કોષને ઈંટ સાથે સરખાવવા કરતાં નાગરિકો સાથે જ વધુ સરખાવી શકાય કેમકે ઇંટ એ જડ વસ્તુ છે, જ્યારે પ્રત્યેક કોષ જીવંત પદાર્થ છે અને પ્રત્યેક નાગરિક જેમ પોતાનું કાર્ય છે અને નગર પ્રત્યે પોતાની ફરજ બજાવે છે. આમ નગર એ સુવ્યવસ્થિત નાગરિકોનો સમૂહ છે. તો શરીર એ સુવ્યવસ્થિત કોષોનો સમૂહ છે, જુદા કોષ વચ્ચે શરીરનાં જુદાં જુદાં કાર્યો વહેંચાઇ ગયાં છે. નાગરિકો જેમ પરસ્પર એકબીજાની સેવા કરે છે તેમ કોષો પણ પરસ્પર એકબીજાની સેવા કરે છે.

## કોષની રચના કેવી હોય છે ?

કોષ અત્યંત સૂક્ષ્મ હોય છે જે નરી આંખે દેખી શકાય તેમ નથી પરન્તુ સૂક્ષ્મદર્શક યંત્ર વડે સ્પષ્ટ જોઈ શકાય છે. નગરમાં જેમ વિવિધ પ્રકારના નાગરિકો હોય છે. તેમ શરીરમાં પણ વિવિધ પ્રકારના કોષ હોય છે પરન્તુ નાગરિકોને જેમ અમલદારો, સૈનિકો, વૈજ્ઞાનિકો, રસોઇઆઓ, મજૂરો વગેરે જૂથોમાં વહેંચી શકાય છે તેમ કોષો પણ આવાં જુદાં જુદાં જૂથોમાં વહેંચી શકાય છે. દરેક જૂથના કોષોની રચના અને કાર્ય ભિન્ન હોય છે, પરન્તુ એક જ જૂથના કોષોની રચના અને કાર્ય સમાન હોય છે.

કોઇક કોષ મોટા હોય છે, તો કોઈક કોષ નાના હોય છે, કોઈક ગોળ હોય તો કોઈક લંબગોળ, કોઇક ત્રિકોણ, કોઇક પંચકોણ તો કોઇક વળી વિચિત્ર આકારોના હોય છે. પરન્તુ એક જ જૂથના કોષ તો એક સરખા કદના અને આકરનાજ હોય છે. આથી સૂક્ષ્મદર્શક યંત્ર નીચે કોષ જોતાં જ તે કયા અવયવના છે તે કહેવું આસાન છે.

પ્રત્યેક નાગરિકમાં જેમ પોતાની વિશિષ્ટ ખાસિયતો હોવા છતાં પ્રત્યેકમાં માનવી તરીકેનું સામ્ય તો હોય જ છે, તેમ પ્રત્યેક કોષના અમૂક ગુણધર્મો તો સમાન છે.

પ્રત્યેક કોષ એક અતિસૂક્ષ્મ અને બારીક આવરણ ( Cell membrance ) થી મઢાયેલો હોય છે. આ આવરણ પારદર્શક હોય છે અને તેની અંદરનો ભાગ પ્રવાહી હોય છે. આથી કોષને પાણી ભરેલા રબરના ફુગ્ગા સાથે સરખાવી શકાય ફુગ્ગાની માફક તે પણ દબાઈ શકે છે, અને દબાણ જતાં ફરી પોતાની અસલ સ્થિતિ ધારણ કરી શકે છે. ફુગ્ગામાં જેમ સોયથી કાણું પાડતાં અંદરનું પ્રવાહી નીકળી જાય છે અને ફુગ્ગો ફૂટી જાય છે તેમ કોષનું આવરણ તૂટતાં અંદરનું પ્રવાહી બહાર નીકળી જાય છે. અને કોષ મૃત્યુ પામે છે. કોષનો દેહ એ આ પ્રવાહી છે; એ પ્રવાહીમાં જ કોષનાં પોષક તત્વો અને કોષનો મળ, બધું રહેલું છે. કોષની મધ્યમાં એક કેન્દ્ર ( Nucleus ) આવેલું હોય છે. મગજ જેમ આખા શરીરનું શાસન કરે છે તેમ આ કેન્દ્ર આખા કોષનું શાસન કરે છે.

## કોષનું કાર્ય શું ?

પ્રત્યેક કોષ જીવંત હોય છે એટલે જીવનના મૂળભુત ધર્મો દરેકમાં સમાન હોય છે, આ છે : પોષણ, હવા, મળોત્સર્ગ, વિકાસ, વૃદ્ધિ અને મૃત્યુ.

પોષણ :– કોષ પોતનું પોષણ પોતાની આજુબાજુના પ્રવાહીઓ ( લોહી વગેરે ) માં થી મેળવે છે. કોષની ફરતા આવરણમાંના સૂક્ષ્મ છિદ્રો માં થઈ ને પોષક પદાર્થો પ્રવાહી રૂપે કોષની અંદર પ્રવેશે છે. અને કોષના અંદરના પ્રવાહીમાં પચી જઇ તેની સાથે મળી જાય છે.

હવા :– તેજ રીતે પ્રત્યેક કોષને જીવવા માટે પ્રાણવાયુની જરૂર છે લોહીમાં રહેલો પ્રાણવાયુ કોષનું આવરણ ભેદીને તેની અંદર પ્રવેશ કરે છે.

મળોત્સર્ગ :– અપાચ્ય પદાર્થો અને 'વપરાઇ ગયેલો પ્રાણવાયુ' દહનવાયુ, બન્ને કોષના આવરણમાંથી બહાર ફેંકી દેવામાં આવે છે.

વિકાસ :– પોષણ ગ્રહણ કરી કરીને કોષ વિકાસ પામે છે અર્થાત્ મોટો થાય છે.

વંશવૃધ્ધિ :– આ વિકાસ અમૂક હદ સુધી ચાલે છે. ત્યાર બાદ કોષ પુખ્ત થતાં, તે બે ભાગમાં વહેંચાઇ જાય છે એટલે કે તેના બે ટૂકડા થઈ જાય છે. અને બન્ને સ્વતંત્ર રીતે જીવવા માંડે છે. આમ એ મૂળ કોષમાંથી વખત જતાં અનેક–અસંખ્ય કોષો પેદા થાય છે. કોષોની આ વંશવૃદ્ધિ એટલે માનવ શરીરનો વિકાસ કારણ કે જેમ વધુને વધુ કોષો પેદા થતા જાય તેમ આપણા અવયવો મોટાને મોટા થતા જાય તેથી આપણે બાળકમાંથી કિશોર–તરૂણ–પુખ્ત એવી અવસ્થાઓ-માંથી પસાર થઇએ છીએ.

મૃત્યુ :– કોષનું આયુષ્ય ઘણું ટૂંકુ હોય છે. તેઓ થોડાક જ સમયમાં મૃત્યુ પામે છે. આ રીતે જગતમાં જેમ માનવીઓના જન્મ અને મૃત્યુની ઘટમાળ ચાલ્યા કરે છે તેવી જ રીતે શરીરમાં એક બાજુ અસંખ્ય નવા કોષોનો જન્મ થાય છે જ્યારે બીજી બાજુ કેટલાક કોષ મૃત્યુ પામે છે. જન્મ અને મૃત્યુમાં કોષોની સંખ્યાની જ્યારે સમતૂલા રચાય છે ત્યારે આપણો વિકાસ અટકી જાય છે. જન્મ કરતાં મૃત્યુનો આંકડો જ્યારે વધી જાય છે ત્યારે આપણા અવયવો ગળતા જાય છે અને આપણે વૃદ્ધ બનતા જઇએ છીએ.

નગરમાં અનેક નાગરિકો મૃત્યુ પામતા હોય છે છતાં જેમ નગરનું કાર્ય અટકતું નથી તેમ શરીરમાં હરપળે અનેક કોષ મૃત્યુ પામતા હોવા છતાં કોઇ કાર્ય અટકતું નથી કારણ કે બીજા અનેક કોષ જીવતા હોય છે. પરન્તુ ધારો કે કોઇ અગત્યના જૂથ ( દા. ત, પ્રધાનો ) ના અનેક સભ્યો એક સામટા માંદા પડી જાય કે મૃત્યુ પામે તો આખા નગર પર તેની અસર થાય છે, તેમ કોઈ એક જ અગત્યના અસંખ્ય કોષો નાશ પામે ( કે કાર્ય કરતા બંધ પડે ) તો આખા શરીર પર તેની અસર થાય છે અને આપણે માંદા પડીએ છીએ અને આ જૂથ જો ઘણું જ અગત્યનું હોય તો આપણે તત્કાળ મૃત્યુ પામીએ.

નગરના પ્રત્યેક નાગરિકોના મૂળભૂત ધર્મો ખાવું, પીવું, વિકાસ પામવો, વંશવૃદ્ધિ કરવી વ. જેમ સમાન છે છતાં દરેકને પોતપોતાનો વિશિષ્ટ ધંધો હોય છે તેમ કોષોને પણ મૂળભૂત ધર્મો ઉપરાંત પોતપોતાનો વિશિષ્ટ ધંધો હોય છે. દા. ત. સ્નાયુના કોષોનું કાર્ય મજૂરની માફક મજૂરી કરવાનું છે, લોહીના શ્વેતકણોનું કાર્ય સૈનિકની માફક લડવાનું છે.

---

## ભ્રમ | રૌય

વંદના નોકરીની શોધમાં હતી.

ઘરમાં કેવળ બે જ પ્રાણી. એક પોતે અને બીજી એની માતા. પૈતૃક સંપત્તિમાં ફક્ત ઘર. એટલે પેટ ભરવા માટે પણ પૈસાની જરૂર હતી.

ઘણે ઠેકાણે એણે અરજીઓ કરી હતી. રૂબરૂ પણ જઇ આવી હતી. ઓળખીતા પારખીતાઓને મળી એમની ભલામણ ચિઠ્ઠીઓ તથા લાગવગનો પણ ઠેકઠેકાણે ઉપયોગ કરી જોયો, પણ હજુ સુધી નોકરીનો પત્તો ખાધો ન હતો. નોકરી મેળવવા અંગે આટલા નિરાશ થવું પડશે એની એને કલ્પનાયે નહોતી. હતાશા એને ધીરે ધીરે ઘેરતી જતી હતી.

હવે તો નોકરી કરતા કોઇ યુવક સાથે પરણી જવું એ જ હિતાવહ છે. માત્ર એ જ એક ઉપાય છે... એ નિર્ણય સાથે એ ઑફિસના ટાઇમે જ ઑફિસે જતા યુવકયુવતીઓની સંગે બસમાંથી ઉતરી એમની સાથે સાથે ઑફિસો સુધી જતી. પાર્કમાં કે આમતેમ હરીફરી સમય પસાર કરી સાંજે ઑફિસો છૂટતાં એ જ સાથીઓ સાથે ઘેર પાછી ફરતી. નોકરી ન હોવા છતાંય નોકરી કરે છે એવો ડોળ એણે ચાલુ રાખ્યો. આમ એ રવીન્દ્રના પરિચયમાં આવી.

ચાલ રવિ, આપણે હવે જોડાઇ જઈએ. તારા અને મારા બેઉના પગારથી આપણો ગૃહસંસાર સરસ ચાલશે. કેમ ?"

" હા, હા વળી, એથી રુડું બીજું શું ? શુભસ્ય શીઘ્રમ્..." રવીન્દ્રે ઉલટભેર જવાબ આપ્યો. એના ચહેરા ઉપર અત્યાર સુધી ન જોયેલી તાજપ વર્તાઈ.

કોર્ટમાં જઇ લગ્ન નોંધાવ્યા. માબાપના આશીર્વાદ લીધા. છાપાઓમાં ફોટા છપાવ્યા. આમ પરિચય પરિણયમાં પરિણમ્યો. બંને ખુશખુશાલ હતા. પણ... થોડા વખતમાં બંનેનો ભ્રમ ભાંગ્યો. વંદનાની જેમ રવીન્દ્ર પણ નોકરીની શોધમાં હતો.

---

## જનતા | अनामी

પુચ્છે બાંડો
વૃષભ શીંગે શાંડો
આ શું જનતા ?

## લોકો | अनामी

કરોડ લોકો
ચૂડેલ વાંસો પોલો
પાડવી પોકો.

# સુવર્ણ જયંતી ફાળામાં

## નીચેની નવીન રકમો લખાઈ છે.

## દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

૪૭૧૨૮) આગળનો સરવાળો.

*૫૦૦૧) મેસર્સ ઝેરકો ઇન્ડસ્ટ્રીઝ
તારાબાગ, ૧૦૫ મોતીશાલેન મઝગામ મુંબઈ-૧૦
હા. શ્રી વીરચંદભાઇ ગુલાબદાસ પટેલ
શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ
શ્રી ગોપાળભાઇ ગુલાબદાસ પટેલ

*૧૦૦૧) શ્રી અંબાલાલ ઠાકરશીભાઇ પટેલ
૩૭ શ્રી સોમનાથ નગર સોસાયટી
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩

૧૦૦૧) શ્રી વિઠ્ઠલભાઈ બહેચરદાસ પટેલ ( કંબોઈવાળા )
કૃષ્ણનગર સોસાયટી, મહેસાણા

૫૦૧) શ્રી હર્ષદભાઈ પોપટલાલ પટેલ
ઇસ્ટર્ન ઇન્ડસ્ટ્રીઝ કસ્તુરચંદ મીલ કંપાઉન્ડ દાદરરોડ
દાદર વેસ્ટ, મુંબાઇ-૨૮ D. D.

૫૦૧) શ્રી માણેકલાલ હીરાલાલ પટેલ
૮ ગૌતમ વિહાર સોસાયટી, ઉસ્માનપુરા
અમદાવાદ-૧૩

* ૨૫૧) શ્રી ધીરજલાલ છોટાલાલ દેસાઇ પાટડીવાળા
દરિયાપુર મોટી હવેલીની પોળ, અમદાવાદ-૧

* ૨૫૧) ડૉ. બાબુભાઇ સી. ગજ્જર
૧૦/A અમર કો. હા. સોસાયટી
બાલવાટિકા નજીક મણિનગર, અમદાવાદ-૮

* ૨૫૧) શ્રી અંબાલાલ શંકરલાલ પટેલ
C/o પટેલ મગનલાલ શંકરદાસની કું. આંગડીયા
ઠે. રૂવાળા ટેકરા, હરિપુરા, સુરત

૨૫૧) શ્રી અશ્વિનભાઇ ડી. પટેલ
૨૦ અનુપમ સોસાયટી નારણપુરા ચારરસ્તા,
અમદાવાદ-૧૩

૨૫૧) શ્રી ભાઇલાલભાઇ એન. પટેલ
ગીતાંજલિ સોસાયટી
પેટ્રોલ પંપ પાછળ જેતલપુર રોડ, વડોદરા-૫

૨૫૧) શ્રી દેવીબેન રશ્મિકાન્ત શાહ
આંબાવાડી વાલકેશ્વર સોસાયટી
બંગલા નં. ૬/A સી. એન હાઇસ્કૂલ પાછળ
ભૂધરપુરા, અમદાવાદ

૨૫૧) શ્રી મોતીલાલ નરસિંહરાવ વરતીયા
શીવકુટીર અમદાવાદી દરવાજા, કડી

૨૫૧) શ્રી પ્રભુદાસ રામદાસ પટેલ ( છત્રાલવાળા )
૧૪બ વિજય કોલોની, અમદાવાદ-૧૩

૨૫૧) શ્રી મણીલાલ માધવલાલ પટેલ
૧ વિજય કોલોની, અ[illegible]

૨૫૧) શ્રી વિઠ્ઠલભાઈ ઓડીદાસ પટેલ
૪ વિજય કોલોની, અમદાવાદ-૧૩

૨૫૧) શ્રી ગોવિંદલાલ ભૂધરદાસ ( કુંડાળવાળા )
૩ શ્રી સોમનાથ નગર સોસાયટી
નારણપુરા રેલ્વે ક્રોસીંગ, અમદાવાદ-૧૩

૫૭૮૯૪)

* વસુલ આવી ગયા છે.

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી નીચેની રકમો વસુલ આવી છે.

૨૫૦૧) શ્રી હરજીવનદાસ હાથીભાઇ પટેલ
લોખંડ બજાર, અમદાવાદ.

૧૦૦૧) શ્રી ચંદુલાલ મગનલાલ પટેલ ( નડીયાદવાળા )
ગુજરાત કોલેજ પાસે એલિસબ્રીજ, અમદાવાદ.

૧૦૦૧) ડૉ. રામભાઇ એમ. પટેલ
મામલતદાર કચેરી પાસે, કડી.

# ગુજરાત ગોશાળા—કડીને

## નીચે પ્રમાણે મદદ મળી છે.

૫૧) શ્રીમતી સવિતાબેન શંકરલાલ પટેલ
૧, કેતન સોસાયટી, અમદાવાદ-૧૪

૫૧) શ્રી ધિરજલાલ છોટાલાલ દેસાઈ પાટડીવાળા-
દરિયાપુર, મોટીહવેલીની પોળ, અમદાવાદ-૧

# ગુજરાત ગોશાળાને આપની મદદ મોકલી આપવા વિનંતિ

ગોશાળાનો વિકાસ કરવા માટે જમીનનું લેવલીંગ પાળા, પાણીની પાઇપ લાઇનો વગેરે કરતા જઇ જમીન સુધારણાની પ્રવૃત્તિ ચાલુ છે. પણ પાણીનો પ્રશ્ન વિકટ બન્યો છે. કુવામાં ટોડી અને તેમાં પણ ટોડી અને પછી શાયડો કરતા રહી પાણીનો પુરવઠો જારી રાખવામાં આવ્યો છે. પણ હવે તે પાણી પણ ઓછાં થતાં ચાલ્યાં છે. હવે ટયુબવેલ કર્યા સિવાય ચાલે તેમ નથી. ગાયોને ઘાસ કાપી નિરણ કરવા માટે પાકી ગમાણો કરવામાં આવી છે. પણ તે માટે ચાફ કટર મોટર સાથેનું અને તે માટેની ઓરડીની જરૂર છે. ઉપરાંત ગમાણો ઉપર પતરાં નાંખવાની જરૂર છે. બળદો માટે પણ શેઠ બાંધવામાં આવી રહેલો છે. ગોપ્રેમી ધાર્મિક ભાઇ બહેનોને તેથી ઉદાર હાથે મદદ મોકલી ગોશાળાને પગભર થવામાં મદદ કરવા વિનંતિ છે.

ધનાભાઈ હ. વકીલ
મંત્રી, ગુજરાત ગોશાળા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વે સ્ટેશન સામે-કડી : તા. ૨૨-૧-૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૨૯-૧-૭૦ [ અંક ૧૯


## ભાગ્યના નિર્માતા આપણે જ | રૉય

દુનિયા આપણી ગમે તે કિંમત આંકે પણ આપણે તો આપણી શક્તિ વિશે ઊંચો જ ખ્યાલ બાંધવો જોઈએ. આપણા મનથી આપણી કિંમત ઊંચી જ અંકાય એવો જ વિચાર કરો. આપણે જો આપણી જાતને નિષ્ફળ માનીશું તો આ વિશ્વમાં કેવળ ગરીબાઈ, અનેક વિટંબણાઓ, કરમની કઠણાઈ દાખવતા સંજોગો તથા અણગમતા કાર્યો જ મળશે. જિન્દગીની આ લાંબી મજલ કાપવી મુશ્કેલ થઈ પડશે. અને જો હીનતાપ્રેરક વિચારો ત્યજી, આત્મશ્રદ્ધા રાખી, આપણામાં રહેલ શક્તિઓને વિકસાવી હિંમત અને ધૈર્યથી કામ કરીશું તો પછી આ વિશ્વમાં આપણે માટે કશું જ અસાધ્ય નથી, કશું જ કષ્ટપ્રદ નથી; બલ્કે આપણી સામે એક એકથી ઉત્તમ એવી ઉજ્જવળ તકો કદમબોશી કરતી ઊભી હશે. સફળતાના સઘળા માર્ગ ખુલ્લા થઈ આવકારશે. મહત્ત્વાકાંક્ષા ત્યારે જ પૂર્ણ થાય જ્યારે આપણામાં અટૂટ આત્મશ્રદ્ધા હોય, વિચારોમાં દૃઢતા હોય અને પૂરતી હિંમત અને શક્તિ હોય. પછી તો આપણી બુદ્ધિ પણ એની અનુગામી બની અનુસરશે. સ્વામી વિવેકાનંદ પણ ખંત અને મનોબળ ઉપર ખૂબ ભાર મૂકે છે....

"To succeed, you must have tremendous perseverance, tremendous will. "I will drink the ocean" says the persevering soul. "At my will mountains will crumble up." Have that sort of energy, that sort of will. Work hard and you will reach the goal."

અવિરત પરિશ્રમ અને દૃઢ મનોબળ સિવાય કાર્યની સિદ્ધિ નથી. પણ દૃઢ ઇચ્છાશક્તિવાળા માટે કશું જ અસાધ્ય નથી. આકર્ષક વ્યક્તિત્વ, સુંદર રીતભાત, તીક્ષ્ણ બુદ્ધિપ્રતિભા, ભરપૂર આશાવાદી જબાન અને વિચારોમાં દૃઢતા ને એકતા—આ બધાં લક્ષણો જ વ્યક્તિની શક્તિના પરિચાયક છે. એની કિંમત છે. કર્તવ્યપરાયણ બની વિશ્વાસથી કોઈપણ કાર્ય ઉપાડીશું તો પછી એમાં વિજય આપણો જ છે. આપણે કેવળ સફળતા સિવાય અન્ય કશાનો લગારે વિચાર કરવાનો નથી. 'बलियसी केवलमिश्वरेच्छा...' એટલે કે ઈશ્વરની ઇચ્છા જ બળવાન છે. ધાર્યું ધણીનું થાય. એ ભ્રામક ખ્યાલને દૂર કરી પલાયનવૃત્તિને ત્યજવી જ પડશે. આવી ભાગેડુવૃત્તિથી જ મનુષ્ય પામર બને છે. આ પ્રકારનો માનસિક સંતોષ એ ખરેખર ભયાનક વસ્તુ છે. મનુષ્ય પોતાની શક્તિ ઉપરથી વિશ્વાસ ખોઈ બેસે તે કેમ ચાલે? અહીં તો આપણે જ આપણા ભાગ્યના નિર્માતા બનવાનું છે. આપણું ઉજ્જવળ ભવિષ્ય આપણી પ્રચંડ શક્તિને અનુસરશે.

: : સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો : :

# સંસ્થાના મેદાન ઉપર રમેલા ખેલાડી આજ જીવન ખેલી જાણે છે.

શ્રી રતીભાઈ અમીન

**બાલ** કનૈયાની મોરલીનો મધુર નાદ સાંભળતાં ગોપી હર્ષ-ઘેલી બને. એક વખતના સંસ્થાના ખેલાડીઓનો એક સંગ્રાહેલો ફોટો મારા હાથમાં આવતાં હું આનંદ અનુભવુ છું. કડી આશ્રમના વિદ્યાર્થીઓને એક વાર શ્રી ઇનામદારે વ્યાયામમાં રંગી દીધેલા. નવો રંગ જમાવેલો. બાળકોને વ્યાયામ વિના કાંઈ ગમતુ નહિ એવી ભુરકી નાંખેલી. કુસ્તી, લંગડી, લાઠી, લેઝીમ મલખમ, હતુ તુતુ ને ખોખોએ આખા જિલ્લાની હાઇસ્કુલોનું ધ્યાન દોરેલું એટલું જ નહીં વ્યાયામ પ્રયોગો જોઇ જનતાએ મોંમાં આંગળાં ઘાલેલાં ને શ્રી ઇનામદાર ઉપર સારી સંસ્થા ફીદા થએલી. મન સાથે શરીર કસવાનો આ એક તબક્કો સંસ્થાના વિદ્યાર્થીઓને મળી ગએલો.

જિલ્લાની હરીફાઇઓમાં કડી સંસ્થાના વિદ્યાર્થીઓ સામે કોઇ મેદાન મારી જતું નહિ. જે તે રમતનો પહેલો નંબર સંસ્થાના વિદ્યાર્થીનો જ હોય.

પણ થોડા વખતમાં વ્યાયામ પ્રવૃત્તિનો ડંકો વગાડીને ઇનામદાર ચાલ્યા ગયા. આ કામની જવાબદારી ગૃહપતિના કામ સાથે મારે શીર આવેલી.

તપસ્વીનું તપ ચાલતું હોય ત્યાં લગી ચાલે છે. પણ નવું તપ ન થાય તો એ પણ ખૂટી જાય. પણ એ ગાળામાં મેં બેત્રણ વર્ષ ખાંડ ખાધેલી. ને એ તેજસ્વી પવન સારો જળવાએલો.

આવી ખોખોના ખેલાડીઓની એક ટુકડીને વડોદરા જીમખાનાની સ્પર્ધામાં ઉતારી. મગતરા જેવડાં આપણાં બાળકો કસાયલા મહાકાય મહારાષ્ટ્રીઓ સામે ચપટીમાં ચુંથાઇ જશેની બીકથી હૃદય ફફડતું હતું. પણ મેદાન ઉપર પહેલી રમતમાં ફક્ત ત્રણ જ મિનિટમાં આપણી ટુકડીએ જ્યારે તેમની ટુકડીને ખલાસ કરી ત્યારે સારાય મેદાનમાં આ મગતરાં ક્યાંથી આવ્યાં છે ની બૂમરાણ ઊભી થઈ. અને પાંચ મિનિટ સુધી, આપણી ટુકડીના ત્રણેક રમનારા બાકી રહેલા તેમને આઊટ કરતાં જીભે તરણાં લેવરાવ્યાં. તેમનો 'બક અપ' શબ્દ તો આપણો થઇ ગયો ને ટુકડી વિજેતા થઇ ત્યારે સૌના આનંદની અવધી ન હતી. ટુકડીના નેતા તરીકે મને ઉચકીને ફેરવેલો.

તેના આનંદમાં અમદાવદમાં અમે ફોટો પડાવેલો. આ એટલા માટે લખું છું કે મેદાન ઉપર રમત રમી જાણે છે એ આજે જીવન મેદાન પણ મારીને મોખરે આવેલા શ્રી ખોડાભાઇ વકીલને, મહેસાણા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી હરગોવિંદભાઇને

[ અનુસંધાન પાન આઠ ઉપર ]

સને ૧૯૩૮-૩૯



હિંદ વિજય જીમખાના ( વડોદરા ) માં ખોખોની હરીફાઈમાં બીજા નંબરે વિજેતા બનેલી ટુકડી

**નીચે બેઠેલા :-**

(૧) શ્રી હરગોવિંદદાસ પ્રમુખ : મહેસાણા જીલ્લા કોંગ્રેસ.

(૨) શ્રી મણીલાલ ગોપાળદાસ ( જોરણંગ )

**ખુરશીમાં બેઠેલા :**

(૧) શ્રી બહેચરભાઈ ( ગાંધી ) ( ભાગીદાર : ઇસ્ટર્ન ઇન્ડસ્ટ્રીઝ મુંબાઇ (૨) શ્રી ગણેશભાઇ ( લેન્ડ માર્ટગેજ બેંક ) (૩) શ્રી નટુભાઇ ગામી (દાક્તર) (૪) શ્રી રતિભાઈ અમીન ( લેખક )

(૫) શ્રી ઇશ્વરભાઈ ( ઇન્સ્પેક્ટર એકસાઇઝ ખાતું. )

(૬) શ્રી કાળીદાસ (૭, શ્રી વશરામભાઈ શંકરલાલ ( લાંઘણજવાળા હાલ મુંબાઇ)

**ઉભેલા :**

(૧) સ્વ. પ્રહલાદભાઇ ( જોરણંગવાળા )

(૨) શ્રી કાશીરામ ( ઉબખલ)

(૩) વકીલ શ્રી ખોડાભાઈ શિવાભાઇ અમદાવાદ

## સ્થિતપ્રજ્ઞ | રણજીત પટેલ (અનામી)

આ દેશમાં,
આ વિશ્વમાં
મને કોઈ પણ વાતનું આશ્ચર્ય નથી
કેમ જે હું
સંસ્કૃત છું, સંસ્કારી છું, સ્થિતપ્રજ્ઞ છું.
સાચે જ
કોઇ પણ વાતનું મને આશ્ચર્ય નથી.

મારી કુંણી કોણીથી
ખણીખણી અંતર વસુધાનું
પહોંચવું તલ-પાતાલે;
એ જ નગરની નમણી રમણી
પરણું અથવા–
શનિ અમાસની મધરાતે જો
કાપું નાક, સુવર્ણનું ઊગે!
તમે હસો છો? ઉટંગ કલ્પના?
કારણ-કાર્યતણી અસંગતિ!
હશે, વિશ્વમાં ઘણુંય એવું,
મને કશું આશ્ચર્ય હવે ના
કેમ જે–
હું સંસ્કારી, સ્થિતપ્રજ્ઞ છું!

ચંદ્ર-લોકમાં મહેલ અમારો,
સૂરજનાં કિરણોનો પાયો,
તારા નભના ખરલે ઘૂટી
તેજસ્-રસથી મહલ છવાયો!
ધૂમકેતુનાં ઊંચાં છોગાં;
નિહારિકાનાં નૃત્ય અનંત;
પ્રકાશની નગરીના વાસી
અમે નિત્ય-નૂતનતા પ્યાસી.
મને કશું આશ્ચર્ય હવે ના.
ઊટંગ કલ્પના! વ્યર્થ બધું આ?
કારણ-કાર્ય તણી અસંગતિ!
હશે, વિશ્વમાં ઘણું ય એવું.
મને કશું આશ્ચર્ય હવે ના.
કારણ? સંસ્કારી, સ્થિતપ્રજ્ઞ હું.

પતંગિયાની પાંખ તૂટે તો
ચલતીના બંદાની કારી!
ઝહરીલા વાયુ - ગોળાથી
ફેલાવું માનવ - મહામારી!
શ્વાન - ગાયની ચાટે, માનવ
ચાટે, કણ સાટે તડપે!
ચંદ્ર-લોકમાં મહેલ અમારો
કુટિર કાજે કોટિ જન તલપે!

એક ટેકરો, હજ્જાર ખાડા,
માનવ - માનવ જૂદા વાડા!
જીવનની ના તમા કોઇને
પરલોકે પડતાં આડા!
મને કશું આશ્ચર્ય હવે ના
કારણ, સંસ્કારી–સ્થિતપ્રજ્ઞ હું.

મારી આજૂબાજૂ આલય
પગથારે માનવ - વણઝાર.
આલયમાં નંદનવન નમણું
પગથારે વૈશાખી - ઝાળ!
આ પા અતિશયતાના ભારે
ઝૂકતાં ભવન અને મિનાર;
પેલી પા ન્યૂનતાનાં નૃત્યો
તાંડવ કરશે સબ સંહાર.
હજી ય માતા બાળક જણતી,
શિશુને પયના ઘૂંટ ભરવતી.
સંત-નયનમાં કરુણા ઝલકે
મૃત્યુ વચ્ચે જીવન મલકે!
સાધારણ જનના સંસારે
અસાધારણતા છલકે.
અજ્જડ અસંસ્કારી હૃદયે
ભૂત-દયાનો ધૂપ મહેકે..
- દેખી દેખી આવું વરવું!
આશ્ચર્યે ભમ્મરો છટકે!
પણ જો સાચ્ચું તમે પૂછો તો–
મને હવે આશ્ચર્ય કશું ના–
દેશ મહીં આ,
વિશ્વ મહીં આ
કારણ? કેવળ સ્થિતપ્રજ્ઞ હું!

---

## બે કળશ

પરમાત્માએ મનુષ્યને જ્યારે દુનિયામાં મોકલ્યો, ત્યારે તેને બે કળશ આપ્યા. એકમાં સત્ય ભર્યું હતું અને બીજામાં સુખ. બન્ને કળશ દેતી વખતે પરમાત્માએ કહ્યું! 'સંસારમાં જઈ રહ્યો છે તો સત્યની પ્રાણને ભોગે પણ રક્ષા કરજે. જો, જમણા હાથના કળશમાં સત્ય છે અને ડાબા હાથના કળશમાં સુખ. ભુલીશ નહિ.' થાક્યા-માંદા મનુષ્યને રસ્તામાં ઊંઘ આવી ગઈ. શેતાન તો આવા મોકાની રાહ જોતો હતો. તેણે જમણા હાથનો કળશ ડાબામાં અને ડાબાનો જમણામાં રાખી દીધો. પરિણામ એ આવ્યું કે દુનિયામાં આવીને મનુષ્યે સુખની બધી જ રીતે રક્ષા કરી અને સત્યને નિર્દયી બનીને ફેંકવા લાગ્યો.

ખલીલ જિબ્રાન

# 'મને સાંભરે રે'

## [૧]

## સંસ્મૃતિનાં સ્રોત

શ્રી કનૈયાલાલ જોશી
અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી

કડી સર્વ વિદ્યાલય મારે મન કેવળ એક શિક્ષણ-સંસ્થા નથી, પરંતુ એ એક સંસ્કારતીર્થ છે. આ સંસ્થામાં મેં માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું છે એ તો કેવળ એક હકીકત છે, પરંતુ ત્યાંથી મેં કલાસંસ્કાર પ્રાપ્ત કર્યા છે, મારી કારકિર્દીના શિલ્પને ત્યાં આકાર મળ્યો છે, ત્યાંથી આંખને તેજ લાધ્યાં છે, ત્યાંથી મહત્ત્વાકાંક્ષાની પાંખને ઉડ્ડયનની શક્તિ સંપાદિત થઇ છે, આ સઘળાને કયા શબ્દોમાં મૂલવું ? સંસ્કારની લહાણીનાં મૂલ્ય શાં હોઇ શકે ? એને નત મસ્તકે અંતરની મૂક વાણીની જ અંજલિ હોઇ શકે.

શ્રી. ધૂમકેતુએ સાચે જ કહ્યું છે:

"પોતે જે અનુભવ્યું, માણ્યું, સંસ્મૃતિમાં જે રહ્યું, તેને ફરીને સંભારવું એ એક સુંદરમાં સુંદર જીવનમહોત્સવ છે."

આવા એક મહોત્સવને મહાલવાની તક સાંપડતી હોય, તો તે શા માટે જતી કરું ? સંસ્મરણો એ જીવનનો અમૃત-સ્રોત છે.

*

ત્યારે મારા ઘરે ચર્ચાની એરણ પર એક જ પ્રશ્ન હતો:
"મને કઇ નિશાળમાં મૂકવો ?"

ગુજરાતી ધોરણ ચોથું મેં પાસ કર્યું હતું. મારા દાદાની ઇચ્છા એની એ જ શાળામાં ધોરણ ૭ સુધીનો અભ્યાસ હું પૂરો કરું એવી હતી. વડોદરા રાજ્યમાં ત્યારે વર્નાક્યુલર ફાઇનલ કે સાતમું ધોરણ પ્રાથમિક શિક્ષણનો છેલ્લો તબક્કો ન હતો. પ્રાથમિક શિક્ષણની તરાહ ત્યારે છઠ્ઠા ધોરણે પૂરી થતી. એ ધોરણની જાહેર પરીક્ષાઓ ન હતી. શાળાએ શાળાએ ડેપ્યુટી સાહેબ જતા, પરીક્ષા લેતા ને પાસ થયેલા ઉમેદવારોને પ્રમાણપત્ર આપતા. તલાટી, શિક્ષક, કારકુન જેવી નોકરીઓ માટે એ પ્રમાણપત્ર પૂરતું લેખાતું. આમ છઠ્ઠું ધોરણ પાસ કરવું એ ઇડરિયા ગઢ જીતવા જેવું મનાતું. દાદાજી આથી જ આવી ઇચ્છા સેવતા હતા.

મારા બાપુજી મને અંગ્રેજી ધોરણમાં મૂકવા ઇચ્છતા. તેઓ ત્યારે કડીમાં વહીવટદાર કચેરીમાં નોકરી કરતા. રહેવાનું ઘર તંબોળીવાડામાં નરસિંહજીના ખાંચામાં હતું. કડી શહેરમાં એ સમયે બે અંગ્રેજી શાળાઓ હતી; એક ઝવેરી આર. ટી. હાઇસ્કૂલ અને બીજી સર્વ વિદ્યાલય. પિતાજીની ઇચ્છા મને સર્વ વિદ્યાલયમાં મૂકવાની હતી. મારાં માતુશ્રીને એવી ઇચ્છા ન હતી. તંબોળીવાડાથી સર્વ વિદ્યાલય કેટલે બધે દૂર ? વળી રસ્તામાં રેલ્વે સ્ટેશન આવે, ગાડીના પાટા ઓળંગવા પડે... આવી ઘણી ઘણી દલીલો માતૃહૃદયના વાત્સલ્યને પક્ષે હતી.

મારા નાનકડા મનડામાં કોઇ અનેરા કોડ કંડારાયેલા હતા. પ્રાથમિક નિશાળ નજીક જ ઇતિહાસ પ્રસિદ્ધ મલ્હાવરાવનો કોટ હતો. ત્યાં ઝવેરી આર. ટી. હાઇસ્કૂલ ચાલે. ચાલુ નિશાળે લાગ મળતાં અનેક વાર એ કોટમાં અમે સૌ બાળકો ઘૂમી વળેલાં, કોટની ઊંચી દીવાલોની ધાર પર ફરી ફરીને, પ્રદક્ષિણાઓ પાર વિનાની કરી હતી. કોટના કાંગરે ભૂતકાળના હાડપિંજર જેવી પડેલી લોખંડી તોપો પર ઊભા રહીને ઘણીવાર પતંગોના પેચ તલ્લિન બનીને જોયા હતા. ત્યાં આવેલી સાત માળની હવેલીના ખંડેરોમાં અમારી સંતાકૂકડી રમતના પડઘા—પડછંદા ગુંજતા હતા. એના વિશાળ મેદાનમાં ગિલ્લી-દંડા અને બોલબેટ ખેલ્યા હતા. વળી ક્રિકેટની મેચો પણ નિરાંતે નિહાળેલી. આ બધાં આકર્ષણો કંઇ જેવાં તેવાં ન હતાં. એથી તો મનને ત્યાં આવેલી પેલી અંગ્રેજી શાળામાં દાખલ થવાની ઇચ્છા હતી, તાલાવેલી હતી.

આખરે વિજય થયો મારા પિતાશ્રીની ઇચ્છાનો.

સને ૧૯૪૦ના જૂન માસની છઠ્ઠી તારીખ ને સોમવારનો દિવસ હતો. બાએ કપાળમાં કુમકુમનો ચાંદલો કર્યો. દાદાજીના આશીર્વાદ લીધા. નરસિંહજીના મંદિરનાં દર્શન કર્યાં. અમારા ઘરમાલીક શ્રી ડાહ્યાલાલ પંચોળીના મકાનમાં પણ અંબાજીનું સ્થાનક હતું. ત્યાં પણ દર્શને ગયો. હીરાબહેને આપેલો પ્રસાદ લીધો, ને એ પછી સવારે સાડા સાત વાગ્યાને સુમારે પિતાશ્રી સાથે અંગ્રેજી નિશાળમાં દાખલ થવા પ્રસ્થાન કર્યું.

પૂ. છગનભાની પ્રતિમા આજે જ્યાં છે, તે સામે 'આશ્રમ' તરીકે ઓળખાતા વિભાગનો દરવાજો છે. એ દરવાજાવાળા

ભાગના મેડા ઉપર આવેલા સઘળા ઓરડાઓ પૈકી જમણી બાજુની પાંખમાં શાળાનું કાર્યાલય હતું. ત્યાં આચાર્યશ્રી અને શિક્ષકો માટે અલગ ઓરડાઓ પણ હતા. મધ્યમાં, એટલે કે બરાબર દરવાજાની ઉપર વિશાળખંડમાં પ્રયોગશાળા હતી, એ પછીના ઓરડાઓમાં ઉપલાં ધોરણોના વર્ગો ચાલતા. નીચે રસોડા પાસે સીધી હારમાં વળી જે ઓરડાઓ છે ત્યાં નીચલા ધોરણોના વર્ગો હતા. એ વર્ગોની જમણી બાજુએ, પ્રેસની પાસે, પુસ્તકાલય હતું. પાણીની ટાંકીની તદ્દન સમીપ આવેલા ઓરડામાં "સ્ટાન્ડર્ડ ફર્સ્ટ–એ"નો વર્ગ બેસે. એ ઓરડામાં માધ્યમિક શિક્ષણની 'એ. બી. સી 'ની મેં શરૂઆત કરી.

પહેલો દિવસ, 'પ્રસંગોની પરંપરા, કયા કયા પ્રસંગો યાદ કરું ? પ્રાથમિક શાળામાં તો " એક વર્ગ—એક શિક્ષકની પદ્ધતિ. અહીં જુદા જુદા પિરિયડમાં જુદા જુદા શિક્ષકો જુદા જુદા વિષયો શીખવે. પહેલા દિવસે ત્યારે કેવું બધું નવું નવું લાગે ? વિદ્યાર્થીઓ પણ બધા નવા. મોટા ભાગના વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહીને ભણનારા, મારા જેવા શહેરમાં પોતાના ઘેરથી આવનાર વિદ્યાર્થીઓની સંખ્યા વર્ગમાં આંગળીના વેઢે ગણી શકાય એટલી રહે, તેમાં હું તો ઠેઠ તંબોળીવાડાથી આવું. મારું કોણ પરિચિત હોય ?

નાનકડા બાળકની નેણમાંથી નીતરતી કુતુહલતાની કવિતા ત્યારે હું અનુભવી રહ્યો હતો.

એ દિવસે શાળા વહેલી બંધ થઈ. છાત્રાલયના છાત્રો પોતપોતાના વૃંદમાં ચાલ્યા ગયા. ગામમાંથી આવેલા વિદ્યાર્થીઓ પણ દોડ્યા, સ્ટેશન પર ઉભી રહેલી ગાડી જોવાનું તેમને આકર્ષણ હતું.

આમાંની કોઈ દોડાદોડી મેં ના કરી. વર્ગના ઓરડા આ સામે લંબચોરસ પટામાં સરસ મજાનો બાગ હતો. સૂરજના સોનામાં ફૂલો તરબત્તર બની પોતાના રંગોનો વૈભવ પ્રદર્શિત કરી રહ્યા હતા તેમાં યે વળી થાળી થાળી જેવડાં સૂરજમુખીનાં ફૂલો તો તપસ્વીની પેઠે ઊભાં હોય એવાં લાગતાં હતાં. હરુ હરુ થતી પાંદડીઓની મધ્યે રંગબેરંગી નેત્રરંજનનાં ફૂલો પાર વિનાનાં હતાં. લાલ ચટક જૂઈનાં ફૂલ પણ હીંચી રહ્યાં હતાં, કોઈ કોઈ ફૂલો પર પતંગિયાં ઊડી રહ્યાં હતાં.

ફૂલોના ફળિયામાં ભૂલો પડ્યો હોઉં તેમ હું ત્યાં ઊભો હતો. ત્યાં મેં એ અવાજ સાંભળ્યો, પાવા જેવો મીઠો એ અવાજ હતો,

" એ... છોકરા, કેમ અહીં ઊભો છે ?"

પુસ્તકાલયના બારણે ઊભા રહી એક સાહેબ આમ મને પૂછી રહ્યા હતા. ઉજળું સફેદ ધોતિયું, ઝભ્ભો ને માથે સફેદ ટોપી હતી.

હું ચમકયો. સહેજ ધ્રૂજી ઊઠયો.

તેઓ મારી પાસે આવ્યા. મારા ખભે હાથ મૂકયો. મને કહ્યું: "ફૂલોને જોઈ રહ્યો હતો ?"

મેં હળવેથી માથું હલાવી 'હા' ભણી.

" ફૂલો બહુ ગમે છે ?"

મારી આંખોમાંથી એ પ્રશ્નનો જવાબ જાણે આપમેળે મેળવી લીધો હોય તેમ એ પછી સૂરજમુખીનું એક ફૂલ ચૂંટીને તેમણે મને આપ્યું.

અને મારી પીઠ થાબડીને એ પછી તેમણે મને ઘરે જવા જણાવ્યું.

કાળગંગાના નીરમાં એ પછી તો અનેક ઉથલપાથલ થઈ ગઈ છે. એ ક્ષણભંગુર ફૂલ તો એ દિવસે જ કરમાઈ ગયું હતું. પરંતુ એ સ્મૃતિનું સુભગ સુમન આજે એવું ને એવું પ્રફુલ્લિત છે, સુરભિત છે.

અંતરની અંજલિ, મને એ ફૂલ અર્પનાર વંદનીય ઉમેદભાઈ પટેલને અર્પતાં આજે નેત્રો સજળ બને છે.

*

ગામમાંથી શાળામાં આવતા વિદ્યાર્થીઓમાંથી કેટલાક મોડા પડતા. મારા જેવા થોડાક વિદ્યાર્થીઓ તો નિયમિત અનિયમિત બની ગયા હતા. ઘરેથી તો અમે વહેલા નીકળીએ, પણ રસ્તે રોકાવાનાં આકર્ષણ ઘણાં હતાં. સિનેમા થિયેટરે નવું પિકચર ચઢે, ત્યારે તેના ફોટા જોવાનો મોહ જતો કેમ કરી કરાય ? કદીક અમદાવાદી દરવાજા પાસે મદારીના ખેલ જોવા જામેલી મેદનીમાં પણ અમે સામેલ થઈ જતા.

એક પ્રસંગે શિક્ષક સાહેબે મને વર્ગમાં પ્રવેશવા ના દીધો. વર્ગના દરવાજે અદબવાળીને હું ઊભો હતો. ત્યાં આચાર્યશ્રી બાપુભાઈ ગામી આવ્યા. ખભે હાથ મૂકી મને પૂછ્યું:

"કેમ બહાર ઊભા રહ્યા છો ?"

જવાબ આપવાને બદલે મેં શિક્ષક સાહેબ સામે જોયું. તેઓ પણ મારી સામે જોઈ રહ્યા.

" હવેથી સમયસર શાળામાં આવજો... " આટલું કહી તેમણે મને વર્ગમાં બેસવાની રજા આપી.

આ પછીનો શનિવાર.

પાછું શાળામાં પહોંચતાં મોડું થઈ ગયું હતું.

આશ્રમના દરવાજે જ વાદળી ચડ્ડીમાં સફેદ ખમીસ ખોસીને, ઢીંચણ સુધી સફેદ મોજાં અને કેનવાસના સફેદ બૂટ પહેરીને એક સાહેબ ઊભા હતા. જે વિદ્યાર્થી મોડો આવે તેને ત્યાં હારમાં ઊભો રાખવામાં આવતો હતો.

મારે પણ એ હારમાં ઊભા રહેવું પડ્યું.

અડધા કલાક પછી એ સાહેબે એક પછી એક વિદ્યાર્થીને મોડા આવવા બદલ સવાલ પૂછવા માંડયાં. મારો વારો આવ્યો

ત્યારે તેમણે મને કંઈ સવાલ ના કર્યો. તેઓ મારી સામે અપલક આંખે જોઈ રહ્યા. એ નજરમાં સવાલ ન હતો, સવાલોની પરંપરા હતી. કેવળ પ્રશ્નાર્થચિહ્ન ન હતાં, મશાલની ચિરાગ જેવાં ઉદ્‌ગારવાચક ચિહ્નો પણ હતાં.

મેં તરત જ નીચું જોઈ લીધું.

ધરતી જો માર્ગ આપે તો તેમાં સમાઈ જાઉં, એવી મનમાં વ્યથા હતી.

તેમણે મારી હડપચી પર હાથ મૂકયો. હળવે રહીને મારું વદન ઊંચું કર્યું. મારી દૃષ્ટિમાં તેમણે તેમની નજરને પરોવી.

— ને મારી આંખમાં આંસુ આવી ગયાં,

ગદ્‌ગદ્‌ કંઠે મેં જણાવ્યું: "સાહેબ, હું હવે પછી કદી મોડો નહિ આવું......"

અને એ સાહેબે પોતાના ખિસ્સામાંથી રૂમાલ કાઢી મારી આંખનાં આંસુ લૂછી નાખ્યાં.

એ હતા આદરણીય શ્રી. બાપુભાઈ ગામી...

આકાશમાં ઝળહળતો તેજસ્વી અચળ ધ્રુવનો તારલો ભલે 'પથદર્શક' તરીકે ઓળખાતો હોય, મને તો પેલી વાત્સલ્ય–નીતરતી આંખોના તારલા સદાય 'પ્રેમળ જ્યોતિ' સમાન બન્યા છે.

એ પ્રસંગ પછી શાળા, કૉલેજ અને નોકરી પર ક્વચિત્ હું મોડો પડ્યો હોઈશ.

# [ ૨ ]

## શ્રી ડાહ્યાભાઈ પટેલ ( ડરણવાળા )

આચાર્ય : આદર્શ વિદ્યાલય, : વિસતપુરા. ( તા. કડી )

**સ**ન ૧૯૫૨ ની સાલ હતી. તે સમયે હું સર્વ વિદ્યાલય કડીમાં ભણતો હતો અને વિદ્યાર્થી આશ્રમમાં રહેતો હતો. મને ઓકટો. પરમાં ટાઈફોઈડ થયેલો અને બે એક માસ આશ્રમ છોડીને ડરણ વતનમાં ગયેલો. તબિયત ઘણી નાજુક હતી અને આશ્રમમાં હાજર થયા પછી એક સાંજે જમતાં જમતાં કાચી ભાખરી પેટમાં રખેને ખૂંચે એ ભયે ભાખરીની કાચી કોરને થાળીની બહાર મૂકેલી. તે સમયે આચાર્યસાહેબ શ્રી નાથાભાઈ ના. દેસાઈ ક્યારેક ક્યારેક રસોડામાં લટાર મારતા. મારી થાળી બહાર ભાખરીના ટુકડા જોઈને બધા વિદ્યાર્થીઓ વચ્ચે ખૂબ તતડાવેલો. આમેય હાઈસ્કૂલ સમય દરમિયાન હું ઘણો શરમાળ, શાંત પ્રકૃતિનો વિદ્યાર્થી હતો. મારી પરિસ્થિતિનો ખ્યાલ કર્યા વિના મને ધમકાવ્યો. એથી ખૂબ માઠું લાગેલું. અને રાત્રે વિચારોને રવાડે ચડી જતાં ઊંઘ પણ હરામ બનેલી. શ્રી આચાર્ય સાહેબ તરફ ગ્રંથિ બંધાયેલી. પરંતુ આ ગ્રંથિ છૂટે છે સન ૧૯૫૬માં, જ્યારે હું બી. એ. પાસ થઈને સૌ પ્રથમ ઉપશિક્ષક તરીકે સર્વ વિદ્યાલયમાં જોડાયેલો. શ્રી નાથાભાઈ સાહેબ–જેમ બીજા ગુરુને શિષ્ય પ્રત્યે સ્નેહ હોય છે તેવો–પોતાના શિષ્ય પ્રત્યે ખૂબ સ્નેહ રાખતા. મને એક સમયે તેઓશ્રીએ ઓફિસમાં બોલાવ્યો અને કહ્યું, "તું એસ. ટી. સી. ની પરીક્ષાના પાઠ આપ." બી. એ. માં પાસ થયેલ અને નોકરીએ લાગેલ એટલે ચાલુ સાલે તો પરીક્ષાની જવાબદારીમાંથી મુક્તિ લેવી છે એવી મન સાથે ગાંઠ બાંધેલી. મેં પાઠ આપવાની બાબત ઉપર ધ્યાન આપ્યું નહિ. પાંચ ૭ દિવસ પછી મને ફરી ઑફિસમાં બોલાવ્યો. મે કહ્યું "આ પરીક્ષામાં તો એક વર્ષનો અનુભવ જોઈએ ને? મારે ક્યાં આટલો અનુભવ છે?" સાહેબે મર્મ સાથે કહ્યું; "કુંભાર કરતાં ગધેડાં કોઈક સમયે ડાહ્યા થાય છે. મને ખબર છે તારે પરીક્ષામાં બેસવા માટે કેટલો અનુભવ જોઈએ તે? તારે એસ. ટી. સી. ના પાઠ આપવા પડશે." તે જ સાલે મેં એસ. ટી. સી. ના પાઠ આપ્યા અને પરીક્ષા ઉત્તીર્ણ કરી.

શિષ્ય પ્રત્યે મમતા અને પોતાના શિક્ષકો સાથેનો શાળા સમય બાદ મોટાભાઈ જેવો વર્તાવ ગજબનાં હતાં. તે જ સાલમાં ઉનાળામાં વાર્ષિક પરીક્ષા પૂરી થઈ હતી. ઉત્તરવહીઓ જોઈને કંટાળી ગયા હતા. એટલે એક રાત્રે ગોટાનો પ્રોગ્રામ રાખેલો. હું તથા રાજન ( નડિયાદવાસી ) રસોડાની બાજુની ખૂણાની હવેલી ઉપર રહેતા હતા. શ્રી મોહનભાઈ સાહેબ ( આચાર્યશ્રી ) શ્રી ચતુરભાઈ સાહેબ ( વ્યાયામ શિક્ષક ) શ્રી સોમભાઈ ( આદરજવાળા ) શ્રી ચતુરભાઈ સાહેબ ( સંગીતશાસ્ત્રી ) વગેરેને અમોએ આમંત્રેલા. બપોરે બજારમાં ખમારની દુકાનેથી બટાટા, આદુ, લીંબુ, મરચાં વગેરે ખરીદતો હતો. શ્રી નાથાભાઈ સાહેબ ગૌશાળાની મિટીંગમાં હાજરી આપીને બજારમાં થઈને આશ્રમમાં જતા હતા. હું ખરીદીમાં લીન હતો. પરંતુ સાહેબ મને જોઈ ગયા. મારા વાસે હાથ મૂકીને થાબડવા લાગ્યા. મેં પાછળ જોયું. હું શરમાયો. મને સાહેબે કહ્યું. "તું શા માટે શાકભાજી ખરીદે છે? તું તો રસોડે જમે છે. તારે આ શી લપ?" મેં ઘટસ્ફોટ કર્યો. તેઓ હસ્યા; "મને આમંત્રીશ ને?"

એક વ્યક્તિની બે ભિન્નભિન્ન અવસ્થાઓમાં દૃષ્ટિકોણનો અને માણસને મૂલવવાનો કેવો તફાવત પડે છે? એક અવસ્થા ગ્રંથિ બાંધે છે; જ્યારે બીજી અવસ્થા એ જ ગ્રંથિને તોડે છે. હું શિક્ષણક્ષેત્રમાં છું. વિદ્યાર્થીઓના ગેરશિસ્તના પ્રસંગોમાં ગ્રંથિ ન બંધાય તે જોઉં છું. ત્યારે મને આ બન્ને પ્રસંગો એકી સાથે યાદ આવે છે અને મારું મસ્તક અહોભાવથી ગુરુ અને આચાર્યશ્રીને નમી પડે છે.

———

આપણા દાતાઓ

## સૌ. અમથીબેન શિવરામદાસ પટેલ

મહેસાણા



સૌ. અમથીબેન મહેસાણા જીલ્લાના જાણીતા આગેવાન અને વહેપારી શ્રી શિવરામદાસ માનજીદાસનાં ધર્મપત્ની છે. તેમનું પિયર પાલોદર (તા. મહેસાણા) તેમના પિતાનું નામ શ્રી વિઠ્ઠલદાસ દેવરાજદાસ પટેલ.

શ્રી શિવરામદાસનું મૂળ વતન દવાડા (તા. વિસનગર) તેમના પિતા માનજીદાસ ઉદાર અને સખાવતી સ્વભાવના હતા. એમની પ્રતિષ્ઠા ઉત્તર મહેસાણાના ગામડામાં ખૂબ ખૂબ હતી. એમને ત્યાં મહેમાનગતી ન કરી હોય એવા મહેસાણા જીલ્લામાં બહુ ઓછા હશે.

શ્રી શિવરામદાસમાં તથા સૌ. અમથીબેનમાં ઉદાર અને સખાવતી સ્વભાવ ઉતરી આવ્યો છે. એમની પાસે શિક્ષણ સંસ્થા માટે દાન માટે ગયેલ કોઈ ભાગ્યે જ નિરાશ થયો હશે. આ પરંપરા સાચવવામાં અમથીબેનનો ઘણો હિસ્સો છે.

એમના દિકરા શ્રી હરિભાઈએ અને અંબાલાલે પિતાનો ધંધો ઘણોજ ખીલવ્યો છે. અને તેઓ અમદાવાદમાં અને મહેસાણામાં વી. હરિભાઈ એન્ડ કું ના નામની લોખંડ વગેરેની આગળ પડતી પેઢીઓ ચલાવી રહ્યા છે અને વિકસાવી રહ્યા છે. શ્રી હરિભાઈ આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને તે બાબતનું તેમને પણ ગૌરવ છે. સૌ. અમથીબેનની હાલ ૬૫ વર્ષની ઉંમર છે. તેઓ આ લીલાવાડી જોવાને ભાગ્યશાળી બન્યાં છે.

તેમની તરફથી ગુજરાત ગૌશાળા, કડવા પાટીદાર કેળવણી મંડળ, મહેસાણા નાગરિક મંડળ વગેરે ઘણી સંસ્થાઓને દાન મળ્યાં છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળને તેમની તરફથી રૂા. ૨૫૦૧) નું દાન મળ્યું છે.

---

પ્રાર્થનામાં હૃદય જોઈએ અવાજ નહિ. હૃદય સિવાય શબ્દની કિંમત નથી.

ગાંધીજી—

# સંસ્થા સમાચાર

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સાયન્સ કૉલેજ—કડીનો પાંચમો વાર્ષિકોત્સવ ગઈ તા. ૨૦મી જાન્યુઆરીએ ગુજરાત રાજ્યના સાંસ્કૃતિક બાબતો તથા વાહનવ્યવહાર ખાતાના પ્રધાન શ્રી ચીમનભાઈ પટેલના પ્રમુખપદે સંસ્થાના 'સંસ્કાર ભવન' માં ઉજવાયો. પ્રથમ પ્રિન્સિપાલ શ્રી ડી. એન. શાહે કૉલેજનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો. મંડળના ચેરમેન શ્રી પુરુષોત્તમદાસ પટેલે (દાસકાકા) સંસ્થાનો આછો પરિચય આપ્યો. શ્રીમતી ઊર્મિલાબેન પટેલના વરદ હસ્તે રમતગમતો, વક્તૃત્વસ્પર્ધા તથા એન. સી. સી. ના ઈનામોની વિતરણવિધિ થઈ. સ્પોર્ટસમાં ભાઈઓમાં શ્રી બાબુભાઈ પી. પટેલ (એફ. વાય બી. એસ. સી.) તથા બહેનોમાં કુ. નીલાક્ષી મજમુદાર (એફ. વાય. બી. એસ સી. વ્યક્તિગત ચેમ્પિયનશીપ મેળવી અવ્વલ રહ્યા.

સાંજે ૭-૩૦ વાગ્યે કૉલેજનો રંગોત્સવ ઉજવાયો. તેમાં મુખ્ય મહેમાન તરીકે મહેસાણા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી હરગોવિંદભાઈ ધનાભાઈ પટેલ હતા. આ સંસ્કાર કાર્યક્રમમાં ત્રણ એકાંકીઓ, મોનો એક્ટીંગ, મિમિક્રી તથા નૃત્ય વગેરે રજૂ થયાં. કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો. નિર્ણાયકોની દૃષ્ટિએ દરેક એકાંકીમાં અભિનય તથા સંવાદ વગેરેની દૃષ્ટિએ અત્યંત સફળ રહેનાર પ્રથમ તથા દ્વિતિય વિજેતાઓના નામ આ પ્રમાણે છે.

| એકાંકી | વિજેતા |
|---|---|
| બે કલાકાર— | ૧ ચંદુભાઈ બી. મિસ્ત્રી (પ્રિ. સાયંસ) |
| | ૨ કિરીટ સોની (એસ. વાય) |
| અદલાબદલી— | ૧ કુ. ભાવના પરીખ (ટી. વાય.) |
| | ૨ કુ. અરુણા પટેલ (પ્રિ. સાયંસ) |
| વિનોદની લીલા-પ્રહસન) | ૧ કિરીટ સોની (એસ. વાય.) |
| | ૨ હરેન્દ્ર ભટ્ટ (એસ. વાય.) |

આ ઉપરાંત આમંત્રિત કલાકાર તરીકે શ્રી રમેશ ત્રિવેદી એમની અભિનયપટુતાથી સૌને ખુશ કર્યા. આ કાર્યક્રમના ઉપક્રમે મુખ્ય મહેમાનશ્રી તરફથી ૫૦૧ રૂપિયાની ઉદાર સખાવત થઈ.

---

## સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો

## સુવર્ણ જયંતી ફાળામાં
### નીચેની નવીન રકમો લખાઈ છે.
### દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

૫૭૮૯૪) આગળનો સરવાળો.
૧૦૦૧) મે. ડાહ્યાભાઇ વિઠ્ઠલદાસ
હા. શ્રી વિઠ્ઠલભાઇ હેમદાસ ( ડીંગુચાવાળા )
શ્રી ડાહ્યાભાઇ સાંકળચંદદાસ ( ઝુલાસણવાળા )
નવામાધુપુરા, અમદાવાદ
૧૦૦૧) મે. અરવિંદકુમાર જયંતિલાલની કું.
૬૭૬/૧૧ રેવડી બજાર ક્રોસ લેઈન અમદાવાદ–૨
૧૦૦૧) પા. કુબેરદાસ રંગજીદાસ રાજપુરવાળા
હા. શ્રી શંકરદાસ કુબેરદાસ
શ્રી મગનલાલ કુબેરદાસ
શ્રી પ્રહલાદભાઈ કુબેરદાસ
શ્રી શિવાભાઇ કુબેરદાસ
૧૩A વસંત વિહાર સોસાયટી નં. ૧
નવરંગપુરા, અમદાવાદ–૯
*૫૦૧) શ્રી માણેકલાલ હીરાલાલ પટેલ
૮ ગૌતમ વિહાર સોસાયટી અમદાવાદ–૧૩
૫૦૧) શ્રી લાલભાઇ નાનદાસ પટેલ
C/o નવીનચંદ્ર પોપટલાલની કું.
કાળુપુર ચોખા બજાર અમદાવાદ
*૨૫૧) ડૉ. પુરુષોત્તમભાઇ ટી. પટેલ
મુ. ધીણોજ તા. ચાણસ્મા
૨૫૧) શ્રી ભગવતભાઇ ના. સુથાર
અધ્યાપક આર્ટસ અને કોમર્સ કૉલેજ કડી
૨૫૧) શ્રી પ્રહલાદભાઇ જોઇતારામ પટેલ
વસંત વિહાર સોસાયટી નં ૧
નવરંગપુરા, અમદાવાદ–૯
૨૫૧) શ્રી અંબાલાલ ઇશ્વરદાસ
મુ. પો. બલોલ તા. મહેસાણા
૩૫૧) પા. રણછોડદાસ જેઠાલાલ ( મારફતીયા )
૧૧ વસંતવિહાર સોસાયટી નં. ૧
નવરંગપુરા અમદાવાદ–૯
૨૫૧) શ્રી નારણભાઇ વિરમભાઇ પટેલ
૩૨ શ્રી સોમનાથ નગર સોસાયટી નં ૧
નારણપુરા રોડ, રેલ્વે ક્રોસીંગપાસે અમદાવાદ–૧૩
૨૫૧) શ્રી પુંજાભાઇ ડાહ્યાભાઇ એન્ડ કું.
C/o શ્રી પુંજાભાઈ પ્રહલાદભાઇ
૪૦ શ્રી સોમનાથ નગર સોસાયટી
નારણપુરા રેલ્વે ક્રોસીંગ અમદાવાદ–૧૩
૨૫૧) શ્રી અમૃતલાલ એન્ડ કું.
હા. શ્રી મોહનલાલ અંબાલાલ પટેલ માથાસુરવાળા
સાકર બજાર, વૃંદાવનની ચાલી, અમદાવાદ–૨

૬૪૦૦૭

* વસુલ આવી ગયા છે.

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.

૧૦૦૧) શ્રી વિઠ્ઠલભાઇ બહેચરદાસ પટેલ
કૃષ્ણ સોસાયટી–મહેસાણા
૨૫૧) શ્રી ચતુરભાઇ વિઠ્ઠલદાસ પટેલ
દરિયાપુર સોસાયટી અમદાવાદ–૧૩
૨૫૧) શ્રી ભાઇલાલભાઇ એન. પટેલ
ગીતાંજલિ સોસાયટી વડોદરા–૫

## ગુજરાત ગોશાળાને મળેલી મદદ

૧૨૫) શ્રી શક્તિ ટ્રેડીંગ કંપની-કડી
ઠે. એસ. ટી. બસ સ્ટેન્ડ સામે-કડી
હા. પટેલ જોઇતારામ પ્રહલાદભાઈ

[ પાન ૨ ઉપરનું ચાલુ ]

જોઉં છું ને સંસ્થાનાં બાળકોને ઘડવામાં જે શ્રમ લીધો છે તેની તથા 'સંસ્થા અમારી તીર્થભૂમિ' ગણેલી તેની સાર્થકતાથી આજેય મસ્તક નમી પડે છે.

તેમાંના બીજા બે એક ખેતીવાડી ખાતાના ડેપ્યુટી ડીરેકટર શ્રી સોમાભાઈ પટેલે અમદાવાદમાં, બીજા ટોબેકો ઇન્સ્પેકટર શ્રી ઇશ્વરભાઇ પટેલે વડોદરામાં પોતાનું નામ ઉજવળ કર્યું છે. શ્રી ઇશ્વરભાઇએ તો એકવાર એક વેપારીની દસ હજારની થેલીને લાત મારી કર્તવ્ય નિષ્ઠાનો ઉજ્જવલ દાખલો બેસાડયો હતો. જયાં આવા સંસ્કાર પડયા એ કેળવણીની સંસ્થાને દિપાવી છે.

બીજા બેમાં શ્રી ગણેશભાઇ અમદાવાદમાં બે નુ મોર્ટગેજ બેંકમાં સારા હોદ્દા ઉપર છે. શ્રી બહેચરભાઇ ગાંધી, બી. એસ. સી. (ટેક.) થઇ. મુંબાઇમાં ધંધામાં સારા નીમ્યા છે.

આજે હાઇસ્કૂલોમાં મેદાનની રમતો વિસરાઈ છે ને કેવળ કવાયતના દેખાવો તરફ લોકો વળ્યા છે. એમાં બાળકોમાં જે મર્દાનગી, ભાઇચારો નિષ્ઠા અને ખડતલ કેળવાવાં જોઇએ તે થતું નથી.

કડી સંસ્થા આ રીતે કેવળ સમાજનું નહિ–રાષ્ટ્રના ઉત્થાનનું કામ કરે છે એમ ગણાવું જોઇએ ને તેની સગવડો સાચવવા આગળ આવવું જોઇએ.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી : તા. ૨૯–૧–૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] ફડી : ગુરુવાર : તા. ૫-૨-૭૦ [ અંક ૨૦


## ચારિત્ર્યની કેળવણી

ચારિત્ર્યની કેળવણી એટલે સદ્‌આચાર અને સદ્‌વિચારની કેળવણી.
સદ્‌આચાર વાતો, દલીલો અને ભાષણોથી વિદ્યાર્થીઓમાં ન ઉતરે.

આચાર એ ક્રિયા છે. સદ્‌આચારની ટેવ પડવી જોઈએ. કોઇ પણ ટેવ ક્રિયાથી બંધાય છે. વિદ્યાર્થીઓ સદાચારની ક્રિયામાં પ્રેરાય તેવાં સાધનો અને ઉપાયો યોજવા જોઇએ.

દેખે તેવું શીખે. વિદ્યાર્થીની આજુબાજુ સદ્‌આચારનું–સત્‌ક્રિયાનું વાતાવરણ હોવું જોઇએ. આવા વાતાવરણમાંથી વિદ્યાર્થી પોષક તત્વો ચૂસે છે અને જીવનને ઘડે છે.

સદ્‌વિચાર શિખવાડ્યા આવડતા નથી. સદ્‌ગુણોમાંથી સદ્‌વિચારો ફૂટે છે. સદ્‌ગુણો સત્ ક્રિયાઓમાંથી જન્મે છે.

પ્રામાણિકતા, નિડરતા, સત્યવકતૃત્વ, દયા, સેવાવૃત્તિ વગેરે અનેક ગુણો પ્રત્યક્ષ કાર્યમાંથી જ ઉદ્‌ભવે છે.

બાળકને પ્રામાણિકતા બતાવવાના પ્રસંગો આપો; તેની પ્રામાણિકતાની કસોટી થવા દો; બાળકમાં પ્રામાણિકતાનો ગુણ આપોઆપ ખીલશે.

બાળક માટે બહાદુરી અને નિર્ભયતા બતાવવાના માર્ગો શોધો; બાળકની નિડરતાની કસોટી થવા દો; બાળક નિડર અને બહાદુર બનશે.

બાળક માટે સત્યની કસોટીના પ્રસંગો યોજો. બાળક સત્ય જાળવવાનું બળ મેળવશે.

બાળકને દયા, પરોપકાર અને સેવાનાં કાર્યો કરવા અનુકૂળતા કરી આપો. બાળક દયાળુ, પરોપકારી અને સેવાપરાયણ બનશે.

સદ્‌ગુણો મેળવવાની તાલીમમાં ચારિત્ર્યની કેળવણી સમાયેલી છે.
સદાચારની એરણ ઉપર બાળકનું ઉચ્ચ જીવન ઘડાઇ રહ્યું છે.

'કેળવણી' પોષ : ૧૯૮૪ ]

બાપુભાઇ ગાંધી

## રે જિંદગી

આ જિંદગી
હાથી સમી
તેને વિષે
સૌ આંધળા ટોળે મળી
હસ્ત મૂકી
સ્પર્શથી જાતે કળી
કેવી ખુમારી સાથ
કૈં કૈં બોલતા!
'છે દોરડી
આ જિંદગી', એકે કહ્યું.
'ના, થાંભલો' બીજો વદે
'છે ભીંત જેવી'
હાંકતો ત્રીજો વળી
ને વિવાદે
સામ સામે
આપ રે કેવું ભરડતા!
ને......
આ જિંદગી
હાથી સમી
અકળ ને મંથર ગતિએ
ડોલતી ચાલી જતી
ને આંધળા
મૂછો મરડતા ને મલપતા
વાટમાં ડૂકી જતા
રે જિંદગી!!

—કેતુ

## આંખથી

અળગી કરી
જે દિ' તને
બસ છે ઘડી થી
સૂર્યથી છૂટી પડેલી પૃથ્વી શું
મારું મન
ઘૂમી રહ્યું છે
વેગળું તારા થકી
અસ્પૃશ્ય રહી
ને તો ય રે
તવ બંધને કક્ષા મહીં.

—કેતુ

## બે આંખની કાવડ કરી

બે આંખની કાવડ કરી
કંઇ કેટલાં યે વર્ષથી
ઘૂમ્યા કરું છું
બસ અવિરત......
એ જ તીર્થો ને
પુનિત એ ઘાટ મારા
સ્વપ્નના મહેલો બધા
જ્યાં ઘાટ પામ્યા
ને આખયે ખંડિયેર થઇ
વિરામ પામ્યા —
તે તીર્થને
તે રેતને
ચૂમ્યા કરું છું
ઘૂમ્યા કરું છું
બે આંખની કાવડ કરી
કાવડે કૈં કેટલો યે બોજ છે
એક પલ્લે આપની સ્મૃતિઓ ભરી
ને અવરમાં સ્વપ્નનાં ભંગારની
ચૂર ચૂર થાતાં કાલનાં અરમાનની
મોંઘી અનામત જાળવી —
કીકી કરી
ઘૂમ્યા કરું છું
એકલો ......
બે આંખની કાવડ કરી.

— કેતુ

## જોઉં છું....

ઘડિયાળની ટીક–ટીકના
બે શબ્દ બીચ
વેગથી
સરતા સમયને જોઉં છું
ને આંખની સામે ઊભો જે આયનો
એની મહીં
આંખને ઝીણી કરીને પ્રોઉં છું
ને રોઉં છું
ધોળા થતા કાળી મૂછોના બાલ પર
ને ભાલ પર
કરચોલીઓ
કાળના હળથી પડ્યા જે ચાસ
શો હ્રાસ
યૌવનની બધી ખુમારીનો —
નિરખી બધું આવું
છળી
આંખો કરી બે બંધ ને
નિર્બંધ થઇ સ્વપ્નો મહીં
સાવ ખોટી આશમાં
હું જાત મારી ખોઉં છું
ને
કદી જાગી પડું, તો
બાકી વધેલી રાતની કાળાશને
પાસાં ઘસીને
આંસુઓથી ધોઉં છું...
આવી રીતે
પૂરી થતી રાતો પછી
આવતા
બીજા દિવસને બારણે
વેગથી
ધસતા સમયને જોઉં છું

—કેતુ

## હાઇકુ.....

—ભગવત સુથાર

### ચાડિયો

ઊંબીએ કહ્યું,
ઊંબીને જો, અચેત
ચાડિયો હસે.

卐

### ચાડિયો

ધાન્ય ખેતરે
સચેત સૌ, અચેત
ચાડિયો રક્ષે.

卐

### બિંબ

નદી કિનારે
ઊભી ભેખડ, નિજ
રૂપ નિહાળે.

卐

# સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન

શ્રી પુરુષોત્તમદાસ પટેલ

એપ્રિલ ૧૯૭૦ ના પહેલા અઠવાડિયામાં સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન ભરવાનું મેં આ પહેલાં લખ્યું હતું.

તા. ૪ એપ્રિલ ના રોજ શનિવાર છે પણ અઠવાડિયાનો આ પહેલો શનિવાર હોવાથી કચેરીઓમાં રજા ના હોય.

આ પછી તા. ૧૧ એપ્રિલે શનિવાર આવે છે. અઠવાડિયાનો આ બીજો શનિવાર હોવાથી કચેરીઓનાં રજા હોવાની.

સંમેલન રવિવાર સવારના ૮ થી ૧૨ અને સાંજના ૨ થી ૫ રાખીએ, આમ સાત કલાકનું સંમેલન થાય. બપોરના બે કલાક ભોજન માટે.

આ સંમેલનમાં નવા જુના સંસ્થાના કાર્યકરો, સંચાલકો, નવા જુના શિક્ષકો અને નવા જુના વિદ્યાર્થીઓ હાજરી આપવાના.

જુના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો વગેરે શનિવારે આવી જાય તો શનિવાર રાતના આઠ વાગે એક મિલન રાખી શકાય.

સંમેલન પ્રસંગે સાયન્સ-કૉલેજની હોસ્ટેલનું ઉદ્‌ઘાટન રાખવાનું વિચારાયું છે. એપ્રિલ પહેલાં હોસ્ટેલનું મકાન, રસોડું અને રેકટરનું નિવાસગૃહ તૈયાર થઇ ગયેલ હશે. આ હોસ્ટેલનું ઉદ્‌ઘાટન સંમેલનના સમય દરમ્યાન અનુકૂળ સમયે રાખીએ.

હોસ્ટેલના મકાનના ઉદ્‌ઘાટક માટે તથા પ્રસંગના અતિથિ વિશેષ માટે નક્કી કરવાનું છે. આ માટે મહેમાનોને અનુકૂળ સમય ગોઠવી નકકી કરી શકાય.

આ સંમેલન પ્રસંગે જુના એકેએક વિદ્યાર્થી, જુના એકે એક શિક્ષક અને જુના એકેએક કાર્યકર સંચાલક સંસ્થામાં આવે તેવી મારી આગ્રહભરી વિનંતી છે. ચાલુ શિક્ષકો, કાર્યકરો અને વિદ્યાર્થીઓ તો હાજર રહેવાના. જુના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને કાર્યકરો-સંચાલકોનું સ્વાગત કરવાનો અનેરો આનંદ ચાલુ સંચાલકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓને આપવા મારી વિનંતી છે.

સંમેલનની કાર્યવાહી શું કરવી તે કહેવાનો અધિકાર મને નથી. મારી તો ઇચ્છા એટલી જ છે કે શનિવારે જે ભાઇઓ આવી જાય તે રવિવારની કાર્યવાહી નક્કી કરે.

પણ મારું સૂચન છે કે કાર્યવાહીનો સમય ઠરાવો કરવા કરતાં આપણે હવેના પાંચ વર્ષમાં શું કરવું તે વિચારીએ. સામાજિક ક્રાંતિ લાવવા-સામાજિક રિવાજો અને અંધશ્રદ્ધામાં પરિવર્તન લાવવા આપણે શું કરવું જોઇએ તે વિચારીએ, આપણા કેટલાક સામાજિક રિવાજો અને રૂઢિઓ આપણને આપણી પ્રગતિમાં અવરોધક છે તેનો વિચાર કરીએ અને એ અવરોધોને નિવારવા શું કરવું તે વિચારીએ.

આપણા કેટલાક જુના વિદ્યાર્થીઓ કેટલીક શિક્ષણ સંસ્થાઓનું સંચાલન કરી રહ્યા છે. આથી શિક્ષણ ક્ષેત્રે શું કરવું જોઇએ તે વિચારીએ. આજનું શિક્ષણ ભાવિ પ્રજાને પાંગળી બનાવે છે એમ કહેવામાં આવે છે તો શિક્ષણમાં શું પરિવર્તન કરવું જોઇએ કે જેથી ભાવિ પ્રજા દેશને અને સમાજને વધારે ઉપયોગી થાય.

આપણા કેટલાક જુના વિદ્યાર્થીઓ આર્થિકક્ષેત્રે-ધંધા ઉદ્યોગમાં ઠીક ઠીક આગળ વધ્યા છે. તેઓ એમનો અનુભવ અને માર્ગદર્શન આપે. સર્વ વિદ્યાલય પરિવાર-કુટુમ્બના ભાઇઓને દોરવણી આપે અને તેઓની આંગળી ઝાલી આગળ લઈ જવામાં કેવી રીતે મદદગાર થઈ શકે તેમ છે તે જણાવે.

આપણા કેટલાક જુના વિદ્યાર્થીઓ સારા દાક્તરો, સારા એન્જીનિયરો છે. કેટલાક સરકારી નોકરીઓમાં ઉચ્ચ હોદ્દા ઉપર છે.

આ બધા એકબીજાને મળે અને એક બીજાના પરિચયમાં આવે જુનાં સ્મરણો તાજાં કરે અને બે દિવસ સંસ્થામાં રહી

## સૂચનો મોકલવા વિનંતિ

એપ્રિલના પહેલા અઠવાડિયામાં સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન આપણે ભરવા માગીએ છીએ.

આ પ્રસંગે જુનાનવા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલકો વગેરે આવશે અને સંમેલનમાં ભાગ લેશે.

આ સંમેલન આપણા ભાવિ કાર્યને માટે માર્ગદર્શક બને અને આપણે પ્રેરણા મેળવીએ તે સારુ.

આ સંમેલનમાં આપણે
(૧) શું ચર્ચવું ?
(૨) શું કરવું ?

વગેરે વગેરે સબંધમાં સૂચનો મોકલવા મારી નમ્ર વિનંતિ છે.

૨૩-૧-૭૦ પુરુષોત્તમદાસ પટેલ

એમના વિદ્યાર્થી-જીવનનો આનંદ યાદ કરી જીવનના એ દિવસ આનંદમાં ગાળે.

સંમેલન એ આપણા સૌને માટે મિલન મેળો બને. એક બીજાના પરિચયમાં આવીએ અને પરિવાર – કુટુમ્બભાવના તાજી કરીએ.

સંમેલન પ્રસંગે જુના કાર્યકરો, જુના વિદ્યાર્થીઓ તેમજ જુના શિક્ષકોનું સ્વાગત સંસ્થાના ખર્ચે થાય તેવી મારી ઇચ્છા છે. સંસ્થા એ સૌનું માતૃઘર છે અને માતા સૌને ખોળામાં બેસાડે અને રમાડે. આ ખર્ચ સંસ્થા કરે. કોઇની પાસેથી ભોજન વગેરે નિમિત્તે કાંઈ પણ લેવામાં ના આવે.

આ પ્રસંગે આપણી સંસ્થા સંબંધમાં પણ વિચાર કરીએ. સંસ્થા અત્યારે તો એક સાયન્સ કૉલેજ, એક ટેકનીકલ સ્કૂલ, એક પ્રી. વોકેશનલ ટ્રેઈનીંગ સેન્ટર અને એક હાઈસ્કૂલનું સંચાલન કડીમાં કરે છે. એ ઉપરાંત સંસ્થાની એક હાઈસ્કૂલ બલોલમાં અને બીજી હાઈસ્કૂલ વડનગરમાં છે.

આપણે કઈ કઇ પ્રવૃત્તિઓ વધારવી? નદીનાં પાણી વહેતાં રહે તો જ નિર્મળ રહે. સંસ્થા પણ પ્રગતિ પંથે આગળ વધે-વધતી રહે તો તે શક્તિશાળી રહે.

પ્રગતિમાં અવરોધો અને મુશ્કેલીઓ આવવાની. એ અવરોધો અને મુશ્કેલીઓનો સામનો કરી આગળ વધવાથી જ શક્તિ વધે છે.

સાયન્સ કૉલેજ હોસ્ટેલના ઉદ્ઘાટન અંગે ઉદ્ઘાટક, અતિથિ વિશેષ વગેરે. નક્કી કરીશ અને તેમને અનુકૂળ દિવસ અને સમય નક્કી કરીશ અને તેની જાહેરાત 'સુવર્ણ જયન્તી'માં વહેલી તકે કરીશ

પણ ઉપર જણાવેલી બે તારીખો પૈકીની એક તારીખ નક્કી થાય તેમ કરીશ.

જુના વિદ્યાર્થીઓ, જુના શિક્ષિકો અને જુના સંચાલકો જે દિવસ સંમેલન અને ઉદ્ઘાટન નક્કી થાય તે દિવસે સંસ્થામાં પધારવાનો મનોમન નિર્ણય કરી લે.

વ્યક્તિગત આમંત્રણો મોકલવા કરતાં 'સુવર્ણ જયન્તી' દ્વારા જ આમંત્રણ પાઠવવું યોગ્ય થશે એમ મને લાગે છે છતાં બીજુ સૂચન હશે તો તેમ કરવા હરકત નથી.

પરિવાર સંમેલનનું કાર્ય જુના વિદ્યાર્થીઓને સોંપવાનું હું વિચારી રહ્યા છું જેથી આ સંબંધમાં જે કાંઈ કરવા યોગ્ય હોય તે તેઓ કરે.

૨૩-૧-૭૦

---

ગુજરાતની અગ્રગણ્ય અને આપણી સૌની પ્રિય માતૃસંસ્થા

## સુવર્ણજયન્તી

પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ સર્વે ભાઈ-બેનો પાસે

### અપેક્ષા રાખે છે:

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.

(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.

(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.

(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. 'સુવર્ણ જયંતી' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.

(૬) 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

❀ ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.

❀ આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::

# 'મને સાંભરે રે'

શ્રી અશ્વિનભાઈ ડી. પટેલ
અધ્યાપક : શિક્ષણ મહાવિદ્યાલય,
ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ.

मकरसंक्रान्ति पुण्यपर्वणि पत्रं पुष्पं फलं तोयम् ની રીતે ભક્તિભાવપૂર્વક સુવર્ણ જયન્તી ફાળામાં રૂા. ૨૫૧) અંકે રૂપિયા બસોએકાવન નોંધાવતાં આનંદ અનુભવું છું. જો કે આશ્રમમાં ને વિદ્યાલયમાં હું ૧૯૩૨–૩૩ના એક જ વર્ષ માટે રહ્યો–ભણ્યો છું પણ મારા જીવનઘડતરમાં અને રાષ્ટ્રીય વિચારોના મારે વિશેના સિંચનમાં એ એક વર્ષે ઘણો નિર્ણાયક ભાગ ભજવેલો છે. એથી તો આશ્રમને શાળા તથા તેના વહિવટકર્તા ને શિક્ષકો ઉપર ગાયકવાડ સરકારની ભીંસ આવી તેવા કસોટીના સમયમાં પણ માતૃસંસ્થાનું નામ ન આવે તે રીતે અમે કેટલાક વિદ્યાર્થીઓ મીઠાના સત્યાગ્રહના દિવસો દરમિયાન ગામડે ગામડે પ્રચાર–સાહિત્ય વહેંચવા અને સભાઓ ભરી રાષ્ટ્રગીતો ને ભાષણો દ્વારા પ્રચાર કરવા દિવસોના દિવસો ભમતા. એ [જુવાળમાં ભૂખ–તરસ કે ટાઢતડકો પણ અમને લાગતાં નહિ! છેવટે અમારામાંના ચારેક જણ ભોયણીથી પકડાઈ ગયેલા અને સ્વ. જુગલભાઈના ભાઈ મહીપતભાઈ તથા હું વિરમગામથી હોળીને દિવસે પકડાયેલા. બધાને વિરમગામ કચેરીની કાચી જેલમાં ભેગા કરેલા. મને યાદ છે સ્ટેશનપરની લૉક–અપમાં સર્વ પ્રથમ અમને બન્નેને પૂરેલા ત્યારે અમારો જવાબ લેવા હોળીને દિવસે રાત્રે એક વાગે અમને છૂટક છૂટક પોલીસ ઇન્સ્પેકટરની આગળ બૅયોનેટસજ્જ બંદૂકવાળા પોલીસ લઈ ગયેલા. સૌથી પહેલો મને કાઢેલો. ઈન્સ્પેકટર જે કમરામાં હતા તેની બહાર દરવાજે બન્ને બાજુએ થોડે થોડે અંતરે ગોઠવેલ બંદૂકધારી દસ દસ પોલીસની હાર વચ્ચે થઈને મને ઇન્સ્પેક્ટર પાસે લઈ ગયેલ. ધાકધમકી ને પૂરતો માનસિક ત્રાસ આપી સંસ્થાનું નામ કઢાવવા તેઓએ પ્રયત્ન કર્યો. એકબેવાર તો બૅયોનેટ છાતીએ અડાડી મારી નાખવાની પ્રયત્નપૂર્વકની બીક પણ બતાવી. છતાં મારી એ વખતની હિંમત ઉપર અને દેશ માટે જાણે ફનાગીરી વહોરવાની તમન્ના માટે મને આજે પણ આશ્ચર્ય ને ગૌરવ થાય છે. અને અમારી ઉમર એ વખતે કેટલી? માંડ તેર–ચૌદ વરસની. આટલી ઉંમરે આટલું ગજૂ છગનભાના છાત્રાલયવાસ અને વિદ્યાલયના સંસ્કારસિંચનનું જ પરિણામ! એ દિવસોથી હાથે કાંતી તેમાંથી વણાયેલી ખાદી પહેરવાનો નેડો લાગેલો તે હજી પણ અંશતઃ ચાલુ છે.

પોલીસના અનેક પ્રયત્ન છતાં અમારા બેમાંથી કોઈએ સંસ્થાનું નામ નહિ દીધેલ. લૉક–અપની કોટડીમાં એ અંગે અમે બન્નેએ પાકો ને પૂરો નિર્ણય કરી લીધેલ. પોલીસોએ અમને સ્ટેશનના લૉક–અપમાં ત્રણેક દિવસ રાખ્યા તે દરમિયાન, આ નિર્ણય તોડાવવા અનેક પ્રયત્નો કર્યા, છોડી મૂકવાની લાલચ પણ આપી છતાં જમાદારો, ફોજદારો ને ઇન્સ્પેકટરનું કંઈ ચાલેલું નહિ. છેવટે અમને વિરમગામ કચેરીની કાચી જેલમાં લઈ જવામાં આવ્યા જ્યાં શ્રી કલ્યાણભાઈ વગેરે બીજા ચારેક જણનો ભેટો થયો. એ પછી અમારો કેસ ત્યાંની કચેરીમાં ચાલ્યો. કોઠમડી કે ગોઠમડી કરીને મેજિસ્ટ્રેટ હતા. અમે બધા સગીર ઉંમરના હતા છતાં છ છ માસની કેદ–સખ્ત કેદ ફટકારી અમને સાબરમતી જેલમાં એક વહેલી સવારની ગાડીમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા. મારો–અમારો આ બહુ શુકનવંતોને ભાગ્યશાળી દિવસ હતો. મને પોતાને સાબરમતી જેલમાં જવાનાં ઘણા દિવસોનાં સ્વપ્ન હતાં તે પૂરાં થતાં જેટલો આનંદ થયેલો તેટલો આનંદ હજી બીજે કોઈ પ્રસંગે થયો નથી! ૧૯૪૨ની ક્રાન્તિમાં વડોદરાની સેન્ટ્રલ જેલમાં ફરીવાર પૂરાવાનો પ્રસંગ સાંપડેલો પણ તેય પેલા જેટલો આનંદાનુભવ નહોતો થયો. હસતે મોંઢે સ્વેચ્છાએ જેલ ગમન કરવું ને દેશદાઝનાં કાર્યો કરવાં તે કડીનિવાસ દરમિયાન મળેલા ભાવનાભર્યાને પ્રતાપે જ! એ વખતની મારી તૈયારી કેટલી બધી? સાબરમતી જેલમાં ગયા પછી એક દિવસે મારા મોટાભાઈ દંડ ભરવા આવ્યા. એમ કે દંડ ભરીને છોડાવી દઉં. જેલરની રૂબરૂ મને બોલાવવામાં આવ્યો. મેં દંડ ભરીને છૂટવાની ચોકખી ના પાડી દીધી, અને આનંદપૂર્વક વાર્ષિક પરીક્ષાના આગલા દિવસ સુધી જેલમાં રહ્યો. સગીર ઉંમરના છોકરાંઓને લાંબી સજા કરી શકાય નહિ એવા કોઈ મુદ્દા ઉપર અમદાવાદના કોઈ રાષ્ટ્રીય વકીલ-મંડળના અને કડીની સંસ્થાના સહિયારા પ્રયત્નથી અમે છૂટેલા. પણ એ એક અનેરો લ્હાવો હતો.

કલાપીના શબ્દોમાં કહીએ તો– "વ્હાલી બાબાં સ્મરણ કરવું, એય છે એક લ્હાવો; માણેલાંનું સ્મરણ કરવું, એય છે એક લ્હાવો"

તા. ૧૪–૧–૭૦ ઉત્તરાયણ

૨૦, અનુપમ સોસાયટી નારણપુરા ચારરસ્તા, અમદાવાદ–૧૩

[ ૨ ]

# કે ઝઘડો તન ને મનનો

ડૉ. અનામી
રીડર : ગુજરાતી વિભાગ
સયાજીરાવ યુનિ. વડોદરા.

ગુર્જર ભક્તકવિ દયારામના એક પ્રસિદ્ધ પદનું નામ છે. 'કે ઝઘડો લોચન–મનનો'! આંગ્લ નાટ્ય–કવિ શેકસપિયરનું

એવા જ ભાવવાળું-ભાવાર્થવાળું પ્રસિદ્ધ સોનેટ છે: 'My mind and heart are at mortal war.' કવિ ન્હાનાલાલનાં અનેક ગીતોમાં દેહ-દેહીના સંઘર્ષની ભાવના સમર્થ રીતે ગવાઈ છે- નિરૂપાઈ છે. 'કે ઝઘડો તન ને મનનો' એવો નાટ્યક્ષમ કે કવિતાઈ વિષય નથી.

એક રીતે કહું તો અમારો અભ્યાસકાળ રાષ્ટ્રીય જાગ્રતિ ને યુયુત્સાનો કાળ હતો. સને ૧૯૨૫ થી તે લગભગ ૧૯૪૦ સુધી-દોઢ દાયકા સુધીમાં દેશભરમાં અખાડા પ્રવૃત્તિની બોલબાલા હતી. એવાં ઓછાં ગામ હશે જ્યાં શારીરિક વ્યાયામની પ્રવૃત્તિ ન ચાલતી હોય! એકવાર મહેસાણા જિલ્લો શરીરસંપત્તિમાં ખરેખર સમૃદ્ધ હતો. કડી પણ વ્યાયામ-પ્રવૃત્તિનું સારું કેન્દ્ર હતું. આપણી સંસ્થા એ પ્રવૃત્તિનું હૃદય હતું.

આ પ્રવૃત્તિઓ માટે ગુજરાતમાં પુરાણીભાઈઓ (સ્વ. છોટુભાઈ અને સ્વ. અંબુભાઈ પુરાણી) એ ખરેખર ગૌરવવંતો ઈતિહાસ સર્જ્યો છે. ખેડા જિલ્લામાં સ્વ. રાવજીભાઈ પટેલ અને વડોદરામાં જુમ્મા દાદા અને પ્રો. માણિકરાવ તથા અન્ય ઉસ્તાદો એ પ્રવૃત્તિને ધમધોકાર ચલાવતા ને જીવંત રાખતા. સંગીત અને વ્યાયામ પ્રવૃત્તિ માટે વડોદરા ગુજરાત-ખ્યાત હતું. કડીમાં શ્રી ગોવિંદભાઈ, શ્રી છગનભાઈ (કડીના રહીશ?) સ્વ. શકરાભાઈ અને શ્રી અંબાલાલ ઇનામદાર એ પ્રવૃત્તિને ધપાવ્યે રાખતા.

શ્રી અંબાલાલ ઈનામદાર સર્વ વિદ્યાલયમાં ઇતિહાસ-ભૂગોળ અને વ્યાયામના શિક્ષક તરીકે જોડાયા. (૧૯૩૦-૩૧) એ પછી વ્યાયામની પ્રવૃત્તિ વધુ વ્યવસ્થિત, વિશાળ, સદ્ધર અને સંગીતમય (!) બની. ઇતિહાસ-ભૂગોળના શિક્ષક તરીકે શ્રી ઈનામદાર જેટલા સફળ નીવડેલા તેટલા જ, બલ્કે તેથી ય અધિક તે વ્યાયામ-શિક્ષક તરીકે ઝળકેલા. એમના સમયમાં એમના જ આગ્રહથી સંસ્થામાં વ્યાયામ-બેન્ડ આવ્યું. બેન્ડના પૌરુષભર્યા તાલ-નાદ અને ફ્લ્યુટ્સના મધ્યમ મંદ્ર-મધુર સરોદોના સંવાદ વચ્ચે જે સંગીતમય સાંઘિક વ્યાયામ-અંગ કસરતના-દેહના પ્રત્યેક અંગને કસતા-અનેક પ્રયોગો થતા એનો ખ્યાલ આ પેઢીને શી રીતે આપી શકાય? 'માણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાણું.' બેન્ડવાદન અને ફ્લ્યુટ્સવાદનમાં અગ્રભાગ લેનાર ત્રણચાર સહાધ્યાયીઓનાં નામ યાદ આવે છે એક શ્રી લલ્લુભાઈ મકનજી પટેલ, બીજા શ્રી રણછોડભાઈ પટેલ (ગામા) અને ત્રીજા રતિલાલ બાપુભાઈ ગામી. શ્રી રસિક ગામી પણ એમાં સક્રિય કામગીરી બજાવતા એવું ઝાંખું સ્મરણ છે.

એ જ અરસામાં શ્રી ડાહ્યાભાઈ હરગોવિંદદાસ જાની (ઉત્તરાવસ્થાના શ્રી રમણાનંદ સરસ્વતી) વિદ્યાલયમાં શિક્ષક તરીકે જોડાયા. એમની ઊંડી ને સર્વદેશીય વિદ્વત્તાથી પ્રભાવિત થઈ પૂ. બાપુભાઈએ એમને સહ-આચાર્ય તરીકે નીમ્યા.

શ્રી જાનીના આગમન સાથે આશ્રમ-શાળાના જીવનમાં બૌદ્ધિક ચૈતન્યનો નવો ઉન્મેષ પ્રગટ્યો તનની ને મનની પ્રવૃત્તિઓ માટે સમયની તૂટ પડવા લાગી. આનો પડઘો 'ટાઈમ-ટેબલ' પર પણ પડ્યો. એક તબક્કો એવો આવ્યો કે જ્યારે આ બંને પ્રવૃત્તિઓ વચ્ચે સ્પર્ધાની વૃત્તિ જાગી-જામી. વિદ્યાર્થી-સમાજમાં પણ વધુ વ્યાયામ પ્રેમી અને વધુ વિદ્યાપ્રેમી એવા એવા બે કૃત્રિમ ભાગ પડી ગયા! કેટલાક જે તે શિક્ષકના વ્યક્તિત્વના પ્રભાવમાં તણાયા. કેટલાક તટસ્થ રહ્યા. કેટલાક 'હું તો બેઉને લાગું પાય નમોનમઃ' કહેનારા-કરનારા નીકળ્યા.

વિદ્યાપ્રેમીઓ (!) કરડાકીમાં વ્યાયામ પ્રેમીઓને 'અખાડામાં બુદ્ધિને ચીત કરનારા' કહી ચીઢવે, જ્યારે વ્યાયામ પ્રેમીઓ (!) વિદ્યાપ્રેમીઓને 'માંદલા' 'ગોખણિયાં' 'પુસ્તકિયા' 'બાયલા' કહી બિરદાવે! પુસ્તકપંડિતો મननात् मनुष्यः નો સૂત્રોચ્ચાર કરે તો અખાડાબાજો शरीरमाद्यं खलु धर्मसाधनम् । નો અહાલેક જગાવે.

ગોખણિયા या कुन्देन्दुतुषारहारधवला ગાય તો અખાડાવાળા मनोजवंमारुततुल्यवेगम् લલકારે. એ કચાકચીમાં ખૂબ મઝા આવતી.

આજે ય એ દિવસોનાં સ્મરણ માત્રથી તન-મનનો રોમાંચ અનુભવું છું ને ગાઉં છું:

> કે ઝઘડો તન ને મનનો;
> કેવા બળિયા જનનો
> કે ઝઘડો રસિયા જનનો

## : સમાચાર :

આપણી સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈશ્રી **ગોરધનભાઈ રવજીભાઈ પટેલ** (મુ. ખંડેરાવપુરા : તા. કડી) મોરબીની એન્જીનીયરીંગ કૉલેજમાંથી **બી. ઈ. (મીકેનીકલ)** થઈ **M. S.** ના વધુ અભ્યાસાર્થે **અમેરિકા** (હેલ્ડ યુનિવર્સિટી ઓફ સાન્ફ્રાન્સિસ્કો) પહોંચી ગયા છે.

તેમની વિદાયને શુભેચ્છા પાઠવવાનો મિલનસમારંભ તા. ૧૭-૧-૭૦ ના રોજ શ્રીયુત **જાદવજીભાઈ સુંદરજીભાઈ પટેલ** (અગ્રગણ્ય ઓનરરી મેજીસ્ટ્રેટ)ના પ્રમુખપદે ખંડેરાવપુરા મુકામે યોજવામાં આવ્યો હતો.

અતિથિવિશેષ **શ્રી કે. જી. શાહ** (પી. એ. ટુ ધી. વાઇસ ચાન્સેલર ઓફ ગુજરાત યુનિવર્સિટી) ગામના પ્રતિષ્ઠિત નાગરિકો, કેળવણીકારો, ડૉકટરો તથા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આ પ્રસંગે ભાઈશ્રી ગોરધનભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી.

પોતાના પુત્ર-પુત્રીઓને કેળવણીના ઉચ્ચ શિખરે પહોંચાડનાર તેમના પિતાશ્રી **શ્રી રવજીભાઈ પટેલ**ની શિક્ષણ-પ્રિયતાની સમાજે ભારોભાર કદર કરી હતી.

સંસ્થા ભાઈશ્રી ગોરધનભાઈની શુભ કામનાઓ ઝંખે છે.

# એ જ અજાણી વ્યક્તિ! | રૉય

કોઈપણ માણસ મૃત્યુ પહેલાં પોતાની વિપન્નાવસ્થાની જાણ પોતાના આત્મા દ્વારા બીજાને કરી શકે ખરો ?

આ વૈજ્ઞાનિકયુગમાં આ ન માની શકાય એવી વાત છે. છતાં હકિકત છે. સત્ય છે.

'શ્યામલી' જહાજનો કેપ્ટન બુમફિલ્ડ જ્યારે પોતાના માલથી લદાયેલા જહાજ સાથે અરબી સમુદ્રમાં કોચીન બંદરેથી દક્ષિણ - પશ્ચિમે લગભગ પચાસ માઇલ દૂર સફર કરતો હતો. ત્યારે આ ઘટના બની હતી. આમેય આ જગ્યા ચાંચિયાઓના ત્રાસ માટે જાણીતી હતી.

રાતના લગભગ અગિયાર વાગ્યા હતા. કેપ્ટન પોતાની કેબીનમાં બેઠો બેઠો ટેબલ ઉપર ઝૂકીને કોઇએક કામમાં ખૂબ વ્યસ્ત હતો. એકાએક જહાજની બધીજ સી-ગલ એકસાથે વાગવા લાગી. એમાંથી લગભગ રડવાના જેવો સૂર નીકળતો હતો. જાણે કોઇ ભયમાં આવી રડતું ન હોય એવો.

બરાબર એ વખતે કેપ્ટનની પીઠ પાછળનો દરવાજો ધીરે ધીરે ખુલ્યો. એમાં એક વ્યકિત દાખલ થઇ. કેપ્ટન પોતાના કામમાં વ્યસ્ત હતો. આગન્તુક વ્યકિત નિઃશબ્દે આગળ વધી કેપ્ટનના ટેબલ ઉપર પેપરવેઇટ નીચે એક ચિઠ્ઠી દબાવી ફરી અશબ્દ નીકળી ગઇ. કેપ્ટને એકાએક પાછળ ફરીને જોયું. આગન્તુક વ્યકિત ત્યારે બહાર નીકળી ચૂકી હતી. કેપ્ટને એને જહાજનો કોઇ ખલાસી જ માની લીધો.

એવામાં એની દૃષ્ટિ પેલી ચિઠ્ઠી ઉપર પડી. જહાજના ખલાસીઓ આમ જ એના ટેબલ ઉપર પોતાની રજા ચિઠ્ઠી મુકી જતા. એટલે એણે એ જોયા કર્યા સિવાય જ પોર્ટહોલમાંથી બહાર ફગાવી દીધી. સી-ગલનો અવાજ એકાએક બંધ થઈ ગયો એ એણે લક્ષમાં લીધું.

એ પછી રાતના લગભગ બાર.

કેપ્ટનનું કામ પૂરું થયું નહોતું. એકચિત્તે એ કામમાં પરોવાયેલો રહ્યો. ફરી સી-ગલ વાગી ઊઠી. એ જ રડવાના જેવો અવાજ. કેપ્ટન ચમકયો. જાતે સ્કોટ હોવા છતાંય વહેમોમાં માનતો હતો. અજાણી આશંકાથી એ સહેજ ધ્રૂજી ઉઠયો. કંઇક અનિષ્ટ બનશે જ એવી એની દૃઢ માન્યતા હતી.

સહસા પાછળનો દરવાજો ખૂલી ગયો. કલાક પહેલાની એ જ રહસ્યભરી આગન્તુક વ્યક્તિ અંદર દાખલ થઇ. શિકારી બિલ્લીની જેમ ધીરે ધીરે આગળ વધી ફરી એક ચિઠ્ઠી કેપ્ટનના ટેબલ ઉપર પેપરવેઇટ નીચે મૂકી. એજ વખતે કેપ્ટને એની તરફ જોયું. આગન્તુકનું મ્હોં જોઇ આશ્ચર્ય થયું. કદી ન જોયેલો ચહેરો ! પ્રશ્ન કર્યો... કોણ ? કેમ અહીં આવ્યા છો ?

આગન્તુક ક્ષિપ્રગતિએ બહાર દોડી ગયો. એ સાથે જ સી-ગલનો રડમસ અવાજ પણ બંધ થઇ ગયો. કેપ્ટનનું આશ્ચર્ય લગારે ઘટયું નહીં. આગન્તુક આ માલવાહક જહાજના સ્ટાફમાંનો તો નથી જ. તો પછી આવી રાત્રિએ આ ભયાનક સમુદ્ર ઉપર આ કોણ ?... એણે પેલી ચિઠ્ઠી વાંચી. સ્પષ્ટ, સ્વચ્છ અક્ષરે અંગ્રેજીમાં લખેલું હતું.

"અહીંથી લગભગ વીસ માઇલ ઉત્તરપૂર્વ એક માલવાહક જહાજમાં આગ લાગી છે. એમાંના મોટાભાગના લોકો ભાગી ગયા છે. ઘાયલ, આહત થયેલા કેટલાંક હજુ જીવે છે. તેમની રક્ષા કરો."

નીચે કોઇની સહી નહોતી.

કેપ્ટન કૂદીને ઊભો થયો. બહાર નીકળી એણે પેલી અજાણી વ્યક્તિની શોધ કરવા માણસો દોડાવ્યા. કયાંયથીયે એની ભાળ ન મળી. જહાજના બધાજ કર્મચારીઓને કેપ્ટનની આ હરકત આશ્ચર્યકારક લાગી.

કેપ્ટને જહાજના ચીફ ઑફિસર તથા ચીફ એન્જિનિયર સાથે પરામર્શ કરી પેલી ચિઠ્ઠીમાં જણાવેલ જગ્યા તરફ જહાજને વાળવાનો આદેશ આપ્યો. થોડીવારમાં એ સ્થળ શોધી કાઢવામાં આવ્યું. આછી અગ્નિશિખાઓને પરિણામે એ સ્થળ તરત જ જડી આવ્યું. કેપ્ટને બાયનોકયુલરથી એની ખાત્રી કરી લીધી.

'શ્યામલી' જહાજને એની તદ્દન નિકટમાં લઇ ગયા. તરત જ બે બોટ ઊતારવામાં આવી. ચીફ એન્જિનિયર કેટલાક ખલાસીઓને સાથે લઇ પેલા જહાજ તરફ ઉપડ્યો. કેપ્ટન એમની અધીરાઇપૂર્વક રાહ જોતો ઊભો. થોડા સમય બાદ એ ચીફ એન્જિનિયરે આવી કેપ્ટનને જણાવ્યું, " આખા ય જહાજને આગે ભરખી ખાધું છે. પહેલા એના વાયરલેસ કેબીનમાં આગે દેખા દીધી હશે જેથી તેઓ ક્યાંય સમાચાર પાઠવી શકયા નથી ચીજવસ્તુઓ બચાવવી મુશ્કેલ છે."

'કોઇનેય બચાવી શકયા છો ?" કેપ્ટને જિજ્ઞાસુ સ્વરે ઉત્સુકતાથી પૂછ્યું.

"જહાજને આગ લાગે ઘણો વખત થયો છે. એના સ્ટાફના મોટા ભાગના માણસો કાંતો ભાગી ગયા છે, કાં તો બળી મર્યા હોય એમ જણાય છે. કેટલાંક ડૂબી મર્યા છે. કેવળ વાયરલેસ ઑપરેટર બચ્યો હતો. એય અર્ધદગ્ધ અવસ્થામાં છટપટ કરતો હતો. એને આપણા જહાજ ઉપર લાવ્યા ને એણે પ્રાણ છોડયો." ચીફ એન્જિનિયરે દુઃખપૂર્ણ સ્વરે હકિકત કહી.

એક દીર્ઘ નિઃશ્વાસ લઇએ સૌની સાથે નીચે ઉતર્યો. એ વાયરલેસ ઓપરેટરના મૃતદેહની આસપાસ સૌ ઊભા હતા. કેપ્ટને ત્યાં પહોંચી ટોપી ઉતારી. પણ એ મૃતદેહના ચહેરા ઉપર દૃષ્ટિ પડતા એના મોંમાંથી ચિત્કાર સરી પડયો. રોમે-રોમમાં ભય વ્યાપી ગયો. ધ્રૂજતો બોલવા લાગ્યો......આ... એ જ આગન્તુક છે જે મારી કેબીનમાં આવી ચિઠ્ઠી આપી ગયો હતો. (સત્યઘટનાને આધારે)

# પ્રિય મોરી મૈયા !

પ્રિય મોરી મૈયા !
તારે રમ્યો ખોળલે ખૂંદી ખૂંદી,
વાત્સલ્યવારિ હરખાઈ પીધાં.
નૈનાં સદા અમૃત વર્ષનારાં,
હૈયું નિતારી પયપાન દીધાં !
પ્રેમમૂર્તિ પિતા મારા, હેતની હેલ માવડી;
હંસચાલે અહો ! વ્હેતી, સંસારે મુજ નાવડી
જ્યારે ડૂબ્યું'તું જગ અંધકારે,
રે ! ચેતના મૂર્છિત જ્યાં પડી'તી.
ન્હોતી ક્યહીં યે વરસંત વૃષ્ટિ;
જામી ગયા'તા થર જાડયતાના !
ઉષા ! તું પૂર્વની મારી ક્ષિતિજે વરસાવતી;
અર્ધ્યથાળ ભરી નિત્યે રશ્મિની રમ્ય પંખુડી.
ધીમે રહીને નયનો ઉઘાડયાં,
બાલાર્કનાં દર્શન તેં કરાવ્યાં.
ચૈતન્યના જ્યાં ઉડતા ફુવારા;
એવા અનેરા પથ મેં નિહાળ્યા !
ધન્ય ! તારી કૃપાકુંજે નાચે છે આત્મમોરલો;
ધન્ય ! આ વિશ્વની યાત્રા ધન્ય વ્હાલી વસુંધરા !
તેં ના ગણ્યા કૈં અપરાધ મારા,
ના કૈં બળાપા ઉર ડંખનારા.
તારી ક્ષમાનાં જલથી સદાયે;
પ્રેમે પખાળી પરિશુદ્ધ કીધા !
આરાધું અર્ધ્ય આત્માના, સમર્પું પુષ્પ પ્રેમનાં,
આપના પાયમાં મૈયા ! સ્વીકારી લો ઋતંભરા !
તું શક્તિ, શાંતિ પરમોજ્જવલા હે !
અમૃત તું, આત્મની તું કલા હે !
તું ચેતના, જીવનજ્યોત, આશા;
તારાં સ્મરણોમાં મુજ કંઠ પ્યાસા.
ચતુર્વેદે, ઋચા-મંત્રે આર્ષદૃષ્ટા તપોધનો;
ગાય છે તાહરી ગાથા કલ્યાણી વિશ્વવંદિની !
સવેદનોની કમનીય મૂર્તિ,
ને દર્શનોની અવિભક્તપૂર્તિ.
રસોર્મિમાલા તુજમાં વિરાજે;
ચિદંબરા ! મંગલ ગાન ગાજે.
પ્રેમદીપ જલેઃ જ્યોતિ શ્રદ્ધાની અજવાળજે;
ભક્તિભાવે નમું મૈયા ! સ્નેહભાવે સ્વીકારજે.
તારી વીણાના શત ગૂંજનોમાં,
રેલાવજે અંતરનાદ મારો.
બ્રહ્માંડવ્યાપી ઉરના તરંગો;
હોજો તથાપિ ત્યહીં હસ્ત તારો.

× × × × × × × × × ×

કુસુમકોમળ અંતર માધુરી
પુનિત શ્રીચરણે ઉરથી ધરું.
હૃદયની રટણા ન વિરામજો;
સકળમંગલ તું જનની ! થજો.

સર્વ વિદ્યાલય — જાદવભાઈ તુ. પટેલ
કડી — " રશ્મિભિક્ષુ "

# [૧૨] ટપાલ પેટી

[ ભાઈશ્રી અનામી વડોદરાથી હમણાં તેમના વતન ડભોડા (જી. ગાધીનગર) તેમના પિતાની અને અમદાવાદ તેમના પૌત્ર ની ખબર કાઢવા આવવાના હતા ત્યારે તેમને કડી સંસ્થામાં આવી જવા જણાવેલું. તેઓ ફલુમાં ઝડપાઈ જતાં કડી આવી શક્યા નહિ, અને તેમનો પત્ર આવ્યો. પદ્યમાંનો તેનો શરૂઆતનો ભાગ અહીં ઉતાર્યો છે. સંપાદકો ]

વટપદ્ર,બુધ, ૨૮-૧-૭૦

પ્રિય ભાઈ, 'ભર્ગ'

યાત્રા ફળી રે ફલશ્રુતિ ફ્લુની.
પિતાજીનું દર્શન, પોતરાનું
એમાં જ યાત્રા તણું પુણ્ય માનું.
બીજું લખું શુ ? લખવા સમું શું?
સ્વદેશના સૌ ઘટના પ્રવાહમાં
લાચારીથી રે તૃણવત તણાવું ?
પુરા હતો કેન્દ્ર વિશે જ ધર્મ
સત્તા હવે કેન્દ્ર તણો જ ધર્મ.
ફરી ગયું જીવન કેરું કેન્દ્ર !
આજે ફરી ભારત – યાદવાસ્થળી !
સત્તા–મદે કૌરવ – કૃષ્ણ નાશ.
સવાઈ કો વ્યાસ ન વર્ણવી શકે !
કો ગામડે ચૌદશિયા મળીને
પંચાત કુહોળે શું ઉલાળી હાથ !
રાજયેથી તે કેન્દ્ર સુધીનું દૃશ્ય.
સંલગ્ન ભાવિ હીન રાજકારણે !
બે–રોટી લંગોટી ન મુક્ત એથી.
આ જીવને શાંતિનુ સ્વપ્ન વ્યર્થ.
સંકલ્પ જો ચિત્ત કરી શકે તો;
અન્યાયનો હો પ્રતિકાર સર્વદા.
ને ન્યાય-નિષ્ઠા પ્રતિ શ્વાસ જાગો.

અનામી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી : તા ૫–૨–૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૧૨-૨-૭૦ [ અંક ૨૧


## સર્વ વિદ્યાલય-પરિવારને-કુટુમ્બીજનોને

: શ્રી પુરુષોત્તમદાસ પટેલ :

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ એની સુવર્ણ જયંતી ઉજવે છે.

એ વખતે આપણે સર્વ વિદ્યાલય-પરિવાર-કુટુમ્બીજનો આપણો ધર્મ-ફરજ યાદ કરીએ.

આ પરિવારમાં જુના શિક્ષકો, જુના વિદ્યાર્થીઓ, જુના સંચાલકો, જુના શુભેચ્છકો તેમજ ચાલુ શિક્ષકો, વિદ્યાર્થીઓ, સંચાલકો અને શુભેચ્છકોનો સમાવેશ થાય.

આ આપણી માતૃ-સંસ્થા છે. વ્યક્તિઓ આવી અને ગઈ. આ સંસ્થા કોઈ એક કે પાંચ-દશ વ્યક્તિઓની નથી. આ સંસ્થા આપણા સૌની છે.

સંસ્થાના પચાસ વર્ષ દરમ્યાન કોઇના હાથપગ અડ્યા હશે. ન્યાય-અન્યાય થયા હશે પણ તેથી સંસ્થાને શું? ઘરમાં ભેગા રહીએ તો હાથપગ પણ અડે એથી ઘરને શું?

મારી આર્થિક સ્થિતિ કફોડી હતી તે વખતે મને ક્યાં અન્યાય નહોતો થયો? પણ એથી સંસ્થા પ્રત્યે મારી ભક્તિ ઓછી થવા પામી નહિ. એજ મારું સદ્‌ભાગ્ય અને પ્રભુની કૃપા.

આપણી સંસ્થા સમાજમાં-સામાજિક રિવાજોમાં-માન્યતાઓ અને રૂઢીઓમાં પરિવર્તન માટે સ્થાપવામાં આવી હતી. એ માટે એણે કામ કર્યું છે. સામાજિક રિવાજો અને રૂઢિઓમાં સંતોષકારક તો નહિ પણ પરિવર્તન આવ્યું છે. આપણે ખેડૂતોમાં સ્વમાનની ભાવના અને જાગૃતિ લાવી શક્યા છીએ દેશની આઝાદીની લડતોમાં પણ આપણે અને આપણી સંસ્થાએ ગૌરવભર્યો ફાળો આપ્યો છે.

આમ છતાં હજુ ઘણું કરવાનું બાકી છે.

આવી આપણી સંસ્થા સુવર્ણ જયંતી ઉજવે છે તે ટાણે આપણ સૌ ફૂલ નહિ તો ફૂલની પાંખડી આપણી માતૃ-સંસ્થાના ચરણે ધરીએ.

સુવર્ણ જયન્તી પ્રસંગે જેની જેની પાસે હું ગયો છું તેણે યથાશક્તિ ફાળો આપ્યો છે. ફાળા માટે આવી જવા પત્રો પણ આવે છે. ફાળો સારો થશે અને આપણે ટેકનીકલ અને સાયન્સ કોલેજનાં મકાનો ઊભાં અને પૂરાં કરી શકીશું એવી મને શ્રદ્ધા છે.

સર્વ વિદ્યાલયનું નામ ગુજરાતભરમાં જાણીતું છે. ટેકનીકલ સ્કૂલ અને સાયન્સ કોલેજનું નામ જાણીતું થતાં થોડી વાર લાગશે પણ સર્વ વિદ્યાલયમાં દાખલ થવા જે અરજીઓ આવે છે તેમાંથી વીસ ટકા પણ આપણે દાખલ કરી શકતા નથી. એનું કારણ એ છે કે આપણી પાસે પુરતાં છાત્રાલય નથી. આજે આપણી શાળાના છાત્રાલયમાં ત્રણસો જેટલા વિદ્યાર્થી છે. જુનમાં આપણ સો વિદ્યાર્થી વધુ લઇ શકીશું. છતાં માગને પહોંચી શકીશું નહિ. શાળાના છાત્રાલયમાં વધારો કરવાની જરૂર છે. નિદાન હજુ સોએક વિદ્યાર્થી માટેના નવા છાત્રાલયની જરૂર ખરી.

સાયન્સ કોલેજનું છાત્રાલય એપ્રિલ ૧૯૭૦ પહેલાં તૈયાર થઈ જશે. તેમાં ૮૦ વિદ્યાર્થી રાખી શકાશે. એટલે કૉલેજ માટે પણ બીજા છાત્રાલયની જરૂર ખરી.

કૉલેજનું અલગ મકાન તો જોઇએ જ.

ટેકનીકલ સ્કૂલ સાથેની વર્કશોપમાં ટૂંકા ટૂંકા અભ્યાસક્રમો હોય તેમજ તેની સાથે ઉત્પાદન પણ થાય.

આ બધાં કામો પાર પાડવા હું સર્વ વિદ્યાલયના પરિવારનો–કુટુમ્બીજનોનો સહકાર માગું છું.

આપની પાસે સુવર્ણ જયન્તીના ફાળા માટે આવીએ અને આપ અમારું ભાવભર્યું સ્વાગત કરી–જમાડી સારી રકમ જરૂર આપવાના. આપ આપના સ્નેહીસબંધી પાસેથી પણ સારો ફાળો મેળવી આપવાના.

પણ દરેક ગામે જઇ ના શકાય. બધે પહોંચી ના વળાય. શક્ય હોય ત્યાં સુધી પરિવાર–કુટુમ્બીજનોને હું પહોંચવા અને તેમની પાસેથી સુવર્ણ જયન્તી પ્રસંગે વધુ ફાળો મેળવવા પ્રયાસ કરવાનો છું. મારી સાથે બીજા ભાઇઓ છે તે પણ આ પ્રયાસમાં ઉમંગભેર સાથ આપી રહ્યા છે અને ફરે છે.

પણ મારે તો ગુણાકાર કરવો છે. સર્વ વિદ્યાલયના પરિવાર–જન અગર શુભેચ્છક સૌ કોઇ આ કામમાં લાગી જાય. સંસ્થામાંથી પાવતી બુકો મંગાવી લે અને સુવર્ણ જયંતીનો ફાળો ઉઘરાવે. સુવર્ણ જયન્તી ઉજવીએ તે પહેલાં નિદાન દશ લાખ રૂપિયાનો ફાળો આપણે એકઠો કરીએ. આટલી રકમ એકઠી કરીએ અને સુવર્ણ જયન્તી ઉજવીએ અને તે પ્રસંગે આપણા દાનવીર શુભેચ્છકોને નોંતરીએ તો એટલી બીજી રકમ આપણને તેમના તરફથી મળી રહેશે એવી મને શ્રદ્ધા છે.

સુવર્ણ જયન્તીના ફાળા માટે આપ અમારી કોઇની રાહ જોશો નહિ. આપ આપની શક્તિ મુજબ ફાળો મોકલી આપશો. પણ રૂા. ૨૫૧) થી ઓછો નહિ. સારા કામમાં ઢીલ ના હોય. માતૃસંસ્થાના ચરણે આપની શક્તિ અનુસાર ફૂલ નહિ તો ફૂલની પાંખડી ધરી આપની ફરજ બજાવશો.

પૂજ્ય છગનભાના દિલમાં ભાવના જાગી અને તેમણે ગામડે ગામડે ફરી ટહેલ નાંખી અને આશ્રમ–સંસ્થા ઉભી કરી. શરૂમાં આશ્રમના આગલા મેઢા ઉપર સર્વ વિદ્યાલય બેસતું. એ સમયે વિદ્યાર્થી પણ ઓછા. પણ વિદ્યાર્થી વધ્યા, સંકડાશ પડવા માંડી અને શેઠશ્રી મફતલાલના દિલમાં ભગવાન વસ્યા અને સર્વ વિદ્યાલય બેસે છે તે મકાન બાંધી આપ્યું. આજે સર્વ વિદ્યાલયમાં ૧૨૦૦ જેટલા વિદ્યાર્થી છે.

એમણે એમનો ધર્મ બજાવ્યો. હવે આપણે આપણો ધર્મ બજાવીએ. આપણે આવતી પેઢીને માટે સાયન્સ કોલેજનું મકાન, સાયન્સ કોલેજની હોસ્ટેલો, જ્યુનીઅર ટેકનીકલ સ્કૂલનાં મકાનો અને સાધનો આપીએ. નવી ઉછરતી પ્રજા માટે નવા શિક્ષણની વ્યવસ્થા કરીએ. ભણેલો કોઈ બેકાર ના રહે તેવી વ્યવસ્થા કરીએ, તેવું શિક્ષણ આપીએ.

આપ આ પ્રસંગે–સંસ્થાની સુવર્ણ જયન્તી પ્રસંગે ઉદારતાથી હાથ લાંબો કરશો અને આપની રકમ મોકલી આપશો. ॥ શુભસ્ય શીઘ્રમ્ ॥

૨૯–૧–૭૦

ગુજરાતની અગ્રગણ્ય અને આપણી સૌની પ્રિય માતૃસંસ્થા

## સુવર્ણજયન્તી

પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ સર્વે ભાઈ–બેનો પાસે

## અપેક્ષા રાખે છે:

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.

(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.

(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.

(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. 'સુવર્ણ જયંતી' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.

(૬) 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

❁ ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.

❁ આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::

# 'મને સાંભરે રે'

## આગમનના અણસાર?

રણજીત પટેલ (અનામી)

આશ્રમમાં રહીને સર્વ વિદ્યાલયમાં હું ભણ્યો તે દરમિયાન આ ભૂમિ પર કેવળ એક જ અવસાન થયેલું અને તે ય વિચિત્ર સંજોગોમાં; એટલે આજે ચાર દાયકા વીતી ગયા પછી પણ એ કરુણગર્ભ રહસ્યમયી ઘટનાની ઊંડી ઘેરી અસર ચિત્ત પરથી લુપ્ત થઈ નથી કે ઝાંખી પણ પડી નથી.

નાનજીભાઈ પટેલ કરીને સૌરાષ્ટ્રનો એક વિદ્યાર્થી મારી ઓરડીની બાજુમાં રહે. સાદરા તાલુકાના જાખોરા ગામના શ્રી મોતીભાઇ બાપુદાસ પટેલ એની પડખેની ઓરડીમાં રહે. બૉર્ડિંગમાં એ વખતે મોતીભાઈ નામધારી ત્રણચાર વિદ્યાર્થીઓ, એટલે આ મોતીભાઇને જુદા પાડતા એક વ્યાવર્તક લક્ષણે એ ઓળખાય. લાલ મૂછાળા મોતીભાઈ. મૂછોના અંકુર તો કાળા હતા પણ મૂછોની એટલી ભૂમિ-ત્વચા-લાલ રહેતી એટલે અમોએ એવું નામ આપેલું. આમ તો એ ખૂબ આનંદી પણ ઘડીઘડીમાં એમના સ્વભાવની કમાન છટકે!

નાનજીભાઈ, મોતીભાઇને હું – ત્રણેય ઠીકઠીક મિત્રો. નાનજીભાઈ પરણેલા, અમો બંને અર્ધા પરણેલા-કેવળ વિવાહ જ થયેલા. મોતીભાઇ તો મારા શ્વસુરપક્ષ તરફથી સગાઇનો દાવો કરે. અમો એકબીજાની મીઠી મજાક કરી ધીંગામસ્તી કરીએ. નાનજીભાઇ ખૂબ પ્રેમાળ. વતનમાં રજાઓ ગાળી પાછા આવે ત્યારે શેકેલી – બાફેલી માંડવી લાવે તે અમો બધા ભેળા બેસી આનંદથી આરોગીએ. એમનામાં સૂતેલો ચિત્રકાર હતો. અનેક મહનુભાવોનાં અને પ્રકૃતિનાં રમ્યભવ્ય દૃશ્યો રંગરેખામાં એ જીવંત કરે–અલબત્ત, એની કક્ષા પ્રમાણે.

એક વાર એણે આશ્રમની ઓરડીનું દૃશ્ય દોર્યું. પલંગમાં સૂતેલાં એક વિદ્યાર્થી ને એક નાગ ઓરડીનાં પગથીયે ચઢતો બતાવેલો. એની જાળીની ઉપલી ભીંત ઉપર ચૂંક મારી એણે એ ચિત્ર ટીંગાડી રાખેલું.

આ ચિત્ર દોરાયા બાદ, ચારપાંચ દિવસ પછી રજાના કોઇ દિવસે, ભોજનશાળાની પડખે આવેલ વ્યાયામ શાળાની બાજૂના આંબાવાળી તળાવડીમાં અમો કેટલાક મિત્રો ન્હાવા ગયા. તળાવને તીરે આવેલ આંબાના ઝાડની ડાળીએથી ઠીક ઠીક ભૂસકા મારી ન્હાયા. સાંજે 'ફીસ્ટ' ઝાપટી. રાત્રે થોડુંક વાંચીને લેટી ગયા.

સવારે ચાર વાગે એક ભયંકર સ્વપ્નથી છળીને હું જાગી ગયો. 'નાનજીભાઈ મરી ગયો જાણે' એવું સ્વપ્ન હતું. હું જાગ્યો ત્યારે પડખેની ઓરડીમાં મોતીભાઈ વાંચે. મોતીભાઇને મેં સ્વપ્નની વાત કરી. એના સ્વભાવ પ્રમાણે એણે સ્વપ્નની વાતને હસી કાઢી પણ તરત જ અમોએ નાનજીભાઇની ઓરડીમાં તપાસ કરી તો એનું પ્રાણપંખેરુ ઊડી ગયું હતું પ્રથમ તો અમે ડઘાઇ ગયા. આજુબાજુના વિદ્યાર્થીઓ ભેગા થઈ ગયા. ગૃહપતિને વાત કરી. શહેરમાંથી ડૉકટરને બોલાવ્યા પણ વ્યર્થ. મૃત્યુનું ચોક્કસ કારણ ડૉકટર સાહેબ આપી શકયા નહીં. તળાવમાં સ્નાન કરતાં કોઈ ઝેરી જંતુ આભડ્યું હોય એવું અનુમાન કાઢયું. બહારથી આવીને સર્પ ડંખ્યો હોય એવી ભીતિ વિદ્યાર્થીઓએ સેવી. ચારપાંચ દિવસ અગાઉ દોરેલા નાનજીભાઇના નાગચિત્રે આ ભીતિને દૃઢાવી. ભલે આ બધું કાકતાલીય બન્યુ હોય, એમાં કારણ કાર્યનો રજમાત્ર સંબંધ ના હોય પણ Coming events cast their shadows before એવું ય ન હોય! આપણી ચેતનાની મંદતાને કારણે, ભૂત–વર્તમાન–ભાવિના સંસ્કારો, સ્મૃતિઓ, સંવેદનાઓનું યુગપત્ સ્વરૂપ ને સાતત્ય આપણે જાણી કે માણી શકતા નથી પણ એથી અખંડ કાળની લીલામાં કશો જ ફેર પડતો નથી. આમાં, અતિ સ્નેહ પાપશંકી હોય અને પેલા ચિત્રની મારા કુમળા ચિત્ત પર ઊંડી મુદ્રા ઊઠી હોય જેને કારણે સ્વપ્ન–સૃષ્ટિમાં આ કરુણ ઘટનાના ઓછાયા પડયા હોય પણ આજે ચાલીશ વર્ષેય તે અમારા નાનજીભાઇ, કરુણભાવિદર્શક એ સૂચક ચિત્ર અને એ ચિત્રના પ્રતિબિંબ જેવું અનિષ્ટ સ્વપ્ન–કશાને હું ભૂલ્યો નથી.

હે કાળવ્યાઘ્ર! વિકરાળ કરાળ કાળ!
દંષ્ટ્રા મહીં કવલ થાય અનેક બાળ.
કો શક્તિ–સ્વાર સિફતે પકડાતી યાળ;
શું કાલરાત્રિ પ્રસવે શુભદા સ્હવાર?

—

સુવર્ણ જયંતી ફાળામાં
આપનો ફાળો મોકલી
આપશો.

સાપ્તાહિકનું લવાજમ
પાંચ રૂપિયા મોકલી આપશો.

# કર્મવીર ત્રિપુટી

( આ નોંધ તા. ૩૧-૩-૫૧ ના રોજ લખેલી તેના આધારે )

નારાયણભાઇ હ. પટેલ
નિરીક્ષક :- ઝવેરી વિદ્યાલય-વિજાપુર

આજથી પાંચેક દાયકા પહેલાં ઉત્તર ગુજરાત અજ્ઞાનતાના અંધકારમાં અથડાતો હતો. તે સમયે પ્રજામાં જ્ઞાનનિધિ ઉછળતો ન હતો. તેમાંય ખાસ કરીને ખેડૂત વર્ગમાં વિશેષ પ્રમાણમાં અજ્ઞાનતા, વહેમ અને કુરિવાજ પ્રવર્તતાં હતાં. કહો કે આ બધાનું સામ્રાજ્ય જામી પડ્યું હતું.

લોકો એટલા બધા અભણ અને વહેમી હતા કે તેમને તેમનાં નાણાં ક્યાં અને કેવા માર્ગે ખર્ચાઇ જાય છે તેનું પણ ભાન ન રહેતું-ખબર ન પડતી. કુરિવાજો તો જડ ઘાલી ફાલ્યા હતા. રૂઢિ અનુસાર ખર્ચા કરવા જ પડે, મરણ પાછળ બારમાં કરવાં જ પડે; પછી ભલે ઘરમાં પૈસા હોય કે ન હોય. ગમે :તેની પાસેથી વ્યાજવા લાવીને પણ આ રિવાજો પ્રમાણે ચાલવું જ પડે. પ્રજા આ રીતે અજ્ઞાનતાથી દુ:ખી થતી હતી અને જેમ તેમ જીવનને ઢસડતી હતી.

આ અરસામાં લોકો પોતાના ખર્ચા પૂરા કરી શકતા ન હતા અને તે કારણે કેટલાક કન્યાવિક્રય પણ કરતા હતા. આ રૂઢિ એટલી બધી વ્યાપી ગઇ હતી કે તેમને તેમાં કંઇ અજુગતું લાગતું ન હતું. સ્વાભાવિક રીતે જ તેઓ આ પ્રમાણે વર્તતા હતા આવા કઢંગા અને ખરાબ રિવાજ દૂર કરવા મુશ્કેલ હતા. સમાજમાં તે વખતે—

[ રથોધ્ધતા ]

અંધકાર ઘનઘોર ઘર્ષતા
સમાજે મુસળધાર વર્ષતા,
અજ્ઞાની માનવીઓ સમાજે
ખાલી થતા પળમાં બધાએ.

આમ સમાજને ચારે બાજુએથી અનેક દુશ્મનોએ (જેવાં કે અજ્ઞાનતા, કુરિવાજો, વહેમ અને કન્યાવિક્રય વગેરે) ઘેરી લીધો હતો.

[ વસંતતિલકા ]

જ્ઞાનીજનો પણ જણાય નહીં સમાજે;
આથી બધે અભણતા, જડતા જણાયે.
આવ્યા પૂજ્ય છગનભા દુ:ખ કાપવાને;
લાવ્યા વળી મિત્રવરો દુ:ખ ડારવાને.

ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે જ્યારે જ્યારે ચારે બાજુએ ઘોર પાપ, જડતા અને અંધકાર વ્યાપ્ત થયો હોય ત્યારે ભગવાન આ જગતમાં અવતાર ધારણ કરે છે.



સ્વ. માધવજી ત્રિભોવનદાસ

આવી રીતે સમાજમાં પણ મહાભયંકર વહેમ, જડતા અને અજ્ઞાનતા વ્યાપી ગયાં હતાં. તેનો નાશ કરવા સારૂ પૂજ્ય છગન 'ભા' આપણી વચ્ચે આવી ખડા થયા. પ્રજાનાં દુ:ખ જોઇ તેમના હૃદયને આઘાત થયો. કોઇ પણ રીતે જન-સેવા કરવા માટે તેમણે કમર કસી.

લોક-સેવા કરતા પહેલાં જ તેમને સમજાયું ખાલી ઉપદેશો કે ભાષણો આપવાથી કાંઇ ફેરફાર થશે નહિ. સાચે જ તે વખતે કંઇ સુધારો દાખલ કરવો યા કોઇ ફેરફાર કરવો હોય તો હિંમતવાન માણસ પણ થરથરી ઊઠતો અને પાછો પડી જતો. આવા માર્ગે જવા માટે સમાજમાં જ્ઞાન-કિરણ ફેંકવાની જરૂર જણાઇ. આ રીતે જ અજ્ઞાનતારૂપી અંધકારનો નાશ થઇ શકશે — સાચે જ—

[ વસંતતિલકા ]

માર્ગ વળી જડ જળપૂરથી ભર્યો છે;
ને અંધકારથી દિશા પણ આવરે છે.
કેડો કસીને ઘા જ્ઞાનશરના કરે છે;
એ આશ પંથ મળવા સહુયે ધરે છે.

આમ આવી રીતે ત્રણે મહાનુભાવોએ–પૂજ્ય છગનભા, સ્વ. માધવજી ત્રિભોવનદાસ પટેલ, (લેખકના દાદા) અને સ્વ. ધનશા ભગત (પ્રેસવાળા આત્મારામ ભગતના પિતા)



સ્વ. સ્વામીશ્રી ધનરાજગિરિ
(સ્વ. ધનશા ભગત)

—જ્ઞાનરૂપી શરના ઘા કરવા શરૂ કર્યા અને સમાજમાં પુનરુત્થાનનું કાર્ય કે જે સદા સુવર્ણ અક્ષરે લખાયેલું રહેશે.

આ કર્મવીર ત્રિપુટીમાં પ્રથમ આવે છે સ્વ. પૂજ્ય 'ભા.' તેમનું આખું નામ તો હતું **છગનલાલ પીતામ્બરદાસ પટેલ** 'ભા' નું બિરુદ તો તેમને તેમના વહાલસોયા વિદ્યાર્થીઓએ આપ્યું હતું. તેઓ કલોલ પાસે આવેલ સરઢવ ગામના વતની. બાલ્યાવસ્થામાં ગુજરાતી બે ત્રણ ચોપડીઓનો અભ્યાસ કર્યો. ત્યાર બાદ પોતાના પિતાશ્રીના ધંધામાં જોડાયા. આમ તેમણે ખેતી પણ સારી રીતે કરી.

તેમનું કુટુંબ મૂળથી પ્રભુભક્તિવાળું હતું. ધર્મ ઉપર આસ્થા રાખતું એટલે બાળપણથી 'ભા' ઉપર ધાર્મિક સંસ્કારો પડ્યા. આથી તેઓ હંમેશાં પ્રભુભક્તિ કરતા અને ધાર્મિક પુસ્તકો પણ વાંચતા. આવા સંસ્કારો પડવાથી તેમનું જીવન સેવાભાવ તરફ વળ્યું.

પોતના દીકરાઓ મોટા થયા ત્યારે 'ભા' હંમેશ વિચારવા લાગ્યા કે હવે તો આ સંસારની માયામાંથી મુક્ત થઈ કેવળ પ્રભુભજન કરવું. એક દિવસ તેઓ એક સાધુને મળ્યા. આ સાધુ સાથે દિવસે દિવસે નિકટનો સંબંધ થયો. સાધુ જ્ઞાની પુરુષ હતા. આ જ્ઞાનની છાપ 'ભા' ના મન પર પડી. 'ભા' એ આ સાધુને પોતાના મનની વાત જણાવી અને કહ્યું કે હવે સંસારમાંથી મુક્ત થઈ જવું તથા સંન્યાસ ધારણ કરવો. ત્યારે સાધુપુરુષે જણાવ્યું કે, 'જો તો ખરો, તારો સમાજ કેટલો બધો પછાત છે, અભણ છે. તે માટે કંઈ વિચાર આવે છે? જા પાછો જા. અને તેમની સેવા કર.' 'ભા' ને આવાં વાક્યો તીરની માફક હૃદયની આરપાર નીકળી ગયાં. આની અસર ભારે થઈ, ત્યાંથી જ તેમણે લોક–સેવાનો ભેખ ધારણ કર્યો. તેમનાં હૃદયમાં થયું કે ભગવાં કપડાં પહેરવાથી જ સાચી મુક્તિ–નિવૃત્તિ મળતી નથી. નિષ્કામ સેવા કરવી એનું નામ જ સંન્યાસ.

'ભા' એ આવા મહાન કાર્યમાં પોતાને મદદ કરવા પોતાના સાચા બે મિત્રોને બોલાવ્યા. મિત્રો પણ એવા હતા કે તેમનો બોલ પડતાંની સાથે જ હાજર થઈ ગયા. તેમની મૈત્રી તો—

आरम्भगुर्वी क्षयिणी क्रमेण
लघ्वी पुरा वृद्धिमती च पश्चात्
दिनस्य पूर्वार्ध परार्धभिन्ना
छायेव मैत्री खलसज्जनानाम् ॥

સજ્જન માણસોની મૈત્રી દિવસે દિવસે વધે છે અને દૃઢ થતી જાય છે. તેમાં ઘટાડો થતો નથી. આ બન્ને મિત્રો અને 'ભા' એમ ત્રિપુટી–કર્મવીર ત્રિપુટી બની.

પૂજ્ય છગન 'ભા' ના આ બંને મિત્રો મેડાં આદરજ તાલુકે કડીના હતા. એક પૂજ્ય સ્વ. **માધવજીદાસ ત્રિભોવનદાસ પટેલ** (લેખકના દાદા) અને બીજા પૂજ્ય સ્વામીજી **ધનશા ભગત**. કડીમાં વિદ્યાર્થી આશ્રમ તથા સર્વ વિદ્યાલય રૂપી જ્ઞાન–પરબ બેસાડવામાં આ બંને મહાનુભાવોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

મારા પૂજ્ય દાદા સ્વ. માધવજીદાસનો જન્મ કઈ સાલમાં થયો તે ચોક્કસ યાદ નથી; પરંતુ તેઓ જણાવતા કે સન ૧૮૬૭ ની આસપાસની સાલ હશે. તેઓ બે ભાઈ હતા. બીજા ભાઈનું નામ સ્વ. હરજીવનદાસ હતું. તે જમાનામાં શિક્ષણ નહિવત્ હતું. ગામઠી નિશાળમાં લખતાં વાંચતાં શીખેલા.

ગ્રામજીવનમાં મોટા થયા બાદ ખેતીની જવાબદારી માથે આવી. બંને ભાઈઓએ વહેંચણી કરી ત્યારે ફક્ત બાર વીઘા જમીન ભાગમાં આવેલી. તેમણે સ્વપ્રયત્ને પચાસ વીઘા જમીન પ્રાપ્ત કરેલી. પરસેવો ઉતારીને પ્રાપ્ત કરવું એમાં તેઓ માનતા અને એ રીતે ખેતીમાં સખત પરિશ્રમ કરી ધનોપાર્જન કરતા.

[ અપૂર્ણ ]

# સ્મિત

ડૉ. બિપિન કે. પરીખ

હૃદયની પારાશીશી – એનું નામ સ્મિત !

માનવહૃદયના તરંગો–અનુભૂતિઓ, ઊર્મિઓ, એષણાઓ, નિખાલસતા, પ્રેમ, સુખ, સંતોષ, વ.–ને માનવીના વદનપર પરાવર્તિત કરનાર પારાશીશીનું નામ છે: સ્મિત. સ્મિત એ માનવીને કુદરતે બક્ષેલી એક અમૂલ્ય ભેટ છે. સંસારનાં સઘળાં પ્રાણીઓમાં માત્ર માનવી જ એ બક્ષીશ પામવા ભાગ્યશાળી બનેલો છે.

**આનંદ, તૃપ્તિ, નિખાલસતા, પ્રેમ, સુખ, અને સંતોષની અભિવ્યક્તિ છે – સ્મિત.** જેના હૃદયમાં આનંદ ન હોય તેના વદન પર સ્મિત ક્યાંથી હોય? જેના હૈયામાં અતૃપ્તિ અને સંતોષની જવાળાઓ સળગતી હોય તેના વદન શુદ્ધ સ્મિત ફરકવાની હિંમત જ કેવી રીતે કરે? દંભ, મદ અને સ્વાર્થથી જેનું દિલ ભારોભાર ભરેલું હોય ત્યાં નિખાલસતા કેવી રીતે પ્રવેશી શકે?:અને જેના દિલમાં નિખાલસતાની સફાઈ નથી તેના વદન પર પેલું સ્મિત ક્યાંથી દેખાય? પ્રેમનું પવિત્ર ઝરણું જેના ચમનમાં સુકાઇ ગયું છે તેના વદન પર સ્મિતનાં ફૂલો કેવી રીતે ખીલે? ત્યારે ફૂલ જેવા નિર્દોષ બાળકના વદન પર કેવું દૈવી સ્મિત લહેરાય છે?

### સ્મિતમાં ચૂંબકીય શક્તિ છે.

એક સ્મિત અને માનવી કેટલીકવાર પરવશ બની જાય છે. જિંદગીભર એ સ્મિત ભૂલી શકાતું નથી. દિવસ અને રાત એ સ્મિતના સોણલા સતાવે છે. ગોપીઓને કનૈયાની મોરલીનું શું ઘેલું લાગ્યું હતું? ના. મોરલીનો નાદ તો માત્ર આમંત્રણ હતું ઘેલું તો લાગ્યુ હતું કનૈયાના વદન પર ફરકતા સ્વચ્છ, સુમધુર, શાંત સ્મિતનું! એક જ સ્મિત અને રાધા જિંદગીભર કાનૂડા પાછળ દીવાની થઇ ગઇ!

### સ્મિત ઘણું જ ચેપી છે.

એકના વદન પર ફરકતું સ્મિત બીજાનાં વદનો પર પણ સ્મિત પ્રગટાવે છે. – એક જ્યોતથી પ્રગટતી અન્ય જ્યોતની માફક માત્ર અવગુણોથી ભરેલ અપવિત્ર અને અશુદ્ધ હૃદયો જ સ્મિતના ચેપથી મુક્ત રહી શકે. તેથી ઘડાયેલા, પીઢ, મુત્સદ્દીઓ અને વ્યહવાર–ડાહ્યાઓ સ્મિતની ચેપી અસરથી અલિપ્ત રહી શકે છે–કારણકે તેમના હૃદયમાં નિખાલસતા, પ્રેમ, સુખ અને સંતોષનો છાંટોય રહ્યો નથી હોતો.

મીઠું મરકતું બાળક અને મુક્ત હાસ્ય કરતી કિશોરી જેમ જેમ મોટાં થતાં જાય છે તેમ તેમ તેમના વદન પરથી સ્મિત સુકાતું જાય છે સંસારના કટુ અનુભવો તેમના કોમળ, નિર્દોષ, પવિત્ર હૃદયને ધીમે ધીમે જડ, રુક્ષ, લાગણીહીન બનાવી દે છે.

એક સુંદર સ્મિત વેરો અને લાંબી લાંબી જીભાજોડીનો, કલાકોની દલીલોનો અંત આવી જશે! એક મધુર સ્મિત કરો અને સામાના વદન પરની તંગ રેખાઓ અદૃશ્ય થઇ જશે! એક જ સ્મિત અને અનેક અનર્થો આગળ વધતા અટકી જશે.

શબ્દોની જરૂર નથી, હાવભાવની જરૂર નથી, એક્ટિંગની જરૂર નથી. સ્મિત એ સર્વ કરતાં વધુ શક્તિશાળી છે. એક સુમધુર સ્મિત કરો અને 'આવો' કહી આવકાર આપવાની જરૂર નહીં રહે. એક સલુણું સ્મિત કરો અને સવાલનો જવાબ આપવાની જરૂર નહીં રહે.

### સ્મિત મૈત્રીનું દ્યોતક છે.

સુંદર સ્મિતવાળી વ્યક્તિઓને બહોળું મિત્રમંડળ હોય છે. દીવેલિયા ડાચાવાળાઓ હંમેશા એકલતાના રોગથી પીડાતા હોય છે. એકલતાનો એ રોગ તેમના વદનની રેખાઓને વિકૃત કરી નાખે છે. તંગ બનેલી રેખાઓ એ વદનને પાષાણ – પ્રતિમા જેવું બનાવે છે. એને પરિણામે લોકોએ પાષાણ વદનથી દૂર, ને વધુ દૂર, રહેવા ઇચ્છે છે કારણ કે જેનું વદન પથ્થર શું – લાગણીશૂન્ય – દીસે છે તેનું દિલ પણ પથ્થરનું જ હશે તેવું સૌ માને છે.

### સ્મિત સફળતાની ચાવી છે.

વદન પર સુંદર સ્મિત હશે તો અણધારી જગાએ આપને આવકાર મળશે એક સુંદર સ્મિત અને અજાણી વ્યક્તિ પણ આપની સાથે વાતચીત કરવા તૈયાર થઇ જશે એક સુંદર સ્મિત અને એક નવો મિત્ર આપ મેળવી શકો સ્મિતની ચાવીથી કોઇ કોઇ નવા ધંધાના, નવા કોન્ટ્રાકટના, નવી નોકરીના દરવાજા આપ ખોલી શકો અને સ્મિતની જ ચાવીથી મનભાવન જીવનસાથીને કદાચ પ્રાપ્ત કરી શકો.

...પણ સ્મિત બનાવટી પણ હોઇ શકે છે એ ન ભૂલતા. એ બનાવટી સ્મિતવાળાંનાં હૃદયમાં હળાહળ ભરેલું હોય છે. સ્મિતનો એ બનાવટી નકાબ પહેરીને કાળા હૃદયના માનવી ભાળાં લોકોની આંખમાં ધૂળ નાખવા પ્રયત્ન કરે છે. ભોળાં માનવીઓ કેટલીકવાર એ બનાવટથી છેતરાય પણ છે પરંતુ કૃત્રિમતા હંમેશાં સફળ થતી નથી. કોઇકને કોઇક વાર તે છતી થઈ જાય છે અને એ નકાબ તળે સંતાયેલું નાપાક દિલ દેખાઈ જાય છે ત્યારે લોકો તેનાથી દૂર નાસે છે.

---

માણસના ચારિત્ર્યને કેટલાક અંશે તે કેવી રીતે સ્મિત કરે છે તેનું નિરીક્ષણ કરવાથી જાણી શકાય છે.–કેટલાક માણસો સ્મિત કરવા નથી દાંતિયાં કરે છે. —ઓવી

મુખ ઉપર પડતી કરચલીઓ સ્મિતનો ઉદ્‌ભવ ક્યાંથી છે તેનો નિર્દેશ કરે છે. —માર્કટ્વેન

દાતાઓ

## સ્વ. પ્રભુદાસ કાળીદાસ પટેલ
ગોરાદ (તા. ચાણસ્મા)



ગઈ પેઢીના અગ્રણી સ્વ. શ્રી કાળીદાસ પટેલ મહેસાણા જિલ્લામાં જાણીતા આગેવાન હતા. તેઓ મહેસાણા પ્રાંત પંચાયતના વર્ષો પર્યંત સભ્ય હતા. પંચાયતમાં તેમનું સારું વર્ચસ્વ હતું. તેઓ ભારે ઉદાર અને એમનું ઘર પરંપરાગત મહેમાની માટે જાણીતું હતું.

એમના દિકરા સ્વ. શ્રી પ્રભુદાસ પટેલ એમના પિતાશ્રીના જેવા ઉદાર અને આગતાસ્વાગતામાં આગળ પડતા હતા. તેઓ પણ મહેસાણા પ્રાંત પંચાયતના ઘણો વખત સભાસદ હતા.

શિક્ષણ પ્રત્યે તેમનો પ્રેમ હતો અને તેથી ગોરાદ તા. મહેસાણામાં - એમના વતનમાં રૂા. ૩૪૦૦૦) ની દેણગી હાઈસ્કૂલ માટે આપી હતી. ગોરાદની શ્રી કાળીદાસ કામરાજ હાઈસ્કૂલ આજે ફૂલીફાલી છે. શાળાને પોતાનું સુંદર મકાન છે અને તેમાં ૪૦૦ વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યા છે.

આ હાઈસ્કૂલમાં સ્વ. જોઈતીબેન પ્રભુદાસ પટેલ પુસ્તકાલય છે. હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈબહેનોને અભ્યાસ માટે જરૂરી પુસ્તકો તેમાંથી મફત પૂરાં પાડે છે.

સ્વ. કાળીદાસ તથા સ્વ. પ્રભુદાસભાઈ આ સંસ્થાની શરૂઆતથી મદદગાર રહેલા હતા.

આ સિવાય એમની તરફથી ધીણોજ, ગાંભુ, મોઢેરા, ઊંઝા કન્યા કેળવણી મંડળ, સાર્વજનિક કેળવણી મંડળ–મહેસાણા તેમજ નૂતન સર્વ વિદ્યાલય–વિસનગર વગેરે શિક્ષણ સંસ્થાઓને ઉદારતાથી દાન આપેલાં છે.

તેઓ વતનમાં ખેતી કરતા અને સાથે સાથે રૂ - કાલાં - કપાસનો અને ખતીના પાકનો ધંધો પણ કરતા હતા. ઉપરાંત તેઓ આગળ પડતા કોન્ટ્રાકટર હતા. મહેસાણાનો હાઈવે એમના ચીવટભર્યા કામનો નમુનો છે. તેમણે બે કરોડની કિંમતના કોન્ટ્રાકટનાં કામો કર્યાં છે.

## [૧૩] ટપાલ પેટી

વિનોદભાઈ આર. પટેલ
B. A.; M. Com.; LL. B.
આસી. સેક્રેટરી, સેલ્યુલોઝ પ્રોડક્ટસ ઓફ ઇન્ડિયા લિ.
કઠવાડા (ડી. અમદાવાદ) તા. ૨૯–૧–૭૦

પૂ. આચાર્યશ્રી મોહનભાઈ સાહેબ, તથા અન્ય ગુરુગણ.

દર અઠવાડિયે 'સુવર્ણ જયંતિ' હાથમાં આવતાં જ જૂની સંસ્થાના સમાચાર જાણવાની ઉત્કંઠા રહે છે અને માતૃસંસ્થાની મીઠી–મધુરી યાદ તાજી થાય છે. 'સર્વ વિદ્યાલય' અને 'વિદ્યાર્થી આશ્રમ' માં ગાળેલા એ સાત વર્ષો એની કેટલીએ મીઠી-મધુરી યાદોથી સભર છે. અને ચારિત્ર્ય ઘડતરના એ કાળમાં આપના જેવા ગુરુગણ તરફથી શિક્ષણની સાથોસાથ જ જે પ્રેમ મેળવેલ છે તે ચિર સ્મરણીય બની રહેશે. કેટલાંક વર્ષોથી સંસ્થામાં આવવાનું બન્યું નથી, પરંતુ 'સુવર્ણ જયંતિ' જોતાં જણાય છે કે ત્યાંથી વિદાય લીધી ત્યાર પછી અત્યાર સુધીના સમયમાં માતૃસંસ્થાએ ઘણી જ પ્રગતિ કરી છે, અને એની પ્રવૃત્તિઓનું ક્ષેત્ર વધતું જ રહ્યું છે. આના માટે પૂ દાસકાકા જેવી વ્યક્તિઓની નિર્મળ સેવાવૃત્તિની સાથોસાથ જ આપના જેવા વ્યવસ્થાક અને શિક્ષકગણનું પીઠબળ અભિનંદનને પાત્ર છે. અમારા વખતમાં પણ પૂજય નાથાભાઈ સાહેબ, જે નિષ્ઠાથી કાર્ય કરતા હતા અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેની જે લગન અને ભક્તિથી વિદ્યાર્થીઓમાં પ્રિય બન્યા હતા, તેઓના અનુગામી તરીકે તમો તેવું જ કાર્ય કરી રહ્યા છો, તેથી સ્વાભાવિક રીતે જ આનંદ થાય છે. અને આ સંસ્થા જયારે 'સુવર્ણ જયંતિ' ઉજવી રહી છે. ત્યારે આપ સર્વેને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.

'સુવર્ણ જયંતિ' સાપ્તાહિક વિશાળ સમૂહ ધરાવતા જુના વિદ્યાર્થીઓને સંસ્થા સાથેની તૂટેલી કડીઓને સાંધવામાં અને એકબીજાના પરિચયમાં આવવામાં ઘણું જ ઉપયોગી થશે. આવું સાપ્તાહિક કાઢવાનો વિચાર ખરેખર પ્રસંશનીય છે.

એજ લિ. વિનોદભાઈ આર. પટેલના
સાદર પ્રણામ

---

તેઓ ૬૪ વર્ષની વયે બહોળું અને સુખી કુટુમ્બ મૂકી સ્વર્ગસ્થ થયા હતા.

તેમણે મહેસાણામાં પટેલ ઓટોમોબાઈલ્સની કંપની ૧૯૬૧માં શરૂ કરી હતી અને તે ઓટોમોબાઈલ્સના ધંધામાં આજે ઉત્તર ગુજરાતમાં આગળ પડતી પેઢી છે. તેમના દિકરા શ્રી પરસોત્તમભાઈ તથા શ્રી ડાહ્યાભાઈ આ કંપનીનું સંચાલન કરે છે.

શ્રી પરસોત્તમભાઈ શ્રી ડાહ્યાભાઈ તથા શ્રી બાબુભાઈ ત્રણે ભાઈ આ સંસ્થાના વિદ્યાર્થી હતા.

તેમની તરફથી આ સંસ્થાને રૂ. ૨૫૦૧) નું દાન મળ્યું છે.

# સુવર્ણ જયંતી ફાળામાં

## નીચેની નવીન રકમો લખાઈ છે.

## દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

૬૪૦૦૭) આગળનો સરવાળો (અંક ૧૯)
૩૦૦૧) મેસર્સ એન. આઈ પટેલ એન્ડ કંપની
હ. શ્રી નરોત્તમભાઇ ઈશ્વરદાસ પટેલ
હ. શ્રી બાબુભાઇ ઇશ્વરદાસ પટેલ : સુરત
૨૫૦૧) મેસર્સ વિજય કંસ્ટ્રકશન કંપની
હ. શ્રી નરોત્તમભાઇ ત્રીકમલાલ પટેલ
શ્રી મફતલાલ ત્રીકમલાલ પટેલ : સુરત
૧૦૦૧) શ્રી નરોત્તમભાઇ કચરદાસ પટેલ
સરદાર પટેલ સોસાયટી : કડી
૭૫૧) મોડર્ન કંસ્ટ્રકશન કંપની
હા. શ્રી નાગરભાઈ જોરદાસ પટેલ
મહાદેવનગર સોસાયટી સગરામપુરા : સુરત
૫૦૧) શ્રી જુગલભાઇ પુરુષોત્તમદાસ પટેલ
હા. શ્રી ચંદુભાઇ જુગલભાઈ પટેલ
ચીફ એન્જીનિયર, : સુરત કોટન મીલ્સ
બેગમપુરા, નવાબવાડી સામે : સુરત
* ૧૦૦૧) શ્રી નારણભાઇ ગોવિંદભાઈ પટેલ
ગુજરાત શાળાંત વર્ગ, કોટશેરી, : સુરત
* ૨૫૧) શ્રી દિવાળીબેન મોહનલાલ પટેલ
હા. શ્રી છગનલાલ મોહનલાલ પટેલ
ધી મફતલાલ મીલ, વેજલપોર : નવસારી
૨૫૧) શ્રી દામોદરદાસ જેઠાલાલ પટેલ
ધી મફતલાલ મીલ, વેજલપોર : નવસારી
૨૫૧) શ્રી મંગળદાસ સોમનાથ પટેલ
ધી મફતલાલ મીલ, વેજલપોર : નવસારી
૨૫૧) શ્રી માધુભાઈ નારણદાસ દેસાઇ
ધી મફતલાલ મીલ, વેજલપોર : નવસારી
* ૨૫૧) શ્રી પ્રતાપભાઇ હીરાલાલ પટેલ
જૈન સોસાયટી, નવસારી
૨૫૧) શ્રી અંબાલાલ મગનલાલ પટેલ
જુનિયર એન્જીનિયર, પી. ડબલ્યુ. ડી,
(રસ્તા અને મકાન વિભાગ) : નવસારી
* ૧૦૦૧) શ્રી મગનલાલ શંકરદાસ પટેલ (કંથરાવીવાળા)
હા. પ્રહ્લાદભાઇ મગનલાલ પટેલ
રૂવાળાનો ટેકરો, સુરત
૧૧૦૧) શ્રી સોમાભાઇ કંચનલાલ એન્ડ કું.
હા. શ્રી ત્રિભોવનદાસ રેવીદાસ પટેલ (કંથરાવીવાળા)
રૂવાળાનો ટેકરો. સુરત
* ૧૨૫૧) રંગરેજ ઇશ્વરલાલ ભોળાભાઇ
હા. શ્રી માધુભાઇ હરિભાઈ પટેલ (લણવાવાળા)
C/o હસમુખ ટેક્ષટાઇલ્સ, રૂસ્તમપુરા, સુરત
૧૦૦૧) શ્રી અંબાલાલ રૂઘનાથભાઈ પટેલ (સુરજવાળા)
હા. શ્રી ગુણવંતભાઇ મોતીદાસ પટેલ
જ્યુબિલી ટેક્ષટાઇલ્સ, લાલવાડી, સુરત
* ૧૦૦૧) મેસર્સ અંબાલાલ રાજારામ પટેલ (આંગડીઆ)
હા. શ્રી મનુભાઇ અંબાલાલ પટેલ
ભવાની વડ, હરિપુરા, સુરત
* ૧૦૦૧) મેસર્સ એન. રાજારામ નાગરદાસ (આંગડીઆ)
હા. શ્રી નારાયણદાસ રાજારામ પટેલ
રૂવાળાનો ટેકરો, હરિપુરા, સુરત-૩
૧૫૦૧) શ્રી શાંતિલાલ ડી. પટેલ
મહીધરપુરા, ઘીયા શેરી, સુરત
* ૨૫૧) છોટીબહેન ગેબીલાલ પટેલ
હા. શ્રી નાનજીભાઈ ગેબીલાલ પટેલ
મસિદીયા શેરી, હરિપુરા, સુરત
* ૨૫૧) ટ્રોપીકલ ટ્રેડીંગ કોર્પોરેશન
હા. શ્રી મંગુભાઇ મોહનલાલ પટેલ
સુફીબાગ, સ્ટેશન પાસે, સુરત
* ૨૫૧) મેસર્સ ઇશ્વરલાલ પી. પટેલ
હા. શ્રી ઇશ્વરલાલ પી. પટેલ
ભોજાભાઈની શેરી, મહિધરપુરા, સુરત-૨
૨૫૧) શ્રી નટવરભાઈ દેવકરણદાસ પટેલ (ગંગેટવાળા)
ઉધના હાઉસિંગ સોસાયટી, રૂમ નં.-૭૬
ગાંધીનગર કોલોની, ઉધના (જિ. સુરત)
૨૫૧) શ્રી છગનભાઇ પુરુષોત્તમદાસ પટેલ
હા. શ્રી આત્મારામ મોહનદાસ પટેલ
વિવિધલક્ષી વિદ્યામંદિર, પાલનપુર
૫૦૧) મે. રણધીર કન્સ્ટ્રકશન કંપની
હા. શ્રી રણછોડભાઇ પટેલ
હોલીડે કેમ્પ, હજીરા (જિ. સુરત)

૮૩૮૮૨)

* વસુલ આવેલ રકમો.

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.

૫૦૧) શ્રી લાલભાઈ નાનદાસ પટેલ
અમદાવાદ
૨૫૧) શ્રી મોતીલાલ નરસિંહભાઈ વરતિઆ
કડી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વે સ્ટેશન સામે-કડી : તા ૧૨-૨-૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૧૯-૨-૭૦ [ અંક ૨૨


## સુરત નવસારીમાં ચાર દિવસ..... | શ્રી પુરુષોત્તમદાસ પટેલ

'સુવર્ણ જયન્તી'ના ફાળા માટે આવી જવા સુરતથી આમંત્રણ મળ્યાં. સર્વ વિદ્યાલયના આચાર્ય શ્રી મોહનભાઈ પટેલને પત્રો મળ્યા.

અને અમે સુરત નવસારી જવાનું નક્કી કર્યું.

શ્રી મોહનભાઈ પટેલ અને હું તા. ૪-૨-૭૦ ના રોજ અમદાવાદથી રાતની લોકલમાં સુરત જવા નીકળ્યા.

સુરત સવારના પહોંચ્યા અને સ્ટેશન ઉપર શ્રી નરોત્તમભાઇ ઇશ્વરભાઇ પટેલ, શ્રી નરોત્તમભાઇ ત્રિકમલાલ પટેલ, શ્રી ભાઇલાલભાઈ પટેલ, નવસારીના શ્રી બાબુભાઈ પટેલ વગેરે અમારી રાહ જોતા ઊભા હતા.

આ બધા આપણી સર્વ વિદ્યાલયના જુના વિદ્યાર્થીઓ. બન્ને નરોત્તમભાઇઓ સુરત અને આસપાસ કોન્ટ્રાકટનો ધંધો કરે છે અને શ્રી ડાહ્યાભાઈ નવસારી અને ભાઇલાલભાઇ સુરતમાં મફતલાલ ફેર પ્રાઇસ શૉપ ધરાવે છે. શ્રી બાબુભાઇ એ શ્રી નરોત્તમભાઈના ભાઈ. એમની સાથે જ એમનો ધંધો છે. જુના વિદ્યાર્થીઓને મળવાથી અમને ખુબ આનંદ થયો.

અમે ચાર દિવસ રહ્યા ત્યાં સુધી એમણે એમનો ધંધો વિસારી મુકયો અને એમની સાથે અમને સુવર્ણ જયન્તી ફાળા માટે એમના મિત્રો અને જુના વિદ્યાર્થીઓ પાસે લઇ ગયા.

જુના વિદ્યાર્થીઓનો સંસ્થા માટેનો પ્રેમ જોઈ અમને આનંદ થયો. સંસ્થામાં રહ્યા તે દરમ્યાન એમના અનુભવો અને મિત્રોની વાતો ખુબ ખુબ કરી. કડી સંસ્થાએ એમના ઘડતરમાં મહત્વનો ભાગ ભજવ્યો છે અને એને લઇ તેઓ આગળ વધી શકયા છે એમ કહી કહી સંસ્થાની પ્રશંસા એમણે ખુબ ખુબ કરી.

આ વાતોથી સંસ્થાના કયા સંચાલકને આનંદ ના થાય ?

શ્રી નરોત્તમભાઇ ઇશ્વરદાસ અને એમના ભાઇશ્રી બાબુભાઈ બન્ને કંબોઇના મેસર્સ એન. આઈ. પટેલ એન્ડ કંપનીના નામથી કોન્ટ્રાકટનો ધંધો કરે છે. એમના ધંધામાં એમણે પ્રતિષ્ઠા મેળવી છે. પ્રભુએ એમને ધંધામાં યારી પણ આપી છે. સંસ્થા માટે એમને ખૂબ પ્રેમ છે. એમણે સુવર્ણ જયંતી ફાળામાં રૂા. ૩૦૦૧) આપ્યા.

શ્રી નરોત્તમભાઇ ત્રિકમલાલ આપણા જુના વિદ્યાર્થી ગંગેટના છે. તેઓ પણ એમના ભાઈશ્રી મફતલાલ સાથે સુરત અને આસપાસ મેસર્સ વિજય કંન્ટ્રકશન કંપનીના નામથી કોન્ટ્રાકટનો ધંધો કરે છે. એમની પ્રતિષ્ઠા સારી છે. એમના દિલમાં સંસ્થા માટે ખૂબ લાગણી છે. તેમણે સુવર્ણ જયંતી ફાળામાં રૂ. ૨૫૦૧) આપ્યા.

શ્રી નારણભાઇ ગોવિંદભાઇ પટેલ કલોલ તાલુકાના ધમાસણા ગામના વતની છે. સર્વ વિદ્યાલયના જુના વિદ્યાર્થી. સુરતમાં ટયુટોરીયલ કલાસીઝ ચલાવે છે. એસ. એસ. સી. ના ૫૦૦ વિદ્યાર્થીઓ એનો લાભ લે છે. એમની પ્રતિષ્ઠા સુરતમાં ઊંચી છે. એમના કલાસમાં જોડાવવા પડાપડી થાય છે. એમને મળવામાં અમને ખૂબ આનંદ થયો. કડી સર્વ વિદ્યાલય અને આશ્રમમાં માત્ર દશ મહિના એ રહેલા. એમનું કહેવું થયું કે આ દશ મહિનામાં એમણે ઘણું મેળવ્યું. એમનું ઘડતર થયું.

એમણે સુવર્ણ જયંતીમાં રૂ. ૧૦૦૧) લખાવ્યા પણ શરત કરી કે જમાડયા પછી જ આ રકમ આપે. એ શરત પાછળ એમનો પ્રેમ હતો.

અમે એમના ત્યાં જમ્યા અને જમ્યા પછી તરત જ આ રકમ શ્રી મોહનભાઇના હાથમાં મૂકી.

સ્વ. શ્રી. મગનભાઇ શંકરભાઇ પટેલ કંથરાવીના આપણા જુના વિદ્યાર્થી. સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરી બર્મા ગયા. બર્મામાં રાજકીય ઉથલપાથલ થઇ અને બધુય ત્યાં મુકીને આવ્યા.

સુરતમાં નોકરીથી શરૂઆત કરી. એમાંથી આંગડીયાનો ધંધો શરૂ કર્યો.

સ્વ. શ્રી. મગનભાઇના ભાઇ શ્રી. બબલદાસ અને શ્રી. મગનભાઇના દીકરા શ્રી પ્રહલાદભાઇને મળવાથી અમને આનંદ થયો. થોડા દિવસ પહેલાંજ સમોડાના સરસ્વતી ગ્રામ વિદ્યાપીઠ માટે શ્રી. મોહનભાઇ વગેરે ફાળો લઇ ગયેલા છતાં સુવર્ણ જયન્તીમાં શ્રી પ્રહલાદભાઇએ એમના પિતાશ્રીના નામથી અમને રૂા. ૧૦૦૧) આપ્યા એટલુંજ નહીં પણ શ્રી પ્રહલાદભાઇ બીજેથી ફાળો મેળવવામાં અમારી સાથે રહ્યા.

શ્રી ત્રિભોવનદાસ રેવીદાસ પટેલ કંથરાવીના આપણા જુના વિદ્યાર્થી. સુરતમાં શ્રી સોમાભાઈ કંચનલાલની કંપનીના એ ભાગીદાર છે અને આંગડીયાનો ધંધો કરે છે. એમની નિખાલસતા અને વાતો ભુલાય તેમ નથી. મહેસાણા જિલ્લાની તળપદી ભાષા.

એમને મળ્યા અને એમણે કહ્યું કે હું તો માત્ર બે વરસ વિદ્યાલયમાં ભણ્યો અને આશ્રમમાં રહ્યો. અંગ્રેજી પહેલી અને બીજી. ૧૯૪૨ ના ઓગસ્ટમાં જવાળામુખી સળગ્યો. કડી વિદ્યાલય પાસે કરણનગર તરફનો રેલ્વે પુલની ભાંગફોડ થઇ. એમાં ત્રિભોવનદાસ આવ્યા.

એમણે કહ્યું કે આ ભાંગફોડમાં એમને લાલલીટી મળી અને ભણતર છોડયું.

મેં એમને કહ્યું કે સારું થયું કે તમે ભણતર છોડી ધંધામાં પડયા તો સુખી થયા.

એમણે એમની પેઢી શ્રી સોમાભાઇ કંચનલાલ એન્ડ કંપની તરફથી રૂા ૧૧૦૧) આપ્યા અને અમારા સાથે આવી બીજા પણ મેળવી આપ્યા.

કડીના શ્રી નરોત્તમદાસ કચરદાસ પટેલ આપણા જુના વિદ્યાર્થી. સુરત વડોદરામાં કોન્ટ્રાકટનો ધંધો કરે છે. એમને વડોદરા જવાનું થવાથી આપણા એ નરોત્તમભાઇએ રૂા. ૧૦૦૧)ની રકમ એમના તરફથી ફાળામાં લખાવવા અધિકાર આપતા ગયા હતા.

લણવાના શ્રી માધુભાઇ હરિભાઇ પટેલ આનંદી અને મોજીલા આપણા જુના વિદ્યાર્થી. તેઓને બહારગામ ધંધાર્થે જવું પડ્યું હતું પણ તા. ૭–૨–૭૦ ના રોજ પાછા આવી જવાનો નિર્ણય કરીને ગયા હતા અને પાછા આવી ગયા.

તેઓ સુરતમાં હસમુખ ટેક્ષટાઇલ્સની કંપની ચલાવે છે અને આખાએ દેશમાં સુરતનું કાપડ જથાબંધ વેચે છે. એમના ધંધાની વિશેષતા એ બતાવી કે નવી નવી ડીઝાઇનો બનાવરાવવી અને વેચવી. એમણે શ્રી ઇશ્વરભાઇ ભોળાભાઈના નામથી રૂા ૧૨૫૧) સુવર્ણજયન્તી ફાળામાં આપ્યા અને પ્રેમને વશ થઇ એક ટંક એમના ઘેર જમ્યા.

નવસારી મીલમાં આપણા જુના વિદ્યાર્થીઓ નોકરી કરે છે. અત્યારની મોંઘવારીમાં નવસારીમાં રહેવાનું આમ છતાં ભાવથી આજીવન સભ્ય થયા અને દરેકે રૂા. ૨૫૧) આપ્યા

આપણી સંસ્થાના જુના કાર્યકર સ્વ. શ્રી જુગલભાઈની સેવાથી આપણે જાણીતા છીએ. એમના દીકરા શ્રી ચંદુભાઈ નાનપણમાં આપણા કેમ્પસમાં ઉછરેલા. એમણે એમના ઘેર અમને લઈ જઇ રૂા. ૫૦૧) આપ્યા.

આપણા જુના વિદ્યાર્થી પણ હાલ જુનિયર એન્જીનિયરની નોકરી કરતા શ્રી અંબાલાલ મગનલાલ પટેલ અને શ્રી છગનભાઇ પુરૂસોત્તમદાસ પટેલ સંસ્થાના આજીવન સભ્યો બની સુવર્ણ જયન્તીમાં ફાળો આપ્યો.

મોર્ડન કન્સ્ટ્રકશન કંપનીના શ્રી નાગરદાસ જોરદાસ પટેલ ઊંઝાના. અમને મળતાં ખુબ આનંદથી રૂા, ૭૫૧) આપ્યા.

શ્રી શાંતિલાલ ડી. પટેલ અને મે. રણધીર કન્સ્ટ્રકશન કંપનીના શ્રી રણછોડભાઇ પટેલનો આપણી સંસ્થા સાથે સંબંધ નહીં પણ બંને આપણા બન્ને નરોત્તમભાઇઓના મિત્રો. એમણે આપણી સંસ્થાની કામગીરીની માહિતી આપણા નરોત્તમદાસભાઇએ આપેલી. તેમના તરફથી રૂ. ૧૫૦૧) અને રૂ. ૫૦૧) મળ્યા.

મેસર્સ અંબાલાલ રાજારામ અને મેસર્સ એન. રાજારામ બન્ને ઊંઝાના. એમણે દરેકે પ્રેમપૂર્વક સુવર્ણ જયંતી ફાળામાં રૂ. ૧૦૦૧) આપ્યા.

શેરથાના શ્રી નારણભાઈ રણછોડભાઇ પટેલ આપણા જુના વિદ્યાર્થી. અમે સુરત ઊતર્યા અને શ્રી નારણભાઈ હાજર. અમે સુરતમાં રહ્યા ત્યાં સુધી આપણા નરોત્તમભાઇઓની સાથે તેઓ પણ નવસારી પણ અમારી સાથે સુવર્ણ જયન્તીનો ફાળો ઉઘરાવવામાં અમારી સાથે નવસારીના શ્રી ડાહ્યાભાઈ એમના મોટાભાઈ. શ્રી નારણભાઇ સુરતમાં ધંધો કરે છે. સુરતમાં સૌને ઓળખે. અને સુરતના રસ્તા અને મહોલ્લાના જાણકાર. સુરત નવસારીમાં ફાળો એકઠો કરવામાં અમને ખૂબ મદદગાર થયા.

સ્વ. શ્રી અંબાલાલ રૂઘનાથભાઈ પટેલ સુરજના કડી તાલુકાના જોશીલા અને નિષ્ઠાવાન સામાજિક અને રાજકીય કાર્યકર. એમના માસીબાના દીકરા શ્રી ગુણવંતભાઇ મોતીલાલ પટેલે સ્વ. અંબાલાલભાઇના નામથી રૂ. ૧૦૦૧) આપ્યા.

સુરત નવસારીના ચાર દિવસ આપણી સંસ્થા પ્રત્યે દાખવેલ પ્રેમને લઈ અમારા જીવનમાં જીવંત રહેશે. અમે સૌનો આભાર માનીએ છીએ.

અમે માત્ર ચાર દિવસ રહ્યા તેથી બીજા ઘણા ભાઈઓને મળી શકાયુ નથી. એમની અમે માફી માગીએ છીએ અનુકૂળ સમયે ફરી સુરત આવીશું અને મળીશું.

સુરત નવસારીમાં પ્રેમને વશ થઈ અમારે સવાર સાંજ બે વખત જમવાનું થયું. તેમાંએ સુરત નવસારીનાં ફરસાણ, ભુસુ, મીઠાઈ અને ઊંધિયાને લઈ થોડું વધારે ખવાયું અને અકળામણ થઈ.

સુરતમાં મહેસાણા જિલ્લાના ઘણા ભાઈઓ છે. હીરા ઘસુના કામમાં તેમજ વણાટ રંગાટના કામમાં મોટા ભાગે રોકાયેલા છે. વણાટની ૩૦૦૦ આશરે શાળો છે.

ભુણાવના સ્વ. શ્રી. ઇશ્વરભાઇ ભોળાભાઈ પટેલ સૌ પ્રથમ સુરત આવ્યા. તેઓએ રંગાટ વણાટનો ધંધો શરૂ કર્યો. તેઓ પરોપકારી જીવ હતા. મહેસાણા જિલ્લાના જે જે ભાઈઓ આવ્યા તેમને મદદ કરી. ધંધો શિખવાડયો અને ધંધો કરવા આર્થિક મદદ પણ આપી.

રંગાટીનું કામ કરનારાને વ્યાજબી ભાવે રંગ મળે તે સારું ભારત કલર એન્ડ કેમીકલ કંપની શરૂ કરી. આ કંપની રંગાટીકામ કરનારાઓને ખુબ મદદગાર બની છે.

વણાટમાં સુતર જોઈએ. સુતર વ્યાજબી ભાવે મળે તે સારું પટેલ યાર્ન કોર્પોરેશન સ્થાપવામાં આવ્યું છે.

આ બે કંપનીઓ મહેસાણા જિલ્લાના વણાટનું તથા રંગરેજ–રંગાટનું કામ કરનારાઓને આશીર્વાદ રૂપ બની છે.

ઉત્તર ગુજરાતના ભાઈઓએ એક બીજાનો પરિચય સ્થાપવા ઉત્તર ગુજરાત મંડળ સ્થાપ્યું. આ મંડળમાં નાના મોટા સારી સંખ્યામાં જોડાયા છે. વિસનગરના દાકતર શ્રી મણિયાર એના પ્રમુખ છે.

ફરી સૌનો અમે અમારા તરફથી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી આભાર માનીએ છીએ.

---

# "કાલ કરે સો આજ કર,
# આજ કરે સો અબ"

—રાય

'કાલનું કામ આજે જ કરો, કાલ ઉપર ન છોડો'; 'આજે જ કરો' शुभस्य शीघ्रम्, 'delay is dangerous' 'આરામ હરામ હૈ' ...... વગેરે સુત્રો ઉચ્ચારવાનું કે લખવાનું ગમે છે. આપણે આજસુધી એનો સાચા અર્થમાં ઉપયોગ કર્યો છે? વ્યવહારમાં લાવી ચુસ્તપણે વળગી રહ્યા છીએ ખરા? ના. કારણ કે આપણે ઢીલ અને માનસિક શિથિલતાને તાબે થઈ આજનાં કામો કાલ ઉપર ઠેલવામાં માનીએ છીએ. શારીરિક આળસ અને માનસિક શિથિલતાને ગાઢ સંબંધ છે એ તો આપણે સારી રીતે જાણીએ છીએ. મનનું એદીપણું એટલે કે મનની આળસ ત્યજીએ તો જ કર્તવ્યપંથે અગ્રસર થવાય આપણી સામે ઉજ્જવળ ભવિષ્ય પડ્યું હોય, એને સ્પષ્ટપણે જોઈ શકતા હોઈએ, છતાં વિચારમાં આળસ લાવી આપણે એને કાલ ઉપર મોકુફ રાખીએ એને કહેવાય મનનું એદીપણું. આપણા કાર્યોને લંબાવવાની જ આદત પડી ગઈ હોય તો પછી ઉજળું ભવિષ્ય કે ઉત્તમ તકો ઉપરનો હક પણ આપણે જતો કરવો પડે.

એ તો નિઃસંદેહ વાત છે કે આજનું કામ આજે જ થાય. અને એ પણ સુપેરે જ થવું જોઈએ. કાલની વાત કાલે. કાલની ચિન્તા જ નકામી. બીજી એક વાત પણ સ્મરણમાં રાખવી જરૂરી છે કે એક વખત પ્રતિકૂળ દેખાતું કર્તવ્ય પૂરેપૂરી રીતે નહીં કરીએ તો આપણી માનસિક દૃઢતા આપણી ભવિષ્યની ઇચ્છાઓ બર લાવવામાં સહાયભૂત થશે એવી આશા રાખવી અસ્થાને છે. ભવિષ્યની કમાણી કરવા આજનું કાર્ય આજે જ કરવામાં આપણે આપણું હૃદય પૂરેપૂરું ઠાલવવું જોઈએ. પરસેવો પાડવો પડે. તોજ 'સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.' કર્મ માત્ર ભાવ પ્રગટાવવાને તથા તેને આકાર દેવાને કાજે છે. કર્મ કરો પણ આજે. જુઓ, સારું ફળ મળે છે કે નહીં.

આપણે ખ્વાબી દુનિયામાં રાચીએ છીએ કે એક દિવસ આપણો પણ આવશે. આપણું ભવિષ્ય ઉજળું બનીને હસશે. આપણા દ્વાર ખખડાવતું આવશે. પણ એ દિવસ ક્યારે આવશે? આપણે આજનો જ ખ્યાલ કેમ ન લાવીએ? એ તક અત્યારે જ કેમ ન ઊભી કરીએ? શું આજના કરતાં ભવિષ્યનો સમય વધારે સારો છે કે જેથી આપણે આપણી ઇચ્છાઓની સિદ્ધિને ભવિષ્ય માટે ધકેલવી પડે છે? કેવી ભ્રામક, વાહિયાત વાત? એ સોનેરી તક હમણાં જ છે. એ અત્યારે નથી તો ક્યારે ય નથી. આપણા સંકલ્પોની સિદ્ધિ અત્યારે જ થઈ છે એવા નિશ્ચયો અને ભવિષ્યમાં એષણાઓ સફળ થશે એવી શ્રદ્ધામાં કેવો આભજમીનનો તફાવત છે? માટે આજનું કામ કાલ ઉપર મોકુફ ન રાખતા આજે જ કરો. અબઘડી કરો.

# કર્મવીર ત્રિપુટી

શ્રી નારણભાઈ હ. પટેલ
નિરીક્ષક : ઝવેરી વિદ્યાલય વિજાપુર

[ ગયા અંકથી ચાલુ ]

મારા દાદાને બે દીકરા – સ્વ. પુરુષોત્તમદાસ અને સ્વ. હરગોવિંદાસ – હતા. બંને દીકરાઓને ફાઇનલ પરીક્ષા પાસ કરાવેલી. વધારે કેળવણી આપવા તેમની ઇચ્છા ખૂબ જ હતી. તે સમયે આ વ્યવસ્થા મોટા શહેર સિવાય પ્રાપ્ય ન હતી. આ વખતે શહેરમાં કેળવણી અપાવવી તે ખૂબ ખર્ચાળ. આથી તાલુકાના સ્થળે કોઇ સંસ્થા હોય તો સારું એમ તેમને થાય કરતું. આ અરસામાં પૂજ્ય છગનભા, પૂજ્ય ધનશા ભગત અને મારા દાદા – ત્રણે ત્રિપુટી મળી. આ કેળવણી અંગેની મુશ્કેલી ત્રણેને સાલવા લાગી.

આપ બળે આગળ વધેલા મારા દાદા ગામના આગેવાન અને મુખી થયા. ધીમે ધીમે સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતા થયા. આમ સમાજમાં અને ગામમાં આગેવાન તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. તેમના બોલની એ વખતે સમાજમાં ખૂબ જ કિંમત અંકાતી.

તેમનામાં ધાર્મિક ભાવના સારા પ્રમાણમાં હતી. આ ભાવના હોવાથી ગરીબ અને અનાથ લોકોને મદદ કરતા. એક વખત ખૂબ જ વરસાદ પડ્યો. આ સમયે ગરીબોનાં ઝૂંપડાં પડી ગયાં. તે સમયે હુ નાનો હતો પણ એ દૃશ્ય મને હજી યાદ છે. અમારા ઘરની ઓસરીમાં ગરીબ જનતા મદદ અર્થે એકઠી થયેલી. આ બધાને તેમની શક્તિ અનુસાર દાણા અને કપડાં વગેરેની મદદ કરેલી.

મહાત્મા ગાંધીજીના સત્યાગ્રહની અસર મારા દાદા પર પડેલી. તેઓ સોમવારે મૌનવ્રત પાળતા. કાંઈક કામ હોય તો સ્લેટ પેનનો ઉપયોગ કરતા એ મને યાદ છે. પણ વ્રત કાયમ માટે રાખેલું નહીં. મહાત્મા ગાંધીજીએ હરિજનોદ્ધાર માટે પ્રયત્ન આદર્યા હતા. આથી અમારા ગામમાં પણ તેની અસર પડેલી. અમારું ગામ પ્રગતિકારક વિચારો અપનાવવા માટે ખૂબ જ તત્પર હોય છે એ વખતે હરિજનને ન અડકી જવાય તેની પૂરતી તકેદારી રાખતા ભૂલે ચૂકે જો અડકી જવાય તો સ્નાન કરવું પડે; પણ મારા દાદા તો તેમને એટલે કે હરિજનોને વિના સંકોચે અડકતા તથા ખેતરમાં કામ પણ સાથે જ કરતા. આમ આ જડ વિચારને તોડવા તેમણે પ્રયત્નો કરેલા. આથી સમાજમાં આની સારી અસર પડેલી તેઓ ધાર્મિક વિચારના જરૂર હતા પણ અંધશ્રદ્ધાળુ ન હતા. ભૂવા અને ભવાઈમાં આડંબર છે. ઢોંગ અને ધતીંગ છે એમ માનતા. આથી અમારા ગામમાં ભવાઇયા પર પ્રતિબંધ હતો. તેઓ ગામમાં આવી હલકા વિચારો કે દૃશ્ય રજૂ કરી શકતા નહીં.

ધાર્મિક પુસ્તકોનું વાંચન પણ કરતા. આ કાર્ય ઘણા રસપૂર્વક કરતા. ઘણી વખત ખૂબ કામ હોય ત્યારે દિવસે વાચન ન થાય તો રાત્રે પુસ્તક લઇ વાંચતા. કોઈ કોઈ વખત બારીમાંથી આવતા ચંદ્રપ્રકાશમાં વાચન કરતા.

પૂજ્ય છગન 'ભા' ઘણી વખત અમારે ઘેર આવતા. તે વખતે હું નાનો હતો. મને તેમના ખોળામાં રમવાનો લાભ મળેલો. અહા, અત્યારે બાળપણના તે દિવસો યાદ આવે છે ને સ્મૃતિ તાજી થઇ આવે છે; ત્યારે હૃદયમાં ખૂબ જ આનંદ પ્રસરી જાય છે.

ત્રણે કર્મવીર એકઠા થયા હોય, મોડી રાત સુધી વાતો ચાલે. આ વાતોમાં સમાજ અંગેની તથા સંસ્થા અંગેની બાબત મુખ્ય રહેતી. સંસ્થા માટે ફંડ ફાળો કરવા માટે યોજનાઓ ઘડાતી હોય. તે જમાનામાં ગોળ જેવાકે, ડંઢાય બેતાળીસ અને ચુંવાળ વગેરે જાણીતા હતા. આ ગોળની પાસે દંડની રકમ એકઠી થતી. આ નાણાંનો ઉપયોગ લાડવા ખાવામાં થતો પરંતુ આ નાણાંનો સદુપયોગ કરવા પંચ પાસે ઠરાવ કરાવ્યો અને તે રકમ સંસ્થામાં અપાવી દીધી. આમ લગભગ રૂા. ૭૦૦૦ સાત હજાર જેવી માતબર રકમ સંસ્થાને પ્રાપ્ત થઇ. આ પૈસાનો એવો ઉપયોગ હતો કે જેની સુવાસ દિનપ્રતિદિન સમાજમાં પ્રસરતી રહી.

મારા દાદા સંસ્થાના ફંડ માટે ત્રિપુટી સાથે ગામડે ગામડે ફરતા અને ફાળો ઉઘરાવતા.

જ્યારે જ્યારે 'ભા' અમારે ઘેર આવતા ત્યારે ત્યારે ઘડીકે આરામ કરતા નહીં અને બીજે ગામ જવાની ઉતાવળ કરતા હોય. તે સમયે મારા દાદીમા કહે, "શા મોટા દરવાજા ઝૂઝાવી નાખવા છે તે ઘડીકે ઠરીને બેસતા પણ નથી. જરા હેઠા શ્વાસે બેસો તો ખરા. આ આવ્યા એવા પાછા બીજા ગામ જવું છે ખાધા વગર જવાનું નથી." આ રીતે મારાં દાદીમા 'ભા' ને રોકતાં.

મારી બાળપણની સ્મૃતિ તાજી થાય છે. એક વખત સંસ્થાને નાણાંની ભીડ પડી. પૈસા ખૂટવા આવેલા. હવે વહીવટ કેવી રીતે ચલાવવો ? ત્રિપુટી ભેગી થઇ. વાતો કરી. એક યોજના વિચારી કાઢી. આજ અરસામાં મેરાં આદરજ ગામે રામજી મંદિરમાં રામચંદ્ર ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠા થવાની હતી. તે સમયે કડીથી વિદ્યાર્થી આશ્રમના વિદ્યાર્થીઓને શિક્ષકો બેન્ડ સાથે આદરજ મુકામે આવી પહોંચ્યા ગામમાં આનંદનો સાગર હિલોળે ચઢયો હતો. આ વખતે બેન્ડનો સુરીલો અવાજ આનંદમાં ભળ્યો. એકજ જાતના પોષાકવાળા, શિસ્તબદ્ધ વિદ્યાર્થીઓ જોઇ જનતાના આનંદમાં ઓર ઉમેરો થયો.ત્રિપુટી આ વખતે નક્કી કરેલા કાર્યક્રમ પ્રમાણે અગાઉથી હાજર હતી.

માનવ મહેરામણને આનંદની સીમા ન હતી. આવો પ્રસંગ ફરી ફરી આવતો નથી. સમય–પારખુ ત્રિપુટીએ તેજસ્વી વાણી દ્વારા પોતાનાં વક્તવ્ય રજૂ કર્યાં. સંસ્થા

સંબંધી, બાળકોના ભાવિ સંબંધી ને સમાજની આગેકૂચ સંબંધી અસરકારક ભાષામાં જણાવ્યું. પૂજ્ય સ્વામીજી ધનગિરી-ના (ધનશા ભગત) શબ્દો તો હજી પણ મારા કાનમાં ગૂંજે છે. તેમનો દાખલો "ટીટોડી અને ટેટોડો કે જેમણે સાગર ખાલી કરવા પ્રયત્ન કર્યો. છેવટે સમુદ્રદેવે ઇંડાં પાછાં આપ્યાં" બીજી એક કહેવત કે જે તેઓ હંમેશ વાપરતા કે, "ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય." આ ભાષણોની એવી તો અસર પડી કે તે વખતે સંસ્થા માટે પૈસાનો વરસાદ વરસ્યો. ગરીબમાં ગરીબ માણસ પણ પોતાની યથાશક્તિ પ્રમાણે ફાળો નોંધાવ્યા વગર ન રહ્યો. મારી સ્મૃતિ અનુસાર તે વખતે લગભગ રૂા. ૪૫૦૦) પીસતાળીસોનો આંકડો થઇ ગયો.

આમ સંસ્થાની નાણાંભીડ ત્રિપુટીએ દૂર કરી. આ કર્મવીર ત્રિપુટી ગમે તે ગામમાં જાય તો પણ ખાલી હાથે પાછા ન ફરે. એમની પ્રતિષ્ઠા એટલી બધી વિશાળ હતી કે સમાજમાં કોઇ તેમને ના કદી કહેતું નહીં. આવી રીતે કડીની આજુબાજુના પ્રદેશમાં સંસ્થા માટે આદર અને પ્રેમભાવ તેમણે ખૂબ જ મહેનતથી જગાડ્યાં. સંસ્થા માટે નાણાં ઉઘરાવવા તો જવું પડે પણ સંસ્થામાં ભણનાર બાળકો લાવવા માટે પણ જવું પડતું! સમાજમાં તે વખતે કેળવણી પ્રત્યે અભિરુચિ પેદા થઇ ન હતી. બે પૈસે સુખી ઘરના લોકોને આ કર્મવીર ત્રિપુટી સમજાવતી અને તેમનાં છોકરાંને આશ્રમમાં દાખલ કરવા લઈ આવે.

દિનપ્રતિદિન સંસ્થારૂપી વટવૃક્ષ ફાલીફૂલી મોટું થતું ગયું. તેની શીળી છાયા તળે અનેક જીવ આરામ લેવા માટે આવવા લાગ્યા ભા' હજુ પણ વટવૃક્ષની સંભાળ રાખતા હતા. તેનાં મૂળ બરાબર ઊંડે જાય અને તેની–શાખા પ્રશાખાઓ વિસ્તરે તેની હરહંમેશ કાળજી રાખતા. આ માટે 'ભા' એ હજારો માઇલની મુસાફરી કરી. નાનાં નાનાં ગામડામાં પણ પગપાળા ચાલીને મુસાફરી કરેલી. ફંડ માટે તેમણે હજારો માણસ આગળ હાથ લંબાવ્યા.

'ભા' ફંડ માટે કોઈક વખત દૂર પ્રદેશમાં પણ જતા. ત્યાંથી 'ભા' પાછા ફરે ત્યારે પોતાના બાળકોને કેમ ભૂલે? તેઓ આશ્રતમાં આવતા ત્યારે અમો બાળકો માટે અનેક જાતના ફળ, સૂકો મેવો અને કોઇ વખત તો નવીન ચીજ પણ લાવતા. આ પ્રસાદી કંઈ અમને એકલા આશ્રમના વિદ્યાર્થીઓને ન મળતી પણ સર્વ વિદ્યાલયમાં બહારથી ભણવા આવતા તમામ વિદ્યાર્થીઓને મળતી. આ પ્રસાદી તેઓ શાળાની બપોરની છુટ્ટી વખતે જ વહેંચતા. અમો બધા એક હારમાં ઊભા રહીને શિસ્તબદ્ધ રીતે લેતા. 'ભા' ની આ પ્રસાદી ઘણી જ સરસ અને મીઠી લાગતી અને મનમાં થયા કરતું કે, "હજુ વધારે મળે તો સારું."

સન ૧૯૩૭ ની સાલ હતી. આ સાલમાં 'ભા' ને જૂના અને નવા વિદ્યાર્થીઓ તરફથી માનપત્ર એનાયત કરવામાં આવ્યું. અમો તે વખતના વિદ્યાર્થીઓએ આ સમારંભ અનેરા ઉત્સાહથી કરી દીપાવ્યો હતો. તે વખતના અમારા પૂજ્ય આચાર્ય સ્વ. બાપુભાઇએ નીચેના ઉદ્દગાર કાઢ્યા, "**મણ વાણી કરતાં કણ કાર્ય વધી જાય છે.**" આ સૂત્ર અનુસાર 'ભા' માનપત્ર સમિતિએ સરસ અને સંગીનકામ કરી બતાવ્યું હતું. આ માનપત્ર વખતે ભાવનાઓથી ભરપૂર એવાં સુંદર પ્રવચનો થયાં.

આજ અરસામાં જ્યારે 'ભા' ને માનપત્ર અપાતું હતું ત્યારે તેમના હૃદયમાં અકથ્ય દુઃખ થતું હતું. આ સમારંભમાં તેમના બે મિત્રોમાંના એક મિત્ર હાજર રહી શક્યા ન હતા. તેઓ માંદગીના બિછાને પડ્યા હતા. આથી 'ભા' નું હૃદય બાહ્ય આનંદ હોવા છતાં છાનું રડ્યા કરતું હતું

સમારંભ પત્યા બાદ થોડા જ દિવસોમાં તેમના મિત્રની માંદગીના ગંભીર સમાચાર સાંભળતાં જ 'ભા' અને સંસ્થાનું આખુંએ વ્યવસ્થાપક મંડળ અમારે ઘેર આદરજ મુકામે આવ્યું. આ વખતનું દૃશ્ય મારી સ્મૃતિમાં હજી પણ જેમનું તેમ અંકિત છે. બંને વૃદ્ધ મિત્રો મળ્યા. બંનેની આંખોમાંથી અશ્રુબિંદુ સરી પડ્યાં, 'ભા' એ તેમને હિંમત આપી. આ વખતે તેમના મિત્ર સ્વ. માધવજીદાસ સંસ્થા સંબંધી જે હૃદયદ્રાવક અને ભાવભીનો છેલ્લો સંદેશ આપ્યો તે કોઇથી પણ ભૂલી શકાય તેમ નથી. આ રહ્યો તે સંદેશ, "આપણી સંસ્થા મહામહેનતે ઊભી થઇ છે. તમે અંદર અંદર ઝઘડશો નહિ. સંપથી રહેજો. સંસ્થાને આંચ આવે એવું કાંઈ કરશો તો આવી બીજી ઘણીએ સંસ્થાઓ ઊભી કરી દઈશું. અમીનને ધન્ય છે કે સાત હજાર રૂપિયા આપી અમદાવાદમાં ભવન ઊભું કર્યું."

કર્મવીર ત્રિપુટીમાંનો એક તેજસ્વી તારો ખરી પડ્યો. જીવનના અંત સુધી સંસ્થાનું ભલું ચાહતા અને તેની શાખાઓ વધે તેમ ઇચ્છતા તે વૃદ્ધ મિત્ર આ ફાની દુનિયાનો ત્યાગ કરી અને અમને સંસારના ચક્કરમાં ફરતા મૂકી ચાલ્યા ગયા. આથી 'ભા' ના હૃદયને અપાર દુઃખ થયું. બે ત્રણ વર્ષ બાદ પૂજ્ય છગનભા પણ સંસ્થાની સેવા કરતા કરતા પોતાના મિત્ર પાસે જઇ પહોચ્યા. તેમના બીજા મિત્ર ધનશા ભગત કે જે ઉત્તરાવસ્થામાં સ્વામીજી બન્યા હતા. તેઓ સંસ્થાની અવાર નવાર મુલાકાત લેતા તથા યોગ્ય સલાહ સૂચન આપતા. તેમણે હિંદનાં ઘણાં તીર્થસ્થાનોની યાત્રા કરી. સ્વામીજી ગમે ત્યાં ગયા હોય પણ વર્ષમાં એકાદ વાર તેમની લાડલી સંસ્થાના દર્શન કરી આનંદ અનુભવતા. ત્રિપુટીએ વાવેલા નાના બીજ-માંથી આ મહાકાય વટવૃક્ષ જોઇ તેઓ પોતાની જાતને ધન્ય

[ અનુસંધાન પાન ૭ ઉપર ]

# 'મને સાંભરે રે'

## " મારી મુછાળી મા "

'ડૉક્ટર'

આમ તો હું ઘણા વર્ષોના ગાળામાં આ બીના ભૂલી જ ગએલો પણ એકવાર મારી દીકરી જે ગુજરાત વિદ્યાપીઠમાં પી. એ. પાસે ભણતી હતી તેણે પૂછાવ્યું, 'બાપુજી, મને નવાઈ થાય છે કે હમણાં અમારા પી. એ. સાહેબ પાસે એક કાકા વાત કરવા આવેલા ત્યારે પી. એ. એ મને કહ્યું, 'ઓળખ, આ મારા ગુરુ હતા ને તારા બાપુનાય ગુરુ હતા.' ત્યારે મને નવાઈ થઈ. વાહ મારા બાપુજી ધોળા વાળવાળા ને આ હજુ આવા નાના દેખાતા કાળા વાળવાળા મારા બાપુજીના ગુરુ ક્યાંથી ?'

આ ઉપરથી મેં મારી દીકરીને આ મારી મુછાળી માનો પરિચય કરાવેલો ને લખ્યું 'બેન, એ કડી સંસ્થાની મારી મા ન હોત તો હું આ ડૉક્ટર ન બન્યો હોત.'

વાત એવી છે કે હું જ્યારે સંસ્થામાં બારેક વર્ષનો ધો –૨ (હાલના ધો. ૬) માં ભણતો હતો ત્યારે એકવાર મને પગે રમતો રમતાં છોલાએલું અને તે પાકેલું. તેની પીડા એ રાત્રે મને બહુ થતી ને ઊંઘ ન આવતાં ખૂબ રડવું આવતું. સુવાના સમયે થોડો તાવ હતો. એટલે સાંજનું વાળુ કરેલું નહિ તેથી ભૂખ પણ સારી રીતે લાગેલી. સંસ્થાનો દસ વાગે ઘંટ થયો ને બધા દીવા બંધ થતાં રૂમોમાં ધીરે ધીરે રાતની શાંતિ પથરાવા લાગી. રસ્તા ઉપરના દીવા બળતા જોતો હું મારી પથારીમાં હુ હુ હુકારીઓ કરતો પડ્યો હતો. રૂમના મિત્રો પણ નિદ્રા દેવીના ખોળે ઢળી પડેલા. મને જ ઉંઘ આવે નહિ. એમ અગીઆર બાર ને એક થવા આવ્યો.

હું ખૂબ કંટાળ્યો. વેદના વધી હતી. ભૂખ કકડીને લાગી હતી. રડવું રોકી શકતો ન હતો. ઘર સાંભર્યું. બા સાંભરી બા બા બોલાઈ પણ જવાતું. પણ ત્યાં બા ક્યાંથી હોય ?

મને એ ઘડી થયું કે આપણાથી અહીં નહિ ભણાય. લાવ પિતાજીને કાગળ લખું. તે આવીને મને તેડી જાય. મન મક્કમ કરી વેદનાને દબાવી પેટીમાંથી પોસ્ટકાર્ડ લઈ હું લખવા બેઠો.

'પૂજ્ય પિતાજી,' જ્યાં લખું છું ત્યાં હૃદય ભરાઈ આવ્યું ને ડુસકે ચઢી ગયો. રૂમનો દીવો બળતો હતો. કાર્ડ પેન્સિલ હાથમાં હતાં. આંસુ લૂછે જતો ને પાછી આંખો ભરાઈ જતી. ત્યાં એક જાદુ બન્યો.

ડુસકાં સાંભળી આટલી મોડી રાત્રે પાસેના ખુણામાં રહેતા મારા ગૃહપતિ મારી રૂમમાં આવ્યા. મને આ દશામાં જોઈ મારા બરડે હાથ ફેરવતા બોલ્યા, " શું છે ? શા માટે રડે છે ? "

મને તો કોઈ દેવ ઊતરી આવેલા જણાયા. પોસ્ટકાર્ડ શરમાતાં શરમાતાં દબાવી દીધું. " મારે અહીં નથી ભણવું" એટલુંજ બોલી શક્યો.

આશ્વાસન આપતી, આ સંકટ વખતે ધાઈ આવેલી મા છાતીએ દબાવી મને રડતા બાળકને એમની રુમમાં લઈ ગઈ. મારી હકીકત પળ માત્રમાં જાણી લઈ ગરમ પાણીનો થોડો શેક કર્યો ને વેદના ઓછી થઈ. સ્ટવ ઉપર ગુરુપત્નીએ ચા બનાવી દીધો ને મને ચા ને ભાખરી ખાવા આગ્રહ કર્યો. મેં ખાધી. મેં ખાતાં ટીકી ટીકીને આ બંને શંકર-પાર્વતી તરફ જોયા કર્યું. જાણે હું સ્વપ્નમાં કોઈ પરીઓના દેશમાં ગુલતાન બન્યો ન હોઉં ! મને ત્યાં એમની પાસે સુવાડ્યો. મને સારી ઊંઘ આવી. સવારે મારી મેળે જ મારી રુમમાં ચાલ્યો ગએલો. ભણવું છોડાય કેમ ? મેં વિચાર બદલી નાંખ્યો ને આનંદથી આ મુછાળી માની હૂંફમાં રહેવા લાગ્યો. સમયે સમયનું કામ કીધું ને હું ડૉક્ટર બન્યો.

પાછલા જીવન તરફ ડોકિયું માનવ કરે તો આવું કંઈનું કંઈ પ્રભુએ નિર્માણ કરેલુ સૌને જણાશે. પણ મારે કહેવું જોઈએ કે કડી સંસ્થાના એવા ગુરુઓ જેવા મારા વિદ્યાભ્યાસ કાળમાં મેં જોયા નથી.

અને તેથી તો ઘણા વર્ષો પછી મુ. મગનકાકા અને ઊંઝાના રેવાભાઈ વકીલ સાથે આ મુછાળી માને વડોદરાથી પણ દૂરના નાનકડા ગામે મારા દવાખાને ટેક્ષી કરીને આવેલા જોયા ત્યારે તો હું એમના દર્શનથી ગદ્‌ગદિત થતાં તેમને ભેટી પડેલો.

આ દ્રશ્ય જોઈને તેમની સાથે આવેલા બે ગૃહસ્થોના મુખ ઉપર આશ્ચર્યનો ભાવ હતો અને તેમને થયેલું કે આ ગુરુશિષ્ય મિલનના ભાવને જોવા આકાશમાં દેવો પણ આવ્યા હશે !

આ છે, મારું એક મધુરું સ્મરણ !

---

**પ્ર**તિવર્ષ શ્રી જ્ઞાનેશ્વર મહારાજની પાલખી નીકળે છે, જે આળંદીથી નીકળી પંઢરપુર સુધી જાય છે. આનો મહારાષ્ટ્રમાં ઘણો મોટો મહિમા છે. આવી પાલખી એક વાર ન્યાયમૂર્તિ રાનડેના ઘર પાસેથી પસાર થતી હતી. રાનડે અને તેમનાં ધર્મપત્ની પંડિતા રમાબાઈ ભાવપૂર્વક આ પાલખીને પસાર થતી જોઈ રહ્યાં હતાં. એટલામાં રાનડેએ કહ્યું, " જો, આ મહારાષ્ટ્ર યુનિવર્સિટી ચાલી રહી છે. "

મિલાપ] હરીન્દ્ર દવે

[ પાન પાંચ ઉપરથી ચાલુ ]

માનતા. કોઈ કોઈ વખત પિલવાઇ મુકામે આવતા ત્યારે અમારે ત્યાં આવે ને સંસ્થા સંબંધી વાતો કરતા. તે વખતે પોતે અંતરથી સંસ્થા પર આશીર્વાદ વરસાવતા. સને ૧૯૫૧ માં તેમણે પ્રાણપ્યારી સંસ્થાના ખોળે પોતાનો દેહ છોડી ફાની દુનિયાનો ત્યાગ કર્યો સંસ્થાના મુખ્ય દરવાજામાં પ્રવેશતાં જ તેમની પૂણ્ય સમાધિનાં દર્શન થાય છે.

ધન્ય છે, આ મહાન કર્મવીર ત્રિપુટીને કે જેમણે અજ્ઞાનતા રૂપી અંધકારમાં જ્ઞાનપ્રકાશ ફેંક્યો, સમાજનાં જડ બંધન છેદ્યાં, કુરિવાજો દૂર કરવા અથાગ પ્રયત્નો કર્યા, વહેમો વિદારવા વધુને વધુ પરિશ્રમ કર્યા, બારમાં બંધ કરવા અવિરત કાર્ય કર્યાં અને જ્ઞાન–યજ્ઞ શરૂ કરી પૂણ્યનો માર્ગ લીધો. એમનાં જીવન પ્રેરણાદાયી બન્યાં છે કેમકે એ વખતના સંકુચિત જમાનામાં પણ સેવા, સ્વાશ્રય અને સદાચાર પોતાના જીવનમાં વણી લીધાં 'ભા' તો સાક્ષાત સેવા, સાદાઈ અને સરળતાની મૂર્તિ હતા. સંસ્થાના વાવેલા બીજને આ ત્રિપુટીએ સેવા, સ્વાશ્રય અને સદાચારનું જળસિંચન કર્યું છે. આ માટે જ સંસ્થાનો ગુરુમંત્ર પણ " सवैव महाव्रतम् " ! બન્યો છે.

હજારો વંદન હોજો અમારાં એ કર્મવીર ત્રિપુટીને કે જેમણે અખૂટ શ્રદ્ધા વડે, અનંત સામર્થ્ય વડે અને અનંત ધૈર્ય વડે ભગીરથ પ્રયત્ન કરી જ્ઞાન–ગંગા આ ભૂમિ પર વહેવડાવી. આજે હજારો જીવ એ જ્ઞાન–ગંગાના પવિત્ર પ્રવાહમાં સ્નાન કરી આત્માને પવિત્ર અને ઉન્નત બનાવે છે.

એ કર્મવીર ત્રિપુટી અમર બની છે. અસ્તુ.

" શાળા અમારી તીર્થભૂમિ, જ્ઞાન–ગંગા ત્યાં વહે. "

---

સૌરાષ્ટ્રમાં મૂળચંદ નામના એક સંતકવિ થઇ ગયા. એમણે સમાધિ લીધી. એ બાવા હતા, એટલે પાલખીમાં એમના દેહને પદ્માસનથી મૂકીને એમની સમાધિના સ્થાને લઈ જવાતા હતા. તે વેળા એક ગલીના વળાંકમાંથી આણું વળી સાસરે જતી કન્યા એને તેડવા–મૂકવા આવેલ સાજન-માજન સામાં મળ્યાં. બાવાની પાલખી જોઇ, એટલે શબ મળ્યું અને અપશુકન થયા એમ તેઓએ માન્યું અને, હવે કાલે દીકરીને સાસરે મોકલશું એમ કહી, તેઓ પાછા ફરવાનું વિચારતા હતા એટલામાં પાલખીમાંનો નિશ્ચેતન દેહ સળવળ્યો અને પલાંઠી છોડી મૂળચંદ પાલખીમાંથી નીચા ઊતર્યા. આ ચમત્કાર જોઇ સાસરે જતી કન્યા તથા સૌ કોઇ સ્તબ્ધ થઇ ગયાં. કન્યાને આશીર્વાદ આપીને મૂળચંદે કહ્યું 'દીકરી, પ્રિયતમને મળવાની ઝંખના કેટલી ઉત્કટ હોય છે એ હું જાણું છું, કારણકે હુંય મારા પ્રિયતમને મળવા જતો હતો; પણ હું હવે કાલે જઇશ, તું આજે જા."

[મિલાપ] હરીન્દ્ર દવે

---

**ગુજરાતની અગ્રગણ્ય અને આપણી સૌની પ્રિય માતૃસંસ્થા**

**સુવર્ણજયન્તી**

**પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ સર્વે ભાઈ–બેનો પાસે**

**અપેક્ષા રાખે છે:**

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.

(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.

(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.

(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. 'સુવર્ણ જયંતી' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.

(૬) 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

**ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.**

**આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.**

**:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::**

## સુવર્ણ જયંતી ફાળામાં

### નીચેની નવીન રકમો લખાઈ છે.

### દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

૮૩૮૮૨) આગળનો સરવાળો

* ૨૫૧) ડૉ. અંબાલાલ બી. પટેલ
હ. બહેચરદાસ નરોત્તમદાસ પટેલ
મુ. મેડાઆદરજ : (તા. કડી)

* ૨૫૧) શ્રી બહેચરભાઈ મથુરભાઈ પટેલ
ઈસ્ટર્ન ઈન્ડસ્ટ્રીઝ, કસ્તુરચંદ મીલ એસ્ટેટ
દાદરરોડ, દાદરવેસ્ટ મુંબાઈ ૨૮ D. D.

૮૪૩૮૪) કુલ સરવાળો

* વસુલ આવેલા

---

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.

૫૦૧) શ્રી હર્ષદભાઈ પોપટલાલ પટેલ
ઈસ્ટર્ન ઇન્ડસ્ટ્રીઝ કસ્તુરચંદ મીલ એસ્ટેટ
દાદરરોડ, દાદરવેસ્ટ મુંબાઈ ૨૮ ડી. ડી.

૨૫૧) શ્રી કાંતિલાલ ગીરધરલાલ (ઊંટવાવાળા)
રમણીકલાલ હીરાલાલના મકાનમાં
વડવાળી પોળ, મુ. ખેડા

૨૫૧) શ્રી શિરિષકુમાર માધવલાલ પટેલ
હ. માધવલાલ પ્રભુદાસ પટેલ : કડી

૨૫૧) શ્રી નરસિંહભાઈ વિઠ્ઠલદાસ પટેલ
દરિયાપુર સોસાયટી, ઉસ્માનપુરા—અમદાવાદ

૨૫૧) શ્રી પ્રહલાદભાઈ અંબાલાલ પટેલ
૧૨/ભરતકુંજ સોસાયટી, મીઠાખળી અમદાવાદ-૬

૨૫૧) શ્રીમતી દેવીબેન રશ્મિકાન્ત શાહ
વાલકેશ્વર સોસાયટી, બંગલા નં. ૬/૧
સી. એન. હાઈસ્કૂલ પાસે, આંબાવાડી—અમદાવાદ

૨૫૧) શ્રી સોમાભાઈ વિરદાસ પટેલ
૧૫/ ભારતી નિવાસ સોસાયટી,
નગરી દવાખાના સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૬

---

# ભાવ મોકલી આપો

[૧]

**સાયન્સ** કૉલેજ હોસ્ટેલ તથા જુનિયર ટેકનીકલ હોસ્ટેલના નવા મકાનોમાં ઇલેકટ્રીક લાઈટનું કેસીંગ-કેપીંગનું ફીટીંગ માલસામાન સાથે અગર માત્ર મજૂરીના ભાવથી કરાવવાનું છે. અંદાજે દરેક મકાનમાં ૧૦૦ પોઇન્ટનું કામ છે. નીચેના સ્થળે કામની વિગત તથા શરતો જોવા મળશે. કામ કરી આપવા માગતા કોન્ટ્રાકટરોએ તા. ૩૦—૨—૭૦ સુધીમાં પોતાના ભાવ નીચેના સ્થળે મોકલી આપવા.

[૨]

**સાયન્સ** કૉલેજ હોસ્ટેલ તથા જુનિયર ટેકનીકલ હોસ્ટેલ માટે—

(૧) ટેબલ સાગના લાકડાનાં :-
(સાઇઝ:- ૩ ફુટ × ૧॥ ફુટ × ૨॥ ફુટ) નંગ ૧૬૦

(૨) 'ફ્રોમોલાઇટ' લોખંડની ખુરશી નંગ ૧૬૦

(૩) લોખંડના પલંગ (સાઇઝ:- ૬ ફુટ × ૨॥ ફુટ × ૧॥ ફુટ : પાઇપના પાયા—એંગલનું ચોકઠું – લોખંડની પાટી જડેલી) નંગ ૧૬૦

**ખરીદવાનાં છે.**

નીચેના સ્થળે કામની વિગત, શરતો તથા નમુના બતાવવામાં આવશે. માલ પૂરો પાડવા માગતા વહેપારીઓએ તા. ૩૦—૨—૭૦ સુધીમાં પોતાના ભાવ નીચેના સ્થળે મોકલી આપવા.

મંત્રીશ્રી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
રેલ્વે સ્ટેશન સામે : કડી (ઉ. ગુ)

---

### માતૃસંસ્થાને

હે માતૃસંસ્થા! તવ કો રસાયણે
શુદ્રેથી કેવા પલટયા શું દ્વિજ!
ઘનાંધકારે ચમકંત વીજ
પર્જન્યનું સત્ત્વ ઝમે કણેકણે.

'अनामी'

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી—પ્રકાશક—મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ—કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય—રેલ્વે સ્ટેશન સામે—કડી : તા. ૧૯—૨—૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૨૬-૨-૭૦ [ અંક ૨૩


## દ્વંદ્વ

'નથી તારું કાંઈ સકલ રચના છે કુદરતી
નિસર્ગે સંધાતું, ત્રુટિત પણ મેળે થઈ જતું.'
નવા સંબંધોમાં વળતર અધિકું મળી જતું,
જૂના સંબંધોનું વ્રણ-દુઃખ છતાં યે રહી જતું.

ઘસે ના જ્યાં હૈયું સમબલ થકી પાત્રની પ્રતિ
સ્વભાવે ભેરાઈ, અસહ ! મળતી કૃત્રિમ ગતિ.
સ્વયંભૂ ના અગ્નિ, કવણ પ્રગટાવે દીપ રતિ ?
પ્રતિભાવો જાગે ઉભય ઉરમાં : શ્રી થતી છતી.

અવસ્થાની લીલા ! અનુભવચીલા કૈંક ગહન,
ઊંડા અંતર્હેતુ, અકલિત તલે ગૂઢ વહન.
દિશે ફંગોળે છે નિયતિ કઈ આ અંધ તમસે !
દીસે ઝાંખું ભાવિ ! કવણ રસશે અમૃત રસે ?

રતિ, શ્રદ્ધા, આશા બલ, ગતિ દીએ ઉર્ધ્વ ડયને
નિરાશા, શંકા ને નિયતિ ઘન અંધાર નયને

રણજિત પટેલ (અનામી)

## હું શૂન્ય શો—

હું વર્ગમાંહી ગણુતો કંઇ દાખલાઓ,
ખોટાખરા કરી કરી કંઈ ચેક-ભૂસ.
પાટી પરે ચિતરતો કંઈ આંકડાઓ,
સાચા હિસાબ ટપકાવી થતો જ ખુશ.

પાટી પરે જીવનની, પડી ઈન્દ્રજાળ
સંબધ-અંક તણી ! શો ગણિતજ્ઞ કાળ !
કેવા ઉંડા ગહન અંક અલોપ થાય
ને નિત્ય નૂતન ગણિત કશાં રચાય !

પાટી થઇ જીરણુ, પેન ઘસાઇ ચાલી,
ઉત્સાહ મંદ નવ અંકન કાજ, ખાલી
ખાલી બધું જગત ! આત્મરતિ અભાવ !
વા, દિશ કે શઢ ન, ખંડિત જીર્ણ નાવ.

હું શૂન્ય શો ભટકતો નવ અંક કાજ,
પામ્યે ઝુકાવું દરિયે સફરી જહાજ.

રણજિત પટેલ (અનામી)


: : સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો : :

# 'મને સાંભરે રે'

## "તે માતૃમયી સંસ્થાને કેમ વિસરાય"

ચતુરભાઈ કુબેરદાસ પટેલ, મણિયારી : તા. ચાણસ્મા

**આજથી** પચાસ વર્ષ પહેલાં મહેસાણા જિલ્લામાં જ્ઞાનનો દીપક પ્રગટાવવા માટે પૂ. છગનભાએ કડીની પસંદગી કરી; અને શ્રી સર્વ વિદ્યાલય તથા આશ્રમની સ્થાપના કડીમાં થઈ.

હું આ સંસ્થામાં દાખલ થયો તે વખતે આ સંસ્થાની જગ્યાએ ખેતરો જ હતાં. તે વખતે અમો વિદ્યાર્થીઓને રહેવા માટે કોઈ મકાન ન હતું, તેથી કડી ગામમાં ખાખચોકમાં એક જીર્ણ મકાન ભાડે રાખેલું. તે મકાન તદ્દન જીર્ણ હોઈ ઉપર દેશી નળિયાં હોઈ ચોમાસામાં ચોમેર પાણી ચૂવે, અને અમારી પથારીઓ પલળે, તેથી અમે આમતેમ પથારીઓ ફેરવી રાત ગાળતા. આ અમારું દુઃખ જોઈ પૂ. છગનભાની આંખમાં આંસુ આવી જતાં. આ અમારૂ દુઃખ તેમનાથી સહન થયું નહિ. તેથી વિદ્યાર્થીઓને રહેવા ભણવા માટે મકાન કરવાની તમન્ના તેમના મનમાં ઉદ્‌ભવી. પણ તે માટે પૈસા લાવવા ક્યાંથી ? આ માટે તેઓશ્રીએ ગામે ગામ ફરી રૂપિયો રૂપિયો ઉઘરાવવાની ભીખ શરૂ કરી. તેમના દિલમાં એક અડગ શ્રદ્ધા હતી કે આપણો સમાજ ગામડે મોટો વસે છે. તેમની પાસે કેળવણી માટે ભીખ માગવામાં કંઈ નાનમ નથી, અને રૂપિયા જેવી રકમ કોઈને ભારે પણ પડશે નહીં. તેવી શુદ્ધ ભાવનાથી તેઓએ આપણી આજની સંસ્થાની જમીન ખરીદવાનું અને પાયા રોપણનું બી રોપ્યું. પછી તો ધીમે ધીમે અમો તે વખતના વિદ્યાર્થીઓ અને અમારા ગુરુશ્રીઓ તથા પૂ. છગનભા ગામડે ગામડે ફરતા ગામમાં સંવાદો–સંગીત–રાસલીલા અને સામાજિક ગાયનો જેવાં કે "કન્યા વિક્રમ અટકાવો રે," 'કારજ થતાં અટકાવો રે" વગેરે વગેરે ગાયનો–સંવાદો–ભાષણો વગેરે સાંજ ઉપર કરી, ગ્રામજનો આગળ મનોરંજન કાર્યક્રમો ગોઠવી, તેમનાં દિલ જીતી અમે ગામે ગામ સારો એવો ફંડફાળો મેળવતા. અને એ રીતે ધીમે ધીમે આ સંસ્થાની જમીન ખરીદવાની અને મકાનો બાંધવાની શરૂઆત થઈ.

હું આ સંસ્થાનો જૂનો અને પ્રથમનો વિદ્યાર્થી હતો. તે વખતે આજ સંસ્થાના પાયા ગળાયા, અને અમો તે વખતના વિદ્યાર્થીગણ માથે કવાયતમાં ઈંટવાડાથી પાયા ઉપર અમુક ઈંટો લાવવાનો દૈનિક કાર્યક્રમ ગોઠવેલ, તે પછીજ અમો દરેક વિદ્યાર્થીને નાસ્તો મળતો તેવી પ્રથા કરી હતી, એટલે અમે એક પંથ ને દો કાજ સરતાં. એક તો કસરત થતી અને પાયા ઉપર ઈંટો લાવવાની મજુરી બચી જતી. એટલે આ એક અમો તે વખતના વિદ્યાર્થીગણને ગૌરવ લેવા જેવી વાત છે.

વળી તે વખતે એક સંગીત વર્ગ પણ ચાલતો. મને સંગીતનો શરૂઆતથીજ બહુ શોખ હતો. મને મધુર કંઠની કુદરતી બક્ષિસ હતી. ગાવામાં તે વખતે મારો એક્કો હતો. આશ્રમમાં અને વિદ્યાલયમાં મને બધા "મણિયારી" નામથીજ ઓળખતા. તે વખતે મણિયારી નામની માન મરજાદા સારી હતી, અને હજુ પણ છે. આશ્રમમાં વ્હેલા પરોઢે અને સાંજે તેમજ વિદ્યાલયમાં હું હાર્મોનિયમ સાથે પ્રાર્થના કરાવતો અને હરકોઈ કાર્યક્રમ વખતે સંગીતના કાર્યક્રમમાં મારો અગ્ર ભાગ રહેતો. તે વખતે એક પ્રસંગે આપણા મહારાજા શ્રીમંત સર સયાજીરાવ ગાયકવાડ કડીમાં પધારેલા અને આપણી સંસ્થા સામે રેલ્વે સ્ટેશન સામે રેસ્ટ હાઉસમાં મુકામ કરેલો, તેઓશ્રી પણ અમારી પરોઢની પ્રાર્થનાનો મધુર સૂર સાંભળી આપણી સંસ્થા તરફ આકર્ષાયેલા અને ઓચિંતી આપણા આશ્રમની મુલાકાત લઈ, આ સંસ્થા સારું એવું કામ કરી રહી છે તેવો તેઓશ્રીને સંતોષ થયેલો. જેથી સારી એવી સંસ્થાને વાર્ષિક મદદ અને વિદ્યાર્થીભોજન આપવાનો હુકમ કરેલો.

તે વખતે શ્રી ઝવેરચંદ મેઘાણીનાં લોકગીત જેવાં કે "દાદા તે દીકરી વઢિયારે ના દેજો જો," "કાસમની વીજળી" "દરિયાની માછલી" વગેરે વગેરે હું ખૂબ ગાતો. જેથી આશ્રમના વિદ્યાર્થીગણ અને ગુરુગણને આનંદ પમાડે તેવું વાતાવરણ થતું, તે મને બહુ યાદ આવે છે. ઉમરના પ્રમાણમાં મારો સૂર જો કે જાડો બની ગયો છે, પણ કદાચ અનુકૂળ ટાઈમ હોય અને મને જો સુવર્ણ જયંતીની ઉજવણી વખતે ટાઈમ આપવામાં આવશે અને જો હું આવી શકીશ તો જરૂર એક બે લોકગીત ગાઈશ.

મારા તે વખતના વિદ્યાર્થીજીવન વખતે બ્રહ્મા–વિષ્ણુ–મહેશ જેવા અમારા ગુરુ સ્વ. શ્રી બાપુભાઈ ગામી, શ્રી પોપટભાઈ ગુલાબદાસ અને શ્રી છગનભાઈ કાળીદાસ હતા. ઋષી જેવા ભવ્ય તેજસ્વી શ્રી બાપુભાઈનો દેખાવ જ આખા વાતાવરણને આશ્રમી જિંદગીથી ભરી દેતો, શ્રીમદ્ ભગવતગીતાના શ્લોકો ગવરાવી ગીતાના જ્ઞાનનો રસ રેડતા. સાદાઈ, સ્વચ્છતા અને ઉચ્ચ વિચાર તરફ સૌને ખેંચતા. શ્રી પોપટભાઈ સાહેબ વગર બોલે ચાલ્યા જતા. "ઘુંઘટકા પટ ખોલ તુઝે રામ મિલેગે" એ ગાયનની લીટી ઉપર આંખની નજર માત્રથી જે કહેવાનું હોય તે કહી દેતા અને વ્યવસ્થા સ્થાપી દેતા. વિદ્યાર્થી પછી ભલે તે તોફાની હોય કે ઠોઠ હોય પણ કુનેહથી તેની સાથે કેવી રીતે કામ લઈ તેનામાં જ્ઞાનવિદ્યા પ્રગટાવવાની તે શ્રી છગન-ભાઈ પાસે સારી એવી આવડત હતી. આખી સંસ્થાના જાણે કે પાયાના સંસ્કાર સીંચનાર તે ઋષીવર્યોને કેમ વિસરાય ?

[ અનુસંધાન પેજ ૭મા ઉપર ]

# સર્વ વિદ્યાલય બેકારી નિવારવા માગે છે.

શ્રી પુરુષોત્તમદાસ પટેલ

તા. ૨૬ જાન્યુઆરી અને ૧૫ ઑગસ્ટના દિવસે ધ્વજવંદન સરકારી રાહે આજે દેશભરમાં થાય છે.

પણ એક સમય એવો હતો કે ધ્વજવંદન કરવામાં જોખમ હતાં.

એ વખતે ગુજરાતભરમાં સૌ પ્રથમ વિદ્યાર્થીઆશ્રમના મુખ્ય દરવાજાના આગળના ચોકમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. એ સમયે કોંગ્રેસ ધ્વજનું વંદન કરવાનું હતું આશ્રમના ચોકમાં ધ્વજવંદન કરવામાં આવ્યું. એના પોલીસ રીપોર્ટ નીચેથી ઉપર સુધી દોડતા થયા હતા.

આમેય આ સંસ્થા રાષ્ટ્રીય લેખાતી. ગાંધીજી જેવા મહાપુરુષ–મહાત્માનાં પગલાં આ સંસ્થામાં થયેલાં. મહાત્માજી વડોદરા રાજ્યમાં અને તે પણ એક શિક્ષણ સંસ્થામાં પધાર્યાનો પ્રસંગ એ સમયના વડોદરા રાજ્યને ચિનગારીભર્યો લાગ્યો હતો. મહાત્માજીએ વિદ્યાર્થી આશ્રમમાં વિદ્યાલય અને આશ્રમના શિક્ષકો વિદ્યાર્થીઓને સંબોધ્યા. એ ઉપરાંત વિદ્યાર્થી આશ્રમના અંદરના ચોકમાં નાગરિકોની જાહેર સભાને સંબોધી.

મીઠા સત્યાગ્રહની લડતમાં આ સંસ્થાના કેટલાક શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો જ. ૧૯૩૦–૩૨ અને બીજી નાની મોટી લડતોમાં પણ. આમ આ સંસ્થા રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ અને આઝાદીની નાની મોટી લડતોમાં ઓતપ્રોત થયેલી હતી.

આમ છતાં વડોદરા રાજ્યના શિક્ષણ ખાતાને આ સંસ્થા પ્રત્યે માન હતું. એના શિક્ષણના કાર્યમાં વડોદરા રાજ્યનું શિક્ષણખાતુ કદી આડે આવ્યું નહોતું. એટલું જ નહિં પણ આ સંસ્થાને શિક્ષણના પ્રયોગો કરવાની તેમ જ પોતાને યોગ્ય લાગે તેવાં પાઠ્ય પુસ્તકો પસંદ કરવાની અને અભ્યાસક્રમ ઘડવાની છૂટ આપી હતી.

આનો લાભ લઈ સંસ્થાએ શિક્ષણક્ષેત્રે એક જબરદસ્ત પ્રયોગ કર્યો હતો. ઉદ્યોગના અને જીવનોપયોગી શિક્ષણને આગળ રાખી શાળાકીય કેળવણીનું આયોજન કર્યું હતું. શાળા એ સમય ભરાતી. સવારે ભાષાઓ, ગણિત, ઇતિહાસ–ભૂગોળ વગેરે વિષયોનું શિક્ષણ અપાતું અને બપોરે ૨ થી ૫ ત્રણ કલાક ઉદ્યોગોનું શિક્ષણ અપાતું ઉદ્યોગોમાં ખેતી, સુથારી, કાંતણવણાટ, રંગકામ, નેતરકામ, મુદ્રણકામ વગેરે વિષયો શિખવાડવામાં આવતા.

એ રીતે આ સંસ્થા એ સમયના વડોદરા રાજ્યમાં શિક્ષણક્ષેત્રે પૂરી સ્વતંત્રતા ભોગવતી હતી. જેનું સ્વપ્ન સ્વરાજ્ય આવ્યા પછી આજે આવતું નથી.

સ્વરાજ પછી શિક્ષણ સંસ્થાઓને નિયમો, હુકમોથી જકડી નાંખવામાં આવી છે. શિક્ષણને માટે આ સારું નથી.

શિક્ષણખાતા તરફથી આ સંસ્થાને ઘણી છૂટછાટ મળી હતી શિક્ષણખાતુ અહીં થતા શિક્ષણના પ્રયોગોની પ્રશંસા કરતું પણ વહીવટી તંત્ર–મુલકી અને પોલીસ ખાતાને આ સંસ્થાની કામગીરી ગમતી નહોતી.

આ સંસ્થામાં એ સમયના કોંગ્રેસના અગ્રણીઓ – આઝાદીના લડવૈયા આવે અને પ્રવચનો કરે તે સરકારી તંત્રને ગમતું નહોતું. આ સંસ્થાના શિક્ષકો, વિદ્યાર્થીઓ સત્યાગ્રહની લડતોમાં ભાગ લે તે ગમતું નહોતું.

એમાં આ સંસ્થાના ચોગાનમાં કોંગ્રેસના ધ્વજનું વંદન કરવામાં આવ્યું, રાષ્ટ્રગીતો ગવાયા, વન્દે માતરમ્ ગવાયું.

આથી પોલીસ અને મુલકી ખાતું ઊંચુ નીચું થયું. એમને આમાં રાજ્યદ્રોહ દેખાયો. આ સંસ્થાને આ રીતે પ્રવૃત્તિઓ કરવા દેવામાં જોખમ દેખાયું.

આ સંસ્થાને જપ્ત કરવાના કાગળના ઘોડા શરૂ થયા. તાલુકામાંથી પ્રાંતમાં, અને પ્રાંતમાંથી જિલ્લામાં એમ છેવટે એ સમયના દીવાન સાહેબ સુધી એ ઘોડા પહોંચ્યા.

દીવાન સાહેબ પાસે રજુઆતો થઈ. સંસ્થા તરફથી પણ થઈ.

અંતે દીવાન સાહેબે એ કાગળના ઘોડા પાછા ધકેલ્યા.

અને સંસ્થા જપ્ત ના થઈ. આમ છતાં ૧૯૩૦–૩૨ અને ૧૯૪૨ માં આ સંસ્થાએ રાષ્ટ્ર પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો અને સહન પણ ઠીક ઠીક કર્યું હતું. શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સંચાલકોએ હકાલપટી અને જેલના સ્વાદ ચાખેલા.

આ સંસ્થા સહન કરતી ખાડા ટેકરા વટાવતી આગળ વધ્યા કરી છે પરંતુ એનામાંથી રાષ્ટ્રભાવના અને રાષ્ટ્રભક્તિની કમીના થઈ નથી.

રાષ્ટ્રની આઝાદી માટે સહન કરવામાં આ સંસ્થાએ પોતાની ફરજ માની છે અને તેનું તેને ગૌરવ છે.

પરંતુ આઝાદી પછી રાષ્ટ્રભાવના, રાષ્ટ્રભકિત અને રાષ્ટ્રની આઝાદી ટકાવી રાખવા અને રાષ્ટ્રનો વિકાસ સાધવા હુન્નર ઉદ્યોગ–ટેકનોલોજી અને વિજ્ઞાનની જરૂર છે. ટેકનોલોજી અને વિજ્ઞાન દેશના વિકાસ માટે પાયાની ચીજો છે.

એ રસ્તે આપણે છીએ ટેકનિકલ સ્કૂલ અને સાયન્સ કૉલેજ એ માટે શરૂ કરી છે.

અપણે પુસ્તકીયા જ્ઞાન આપી સંતોષ લેવા માગતા નથી. બી. એસ સી. અને બી ઈ. થયા પછી પણ ઘણા યુવાનો બેકાર ફરે છે. આપણે બેકારી વધારવા માગતા નથી.

સાયન્સ કૉલેજમાં જે જ્ઞાન અપાય છે તેને અનુરૂપ આપણે ઉત્પાદન કેન્દ્ર શરૂ કરવા વિચારીએ છીએ. આ કેન્દ્રમાં પુસ્તકીયા જ્ઞાનને કાર્યરૂપ બનાવવા માગીએ છીએ. આ કેન્દ્રમાં ઉત્પાદન કરવામાં પ્રત્યક્ષ અનુભવ મળે તેવું આપણે કરવા માગીએ છીએ.

આમ થાય તો પ્રત્યક્ષ જ્ઞાન મેળવેલ વિદ્યાર્થી, બી. એસ. સી કે એમ એસ. સી. પોતાનું નાનું ઉત્પાદન કેન્દ્ર–કારખાનું શરૂ કરી શકે અને આગળ વધી શકે.

ટેકનિકલ સ્કૂલની સાથે આપણે ટુંકા સમયના–છ બાર માસના અભ્યાસક્રમો યોજવા માગીએ છીએ. આ અભ્યાસ ક્રમમાં એસ. એસ. સી. થયેલાને પણ દાખલ કરી શકાય. ઇલેક્ટ્રીશિયન, વેલ્ડીંગ, લેથનું કામ તેમજ ઓઈલ એન્જીન અને ઇલેક્ટ્રીક મોટર વગેરેને લગતું જ્ઞાન અપાય. આ જ્ઞાન-પ્રત્યક્ષ કામગીરી શીખી ગયેલ કોઇપણ ગમે ત્યાં જાય તો પણ સહેજે રોજના આઠ દશ રૂપિયા કમાઈ શકે. સ્વતંત્ર ધંધો પણ કરી શકે.

શિક્ષિત વર્ગની બેકારી નિવારવાનો આ ઉપાય છે. આપણે પ્રયોગ કરવા માગીએ છીએ.

આ રીતે દેશની પ્રગતિમાં – આબાદી સાધવામાં મદદ થવામાં હવે રાષ્ટ્રસેવા અને રાષ્ટ્રભક્તિ છે.

આ આપણાં સ્વપ્નાં પ્રભુ અમલી કરવા આપણને શક્તિ આપે. ૨૩–૧–૭૦ ]

[ પાન ૬ ઉપરથી ચાલુ ]

પોલિટેકનિક યા કૉલેજમાં જઇ અભ્યાસ કરી શકે છે અને ઉચ્ચતમ નોકરી યા ધંધો કરી શકે છે. હકિકતમાં એવા ઘણા ઉદ્યોગોની જરૂરિયાત પ્રમાણેના ઔદ્યોગિક વિભાગો શરૂ થયેલા છે–થઇ શકે છે અને માધ્યમિક કક્ષા–ઔદ્યોગિક ટ્રેઇડ અને ઉદ્યોગો–સરકારી નોકરી વચ્ચે એક સાંકળ યોગ્ય માર્ગદર્શન હેઠળ હોય તો બહુજ આસાનીથી આ કાર્ય થઇ શકે અને ટેકનિકલ શિક્ષણદ્વારા દરેક પ્રકારે, દરેક કક્ષાએ અને દેશની જરૂરિયાત પ્રમાણે નોકરીની તકો પૂરી પાડવામાં અને બે-રોજગારી હલ કરવામાં મદદરુપ નીવડી શકે છે.

ટૂંકમાં વિદ્યાર્થી ડૉકટર બનાવાનો હોય કે એન્જિનિયર, ખેતીવાડી સંભાળવાનો હોય કે આર્ટસ કે કૉમર્સ ગ્રેજ્યુએટ થવાનો હોય કે પછી વૈજ્ઞાનીક થવાનો હોય–આજના યુગની સામાન્ય જરૂરિયાતોથી દરેકે દરેક ધંધા યા નોકરીની દષ્ટિબિંદુથી જોઇએ અથવા તો બાળકને ચપળ અને હોંશિયાર બનાવવા વિશે જોઇએ તો એ સહેજે ખ્યાલ આવશે કે ટેકનોલોજીકલ માનસ એ આજના યુગની લાક્ષણિકતા છે, અને તેમાં માધ્યમિક કક્ષાએ ટેકનિકલ શિક્ષણ ખૂબજ મહત્વનો ભાગ ભજવે છે. ■


## ગુજરાતની અગ્રગણ્ય અને આપણી સૌની પ્રિય માતૃસંસ્થા

# સુવર્ણજયન્તી

## પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ સર્વે ભાઈ–બેનો પાસે

## અપેક્ષા રાખે છે:

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.

(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.

(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.

(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. ' સુવર્ણ જયંતી ' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.

(૬) ' સુવર્ણ જયન્તી ' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

❀ ફાળાની રકમ ' સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ' ના નામના ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.

❀ આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::

# ટેકનિકલ શિક્ષણનાં મૂલ્યો | જયન્તીભાઈ સી. શાહ

અધિક્ષક, ટેકનીકલ વિભાગ : સર્વ વિદ્યાલય-કડી.

જે શિક્ષિત બનાવે તે શિક્ષણ. પછી ક્ષેત્ર ગમે તે હોય. દરેક ક્ષેત્રમાં શિક્ષણનાં મૂલ્યો હંમેશાં હોય છે જ. જેમ ભાષાઓ, ઇતિહાસ, ભૂગોળ, ગણિતશાસ્ત્ર, સમાજવિદ્યા વગેરે વિષયો ઉપર આદિકાળથી તેની પરંપરાઓ ચાલી આવે છે તેમ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં પણ તેની પરંપરાઓ છે. બીજા વિષયોને જેમ સમાજ અને દુનિયા અપનાવતી આવેલી છે તેજ રીતે વિજ્ઞાન અને ટેકનોલોજી ને પણ સમાજ અને દુનિયા જાણે અજાણે અપનાવતી આવેલી જ છે.

જેમ દરેક વિષયોમાં તેની તાત્વિક બાબતો હોય છે તેમ ટેકનોલોજીમાં પણ છે. એટલું જ નહિ પણ ટેકનોલોજીને તો પોતાની આગવી ભાષા છે; તેનો પોતાનો ઇતિહાસ છે, ભૂગોળ છે, ગણિતશાસ્ત્ર છે, સમાજવિદ્યા છે એમ કહીએ તો પણ ખોટું નથી. કારણ કે ટેકનોલોજી પોતે જ આદિકાળથી પોતાની પરંપરાઓ રચતી ચાલી આવે છે અને વિકસતી જાય છે.

આદિકાળમાં જ્યારે ભાષા હતી છતાં ન હતી, ઇતિહાસ હતો છતાં ન હતો, ગણિત જેવું કાંઈ હતું નહિ, ભૂગોળ હતી છતાં ન હતી તેજ રીતે વિજ્ઞાન હતું છતાં ન હતું, ટેકનોલોજી હતી છતાં ન હતી. માનવી જાણે અજાણે તેનો ઉપયોગ તો જરૂર કરતો હતો જ. તેનો સાદો દાખલો જોઈએ. ટેકનોલોજીમાં છ પાયાના સાદા યંત્રો ગણવામાં આવે છે. (૧) ગરગડી (૨) ઢાળ (૩) પેચ (૪) ફાચર (૫) ધરી અને ચક્ર (૬) ઉચ્ચાલન. હકિકતમાં આજના અણુયુગમાં પણ કોઇપણ પ્રકારના યંત્રો તેમજ અવકાશી જહાજો સુધીની રચના આ છ પાયાના મુખ્ય સિદ્ધાંતો ઉપર જ હોય છે. આ છ યંત્રોમાંથી ગમે તે એક અથવા છમાંથી ગમે તે એકબીજાની સાથેનું જરૂરિયાત પ્રમાણેનું સંયોગીકરણ તે-યંત્ર. માનવી આદિકાળથી જાણે અજાણે તેમનો ઉપયોગ કરતો આવ્યો છે, અને આજે પણ તેનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરે જ છે કારણ કે મનુષ્યનો એ સહજ જ સ્વભાવ છે કે ઓછી મહેનતે વધારે કામ પ્રાપ્ત કરવું.

આ રીતે કુદરતી રીતે કુદરત પાસેથી જે કાંઈ પ્રાપ્ત થઇ શકે અને પોતાના ઉપયોગ માટે તેનો ઉપયોગ કરવો તેનું નામ ટેકનોલોજી. કુદરત પાસેથી જે કાંઇ પ્રાપ્ત થઇ શકે તે મેળવવા માટેની એક શાખા તે વિજ્ઞાન, અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરવા માટેનું સાધન તે ટેકનોલોજી. માટે જ વિજ્ઞાન અને ટેકનોલોજી બે એકબીજાના પૂરક છે.

આમ ટેકનોલોજી યુગોની જરૂરિયાતો પ્રમાણે પાંગરતી આવેલી છે. આજના અણુયુગની જરૂરિયાતો પ્રમાણે આજે પણ તેની તેટલી જ વિકાસ ગાથાઓ રોજ-બ-રોજ સાંભળીએ છીએ. હવે પ્રશ્ન એજ છે કે આ પ્રકારના જ્ઞાનને વ્યવસ્થિત રીતે બાળકોને આપીએ જેથી તેમની કલ્પનાશકિત વધે અને વિજ્ઞાન અને ટેકનોલોજીના સિદ્ધાંતોનો વધુ પ્રમાણમાં કંઇક નવા પ્રકારના જોડાણો કરી શકે અને સમાજ અને દેશના કામોમાં વધુ ફાળો આપી શકે.

આપણે બીજી મોટી મોટી વાતો જવા દઇએ પરંતુ આ પ્રકારના જ્ઞાનનો વ્યાવહારિક રોજ-બ-રોજ ઉપયોગી શી રીતે થઈ શકે તેટલું જ જો સમજવા કોશિશ કરીએ તો પણ તેનાં મૂલ્યો આંકી શકીએ. આજે ટેકનોલોજીનો એટલો બધો વિકાસ થયેલો છે, તેની શાખાઓ અને પેટાશાખાઓ એટલી બધી વિકસી છે કે જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે. એટલું જ નહિ પરંતુ તેના દરેક શબ્દે શબ્દે ઉદ્યોગો ખીલેલા છે. પરંતુ માધ્યમિક કક્ષા સુધીનું ટેકનીકલ જ્ઞાન અને બાળકોની રુચિ પ્રમાણે તેને યોગ્ય માર્ગદર્શન આપીએ તો પણ ઘણું ઉપયોગી નીવડે તેમ છે.

સ્વાભાવિક રીતે એ પ્રશ્ન થાય કે નાના બાળકોને અને ધો. ૧૧ સુધીના વિદ્યાર્થીઓને ટેકનિકલ વિષયો અંગે તાલીમ આપવી યોગ્ય છે કે કેમ? લાખો રૂપિયાનો ધૂમાડો કરવો શું યોગ્ય છે! તો આવા કોઇપણ પ્રકારના પ્રશ્નનો સ્પષ્ટ જવાબ હોય કે પ્રાથમિક કક્ષાએથી ટેકનિકલ શિક્ષણની જરૂરિયાત છેજ એટલું જ નહિ પરંતુ નાનાં બાળકોનાં રમતગમતનાં સાધનો પણ એ પ્રકારનાં હોવાં જોઈએ જેથી બાળકોનું માનસ વ્યવસ્થિત રીતે કેળવાય. આવા સાધનો અલબત્ત મળે જ છે. રમકડાં બનાવવા માટેના વિભાગો જુદા જુદા મળે છે. તેની સાથે કેમ જોડવા તેની સમજ આપવામાં આવેલી હોય છે. પાંચેક વર્ષનો બાળક આવું રમકડું બહુ જ આસાનીથી અને હોંશથી બનાવે છે. એટલે કે આ પ્રકારનું એક માનસ કેળવાય છે. તેથી બાળક બુદ્ધિશક્તિથી ચપળ અને હોંશિયાર બને છે તે સાબિત થયેલી એક હકિકત છે. માટે જાણે અજાણે નાના બાળકોને આપણે એ પ્રકારનું શિખવવાનું ચૂકતા નથી, કારણ નાનાં બાળકોના માનસિક ઘડતર માટે એ જરૂરી છે.

તેજ રીતે સીધી યા આડકતરી રીતે બાળકને જેમાં વધુ રસ પડે તે રીતે તેનું ઘડતર થાય એ વધુ યોગ્ય છે. અલબત્ત આપણા ગરીબ દેશમાં આર્થિક કારણોસર એ હજુ વિશેષ ધ્યાનરુપ નથી બન્યું અને તેથી જે તે ક્ષેત્રમાં યોગ્ય વ્યક્તિ મળી શકતી નથી. પ્રાથમિક કક્ષાએ રુચિ અનુસાર તેની માનસિક ખિલવણી થાય તે ઘણું જરૂરી છે. ટેકનિકલ બાબતોમાં રસ ધરાવતાં બાળકને વિશેષ એ તરફ દોરવામાં આવે એ

જરૂરી છે. જેથી વધુ કાર્યક્ષમ માણસો જે તે શાખામાં મળી આવે. પ્રાથમિક કક્ષામાં બાળકને જો ટેકનિકલ શિક્ષણ આપવામાં આવે તો તેનો અર્થ એવો નથી કે તે ફક્ત કારીગર જ તૈયાર થાય. હકિકતમાં એક સારા એન્જિનિયર થવા માટેની તક પૂરી પાડે છે. સુવ્યવસ્થિત શૈક્ષણિક માળખા હેઠળ તે ચોક્કસપણે થાય છે.

માધ્યમિક કક્ષાએ ટેકનિકલ શિક્ષણ બાબતમાં વધુ ઉત્સાહ જોવા મળે છે. પરંતુ તેમાં પણ સમાજમાં જોઈએ તેટલો પ્રત્યાઘાત મોટા શહેરો સિવાય જોવા મળતો નથી. તેના કારણોમાં કદાચ શ્રમ પ્રત્યેનો અભાવ હોય યા ઘણા એમ માનતા હોય કે સુથારી કે લુહારી કે ફિટીંગ વગેરે વિભાગોમાં કામ કરવાથી બાળક સુથાર કે લુહાર તો નહિ બને ને ? હકિકતમાં આતો ફક્ત ટેકનોલોજીના ઘણા વિષયોમાંનો ફક્ત એક જ વિષય છે અને તેના પ્રાયોગિક અનુભવ પ્રાપ્ત કરવા માટેના વિભાગો છે. પરંતુ જાણે અજાણે તેની કિંમત કદાચ ઓછી આંકવા માટેનો પ્રયાસ થતો હોય. એસ. એસ. સી. માં ટેકનિકલ વિષયો જે સામાન્ય રીતે ફકત ત્રણ વિષયો લેવામાં આવે છે તે વિષયો સાથે વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીઓની માફક કોઈપણ વિદ્યાશાખામાં જઈ શકે છે. હકિકતમાં બીજા વિદ્યાર્થી કરતાં ટેકનિકલ વિષયો સાથેનો વિદ્યાર્થી વિશિષ્ટ લાયકાત સાથેનો ગણાય છે. તેમ જ તે વિદ્યાર્થી પોલિટેકનિક કૉલેજ યા પ્રિ. સાયન્સમાં જઈને એન્જિનિયર થઈ શકે છે. એ બાબતમાં વિચાર કરવાને બદલે માધ્યમિક કક્ષાએ ટેકનિકલ જ્ઞાન વ્યવહારમાં કેટલું ઉપયોગી છે તેને વિષે વિચાર કરીએ તો પણ સહજ જ ખ્યાલ આવશે કે તે રોજ–બ–રોજના વ્યાવહારિક ઉપયોગમાં ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે, અને તે રીતે માધ્યમિક કક્ષાએ ટેકનિકલ શિક્ષણની કિંમત જેટલી આંકીએ તેટલી ઓછી છે.

હકિકતમાં એસ. એસ. સી. ટેકનિકલ વિષયો સાથે પાસ થતો વિદ્યાર્થી આગળ ભણવાનો હોય યા ન ભણવાનો હોય તો પણ તેને માટે આ ખૂબજ ઉપયોગી નીવડે છે. કારણ કે તે ધંધામાં યા નોકરીમાં વ્યાવહારિક સૂઝથી, કુશળતાથી કામ કરી શકે છે. ટેકનીકલ શિક્ષણની પાયાની વાત જ અથવા તો ખુબી જ એ છે કે આ પ્રકારનું શિક્ષણ લેતાં લેતાં જ તેનામાં વિચાર કરવાની શકિત બીજા કોઈપણ વિષય કરતાં વધુ ખીલવી શકે છે. અને તેથી "એન્જિનિયરનું કામ સામાન્ય બુદ્ધિનું છે" એ પાયાનું સૂત્ર ગણવામાં આવે છે. આજના યુગમાં એવી ભાગ્યેજ વસ્તુ જોવા મળશે કે જે કારખાનાઓમાં તૈયાર ન થતી હોય. આપણા ઘરની અંદર નજર કરતાં આપણને એનો સહજ જ ખ્યાલ આવે છે. હકિકતમાં આ અણુયુગમાં વીજળી એ પાયાની વસ્તુ ગણાય છે. ધો.–૯માં વિદ્યાર્થી આવતાં વીજળીએ શું છે અને ફ્યૂઝ ઊડી ગયો હોય તો કેમ બાંધવો તેનું જ્ઞાન પ્રાપ્ત કરી લે છે. ઘરની અંદર કોઈ વસ્તુ પછી તે લાકડાની હોય અથવા લોખંડની હોય તેને કેમ રીપેર કરવી અથવા તેને કેવી સારી રીતે અને ઓછા ખર્ચે મેળવી શકાય તેવી સહજ જ કલ્પનાશક્તિ અને વ્યાવહારિક બુદ્ધિ બીજા કોઈપણ વિદ્યાર્થી કરતાં વિશેષ હોય છે એ શંકા વગરની વાત છે. માટે ઘરના રોજબરોજના કાર્યમાં ટેકનિકલ વિષયોનું જ્ઞાન ધરાવતો વિદ્યાર્થી બીજા કોઈપણ વિદ્યાર્થી કરતાં કદાચ આ રીતે વધુ ઉપયોગી નીવડતો હશે. જ્યારે આપણા દેશમાં કૉલેજકક્ષાએ ખૂબજ નોંધપાત્ર એવી ઓછી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા જતા હોય છે. અને તેમાં પણ નોંધપાત્ર તેવી ઓછી સંખ્યામાં બહાર પડે છે. ત્યારે રોજિંદા કામમાં આવતું આ પ્રકારના શિક્ષણનું મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું છે.

શહેરોમાં માધ્યમિક કક્ષાએ એટલે કે આઠમા ધોરણમાં ટેકનિકલ વિભાગમાં પ્રવેશ માટે વધારે ધસારો જોવા મળે છે. પરંતુ ગ્રામ્ય કક્ષાએ આ બાબતમાં જોઈએ તેવી જરૂરિયાતો અને સુવિધાઓ ઊભી થઈ નથી, હકિકતમાં ગામડાઓમાં માધ્યમિક શાળાઓ જ્યાં શરૂ થાય છે ત્યાં વિવિધલક્ષી શાળાઓજ ખોલવી જોઈએ. જેમાં મુખ્યત્વે ખેતીવાડી અને ટેકનિકલ બાયસ હોય. ખેતીવાડી અને ટેકનિકલ બાયસ એક બીજાના પૂરક રહેશે. ગામડાંઓમાં ધો.–૮માં બે એક વર્ગોથી વિશેષ હોતા નથી, માટે આ પ્રકારના જુદા જુદા બાયસ વાળા વિભાગો હોય એ ગામડાઓની ખિલવણીને વધુ અનુરૂપ ગણાશે. ખેતીવાડીના ઓજારો અને હવે તો ટ્રેકટર, ઇલેકટ્રીક મોટર, એંજિનો વગેરે હરિયાળી ક્રાંતિ માટે અગત્યનાં સાધનો ગણવામાં આવે છે. તેનું પાયાનું જ્ઞાન આ રીતે ગ્રામ્યકક્ષાએ બાળકો મેળવી શકશે તેમજ રોજ બરોજનાં કાર્યોમાં ઉપયોગી નીવડે.

માધ્યમિક ટેકનિકલ શિક્ષણનું મૂલ્ય એ રીતે શહેર અને ગામડાંમાં દરેક જગ્યાએ એક સરખું છે. આ સિવાય પણ એક બીજા દૃષ્ટિબિંદુથી વિચાર કરવો યોગ્ય ગણાશે દરેક વિદ્યાર્થી કૉલેજમાં જઈ શકતો નથી. દરેકને નોકરી મળતી નથી. દરેક વ્યક્તિ ધંધો કરી શકતો નથી. તો જેમને ધંધો કરવો છે તેમને માટે તકો રહેલી છે. આર્થિક કારણોસર અભ્યાસ કરી શકે તેમ ન હોય તેમને માટે વધુ પ્રમાણમાં તકો હોવી જરૂરી છે. આપણા દેશમાં આ પ્રકારનો વિશાળ વર્ગ છે. તેમને માટે ધો.–૭ ધો.–૧૦ અને ધો.–૧૧ થી એમ વિભાગો છે. ધો. ૭ અથવા ધો. ૧૦ પાસ કરીને તે વિદ્યાર્થી યોગ્ય તે ટ્રેઇડમાં અથવા સર્ટીફીકેટ કોર્સમાં જઈ શકે છે અને ઉદ્યોગોમાં તેમજ સરકારી નોકરી મેળવી શકે છે ધો.–૧૧ પાસ કર્યા પછીથી ઉપલી કક્ષામાં યોગ્ય તે ટ્રેઇડમાં અથવા

[ અનુસંધાન પાન ૪ ઉપર ]

[ પેજ ૨ જા ઉપરથી ચાલુ ]

અમારા તે વખતના ગુરુ સ્વ. શ્રી ઉમેદભાઇ, શ્રી વાલજીભાઈ, શ્રી રાવલસાહેબની ત્રિપુટી અને વિદ્યાર્થીઓના સાહિત્ય અને ભુગોળના જ્ઞાન તરફની અભિરુચિ કેળવતી આનંદી વાતાવરણ સદા ખડુ કરતી. આ અને બીજા તે વખતના અમારા ગુરુઓ તેઓના તે વખતના ટુંકા પગારમાં સંતોષ માની એક સસ્થા માટે અને વિદ્યાર્થીઓ માટે ચોવીસે કલાક એક તમન્નાથી કામ કરતા આ બધા સાચા સેવકોને કેમ વિસરાય ?

આ પછી તો સંસ્થામાં કેટલાયે શિક્ષકો આવ્યા અને ગયા અને સંસ્થાની અને વિદ્યાર્થીઓની સેવા કરતા ગયા. તેમાં શ્રી નાથાભાઇ નારણદાસ દેસાઈ સાહેબ આચાર્ય તરીકે ઘણો વખત આ સંસ્થામાં રહી આ સંસ્થાના વિદ્યાર્થીઓના મન ઉપર સારા સંસ્કારો રેડવામાં અગ્ર ભાગ ભજવેલ; અને તેમના ચીલે ચીલે આજના આચાર્યશ્રી મોહનભાઈ સાહેબ અને શ્રી ચતુરભાઈ, વ્યાયામ શિક્ષક અને અન્ય શિક્ષકગણ આજ સંસ્થાની સેવા આપી રહ્યા છે. મેં આજ સંસ્થાની ગોદમાં મારા દીકરાઓને દાખલ કરાવી તેમનું જીવનઘડતર આજ ભુમિ ઉપર બીનકલુષિત વાતાવરણ વચ્ચે અને આવા સેવાભાવી આચાર્યો–શિક્ષકો પાસે ઘડાવ્યું છે. (જેથી મારી આ માતૃભુમિ ઉપર અવરજવર ચાલુ હતી અને કાયમ રહેશે.) સારી એવી આબોહવા અને નિર્મળ–સ્વચ્છ વાતાવરણમાં રહી તેમની પાસેથી અમારા દીકરાઓએ ઉચ્ચ સંસ્કારો મેળવ્યા અને આજે પોતાના સ્વતંત્ર વસવાટોમાં રહી સારી એવી જગ્યા ઉપર અને બીજા ભાઇઓને પણ ઉચ્ચ શિક્ષણ અપાવવાની અભિલાષા સેવી રહ્યા છે તે બધુ આ માતૃમયી સંસ્થા અને તેમનું જીવનઘડતર શ્રી આચાર્યો અને સર્વે શિક્ષકગણને આભારી છે. તે માતૃ સંસ્થાને કેમ વિસરાય ?

પૂ. દાસકાકા પણ અમ વિદ્યાર્થીગણની–આશ્રમ તથા વિદ્યાલયની અવારનવાર ખુબ સંભાળ લેતા. તેઓશ્રી ઘણી વખત અમારા કલાસ પણ લેવા આવતા, અને અમારું જીવનઘડતર, ઊંચે લાવવા પણ વિદ્યાર્થીઓમાં આવી મિલનસાર સ્વભાવથી અમારા વચ્ચે બેસી ખુબ ખુબ વાતો કરતા. એક વખત તેઓશ્રી અમારા તે વખતના ચાલતા અમારા અંગ્રેજી બીજા-ત્રીજા ધોરણમાં કલાસ લેવા આવેલા. તે વખતે તેઓશ્રી અમોને રમુજી ટૂચકા બહુ કહેતા. તેમાંની એક ઊંટની વાત તેઓશ્રીએ અમારા કલાસમાં માંડેલી તે અમને હજુ પણ સાંભરે છે. એવા પૂ. દાસકાકા શરૂઆતથી અને હજુ સુધી પણ આજ સસ્થાનો ઉત્કર્ષ સાધવામાં તેઓશ્રીનો અમૂલ્ય વખત આપી જે સેવા આપી રહ્યા છે તે ખૂબ પ્રશંસનીય છે.

આ ઉપરાંત તે વખતે આપણી આ માતૃભુમિને મદદરૂપ થતા અને સંચાલન કરતા શ્રી રામચંદ્ર અમીનસાહેબ, પૂ. સ્વ. શ્રી જેઠાલાલ સ્વામીનારાયણ પ્રોફેસરસાહેબ, શ્રી રતિભાઇ અમીનસાહેબ વગેરે અને બીજા ઘણા ભાઇઓએ તેમના અમુલ્ય વખતનો ભોગ આપી સેવાઓ કરી આ સંસ્થાના પાયામાં નાખી, પાયા મજબુત બનાવ્યા છે તે વિસરે તેમ નથી.

અંતમાં નાનપણમાં આવી માતૃમયી સંસ્થામાં રહી મારા જીવનનું ઉચ્ચ ઘડતર ઘડી–કેળવણી એ શું ચીજ છે તેવી સુવાસ અને સંસ્કારો આજ સંસ્થામાં રહી મેળવી; નાનપણના મારા આ સંસ્થાના જ્ઞાન દીવાથી અત્યારનું સારું એવું જીવન ગુજારી રહ્યો છું તે બધું આ માતૃમયી સંસ્થામાંના મારા ઉચ્ચ જીવનઘડતરને આભારી છે; તે વિસરી શકાય તેમ નથી.

આ પછી મારા જ ગામના અને મારી આજુબાજુના ઘણાજ વિદ્યાર્થીઓએ આ સંસ્થામાં રહી ઉચ્ચ જીવનઘડતર ઘડી તેમાંથી ઘણાઓ સારા એવા ધંધે, અને ઉચ્ચ કક્ષાએ છે, જે આ સંસ્થાની ઉચ્ચ પાયાની કેળવણી અને સંસ્કારને આભારી છે, જે કોઇનાથી વિસરાય તેમ નથી.

આવી માતૃ સંસ્થાના વિદ્યાર્થી હોવાનો સદાય ગૌરવ અનુભવતો હું છું.

---

## ગુજરાત ગોશાળાને
## કરજીસણ તા. કડી ગામેથી મળેલી મદદ

તા. ૧૭–૨–૭૦ ના રોજ કરજીસણ તા. કડી ગામે ગુજરાત ગોશાળાના મંત્રી વકીલ ધનાભાઇ હ. પટેલ જતાં મદદ માટે વિનંતિ કરતાં નીચે મુજબની રોકડ મદદ મળી હતી અને વધુ મદદ માટે ફરી ઘઉં વઢાયે ગામની મુલાકાત લેવા ગામ આગેવાનોએ જણાવ્યું હતું.

૨૫) પટેલ ભગવાનદાસ શીવદાસ
૧૫) પટેલ ભીખાભાઈ નારણદાસ
૧૫) ,, પુંજાભાઈ વસ્તાભાઇ
૧૧) ,, ગોરધનદાસ ગોકળદાસ
૧૧) બારોટ રામપ્રતાપ મોહનલાલ
૧૧) પટેલ શંકરભાઈ નથુદાસ
૫) ,, રામાભાઈ જીવીદાસ
૫) ચાવડા નાથુજી ઉમેદજી

અન્ય ગામોના આગેવાનોને તથા સખી ગૃહસ્થોને ગોશાળાને મદદ મોકલી આપવા વિનંતિ છે. મદદ કરનાર ગૃહસ્થોનો આભાર માનીએ છીએ.

ધ. હ. વકીલ
મંત્રી, ગુજરાત ગોશાળા–કડી

---

### ત્રણ હાઇકુ : અનામી

**સામ્યવાદ**
વ્યાઘ્રસવારી
આરોહણ જીવન
ઉતર્યે યમ.

**ધ્રુવી કરણ**
ધ્રુવી કરણે
વિચાર-ધનશુદ્ધિ ?
રે શંભુમેળો !

**‘ભા’**
માતાની માય.
પિતાની અભિલાષા
રસાયણ ‘ભા’.

# સુવર્ણ જયંતી ફાળામાં

## નીચેની નવીન રકમો લખાઈ છે.

### દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

(૮૪૩૮૪) આગળનો સરવાળો (અંક ૨૨)
૫૦૧) શ્રી વિઠ્ઠલભાઈ કાકુદાસ પટેલ જાસલપુર, તા. કડી
૨૫૧) શ્રી મધુભાઈ નરોત્તમદાસ પટેલ
આચાર્યશ્રી, સાર્વજનિક વિદ્યાલય, જાસલપુર
૨૫૧) શ્રી સેંધાભાઈ સોમદાસ પટેલ
હ. શ્રી રામભાઈ સોમદાસ જાસલપુર, તા. કડી
૨૫૧) શ્રી અમૃતભાઈ ગોવિંદદાસ પટેલ
હ. શ્રી કાન્તિભાઈ તથા શંભુભાઈ પટેલ
માથાસુળ, તા. કડી
૨૫૧) શ્રી કુબેરભાઈ હરિભાઈ પટેલ જાસલપુર, તા. કડી
૨૫૧) શ્રી પ્રફુલ્લચંદ્ર નારણભાઈ પટેલ
હ. શ્રી નારણભાઈ કાકુદાસ પટેલ, જાસલપુર,
૨૫૧) શ્રી બળદેવભાઈ મગનદાસ પટેલ, જાસલપુર,
૨૫૧) શ્રી આત્મારામભાઈ નથ્થુદાસ પટેલ
હ. શ્રી સોમભાઈ નથ્થુદાસ પટેલ, સરસાવ,
૨૫૧) શ્રી પ્રહલાદભાઈ સોમદાસ પટેલ
હ. શ્રી નારણભાઈ સોમદાસ પટેલ, સરસાવ,
૨૫૧) શ્રી બળદેવભાઈ કચરદાસ પટેલ
હ. શ્રી કચરદાસ બેચરદાસ પટેલ, સરસાવ,
૨૫૧) શ્રી શંભુભાઈ હરગોવિંદદાસ પટેલ, સરસાવ,
૨૫૧) શ્રી આત્મારામભાઈ ચતુરદાસ પટેલ, સરસાવ,
૨૫૧) શ્રી કાન્તિભાઈ મગનદાસ પટેલ
હ. શ્રી મગનદાસ જીવીદાસ પટેલ, સરસાવ,
૨૫૧) શ્રી સોમનાથ કામેશ્વર ઉપાધ્યાય સરસાવ, તા. કડી
૨૫૧) શ્રી કચરાલાલ અંબાલાલ પ્રજાપતિ
હ. અંબાલાલભાઈ પ્રજાપતિ ખેરપુર, તા. કડી

(૮૮૩૯૯)

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.

૨૫૧) શ્રી ચતુરભાઈ ડુંગરદાસ C/o કાન્તિલાલ
વિઠ્ઠલદાસની કું. માણેકચોક, અમદાવાદ
૨૫૧) શ્રી ગુણવંતલાલ આત્મારામદાસ C/o કાન્તિલાલ
વિઠ્ઠલદાસની કું. માણેકચોક, અમદાવાદ
૨૫૧) શ્રી કચરાભાઈ છગનદાસ પટેલ
ભરતકુંજ સોસાયટી, મીઠાખળી–અમદાવાદ

## ગુજરાત ગોશાળાની મુલાકાત લેતા આગેવાન ખેડૂતો

તા. ૧૮–૨–૭૦ ના રોજ ગોશાળાના મંત્રી વકીલ ધનાભાઈ સાથે કલોલ તાલુકાના મોખાસણ ગામના ખેડૂત અને આગેવાન **શ્રી સોમદાસ કાળીદાસ પટેલે** તથા **શ્રી મોહનલાલ મણીલાલ પટેલે** ગુજરાત ગોશાળાની મુલાકાત લીધી હતી. તેઓએ ગોશાળાની ગાયો–વાછરડાં નજરે જોઈ ગાયોની હાલત વખાણી હતી. પરંતુ સાંઢ બદલવાની સૂચના કરી હતી. ત્યારબાદ તમામ જમીન ઉપર તે ફર્યા હતા, અને ખેતી ઉપયોગી સૂચનો કર્યાં હતાં અને ઉકરડાને સળંગ બનાવી નીચે ઈંટોથી પાકું તળ બનાવી ખાતર સારું કેવી રીતે બને તે સૂચવ્યું હતું. હાઈબ્રીડ એરંડાનું વાવેતર વધારવાથી બીજા વરસે બાજરી સારી થાય તે અનુભવ વાક્ય ઉચ્ચારી પાણી માટે નવીન સારો બોર કરવાની જરૂરિયાત પિછાણી હતી. ગોશાળાનું મોખાસણ ગામે ફંડ કરવા કાર્યકરો આવશે તો પોતાનો સારો સહકાર આપવાની ભાવના વ્યક્ત કરી હતી.

# ભાવ મોકલી આપો

**[૧] સાયન્સ** કૉલેજ હોસ્ટેલ તથા જુનિયર ટેક્નીકલ હોસ્ટેલના નવા મકાનોમાં ઈલેક્ટ્રીક લાઈટનું કેસીંગ – કેપીંગનું ફીટીંગ માલસામાન સાથે અગર માત્ર મજૂરીના ભાવથી કરવાનું છે. અંદાજે દરેક મકાનમાં ૧૦૦ પોઈન્ટનું કામ છે. નીચેના સ્થળે કામની વિગત તથા શરતો જોવા મળશે. કામ કરી આપવા માગતા કોન્ટ્રાક્ટરોએ તા. ૨–૩–૭૦ સુધીમાં પોતાના ભાવ નીચેના સ્થળે મોકલી આપવા.

**[૨] સાયન્સ** કૉલેજ હોસ્ટેલ તથા જુનિયર ટેક્નીકલ હોસ્ટેલ માટે **નીચેનું ફરનીચર ખરીદવાનું છે.**
(૧) ટેબલ સાગના લાકડાનાં
(સાઈઝ ૩ ફુટ × ૧॥ ફુટ × ૨॥ ફુટ) નંગ ૧૬૦
(૨) 'ક્રોમેલાઈટ' લોખંડની ખુરશી નંગ ૧૬૦
(૩) લોખંડના પલંગ (સાઈઝ ૬ ફુટ × ૨॥ ફુટ × ૧॥ ફુટ પાઈપના પાયા–એંગલનું ચોકઠું–લોખંડની પાટી જડેલી) નંગ ૧૬૦

નીચેના સ્થળે કામની વિગત, શરતો તથા નમુના બતાવવામાં આવશે. માલ પૂરો પાડવા માગતા વહેપારીઓએ તા.૨–૩–૭૦ સુધીમાં પોતાના ભાવ નીચેના સ્થળે મોકલી આપવા.

મંત્રીશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ
રેલ્વે સ્ટેશન સામે, કડી (ઉ. ગુ.)

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી : તા. ૨૬–૨–૭૦

૧૫

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૅાય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૫-૩-૭૦ [ અંક ૨૪

## પ્રથમ શબ્દે..... | ભગવત્ સુથાર

( શાર્દુલ.... )

આનન્દુ અભિનન્દતાં દિલથકી સ્નેહે રહ્યાં જે મળી,
શાન્તિથી સહકારથી દિલભરી બિરદાવતાં વૃત્તિમાં
પ્રવૃત્તિ કરવા ચહે દિલ અમ, કોડેભર્યું હર્ષથી.
નિર્મિતિ કરવી હવે ઉદધિની, ચાલે વિના જળથકી ?

હો જો સૌ ઝરણાં સ્વરૂપ અધુના દેજો મીઠાં ગીતડાં.
વિદ્યાનું છે ધામ આ અમતણું પૃથ્વી પટે મોતીશું.
તારા છો, તેજ થકી પ્રબળતમ, તમે ડૂબ્યાં જો કદી
પામો માર્ગ, સત્યજ્ઞાન લાધો, તેજેભર્યાં ગૌરવમહીં.

ઝૂકે છે સહકાર સહકારે આમ્રઘટા છવાય તો,
પામે છે જલધિજલ જલજના પ્યારા સદા પૌરુષે,
ખીલે છે ફૂલડાં અનિલલહરે દેવા સુગંધ નિજની,
દે છે ચંદન સુવાસ અદકી પુનઃ પુનઃ ઘસીટતાં.

શાતા થાયે ધરતી-ઉરની પામી નવાં બીજાંકુરો
સાહિત્ય-પુષ્પો થકી પ્રણમું છું. 'સુવર્ણ જયંતી' અહો !

**: : સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો : :**

# તિમિરે તેજ

**રણજિત પટેલ (अनामी)**

ગાંધી! ત્હમારી શતાબ્દીમાં જ
જામી આ આંધી!
કેવી વિડંબના! કેવો ઉપહાસ!
વિધિની કેવી વિચિત્રતા! વક્રતા!
મુક્તિ બને બંધન ને કારાવાસ.

આઠ આઠ દાયકાનો સહકાર
ઝૂલ્યો - ફૂલ્યો - ફળ્યો
મુક્તિ - શાખે.

પડતર ધરા કરી સાફ દાદે ભારતના.
શુમ અને વેડરબર્ને
કંકર ને કંટક ને
ઝાંખરાંને કરી દૂર
ફલવતી ધરા મહીં
જાગ્રતિનાં બીજ રોપી
વહાવ્યાં સેવાનાં પૂર.
તૈયબજી—ગોખલેની મરામતે,
તિલકની કલમી કરામતે,
ભારતની મુક્તિ કેરું વૃક્ષ ઊગ્યું
રાષ્ટ્રપિતા માવજતે
નભે પૂગ્યું.
અડીખમ ખોઝ એનો સંત્રી!
વલ્લભ શો દુર્લભ સેનાની અને
જવાહર મંત્રી.

આઠ આઠ દાયકાનો સહકાર!
મુક્તિ-મોંઘી, સ્થિર તંત્ર,
લોકશાહી — ફળનો દાતાર!
પારાવાર એનો ઉપકાર.
આજે ચાર પેઢી પછી—
એને અમરતે ઉછરેલ પરિવાર
ઉચ્છેદે સહકાર!
દેશે હાહાકાર!
સુંદ-ઉપસુંદ જેવી કથા
જનની બે : શિશુ એક : વ્યથા,
ઉભયનો નાશ શિશુ નાશ, કોને તથા?
કુરુક્ષેત્ર ધર્મક્ષેત્ર નહીં,
ખરી મચી યાદવી સહી.
કૃષ્ણ - વ્યાસ - ધર્મ - ભીષ્મ છતે
કુરુક્ષેત્ર - યાદવી શું પતે?
પુરા થયું સમુદ્ર - મંથન.
પ્રાપ્ત હવાં અમી - હાલાહલ.
સુરાસુર પીએ અમી-ઘૂંટ
વિષ પ્રાશે કોક નીલ—કંઠ!

## 'સુવર્ણ જયંતી' અંગેની માહિતી

**[ફોર્મ નં. ૪—નિયમ નં. ૮ ની રૂએ]**

| | |
|---|---|
| ૧. પ્રકાશનું સ્થળ | સર્વ વિદ્યાલય કેમ્પસ—કડી (ઉ. ગુ.) |
| ૨. એના પ્રકાશનની સામાયિકતા | દર ગુરુવાર |
| ૩. મુદ્રકનું નામ | શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | સર્વ વિદ્યાલય કેમ્પસ—કડી (ઉ. ગુ.) |
| ૪. પ્રકાશકનું નામ | શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | સર્વ વિદ્યાલય કેમ્પસ—કડી (ઉ. ગુ. |
| ૫ તંત્રીનું નામ | શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | સર્વ વિદ્યાલય કેમ્પસ—કડી (ઉ. ગુ.) |

૬. જે અખબારના માલિક હોય તે શખ્સોનાં અને કુલ થાપણના એક ટકાથી વધારે રોકનાર ભાગીદારો અથવા શેરહોલ્ડરોના નામ અને સરનામાં

માલિક : શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ—કડી

પ્રમુખ : શેઠશ્રી અરવિંદપ્રસાદ ન મફતલાલ બેંકબે રેકલેમેશન મુંબાઇ—૧

ઉપપ્રમુખ : શ્રી રામચંદ્રભાઇ જમનાદાસ અમીન એમ. પી. (લોકસભા)
૨૧ પટેલ સોસાયટી એલિસબ્રિજ અમદાવાદ—૬

મંત્રીઓ : શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ એમ. એલ. એ. પીલાજીગંજ, મહેસાણા
શ્રી છગનલાલ રા. વકીલ કડી (ઉ. ગુ.)

વ્યવસ્થાપક મંડળના સભ્યો :—

| | |
|---|---|
| શ્રી પરભુદાસ કિશોરદાસ બીડીવાલા | ગોમતીપુર, અમદાવાદ |
| શ્રી પુરુષોત્તમદાસ ભોગીલાલ છીંકણીવાળા | ગોમતીપુર, અમદાવાદ |
| શ્રી નાગરદાસ બહેચરદાસ પંચાલ | સરસપુર, જયભારત રંગશાળા, અમદાવાદ |
| શ્રી ડૉ. સોમાભાઇ સી. દેસાઈ | ૭ કૈલાસનગર, અમદાવાદ—૯ |
| શ્રી મોતીભાઇ ભીખાભાઈ મારફતીયા | શ્રીનિકેતન આશ્રમ રોડ, અમદાવાદ—૧૩ |
| શ્રી નવીનચંદ્ર પ્રહલાદજી | તુલસીબાગ, અમદાવાદ—૬ |
| શ્રી ડૉ. ત્રિભોવનદાસ ન. પટેલ | રીલીફ સિનેમા પાસે, રીલીફરોડ, અમદાવાદ |
| શ્રી છોટાલાલ મગનલાલ પટેલ | મણીપુર, સાખવાનો માઢ, કડી |
| શ્રી ડૉ. માણેકલાલ છગનલાલ | ,, ,, કડી |
| શ્રી છગનલાલ કાળીદાસ વકીલ | ટાવર પાસે, કલોલ |
| શ્રી નટવરલાલ અમૃતલાલ | સરદાર પટેલ સોસાયટી કડી |
| શ્રી ધનાભાઇ હરગોવિંદદાસ વકીલ | કડી |
| શ્રી પદ્મકાન્ત રતીલાલ દેસાઇ | ૧૭ અલકાપુરી, આશ્રમ રોડ અમદાવાદ-૧૩ |
| શ્રી હરગોવિંદદાસ ધનાભાઈ | રાજમહેલ રોડ, મહેસાણા |
| શ્રી કાળીદાસ ઝીણાભાઇ | વામજ તા. કડી |
| શ્રી વિઠ્ઠલભાઈ ખેચરદાસ | અમદાવાદી દરવાજા, કડી |

હું શ્રી પુરુષોત્તમદાસ ર પટેલ આથી જાહેર કરું છું કે ઉપરની હકીકત મારી માન્યતા અને જાણ પ્રમાણે સાચી છે.

પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશક

કાળ-પ્રભુ! બાજીગર! તારી
બાજી-લીલા અકલિત ભારી.
ઇષ્ટાપત્તિ લેખી સહુ સહું,
તિમિરેથી તેજ-પુંજ લહું.



# નિષ્ઠાવાન આચાર્ય શ્રી નાથાભાઈ દેસાઈ

લેખક : પ્રો. આર. સી. પટેલ

બી. ઇ. (મિકેનીકલ) બી. ઇ. (ઇલેકટ્રીકલ) એ. આર. સી.
એસ. ટી. (ગ્લાસગો) : એમ. એસ. સી., (બર્મીંગહામ)
એમ. આઇ. ઇ., એમ. સી. આઇ; એમ. આઈ. ઈ.
પ્રોફેસર ઑફ મિકેનીકલ એન્જિનીયરીંગ,
એમ. એસ. યુનિવર્સિટી ઓફ બરોડા.

**મારા** જીવનનું એ સદ્‌ભાગ્ય ગણાવું જોઇએ કે જે વર્ષે પાટણના સ્કૂલ છોડી હું સર્વ વિદ્યાલયમાં દાખલ થયો તે જ વર્ષે પૂ. નાથાભાઇ દેસાઇ સાહેબ પણ સર્વ વિદ્યાલયના આચાર્યપદે નિયુક્ત થયા. ૧૯૪૨ થી ૧૯૪૯ સુધી સર્વ વિદ્યાલયમાં મારો અભ્યાસકાળ ચાલ્યો તે દરમ્યાન પૂ. દેસાઇ સાહેબ આચાર્યપદે રહ્યા એને મારું હું બીજુ સદ્‌ભાગ્ય સમજુ છું. આ કાળ દરમ્યાન મારા કિશોર–ચિત્ત પર એમના જીવનની જે ઊંડી છાપ પડી તે આ પ્રમાણેના છે.

સાધારણ રીતે સાદાઇ, ખડતલપણું, નિયમિતતા, જીવનમાં કોઇક આદર્શની પ્રતિષ્ઠા– વગેરે આ સંસ્થાના આજીવન આદર્શો રહ્યા છે. પૂ. દેસાઇ સાહેબનુ જીવન આ આદર્શોના જીવતા–જાગતા નમુના જેવું મને ને મારા અન્ય સાથીઓને લાગેલું.

સામાન્ય રીતે જ્યોર્જ બર્નાડ શૉ કહે છે તેમ,–
Those who can, do Those who cannot may teach.– અલબત્ત શોની આ ઉક્તિ વધુ પડતી કડક છે, પણ શૈક્ષણિક ક્ષેત્ર માટે સાવ ખોટી પણ નથી. ઘણા બધા ખોટા માણસો આ વ્યવસાયમાં અકસ્માતથી આવી પડતા હોય છે. પૂ. દેસાઇ સાહેબ એમના વિષયમાં અનેક રીતે નિષ્ણાત હતા. બી. એ, બી એસસી, બી. ટી. માં પ્રથમ વર્ગ પ્રાપ્ત કરી તેઓ નિષ્ઠાપૂર્વક આ ક્ષેત્રમાં આવેલા. તે સમયે પણ તેમને કૉલેજમાં સેવા કરવાનો યોગ પ્રાપ્ત થાય તેમ હતો. ખાસ કરીને તે કાળમાં બી એસસી. ની બોલબાલા હતી. ત્યારે પણ તેમણે હાઇસ્કૂલની "કેરીયર" સ્વીકારી એટલુંજ નહીં પણ એકલે હાથે અનેક વિષયો તેઓ શીખવતા. કૉલેજના વિદ્યાર્થીઓનાં ઘડતર કરતાં હાઇસ્કૂલના વિદ્યાર્થીઓનું ઘડતર પ્રમાણમાં વધુ ઉપયોગી, સ્થાયી મૂલ્યવાન અને સંસ્કાર–ઝીલું હોય છે એવી કોઇ માન્યતાને કારણે કે સ્વયંસ્ફૂર્તિથી–પણ તેમણે હાઇસ્કૂલના શિક્ષણને વ્યવસાય તરીકે સ્વીકારીને ઘણે ઊંચે સ્તરે એની સ્થાપના કરી છે એમ મારું માનવું છે. સોળ વર્ષના ઉચ્ચ શિક્ષણમાં રહ્યા પછી પૂ. દેસાઇ સાહેબે બહુ જ ઉચિત કર્યું છે એવી આ મારી માન્યતા વધારે જોર પકડે છે.

આદર્શ, સફળ શિક્ષક માટે વિષયનિપુણતા અનિવાર્ય છે પણ એ વિષય નૈપુણ્યની કૃતાર્થતા જો શિક્ષકમાં વાત્સલ્યભાવ ન હોય તો વંધ્ય નીવડે. પૂ. દેસાઈ સાહેબને એમના બધા જ પ્રકારના બૌધિક સ્તરના વિદ્યાર્થીઓ માટે એક સરખો ભાવ હતો. ઉત્તમ, મધ્યમ ને મંદ પ્રકારના વિદ્યાર્થીઓના પ્રશ્નો હલ કરવાની એમની સૂઝને સમજ ઊંડા પ્રકારની હતી. દા. ત. ગણિતશાસ્ત્રમાં મારી ગતિ વધુ તેજ હતી. તો પૂ. દેસાઇ સાહેબે તેને વધુ ગતિશીલ બનાવવા અન્ય વિદ્યાર્થીઓના પ્રમાણમાં વધુ સમય ને વ્યકિતગત કાળજી લઇ, વિશિષ્ટ પ્રકારની અભ્યાસ–યોજના અખત્યાર કરેલી.

પૂ. દેસાઈ સાહેબમાં પ્રત્યેક વિદ્યાર્થી માટે વાત્સલ્યભાવ હતો એ વાત સાચી પણ સમાજના વિવિધ પ્રકારના આર્થિક, સંસ્કારિક, સામાજિક મોભાને ખ્યાલમાં રાખીને પણ સરવાળે એમનું વર્તન પ્રત્યેક વિદ્યાર્થી માટે ન્યાયપૂર્ણ, સમદર્શી અને તંદુરસ્ત પ્રકારનું હતું. કોઇની સંપત્તિથી કે સત્તાથી તેઓ અંજાઇ જાય અને સામાન્ય નીતિ વા અંગત નિષ્ઠાથી વિરુદ્ધ પ્રકારનું વર્તન કરે તેવું તેમની બાબતમાં બનવું અશક્ય હતું.

સામાન્ય રીતે એવું કહેવાય છે ને મનાય છે ને વ્યવહારમાં પણ જોવા મળે છે કે જે વ્યક્તિઓ શિક્ષક તરીકે ખૂબ સફળતાને વરે છે તેમનામાં વહીવટીકુશળતા પ્રમાણમાં અલ્પ વા નહિવત્ હોય છે. એનું એક કારણ કદાચ વહીવટી ક્ષેત્રે સફળ થવા માટેની કુટિલ નિતિ પણ હોય જેમાં સાચો શિક્ષક મોટે ભાગે નિષ્ફળ નીવડે. પૂ. દેસાઇ સાહેબ, કારોબારી સમિતિના સભ્યો, શિક્ષક–સમાજ, વાલીઓ, વિદ્યાર્થીઓ અને એમના હાથ નીચેના અન્ય કર્મચારીઓના પ્રત્યક્ષ વા

[ અનુસંધાન પેજ ૪ ઉપર ]

# ટપાલ પેટી

[૧૪]
કાન્તિલાલ કે. પટેલ
(એમ. એ; બી. કૉમ.)
મુ. વડુ તા. કડી
ભૂતપૂર્વ શિક્ષક,
આઇ. એમ. જે. સર્વ વિદ્યાલય, બલોલ

પૂજ્ય ગુરુવર્ય આચાર્યશ્રી,

મોહનભાઇ સાહેબ, નિખાલસ એવા રામભાઈ સાહેબ, અંબાલાલ સાહેબ, ચતુરભાઇ સાહેબ તથા અન્ય ગુરુગણ તેમજ સ્નેહસ્મરણુ વડીલવૃંદ વગેરેને મારા પ્રણામ.

'સુવર્ણ જયંતિ' નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક હાથમાં આવતાની સાથે ખરેખર જૂની સંસ્થાના પ્રગતિશીલ સમાચાર જાણવાની ઉત્કંઠા રહે એ સ્વાભાવિક છે, તેમજ ભૂતપૂર્વ માતૃસંસ્થાની સ્નેહસ્મરણતાની યાદ તાજી થાય છે.

'સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ' અને 'વિદ્યાર્થી આશ્રમ,' કડીમાં વિતાવેલાં ૭ વર્ષો એ તો જીવનમાં એક માર્ગદર્શન સમાન બને છે. અને ગુલાબી યાદોથી સભર તો બને છે જ. વળી આવી વિશાળ માતૃસંસ્થાના ખોળામાં આજીવન પર્યંત ન વિસરાય તેવા સંસ્કારો મળ્યા છે ને જેના પરિપાકરૂપે ભૂતકાળના અનેક ખાટાં મીઠાં સંસ્મરણોની હૈયાવરાળ જાગૃત થાય છે.

માતૃસંસ્થામાં પ્રસંગોપાત આવી શકાતું નથી, છતાં સંસ્થાના ઉત્કર્ષના સમાચાર સાંભળીને ખરેખર આનંદ અનુભવું છું. પરંતુ વધુ સ્પષ્ટ 'સુવર્ણ જયંતિ' સાપ્તાહિક જોતાં જણાય છે કે માતૃસંસ્થામાંથી મેટ્રિકની પરીક્ષા આપવાને માટે વિદાય લીધી ત્યારથી માંડીને આજ સુધીના ગાળામાં સંસ્થાએ અનેકાધિ સ્વરૂપની પ્રગતિઓ હાંસલ કરી છે એમાં શંકાને સ્થાન નથી. આ માટે સેવા આપી રહેલ પૂ. દાસકાકા જેવી વડીલ વ્યક્તિઓનો પરમ સહકાર અને આપના જેવા અન્ય વ્યવસ્થાપકો, શિક્ષકવૃંદ વગેરે ધન્યવાદ મેળવવાને પાત્ર છે.

અમારા સમયમાં પણ પૂજ્ય પિતાતુલ્ય આચાર્યશ્રી નાથાભાઇ દેસાઈ જે નિર્ભય અને નિષ્ઠાથી કાર્યવાહી કરીને વિદ્યાર્થીઓના મન જીતી લેતા અને વિદ્યાર્થીઓમાં પ્રિય બન્યા હતા ત્યાર પછી તેઓના અનુગામી તરીકે આપ તેવું કાર્ય કરીને સંસ્થાને ગતિશીલ બનાવવાને માટે જે સેવા આપી રહ્યા છો. તે જાણીને દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થી આનંદ અનુભવે તે સ્વાભાવિક છે.

સંસ્થા 'સુવર્ણ જયંતી' ઉજવીને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને યાદ કર્યા છે. તેથી વિશેષ અમારા માટે આનંદ અને ગૌરવની વાત છે. કે જેમાં સંસ્થાની સાચી પ્રગતિનો લક્ષાંક જણાઇ આવે છે. વળી સુવર્ણ જયંતી નિમિત્તે સંસ્થાના વિકાસાર્થે કાર્ય કરી રહેલ સર્વેને ધન્યવાદ અને હાર્દિક શુભેચ્છાઓ વાંચ્છું છું. અને પ્રભુને પ્રાર્થના કરૂં છું કે સંસ્થાની પ્રગતિના માર્ગમાં હંમેશ પ્રભુ આ કાર્ય પાર પાડવામાં સહાય કરે

'સુવર્ણ જયંતિ' સાપ્તાહિક પ્રગટ થવાથી સંસ્થાનો વાસ્તાવિક વિકાસનો ખ્યાલ આજ સુધી શું થયો છે, તેનો સ્પષ્ટ ચિતાર દરેકને આવી શકે, તદ્ઉપરાંત જૂના વિદ્યાર્થીઓની સંસ્થા પ્રત્યેની મમતા જળવાઈ રહે તેમજ સંસ્થાની જે વિકાસ કરવાની અતિરેક ઉત્કંઠા છે, તે ફળીભૂત થવામાં આ સાપ્તાહિક એક માર્ગ બની રહે છે. આ સાપ્તાહિકથી સંસ્થાના અત્યાર સુધીના વિકાસનો પરિપાક અને વિશાળ જનસમૂદાયના પરિચયમાં આવવામાં ઘણું ઉપયોગી થશે જ. છેવટે માતૃસસ્થાનો વિદ્યાર્થી હોવાનો ગૌરવ લેતાં કહી શકું કે માતૃસંસ્થા દેવો ભવ।

"કર ભલા હોગા ભલા"

લિ આપનો વિદ્યાર્થી,
તા. ૧૬-૨-'૭૦ કાન્તિલાલ કે. પટેલ; વડુ

[૧૫]
પ્રહ્લાદભાઈ એ. પટેલ
૧૨, ભરતકુંજ સોસાયટી, મીઠાખળી
એલિસબ્રિજ, અમદાવાદ-૬

પૂ. દાસકાકા, અને અન્ય વડીલો, કેળવણીકારો,

...... બીજું 'સુવર્ણ જયંતી' સાપ્તાહિક મારે ત્યાં આવે છે.

૧૯૪૨-૪૩ ના સંસ્મરણો અમને યાદ આવે છે. સરકારનો સંસ્થા ઉપર કડક અમલ છતાં આડકતરી રીતે આઝાદી જંગને પ્રેરણા આપતા સંસ્થાના અધ્યાપકો આ ટાણે યાદ આવે છે...

પૂ. દાસકાકા અને અન્ય વડીલ-કેળવણી પ્રેમી જે શ્રમ ઉઠાવો છો તે અમારા જેવા માટે પ્રેરણારૂપ છે. પવિત્ર ઝરણાને સતત વહેતુ રાખવામાં અમારા જેવા ટેકારૂપ થાય તેવી ઈશ્વર પ્રત્યે પ્રાર્થના.

પ્રહ્લાદભાઈ પટેલના જયહિંદ

[ ૩જા પેજ ઉપરથી ચાલુ ]

પરોક્ષ સંબંધમાં ખુબજ મીઠાશ, નિખાલસતા, નિપુણતા ને માનવતાભર્યા વ્યહવારથી, ઉત્તમ પ્રકારની વહીવટી કાર્યક્ષમતા દાખવી શકયા હતા

સંસ્થાનું એ સદ્ભાગ્ય ગણાવું જોઇએ કે પૂ. ગામી સાહેબ જેવા સત્યશીલને નિષ્ઠાવાળા આચાર્યની પરંપરામાં પૂ. દેસાઈ સાહેબ જેવાની અમૂલ્ય સેવાઓનો તેને લાભ મળ્યો છે.

મારી જીવનની અંગત સફળતામાં પૂ. દેસાઇ સાહેબના જીવનના મૂલ્યોનો ફાળો ખુબજ છે મારા મિત્રો અને અંગત સાથીઓ સાથેની વાતચીતમાં જ્યારે પણ નાથાભાઈ સાહેબની વાત નીકળે ત્યારે હું કહું છું કે એ એક એવા જીવ હતા કે જેમને સમજવા કોઇ પારદર્શક યંત્રની કે બુદ્ધિને કસવાની કંઇ જરૂર નથી.

# શરીરનું સંચાલન

ડૉ. બિપીન કે. પરીખ

જુના વખતમાં એવી માન્યતા હતી કે રાજા વગર રાજ્ય ચાલી શકે નહીં. સંભવ છે, દરેક નાગરિક રાજાને જોયો ન હોય છતાં વ્યવસ્થિત રીતે રાજ્યનો કારોબાર ચાલતો જોઇને લોકો કલ્પના કરી શકતા કે આખું રાજ્યતંત્ર ચલાવનાર કોઇ એક 'રાજા' નામની વ્યક્તિ હશે જ અને જો એ રાજા ન હોય તો રાજ્યમાં અંધાધૂંધી ફેલાઇ જાય.

રાજાના રાજ્ય કરતાં પણ ઘણી સુંદર રીતે આપણા દેહની અંદરનું તંત્ર ચાલે છે એમ માણસને જાણવા મળ્યું ત્યારે પેલી 'રાજા વગર રાજ ન સંભવે'–એ માન્યતા તેણે દેહને પણ લાગુ પાડી. માણસે કલ્પના કરી કે દેહની અંદર જે સુંદર, વ્યવસ્થિત અને કાર્યક્ષમ તંત્ર ચાલે છે તે જોતાં દેહમાં પણ કોઈ એવું એક સર્વોપરિ, ચેતન 'તત્વ' હશે જે આખા દેહનો કારોબાર અત્યંત ક્ષમતાપૂર્વક ચલાવે છે અને એ 'તત્વ' દેહ છોડીને ચાલ્યું જાયતો દેહ ઉપરથી એવો ને એવો દેખાવા છતાં મૃત્યુ પામે છે. આ 'તત્વ' ને લોકો એ જીવ (આત્મા, Soul) નામ આપ્યું.

આ તત્વજ્ઞાન એટલું લોકપ્રિય બની ગયું કે જગતના લગભગ તમામ ધર્મોમાં તેને સ્થાન મળ્યું. જીવની કલ્પના (Concept) ના તાર્કિક પરિપાકરુપે અન્ય કલ્પનાઓનો પણ ઉદ્‌ભવ થયો, જેવી કે પુનર્જન્મની કલ્પના, પાપ–પુણ્યની કલ્પના, ચિત્રગુપ્તના ચોપડાની કલ્પના, યમરાજની કલ્પના, સ્વર્ગ–નર્કની કલ્પના, ભૂત–પ્રેતની કલ્પના, પરકાયા પ્રવેશની કલ્પના, ગતજન્મ–સ્મૃતિની કલ્પના વગેરે વગેરે. આ કલ્પનાઓ લોકમાનસમાં એવી જડ થઇ ગઇ છે, અને લોકજીવનમાં એવી વણાઇ ગઈ છે કે આ બધુંજ તત્વજ્ઞાન માત્ર કોરી કલ્પનાઓજ હશે એમ માનવા ઘણાખરા તૈયાર નહીં થાય.

પરન્તુ લોકશાહી રાજ્યતંત્રોએ બતાવી આપ્યું કે રાજા વગર પણ સુંદર, વ્યવસ્થિત અને કાર્યક્ષમ રાજ્યતંત્ર ચાલી શકે છે. તેજ રીતે વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા ધીમે ધીમે એ સ્પષ્ટ થતું ગયું કે પ્રત્યેક દેહ એક સંપૂર્ણ સ્વયંસંચાલિત યંત્ર છે અને તેના સંચાલન માટે 'જીવ' જેવું કોઇ તત્વ હોતું નથી અને તેની જરૂર પણ હોતી નથી.

નગરની અંદર જેમ પ્રધાનથી માંડી મજૂર સુધી સૌ કોઇ નાગરિક પોતપોતાની ફરજ અદા કરે, પોતાને માટે નિયત થયેલું કામ કર્યે જાય, તો નગરનો બધોજ કારોબાર સુવ્યવસ્થિત રીતે, કાર્યક્ષમ રીતે ચાલ્યા કરે અને નગર જીવન ધબકતું, લાગે તેજ પ્રમાણે દેહમાં પણ પ્રત્યેક અવયવો પોત-પોતાને માટે નિયત થયેલું કાર્ય કર્યે જાય છે ત્યાં સુધી દેહતંત્ર પણ સારી રીતે ચાલે છે.

આધુનિક નગરમાં જેમ કોઈ રાજા નથી હોતો છતાં નગરમાં નગરમાં વસતા પ્રત્યેક જીવંત નાગરિકોને લીધે નગરમાંજ જાણે પ્રાણ હોય તેવું ધબકતું, જીવંત લાગે છે તે રીતે દેહમાં પણ જીવ જેવું કશું નથી હોતું છતાં તેના પ્રત્યેક કોષ જીવતા હોય છે અને તેથી આખો દેહ પ્રાણમય લાગે છે.

નગરનું રાજ્યતંત્ર સરકારી કચેરીઓ ચલાવે છે. દેહનું સર્વોપરિ સંચાલન મગજમાંથી થાય છે. સરકારી કચેરીઓમાંથી નાગરિકોને જેમ આજ્ઞાઓ કરવામાં આવે છે તેમ મગજનાં જુદાં જુદાં કેન્દ્રોમાંથી દેહના જુદા જુદા અવયવો ને જાત જાતની આજ્ઞાઓ કરવામાં આવે છે. નગરને લાગતાવળગતા સંદેશાઓ ટપાલ, તાર, ટેલિફોન, વાયરલેસ વગેરે સાધનો દ્વારા જેમ સરકારી કચેરીઓ પર મોકલવામાં આવે છે તેમ ચામડી, આંખ, કાન, નાક, જીભ–એ પંચેન્દ્રિયો મારફતે બહારની દુનિયા વિષેની જાણકારીના સંદેશા મગજના જુદાં જુદાં કેન્દ્રોને મોકલાવાતા રહે છે.

નગરમાં તાર–ટેલિફોન જેવાં વિદ્યુત ઉપકરણો દ્વારા સંદેશા અને આજ્ઞાઓની આપ લે થાય છે. દેહમાં પણ તંતુતંત્ર (Nervous system) નું જાળું દેહના ઈંચેઈંચમાં પથરાયેલું છે જેમાં Ferredic Current નામનો વિદ્યુતપ્રવાહ વહેતો હોય છે. આ તંતુતંત્ર દ્વારા ઇન્દ્રિયો મગજને સંદેશા મોકલે છે અને મગજ સ્નાયુઓને આજ્ઞાઓ મોકલે છે.

નગરમાં રસોડાઓ, હોટલો, વીશીઓ વગેરે ખોરાક રાંધ-વામાં આવે અને બેકરીઓ, ડેરીઓ, અને અન્ય કારખાના-ઓમાં નાગરિકો માટે વિવિધ પ્રકારની ખાદ્ય વસ્તુઓ તૈયાર કરવામાં આવે છે. દેહમાં પણ પાચનતંત્ર (Alimentary system) માં (હોજરી, આંતરડાં વગેરે) આરોગેલા ખોરાકનું વિભાજન કરી, પ્રોટીન, શર્કરા, ચરબી, વિટામિનો, ક્ષારો અને પાણી જુદા જુદા કોષોને તેમની જરુરિયાત મુજબ પુરાં પાડવામાં આવે છે.

નગરમાં આવશ્યક ચીજ વસ્તુઓ નાગરિકોને પહોંચાડવા માટે તેમજ કચરો–પૂંજો નગરમાંથી દૂર કરવા માટે વાહન-વ્યવહાર હોય છે. દેહમાં પણ રૂધિરાભિસરણ (Circulatory system) દ્વારા પ્રવાહી લોહી આખા દેહમાં સતત ફરતું જ રહે છે જે ફેફસાંમાંથી કોષો માટે પ્રાણવાયુ (Oxygen) લાવે છે, હોજરીમાંથી પાણી લાવે છે, અને આંતરડાંમાંથી ખોરાકના ઘટકો લાવે છે. જ્યારે એજ લોહી કોષો દ્વારા બહાર ફેંકવામાં આવેલ અંગારવાયુ (Carbon dioxide) ને ફેફસા દ્વારા બહાર ફેંકી આવે છે અને બાકીના નકામા પદાર્થોને પરસેવારૂપે ચામડી દ્વારા અને પેસાબરૂપે મૂત્રપિંડ દ્વારા બહાર ફેંકાવે છે.

નગરમાં અનેકવિધ વસ્તુઓ પેદા કરવા માટે અનેકવિધ જટીલ કારખાનાંઓ હોય છે. દેહમાં પણ દેહના તંત્ર સંચાલન માટે આવશ્યક અનેક પ્રકારનાં રસાયણો પેદા કરવા માટે ગ્રંથીઓ ( Glands ) નામનાં કારખાનાંઓ છે જે હજારો પ્રકારનાં રસાયણો બનાવે છે છતાં નથી જરાયે અવાજ કરતાં કે નથી ધૂમાડો પેદા કરતાં.

નગરમાં નાગરિકોને પાણી પહોંચાડવા વોટર-વર્ક્સ હોય છે. દેહમાં પણ પ્રવાહી લોહીને ફરતું રાખવા માટે હૃદય ( Heart ) નામનો પંપ હોય છે જે ચોવીસે કલાક ( ઊંઘમાં પણ ) ચાલુ જ રહે છે અને લોહીને આખા દેહમાં ગોળગોળ ફેરવતો જ રહે છે.

નગરમાં ગંદા પાણીના નિકાલ માટે ગટરો હોય છે. જે દ્વારા ગંદા પાણીનો નગર બહાર નિકાલ થઈ જાય છે. દેહમાં કોષોની ગંદકી લોહીમાં જ ઠલવાતી હોય છે અને લોહીમાં તો એ ગંદકી ઉપરાંત ખોરાકનાં ઘટકો, રક્ત-કણો, શ્વેતકણો વગેરે કિંમતી વસ્તુઓ હોય છે. એટલે દેહને દુષિત થયેલા બધા લોહીને ફેંકી દેવું પરવડે નહીં. તેથી દેહ, દુષિત થયેલા લોહીને મૂત્રપિંડ ( Kidney ) નામની ગળણી ( Filter ) માં મોકલે છે જ્યાં કિંમતી ઘટકો લોહીમાં રહી જાય છે અને માત્ર નકામો કચરો તથા વધારાનું પાણી જ મૂત્રરૂપે બહાર ફેંકી દેવામાં આવે છે.

નગરમાં કાયદાના પાલન માટે અને નાગરિકોની સલામતિ માટે પોલિસતંત્ર અને લશ્કર હોય છે. દેહમાં પણ, લોહીમાં શ્વેત-કણો ( White cells ) નામના પોલિસ-કોન્સ્ટેબલો કે યોદ્ધાઓ હોય છે જે દેહમાં ઘૂસી આવેલાં અને દેહનાં તંત્રમાં આડખીલી ઊભી કરતાં જીવજંતુ કે અન્ય જોખમકારક તત્વોને ઘેરી લઈ તેનો નાશ કરે છે. અને તેમને પરુ ( Pus ) ના રૂપે બહાર ધકેલી દે છે.

નગર પર દુશ્મન મહુલો કરે ત્યારે હલચલ મચી જાય છે. દેહમાં પણ કોઈ જીવાણુઓ ઘૂસી આવે તો તાવરૂપી હલચલ મચી જાય છે. નગરની સલામતી જોખમાય તેવા સંજોગોમાં ( પૂર આવે ત્યારે કે વિમાની હુમલા વખતે ) સાયરન વાગે છે, દેહમાં પણ તેવા સંજોગોમાં 'દર્દ' રૂપી સાયરન વાગે છે. અને ચેતવણી મળે છે.

આ જોતાં સમજાશે કે દેહ, નગરની માફક, અસંખ્ય જીવંત કોષોનો સમૂહ છે. તે સમૂહ લોકશાહી રાજ્યની માફક સ્વયંસંચાલિત છે. દેહનું સંચાલન કરનાર 'જીવ' નામનું કોઈ 'તત્વ' તેમાં નથી.

---


ગુજરાતની અગ્રગણ્ય અને આપણી
સૌની પ્રિય માતૃસંસ્થા

**સુવર્ણજયન્તી**

**પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ સર્વે ભાઈ-બેનો પાસે**

**અપેક્ષા રાખે છે:**

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.
(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.
(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.
(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.
(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. 'સુવર્ણ જયંતી' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.
(૬) 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

❁ ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.

❁ આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::

## સાભાર સ્વીકાર

**સત્યનો ઉપાસક : લે. ભૂપતભાઈ દેસાઈ–પાટડી (જી. સુરેન્દ્રનગર) કિમ્મત રૂ. ૧–૦૦**

શ્રી ભૂપતભાઈ દેસાઇ ઘણા જાણીતા લોકસેવક અને કોંગ્રેસના નિષ્ઠાવાન આગેવાન છે. તે કરતાં તો તેમની સાચી ઓળખ તરુણ વયથી – એટલે ૧૭–૧૮ વર્ષની ઉંમરથી- સને ૧૯૨૦ – ૨૧ થી – દેશપ્રેમ, સ્વદેશી, ખાદી અને ઉચ્ચ વિચાર અને સાદા જીવનના આદર્શને વળેલા એક ઉચ્ચાશયી તરુણ, યુવાન, પ્રૌઢ અને વૃદ્ધ કર્મયોગી પુરુષ તરીકે જ આપી શકાય. ઉપરાંત તેઓ તરુણ વયથી જ ઉચ્ચ,અને ધ્યેયલક્ષી સાહિત્યના સારા વાચક અને અનુશીલન કર્તા છે.

તેમનો જાહેર જીવનનો કાર્ય ફલક સને ૧૯૨૯ થી આજ સુધીના ૪૦ વર્ષનો સુદીર્ઘ છે. તેઓએ સત્યાગ્રહ લોકલ-બોર્ડ, ધારાસભા, સહકારી પ્રવૃત્તિઓ મીઠા ઉત્પાદનના પ્રશ્નો, નિયંત્રિત બજાર, સહકારી બેંકીંગ વગેરે ક્ષેત્રોમાં ચેરમેન, પ્રમુખ અને સભાસદ તરીકે ઘણી લાંબી, નોંધપાત્ર અને અનુકરણીય સેવા આપી છે.


# સંચય દ્વારા સમૃદ્ધિ



નાની બચત યોજના એ રાષ્ટ્રની અને વ્યક્તિની આબાદીની યોજના છે. એમાં નિયમિત રીતે નાણાં રોકનાર પોતાનાં અને પોતાના કુટુંબની ભાવિ આબાદીનું ર્જન કરે જ છે. ઉપરાંત તે રાષ્ટ્રના નવનિર્માણ માટે થઇ રહેલી વિકાસ યોજનાના કાર્યમાં પણ હિસ્સેદાર બને છે.



નીચેની કોઈ પણ યોજનામાં આપ નાણાં રોકી શકો છો:

- ૧૨ વર્ષીય નેશનલ ડિફેન્સ સર્ટિફિકેટ
- પોસ્ટ ઓફિસ સેવિંગ્સ બેંક
- ૧૦ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટ
- ક્યુમ્યુલેટિવ ટાઇમ ડિપોઝીટ

: પ્રથમ શ્રેણી :

- ૧૫ વર્ષીય એન્યુઇટી સર્ટિફિકેટ
- ફિક્સ્ડ ડિપોઝીટ યોજના
- ૧૦ વર્ષીય ડિફેન્સ ડિપોઝીટ સર્ટિફિકેટ

## નાની બચત યોજનામાં નાણાં રોકો

ગુજરાત સરકારના માહિતીખાતા દ્વારા પ્રકાશિત, સચિવાલય, અમદાવાદ-૧૫


એવું વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતા શ્રી ભૂપતભાઈ દેસાઇની કલમે ‘સત્યનો ઉપાસક’ વાર્તા લખાઈ છે. સત્યના વિજયની વાર્તા સાદી અને સરળ શૈલીમાં લખાયેલી છે. અને તેનો અંત લોકકલ્યાણની ભાવનાને યોગ્ય રચનાત્મક પ્રવૃત્તિઓમાં લાવીને તેમણે પોતાના જીવનના પુરુષાર્થના આદર્શને આગળ કર્યો છે તે યથાર્થ થયું છે.

તેઓનું વાચન-મનન બહોળું અને તેમનો વિવિધક્ષેત્રોનો અનુભવ પણ ઘણો છે તેથી જીવનમાં સાંપડેલ અનુભવોના દોહનરૂપે માણસની સુવૃત્તિઓને પોષક થાય એવા પ્રસંગો તેમની કલમે પ્રાપ્ત થાય તેવી અપેક્ષા રાખીએ તો તે વધુ પડતી નહિ લેખાય.

ભા૦

---

# સુવર્ણ જયંતી ફાળામાં

## નીચેની નવીન રકમો લખાઈ છે.

## દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

---

૮૮૩૯૯) આગળનો સરવાળો. ( અંક ૨૩ )
* ૫૦૧) પ્રો. આર. સી. પટેલ
માતૃછાયા નવાયાર્ડ છાણીરોડ, વડોદરા–૨
૨૫૧) પટેલ ગોપાળભાઈ મોહનદાસ ( ચારોલવાળા )
રામદ્વારા પાસે, વાડીરોડ, નવાડીસા ( બનાસકાંઠા )
* ૨૫૧) ડૉ. વાસુદેવભાઈ જગન્નાથભાઈ રાવલ
ઠે. નવામાઢ મુ. ઊંઝા : ( તા. સિદ્ધપુર )
૨૫૧) પટેલ હીરાલાલ મોહનલાલ C/o મોહનલાલ મનોરભાઈ
મુ. માસરરોડ : ( તા. પાદરા )
૨૫૧) શ્રી કાળીદાસ મંગળદાસ પટેલ
૨૫૧) શ્રી જોઈતારામ મંગળદાસ પટેલ
૨૫૧) શ્રી શામળભાઈ મંગળદાસ પટેલ
ત્રણે હ. શ્રી મંગળદાસ ઈશ્વરદાસ પટેલ : સરસાવ
૨૫૧) શ્રી કરસનદાસ અમીચંદદાસ પટેલ હ. શ્રી વિઠ્ઠલભાઈ
અમીચંદદાસ પટેલ મુ. સરસાવ : ( તા. કડી )

૯૦૬૫૭)

* વસુલ આવી ગયા છે.

---

### : સુધારો :

તા. ૨૬–૨–૭૦ નો 'સુવર્ણ જયંતી' ના અંકમાં સુવર્ણ જયંતી ફાળાની રકમોની યાદીમાં શ્રી બળદેવભાઈ કચરદાસ પટેલ મુ. સરસાવ, તા. કડી એ નામ નીચે હસ્તેમાં છપાયેલા નામને બદલે હસ્તે પોતે એમ વાંચવા વિનંતી છે.

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.

૧૦૦૧) જનતા કીરાણા સ્ટોર્સ, અમદાવાદ-૧
૨૫૧) શ્રી વિઠ્ઠલભાઈ છગનલાલ પટેલ : ભુજ–કચ્છ

---

## ગોશાળાના ફંડમાં નીચે પ્રમાણે મદદના વચનો મળ્યાં છે.

૧૦૧) શ્રી નરોત્તમભાઈ આઈ. પટેલ
C/o મેસર્સ એન. આઈ. પટેલની કું. સુરત
૧૦૧) શ્રી નરોત્તમભાઈ ટી. પટેલ : સુરત

દાતાઓ

## શ્રી જયન્તિલાલ જેઠાલાલ પટેલ : રે. સરઢવ



હાલનું રહેઠાણ :–
સરદાર પટેલ કોલોની,
અમદાવાદ–૧૪

૧૯૪૧માં મેટ્રીકની પરીક્ષા પસાર કર્યા બાદ કોલેજના પહેલાજ વર્ષે ૧૯૪૨ની સ્વાતંત્ર સંગ્રામની લડત શરૂ થતાં તેમાં ઝંપલાવ્યું અને આગળ વધુ અભ્યાસ કરવાની પ્રવૃત્તી અટકી પડી. કુટુંબની આર્થિક સ્થિતિ શરૂઆતથીંજ નબળી હતી એટલે સૌથી પ્રથમ ફરજ તે જવાબદારી ઉપાડવાની હતી શરૂઆતના થોડા વર્ષ નોકરી કર્યા બાદ માધવપુરામાં આવેલી 'જી. એમ ગાંધી' નામની પેઢીમાં ભાગીદાર તરીકે વ્યવસાય શરૂ કર્યો. કામ કરવાની ધગશના કારણે ઘણા ટૂંકા સમયમાં કરિયાણાની લાઈનનો બહોળો અનુભવ મેળવ્યો ધંધાના વિકાસઅર્થે ભારતના લગભગ બધાજ વેપારના સેન્ટરોમાં ફરવું પડેલું. ત્યારબાદ 'જી. એમ. ગાંધી' માંથી છૂટા થઈ સ્વતંત્ર રીતે ત્રણ પેઢીઓ શરૂ કરી તે ત્રણે પેઢીઓ (૧) જનતા કીરાણા સ્ટોર્સ, રીચીરોડ પૂલ નીચે (૨) ગાંધી બ્રધર્સ, નવા માધવપુરા (૩) ગાંધી સુગર કેન્ડી વર્કસ, દરીયાપુર દરવાજા બહાર, અમદાવાદનો વહીવટ તેમની દેખરેખ અને માર્ગદર્શન નીચે ચાલે છે. ત્રણે પેઢીઓ પોતાના વેપારમાં પ્રથમ કક્ષાનું સ્થાન ધરાવે છે.

'છગન ભા' ના જયેષ્ટ પૌત્ર તરીકે તેમની સાથે બાળપણથીજ રહેવાનો તથા તેમના ખોળામાં રમવાનો સૌથી વધારે લ્હાવો તેમને મળેલો. 'છગન ભા' ના મૃત્યુ કાળે છેલ્લા ચોવીસ કલાક સુધી સતત તેમની પથારી ઉપર બેસી રહી તેમના છેલ્લા શ્વાસ સુધી સુધી તેમની સેવા કરવાનો અને છેલ્લે તેમના મૃતદેહને અગ્નીદાહ દેવાનો અમુલ્ય લાભ પણ તેમને મળેલો,

ઘણોખરો સમય વ્યવસાય પાછળ જતો હોવા છતાં સામાજિક સંસ્થાઓ તથા વ્યાપારી સંસ્થાઓમાં એક યા બીજા પ્રકારે સેવાઓ આપવાની પ્રવૃત્તી સતત કરી રહ્યા હોય છે. જીવન ઘડતરમાં તથા વેપારની પ્રગતિમાં તેમના પિતાશ્રી (છગનભાના જયેષ્ઠપુત્ર) શ્રી જેઠાલાલની દોરવણી ખુબજ ઉપયોગી નીવડી છે.

તેમના જનતા કિરાના સ્ટોર્સના નામે આ સંસ્થાને સુવર્ણ જયન્તી ફાળામાં રૂા. ૧૦૦૧) ની મદદ મળી છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી : તા. ૫–૩–૭૦

૧૪

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રોય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૧૨-૩-૭૦ [ અંક ૨૫

## ભાવભર્યું આમંત્રણ

**સર્વ** વિદ્યાલય પરિવાર સંમેલન તા. ૨-૫-૭૦ શનિવારના રોજ રાખવામાં આવ્યું છે. આ સંમેલન તા. ૨-૫-૭૦ ના રોજ બપોરના ૨-૦૦ વાગે શરૂ થશે કામ ચલાઉ કાર્યક્રમ નીચે મુજબ નક્કી કર્યા છે.

તારીખ ૨-૫-૭૦ શનિવાર

બપોર :- ૨-૦૦ થી ૬-૦૦ સંમેલન સાંજના ૬-૦૦ થી ૮-૦૦ ભોજન

રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સંમેલન

તા. ૩-૫-૭૦ રવિવાર

સવારના ૯-૦૦ વાગે સાયન્સ કૉલેજ હોસ્ટેલનું ઉદ્‌ઘાટન

આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

૧ શેઠશ્રી રાજરત્ન પ્રાણસુખલાલ મફતલાલ વિવિધલક્ષી સર્વ વિદ્યાલય-કડી
૨ મિત્ર મંડળ સર્વ વિદ્યાલય-બલોલ
૩ નવીન સર્વ વિદ્યાલય-વડનગર
૪ જયુ. ટેકનિકલ સ્કૂલ-કડી
૫ પ્રિ. વોકેશનલ ટ્રેઈનીંગ સેન્ટર-કડી
૬ સાયન્સ કૉલેજ-કડી

ના જૂનાનવા વિદ્યાર્થીઓ, જૂનાનવા શિક્ષકો અને નવાજૂના સંચાલકોને ઉપરના પ્રસંગોમાં હાજર રહેવા માતૃસંસ્થા તરફથી હું આગ્રહ પૂર્વક આમંત્રણ આપું છું અને હાજરી આપવા વિનંતિ કરું છું

જેમનાં સરનામાં મળી શકયાં તેવા જૂના વિદ્યાર્થીઓને 'સુવર્ણજયન્તી' મોકલવામાં આવે છે. તેમણે આમંત્રણ આથી મળ્યું છે એમ ગણી તા. ૨-૩ મે ૧૯૭૦ એ બે દિવસ માતૃસંસ્થામાં પધારવાનો નિર્ણય કરવા મારી વિનંતિ છે.

આ જાહેરાત વહેલી એટલા માટે કરૂં છું કે આ બે દિવસ માતૃસંસ્થાની છાયામાં ગાળવા માટે સૌ પોતપોતાના વ્યવસાયમાંથી ફારગ થઇ અનુકુળતા કરી શકે.

શનિવાર તા. ૨-૫-૭૦ ના રોજ સવારના માતૃસંસ્થામાં આવી જવા અને સંમેલન વગેરેમાં ભાગ લેવા મારી વિનંતિ છે.

સંમેલનમાં સામાજિક, આર્થિક તેમજ શિક્ષણ વિગેરે સબંધમાં જે જે ભાઈબહેનની પ્રવચન કરવાની ઈચ્છા હોય તેઓ કૃપા કરી જણાવે. પોતે કયા વિષય ઉપર બોલવા ઈચ્છે છે તે જણાવે.

સંમેલનમાં મુક્ત રીતે વિચારોની આપ લે થાય અને સામાજિક આર્થિક તેમજ શિક્ષણ વગેરે ક્ષેત્રે પરિવર્તન લાવવા શું કરવું જોઈએ તેની ચર્ચા થાય.

સાયન્સ કૉલેજ હોસ્ટેલનું ઉદ્ઘાટન મુંબાઈના **શ્રી સી, પી. પટેલના** શુભ હસ્તે થશે અને આ પ્રસંગે ગુજરાત રાજયના મુખ્ય મંત્રી માનનીય **શ્રી હીતેન્દ્રભાઈ દેસાઈ** અતિથિ વિશેષ તરીકે પધારી આપણને માર્ગદર્શન આપશે.

સારી સંખ્યામાં જૂનાનવા વિદ્યાર્થીઓ વગેરે હાજરી આપવા સંભવ છે અને તેથી મારી નમ્ર વિનંતિ છે કે આવનાર ભાઈબહેનો નાનકડો બીસ્રો સાથે લેતા આવે.

જૂના વિદ્યાર્થીઓને મારી આગ્રહભરી વિનંતિ છે કે તેઓની સાથે સર્વ વિદ્યાલય કેળવણી મંડળની કોઈ પણ સંસ્થામાં અભ્યાસ કરી ગયેલા સહાધ્યાયીઓને આ દિવસોમાં માતૃ-સંસ્થામાં પધારવા અને સંમેલનમાં તથા બીજા કાર્યક્રમોમાં ભાગ લેવા માતૃસંસ્થા તરફથી આગ્રહ પૂર્વક આમંત્રણ આપે અને હાજર રહેવા વિનંતિ કરે.

જૂનાં સંસ્મરણો તાજાં કરવા સૌ નવા-જૂના વિદ્યાર્થીઓ, નવા-જૂના શિક્ષકો અને નવા-જૂના સંચાલકો બીનચૂક હાજર રહે તેવી આગ્રહભરી વિનંતિ.

તા. ૮-૩-૭૦

પુરુષોત્તમદાસ પટેલના જય હિન્દ.
મંત્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

## સૌને પ્રિય કંદ—બટાટા | રૉય

સને ૧૫૩૭ ની આ વાત છે.

સ્પેન નિવાસી નેતાના નેતૃત્ત્વ હેઠળ એક સાહસિક ટોળી એન્ડેસ ઇલાકાના પ્રગાઢ જંગલમાં સોનાની શોધમાં નીકળી પડી. સોનાની અદમ્ય ભૂખથી ઉન્માદી બનેલું આ દળ ઠેર ઠેર જમીન ખોદવા લાગ્યું. દરેકના હોઠ ઉપર એક જ વાત, નાયકનો કેવળ એક જ આદેશ. "સોનું જોઇએ. સોનું જોઇએ."

ચાર પાંચ દિવસના અવિરત પરિશ્રમ બાદ બધાને કકડીને ભૂખ લાગી. સૌ થાકીને લોથપોથ થઈ ગયા. સૌના ચહેરા ઉપર એક જ વાકય......અત્યારે હવે સોનું નહીં, ખાવાનું જોઇએ ખાવાનું......

આ અવાવર ભેંકાર જંગલમાં ખોરાક કયાં શોધવો? એને માટે તો શહેરમાં જવું પડે અને શહેરમાં જવા જેટલી તો કોઈમાંય તાકાત કે હામ નહોતાં.

સૌ એ એમના નેતાની સામે જોઇ પોકાર પાડયો—"અમને ભોજન આપો, ખાવાનું આપો. નહીં તો અમે આ સ્થાન છોડી ચાલ્યા જઇશું. તમે તમારું સોનું લઈ અહીં રહો."

નાયકમાં પણ હતાશા વ્યાપી ગઈ હતી. એ પણ થાકયો હતો. એને ય ખોરાકની જરૂર હતી એણે કહ્યું...જુઓ, અહીં તપાસ કરો. કદાચ કાંઇ ખાવા લાયક મળી આવે. ખોરાક શોધી લાવનારને બક્ષિસ આપીશ...

અંતિમ પ્રયાસે! જંગલમાં આમતેમ ફરી ઉથલપાથલ મચાવતા શોધ કરવા લાગ્યા. કેટલાક જમીન ખોદવા લાગ્યા. છેવટે માટી નીચેથી નાનાં-નાનાં ગોળ ગોળ કંદમૂળ જેવી ચીજ મળી આવી.

કદાચ આ ઝેરી કંદ હોય તો? નસીબમાં જે થવું હશે તે થશે પણ આ ખાવું તો ખરું...

એકે પ્રસ્તાવ મૂકયો. કાચું ખાઇએ એનાં કરતાં એને પાણીમાં બાફીને ખાઇએ તો કેવું?

ગરમ પાણીમાં બરાબર બફાયા પછી એને બહાર કાઢવામાં આવ્યા. ખૂબ નરમ થઇ ગયા હતા. ખાધા પછી સૌ ખુશ થઇ ગયા. ખૂબ સ્વાદિષ્ટ લાગ્યા. એ કંદમાં ઝેર હોય એવું ન લાગ્યું.

બધા આનંદમાં આવી ગયા. ઉત્સાહથી કામે વળગી ગયા. સોનું મેળવવામાં અસફળતા મળી પણ એક ઉત્તમ અને નવા પ્રકારની શાકભાજી મળી આવી!

તપાસ કરતાં જણાયું કે આ કંદમૂળનું પ્રચલન ભારતમાં અલ્પ પ્રમાણમાં કયાંક કયાંક હતું. પણ પશ્ચિમ ગોળાર્ધમાં આ કંદમૂળને કોઇ ઓળખતું નહોતું. અરે, આ દુનિયામાં ખાદ્ય પદાર્થ તરીકે આનું પ્રચલન ઘણું જ ઓછું—નહીવત્ હતું.

સ્પેન નિવાસીઓએ એ કંદનું નામ રાખ્યું—પૈપાટા, જે ધીરે ધીરે પોટેટો બની ગયું. ફારસીમાં એને આલૂ કહે છે. જયારે ગુજરાતીમાં બટાટા. [હિંદી લેખને આધારે]

# એ તો એમ જ કરે

રણજિત પટેલ
(अनामी)

વડોદરાની 'શ્રી વિદ્યા વિકાસ વિદ્યાલય'ના દ્વિતીય વાલી દિનના ઉત્સવ પ્રસંગે (તા. ૧–૩–૭૦) પ્રમુખ તરીકે શ્રી એમ. બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન–વિદ્યાનગરના આચાર્ય શ્રી આર. એસ. ત્રિવેદી અને અતિથિવિશેષ તરીકે અમદાવાદની એચ. કે. આર્ટ્સ કૉલેજના આચાર્ય શ્રી યશવંતભાઈ શુક્લ હતા. બંનેય આચાર્યો ગુજરાતના વિદ્યા-સંસ્કાર જીવનને સંસ્કારવામાં અને સંવર્ધવામાં નિષ્ઠાવાન કામગીરી બજાવી રહેલા છે. એક તો સંસ્થા તરફથી આમંત્રણ હતું ને તેમાં યે વર્ષો-જૂના આ બંને મિત્રોને મળવાનું–સાંભળવાનું આકર્ષણ હતું એટલે વાલીદિન-સમારંભમાં હાજરી આપી.

કેવળ બે જ વર્ષમાં આ સંસ્થાએ જે વિકાસ સાધ્યો છે તે જોઈ પરમ સંતોષ થયો. અનેક વાલીઓની હાજરી જોઈ આનંદ થયો. મારી ધારણા કરતાં વધુ પડતી હાજરી જોઈ આશ્ચર્ય પણ થયું. કદાચ પોતાનાં બાળકોનો રંજન કાર્યક્રમ જોવા આટલી સંખ્યામાં ઉમટયાં હશે! કારણ કે રંજનને અંતે બાળકોની સાથે વાલીઓને પણ હળવો નાસ્તો આપવાનો હતો પણ એ કંઈ એમને માટે મોટું આકર્ષણ ન ગણાય! વધુ હાજરીનું કારણ આ બે મહાનુભાવોની ઉપસ્થિતિ અને રવિવારની રજા પણ હોય! ગમે તેમ, પણ જૂનાં ગ્રીક નાટયગૃહોનો ખ્યાલ આપે એવી બેસવાની વ્યવસ્થા હતી, હાજરી ખીચોખીચ હતી અને શીસ્ત તેમ જ શાંતિ અદ્‌ભુત હતાં.

આચાર્ય શ્રી યશવંતભાઈની પ્રસન્નગંભીર વાણી સાંભળ્યા બાદ પ્રમુખ તરીકે આચાર્યશ્રી ત્રિવેદીનું દૃષ્ટાંત–મધુર પ્રવચન માણવા મળ્યું. આચાર્યશ્રી શુક્લે જે જે પ્રશ્નો ચર્ચ્યા તેને આચાર્ય ત્રિવેદીએ દૃષ્ટાંતો દ્વારા વિશદ કર્યા. વાલીએ પોતાનાં બાળકો સાથે કેવું વર્તન રાખવું જોઈએ એ વાતના સમર્થનમાં તેમણે અમેરિકામાં અનુભવેલો એક સાચો પ્રસંગ વર્ણવ્યો.

આચાર્ય શ્રી ત્રિવેદીને અમેરિકામાં ત્યાંની યુનિવર્સિટીમાં સેવા આપતા એક પ્રોફેસરને ત્યાં રહેવાનું બનેલું. પ્રોફેસર તરીકે ખૂબ સારો પગાર મળે પણ ત્યાંના શિરસ્તા પ્રમાણે સૌ કોઈ ગૌરવપૂર્વક કામગીરી બજાવી વધારાની આવક રળી લે. એમનો એક દીકરો વર્તમાનપત્રો વહેંચવાનું કામ કરતો હતો. આમ તો ગ્રાહકોને પેપર આપવા એ નિયમિત જતો હતો પણ ભારે વરસાદના એક દિવસે તે આળસી ગયો અને એના પ્રોફેસર પિતાને આવીને કહ્યું કે અનરાધાર વરસતા વરસાદને કારણે આજે એ પોતાની કામગીરી બજાવી શકશે નહીં. પિતાએ ન ઉપદેશ આપ્યો, ન રોષે ભરાયા. હસતાં હસતાં તેમણે કહ્યું: 'દીકરા! તારા ગ્રાહકોના નામની યાદી મને ન આપે?' દીકરાએ પિતાને યાદી આપી. ચુંગી ચેતાવી, પોતાની મોટર લઈ, અમેરિકાની યુનિવર્સિટીનો પ્રોફેસર પેપર વહેંચવા નીકળ્યો. યાદી પ્રમાણે ગ્રાહકોને બંગલે જઈ 'કૉલ બેલ' વગાડે પોતે યુનિવર્સિટીમાં પ્રોફેસર છે એવી ઓળખાણ ન આપે પણ ગ્રાહકોને કહે 'કે જે છોકરો દરરોજ આપને ત્યાં પેપર નાખવા આવે છે એનો હું પિતા છું. આજે એ આવી શકે તેમ નથી એટલે હું આવ્યો છું.' ખૂબ જ સ્વાભાવિક ક્રમમાં આ બધી કામગીરી પતી ગઈ. કોઈપણ પ્રકારનો રોષ નહીં, ક્લેશ નહીં, અહોભાવ નહીં– કેવળ કર્તવ્ય બજાવ્યાનો નિર્ભેળ આનંદ.

રાત પડી. કુટુંબના સૌ સભ્યો ભેગા થયા. પિતા-પુત્ર પણ મળ્યા – દરરોજની જેમ જ. જૂદા પડતાં પિતાએ પ્રેમપૂર્વક પુત્રને કહ્યું: 'જો દીકરા! બે ત્રણ વર્ષ પછી તું 'ડેટીંગ' કરતો થઈશ. [ડેટીંગ એટલે સંવનન. અમેરિકામાં વયમાં આવેલાં છોકરા-છોકરીઓનું 'ડેટીંગ' એ ખૂબ સ્વાભાવિક ગણાય છે.] 'ડેટીંગ' માટે કોઈ છોકરીને તેં સમય આપ્યો હશે. ધાર કે તે જ સમયે અનરાધાર વરસતો હશે તો 'ડેટીંગ' માટે તું તારા પિતાને મોકલીશ?'

પિતા–પુત્ર મુક્ત મને હસ્યા. વાલીએ પુત્રને કર્તવ્યનું ભાન કરાવવાનું હતું તે કશાં પણ રોષ, ઉપદેશ, છણકા, મારપીટ કે નકારાત્મક વલણ દ્વારા નહીં પણ આનંદપૂર્વક સક્રિય કામગીરી બજાવી હળવા વિનોદ દ્વારા કરાવ્યું. પિતાએ અંતમાં કહ્યું: 'ગ્રાહકોનો એક દિવસ પેપર વાંચ્યા વિના રહે પણ તારા ભાવિનું શું?' મને થયું: 'સાચો અમેરિકન તો એમ જ કરે.'

---

## બન્યાં દાદા દાદી–

અહો! કેવી આંખો! પરમ પ્રભુની આરસી હશે?
કતીલી આ પાંખો, કર સ્તવન-દાને પમરશે?
હવામાં ફંગોળે ચરણ, ધરણી ખૂંદી વળશે!
સ્ફુરેલો આ આત્મા અવલનવલા રાસ રમશે.

બન્યાં દાદા દાદી, અભિનવ મુદાની અનુભૂતિ.
અહો! કેવી કેવી પરમ પ્રભુની આ મૃદુ કૃતિ!
મરુ-ભોમે જાણે શ્રીભર હરિયાળી હસી રહી,
અવસ્થા-સિન્ધુમાં શિશુક તરણી શી તરી રહી!

બન્યાં દાદા દાદી, જરઠ બનિયાં રે નહીં નહીં.
હજી વૃદ્ધાવસ્થા અરવ પગલે જ્યાં ધસી રહી;
પ્રતિકૃતિ પેલી અમ સુત તણી ત્યાં લસી રહી,
અમારામાં પાછી ગત શિશુલીલા જીવિત થઈ.

બની દાદા દાદી અમ સુત – શિશુને ચહી ચહી,
ચિરંજીવી પેલી શિશુરસલીલા ઉલ્લસી રહી.

રણજિત પટેલ (अनामी)



આશ્રમનું મકાન જ્યાં શરૂમાં શાળા બેસતી. 'શાળા અમારી તીર્થભૂમિ, જ્ઞાનગંગા જ્યાં વહે.'

# તપોભૂમિ-વિદ્યાધામ

આચાર્ય ડૉ. પ્રહ્લાદ કસ્વેકર
શ્રી મહાલક્ષ્મી વિદ્યામંદિર, ડભોડા

મારે મન ૧૧ વર્ષની ઉંમર સુધી મારું ઘર કડી તાલુકાના કાસ્વા ગામમાં આવેલું હતું; પણ ૧૨માં વર્ષથી કડીની સંસ્થા તપોભુમિ વિદ્યાધામ મારું ઘર બની ગઇ છે.

હમણાં હમણાં અવારનવાર મારે આચાર્યશ્રી મોહનભાઇ, મૂર્તિમંત મહાદેવભાઇ જેવા શ્રી ભાઇલાલભાઇ અને જરૂર ના હોય ત્યાં સુધી શોધ્યા પણ ના જડે અને અનંત શય્યા ઉપર ક્ષિરસાગરમાં બેઠા રહી સર્વમાં વ્યાપી રહે તેવા શ્રી દાસકાકાને મળવાનું થતાં દરેકે ઉત્સાહપૂર્વક 'સુવર્ણ જયંતી' માટે વિદ્યાર્થી તરીકે, શિક્ષક તરીકે, ગૃહપતિ તરીકે અને સ્વતંત્ર વિચારક તરીકે આર્ષદૃષ્ટિથી લખવા જણાવ્યું.

મારી એક મુસીબત છે; જે બીજા કરતા હોય તેમાં હું મારીને જાતને જોઉં છું. મારા ગુરુબંધુ, મારા ગુરુ અને મારા મિત્ર એવા શ્રી અનામીના લેખો વાંચ્યા પછી મને થયું કે "સુવર્ણ જયંતી" આદર્શ રીતે પોષાઈ રહ્યું છે. તેથી આનંદ પામતો રહ્યો. પણ છેલ્લે છેલ્લે કોંગ્રેસ ગાંધીનગર આધવેશનના પાંચ લાખના માનવમહેરામણમાં, ૧૯૬૮ ના મે ની ૮ મી તારીખની છેલ્લી મુલાકાત પછી જ્યારે ત્યાં તેમને (દાસકાકાને) ભેટી ગયો ત્યારે પણ તેઓશ્રીએ મારા વ્યક્તિત્વમાં રસ લેતાં 'સુવર્ણ જયંતી' ને માટે લખવાનું કહેતાં મારે કલમ પકડવી રહી.

હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે દરેક વ્યક્તિ અને દરેક વસ્તુનો ભોક્તા નક્કી થયેલ હોય છે. દક્ષિણેશ્વરના શ્રી રામકૃષ્ણ પરમહંસને પહેલેથી ખબર પડી ગઈ હતી કે શ્રી શ્રી મા કાલીએ જે જ્યોત તેના હૃદયમંદિરમાં પ્રગટાવી છે તેનો પ્રકાશ પામવાને માટે કલકત્તાના કુમારો ઘરબાર છોડીને 'અલખ' જગાવવા તેમની પાસે દોડી આવશે શબરીને શ્રદ્ધા હતી કે શ્રીરામ એક દિવસ તેની ઝૂંપડીએ આવશે. આ ઘટના સતત ચાલતી રહે છે.

દરેક 'જાગેલો આત્મા' આવો આર્ષનાદ સાંભળતો હોય છે; અને તેને માટે તપોનિષ્ટ બની કર્મયોગ કરે છે. ૧૯૨૦ થી શરૂ થયેલી દેશવ્યાપી કર્મયોગની સાધનામાં કડીની સંસ્થાનો ફાળો પણ નોંધપાત્ર રહેશે રાષ્ટ્રપિતા ગાંધીજીએ સંસ્થાની લીધેલી મુલાકાત સંસ્થાની તપસ્વી વ્યક્તિના આત્માની ફોરમ-ના કારણે હતી. એ તપમૂર્તિ પૂજ્ય ભાને હું કદાપી વિસરી શકું તેમ નથી.

"સુવર્ણ જયંતી" ના બારમા અંકમાં શ્રી દાસકાકાએ નોંધ્યુ છે કે "સરદવ મુકામે સૌથી પ્રથમ આગેવાનોની સભા તા. ૮-૬-૧૯૧૯ ના રોજ થઇ તેમા કેળવણી મંડળની સ્થાપનાનો ઠરાવ થયો. તેમ જ બોર્ડિંગ શરૂ કરવાનો નિર્ણય કર્યો." ......... "અને સંવત ૧૯૭૬ ના ચૈત્ર સુદ-૨ (તા. ૨૨-૩-૧૯૨૦) નો શુકનવંતો દિવસ ઊગ્યો અને તે દિવસે કડીમાં બોર્ડીંગની શરૂઆત કરી."

દીવો પ્રકાશવા લાગે, એટલે તેના તરફથી આજુબાજુથી 'પતંગિયા' ઊમટે. કમળ વિકસે અને પરિમલની શોધમાં ભ્રમરો દૂર દૂરથી આવે. તપોમૂર્તિ ભાની સાધનાએ સાથીઓને આકર્ષ્યા. દેશભક્તિના રંગે રંગાયેલા એ જ્ઞાન-મૂર્તિઓના સાન્નિધ્યમાં રહેવા માટે અમારા જેવા 'બટુકો' આવ્યા.

## 'મને સાંભરે રે'

સંસ્થાના જન્મના વર્ષમાં આ શરીર પણ પેદા થયું. (૧૭-૮-૧૯૨૦) અને ૧૯૩૨ના જૂન માસમાં 'તીર્થભૂમિ' નાં દર્શન કર્યાં. સંસ્થાના આ અગિયાર વર્ષના ગાળામાં ૯૦૯ સપુતો સંસ્થામાને ભાએ મેળવી આપ્યા હતા. ૯૧૦મો બટુક સંસ્થામાં દાખલ થતી વખતે ૪'-૨॥" ની ઊંચાઇવાળો અને ૫૧ રતલનો હતો. ૧૯૩૨ થી ૧૯૩૯નાં પૂરાં સાત વર્ષ તીર્થભૂમિમાં રહી આશ્રમી કેળવણી લઇ જ્ઞાનમૂર્તિઓનાં ચરણકમળ સેવ્યાં. આ સમય દરમ્યાન પ્રભુઆશિષથી હું એકેએક ગુરુની કૃપાદૃષ્ટિમાં રહેલો એ આજે પણ સંભાર્યા વગર રહી શકતો નથી. મારા દરેક ગુરુએ પોતાના પુત્રને પણ ના ચાહ્યો હોય તેટલો સ્નેહ મારા પર રેલાવ્યો છે. જાણે મૂર્તિમંત્ર 'પ્રહ્લાદ' જ હું ન હોઉં તેમ દરેક ગુરુએ મારામાં શક્તિ ભરી છે, જેમ દેવોએ પોતપોતાની શક્તિનું શ્રીયોગમાયામાં મહિષાસુરના નાશને માટે સમર્પણ કરેલું.

હવે હું વિદ્યાર્થી તરીકેની મારા હૃદયમાં સંઘરાયેલી અનુભૂતિઓનો આવિર્ભાવ કરીશ.

કિશોરાવસ્થામાં પૂ. રતિભાઈ અમીને જે સંસ્કાર અને પ્રેમ આપ્યાં છે તે સાંદીપની ઋષિની યાદ અપાવે તેવાં છે. તેમનું ઋજુ હૃદય આજે પણ તેમને 'સાધના'ના પથમાં ઊંચે અને ઊંચે લઈ જઇ રહ્યું છે. શ્રી અરવિંદની સાધનામાં તેમને હું લીન થયેલા જોઉં છું. ૧૯૩૨ માં અમારા ગૃહપતિ તરીકે પૂ. રતિભાઈ અમીન હતા. મારે મન તે 'મા' હતા—નરી વાત્સલ્ય મૂર્તિ. "ગુરુકુલમાં કેમ જાશો બ્રહ્મચારી, તમારી માતા તમને રોકશે ?" આ ગીત તે વખતે અમે બહુ ગાતા. પણ કડી ગુરુકુલમાં મને પૂ રતિભાઇ અમીનમા આદર્શ વાત્સલ્યમૂર્તિના દર્શન થતાં ઘર ભૂલાઈ ગયું. તીર્થભૂમિની જ્ઞાનગંગાનો આ પ્રથમ ઓવારો. તેમની પાસેથી રામાયણ અને મહાભારતની કથાઓ સાંભળી અને રામાયણ અને મહાભારત ધો. ૧ અને ધો. ૨ માં ભણ્યા. સોલંકી યુગની કીર્તિ કથાઓની વાતો તેમની લાક્ષણિક શૈલીમાં ટગર ટગર નયને તેમના ચહેરાને વાંચતા સાંભળી અને અંબાલાલ મીસ્ત્રી કૃત પુસ્તક વાંચ્યું. "કુમાર વીરસેન"ની રસભરી સાહસ કથાઓ દ્વારા વીરતા પોષી. નિશાનિવાસો, પ્રવાસો અને રંગભૂમિ ઉપર હળવી રજૂઆતો દ્વારા શક્તિને જગાડી 'આશ્રમ જીવન' જીવવાનો આનંદ હંમેશને માટે હૃદયમાં વહેતો રાખ્યો. ૧૨ વર્ષની ઉંમરે પણ જે આશ્રમ જીવન જીવતો તે આજે પણ જીવવાની બાદશાહી આદત રહી છે. શ્રી કુબેરભાઇ અને શ્રી રતિભાઇની સાથે 'સુરપાણેશ્વરનો ધોધ'નો પ્રવાસ યાદ આવે છે. 'દલપતનું કોટિયું' જયારે નર્મદાનાં ઊંડાં નીર પર વહેતું હતું અને નર્મદાનાં નીરને હોડીમાં દાખલ થવાની ઇચ્છા થઇ ત્યારે પણ શ્રી રતિભાઇનું માતૃહૃદય અમે દરેક યાત્રી અનુભવી શકયા હતા. ભોજનમાં, વ્યાયામમાં, સ્વાધ્યાયમાં દરેક ઠેકાણે તેમની બાલમાનસના અભ્યાસીની દૃષ્ટિ કામ કરતી હતી. પ્રાતઃ ઉત્થાનમાં પણ વિનોબાજીની 'ગીતા પ્રવચનો' માંની નોંધને અમીન સાહેબે ખોટી પાડી છે. "છાત્રાલયનો ગૃહપતિ કર્કશ અવાજે બૂમ પાડીને ઊઠાડે છે તેવું વિનોબાજીએ લખ્યું છે. પણ મારા કોઇ ગૃહપતિએ મને સાત વર્ષમાં "કોમળ મધુર નાદ" વગર જગાડ્યો નથી. શ્રીરામને જગાડવા "હરિ જાગો રે" એમ કહેવાતું તેમ અમને તેમના આત્મ જ હોઇએ તે રીતે પ્રસન્નતા પૂર્વક જગાડતા; પણ હું ફિલસૂફની અદાથી "જાગીને જોઉં તો જગત દીસે નહિ" એમ સમજી ફરી ઊંઘી જતો અને ફરી અમીન સાહેબ જગાડી જાય. પણ હું પથારીમાંથી ઊઠયા પછી કદી નિષ્ક્રીય, કે બેદરકાર રહ્યો નહોતો તેનો આનન્દ તેમણે અનુભવેલો. આ સ્પર્ધા એકાદ બે વર્ષ નહિ પણ પૂરાં સાત વર્ષ ચાલી. જગાડવામાં ન અમીન સાહેબ



■ લેખક જ્યારે સર્વ વિદ્યાલયમાં શિક્ષક હતા તે સમયનો ગ્રુપ ફોટો સને ૧૯૪૪-૪૫ (રૌપ્ય મહોત્સવ વર્ષ) ખુરશીમાં પહેલી હરોળ : સર્વશ્રી (૧) જયકૃષ્ણ જાની (૨) માણેકલાલ રાવળ (૩) ભાઇલાભાઈ (૪) એસ. એસ. મહેતા (૫) કુ. પીલાઇ (૬) આચાર્ય નાથાભાઇ દેસાઇ (હાલ : આચાર્ય : બા. ક. વિદ્યાલય, બાવળા (૭) સ્વ. ઉમેદભાઇ (૮) કલ્યાણભાઇ (હાલ : આચાર્ય, નૂતન સર્વ વિદ્યાલય, વીસનગર) (૯) ઉપેન્દ્ર ભટ્ટ (હાલ : એલ. ડી. આર્ટ્સ કોલેજ અમદાવાદ) (૧૦) રામભાઇ (૧૧) વાલજીભાઇ **બીજી હરોલ** (૧) નરોત્તમભાઈ (૨) કાળીદાસ (૩) ચતુરભાઇ (હાલ વકીલ, મહેસાણા) (૪) મનસ્વી (૫) મફતલાલ (૬) ગોપાળભાઈ (હાલ : આચાર્ય, આશ હાઇસ્કૂલ : વિજાપુર) (૭) મંગળભાઇ (૮) રસિકલાલ આચાર્ય (૯) રતિલાલ ગામી (૧૦) પ્રહ્લાદભાઈ (લેખક) હાલ : આચાર્ય શ્રી મહાલક્ષ્મી વિદ્યાલય, ડભોડાં (૧૧) સોમનાથ રાવળ

કે છગનભાઈ સાહેબ હાર્યા કે ફરી સૂઈ જવામાં ન હું હાર્યો. આવી વાત્સલ્યમૂર્તિને આજે પણ હું એ જ પ્રેમભક્તિથી નિહાળું છું.

કાપડના વણાટમાં ઊભા અને આડા તાણા રહેલા હોય છે. આશ્રમ જીવનના આ ઘડતરની સાથે સાથે સર્વ વિદ્યાલયના ગુરુઓ પણ ભાગ ભજવતા. તેમાં ધોરણવાર અકેક ગુરુની મારી પર ઘેરી અસર રહી છે. અને તે વર્ષમાં હું તે ગુરુનો 'પ્રિયદર્શન' બની રહ્યો છું. આશ્રમ જીવન અને વિદ્યાલય જીવન જુદાં વરતાતાંજ નહિ. શ્રી ભાઈલાલભાઈ એ વખતે સુઘડતાની મૂર્તિ જેવા પૂજ્ય બાપુભાઈની અને પૂજ્ય છગનભાઈની બાજુમાં કામ કરતા બેઠેલા જોવા મળતા તે દિવસોમાં સાયંપ્રાર્થનામાં હાજરી લેતી વખતે અને દિવસે પુસ્તકાલયમાં અને પ્રસંગોપાત મંડળ કાર્યાલયમાં વસ્તુ ભંડારના હિસાબની લેવડદેવડમાં તેમને મળવાનું થતું ગુરુજનોએ આપેલી પુસ્તકોની યાદી લઈને જઉં તો હર્ષભેર યાદી લઈને પુસ્તકો કાઢી આપે. તેમણે મને કદી વર્ગમાં આવી ભણાવ્યો નથી; પણ વિદ્યાર્થીજીવનમાં તેમ જ સંસ્થામાં જ્યારે શિક્ષક તરીકે હતો ત્યારે તેમના સહજીવનમાંથી મને ઘણું શીખવા મળ્યું છે. તેમની આયોજન શક્તિ, વ્યવસ્થા શક્તિ અને ગુણગ્રહણ કરવાની શક્તિઓથી તે પૂજ્ય બાપુભાઈના પ્રિય બની ગયેલા તે હું જોતો. સાચે જ બાપૂના મહાદેવ.

જ્ઞાનમંદિરમાં આશ્રમના દરવાજામાં પેસતાં ડાબા હાથની બે રૂમોની વચ્ચે બારણું પાડી બનાવેલ પુસ્તકાલયમાં પ્રવેશ કરતાં તેની અંદરની વ્યવસ્થા, શાંતિ અને પવિત્રતાનો લાભ મને ઘણીવાર મળ્યો છે. પૂજ્ય બાપુભાઈના અનુગ્રહને કારણે તેમના સ્વયંસેવક તરીકે કામગીરી બજાવતો; અને મારી જ્ઞાનપિપાસા તૃપ્ત કરવા મને પણ એક આસને બેસાડતા. જુદા જુદા વિષયોમાં પારંગત વિદ્વાનો મારફત 'જ્ઞાનસત્રો' યોજ્યા પછી વકતૃત્વ સભામાં મારી તરફ નજર કરતાં હું સહજ રીતે 'પ્રેમ અને શ્રેય' ની દૃષ્ટિથી ઉપનિષદ્‌ની નચિકેતાની કથાની રજૂઆત કરતો. આ વખતે દરેક સાહેબ એકબીજાની સામે જોતા અને માંહિમાંહિ બોલતાં આ તો કોઈ 'સાહેબ' લાગે છે અને સાતે વર્ષ માટે સંસ્થામાં મારું નામ બધાને માટે 'સાહેબ' બની રહ્યું આ વર્ષોમાં મારા મિત્રોમાં સર્વશ્રી હષિકેશ ઠાકર, ધનાભાઈ વકીલ, હરગોવિંદભાઈ મહેસાણાવાળા, ઈશ્વરભાઈ ખારાઘોડાવાળા, આત્મારામભાઈ, ખોડાભાઈ-માજી ધારાસભ્ય, અંબાલાલભાઈ, રતિભાઈ ગામી વગેરે હતા. તેઓ અને અન્ય તે દિવસોમાં સાથે રહેલા મિત્રોનાં ગમે ત્યાં દર્શન થતાં સંસ્થાદર્શન અનુભવું છું. જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત એ કવિવચન સાર્થક થયેલું જોઉં છું

વડોદરા, ઇંદોર, અમદાવાદ, બનારસ આમ જુદે જુદે ઠેકાણે છાત્રાલયજીવન મળ્યું છે; પણ 'તીર્થભૂમિ' તો કડીની સંસ્થા જ બની રહી છે. તેની પાછળ તે વખતના આજીવન સંસ્થાના સેવકોનું આત્મસમર્પણ છે. તેમાંના કોઈએ પોતાના શિક્ષણકાર્ય સિવાય બીજી કોઈ સિદ્ધિની ચાહના કરી જ નહોતી. શિલ્પકારની અદાથી સતત ચીવટભરી નજરથી મૂર્તિને કંડારવાનુંજ કામ કરતા હતા. અને તેમને ફાળે આવેલું કામ કરી બીજાના હાથમાં સોંપતા જતા હતા.

આમ શ્રી રતિભાઈ અને શ્રી ભાઈલાલભાઈની અસરો ઝીલ્યા પછી શ્રી (માણેકલાલ) રાવલ સાહેબની પાસે આવ્યો. લોકકથાઓ, લોકગીતો, લોકસાહિત્ય અને મીઠી વાણીનું અમૃત તેમણે મારા જીવનમાં સીચ્યું. સદા યુવાની ટકાવનાર સ્કાઉટવીર તરીકે આજે પણ હું તેમના પર વારી જઉં છું. "ગણપતિ બાપા બોળિયા રે" અને "શિવાજીને નિંદરું ના આવે રે" ગીતોના સુર આજે પણ આંખો મીચતાં કાન પર સંભળાય છે. તેમના કંઠની મધુરતા અને જુદા જુદા પાત્રો દ્વારા ભજવેલ સંવાદોમાં કરેલો અભિનય તેમની યાદ અમર બનાવે છે.

બીજા ધોરણમાંથી ત્રીજા ધોરણમાં આવતાંની સાથે જ ગણિતશાસ્ત્ર અને અંગ્રેજીનો રસ વધારનાર તરીકે પૂ વાલજીભાઈનો ફાળો અનેરો છે. સરળ રીતે શબ્દોના અર્થ સમજાવી ગોખણપટ્ટીને તે દૂર કરાવતા. Con together અને jungo –I join દ્વારા Conjunction નો અર્થ ત્રીજા ધોરણમાં શીખવાડતા. 'ટટાર બેસો' નો આગ્રહ તેમણે જે સેવેલો તેનો ફાયદો મને જે મળ્યો છે તે હું કદી નહિ ભૂલું. મારા લેખનકાર્યમાં કે પરમાત્માના ધ્યાનમાં કલાકો સુધી આસનબદ્ધ બેસવામાં જે સરળતા અને સ્વાભાવિકતા આવ્યાં છે. તેનું બધું શ્રેય પૂ. વાલજીભાઈના આગ્રહી સ્વભાવને ફાળે જાય છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ પ્રથમ, દ્વિતીય અને તૃતીય શ્રેણીના ગુરુની વ્યાખ્યા આપતા કહે છે કે પ્રથમ શ્રેણીનો ગુરુ પોતાના વિચાર પ્રમાણે આચરણ કરાવીને રહે છે; બીજી શ્રેણીનો ગુરુ બોલીને રહે છે; અને ત્રીજી શ્રેણીનો ગુરુ "મારે શું કહીને રહે છે. "પૂ વાલજીભાઈ આ દૃષ્ટિએ પ્રથમ શ્રેણીના ગુરુ ગણી શકાય. મૌખિક કાર્ય કરાવ્યા વગર કદી દાખલા ગણાવ્યા નથી. સ્મૃતિનો શિક્ષણમાં જરૂરી સમન્વય તે કરાવતા. તેઓશ્રી સદા નીરોગી અને કામગરા રહેલા. મને તેમની અંદર વાલીની અપાર શક્તિ નજરે પડતી.

આશ્રમજીવનનો મોટો લાભ એ હતો કે વર્ગમાં ગુરુજનોના જીવનની એક આભા મળતી અને આશ્રમમાં તેમના જીવનની બીજી ઝલકનાં દર્શન થતાં પૂજ્ય છગનભાઈના જીવનને હું પ્રમાણમાં વધારે જાણી અને માણી શકયો હતો- તેમના અંગે ષષ્ઠીપૂર્તિમાં મેં પ્રેમપૂર્વક લંબાણથી લખ્યું છે. અહીં તેમની શ્રીકૃષ્ણના મહાન ભક્ત જાંબુવાન સાથે તુલના કરી વિરમું છું.

પૂજ્ય ઉમેદભાઈને હું ફક્ત વર્ગોમાં જ માણી શક્યો; પણ તેમનો વર્ગ મારે મને સ્વર્ગ હતો. ગુજરાતી, સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યબંધારણના મહાન ઉસ્તાદ હતા. અભ્યાસની ગહનતા, ભાષાનું લાલિત્ય અને સ્વતંત્ર વિચારદૃષ્ટિનું અમીસિંચન તેમણે એક કલાકારની અદાથી કર્યું છે. ૧૯૩૯ માં હરિપુરા કોંગ્રેસનું અધિવેશન પુરું થયા પછી "સુભાષચંદ્ર બોઝની સરાણ પર મહાત્મા ગાંધી" નું પ્રેરક પ્રવચન જ્યારે તેમણે કરેલું ત્યારે તેઓ 'વીરમૂર્તિ' બની ગયેલ. આવી જ રીતે તેમના સાથીદારો બાબતમાં વ્યંગ્યાર્થ વાણી કલાત્મક રીતે રજૂ કરતા જે સાંભળનારને સ્મિત કરાવતી. મુંબાઈ યુનિવર્સિટીની મેટ્રીકની પરીક્ષામાં ૧૯૩૫ના કાયદા પ્રમાણેનું પ્રાંતિક સ્વરાજ્ય (Provincial Autonomy) તેમની પાસેથી ભણ્યા પછી આગ્રા યુનિવર્સિટીના પ્રોફેસર ચેટરજી પાસે B. A. માં રાજનીતિશાસ્ત્રમાં તે બાબત ભણવાની આવી ત્યારે તેમાં 'પરિમલ' ની ફોરમ નહોતી. ભાષાઓ અને ઇતિહાસ શીખવતી વખતે સામાન્ય જ્ઞાનનો અને દર્શનશાસ્ત્રનો જે આડપ્રવાહ તે વહેવડાવતા તેથી વિષય ઘણો રસિક બનતો. કાન્તનાં ખંડકાવ્યો તેમની પાસે વિદ્યાર્થી તરીકે ભણ્યા પછી તેમની સાથે શિક્ષક તરીકે કામ કરતાં પણ ફરી સાંભળતો ત્યારે તેમની રસિકતા અને સાહિત્ય પ્રેમનો અનુભવ કરતો. સુંદરજી ગો. બેટાઇના 'સુલોચનાનું લોચનદાન' કાવ્ય જેવું તેમનું એક ખંડકાવ્ય 'પૂજારિણી' આજે પણ મને આપણી ગુજરાતી ભાષાનાં ઉત્તમ ખંડકાવ્યોમાં વસંતવિજય, ચિત્રવિલોપન વગેરેની સાથે બેસી શકે તેવું લાગ્યું છે. તે કાવ્યમાં ગુજરાતી ભાષાની શક્તિ અને માનવજાતમાં રહેલો અહમ્ એકી સાથે આલેખાયેલાં માલુમ પડ્યાં છે.

ખૂબીની વાત તો એ છે કે આ બધા ગુરુજીઓની સાથે શિક્ષક તરીકે સર્વ વિદ્યાલયમાં કામ કરવા છતાં પણ મારે મન તેઓ (આજે મારી સુવર્ણ જયંતીના ટાણે – સંસ્થાનો અને મારો જન્મ એક જ વર્ષમાં છે અને સંસ્થા સાથે હું એકરૂપ છું) વિદ્યાભ્યાસ વખતેના પૂજ્ય અને શ્રદ્ધેય ગુરુજીઓ બની રહ્યા છે.

જે પ્રમાણે જે ગુરુજનો મારા ઘડતરમાં ભાગ ભજવતા ગયા તેમ તેમનો ઉલ્લેખ કરતો જઉં છું. ધોરણ ૫ થી ૭ (હાલના ધોરણ ૯ થી ૧૧) માં પૂજ્ય પોપટભાઈ ગણિતશાસ્ત્ર ભણાવતા. આશ્રમ જીવનમાં તેમના દર્શન માત્રથી હું ૧૯૩૨ થી ૧૯૩૫સુધી મુગ્ધ રહીને ફરતો; તેમની નજીકમાં જવાનું બન્યું જ નહિ; કારણ કે તેઓ નહોતા મારા પ્રત્યક્ષ શિક્ષક કે ગૃહપતિ; છતાં તે આશ્રમમાં રહેતા અને જ્યારે આશ્રમમાં હોય ત્યારે પ્રાર્થનામાં ભાગ લેતા. સંસ્થામાં દાખલ થયેલો ત્યારે તેમના માટેની એક સુવાસ આશ્રમમાં ફેલાયેલી હતી. ગાંધીજીની

[ અનુસંધાન આઠમા પાન ઉપર ચાલુ ]

ગુજરાતની અગ્રગણ્ય અને આપણી
સૌની પ્રિય માતૃસંસ્થા

સુવર્ણજયન્તી

પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ
સર્વે ભાઈ–બેનો પાસે
અપેક્ષા રાખે છે:

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.
(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.
(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.
(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભુત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.
(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસકાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. 'સુવર્ણ જયંતી' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.
(૬) 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.

આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

: : આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. : :

# સુવર્ણ જયંતી ફાળામાં

## નીચેની નવીન રકમો લખાઈ છે.

## દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

૯૦૯૦૮) આગળનો સરવાળો. ( અંક ૨૪ )

* ૨૫૧) શ્રી ખોડાભાઈ કેશવલાલ પટેલ

હ. શ્રી કેશવલાલ મોહનદાસ મુ. કુંડાળ, તા. કડી

૯૧૧૫૯)

* વસુલ આવી ગયા છે.

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.

૨૫૧) પટેલ ગોપાળભાઈ મોહનદાસ ( ચારોલવાળા )

રામદ્વારા પાસે, વાડીરોડ

મુ. નવા ડીસા જિ. બનાસકાંઠા

## ગૌશાળાના ફંડમાં નીચેની રકમ મળી છે.

૧૦) પટેલ મણીલાલ મોહનલાલ : કડી

## કડી કેળવણી મંડળનો રજત જયંતી મહોત્સવ

**કડી** કેળવણી મંડળનો રૌપ્ય મહોત્સવ તા. ૭-૮ માર્ચ ૧૯૭૦ ના દિવસોએ બરોડા બેંકના જોઈન્ટ જનરલ મેનેજર શ્રી ચંદુલાલ પાનાચંદ શાહ (બાર-એટ-લો)ના પ્રમુખપદે કડી મુકામે ઝવેરી હાઈસ્કૂલના પટાંગણમાં ભવ્ય રીતે અને ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો. અતિથિવિશેષ તરીકે ગુજરાતના પ્રખ્યાત ઉદ્યોગપતિ શેઠશ્રી જીવણલાલ ચુનીલાલ ચીનાઈ પધાર્યા હતા.

કડી કેળવણી મંડળ કડીમાં ઝવેરી હાઈસ્કૂલ, ખમાર ગર્લ્સ હાઈસ્કૂલ, પ્રાથમિક શાળા અને બાલમંદિર ચલાવે છે. ગર્લ્સ હાઈસ્કૂલના મકાન માટે રજત મહોત્સવ પ્રસંગે મંડળે લાખ રૂપિયા ઉપરાંતનું ફંડ એકત્ર કર્યું છે.

કડી કેળવણી મંડળના ચેરમેન શ્રી રસિકલાલ ના. શાહ જેઓ કડીના વતની છે અને કડીની અસ્મિતાના ચાહક છે તેઓ આ બધી પ્રવૃત્તિઓના વિસ્તરણ અને સંચાલનમાં અગ્રીમ ભાગ લઈ રહ્યા છે. કડીની આર્ટ્સ અને કોમર્સ કૉલેજોના તેઓ પ્રણેતા અને સંવાહક છે. રજત જયંતી મહોત્સવ સફળ થવામાં તેમનો ફાળો મુખ્ય હતો.

રજત જયંતી મહોત્સવના શુભ પ્રસંગે કડી કેળવણી મંડળને આ મંડળ શુભેચ્છાઓ પાઠવે છે.

[ સાતમા પાનનુ ચાલુ ]

માફક બ્રહ્મચારી રહી ગૃહસ્થ જીવન જીવે છે અને યોગ કરે છે. ૧૯૩૬ થી ૧૯૩૯ ના વર્ષોમાં તો હું ગણિતશાસ્ત્રના વિદ્યાર્થી તરીકે તેમનો પ્રિય શિષ્ય બની રહ્યો. દાખલો મને પોતે ક્યાંય ગુંચવાયા હોય તો "પ્રહ્લાદ પૂરો કર એનો" એમ કહીને આંખથી આંખ પરોવી શક્તિ ભરતા હાથમાં ચોક આપીને પોતે બાજુમાં ખુરશી લઈ મને આગળ વધતો જોઈ રહેતા અને પ્રસન્નતા અનુભવતા. આવી હતી તેમની વિદ્યાર્થીમાં અપૂર્વ શ્રદ્ધા. આ શ્રદ્ધાને કારણે જ, જ્યારે પૂજ્ય આચાર્ય બાપુભાઈ ગામી સ્વર્ગસ્થ થયા ત્યારે તેમણે આચાર્યપદ ૧૯૪૩ માં સંભાળ્યું. અને તે વખતે તેમણે મને શિક્ષક તરીકે અને કિશોરકુંજના ગૃહપતિ તરીકે પસંદ કર્યો. તેમની સાથે સમાજ સુધારણાના કાર્યોમાં સાણંદ, ઊંઝા વગેરે ઠેકાણે ફરવાનું મળ્યું. તે વખતે તેમની અંદર રહેલી ચોક્કસાઈ, એકાગ્રતા અને શ્રીમદ્ રાજચંદ્રની યોગનિષ્ઠાનાં દર્શન થયાં. તેમની પાસે વિશદ વિચારસરણી હતી. સામાને સમજીને જરૂર પડે તો જ પ્રત્યુત્તર વાળવાની ધીરજ હતી. તેમણી અંદર ગાંધીઅર્થશાસ્ત્રની ઊંડી સમજ અને આચરણ સહજ રીતે પળાતાં હતાં. Jesco Industry માં મુંબાઈમાં પણ તેમની એ સાદાઈ અને ઉપયોગિતાવાદ રોજિંદા જીવનમાં જણાય છે. ગાંધીજીની ગૃહઉદ્યોગની આવશ્યકતા તેઓ સમજેલા અને સુથારી, વણાટ અને દરજીકામ અને ખેતી કામમાં વિદ્યાર્થી ગૌરવ અનુભવે તે જોતા. તેમણે ઉપદેશેલી એક બાબત મારે મન સહજ બની ગઈ છે. 'મળને ઢાંકો' એ માટે તેમનો ઘણો આગ્રહ હતો. પછી તે શરીરનો હોય કે મનનો હોય. સ્વચ્છતાના ઉપાસકે દિવ્યતા તરફ દૃષ્ટિ રાખવી; આપોઆપ સ્વચ્છ થવાશે.

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ત્રિમૂર્તિ જેવા છગનભાઈ, બાપુભાઈ અને પોપટભાઈમાં પૂજ્ય બાપુભાઈ બાકીના બેને સાંકળનાર કડી સામાન હતા. તેમના સ્મરણ માત્રથી જ મને કઠોપનિષદ્‌નો પેલો પસિદ્ધ મંત્ર યાદ આવે છે.–

आत्मानं रथिनं विद्धि
शरीरं रथमेव तु ।
बुद्धिं तु सारथिं विद्धि
मनः प्रगहमेव च ॥
इन्द्रियाणि हयानाहु विषयांस्तेपु गोचरान् ।
आत्मेन्द्रियंमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषणः ॥

આત્માને રથમાં બેઠેલો જાણ, શરીરને રથ જાણ, બુદ્ધિને તે રથને હાંકનારો જાણ. અને મનને લગામ જાણ. ઇંદ્રિયોને જુદા જુદા વિષયોમાં ફરનારા ઘોડા જાણ. સાચો વિચારશીલ આત્મા, મન ઇંદ્રિય વગેરેને એકી સાથે યોજીને કામ કરે છે.

[ અપૂર્ણ ]

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી : તા. ૧૨–૩–૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૧૯-૩-૭૦ [ અંક ૨૬


## હાર્દિક આમંત્રણ

# સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન

તા. ૨-૫-૭૦ શનિવાર




સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન તા. ૨-૫-૭૦ શનિવારના રોજ યોજવામાં આવ્યું છે. આ સંમેલન તા. ૨-૫-૭૦ ના રોજ બપોરના ૨-૦૦ વાગે શરૂ થશે કામચલાઉ કાર્યક્રમ નીચે પ્રમાણે રાખ્યો છે.

તા. ૨-૫-૭૦ શનિવાર

સવારના : આગમન
બપોરના ૨-૦૦ થી ૬-૦૦ પરિવાર સંમેલન.
સાંજના ૬-૦૦ થી ૮-૦૦ ભોજન વગેરે
રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સંમેલન

તા. ૩-૫-૭૦ રવિવાર

સવારના ૯-૦૦ વાગે સાયન્સ કૉલેજ હોસ્ટેલનું ઉદ્ઘાટન

આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત બધી સંસ્થાઓના ચાલુ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, અધ્યાપકો, આચાર્યો, સંચાલકો, હોદ્દેદારો વગેરે સર્વેને પધારવા માતૃસંસ્થા તરફથી હાર્દિક આમંત્રણ છે.

# તપોભૂમિ – વિદ્યાધામ

આચાર્ય ડૉ. પ્રહ્‌લાદ ફસ્વેકર
શ્રી મહાલક્ષ્મી વિદ્યામંદિર, ડભોડા

[ ગયા અંકથી ચાલુ ]

આચાર્ય બાપુભાઈ ગામી દરેકની સાથે આવા 'युक्त' જણાતા. સૌ કોઈ કહેતા "મારા બાપુભાઈ". મારા દરેક ગુરુજી કામ કરતા પણ તે કાર્ય જાણે કોઈને 'સમર્પણાર્થે' કરતા હોય તેવું લાગતું મને પણ વિદ્યાર્થી મંડળમાં ઉદ્યાન-મંત્રી તરીકે તેમની પાસે રહીને કામ કરવાનું મળ્યું હતું. તે વખતે જે રીતે મારી પાસેથી જે રીતે કામ લેતા તેથી કામ કરવાનો અનેરો આનંદ આવતો. આશાભાઈ નામના મારા એક સહાધ્યાયીને તો એટલો બધો રસ લગાડેલો કે આશ્રમના મકાનની સામે–આજે જ્યાં પૂજ્ય છગનભાની પ્રતિમા છે ત્યાં આશોદ્યાન નામકરણ કરી તેના રસને પોષ્યો; અને તે ભક્તિ અને સેવા આશાભાઈએ બહેચરભાઈને વારસામાં આપી

પૂજ્ય બાપુભાઈની પાસે વિદ્યાલયમાં સંસ્કૃત અને અંગ્રેજીના પાઠો ભણ્યો. તે ભણતી વખતે તેમના જ્ઞાનની ઝલક કરતાં તેમના હૃદયની સંસ્કારિતા બહુ અસર કરી જતી; અને તેથી કરીને સંસ્કૃત કે અંગ્રેજીની ભાષા કરતાં તે પાઠોમાં અને વાક્યોમાં જે સત્ય રહેલું તેમાં હું ગરકાવ થઈ જતો. એમણે સીંચેલી આ દૃષ્ટિના કારણે મને B. A, તથા M. A. ના અભ્યાસમાં PHILOSOPHY નો વિષય પ્રિય થઈ પડ્યો; જે મોટે ભાગે વિદ્યાર્થીને ગહન અને શુષ્ક લાગે છે.

શ્રી અરવિંદના "Essays on the Gita" ૧૯૩૯માં તેમણે મને વાંચવા આપેલા. ત્યારબાદ મેં ગીતા ઉપરનાં જુદા જુદા સંતોનાં અને વિદ્વાનોનાં અનેક ભાષ્યો વાંચ્યાં. તે વખતે મને ખબર નહોતી કે ગીતા વિશે ઊંડું જ્ઞાન લેવા માટેનું આ પ્રથમ સોપાન છે. આમ વિદ્યાર્થીને ઓળખી તેની અંદર રહેલી વિશિષ્ટ શક્તિનો વિકાસ અને આવિર્ભાવ કરાવતા. પોંડીચરી આશ્રમમાં જઈ જે સાધના તે કરતા તે કર્મયોગી બની રોજિંદા જીવનમાં ચાલુ રાખતા. પ્રભાત સંકીર્તન માધવલાલ આદરજવાળા પાસે કરાવતા. આધ્યાત્મિકતા તેમણે કદી ઉભરાવા દીધી નથી; ફક્ત કોઈ કોઈવાર માથાના બાલ ત્રણ ત્રણ માસ સુધી વધી ગયેલા જોયા છે. વેશભૂષામાં છેલ્લા વર્ષોમાં ખાદીનાં કોટ પાટલુન તેમણે અપનાવેલાં. શ્રી અરવિંદની માફક તેમણે પણ અંગ્રેજોના હિંદીઓના સંસર્ગને આવકાર્યો હતો. મારું નમ્ર માનવું છે કે તેમના આશીર્વાદથી જ સંસ્થાએ મને B. Ed. ના અભ્યાસ માટે વારાણસી મોકલ્યો હશે; અને ત્યાં જઈ બ્રહ્મવાદિની પરમાત્મા– સ્વરુપ શ્રી શ્રી મા આનંદમયીના ચરણકમળમાં રહેવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું હશે.

આ બધા ગુરુજીઓની સાથે સાથે ધૂમકેતુ જેવા, થોડાક વખત માટે પણ આંજી નાંખે તેવા ગુરુઓને પણ ભૂલી શકું તેમ નથી. સર્વશ્રી ઈનામદાર, અનામી, અધ્વર્યુ, અંજારિયા, મહેતા વગેરે પણ સંસ્થામાં જોડાવાનું ગૌરવ અનુભવતા. વૉરા સાહેબ જેવા પણ સર્વ વિદ્યાલયની વિશાળતામાં રાચતા.

શું શું સંભારું! "પ્રિય સર્વ વિદ્યાલય સોહે! જ્યાં હૈયે હૈયાં ડોલે!" સંસ્થાનો આવિર્ભાવ ત્યાગમાંથી થયો હતો. અજ્ઞાનતિમિર હટાવવાને માટે થયો હતો. જેથી કરીને સંસ્થામાં કામ કરનારને શિક્ષક કે સંસ્થામાં ભણી ગયેલ વિદ્યાર્થીને ત્યાગનો વારસો મળેલો છે સંસ્થાનો મુદ્રાલેખ सेवैव महाव्रतम् । સાર્થક થયો છે.

સંસ્થાની એક વિશિષ્ટતા એ રહી છે કે સંસ્થાનો અભણ કે ભણેલો સૌ કોઈ સેવક આદરપાત્ર રહ્યો છે. માલાજી રસોઈ-ઘરના નોકર હોવા છતાં તે અમને પ્રિય હતા. નિવૃત્ત થયા ત્યારે સંસ્થાએ અને વિદ્યાર્થીઓએ તેમની કદર કરી પ્રેમભરી વિદાય આપી હતી; પણ થોડાક ગાળા પછી તેમને સંસ્થા વગર ચેન ન પડ્યું અને ફરી સેવક તરીકે ચાલુ થયા હતા. સોમનાથ કોઠારી, બાપુદાસ, જોઈતારામ, માધવલાલભાઈ વગેરે પોતપોતાના ક્ષેત્રમાં સંપૂર્ણ રહી વિદ્યાર્થીઓની સેવા કરવાની તક કદી ચૂકતા નહિ. કર્તવ્ય બજાવવામાં ઊણપ રહેતી નહિ.

આમ આખુ ધ્રુવસપ્તક મોટું અને નાનું 'પૂજ્ય બાપુભાઈ' ના ધ્રુવતારકની આજુબાજુ પ્રદક્ષિણા કરતું અને પ્રકાશ રેલાવતું. મહાકવિ ન્હાનાલાલની માફક વધારે શું કહું!

"પુણ્યાત્માના ઊંડાણો આભ જેવાં અગાધ છે." ૧૯૪૭ થી ૧૯૫૪ સુધી માતૃસંસ્થામાં શિક્ષક અને ગૃહપતિ તરીકે કામ કર્યા પછી છેલ્લા પંદર વર્ષથી આચાર્ય તરીકે પણ જ્યાં ફરજ બજાવી છે ત્યાં સર્વ વિદ્યાલયને સંભારીને કર્તવ્યપાલન-માં રત રહ્યો છું. મારી જાતને જંગમ સર્વ વિદ્યાલય સમજી માતૃસંસ્થાના આદર્શોને અમલમાં મૂકું છું. 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગૂજરાત' એ ઉક્તિ પ્રમાણે સર્વ વિદ્યાલયની સુવાસ અનોખી રીતે ફોરમ આપે છે. "નિત્ય નૂતન એ ભાસે" ઉદ્‌ગાર વિદ્યાધામને માટે સાચા નિવડ્યા છે માતૃસંસ્થાનાં હજારો બાળકો તેના ગૌરવ અને જ્ઞાનને જુગજુગ સુધી સાચવશે એટલું બધું સુકૃત સંસ્થાના પાયામાં સમાયું છે, તેની મારું હૃદય સાખ પૂરે છે.

ॐ भवतापप्रणाशिन्यै आनन्दघनमूर्तये ।
ज्ञानभक्ति प्रदायिन्यै मातस्तुभ्यं नमोनमः ॥

—

# કડીની સંસ્થાનાં ૭ વર્ષ

સોમાભાઈ લ. પટેલ
મંત્રી, મજૂર મહાજન – સિદ્ધપુર

**રાષ્ટ્રીય સંસ્થાના – આશ્રમી જીવન – ઉદ્યોગ શિક્ષણ સયાજીરાવ મહારાજાની મુલાકાત – રાષ્ટ્રપિતા ગાંધીજીનાં પૂનિત પગલાં – કાકાસાહેબ અને દરબાર શ્રી ગોપાળદાસ –દાંડીકૂચ – સત્યાગ્રહ – તેમાં સંસ્થાના કાર્યકરો અને વિદ્યાર્થીઓ.**

સને ૧૯૨૪ની સાલમાં તેર વર્ષની ઉંમરે પાટીદાર આશ્રમ અને પાટીદાર વિદ્યાલય, કડીમાં હું અંગ્રેજી ધોરણ પહેલામાં દાખલ થયેલો. આજનું સર્વ વિદ્યાલય તે દિવસે કડવા પાટીદાર વિદ્યાલય, કડીના નામથી જાણીતું હતું. અંગ્રેજી ધોરણ સાતને મેટ્રીકનું ધોરણ કહેવાતું. તે સમયે વિદ્યાલયમાં અંગ્રેજી ધોરણ એકથી અંગ્રેજી ધોરણ ૭ સુધીનો અભ્યાસ ચાલતો હતો. આથી અંગ્રેજી ધોરણ ૭ સુધી અભ્યાસ કરી સને ૧૯૩૦ ના એપ્રિલ માસમાં મે આશ્રમ અને વિદ્યાલય છોડેલાં.

મારા અભ્યાસનાં આ ૭ વર્ષ મારા જીવન–ઘડતરમાં મહત્વનાં છે. આજે જે કંઈ પ્રવૃત્તિ વર્ષોથી હું કરું છું તેની માનસિક અને નૈતિક ભૂમિકા આ વર્ષોમાં નંખાઈ. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાંથી પાછા આવી, ભારતભરનો પ્રવાસ કરી, દેશની નાડ પારખીને સને ૧૯૨૧માં ભારતની અંગ્રેજ હકૂમત સામે અસહકાર અને સત્યાગ્રહની લડત શરૂ કરી. આથી દેશભરમાં જાગૃતિ આવી. સત્ય અને અહિંસાના રસ્તે ત્યાગ અને બલિદાન આપવાની પ્રબળ ભાવના દેશભરની પ્રજામાં આ વખતે જાગૃત થઈ. અંગ્રેજી રાજ્ય ભારતમાં અસ્તિત્વ ધરાવતું હોવા છતાં સને ૧૯૨૧ થી સને ૧૯૩૫ નો સમય ભારતની પ્રજાની આધ્યાત્મિક અને નૈતિક ઉન્નતિ માટે અર્વાચીન સમયમાં સુવર્ણકાળ ગણી શકાય એવો મારો ખ્યાલ છે. દેશના, સમાજના અને સમગ્ર પ્રજાના કલ્યાણ માટે નિઃસ્વાર્થભાવે ત્યાગ અને બલિદાન આપવાની ઉત્કૃષ્ટ ભાવના અને પ્રવૃત્તિ આ સમયે મહાત્મા ગાંધીજીની દોરવણી નીચે દેશભરમાં વ્યાપક બન્યાં.

દેશના આવા ઉત્તમ, ત્યાગશીલ અને તપશ્ચર્યાભર્યા વાતાવરણની અસર દેશભરની સંસ્થાઓ અને તેમાં પણ પાયાની શિક્ષણ સંસ્થાઓમાં થાય તે સ્વાભાવિક છે. પૂજ્ય છગનભા જેવા ત્યાગી તપસ્વીએ કડીમાં સંસ્થાની શરૂઆત તો કરી જ દીધી હતી. એટલે આ સમયે ગાંધીજીની પ્રબળ અસર નીચે આવેલા રાષ્ટ્રીય શિક્ષણની દૃષ્ટિવાળા કાર્યકર્તાઓ અને શિક્ષકો આ સંસ્થાને મળી રહ્યા. સને ૧૯૨૪ના જુનમાં હું સંસ્થામાં દાખલ થયેલો. ત્યારે સરકારી કૉલેજનો ત્યાગ કરી ગુજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરી સ્નાતક થયેલા શ્રી પોપટભાઈ ગુ પટેલ વિદ્યાલયના આચાર્ય હતા. આશ્રમના ગૃહપતિ તરીકે વિરમગામવાળા શ્રી. કુબેરદાસ છો. પટેલ હતા. શિક્ષકોમાં શ્રી છગનભાઈ કા. પટેલ, શ્રી ચુનીભાઈ ધ પટેલ, શ્રી પોપટલાલ મ. પટેલ, વગેરે હતા. મારા અભ્યાસ દરમ્યાન ભાવનગરવાળા શ્રી મોહનભાઈ ઝ. પટેલ અને શ્રી બાપુભાઈ વી. ગામી આવ્યા અને શાળાના આચાર્યપદે રહ્યા. વ્યાયામ વિશારદ એવા ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક શ્રી ગોવિંદલાલ ગી. દેસાઈ પણ શિક્ષક તરીકે જોડાયા હતા. ગૃહપતિ તરીકે શ્રી જુગલભાઈનો પણ અમને લાભ મળ્યો હતો.

પૂજ્ય છગનભા, પૂ. શ્રી માધવજીભાઈ અને પૂજ્ય શ્રી ધનશા ભગતની ત્રિપુટી સાથે સંસ્થાને શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ ( દાસકાકા ), શ્રી રામચંદ્રભાઈ અમીન અને પ્રો. શ્રી જેઠાલાલ ચી. સ્વામીનારાયણની પણ ઓથ અને સહાય મળ્યાં હતાં. જ્ઞાતિમાં પ્રખર સુધારક એવા ભાવનગરવાળા શ્રી હરજીવનભા અને શ્રી નગીનભાઈ વૃ. પટેલના વસવાટનો લાભ પણ કેટલીકવાર વિદ્યાર્થીઓને મળતો.

સંસ્થાનું વાતાવરણ સંપૂર્ણ રાષ્ટ્રીય અને નવિન દૃષ્ટિવાળું હતું. સવારના પાંચ વાગે ઉઠતાં જ આશ્રમમાં સમૂહ પ્રાર્થના થતી. પ્રાર્થનામાં તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો ભાગ લેતા. પ્રાર્થના પછી સંસ્થાકીય બાબત કે રાષ્ટ્ર અંગે કંઈ મહત્વની વાત હોય તો તે વિશે ટૂંકા પ્રવચનો શિક્ષકો કે ગૃહપતિ તરફથી થતાં. પ્રાર્થના પછી વ્યાયામ અને સ્નાનનો કાર્યક્રમ રહેતો. બારેય માસ ઠંડા પાણીએ વિદ્યાર્થીઓ સ્નાન કરતા. કડકડતી ઠંડીમાં પણ ઠંડા પાણીએ સ્નાન કરવા વિદ્યાર્થીઓ ટેવાયેલા અને આવા સ્નાનથી શરીરમાં સ્ફૂર્તિ અને જોમ રહેતાં તેવો અનુભવ થતો. તે સમયે સ્નાન માટે જુદું બંધાયેલું સ્નાનગૃહ કે સ્નાનના ઓરડા નહોતા ખુલ્લામાં જ અમે સ્નાન કરતા. અને છતાં તે વખતે ઠંડીમાં ઠંડા પાણીએ સ્નાન કરવું એ અમારે વિદ્યાર્થીઓ માટે સ્વાભાવિક ક્રમ બની ગયો હતો. સવારે અને સાંજના આશ્રમના સમૂહ ભોજન વખતે ગીતાના બીજા, બારમા કે પંદરમા અધ્યાયનો સામુદાયિક પાઠ થતો તે દરમ્યાન પીરસાતું. બપોરના અગિયારથી પાંચ સુધી વિદ્યાલય ચાલતું. વિદ્યાલયમાંથી છૂટયા પછી સાંજના વ્યાયામ શાળામાં વ્યાયામ કે બહાર ફરવા જવામાં સૌ ગોઠવાઈ જતા. સાંજના પણ પ્રાર્થના થતી. પ્રાર્થના પછી સૌ પોતપોતાના ઓરડામાં વાંચવામાં ગૂંથાઈ જતા.

## 'મને સાંભરે રે'

આ વખતે કડી સ્ટેશન સામે નવા ચણાતા અધૂરા મકાનમાં આશ્રમ અને વિદ્યાલય બંને ચાલુ કરવામાં આવ્યાં હતાં. બારી બારણાનાં કમાડ તે વખતે નંખાયેલા નહિ. મકાન ચણતરમાં તથા સંસ્થાના ચોગાનના સફાઈ કાર્યમાં શ્રમયજ્ઞ-રૂપી ફાળો દર રવિવારે કે રજાના દિવસે અમે વિદ્યાર્થીઓ આપતા. રહેવાના ઓરડાની હંમેશાં સફાઇ કરવી. તે વખતે વીજળી નહિ હોવાથી હંમેશાં ફાનસ સાફ કરવું અને તેમાં ગ્યાસતેલ ભરવું, જમવાના બંને સમયે પોતાનો થાળી, વાડકો અને લોટો માંજવો, ભોજન સમયે ટુકડીવાર પીરસવું, પોતાના કપડાં જાતે ધોવાં, વગેરે કામ અમે વિદ્યાર્થીઓ જાતે ઉમંગ-થી કરતા. ધોબી પાસે કપડાં ધોવડાવવાનો ખ્યાલ તો એ જમાનામાં અમારા મગજમાં કોઇને આવતો નહિ.

રાષ્ટ્રીય તહેવારો અને મહત્વના ધાર્મિક તહેવારો ખૂબ જ ઉમંગથી અને ધામધૂમથી અમે ઉજવતા. રેંટિયા બારસ અને લોકમાન્ય ટિળક સંવત્સરી એ બે મોટા રાષ્ટ્રીય ઉત્સવો સારી રીતે ઉજવાતા. તમામ શિક્ષકો શુદ્ધ ખાદી પહેરતા અને દરેક શિક્ષકમાં કંઇ ને કંઈ આગવું વ્યકિતત્વ અમને વિદ્યાર્થીઓને જોવા મળતું. કાંતણ અને પીંજણ બંને કામો સંસ્થામાં થતાં. ગુજરાત વિદ્યાપીઠ અને સત્યાગ્રહ આશ્રમમાંથી ગાંધીજીના સાન્નિધ્યમાંથી આવેલા નરોડાવાળા શ્રી માધવલાલ છ. પટેલ વણાટ શિક્ષક હતા. વણાટમાં પાટી અને આસનો વણવાનું કામ શિખવાતું. રેંટિયા બારસના દિવસે ચોવીસ કલાક અખંડ કાંતણ ચાલવા ઉપરાંત એક અઠવાડિયા અગાઉથી અખંડ કાંતણ શરૂ થઇ જતું. આ દિવસોમાં રેટિયા કાંતવા માટે વિદ્યાર્થીઓ પડાપડી કરતા ખાદી પ્રચાર માટે ખાદી લઈને ગામમાં ફેરી કરવા અમે વિદ્યાર્થી જતા.

શાસ્ત્રીય પદ્ધતિએ સંગીત શીખ વાનો વર્ગ પણ ચાલતો. સંગીત શિક્ષક તરીકે સંગીત સમ્રાટ અને સંગીતના શાસ્ત્રી એવા પંડિત વિષ્ણુ દિગંબરના એક જાણીતા શિષ્ય હતા જેઓ સિતાર અને નરઘાંના ઉસ્તાદ હતા. સુથારી વર્ગ પણ ચાલતો હતો. વિદ્યાર્થીના સામાન્યજ્ઞાનમાં વધારો થાય તે માટે પુસ્તકાલય અને વાંચનાલય શરૂ કરેલાં. વાંચનાલયમાં દૈનિક છાપાં અને તે સમયનાં ઉત્તમ માસિકો આવતાં વિદ્યાર્થીઓ રસપૂર્વક પુસ્તકાલય અને વાંચનાલયનો લાભ લેતા. પૂજ્ય બાપુભાઇની પ્રેરણાથી વિદ્યાર્થી-મંડળ શરૂ થયેલું, જેના ચૂંટાયેલા મંત્રી તરીકેની કામગીરી કરવાનો મને પણ મોકો મળેલો. હસ્તલિખિત માસિક અને હસ્તલિખિત અઠવાડિક પત્રિકા પણ પ્રસિદ્ધ થતી, જેમાં અમે વિદ્યાર્થીઓ લેખો લખતા. વિવિધ વિષયો ઉપર ચર્ચા-સભા, ડીબેટીંગ સોસાયટી પણ પણ ચાલતી પૂજ્ય બાપુભાઇ વિદ્યાલય સમય ઉપરાંત સાંજે ગીતાના ખાસ વર્ગો ચલાવતા. આ વર્ગના અભ્યાસના કારણે અમને વિદ્યાર્થીઓને સંસ્કૃતના વિષયમાં વિશેષ જ્ઞાન અને વિશેષ રસ પેદા થયેલાં. આને કારણે કેટલાય સંસ્કૃત સુભાષિતો શ્લોકો અને ભર્તુહરિના ચાર શતકોમાંથી નીતિ શતક અને વૈરાગ્ય શતકના બસો શ્લોકો મારા જેવા કેટલાય વિધાર્થીઓએ માંઢે કરેલાં.

સને ૧૯૨૪થી સને ૧૯૩૦ના ૭ વર્ષોના મારા સંસ્થાના વસવાટ દરમ્યાન કેટલાક વિશિષ્ટ પ્રસંગો નિહાળવાનો લાભ અમને મળેલો. વડોદરાના મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડની સંસ્થાની મુલાકાત વખતે તેઓ રાજવી હોવા છતાં તેમનાં પ્રવચનમાં અમને રાષ્ટ્ર ના ચાહક એવા નેતાનાં અને રાષ્ટ્રીય શિક્ષક એવા રાજવીના દિલનાં દર્શન થયેલા. વિદ્યાર્થીઓ સમક્ષ તેઓશ્રીએ કરેલા રાષ્ટ્રીય પ્રેરણાત્મક પ્રવચનની જાણ અંગ્રેજ રાજકર્તાઓ પાસે ન જાય તે માટે તેમના પ્રવચનની નોંધ નહિ લેવા છાપાંના ખબરપત્રીઓને તે વખતે તેમણે સૂચના આપેલી. પૂજ્ય મહાત્મા ગાંધીજીની સંસ્થાની મુલાકાત એ પણ સંસ્થા માટે અતિ મુલ્યવાન પ્રસંગ હતો. સવારના ગાંધીજી સંસ્થાની મુલાકાતે આવ્યા અને સાંજે પાછા ગયા ત્યાં સુધી આશ્રમમાં આખો દિવસ આજુબાજુના ગામડાની પ્રજાના કારણે મેળા જેવો દેખાવ થયેલો. સંસ્થાના ચોગાનમાં એક વિરાટ સભા થઈ હતી. અને તેમાં ગાંધીજીનું પ્રવચન સાંભળવાનો લાભ અમને સૌને મળ્યો હતો વળી આ પહેલાં પણ ગાંધીજીના દર્શનનો લાભ એકવાર અમને મળેલો. આશ્રમમાંથી અમે પ્રવાસે ગયેલા ત્યારે સત્યાગ્રહ આશ્રમ, સાબરમતીમાં પૂજ્ય ગાંધીજીની મુલાકાતનો લાભ અમને મળેલો. તે વખતે અમારી સાથે ગાંધીજીએ થોડીક વાતચીત કરેલી. તેમાં અમારામાંથી એક વિદ્યાર્થીએ વાતચીતમાં "ટાઇમ" શબ્દ વાપરેલો આથી સંપૂર્ણ શુદ્ધ ગુજરાતી બોલવાના આગ્રહી બાપુએ અંગ્રેજી "ટાઇમ" શબ્દ ગુજરાતી વાતચીતમાં વપરાયો તે માટે ટકોર કરેલી જે કોઈ ભાષા બોલીએ તે સંપૂર્ણ શુદ્ધ બોલવી જોઇએ કાં તો સંપૂર્ણ શુદ્ધ અંગ્રેજી કે સંપૂર્ણ શુદ્ધ ગુજરાતી બોલવું જોઇએ. વળી આશ્રમમાં ગાંધીજીની મુલાકાત પહેલાં તેમના જ અંતેવાસી એવા ડો. શ્રી હરિપ્રસાદ વ્ર દેસાઈની મુલાકાતનો લાભ આશ્રમમાં અમને મળેલો અને તેઓશ્રીના આગ્રહના કારણે જ પૂજ્ય ગાંધીજી સંસ્થાની મુલાકાતે આવેલા. તે વખતના ગુજરાત વિદ્યાપીઠના આચાર્ય શ્રી કાકા સાહેબ કાલેલકરના પ્રમુખપદે વિદ્યાર્થી સ્નેહ સંમેલન પણ સંસ્થામાં યોજાયું હતું આ સ્નેહ સંમેલનની કાર્યવાહીની સંપૂર્ણ જવાબદારી અમે વિદ્યાર્થીઓએ જ ઉપાડેલી. આ માટે સંસ્થાના ચોગાનમાં કલાત્મક મંડપ, બીજું સુશોભન, મહેમાનોના ઉતારાની વ્યવસ્થા, ભોજન, વગેરેની વ્યવસ્થાની જવાબદારી વિદ્યાર્થીઓએ જ ઉપાડેલી. આ દિવસે રાત્રે સુંદર મનોરંજન કાર્યક્રમ રાખવામાં આવેલો જેમાં કાકાસાહેબે હાજરી આપેલી. આ કાર્યક્રમમાં કાકાસાહેબનું જ લખેલું "બે ફેરી" નામનું નાટક અમે ભજવેલું. આ નાટકમાં

મુખ્ય પાત્ર મેં જ ભજવેલું. તે વખતે કડવા પાટીદાર સમાજમાં સુધારાની પ્રચંડ ઝુંબેસ ચલાવનાર કડવા પાટીદાર પરિષદનું અધિવેશન પણ સંસ્થામાં મળ્યું હતું. તેમાં મહેમાન તરીકે દરબાર શ્રી ગોપાળદાસ દેસાઇનો લાભ અમને મળ્યો હતો.

સંસ્થામાંથી છુટા થવા મારેનો પ્રસંગ મારે માટે અનેરો હતો. સને ૧૯૩૦ના માર્ચની તા. ૧૨મીએ પૂજ્ય ગાંધીજીએ સત્યાગ્રહ આશ્રમમાંથી દાંડી કુચની યાત્રા આરંભી મહાભિનિષ્ક્રમણ કરેલું અને તે વખતે તેઓએ ભિષ્મ પ્રતિજ્ઞા કરેલી કે સ્વરાજ્ય લીધા સિવાય તેઓ આશ્રમમાં પાછા ફરશે નહિ. દાંડી યાત્રા પુરી કરી દાંડીના દરિયા કાંઠે મીઠાનો સત્યાગ્રહ શરૂ કર્યો. આથી દેશભરમાં મીઠાનો સત્યાગ્રહ શરૂ થયો. આ વખતે અમે સંસ્થામાં અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓએ અમારા શિક્ષકોની જાણ બહાર અમદાવાદમાં કોંગ્રેસ સમિતિની ઑફિસમાં "સત્યાગ્રહી" તરીકે નામ નોંધાવ્યાં. સંસ્થામાં રાષ્ટ્રીય વાતાવરણ હતું અને બધા- શિક્ષકો તો તે રંગે રંગાયેલા હતા. છતાં સંસ્થાને વડોદરા રાજ્યની ગ્રાન્ટ મળતી હતી અને તેથી સંસ્થાને હાનિ ન થાય તે દષ્ટિથી શિક્ષકોની સત્યાગ્રહની લડત પ્રત્યે હાર્દિક સહાનુભૂતિ હોવા છતાં મર્યાદા તરીકે સત્યાગ્રહની લડતની સીધી દોરવણી કે ભાગ લેવામાંથી તેઓ તટસ્થવૃતિ રાખતા. અમારાં નામો સત્યાગ્રહીઓ તરીકે છાપામાં પ્રસિદ્ધ થતાં અને સત્યાગ્રહમાં જોડાવા માટે અમને અમદાવાદ કોંગ્રેસ સમિતિ તરફથી આદેશ મળતાં આશ્રમમાં આ વાત જાહેર થઇ ગઈ. જીવનભર જે આદર્શ સંસ્થાના શિક્ષકોએ સેવ્યો અને તે મુજબ સંસ્થામાં આચરણ પણ કર્યું અને તેમના આવા જીવનમાંથી જ અમને આ પ્રેરણા મળેલી અને તેથી જ અમે સત્યાગ્રહમાં જોડાવા તત્પર થયેલા. આથી સંસ્થામાંથી વિદાય લેવાના છેલ્લા દિવસે અમને હાર્દિક અને ભવ્ય વિદાયમાન સંસ્થા તરફથી આપવામાં આવ્યું. આ વિદાય–સભામાં સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ, કાર્યકર્તાઓ અને શિક્ષકોએ હાજર રહી અમને શુભાશિષ આપેલી. વિદાય વખતે પૂજ્ય છગનભાએ અમને આશિષ આપેલી. અમે વિદ્યાર્થીઓ ઊપરાંત કડી શહેરના મળી કુલ નવ સત્યાગ્રહીઓ સત્યાગ્રહમાં જોડાતા હોવાથી નવનો આંકડો કેવો અખંડ અને શુભ છે તે નવનો ઘડીઓ વિદાય સભામાં બોલીને પૂજ્ય છગનભાએ સમજણ આપેલી. નવના આખા ઘડીયામાં જે આંક આવે છે તે તમામનો સરવાળો નવ જ થાય છે અને તેથી નવના અખંડ આંકડાનું મહત્વ અમે નવેય જણ નવ અખંડ આંકડાની માફક અખંડ રહીને ભારત માતાની સેવા કરીએ તેવા આશિષ આપેલા. આ વખતે સત્યાગ્રહીઓ ઉપર અંગ્રેજી રાજ્ય તરફથી લાઠીચાર્જ, ઘોડા દોડાવવા, ગોળીબાર, વગેરે જુલ્મ રોજ થતા અને આમાં કેટલાક શહિદ પણ થતા. આ વખતે અમારી વાર્ષિક પરીક્ષા નજીક આવી હોવા છતાં તેને તિલાંજલિ આપી જુલ્મનો ડર રાખ્યા સિવાય સત્યાગ્રહમાં અમે નાની ઉંમરે જોડાયા તેનો બધો યશ સંસ્થાના તે વખતના શિક્ષકોના ચારિત્રબળ, સંસ્થાનું અને રાષ્ટ્રનું રાષ્ટ્રીય વાતાવરણ હતું તેને આભારી છે. અમે સત્યાગ્રહીઓ તરીકે આશ્રમમાંથી વિદાય લીધી ત્યારે ગામના બીજા સત્યાગ્રહીઓ હોવાથી ગામમાં પણ મોટો વિદાય સમારંભ યોજાયો હતો. આ વિદાય સમારંભમાં પણ સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ અને કાર્યકર્તાઓ ઉપરાંત સમગ્ર કડી શહેરની પ્રજા હાજર હોય તેવી વિરાટ મેદની સભામાં થઇ હતી. વિદાય સમારંભનો શહેરનો કાર્યક્રમ પતાવતાં અને શહેરમાંથી વિદાય લેતાં જ લગભગ બપોરના અગિયાર વાગી ગયેલા, એટલે શહેરમાંથી વિદાય લઇને અમારો પ્રથમ પડાવ અને પ્રથમ ભોજન પાછું આશ્રમમાં જ ગોઠવાયેલું હતું. આશ્રમમાંથી બપોરનું ભોજન લઇ અમે સંસ્થામાંથી સત્યાગ્રહીઓ તરીકે વિદાય લીધી હતી અમે વિદ્યાર્થીઓ તરીકે જોડાયા હતા તેમાં મને ખ્યાલ છે ત્યાં સુધી શ્રી નરસિંહભાઇ ચેલદાસ–કોઈન્તિયા, શ્રી ગોવિંદભાઈ નથુભાઇ–સાણંદ, શ્રી ત્રિભોવનદાસ હીરદાસ–દેથૂપ (જેઓ હાલ સ્વર્ગવાસી છે) અને હું હતો. આ ઉપરાંત શહેરમાંથી જે સત્યાગ્રહીઓ જોડાયા હતા તેમાં શ્રી અંબાલાલ તુલસીદાસ પટેલ તથા તેમના કુટુંબી ભાઇ શ્રી છોટુભાઇ પટેલ, શ્રી કુબેરદાસ નાયક તથા તે વખતની કડીની મીલના માલિકના પુત્ર એવા શ્રી ગમાનભાઇ વગેરે હતા.

કડીની સંસ્થામાં રહેલા વિદ્યાર્થીનું જે ઘડતર થયેલું છે તેના કારણે તેમનું એક આગવું વ્યકિતત્વ બંધાયું છે. જે નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોના પાઠ સંસ્થાના કાર્યકર્તાઓ અને શિક્ષકોનાં જીવન અને આચરણમાંથી વિદ્યાર્થીઓને શીખવા મળ્યા હતા તેના પરિણામ આજે સમાજમાં કોઇને કોઈ જવાબદારીભર્યાં સ્થાનો તે વખતના વિદ્યાર્થીઓ આજે કાર્યકર્તાઓ તરીકે સંભાળી રહ્યા છે. આ યશ કડીની સંસ્થાના ફાળે જાય છે અને આજે પણ આ સંસ્થા સમાજને અને દેશને ઉત્તમ નાગરિકોની હારમાળા ભેટ આપી રહી છે.

---

સુવર્ણ જયંતિ ફાળામાં
આપનો ફાળો મોકલી
આપશો.

# કડી–એક ઐતિહાસિક નગર

બાબુભાઈ કડિયા M. A.



ધુમ્મટીઓ



મલ્હારરાવનો મહેલ

## કડી સોનાની દડી :-

કોઇ પણ શહેરના ઐતિહાસિક વિકાસ માટે ભૌગોલિક પરિબળો તે શહેરનું મૂળ સ્થાન અને કદ નક્કી કરે છે. પુરાણકાળમાં કડીનું ભૌગોલિક સ્થાન ગુજરાતની દરેક સરહદો સાથે કેન્દ્રવર્તી હતું. ગુજરાતના પ્રદેશો જેવા કે વિરમગામ, સમી, રાધનપુર, હિંમતનગર, ઇડર, ચરોતર અને અમદાવાદના વિસ્તારો સાથે તે એક "કડી" (સાંકળરૂપ) હતું તેથી તેનું નામ કડી પડ્યું હોવાનું મનાય છે. કડી જૂના સમયમાં રાજધાનીનું શહેર હતું એવી પણ એક લોકવાયકા છે. તેમજ "કડી સોનાની દડી" એવી ઉપમા દ્વારા કડી નગરના લોકો પોતાના વતન વિશેનું ગૌરવ વ્યક્ત કરે છે. ગુજરાતના પુરાણા નગરો જેવાં કે આનર્તપુર, અણહિલ પાટણ, સિદ્ધપુર વગેરેની જોડીનું 'કરિપુર' (કડી) પણ છે અને તે આ ઐતિહાસિક નગરોનું સમકાલીન શહેર હતું તેમ માનવામાં આવે છે. કડી એ પ્રાચીન સમયની પ્રગતિશીલ, વિકાસ પામેલી વધુ વસતી ધરાવતી એક મોટી નગરી હતી એમ ઐતિહાસિક પુરાવા દ્વારા જાણવા મળે છે.

## કડીનો ઐતિહાસિક ઉલ્લેખ.

કડીનો સૌ પ્રથમ ઐતિહાસિક ઉલ્લેખ મુસ્લીમ યુગમાંથી મળી આવે છે ઇ. સ. ૧૩૪૭ માં દિલ્હીના બાદશાહ મહંમદ તઘલખ અને મલિક તોઘાન વચ્ચે કડીના પ્રાંગણમાં યુદ્ધ ખેલાયું હતું. ઇ. સ. ૧૫૫૪ માં બહાદુરશાહના મરણ પછી ઇતિમાદખાન કડીનો વહિવટકર્તા બન્યો હાલમાં કડી શહેરની મધ્યમાં જે કિલ્લો છે તે મુસ્લીમ બાદશાહોનું સર્જન છે તેમ તેના પુરાવા પરથી જાણી શકાય છે. ઈ સ ૧૬૦૬માં જહાંગીરના સમયમાં ગુજરાતનો સૈયદ મુરતઝાખાન બુખારી હતો. તેણે કડીના કિલ્લાને સમરાવ્યો તથા હાલમાં જે ભાગ 'કોટ' તરીકે ઓળખાય છે તે ઘણો જ મજબૂત કોટ ફરીથી ચણાવ્યો અને આ કિલ્લાના મુખ્ય દ્વાર પર તેની યાદ કાયમ રાખવા માટે તેણે કોતરાવેલો શિલાલેખ આજે પણ તત્કાલીન સમયની ઝાંખી કરાવે છે. આ શિલાલેખ ફારસી ભાષામાં કોતરાવેલો છે અને તેમાં "બોખારાનો કિલ્લો" એ પંક્તિઓ કોતરેલી છે. તે હિજરી સન ૧૦૧૮ (ઇ. સ ૧૬૧૮) માં બંધાવ્યો હતો. કડી શહેરને ફરતો ઇંટાનો દુર્ગ હતો તે દુર્ગને જવામર્દખાનની સુબાગીરી દરમ્યાન સફદરખાન બાબીએ ચણાવ્યો હતો. આ સમયમાં કડી મુસલમાન સુબાઓ માટે યુદ્ધ પર જવા સમયનું આશ્રયસ્થાન અને મહેસુલ ઉઘરાવવા માટેનું મુખ્ય પરગણું હતું. ઇ. સ. ૧૬૫૨ ના સમય દરમ્યાન કડી સૈસ્તખાનના વહીવટ હેઠળ હતું અને પોતાના સફળ રાજ્ય વહીવટને લીધે તેણે કડી, વિરમગામ, અને અમદાવાદને રંજાડતા ચુંવાળના કોળીઓના ત્રાસમાંથી દૂર કર્યા પાછળથી મરાઠાઓનાં આક્રમણ ગુજરાત ઉપર પણ શરૂ થયા ત્યારે ઈ સ. ૧૭૫૩ માં જવાંમર્દખાન બાબી અને દામાજીરાવ બીજા વચ્ચે યુદ્ધ ખેલાતાં કડી મરાઠાઓના હાથમાં ગયું.

## કડી અંગ્રેજોના અંકુશ હેઠળ.

અઢારમાં સૈકાની શરૂઆતમાં ગુજરાતમાં મોગલ સામ્રાજ્યની પડતી શરૂ થઇ અને મુસલમાન સલ્તનત ગુજરાતમાંથી ધીમે ધીમે ઓસરવા લાગી. ૧૭૬૬ માં દામાજીરાવ ગાયકવાડે મુસલમાન સલ્તન પાસેથી કડી પ્રાન્ત પડાવી લીધો. ઇ. સ. ૧૭૮૫ માં ખંડેરાવનું મૃત્યુ થતાં તેનો પુત્ર મલ્હારરાવ કડીની ગાદીએ આવ્યો. મરાઠા સરદારોમાં આંતરિક કલહને લીધે ગોવિંદરાવ અને મલ્હારરાવ વચ્ચે યુદ્ધ થતાં મલ્હારરાવની હાર થઈ અને કડી પાછું મેળવતાં પહેલાં મલ્હારરાવને મોટી ખંડણી ભરવી પડી. ઇ. સ. ૧૭૮૫ થી ૧૮૦૨ ના સમય સુધી કડી મલ્હારરાવની હકૂમત હેઠળ હતું અને મલ્હારરાવે કડીમાં રહીને વડોદરાની ગાયકવાડી સત્તા સામે બળવો પોકારતાં મેજર વૉકરની સરદારી હેઠળના લશ્કરે મલ્હારરાવને હટાવી શરણે થવાની ફરજ પાડી. આમ ગાયકવાડની ધરલડાઇએ અંગ્રેજોની ગુલામી ખરીદી અને ૧૮૦૨ પછીથો કડીની સત્તા અંગ્રેજોના અંકુશ હેઠળ આવી.

### મલ્હારરાવનો સમય.

મલ્હારરાવના સમયમાં કડીમાં ઘણો જ વિકાસ થયેલો જોવા મળે છે. આ સમયમાં કડી સ્થાપત્યમાં, રાજકીય ક્ષેત્રે, વ્યાપાર અને કેળવણી વિષયક બાબતોમાં આગળ પડતું સ્થાન ભોગવતું હતું. મલ્હારરાવે તેના સમય દરમ્યાન કડીના કિલ્લાને સમરાવ્યો તથા તેમાં રંગમહેલ, સૂપડા મહેલ, ચોરાશી બારણા જેવી ઇમારતોનું નવનિર્માણ કર્યું. ત્યાર પછી સયાજીરાવ ગાયકવાડના સમય દરમ્યાન આર્થિક અને કેળવણીનાં ક્ષેત્રે કડીમાં સારો એવો વિકાસ થયો હતો. આ સમયમાં કડીમાં સરકારી કચેરી, સરકારી ચોરો, પુસ્તકાલય (સને ૧૮૮૦) સરકારી દવાખાનું (૧૮૮૩-૮૩) પ્રાથમિક શાળા (૧૮૮૭-૮૮) વગેરે બાંધવામાં આવ્યાં હતાં. આ સમયમાં ધાર્મિક ક્ષેત્રે પણ સારી પ્રગતિ થઇ હતી. કડીનું ઇતિહાસ પ્રસિદ્ધ ખાખીબાવાનું મંદિર, જ્યોતેશ્વર મહાદેવનું શિવાલય તેમજ ભીમનાથ મહાદેવનાં મંદિરો પણ આજ સમયમાં નવનિર્માણ પામ્યાં હતાં.

### સુધરાઇની સ્થાપના.

ગુજરાતના અન્ય નગરોની માફક કડીમાં નવીન સ્થાપત્ય કલાનો વિકાસ થતા તેની ભવ્ય જાહોજલાલીના દર્શન થયા વગર રહેતાં નથી. આજ કડીની જાહોજલાલી ઓસરવા છતાં પણ નવીન ઢબે રસ્તાઓ તથા ઇમારતોનો વિકાસ થવાથી આધુનિક યુગમાં પણ ભવ્યતાવાળું જોવા મળે છે. ૧૯ મી સદીના અંત સુધી કડી-નગરી પ્રાન્તની પાટનગરી હતી તેને ૧૯૦૨ માં મહાલ નામે મહેસાણા પ્રાન્તમાં ગૌણ સ્થાન મળ્યું. ૧૯૧૦ માં કડી શહેર સુધરાઈની સ્થાપના કરવામાં આવી

### સીમા

કડી નગર એ ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાનું એક મહત્ત્વનું તાલુકા મથક છે અને તે ભૌગોલિક દૃષ્ટિએ ઉત્તર ગુજરાતના સપાટ ફળદ્રુપ પ્રદેશમાં આવેલું છે. અમદાવાદથી બેચરાજી જતી મીટરગેજ રેલ્વે લાઇન ઉપરનું એક અગત્યનું રેલ્વે મથક છે. કડીની ઉત્તરે મહેસાણા તાલુકો, દક્ષિણે અમદાવાદ જિલ્લાનો સાણંદ તાલુકો, પૂર્વમાં કલોલ તાલુકો અને પશ્ચિમમાં વિરમગામ તાલુકો આવેલો છે. તેથી કડી તેની ચારેબાજુના અર્ધઔદ્યોગિક અને ખેતીના પ્રદેશોની વચ્ચે નાના એકત્રીકરણ અને વિતરણકેન્દ્ર તરીકે મહત્ત્વનું સ્થાન ભોગવે છે.

### આબોહવા

કડી નગરની આબોહવા ગુજરાતના અન્ય નગરોની માફક મોસમી પ્રકારની જોવા મળે છે. કડી દરિયા કિનારાથી અંદરના ભાગમાં આવેલું હોવાથી ખંડિયતાનું પ્રમાણ વધારે છે. આથી કેટલીક વખતે ઠંડીનું પ્રમાણ વધે તે સ્વાભાવિક છે. તેમજ કેટલીક વખત આજુબાજુના વિસ્તારોમાં હિમ પણ પડે છે તેમજ દશકામાં એકાદ વખત અતિવર્ષા પણ જોવા મળે છે. ઉષ્ણતામાનના વાર્ષિક ગાળાઓ વધારે રહેતા હોવાથી માનવીના રોજિંદા જીવન પર તેની વિશિષ્ટ અસર પડી છે.

### વસ્તી :-

કડી નગરની વસ્તી તેના મધ્યભાગોમાં વધારે ગીચ છે. જ્યારે તેની સીમાના વિસ્તારોમાં તેનું પ્રમાણ ઘટતું જાય છે. કડીની કુલ જનસંખ્યા ઈ. સ. ૧૯૬૧ માં ૨૩૬૬૧ માણસોની હતી. અર્થશાસ્ત્રની ભાષામાં તેને અતિવસ્તીના શહેર તરીકે તેની ગણના કરી શકાય. કડીની કુલ વસ્તીનો મોટો ભાગ વેપાર-ધંધામાં વધારે રોકાયેલો જોવા મળે છે જ્યારે ખેતી ઉત્પાદનમાં રોકાયેલા લોકોની સંખ્યા પ્રમાણમાં ઓછી છે. તેથી કડી એ વ્યાપાર અને વાણિજ્યનું કેન્દ્રવર્તી મથક જોવા મળે છે.

### વિવિધલક્ષી પ્રવૃત્તિઓ :-

કોઇપણ નગરની વૃદ્ધિ અને વિકાસનો આધાર ત્યાં રહેતી પ્રજાની વિશિષ્ટ પ્રકારની પ્રવૃત્તિઓ ઉપર રહેલો છે. આ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ સભ્ય સમાજની સેવાઓના સંદર્ભમાં થતી જોવા મળે છે ગ્રામીણ વિસ્તારોમાં વિવિધલક્ષી પ્રવૃત્તિઓ થયા પછીથી જે સ્વરૂપ જોવા મળે છે તે શહેરી લાક્ષણિકતા ધરાવતું થાય છે. ઇતિહાસના જુદા જુદા સમયમાં આ પ્રવૃત્તિઓમાં ઘણા તફાવત જોવા મળે છે તેથી તેમને ભિન્ન ભિન્ન નામોથી ઓળખવામાં આવે છે આ રીતે કડી નગર પણ વિવિધલક્ષી પ્રવૃત્તિઓ કરતું કેન્દ્ર છે. આ બધી પ્રવૃત્તિઓ પ્રાચીન સમયથી બદલાતી જોવા મળે છે. તેથી શહેરીકરણની ક્રિયા થયેલી હોવાથી તેની આસપાસના ગ્રામીણ વિસ્તારો કરતાં તે અનોખું સ્થાન ભોગવે છે.

પ્રાચીન સમયમાં કડી નગરનું કાર્ય આસપાસની રંજાડ કરતી ટોળીઓના ભય સામે રક્ષણ મેળવવાનું હતું તેથી હાલના કોટના વિસ્તારમાં લશ્કરી વસાહતોની સ્થાપના થતા નગરની મુખ્ય પ્રવૃત્તિ નાના સંરક્ષણ કેન્દ્ર તરીકે થઇ હતી ત્યાર પછી સમય જતાં અહીં વહીવટી પ્રવૃત્તિનો વિકાસ વધારે થયો તેથી વહીવટીય કેન્દ્ર તરીકે તેનો ઉદ્ભવ થવાથી સંરક્ષણની પ્રવૃત્તિ ધીમે ધીમે ક્ષીણ થતી ગઇ. વાહનવ્યવહારની સગવડોના વિકાસની સાથે માનવહેરફેર અને ચીજ વસ્તુઓની વહનક્રિયામાં ઝડપી વધારો થયો તેથી કડી આસપાસના પ્રદેશોના મુખ્ય બજાર તરીકે અસ્તિત્વમાં આવ્યું. આમ વહીવટીય કેન્દ્ર તરીકે તેમજ વાણિજ્યના કેન્દ્ર તરીકે સ્થાન મેળવ્યું. આ સમયમાં જુદી જુદી કેળવણીની સંસ્થાઓ તેમજ સામાજિક સંસ્થાઓનો વિકાસ થતાં કડીની સામાજિક પ્રવૃત્તિ પણ આ સમયમાં તીવ્ર બનેલી જોવા મળે છે.

[ અનુસંધાન પાન ૮ ઉપર ]

# ચકમકતી

રણજિત પટેલ
(અનામી)

[ આ જમાનાની એક લઘુવાર્તા ]

**એ**ક હતા દેડકાભાઇ. પાણીમાં ઢમઢોલ થઇ આખો દિવસ 'ડ્રૉંઉ ડ્રૉંઉ' કરે. એક દિવસ એમની આગળથી એક ખીસકોલીબાઇ નીકળ્યાં. ખીસકોલીને ડીલે ચકમકતા ચટાપટા હતા. એ જોઇ દેડકાભાઇએ ઊંડો નિઃસાસો નાખ્યો :–

'અહો શું રૂપ છે !' આમ કહી કામુક દૃષ્ટિએ ચકમકતીને જોવા લાગ્યા. એમને મોહના નિઃસાસા નાખતા જોઇ ખીસકોલીએ પૂછ્યું :-

'કેમ દેડકાભાઇ ! શા દુઃખે નિઃસાસા નાખો છો ? દેડકીબાઇ તરફથી કોઈ દુઃખ તો નથી ને ?'

ખીસકોલીની સહાનુભૂતિ અને એના રૂપનો ઠસ્સો જોઇ એને સારુ લગાડવા કહ્યું :-

'હે ચકમકતી ! તારું રૂપજ મારા દુઃખનું કારણ છે.' ખીસકોલી હતી પહોંચેલી માયા. દેડકાભાઇની નિર્બળતા પર મનમાં એ સહેજ હસી, પણ એને બનાવવા કહ્યું :–

'તો તો તમારા દુઃખનું નિવારણ કરવું એ મારી પરમ ફરજ છે. તમારો વિચાર હોય તો હું લગ્ન કરવા તૈયાર છું.'

મસલતને અંતે બંનેએ લગ્ન કરવાનું નક્કી કર્યું. દેડકાભાઇ તો ગયા ખીસકોલીબાઇ– ચકમકતીને ઘેર. ચકમકતીનું ઘર હતું એક ઊંચા તાડ ઉપર. ખીસકોલી તો દેડકાભાઇને પોતાની પીઠ પર બેસાડી એક મોટા ઊંચા તાડ પર લઈ ગઇ અને ત્યાં એક તાડપત્ર પર બેસાડી કહ્યું : 'દેડકાભાઈ! તમો આ પથારીમાં આરામ કરો. હું ગોરને બોલાવી ખોટા રૂપિયાની જેમ પાછી આવું છું.'

લગ્નનો વિધિ કરાવવા ચકમકતી તો ગઈ બ્રાહ્મણને બોલાવવા અને અહીં તો દેડકાભાઇને ધોળે દહાડે ય લગ્નનાં શમણાં આવવા લાગ્યાં. રાત પડી, દિન ઊગ્યો પણ ચકમકતી તો દેખાઇ જ નહીં ! એ તો ગઇ તે ગઇ ! અને અહીં તો દેડકાભાઈ-વરરાજા-તાડશૈયામાં બેઠા બેઠા લીંબુ ચૂસે ! બે દા'ડા, ચાર દા'ડા દશ દા'ડા, બાર દા'ડા થયા, પણ ચકમકતી તો ફરી પાછાં ચમક્યાં જ નહીં. આખરે દેડકાભાઇને દેડકી યાદ આવી. એનો પાકો પ્રેમ યાદ આવ્યો, એની સેવા યાદ આવી અને દેડકીની તુલનાએ આ ચકમકતીનો ઉપરછલ્લો ચળકાટ યાદ આવ્યો અને દુઃખમાં તથા રોષમાં બોલ્યા :

'ચકમકતીનો સંગ કર્યો ને તાડે કીધો વાહો,
(આ) પૈણવાની ભૂત પરણઈ ગઇ પણ ઉતરવાનો હાંહો.'

આ જમાનાની પણ એવી ગત છે.

## એસ. એસ. સી. વર્ગના વિદ્યાર્થીઓને વિદાયમાન

તા. ૨૮-૨-૭૦ ના રોજ સર્વ વિદ્યાલય હાઇસ્કૂલના એસ. એસ. સી. વર્ગના વિદ્યાર્થી ભાઇબહેનોને વિદાય આપવા માટેનો સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં પ્રમુખસ્થાન સંસ્થાના મંત્રીશ્રી છગનભાઇ રા. પટેલે શોભાવ્યું હતું. વિદ્યાર્થીભાઇઓએ હૃદયસ્પર્શી વાણીમાં સંસ્થા માટેનો પ્રેમ અને પોતાનું ઋણ ફેડવાની તૈયારી વ્યક્ત કર્યાં હતાં. શિક્ષકભાઈઓએ પણ પ્રેરક પ્રવચનો કર્યાં હતાં.

પ્રમુખ સ્થાનેથી શ્રી છગનભાઇએ વિદ્યાર્થીઓને જીવનમાં પથદર્શક બની રહે એવા મૂલ્યવાન વિચારો એમની જોશીલી હૃદયસ્પર્શી અને પ્રેરક વાણીમાં વ્યક્ત કર્યા હતા.

સમારંભને અંતે સમૂહફોટોગ્રાફનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.

૨૫૧) શ્રી દામોદરદાસ જેઠાલાલ પટેલ
ધી મફતલાલ ફાઇન સ્પીનીંગ એન્ડ મેન્યુ કું. લી
વેજલપુરરોડ, નવસારી

૨૫૧) શ્રી મંગળદાસ સોમનાથ પટેલ
ધી મફતલાલ ફાઇન સ્પીનીંગ એન્ડ મેન્યુ. કું. લી.
વેજલપુરરોડ, નવસારી

૨૫૧) શ્રી માધુભાઇ નારણદાસ દેસાઇ
ધી મફતલાલ ફાઇન સ્પીનીંગ એન્ડ મેન્યુ કું લી.
વેજલપુરરોડ, નવસારી

## ગુજરાત ગોશાળાને મળેલી મદદ

૪૦) સુજાતપુરા ગામ તરફથી
હા. રબારી બબાભાઇ જકશીભાઈ

[ અનુસંધાન ૭ ઉપરનું ચાલુ ]

### જમીનની ઉપયોગિતા :-

કડી નગરનું સ્વરૂપ જોતાં જમીનની ઉપયોગિતા અવ્યવસ્થિત થયેલી જોવા મળે છે. નગરના સાંસ્કૃતિક તત્વોના વિતરણમાં સામાજિક પ્રવૃત્તિઓની છાપ વધારે જોવા મળે છે. શહેરની રચનામાં પ્રાચીન ભવ્યતાના દર્શન થાય છે. જો કે કેટલાક નવા વિસ્તારોમાં વીસમી સદીની બાંધણીને લીધે તે પ્રાચીન અર્વાચીનતાના વિલક્ષણ મિશ્રણ રૂપ બની ગયું છે. વાહનવ્યવહારની સગવડો અને મુખ્ય બજારના વિકાસને લીધે કડી તેની આજુબાજુના ગ્રામીણ વિસ્તારોમાં આગવું સ્થાન પ્રાપ્ત કરી શક્યું છે

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી : તા. ૧૯–૩–૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૨૬-૩-૭૦ [ અંક ૨૭


105

## आत्मदीपो भव।


રણજિત એમ. પટેલ
( अनामी )


**ભગવાન** બુદ્ધના પટ્ટશિષ્યોમાંના એક શિષ્ય આનંદે, શ્રેય અંગે સંઘ કોનું શરણું સ્વીકારે એ મતલબના પ્રશ્નનો ‘आत्मदीपो भव।’ એવો સૂત્રાત્મક પણ સનાતન સત્યમાં ખપવાની ક્ષમતાવાળો, બુદ્ધે જવાબ આપ્યો હતો.

આજે લોકોને–લોકસંઘને–સુખમાં શ્રેય દેખાય છે! પ્રેય-શ્રેયની સરહદો લુપ્ત થઈ ગઈ છે, એટલે પ્રેય-સુખને શ્રેય-સુખ સમજી લોકસંઘ સુખનાં વલખાં મારે છે! એ સુખનાં વલખાંમાંથી કેટકેટલી વિકૃતિઓ જન્મે છે તે ‘आत्मदीपो भव’નું સૂત્ર સમજ્યા વિના-દેખાય તેમ નથી સમજવાની તો વાત પછી!

પ્રકૃતિથી, વિપરીત શિક્ષણથી ને સમાજના વિકૃત વલણથી આપણે સુખદુઃખના ખોટા ખ્યાલો ગાંઠે બાંધી, પ્રવાહપતિત જીવન જીવીએ છીએ. સાંકડો ધર્મ ને રાંકડો સમાજ, તરલ રાજકીય વિચારસરણી ને સંકુલ લાગણીતંત્ર–કશાકનું અવલંબન સ્વીકાર્યા વિના આપણા જીવને ચેન પડતું નથી અને જીવનને ચાલના પ્રાપ્ત થતી નથી.

આપણે દેવળની ઉપાસના કરીએ છીએ ને દેવની ઉપેક્ષા. છાયાને સેવીએ છીએ ને સત્ત્વને છાંડીએ છીએ. ભ્રમને ભજીએ છીએ ને સત્યને ત્યજીએ છીએ. સત્ય-સંકલ્પ આત્માને ઉવેખી અર્ધદગ્ધ ગુરુ કે ગોટાળિયા ધર્મગ્રંથ (!)નાં ઓવારણાં લઈએ છીએ. દેહનું કોડિયું દૃઢ પકડી રાખીએ છીએ પણ સત્યના દીપને રાણો થવા દઈએ છીએ– અને ‘આત્મદીપ’ના અસ્તિત્વને વિસરી જઈ અંધની પાસે પ્રકાશ માટે ભીખીએ છીએ– ભટજીની જેમ પારસમણિને વાટે ભીખ માગીએ છીએ! ‘પાનીમેં મીન પિયાસી’ જેવી સ્થિતિથી આપણને હસવું પણ આવતું નથી એટલી બધી આપણી લાચારી અને નાદારી છે!

આપણે ‘સહજ’ રહ્યા નથી એટલે સત્ય સમજાતું નથી. પહેલાં ધર્મના વિતંડાવાદ હતા, હવે રાજકીય વિચારસરણી-ઓના. પહેલાં સત્તાની આણ પ્રવર્તતી હતી, હવે સત્તાના ધર્મની હાક વાગે છે! સત્યનું મુખ આજે તો અનેક ઢાંકણોથી ઢંકાઈ ગયું છે. સરળ પ્રશ્નોને પણ કેમ સંકુલ બનાવવા એ વિદ્યા-કળાના પારંગતો દિનપ્રતિદિન વધતા જાય છે. પ્રશ્નો ઉકેલવા તેના કરતાં કેમ ગુંચવવા એમાં આપણે નિષ્ણાત છીએ. અનેકમુખી બુદ્ધિએ, પ્રત્યક્ષ જીવનના પ્રશ્નો હલ કરવામાં અભિચારને બદલે વ્યભિચાર કેળવ્યો છે. જીવલેણ ચર્ચામાંથી આપણે ઊંચા જ આવતા નથી. માંડ એકાદ કલાકની કામગીરીમાં હજ્જારોનું આંધણ કરનારી આપણી સંસદના કેટલાક સભ્યો, ફિલ્મોમાં નગ્નતા અને ચુંબનના (Nudity & Kissing) પ્રતિબંધમાં ‘ધાર્મિક અંધશ્રદ્ધા’ જુએ છે ને એનો વિરોધ કરતાં કહે છેઃ ‘ધર્મના નામે વૃદ્ધો યુવાનો માટેનો આનંદ રોકવાની ધૃષ્ટતા કરી રહ્યા છે.’ બ્રહ્માનંદને કામાનંદ એમને મન જાણે પર્યાય હોય!’

ગૂંચ ઉકેલવાને બદલે દોર ગૂંચવતા–દાર્શનિક ચર્ચાનો વિતંડા કરતા આપણા સંસ્કારપુરુષો–ધર્મપુરુષો, સંકુલ આંટી-ઘુંટીમાં વ્યવહારના પ્રશ્નોને લપેટતા આપણા કુટિલ રાજપુરુષો, અન્ધ ને દિશાશૂન્ય, નિષ્ક્રિય પ્રવૃત્તિઓમાં મચી

[ અનુસંધાન પાન ૨ ઉપર ]

# આગ | રમેશ શિ. ત્રિવેદી

હર્ષદરાય પલંગ પરથી ઊભા થયા અને નાઇટ-લૅમ્પના આછા ફિક્કા પ્રકાશમાં થોડુંક ચાલીને પાણિયારા પાસે ગયા. માટલીમાંથી પ્યાલો ભરીને પાણી લીધું, પીધું, ધોતિયાના છેડા વડે મોં સાફ કર્યું. કંઇક વિચાર આવતાં બારી પાસે ગયા. બહાર ડોકિયું કરી ઘરની આજુબાજુ આશંકાભરી નજરે જોઇ લીધું.

ચોગમ શાંતિનું આવરણ છવાયું હતું. રોડપરના લૅમ્પ-પોસ્ટ પર બેઠેલી ચિબરીએ ચરરર...... ચરરર...... અવાજ કર્યો. કૂતરુ ભસ્યું. જનશૂન્ય રસ્તો બિહામણો બની ગયો. દૂર દૂરના ઝૂંપડામાંથી દિવાઓનો આછો ઉજાસ પથરાતો હતો, ત્યાં એ મીટ માંડીને તાકી રહ્યા. અડાબીડ અંધકાર ઓઢીને સૂતેલી નીરવ, ગહન દિશાઓ સામે જોતાં એ ક્યાંય સુધી ઊભા રહ્યા. છેવટે એ બારી આગળથી ખસ્યા બાજુના ખંડના બારણા આગળ આવી ઊભા રહ્યા. અંદર જોયું બધું યથાવત્ હતું. નિરાંતનો દમ ખેંચી એ પલંગ પર આડા પડ્યા. એમની નજર છત પર, નાઇટ લૅમ્પ, દીવાલો પર, છબીઓ પર આમતેમ વેરાતી રહી. ઊંઘ આવતી નહોતી અકળાઇને એમણે પાસું બદલ્યું, આંખોમીંચી દીધી, પડયા રહ્યા.

હર્ષદરાય છેલ્લા આઠેક દિવસોથી આમ અનિદ્રાથી પીડાતા હતા. એમના હૈયામાં ઊંડે ઊંડે કોઇક અજંપો ખૂંપી ગયો હતો. રાતે અંધકારમાં એમનું ચિત્ત ફફડી ઊઠતું. વિચારોનાં આવર્તનો ધૂમરાયાં કરતાં અને અકળાતા મુંઝાતા......

ઘણા લાંબા સમયથી શહેરમાં કોમી રમખાણ ફાટી નિકળ્યું હતું હિંદુઓના આરાધ્ય દેવ ગણેશની મૂર્તિનું કોઇકે અપમાન કર્યું અને જોત જોતામાં તો શહેર આખામાં મારા-મારી કાપા-કાપી શરૂ થઇ ગઈ માણસો અને મકાનો જલાવવામાં આવ્યાં સ્ત્રીઓની લાજ લૂંટાઈ, હૈયે હૈયે ઇર્ષાની ભીષણ આગ સળગી ઊઠી. આ બધું ય હર્ષદરાય પોતાની આંખો સામે થતું જોતા આવ્યા હતા.

ઘડિયાળનો ટકોરો પડ્યો.

એ ઘડિયાળના ચગદા સામે ભયભીત નજરે જોઇ રહ્યા. ટક્... ટક્... ટક્... ક્ષણો ઓગળી રહી હતી. એમને યાદ છે કે આવી જ એક ગોઝારી રાતે ઘડિયાળનો ટકોરો પડ્યો હતો. અને...

નીરવ રાતના શાંત-મૌન આવરણને ભેદતી ચીસ બાજુના ખંડમાંથી પડઘાઈ ઊઠી. આવી જ એક ચીસ એમણે મહિના પહેલાં સાંભળી હતી. એ આપાદમસ્તક ધ્રૂજી ઊઠ્યા સફાળા ઊભા થઇને બાજુના ખંડ તરફ દોડ્યા. બારણામાં પેસતાં જ એ સ્થિર થઇ ઊભા રહી ગયા. દીવાલ પરની સ્વીચ દબાવી...

શોભા – એમની પત્ની હાંફળી – ફાંફળી બની બારીના સળિયા પકડીને ઊભી ઊભી ચિચિયારીઓ પાડી રહી હતી. એની ચીસોનો પ્રતિઘોષ જાણે પડી રહ્યો હતો. એ શોભાની નજીક ધસી ગયા એનો ખભો પકડીને હચમચાવી મૂકી

'શોભા,... શોભા,...'

શોભા ફાટી, બિહામણી આંખે બારી બહાર દૂર દૂર સુધી તાકી રહી હતી.

સામેના વિસ્તારમાં થોડાંક ઝૂપડાં જલી રહ્યાં હતાં... અને એ દિશામાંથી યમદૂતો જેવા લાગતા પચીસેક માણસોનું ટોળું દોડતું આવતું હતું. ઘણાના હાથમાં સળગતી મશાલો હતી. બદલો લીધા પછીનો અસીમ પરિતોષ પ્રત્યેકના ભયાનક, અમાનુષી લાગતા ચહેરાપરથી નીતરી રહ્યો હતો. ક્રૂર અટ્ટહાસ્ય વેરતું, નાચતું, કૂદતું ટોળું દૂર દૂર ઊભા રોડ પર અદૃસ્ય થઇ ગયું.

હર્ષદરાય મૂઢ બની જોતા રહ્યા. એમણે શોભા સામે જોયું. એ હસી. હી...હી...હી...હી... એનો ચહેરો વધુ બિહામણો બની ગયો. એણે પેલાં બળતા ઝૂંપડાં સામે સંકેત કર્યો, અને હી...હી...હી...

ઝૂંપડાંમાંથી ભીષણ જવાળાઓ નીકળી રહી હતી. ધૂમાડાથી ઘેરાતા આકાશમાં અગનશિખાઓ નાચી રહી હતી. લોકોની

[ અનુસંધાન પાન ૭ ઉપર ]

[ પહેલા પાનનું ચાલુ ]

રહેલા કહેવાતા આપણા વિદ્યાપુરુષો, આજથી લગભગ અઢી હજાર વર્ષ પહેલાં ભગવાન બુદ્ધ ઉદ્‌બોધી ગયા ન હોય જાણે! સાંભળો એ આર્ષવાણી :–

"જો કોઇના શરીરમાં તીર પેસી ગયુ હોય કે જો કોઈ આગમાં સપડાઇ બળી રહ્યો હોય તો એવે સમયે એ જો એવો વિચાર કરવા બેસે કે આ તીર કેવી રીતે બનાવ્યું હશે, કયા પ્રકારના લોખંડમાંથી બનાવ્યુ હશે, કોણે બનાવ્યું હશે, ને એવી જ રીતે પેલો બીજો પણ આ આગ કોણે લગાડી હશે, એ કઈ જાતનો હશે, એણે શા માટે આગ લગાડી હશે એવો વિચાર કરવા બેસે તો એ નરી મૂર્ખતા જ ગણાય. તીર વાગવાને કારણે જેને તીવ્ર વેદના થતી હોય તેના શરીરમાંથી જેમ બને તેમ જલદી તીર બહાર ખેંચી કાઢવું, કે આગથી દાઝનારને અગ્નિની જવાળાથી બચાવી લેવો જરૂરી છે, તેમ દુઃખપૂર્ણ સંસારના ભવચક્રમાંથી મનુષ્યને મુક્ત કરવો એ જ પરમ શ્રેયસ્કર છે; પરમ સત્યના દાર્શનિક વિવેચનમાં સમયનો દુરુપયોગ કરવો તે યોગ્ય નથી."

આત્મ-દીપ બનીને બંધુ!
સત્ય તત્ત્વને પામ.

# 'ભા' — 'અમરજ્યોત'

પ્રેમજીભાઈ મી. પટેલ

જ્ઞાન જ્યોત જગાવી
કોણે આ જ્ઞાન જ્યોત જગાવી !

જનહિત વસ્યું 'તુ હૈયે
જ્ઞાનગંગા વહાવી,
અજ્ઞાનતાના તિમિર વિદારી
પ્રેમળ જ્યોત જગાવી — કોણે આ....

ગ્રામેગ્રામ જનોના હૈયે
જ્ઞાનકિરણ ફેલાવી,
બાળલગ્ન, કારજ શા સઘળા
બદરિવાજો ભગાવી — કોણે આ....

ઘર ઘર ટહેલી, કાંકરે કાંકરે
પાળ કોણે બંધાવી
'કર ભલા તો ભલા હોગા' નું
સૂત્ર ભલું સરકાવી. — કોણે આ....

'ભા' 'મા' સૌના ઘેર હતાં
પણ "મા" ની યાદ ભૂલાવી
કોણે પુત્ર ગણી સોડે લઈ
કુશળતા પ્રગટાવી — કોણે આ....

હેમાળા હૈયા હિંડોળે
અમને રોજ હિલોળી,
રેશમ શી આંગળિઓ કોની
દિલનાં દુઃખ હરતી' તી — કોણે આ....

ઉઘરાણાની ટહેલ – થેલીમાં
ફળ ખાવાનાં લાવી,
લે 'ચતુર' લે 'હિંમત' મારા
ખુશ કરે ખવડાવી — કોણે આ....

સાદી રહેણી, સાદી કહેણી
સાદું જીવન જીવી,
"ભા" તો અમ હૃદયે વસિયા છે
અમર બનીરે દીવી. — કોણે આ....

---

# ટપાલ પેટી

[ ૧૬ ]

પ્રદ્યુમન આર. મહેતા
સેનાનાયક
મણીયારી ગ્રામરક્ષક દળ : તા. ચાણસ્મા

હું મારા ઘેરથી બઝારમાં જતો હતો. રસ્તામાં હાથમાં છાપુ લઈ અમારા ગામના ગ્રા. ર. દળના ઉપનાયક શ્રી છગનભાઈ ઉર્ફે અમૃતભાઇ ગણેશભાઇ મને સામા મળ્યા. તેમના હાથમાં પેપર જોઇ મેં આતુરતાથી પૂછ્યું, "છગનભાઈ હાથમાં કયું પેપર છે" ? તેમણે તુરત જુસ્સાથી જવાબ જવાબ આપ્યો, "મારી સ્કુલમાંથી પ્રસિદ્ધ થતું સાપ્તાહિક છે." હું વિચારમાં પડ્યો કે છગનભાઇ તો ખેતી કરે છે ને 'મારી સ્કુલ' ની વાત ક્યાંથી લાવ્યા ? મને વિચારમાં પડેલો જોઈ તેમણે ચોખવટ કરી કે, "ઘણાં જ વર્ષો પહેલાં હું કડી સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરતો હતો. તેથી ત્યાંથી મારા પર આવે છે."

હું જાણું છું કે, સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરી ગયેલ વિદ્યાર્થીઓ આજે ધારાસભ્યો, વકીલો, બેરીસ્ટરો, ઇજનેરો, ડૉક્ટરો છે. તેનો જીવતો જાગતો દાખલો અમારા ગામમાં અને બીજા અન્ય ગામોમાં છે. આ વિદ્યાર્થીઓએ આપણા દેશમાં નહીં પણ પરદેશમાં પણ ઉચ્ચ અભ્યાસ કરી વિદ્યાલયનું નામ રોશન કરી ઉચ્ચ પદ્દીઓ મેળવી છે. આવી પદ્દીઓમાં અમારા ઉપનાયક છગનભાઈ કાંઇ ઉતરતા નથી. આપણા સ્વર્ગસ્થ લોકલાડીલા વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીજીએ આપણને આપેલા સુત્ર 'જય જવાન જય કિસાન' નું પાલન અમારા છગનભાઇએ કરેલું છે. તેથી આ પત્ર લખવાનો ગર્વ લઉ છું છગનભાઇએ અંગત કારણોના લીધે શાળા છોડી ઘેર આવી ખેતી શરૂ કરી. સારા શિક્ષણના કારણે ખેતી કેળવી ઉત્પાદન કેમ વધારવું તે માટે પ્રયત્ન કર્યા. રાત–દિવસ જાગૃત રહી દેશની અનાજની મુશ્કેલી છે તેમાંથી મુકત થાય તે માટે 'જય કિસાન' ના સૂત્રનું પુરું પાલન કરી રહ્યા છે.

આજે અમારા ગામમાં ચોરી નથી, ભેલાણ નથી. ગામમાં સારાં કાર્યો કરી તાલુકા તથા જીલ્લામાં મોખરે રહેતું અમારું ગ્રામ ર. દળ મોખરે છે. અમારો મુખ્ય ધ્યેય ખેડૂતના જાન–માલનું રક્ષણ કરવું. ખેડૂત આબાદ તો ગામડાં આબાદ અને ગામડાં આબાદ તો દેશ આબાદ. આવા સૂત્રો દિલમાં રાખી એમણે વિદ્યાલયનું નામ રોશન કર્યું છે. આ સંસ્થાના આ વિદ્યાલયમાં અભ્યાસ કરી ગામડામાં વસતા હોય તેઓ આવાં કાર્યો કરી પોતાની શાળાનું નામ રોશન કરે છે અને વધુ કરશે તેવી મારી પ્રભુ પાસે પ્રાર્થના છે.

: : સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો : :



### ઓલિયા, નિરાભિમાની, સમાજસેવક, સંસ્કૃતના વિદ્વાન અને મહાન ગણિતજ્ઞ

# સ્વ. પ્રો. જેઠાલાલ ચિમનલાલ સ્વામીનારાયણ

**જેમણે સંસ્થાની શરૂઆતથી તેમાં ઓતપ્રોત બની પ્રથમ વીસીના ઉપપ્રમુખ-પ્રમુખ તરીકે સંસ્થાના સંગઠનને યોજવામાં સંસ્કારવામાં અને સુદૃઢ બનાવવામાં અગ્રીમ ભાગ ભજવ્યો હતો.**

લેખક : ડૉ. રણજીત પટેલ ( અનામી )

જન્મ : ૨૯-૮-૧૮૮૪
અવસાન : ૨૪-૬-૧૯૪૧

થોડાંક વર્ષો અગાઉ, ગૂજરાત કૉલેજના ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી શાંતિલાલ સ્વામિનારાયણ મારે ગામ ડભોડા આવ્યા હતા; સંભવ છે કે કદાચ પ્રથમવાર જ આવ્યા હતા! એમના અણધાર્યા આગમને મને આનંદ ને આશ્ચર્યનો મિશ્રિતભાવ થયો હતો. પણ જ્યારે તેમણે કહ્યું કે 'અનામીભાઈ! આપણા કુટુંબમાં ત્રણ પ્રોફેસરો થયા' ત્યારે મારા આશ્ચર્યની અવધિ આવી રહી. મેં પૂછ્યું 'એ કેવી રીતે?' તો કહે, 'શ્રી જેઠાલાલ ચીમનલાલ સ્વામિનારાયણ, તમે અને હું'. મેં પૂછ્યું: 'આપણે કુટુમ્બી કઈ રીતે?' તો તેના પ્રત્યુત્તરમાં તેમણે વહીવંચા રાખે છે તેવું પેઢીનામું રજૂ કર્યું. તે સમયે લગભગ ૮૮ વર્ષના મારા દાદાએ એ હકીકતને સમર્થન આપ્યું; અને મારા આનંદનો પાર ન રહ્યો.

લગભગ એકસોત્રીસ વર્ષ પૂર્વે, કલોલ પાસે આવેલ પલસાણા ગામથી ત્રણેક ભાઈઓ હિજરત કરી નીકળ્યા એક ભાઇ સુરત ગયા, બીજા અમદાવાદમાં સ્થિર થયા ને ત્રીજા ભાઈ ડભોડા ખાતે વસ્યા મારા દાદાના કહેવા પ્રમાણે, હિજરત પછીનાં કેટલાંક વર્ષો સુધી અરસપરસનો અવરજવરનો વ્યવહાર ઠીક ઠીક જળવાયો હતો પણ ત્રણ ચાર પેઢી પછી, શહેર અને ગામડાંના ભિન્ન સંસ્કારને કારણે કાળક્રમે એ સંબંધ ઘસાતો ચાલ્યો ને પછી તો એવો સમય આવ્યો કે એ સંબંધ કેવળ પેઢીનામાને ચોપડે જ સચવાઈ રહ્યો!

છેલ્લાં ચાલીસ વર્ષથી પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામિનારાયણનું નામ મારે માટે મારા પિતાના નામ જેટલુંજ પરિચિત છે. કડી આશ્રમમાં રહી સર્વ વિદ્યાલયમાં હું અંગ્રેજી ત્રીજા ધોરણમાં ભણતો હતો ત્યારે કારોબારી સમિતિના સભ્ય તરીકે તેઓ એક સભામાં હાજરી આપવા આવ્યા હતા. ત્યારે સર્વ વિદ્યાલયના જૂના મકાનને છેડે—નજીક—સ્નાનગૃહ હતું. હું સ્નાન કરી રહ્યો હતો ત્યાં સ્નાનાર્થે પ્રોફેસર સાહેબ આવ્યા. મને કહે: 'અલ્યા છોકરા, મારે સ્નાન કરવું છે. આ હું બેઠો. જો, આ હોજમાંથી ડોલે ડોલે મને નવરાવ.' મારે માટે આ સેવા અને આનંદની તક હતી. એ તો પલાંઠી વાળીને બેઠા. એક-બે-ત્રણ-ચાર-પાંચ-દશ-પંદર ડોલો મેં રેડી પણ તેઓ 'બસ' ન બોલે. મને મનમાં થાય કે ક્યારે 'બસ' બોલે ને હું ભાગું. પાણીના અતિવ્યયનું ભાન ને એનું સ્વલ્પ દુઃખ પણ મનમાં ખરું. 'નેત્રો નિમીલિત થતાં હૃદયે તણાય' -એવી સ્થિતિનો મને કૈંક ઝાંખો ભાસ થયો એટલે એકાદ બે વધુ બાલટી રેડીને ગૂપચૂપ 'ગચ્છન્તિ' કરી ગયો! આ મારો, પ્રોફેસર સાથેનો પ્રથમ પરિચય. એટલે ન્હાની વયે પણ મને લાગેલું કે આ કોઈ ધૂની ભેજું છે

આ પ્રસંગ પછી બરાબર બે વર્ષે—મારા મોટાભાઈ શ્રી મણિભાઈ અને હું, વતનમાં ઉનાળાની રજાઓ ગાળી આશ્રમમાં પાછા ફરતા હતા ત્યારે પિતાજીએ કહ્યું કે, 'આપણા ખળાવાળા આંબાની કેરીઓ ખૂબ મીઠી છે તો ગામી સાહેબ માટે મણેક લઈ જાવ.' એમણે ઠીક ઠીક પાકેલી કેરીની ગાંસડી બાંધી દીધી. ડભોડાથી અમદાવાદ આવી કલોલની ગાડીમાં ગોઠવાયા. કડી જવા માટે કલોલે ગાડી બદલવી પડે. બીજા સામાન સાથે પાકી કેરીનો આ ગાંસડો, અમદાવાદ ને કલોલના સ્ટેશને ચઢઉતર ને હેરફેર કરવામાં ગાંસડીની ગાંઠો શિથિલ થઈ ગઈ ને પ્લેટફોર્મ ઉપર 'શાખો' પડવા લાગી! લગભગ આઠ દશ કેરીઓ પડી ગઈ પણ પાછળ એક પીઢ ને પ્રૌઢ વ્યક્તિ એ વીણતી વીણતી આવે. અમારી મુંઝવણ પરખી જઈ એ વ્યક્તિએ ગાંસડીની ગાંઠો પાકી કરવામાં સહાય કરી—ખૂબ જ સ્વાભાવિક ક્રમમાં. મારા મોટાભાઈ છોભીલા પડી મારા કાનમાં કહે: 'આ તો પ્રો. સ્વામિનારાયણ સાહેબ છે!, પ્રો. સ્વામિનારાયણ સાહેબ સાથેનો મારો આ બીજો પરિચય.

એ પછી ઈ. સ. ૧૯૩૪માં પૂ. બાપુભાઈ ગામીએ મને ચરોતર એજ્યુકેશન સોસાયટી ( આણંદ ) સંચાલિત પ્રખ્યાત દાદાભાઈ નવરોજજી હાઈસ્કૂલમાં, શ્રી રામભાઈ જી. પટેલ પર ભલામણ-પત્ર લખી મોકલી આપ્યો. સ્વ. શ્રી ચુનીભાઈ બી. ભટ્ટ સાહેબ મેટ્રીકમાં ગણિતશાસ્ત્રના અમારા શિક્ષક. ચાલુ વર્ગમાં વાતવાતમાં એમણે રેંગ્લર પ્રાંજપે અને પ્રો. સ્વામિનારાયણના ગણિતના જ્ઞાનની ઉદ્‌બોધક અને પ્રેરક વાતો કરી. બી એ. અથવા એમ. એ. માં જ્યારે વિદ્યાર્થી તરીકે શ્રી સ્વામિનારાયણ સાહેબ ભણતા હતા ત્યારે એમના પ્રોફેસરે વર્ગને ઉદ્દેશીને અને શ્રી સ્વામિનારાયણ તરફ આંગળી ચીંધી કહેલું કે 'અહીં એક ભવિષ્યનો ગણિતજ્ઞ ભણી રહ્યો છે જે કેટલીક બાબતોમાં મારાથી પણ વિશેષજ્ઞ છે.' એસ એસ. સી પરીક્ષામાં વિકલ્પે છૂટ આપેલ દાખલાઓ પણ ગણી કાઢીને 'Examine any' જેવી આત્મનિર્ભર ખુમારી દાખવનાર આ જ આપણા સ્વામિનારાયણ સાહેબ!

મેટ્રીક પછી બેત્રણ વર્ષ 'રાસલીલા' ખેલી અમદાવાદની ગૂજરાત કૉલેજમાં દાખલ થયો ત્યારે, ગૂજરાત કૉલેજના ૧૯૨૦ થી ૧૯૩૦ ના તેજસ્વી પ્રાધ્યાપકોની ગૌરવગાથા સાંભળી પ્રેરણા-પાથેય સંભરવા લાગ્યો એ નામાવલિમાં પ્રો. સ્વામિનારાયણનું નામ ઠીક ઠીક મોખરે હતું. સાયન્સમાં પ્રો. દિવેટિયા. સંસ્કૃતમાં પ્રો. આનંદશંકર ધ્રુવ, પ્રો. અભ્યંકર, પ્રો. આઠવલે, અંગ્રેજીમાં મોટેભાગે અંગ્રેજ અધ્યાપકો વચ્ચે પારસી સર્જન- પ્રો. ફિરોજ કાવસજી દાવર, ગુજરાતીમાં પ્રો. કેશવલાલ હ. ધ્રુવ, ગણિતશાસ્ત્રમાં પ્રિન્સીપાલ રોબર્ટસન સમેત પ્રો. સ્વામિનારાયણ અને પ્રો. ગોડબોલે તે સમયના સમર્થ પ્રાધ્યાપકો હતા. પૂ. ગાંધીજીની અસહકારની ચળવળ વખતે પ્રો. સ્વામિનારાયણ સાહેબે ને પ્રો. આર બી. અઠવલે સાહેબે રાજીનામું આપી સરકારી નોકરીમાંથી આખરી અલવિદા લીધી. અમારા સમયમાં પ્રિન્સીપાલ તરીકે ફીન્ડલે શિરાઝ સાહેબ હતા પણ તે સમયના અમારા પ્રોફેસર સાહેબો કહેતા હતા કે જો પ્રો. સ્વામિનારાયણ સાહેબ અસહકારની ચળવળમાં ભળી રાજીનામું આપ્યું ન હોત તો તે સીનિયોરિટીના ક્રમે મુંબઈ રાજયની કોઈપણ સરકારી કૉલેજમાં પ્રીન્સીપાલ થયા હોત! તે જમાનામાં પ્રો. સ્વામિનારાયણ સાહેબનો આ આત્મભોગ સાચે જ વિરલ ગણાય અને એમની નિર્ભયતા અને નિષ્ઠાને તો જેટલી બિરદાવીએ તેટલી ઓછી.

તા. ૪-૧-૧૯૨૬ના રોજ સ્વ. સયાજીરાવ ગાયકવાડ આપણી સંસ્થાની મુલાકાતે આવ્યા ત્યારે પ્રો. સ્વામિનારાયણને મળવાનું ખાસ માન આપ્યું તેમાં મહારાજા સાહેબની માનવ-ઝવેરાતને પરખવાની વિશિષ્ટ શક્તિ સાથે પ્રો. સ્વામિનારાયણના 'અનેરા' વ્યક્તિત્વનું પણ દર્શન થાય છે.

આટલી બધી ઉચ્ચ કક્ષાની ગાણિતિક બુદ્ધિ ધરાવતી એ વિભૂતિ, કડી – સર્વ વિદ્યાલયના મેટ્રીકના વિદ્યાર્થીઓને અમદાવાદથી શનિ-રવિએ આવી ગણિતશાસ્ત્ર શિખવે એમાં એમની મહાનુભાવતા, સંસ્થાનુ ગૌરવ અને તે સમયના વિદ્યાર્થીઓનું સદ્‌ભાગ્ય ગણાવું જોઈએ. ઊંચા પ્રકારની કર્તવ્યબુદ્ધિ વિના આ પ્રકારનો નિષ્કામ વિદ્યાયજ્ઞ સંભવી શકે નહીં.

ચોક્કસ સાલ તો યાદ નથી પણ અત્યારના કેન્દ્રના આપણા પ્રધાન શ્રી વી કે. આર વી રાવ સાહેબ અદાવાદની શેઠ એલ. ડી. કૉલેજમાં પ્રિન્સીપાલ હતા ત્યારે કેટલાક સમય માટે પ્રો. સ્વામિનારાયણ સાહેબે તે કૉલેજમાં પોતાની સેવાઓ આપેલી. મને બરાબર યાદ છે એક પ્રસંગ. ગુજરાત 'વિદ્યાસભા' માંથી એમ. એ નો પીરિયડ પૂરો થતાં એલ. ડી. કૉલેજમાં મારે પ્રો રામનારાયણ પાઠક સાહેબનો પીરિયડ ભરવાનો હતો ભદ્ર આગળ હું એસ. ટી. બસની રાહ જોતો ઊભો હતો ત્યાં બસ આવી. કોઈ નાગરિક ડ્રાઈવરની પડખે ગોઠવાઈ ગયા ત્યાં તો હાથમાં લાલિઓ ધોકો ધારણ કરેલ, લાંબી-ઊંચી દીવાલોવાળી ખાદી-ટોપીધારી ઈસ્ત્રી વિનાનો જાડી ખાદીનો લાંબો ડગલો ને એવી જ પાટલુનવાળી એક વ્યક્તિ ત્યાં ધસી આવી અને ડ્રાઈવરની પડખે ગોઠવાયેલ પેલા નાગરિકને હાથે પકડી નીચે ઉતાર્યા અને એની જગ્યાએ તેઓ અને એમનો સાદાયનો સાથી 'લાલિયો' ગોઠવાયા! ડ્રાઈવરે હસીને એમને સત્કાર્યા અને પેલા સજ્જને પણ સહજતાથી એમને સહી લીધા. આગલી સીટ પર બેસવાનો જાણે એમનો જન્મસિદ્ધ હક્ક ન હોય! આ 'અનેરી' વિભૂતિને અમદાવાદમાં કોણ ન ઓળખે?

પ્રો. સ્વામિનારાયણ થોડા ધૂની નહીં, પણ પૂરા ધૂની હતા. ઘડીક ઘડીકમાં એ અંતર્મુખ બની જતા. મારી સ્મૃતિ જો સાચી હોય તો એમના જ પ્રયાસથી પ્રિ વી કે. આર. વી. રાવ કડી સંસ્થામાં પણ કોઈ અવસરે આવેલા. પ્રિ. રાવ સારા અભ્યાસી વક્તા. એમનું ભાષણ ચાલે. પ્રો. સ્વામિનારાયણ સાહેબ મંચ પર એમની પડખે-ડાબી બાજૂએ બેઠેલા. કોઈનું પણ ભાષણ સાંભળતી વખતે આંખો મીંચી રાખવાની તેમને ટેવ. વચ્ચે કોઈકવાર બે તોલાં જોખી પણ નાખે! પ્રિ. રાવના પ્રવચન ટાણે એવાજ કોઈક યોગ આવ્યો ને ખરે તાકડે પ્રિ. રાવે આંકડાની કોઈ ઇન્દ્રજાળનો ઉલ્લેખ કરી પ્રો. સ્વામિનારાયણનો નામોલ્લેખ કર્યો. પોતાનો નામોલ્લેખ થતાં 'ઉધડકી ઊઠિયા' ને હેં? હેં? કરવા લાગ્યા. વક્તા અને શ્રોતાઓએ એમની આ સ્વાભાવિક પ્રકૃતિને બિરદાવી. ધૂનીપણું ને ભૂલકણાપણું એ પ્રોફેસરપણાનાં વ્યાવર્તક લક્ષણો હશે?

પ્રો. સ્વામિનારાયણને જેવો ગણિતનો શોખ તેવો જ સંસ્કૃત ભાષા-સાહિત્યનો પણ પાકો છંદ, સંસ્કૃત ભાષા સાહિત્યની તેમની સજ્જતા તો સેંકડો નહીં પણ હજ્જારો સંસ્કૃત શ્લોકોના સર્જન સુધી પહોંચેલી. સ્વામિનારાયણ

સંપ્રદાયમાં એમની અતૂટ અને અસીમ શ્રદ્ધા. એ શ્રદ્ધાના બળે અને સંસ્કૃત ભાષાના જ્ઞાને કરી ને સાંપ્રદાયિક ભક્તિની કવિતા કરવામાં એમને ગણિતના કોયડા ઉકેલવાથી વિષેશ આનંદ આવતો. હરતાં ફરતાં અનેક સ્થળે મે તેમને સંસ્કૃત શ્લોકો ટપકાવી લેતા જોયા છે. વર્ષો પૂર્વે તેમણે 'પરાક્રમી પૌરવ યાને ભારતનું ગૌરવ' તથા 'મહારાણા હમીરસિંહ' નામનાં નાટક રચેલાં જે પ્રગટ થયાં છે – તેની ગુજરાતી સાહિત્યના ઓછા અભ્યાસીઓને જાણ પણ હશે.

પ્રો. સ્વામિનારાયણ મુંબઇ ધારાસભાના સભ્ય પણ હતા. શ્રીમતી લીલાવતી મુનશીએ એમનાં 'રેખાચિત્રો' માં ધારાસભામાં બે દિવસ ની કાર્યવાહી વર્ણવી છે. (પૃ. ૨૦૭ ૨૦૮) એ વર્ણનમાંથી પ્રો. સ્વામિનારાયણ નખશિખ છબિ ઉપસે છે. આ રહ્યું એ તાદૃશ ને મૂર્ત વર્ણન. 'પીટીટ પછી બોલ્યા શીવદાસાની. ઠરાવ હતો સાયમન કમીટીનો પણ બોલ્યા ઘણુંખરૂં બારડોલી ઉપર. તે તેમના પછી વારો આવ્યો રા. સ્વામિનારાયણનો આ રા. સ્વામિનારાયણને કોણ નથી ઓળખતું ! એમના બોલ અને એમની બોલવાની રીત, એમનો વેશ અને તે પહેરવાની રીત, એમના વિચારો ને તે દર્શાવવાની રીત, એ સૌ કોઈ કવિના શબ્દમાં 'અનેરાં' કહી શકાય **ચરોતર પ્રદેશની સઘળી સંસ્કૃતિના એમને મૂર્તિમાન અવતારરૂપ ગણી શકાય.** એથી વધારે ઓળખાણ કોઇને જોઇએ તો તેઓ એકવાર ગણિતના પ્રોફેસર હતા અને જયારે તેઓ કૉલેજમાં હતા ત્યારે નહાવાની ઓરડીની ભીતો પણ ગણિતના દાખલાઓથી ભરી મૂકતા, એવી એમની ગણિતભક્તિ હતી. મતે તેઓ જહાલ પક્ષના, હાલ કાઉન્સીલમાં સ્વરાજ પક્ષ તરફથી બીરાજે છે.

રા સ્વામિનારાયણને મેં પહેલવહેલા અમદાવાદમાં તેઓશ્રી વિદ્યાપીઠના પ્રોફેસર હતા ત્યારે જોએલા. લાંબો કોટ અને તેમાં સંતાઇ જતું ખાદીનું ટૂંકડું પંચિયું પહેરીને પુલ પરથી જતાં હું રોજ તેમને જોતી અને કોઇ કોઈ વખત પુલ પર વિદ્યાર્થીઓને એકઠા કરી ભાષણો કરવા પણ મંડી પડતા. કોઇ કહેતું હતું કે પ્રેમાનંદની માફક તેમણે પણ જયાં સુધી સ્વરાજ્ય ન મળે ત્યાં સુધી અઠવાડીઆમાં એક જ વાર હજામત કરાવવાની પ્રતિજ્ઞા લીધી છે. આ વાત ઘણાં વર્ષો પહેલાંની છે. આ પ્રોફેસર સાહેબે એમનો લાલીઓ ઘોડો સરકાર પર અજમાવી રહ્યા– જો કે હંમેશ જેટલા જોરથી નહીં."

એ અનેરી વિભૂતિને હું મારી અંજલિ અર્પું છું.

---


ગુજરાતની અગ્રગણ્ય અને આપણી
સૌની પ્રિય માતૃસંસ્થા

**સુવર્ણજયન્તી**

પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ
સર્વે ભાઈ–બેનો પાસે

**અપેક્ષા રાખે છે:**

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.

(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.

(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.

(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. 'સુવર્ણ જયંતી' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.

(૬) 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

**ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફટથી મોકલી આપવા વિનંતી છે.**

**આ સંસ્થાને ઇન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.**

:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::

[ અનુસંધાન પાન ૨ ઉપરથી ]

દોડ-ધામ વધી રહી હતી. કોલાહલ; ઘોંઘાટ મચી ગયો. બાળકોની ચિચિયારીઓ રેકકળના સૂરો ઝીંકાઈ રહ્યા.

પોલીસવાન આવી. ફાયરબ્રીગેડવાળા આવ્યા. હલચલ મચી ગઈ હર્ષદરાય આ બધું જોતા જ રહ્યા. એમની આંખોમાં જ્વાળાઓની ઝાંય ચમકી ઊઠી. ચહેરાપર રોષની ટશરો ફૂટી નીકળી. હૈયું છાનું છાનું મલકાયું. એ બબડ્યા

વાહ ઠીક થયું છે...!... આ લોકોએ કરેલા પાપનો બદલો મળ્યો ખરો!... પણ હવે!... હા,... આ લોકો જંપવાના નહી... એ હવે બીજાં મકાનો-મંદિરો તોડશે. બાળકોને ઉઠાવી જશે અને સ્ત્રીઓની... ઓહ!...'

એમણે શોભા સામે જોયું.

શોભા સ્થિર નજરે બારી બહાર જોતી હસી રહી હતી. એના લૂખા-સૂકકા વાળ ફરફરતા હતા. એણે પીઠ ફેરવી ઘરની દીવાલ સામે જોયું. ભડભડ બળતાં ઝૂંપડાંની જ્વાળાઓનો આંજી નાખતો ઉજાસ છેક આ દીવાલો સુધી લંબાતો હતો. દીવાલો સામે એ તાકી રહી. એની આંખોમાંથી ધીરે ધીરે આંસું વહેવા લાગ્યાં એનો ચહેરો બદલાઈ ગયો, જાણે કે પાગલ હતી જ નહીં. એણે પાછું ફરીને ઝૂંપડાં સામે જોયું. વાતાવરણને ભેદતી એક ચીસ એના મોંમાંથી નીકળી ગઈ. એ બારણા સામે દોડી.

હર્ષદરાય એની પાછળ દોડ્યા, એમણે એને માંડમાંડ પકડી અને હચમચાવી નાંખી. એની આંખોમાં આંખો પરોવી કહ્યું ' શોભા, શું છે?... ક્યાં જાય છે?...'

એને પલંગ પાસે દોરતાં એમણે સમજાવવા માંડ્યું—'અરે ગાંડી, આટલી મોડી રાતે આપણાથી ત્યાં ન જવાય... ચાલ સૂઈ જા જો!...'

શોભાની વેદનાભરી આંખો બારી બહાર મંડાઈ ગઈ. બળતાં ઝૂંપડાંની દિશામાંથી બાળકોની ચીસો સંભળાતી હતી. એનું હૈયું અમળાઈ ઉઠયું. એ રઘવાઈ બની ગઈ. એણે પતિનું ગંજીફરાક પકડીને જોરથી ખેંચ્યું. એની આંખમાં અકળ વ્યાકુળતા અંજાઈ ગઈ. એ છૂટવા માટે માછલીની જેમ છટપટી ઊઠી.

'શોભા, શોભા,' – હર્ષદરાય બરાડ્યા.

શોભાના મોંમાંથી ચીસ નીકળી પડી.

હર્ષદરાયે આવી જ એક ચીસ મહિના પહેલાં સાંભળી હતી. અત્યારે ભાડાના મકાનમાં રહેતા હતા. મહિના પહેલાં એમના પોતાના મકાનને હુલ્લડખોરોએ આગ લગાડી હતી. પેલાં ઝૂંપડાંમાં લાગી હતી એવી ભીષણ આગ. શોભાને પાગલ બનાવી મૂકનારી આગ. બે કોમ વચ્ચે સળગી ઊઠેલી આગ.

મોં પરનો પરસેવો લૂછીને હર્ષદરાય શાંત બનેલી શોભાને, ઝૂંપડાંને, ઉર્ધ્વગામી જ્વાળાઓને, મકાનની દીવાલોને, જોતા જ રહ્યા. એમને પોતાના મકાનની દીવાલ યાદ આવી ગઈ. એ દીવાલ પર એમના બે બાળકોની બળીને ભડથું થઈ ગયેલી લાશ ગોળ ચક્કર ઘુમતી દેખાઈ. એમણે ભીની આંખો મીંચી દીધી.

થોડીક ક્ષણો બાદ આંખો ખોલી ત્યારે સામે શોભા નહોતી. એ પાગલની જેમ બારણા તરફ દોડ્યા... ■

## તમે સત્ય વક્તા છો?

હા, તમે ઘણીવાર એવું કહો છો. ઘણાને તમે એવું કહો છો કે 'આપણે તો સાચું કહેવા જોઈએ.' ઘણીવાર તમને એવું કહેતા સાંભળ્યા છે કે 'ચોખ્ખું ચટાક કહેવા જોઈએ મારે તો, ખોટું લાગે તો બે રોટલી વધારે ખાય.'

તમે જ્યારે આવું આવું બોલો છો ત્યારે તમારા ચહેરાની ત્વચા ગર્વમાં જે તંગ થાય છે, તમારી આંખમાંથી ઘમંડની જે છાલકો વાગે છે તે અમે જોઈએ છીએ. તમે ત્યારે આત્માનંદમાં મસ્ત હો છો, તમે ત્યારે ધરતી પરના સૌથી સુખી માણસ હો છો?

પણ, સુખની તમારી એ કલ્પના ભ્રામક છે. એ સાચું સુખ નથી, કારણ સાચું સુખ કોઈના યે દુઃખમાંથી ઉદ્ભવતું નથી. તમારા સત્ય-આગ્રહના પરિણામે દુઃખની, અપમાનની, અવહેલનાની જે અણિયાળી શૂળો બીજાઓને ભોંકાય છે તેનો તમને ખ્યાલ નથી.

અપમાનિતની એ આહો તમારા વ્યક્તિત્વની આભાને ધૂંધળી કરી મૂકે છે; તમે ભવાં ભલે ચડાવો, પણ હું યે તમને સાચું જ કહું છું કે તમે સૌના હૈયાથી દૂર થતા જાઓ છો. તમને એ ગમશે? સાચું બોલીને તમે શું મેળવવા માગો છો? – સાચું કહેશો?

—કાન્ત

## પરદેશ જતા વિદ્યાર્થીને—

ઉત્તર દખ્ખણ પૂરવ પશ્ચિમ
સાદ દિશાના આવે,
સૂર્ય ચન્દ્ર સાગર ગિરિ શિખરો
નભ-ક્ષિતિજો બોલાવે.
જાઓ, કર્મ-કુશળતા જ્ઞાને,
હૈયે સદૈવ ધારો:
મંગલ માતપિતાની મૂરત
ભારત દેશ અમારો.

'अनामी'




## હાર્દિક આમંત્રણ

# સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન

### તા. ૨–૫–૭૦ શનિવાર

સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન તા. ૨–૫–૭૦ શનિવારના રોજ યોજવામાં આવ્યું છે. આ સંમેલન તા. ૨–૫–૭૦ ના રોજ બપોરના ૨–૦૦ વાગે શરૂ થશે કામચલાઉ કાર્યક્રમ નીચે પ્રમાણે રાખ્યો છે.

### તા. ૨–૫–૭૦ શનિવાર

સવારના : આગમન
બપોરના ૨–૦૦ થી ૬–૦૦ પરિવાર સંમેલન.
સાંજના ૬–૦૦ થી ૮–૦૦ ભોજન વગેરે
રાત્રે ૮–૩૦ થી ૧૦–૩૦ સંમેલન

### તા. ૩–૫–૭૦ રવિવાર

સવારના ૯–૦૦ વાગે સાયન્સ કૉલેજ હોસ્ટેલનું ઉદ્‌ઘાટન
**ઉદ્‌ઘાટન : શ્રી સી. પી. પટેલ (મુંબાઈ)ના વરદ્‌ હસ્તે**
**અતિથિ વિશેષ : માનનીય મુખ્ય મંત્રીશ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ**

આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત બધી સંસ્થાઓના ચાલુ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, અધ્યાપકો, આચાર્યો, સંચાલકો, હોદ્દેદારો, દાતાઓ, શુભેચ્છકો વગેરે સર્વેને પધારવા માતૃસંસ્થા તરફથી હાર્દિક આમંત્રણ છે.

---

## સુવર્ણ જયંતી ફાળામાં

### નીચેની નવીન રકમો લખાઈ છે.
### દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

૯૦૯૦૮) આગળનો સરવાળો અંક ૨૫માંથી
(તેમાં ભૂલથી ૯૧૧૫૯) છપાયો છે.)

* ૨૫૧) શ્રી પ્રભુદાસ બહેચરદાસ વકીલ
મુ. પો. લાડોલ તા વિજાપુર

* ૨૫૧) શ્રી શિવાભાઈ ખોડીદાસ પટેલ
જાનકી નંદન સોસાયટી બંગલા નં. ૧૯
નવા વાડજ, અમદાવાદ–૯

* ૫૦૧) શ્રી વિઠ્ઠલભાઈ જોઈતારામ મિસ્ત્રી
અરજન્ટા પાર્ક નં. ૧૩ નવરંગપુરા
સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ પાસે, અમદાવાદ–૯

* ૨૫૧) ડૉ. પોપટલાલ આર. પટેલ
શેઠનું નાકુ, કલોલ

* ૨૫૦ શ્રી બાબુભાઈ હરગોવિંદદાસ પટેલ
બેંક ઓફ બરોડા, નૈરોબી પો. બો. નં. ૩૦૦૩૩
કેન્યા ઈસ્ટ આફ્રિકા

૯૨૪૧૨) કુલ સરવાળો

* વસુલ આવેલી રકમો

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી–પ્રકાશક–મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે–કડી : તા. ૨૬–૩–૭૦

105

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૨-૪-૭૦ [ અંક ૨૮

## નમ્ર વિનંતી

**સર્વ વિદ્યાલય** કેળવણી મંડળ અને એની શૈક્ષણિક પ્રવૃત્તિને કારણે દાનનો પ્રવાહ વહી રહ્યો છે. દાનનાં વચનો આપનાર ભાઈ–બહેનો તથા દાન આપનાર ભાઈ–બહેનોનો હું સંસ્થા વતી અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

સાયન્સ કૉલેજની હોસ્ટેલ, રેકટરનું મકાન તૈયાર થઈ જવા આવ્યું છે. રસોડું તૈયાર થઈ જશે. આ મકાનો પાછળ રૂ. ૨૩૦૦૦૦) બે લાખ ત્રીશ હજાર ખર્ચ થવા અંદાજ છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશનની ગ્રાન્ટ રૂ. ૧૧૩૦૦૦) મંજુર થઈ છે. થોડી મળી છે અને બાકીની મકાન પુરુ થયે મળવાની.

આથી આ મકાનો પાછળ પૈસા ખર્ચાવા છે. આને લઈ પૈસાની ભીડ સંસ્થાને અનુભવવી પડે છે.

સાયન્સ કૉલેજ અને એની પ્રવૃત્તિઓ માટે જમીન સંપાદનમાં મૂકવામાં આવેલી. કેટલીક જમીન મળી ગયેલી અને બાકીના ત્રણ ભાઈઓએ ગુજરાત હાઈકોર્ટમાં રીટ અરજીઓ કરેલી.

આ ત્રણ રીટ અરજીઓ પૈકી એક અરજી નામદાર હાઈકોર્ટે નામંજુર કરી છે અને એક રીટ અરજી પાછી ખેંચી લેવામાં આવી છે અને ત્રીજીનું સમાધાન થયું છે.

આ રીતે આઠેક વીઘા જમીન આપણને મળશે અને એની કિંમત ભરવી પડશે.

એ રકમની જોગવાઈ કરવાની છે.

ટેકનિકલ સ્કૂલનાં મકાનો (૧) ટેકનિકલ સ્કૂલનું મકાન, (૨) ૧૦૦ છાત્રોનું છાત્રાલય અને (૩) વર્કશોપ તૈયાર થવા આવ્યાં છે. વર્કશોપનાં સાધનોના ઓર્ડર આપી દીધા છે

શ્રી પુરૂષોત્તમદાસ ર. પટેલ

એસ્ટીમેટની રકમ ઉપર ભારત સરકાર અને ગુજરાત સરકારની ગ્રાન્ટ મળી છે અને મળશે. પણ મકાન વગેરેમાં એસ્ટીમેટ કરતાં ખર્ચ વધુ થાય છે. ભાવો રોજીંદા વધતા જાય છે અને એની અસર આપણા બાંધકામોને પણ થાય છે.

આને લઈ પૈસાની મુશ્કેલી અનુભવવી પડે છે.

સંસ્થાની આ આર્થિક મુશ્કેલી નિવારવા–હલકી કરવા નમ્ર વિનંતિ કરું છું.

જે ભાઈ બહેનોએ દાન લખાવ્યાં છે તે કૃપા કરી વહેલી તકે ચેકથી મોકલી આપે. ચેક સર્વ વિદ્યાલય કેળવણી મંડળના નામનો ક્રોસ કરી લખવા વિનંતિ.

સંસ્થાના શુભેચ્છકો અને સર્વ વિદ્યાલયના પરિવારના ભાઈઓને વિનંતિ કરું છું કે જેમણે એમની હાથની રકમ લખાવી ના હોય તે ઉદારતાથી લખાવે અને તેમના સ્નેહીઓને ઉદારતાથી લાંબો હાથ કરવા સંસ્થા વતી વિનંતિ કરે.

સાયન્સ કૉલેજ અને એની પ્રવૃત્તિઓ માટે જમીન મળી ગઈ છે અને તેથી હવે સાયન્સ કૉલેજના મકાનની શરૂઆત કરવાની રહેશે.

આ સંસ્થામાં અભ્યાસ કરી ઘણા ભાઈઓ એન્જીનીયર થયા છે અને ગુજરાતભરમાં નોકરી અગર બાંધકામનો ધંધો કરી રહ્યા છે. તેમને મારે વિનંતિ કરવાની છે કે,

તેઓ જે ગામમાં રહેતા હોય તે ગામમાં સાયન્સ કોલેજ હોય તો એના પ્લાન મોકલી આપે. એમાં સુધારા વધારા કરી નવા પ્લાન્સ મોકલી આપે.

[ અનુસંધાન પાન ૮ ઉપર ]

## ટ્રીટમેન્ટ | શ્રી રામજીભાઈ કડિયા

અમારા ગામના એ પ્રતિષ્ઠિત દાક્તર હતા. ગામનાં નાનાં-મોટાં કાર્યોમાં એ રુચિ લેતા. એ દાક્તર મિત્રને અમે માથેરાન લઇ જવા માગતા હતા. 'પંદરેક દિવસ માટે તમારી પ્રેક્ટિસ બંધ રહેશે તો કંઇ ખોટ નહિ આવે.'

'ના ભાઇ, મને પાલવે તેમ નથી.' ડૉક્ટર બોલ્યા.

'અરે! તમે પૈસાના ભોગે આનંદ પણ લઇ શકતા નથી?'

'એવું નથી... પણ પેલા મનમોહનદાસ શેઠ બહુ બિમાર છે'...

'તે હોય, કોર્સ આપી દોને!'

'એમ ન ચાલે, મને પૂછ્યા વગર પાણી પણ પીતા નથી હમણાં થોડા દિ' સાચવવું પડે તેમ છે.'

'તમારે દાક્તરોને આવા શ્રીમંત દર્દીઓ મળ્યા એટલે જાણે બધું આવી ગયું.'

'ના...ના એમ તો હોય...? પણ...

'પણ શું? નહિ તો તમે અમને આમ નારાજ ન કરત...'

દાક્તરે ન માન્યું. એમની કંપનીમાં મઝા રહેશે એવું ધારી ઉનાળાના થોડા દિવસ માથેરાન ગાળવાનું વિચાર્યું; ઊભું પણ એમણે કરાવેલું.'

'સાલુ, કંટાળી ગયા આ ગામડાની હીટથી; ક્યાંક જવાનું ગોઠવોને!'

અને હીટથી ત્રાસેલા અમે બે મિત્રો એમની વાતમાં સંમત થઇ ગયા; પણ જવાને આગલે દિવસે એમણે જ સાફ ના પાડી દીધી.'

જોયું ને? આવી ધરખમ પ્રેક્ટિસ છોડીને કોઈ આવે? પૈસાનો કેવો લોભ લાગ્યો છે? મનમોહનદાસ જેવો શ્રીમંત 'પેશન્ટ' મળ્યો હોય પછી ઘેર બેઠાં માથેરાન જ છે ને!' મિત્ર બોલ્યો.'

મને ય લાગ્યું કે દાક્તર આખરે તો પૈસાનો જીવ છે. નહિ તો દાકતરને તે વળી કાંઈ દર્દી ઉપ પ્રેમ ઉભરાય ખરો? નક્કી કર્યા મુજબ અમે બેઉ તો તૈયાર થઇ ઉપડ્યા. દાકતર અમને વિદાય આપવા આવ્યા. મને સહેજ અણગમો ઉપજ્યો. મારી રીતભાત પારખી મને એકબાજુ લઈ જઈને તેઓ બોલ્યા.

'દોસ્ત, તમને ખોટું લાગ્યુ છે. તમારી સાથે ન આવવાનું મને ભારોભાર દુઃખ છે. આ 'હીટ'થી તોબા તોબા થયો છું પણ......'

[ અનુસંધાન પાન ૭ ઉપર ]

## સુવર્ણ જયંતી ફાળામાં

### નીચેની નવીન રકમો લખાઈ છે.

### દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

૯૨૪૧૨) આગળનો સરવાળો ( અંક ૨૭ )

* ૨૫૧) શ્રી મનજીભાઈ ભવાનભાઈ પટેલ
ઉકાઇડેમ રૂમ કઅ ૯૭ ધી મોડર્ન કન્સ્ટ્રક્સન કું.
મુ. ઉકાઇડેમ : જી. સુરત

૯૨૬૬૩)

* વસુલ આવી ગયા છે.

### સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.

૧૦૦૧) શ્રી નાથાલાલ નારણદાસ દેસાઈ
હા. કીરીટચંદ્ર નાથાલાલ
ઠે. ૭ અમીન સોસાયટી, અમદાવાદ-૧૪

૫૦૧) શ્રી ડૉ. નારણભાઈ એમ. પટેલ ( કડીવાળા )
ઠે. ૨ શ્રીજી બાગ ફ્લેટસ, નવરંગપુરા અમદાવાદ-૯

૨૫૧) શ્રી સોમાભાઈ હીરદાસ પટેલ
ઠે. એન્જીનિયર, જીલ્લા પંચાયત મહેસાણા,

---

### સાયન્સ કૉલેજ અંગે લખાયેલા ફાળાની નીચેની રકમો વસુલ આવી છે,

૨૫૦૧) શ્રી મોડર્ન એન્જીનિયરીંગ એન્ડ મોલ્ડીંગ વર્કસ.
હા. શ્રી મોતીલાલ શંકરલાલ : અમદાવાદ.

૨૫૦૧) શ્રી લક્ષ્મીચંદભાઈ અમથારામ ગજ્જર
અસારવા બોબીન વર્કસ, અમદાવાદ.

### આવતા ગુરુવારનો અંક બંધ

છાપખાનાની પ્રતિકુળતાને કારણે તા. ૯-૪-૭૦ ગુરુવારનો ૨૯ મો અંક તા. ૧૬-૪-૭૦ ના રોજ પ્રસિદ્ધ થશે. ગ્રાહકોને નોંધ લેવા વિનંતિ છે.

---

## સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો.

# 'મને સાંભરે રે'

શ્રી ડાહ્યાભાઈ હરગોવિંદદાસ જાનીનું શરૂમાં શ્રી સર્વ વિદ્યાલયમાં અધ્યાપક તરીકે અને અને બીજે જ વર્ષે (ઈ. સ. ૧૯૩૩ માં) શ્રી બાપુભાઈ ગામી સાથે સહઆચાર્ય તરીકે જોડાવું એ સંસ્થા માટે અને શ્રી જાની માટે ઉભય કાજે કલ્યાણકારી ઘટના હતી.

આમ તો શ્રી જાની ઈ. સ. ૧૯૩૦ માં મુંબઈ યુનિવર્સિટીના બી. એજી. થયા હતા, પણ ભાવનગરની ગુજરાત-ખ્યાત સંસ્થા 'દક્ષિણામૂર્તિભવન" વઢવાણની રાષ્ટ્રીયશાળા અને અમદાત્રાદની પ્રસિદ્ધ કેળવણી સંસ્થા 'શારદામંદિર' માં તેમણે શિક્ષક તરીકે યશસ્વી કામગીરી બજાવેલી અને બી. એજી. હોવા છતાં પણ શિક્ષણશાસ્ત્ર વિષયક કેટલીક પરીક્ષાઓ (દક્ષિણામૂર્તિ સંચાલિત) પસાર કરેલી. એમને સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, ગુજરાતી, ઈતિહાસ, ગણિત અને વિજ્ઞાનની અનેક શાખાઓમાં જીવંત રસ હતો. ખેતીવિજ્ઞાનના એ ગ્રેજ્યુએટ હતા પણ અનેક ભાષાઓમાં એ અસરકારક ભાષણો આપી શકતા અને આકર્ષક રંગદર્શી શૈલીમાં લેખો લખી શકતા. અંગ્રેજીમાં 'Romance of the Cow' એ એમનું ગૌરવપ્રપ્રદાન લેખી શકાય તો દાયકે દશ વર્ષ, 'ઋણમુક્તિ વગેરે એમનાં સારાં લોકોપયોગી ગુજરાતી પ્રકાશનો ગણી શકાય.

શ્રી સર્વ વિદ્યાલયમાં જે દોઢ બે વર્ષ ગાળ્યાં તે સમય દરમિયાન એમણે સંસ્થામાં નવચેતન રેડ્યું. શ્રી જાની જાતે જ સંસ્થા જેવા હતા. જીવંત વાતાવરણ સર્જવામાં શ્રી જાનીને કોઈપણ શિક્ષક આંબી શકે નહીં. એમનામાં એક પ્રકારની મૌલિકતા હતી, વિચારોની તાજગી હતી અને ક્ષણે ક્ષણે નવા ઉન્મેષો દર્શાવતી બુદ્ધિને કારણે સર્વત્ર નવીનતા ને રમણીયતા અનુભવવા મળતાં. એમના વિદ્યાવ્યાસંગી જીવનમાંથી અનેક છાત્રોને પ્રત્યક્ષ પ્રેરણા મળતી.

તે સમયના આત્માર્થી આચાર્ય શ્રી બાપુભાઈ ગામી એમની મર્મજ્ઞતાના રસિક જ્ઞાતા હતા. એક રીતે કહીએ તો આચાર્ય શ્રી ગામી એમના જ્ઞાન પર મુગ્ધ હતા. તા. ૨૩-૭-૧૯૩૩ ના શ્રી જાની પરના પત્રમાં શ્રી ગામી લખે છે; તમારી વાણી અને વિચાર સાંભળવા હું હંમેશાં એક બાળકની જેમ આતુર રહું છું તે તમે માનશો ! તમે હમેશાં કહ્યા કરો અને હું સાંભળ્યા જ કરું એમ થઈ જાય છે. તમારા વિચાર અને વાણી ઉપર હું એટલો મુગ્ધ બની ગયો છું... તમારા શબ્દોએ ખરેખર મારાં પૂર્વજન્મનાં પડળો ખોલ્યાં છે

# એક મર્મજ્ઞ અને મર્મદ્દન
# સહઆચાર્ય શ્રી ડાહ્યાભાઈ જાની

લેખક : શ્રી રણજીત (અનામી)

......મારા તમારા સંબંધમાં ખરેખર કંઈ ઐશ્વરી હાથ છે. ......હું દરેક કામ તમારી ગણત્રીથી જ કરું છું મારી જાતમાં તમારો સમાવેશ કરી જ દઉં છું......જ્યાં આત્મા આત્માનું જ મિલન હોય ત્યાં શબ્દોનાં જાળાંને આડાં આવવા દેવાં એ ઠીક નથી......તમારાં ખારાં વચનો મારી જીવન મીઠાશને ખારી નહી બનાવે પણ મીઠાની માફક તેને મીઠાશ આપશે"......વગેરે વગેરે – મતલબકે શ્રી ગામી, શ્રી જાનીના જ્ઞાન પર એટલા બધા મુગ્ધ હતા કે એમણે જ શ્રી જાનીને સહઆચાર્ય તરીકે નિમવામાં સક્રિય ભાગ ભજવેલો. તા. ૨૨-૧૦-૧૯૩૨ના શ્રી જાની પરના પત્રમાં શ્રી ગામી અહોભાવપૂર્વક લખે છે; "Your honest-kind and silent looks hover around me day & night.

અલબત્ત, આચાર્ય શ્રી ગામીનો આ પ્રતિભાવ તે સમયે તદ્દન સાચો હતો પણ એક પક્ષી હતો એમ મને આજે લાગે છે. શ્રી છગનભાઈ કા. પટેલ, શ્રી પોપટલાલ ગુ પટેલ, શ્રી અંબાલાલ ઈનામદાર જેવા પોતપોતાની રીતે સસ્થાની નિષ્ઠાપૂર્વક વિશિષ્ટ સેવા બજાવતા અધ્યાપકો સાથે શ્રી જાનીનો મેળ ન ખાધો એનું કારણ મને શ્રા જાનીની મર્મદ્દન પ્રકૃતિ લાગે છે, પણ એ આડવાત થઈ આજે મને લાગે છે કે શ્રી જાની કેવળ મર્મજ્ઞ સહ આચાર્ય જ રહ્યા હોત તો ? સંસ્થાના સહકાર્યકરો, સંસ્થા અને ખૂદ શ્રી જાની-દરેકનું વિશેષક શ્રેય થયું હોત.

---

# ભવિષ્યવાણી

સ્વરાજ, કંઈ લાંબા વખત સુધી પણ ચાલુ રાજ્ય કરતાં બહુ સારું હોવાનું નથી...... સ્વતંત્ર થઈશું, તેની સાથે જ ચૂંટણીમાં રહેલા બધા જ દોષો, અન્યાય, શ્રીમંતોની સત્તા, જુલમ તેમજ વહીવટી બિનઆવડત એ બધું આપણી પર ચઢી બેસવાનું. લોકો અફસોસની સાથે ગયા દહાડા યાદ કરશે...... લાભ એટલો જ થયો હશે કે એક જાતિ તરીકે આપણા માથેથી અપમાન અને કલંક ઉતરશે. આખા દેશમાં કેળવણીનો પ્રચાર કરીએ તો જ આશા છે... નહિ તો જુંલમનો ભરેલો ઘોર નરક આવાસ જ હશે

(૧૯૨૨)

—મહાત્મા ગાંધી

# ભૂતકાળમાં ડોકીયું

સ્વ. બાપુભાઇ ગામી

તેતાલીસ વર્ષ પહેલાં આ સંસ્થા તરફથી પ્રગટ થતા 'કેળવણી' ત્રૈમાસિકમાં પ્રસિદ્ધ થયેલો સ્વ. આચાર્ય બાપુભાઈ ગામીનો લેખ આજે પણ એટલો જ વિચારણીય હોઇ અત્રે પ્રગટ કરીએ છીએ.

સં.

કેળવણીના જટિલ પ્રશ્નો અત્યારે આપણને જેવા મુંઝવી રહ્યા છે તેવા કોઈપણ પ્રશ્નો નહિ મુંઝવતા હોય. પૃથ્વીના સર્વ દેશોમાં કેળવણીની ચર્ચા અને તેના લક્ષ્યબિંદુ માટે ઉહાપોહ થઇ રહ્યો છે. કેવા પ્રકારની કેળવણી મનુષ્યજાતિનું કલ્યાણ સાધી શકે તે માટે અનેક કેળવણીકારો આત્માનું મંથન કરી રહ્યા છે. બે વર્ષના બાળકથી માંડીને તે વૃદ્ધાવસ્થાએ પહોંચેલા મનુષ્ય માટે કેળવણીના અનેક અખતરાઓ થઈ રહ્યા છે.

કિન્ડરગાટન, મોન્ટેસોરી, ડોલ્ટન, પુસ્તકાલય પ્રચાર, એજ્યુ-કેશન્ટર્ન વગેરે પદ્ધતિ દ્વારા જનસમાજને કેળવવાના અનેકવિધ પ્રયત્નો થઈ રહ્યા છે. છતાં આ જટિલ પ્રશ્નનો સંતોષકારક ફડચો આવી શકયો નથી.

આવી સ્થિતિમાં ભૂતકાળનું કેળવણીશાસ્ત્ર શું કહે છે? ભૂતકાળે આ જટિલ પ્રશ્નનો ઉકેલ કંઇ કાઢયો છે? ઉપનિદ્‌ના સમયમાં શિષ્ય ગુરુ પાસે વિદ્યા ભણતો, તે સમયે કેળવણીનું શું લક્ષ્ય હશે?

વૈયક્તિક અને સામાજિક પ્રશ્નોનો કંઈ વિચાર થયો છે? કે ફક્ત આધ્યાત્મિક વિકાસમાં જ ગુરુશિષ્ય મગ્ન રહેલા છે? તે સમયે ઉપનિષદ્‌ની શરૂઆત અને અંત શાંતિમંત્રથી થતાં. એ શાંતિમંત્રો ઉપર જો આપણે મનન કરીએ તો તેમાંથી કેળવણીના અદ્‌ભૂત સત્યો મળી શકે તેમ છે.

केनोपनिषद्‌ની શરૂઆતમાં ગુરુ અને શિષ્ય પ્રાર્થના કરે છે કેઃ—

ॐ सहनाववतु ।
सह नौ भुनक्तु ।
सहवीर्यं करवावहै ।
तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै ॥
ॐ शांतिः । शांतिः । शांतिः ।

આપણી વિદ્યા આપણું રક્ષણ કરો! આપણને શરીરે, મને અને બુદ્ધિએ એવા મજબુત બનાવે કે આપણું રક્ષણ કરવા આપણે સમર્થ થઇએ. એવી વિદ્યા ન હોવી જોઇએ કે જે મેળવવાથી આપણે સ્વરક્ષણની શક્તિ જ ખોઈ બેસીએ. જે સ્વરક્ષણ કરવા સમર્થ નથી તે જગતનું શું કલ્યાણ કરી શકે? અત્યારે આપણે 'શાળામાં સ્વરક્ષણની તાલીમ'ની જે બૂમો પાડી રહ્યા છીએ તેનું યથાર્થ દર્શન સમાજને ભૂતકાળમાં થયું હતું અત્યારે કેવી રીતે વિદ્યા અપાઇ અને મેળવાઇ કે વિદ્યા આપનાર અને લેનાર બન્ને સ્વરક્ષણનું સામર્થ્ય ગુમાવી બેઠા? કેળવણીનો આ પ્રથમ સિદ્ધાંત ખાસ મનન કરવા યોગ્ય છે. ગુરુ અને શિષ્ય અભ્યાસની શરૂઆતમાં તેનું ધ્યાન ધરે એ ઇષ્ટ જ છે. ॐ सह नाववतु.

તે વિદ્યા આપણ બન્નેને સુખેથી સંસારમાં જીવાડે! આપણી વિદ્યા આપણું પોષણ કરે! આપણે એવા પ્રકારની વિદ્યા મેળવીએ કે જેથી જીવનનિર્વાહ સ્વતંત્ર રીતે નિશ્ચિત મને ચાલી શકે. આ સૂત્ર અત્યારનાં જીવનકલહમાં કેટલું બંધ બેસતુ છે. અત્યારે આપણે ચોતરફ સાંભળી રહ્યા છીએ કે ભણેલા ભૂખે મરે છે. તેમને પોતાનું ગુજરાન કેમ ચલાવવું એ મોટો પ્રશ્ન થઇ પડયો છે. જેનાથી પોષણ માટે ચિંતા રહે એ વિદ્યા કહેવાય "શિક્ષકો પોતાનું સંસારનાવ ચલાવી શકતા નથી. તેમના પગાર વધારવા જોઇએ. મેટ્રીક અને બી. એ. ભણેલાને કંઇ કામ ધંધો મળતો નથી. શાળાઓમાં ઉદ્યોગો દાખલ કરવા જોઇએ. હુન્નર–ઉદ્યોગની કેળવણી આપવી જોઇએ" વગેરે વગેરે બાબતો શું બતાવી રહી છે? આપણો ભૂતકાળનો સમાજ આ વાત બરાબર સમજતો હતો. અને તેથી જ ગુરુ અને શિષ્ય પ્રાર્થના કરતા કેઃ— सह नौ भुनक्तु ।

આપણે બન્ને પુરુષાર્થ કરીએ! જેનું શરીર અને મન સશક્ત હોય. અને જે સ્વપ્રયત્ને પોતાનું પેટ ભરી શકતો હોય તે જ કંઇ સમાજનું ભલું કરી શકે ને?—સમાજે જેને વિદ્યા આપી તે સમાજની ઉન્નતિના કાર્યમાં પોતાનો ફાળો ન આપે તો ચોર જ ગણાયને? એટલે સમાજસેવા પણ કેળવણીનો એક સિદ્ધાંત ગણાયો છે. કુટુંબ, જ્ઞાતિ, સમાજ અને જગત માટે પુરુષાર્થ ખેડવાની પ્રેરણા જે વિદ્યાથી ન મળે તે વિદ્યા નથી. અત્યારે આપણે જોઈ રહ્યા છીએ કે સમાજસેવકોનો દુકાળ પડયો છે. સમાજ સેવાના મંત્ર અત્યારની કઇ વિદ્યામાં શિખવવામાં આવે છે? અત્યારની કેળવણી તો શિકારધર્મ શિખવી રહી છે. તેમાં સમાજ સેવાને અવકાશ જ કયાં છે? હમણાં હમણાંથી બોય સ્કાઉટ અને તેના જેવી પ્રવૃત્તિઓના વિચારો ઉઠયા છે. આપણા પ્રાચીન સમાજે આ સમાજ સેવાનું સૂત્ર કેળવણીમાં ગુંથી જ નાંખ્યું હતું. અને તેથીજ તેમને સમાજ અને જગત માટે પુરુષાર્થ કરવો એ ગુરુ શિષ્યની નિત્ય પ્રાર્થના હતી. सह वीर्यं करवावहै ।

જે વિદ્યા સમાજ માટે પુરુષાર્થ કરવાની પ્રેરણા આપે તે વિદ્યા તેજસ્વી રહેવી જોઇએ, તેના ઉપર કાટ ન ચડવો જોઇએ. પોતાનું તેજ જાળવી ન રાખે તો અધ પતન થવાનો સંભવ છે. સમાજ સેવક બની કંગાલવેડા ન આવવા જોઇએ. સેવકો સમાજની પાટુ ખાનાર સેવકો ન થવા જોઈએ. પાટુ ખાનાર સેવકો સમાજનું કે પોતાનું કલ્યાણ ન કરી શકે. સેવા સાથે સ્વમાન જોઇએ. નહિ તો સેવાનો પ્રવાહ કુમાર્ગે વહી જાય. લોભ અને મોહમાં તણાઈ જવાય અને સેવકો ભીખારીની કોટીમાં ગણાઈ જાય. માટે જ ગુરુશિષ્યે હંમેશાં પ્રાર્થના કરવી રહી કે, तेजस्विनावधीतमस्तु ।

સામાજિક કાર્યો કરવામાં એક બાબતથી ખાસ ચેતતા રહેવાની જરૂર છે. મનુષ્યને ડગલે ને પગલે હેરાન કરનારી વૃત્તિ ઇર્ષા છે. આ ઇર્ષા અને દ્વેષને લીધે આપણી અનેક શુભ પ્રવૃત્તિઓ તુટી પડી છે. એક જેવા જણાતા મિત્રોમાં પણ આ વૃત્તિ પોતાનું છુપું કાર્ય કરી શકે છે. સાથે બેસનારા, સાથે ફરનારા અને સાથે કામ કરનારાઓમાં પણ આ વૃત્તિ ઘર કરી બેસે છે. જો એક વાર આ વૃત્તિને જરા પણ અવકાશ મળ્યો તો તે દિવસે દિવસે વધતી ચાલે છે અને પરિણામે ભયંકર સ્વરૂપ પકડે છે અને શુભ પ્રવૃત્તિને તોડી નાંખે છે. સાથે કામ કરનારાઓએ સતત આત્મનિરીક્ષણ કરી આ ઇર્ષા–અસૂયાની વૃત્તિનું નાનામાં નાનું પણ મૂળ મનમાં ન રહેવા દેવું. મન હમેશાં પ્રસન્ન રહેવું જોઇએ. યોગમાં બતાવેલા માર્ગનું મનન અને અનુશીલન કરવાથી મનપ્રસન્ન થાય છે.

मैत्रीकरुणामुदितोपेक्षाणां
सुखदुःखपूण्यापुण्यविषयानां
भावनातश्चित्तप्रसादनम् ॥ ३३ ॥

—યોગસૂત્ર–સમાધિપાદ.

સુખીથી મૈત્રી, દુઃખી પર કરુણા, પુણ્યવાનથી હર્ષ અને પાપાત્માની ઉપેક્ષા, એવી વૃતિઓ ધારણ કરવાથી ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે મનને પ્રસન્ન કરી. ઇર્ષા, અસૂયાની. વૃત્તિને દૂર કરી એકસંપથી સામાજિક કાર્યો કરવા ગુરુશિષ્ય બન્ને પ્રાર્થના કરે છે કે:– मा विद्विषावहै ॥

જો આવી જાતની વિદ્યા મળે તો તેનું પરિણામ પોતાને, સમાજને અને જગતને શાંતિકર અને શ્રેયસ્કર નીવડે એમાં શું આશ્ચર્ય છે ? ॐ शांतिः । शांतिः । शांतिः ॥

ઉપરના શાંતિ મંત્રનું આપણે રહસ્ય જોયું. હવે ટુંકમાં તેની અંદર રહેલા કેળવણીના પાંચ મહાન સિદ્ધાંતોનું દિગ્દર્શન કરીએ.

૧ વિદ્યા, ગુરુ અને શિષ્યનું રક્ષણ કરનારી હોવી જોઇએ. તે માટે કેળવણીમાં શારીરિક કેળવણીને પ્રથમ સ્થાન હોવું જોઇએ. શરીરની કેળવણી એ સર્વના પાયા રૂપ હોવી જોઇએ. ગુરુશિષ્યને પોતાના રક્ષણ માટે પરાવલંબી ન થવું પડે. પોતે પોતાનું રક્ષણ કરી શકે એટલી તાલીમ તો અવસ્ય મળવી જોઇએ.

૨ સ્વરક્ષણની શક્તિ મેળવ્યા પછી પોતાના પોષણનો પ્રશ્ન આવે છે. પેટ ભરવાનો પ્રશ્ન કેળવણીકારે ઉકલવો જ જોઇએ. નહી તો બધી વિદ્યા અફળ જવાની. પેટ ભરવા પરતંત્રતા અને ગુલામીને જો સ્વીકારવાનું આવી પડે તો સમજવું કે મળેલી વિદ્યા નિરર્થક નિવડી છે.

વિદ્યાથી ગુરુ અને શિષ્યનું ભરણપોષણ થઈ શકે તેવી વ્યવસ્થા તેની અંદર હોવી જોઇએ.

૩ સ્વનિર્વાહનો પ્રશ્ન ઉકેલ્યા બાદ સમાજનો પ્રશ્ન ખડો થાય છે. સમાજ માટે પુરુષાર્થ કરવાની પ્રેરણા વિદ્યામાંથી, વિદ્યાર્થીને મળવી જોઇએ. સમાજના કલ્યાણમાં પોતાનું કલ્યાણ રહેલું છે એવી સમજણ અને તે કરવાની શક્તિ, વિદ્યાથી, ગુરુ અને શિષ્યમાં આવવી જોઇએ.

૪ વિદ્યાથી તેજસ્વિતા વધવી જોઇએ જે વિદ્યા નમાલા અને રાંક વિદ્યાર્થી ઉત્પન્ન કરે છે તે નકામી છે. વિદ્યાથી વિદ્યાર્થીઓમાં તનમનાટ અને કાર્યશક્તિ ખીલવાં જોઇએ.

૫ સૌથી અગત્યની વસ્તુ એ છે કે ગુરુ શિષ્ય વચ્ચે ગાઢ પ્રેમ રહેવો જોઇએ. તેઓ એક બીજાનો દ્વેષ ન કરે. સામાજિક કાર્યો, સાથે રહી, એક સંપીથી ઉત્સાહપૂર્વક કરે એ વિદ્યાનો અંતિમ અને ઉત્કૃષ્ટ હેતુ છે.

૬ શરીર ઘણું મજબુત બન્યું હોય, સ્વતંત્ર આજીવિકા મેળવવાની શક્તિ આવી હોય પુરુષાર્થ કરવાનું જોમ હૃદયમાં ભર્યું હોય, વિદ્વતા અને સ્વતંત્ર વિચારોના વાતાવરણમાં વિદ્યા ફુલીફાલી હોય, છતાં, જો હૃદયમાં અસૂયા અને દ્વેષને સ્થાન હોય, જો બીજાની શુભ પ્રવૃત્તિઓ જોઈ અંતરાત્મા રાજી થતો ન હોય, જો બીજાને આગળ વધતા જોઈ તેને તોડી પાડવાના જ વિચારો ઉદ્‌ભવતા હોય, તો સર્વ કર્યુંકારવ્યું ધૂળ છે, મેળવેલી વિદ્યા અફળ છે. તેવી વિદ્યા પોતાનું સમાજનું કે જગતનું કંઈ પણ કલ્યાણ ન સાધતાં ઉલટું તેને અનર્થ અને અધઃપાતના ખાડામાં ઉતારે છે.

આ પ્રમાણે જેમાં કેળવણીના આ ગૂઢ સત્યો સમાયા છે તેવા ઉપનિષદ્‌ના આ શાંતિમંત્રનું વાચન, મનન અને નિદિધ્યાસન કરી પોતાનું અને જગતનું કલ્યાણ સાધીએ ! અસ્તુ.

ॐ सहनाववतु । सह नौ भुनक्तु ।
सह वीर्यं करवावहै । तेजस्विनावधीतमस्तु ।
मा विद्विषावहै । ॐ शांतिः । शांतिः । शांतिः ।

અસ્તુ.

( 'કેળવણી' : ચૈત્ર ૧૯૮૩ માંથી )

# સંસ્થાના વિકાસમાં અગત્યનો ફાળો આપતી ત્રણ કેળવણી પોષક પ્રવૃત્તિઓ

રતિભાઈ અમીન

શ્રી રતિભાઈ અમીન આ સંસ્થાના ભૂતપૂર્વ શિક્ષક અને ગૃહપતિ હતા. વિશેષ તો તેઓ આ સંસ્થાના ધ્યેય, આદર્શ અને પ્રાણ સાથે ઓતપ્રોત થઈ ગયેલા ભારે ક્રિયાશીલ ગુરુ હતા. તેમની કલમે અછડતી રીતે જે ત્રણ પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો છે તેમાં તેઓ પણ ઊંડો રસ ધરાવી ગળાડૂબ કામ કરતા હતા. તેનાં સંસ્મરણો કેટલાય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સારી રીતે હશે.

—સં.

મહેસાણા જિલ્લો જ્યારે બારમાં અને બાળલગ્નોની અજ્ઞાનમુલક કુરુઢિઓના ઘોર અંધકારમાં કુંભકર્ણની નિંદ્રામાં પડ્યો હતો ત્યારે આ સંસ્થાના સુત્રધારોએ કેળવણીની સાથોસાથ સંવાદો અને નાટ્ય પ્રવૃત્તિનો ઠીક ઠીક સથવારો લીધેલો.

ઉપદેશ આપે કોઇ સાંભળે કે ન સાંભળે અને ગળે ઉતરે કે ન ઉતરે. તે વખતે 'કાળીઆના બાપનું બારમું' જેવાં નાટકો રચી સુત્રધારો બાળકોની ટુકડીઓ ગામેગામ લઈ જતા અને લોકોને જ્ઞાન સાથે ગમ્મત કરાવી કડવી પણ લાભદાયી ગોળીઓ ગળાવી દેતા. અને સંસ્થાના નિભાવનાં નાણાં પણ લોકો રોકડા કે અનાજરૂપે ખુશીથી આપતા.

આ પ્રવૃત્તિ ગામોદ્ધારના અને સમાજસુધારણાના કામમાં ઘણીજ ઉપકારક છે એમ માની એ વખતની ગાયકવાડ સરકારે પણ આ કામે વાપરવા વાર્ષિક બે હજારની ગ્રાન્ટ મંજુર કરેલી.

આમાં ચાર દિવાલોમાં જે જ્ઞાન બાળકોને ન મળતું તે વિશાળ દુનિયામાં હરવાફરવા ને સંપર્ક સાધવાથી મળતું. એ કેળવણી જેવી તેવી ન હતી.

આ પ્રવૃત્તિ એટલી વિકસેલી કે સંસ્થાના પટાંગણમાં જ્યારે કોઇ ઉત્સવ પ્રસંગે મનોરંજન્ કાર્યક્રમ થતો ત્યારે કડી ગામની જનતા ઉમટતી ને ઉભા રહેવાની પણ જગો મળતી નહિ. એના મુખ્ય સુત્રધાર સ્વ. ઉમેદભાઇ શ્રી રાવલ અને શ્રી વાલજીભાઇ હતા. તેનાં સ્મરણો એ વખતના શ્રી રણજીતભાઇ અને શ્રી પિતાંબરભાઇ જેવા ભાઇઓને જીવંત સ્મરણરુપ બની રહ્યાં હશે!

આવી બીજી પ્રવૃત્તિ સંસ્થાની વ્યાયામની બની ગઇ હતી. કડીનો વિદ્યાર્થી શરીર બળમાં કોઇથી પાછો ન પડતો. અને શરીર એ રીતનું કસાતું કે તેનું ભાથું આખી જિંદગી સુધી ચાલતું એવા ઘણાના જીવન એ રીતનાં ઘડાયાં છે.

શ્રી લલ્લુભાઇના મલખમના ખેલ જોઈ અધિકારીઓ, જાણકારો અને ગામડાંની પ્રજા મોમાં આંગળી ઘાલતા અને એની તારીફ કરતાં થાકતાં નહિ. એના પ્રણેતા શ્રી ઈનામદારનો એક યુગ સંસ્થામાં આવી ગયો એમ કહીએ તો ચાલે. બેન્ડ સાથે કવાયત એમણે શરુ કરેલી. આખાય જિલ્લાની હરીફાઇમાં કડીના હરીફ સામે બીજો હરીફ આવતાં ફીક્કો પડી જતો. ને સમાજમાં આ રીતે સંસ્થાના કાર્યની સુવાસ ઓછી નહોતી પ્રસરતી.

આવી ત્રીજી પ્રવૃત્તિ સંસ્થાએ પોતામા વિદ્યાર્થીને પ્રવાસ-પર્યટને મોકલીને શરુ કરેલી. જયારે રાજ્યમાં કોઇ સંસ્થા આવા પ્રવાસો કરતું નહિ.

અઠવાડિયું–એ અઠવાડિયામાં આમ બાળકોને ફેરવવા એ મા–બાપો પણ કલ્પી શકતા નહિ. નાનાં બાળકોને ક્યાં જમાડવા, ક્યાં ઉંઘાડવા, ક્યાં ધોવડાવવાં એ બધાં કામ ખૂબ ચિવટ અને કાળજી–ખાત્રી લે તેવાં હતાં. શરૂમાં તો આપણી સંસ્થા મોટે ભાગે તારંગા કે આબુના પ્રવાસો જ કરતી. પ્રકૃતિ સૌંદર્ય એકલું જ જોવાનું ધ્યેય એ તબક્કે હતું, એટલે આજની જેમ દિલ્હી કે કાશ્મીરના પ્રવાસો ખેડાતા નહિ, છતાં સુરપાણેશ્વર અને આબુના પ્રવાસોએ ઘણા વિદ્યાર્થીઓમાં એકમેક તરફ કાયમનો ભાઈચારો–આત્મિયતા સર્જી છે, જેમાંના ઘણા આજ પણ યાદ કરતા હોય છે.

આજેય આ ત્રણેય પ્રવૃત્તિ સંસ્થામાં થાય છે. પણ શરુની આ ત્રણેય પ્રવૃત્તિઓ સંસ્થાને ખૂબખૂબ પ્રતિષ્ટા અને ગૌરવ અપાવતી અને વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં અનેરો ભાગ ભજવતી. ■

---

## અભ્યાસ અને આચરણ

'દેવ અમારો શિક્ષણક્રમ પૂરો થયો. હવે અમે ગૃહસ્થાશ્રમ પ્રવેશની અનુમતિ માગીએ છીએ. ત્રણ શિષ્યોએ આચાર્ય વિશ્વશ્રુતુ પાસે અનુમતિ માગી.

'ભલે, એકાદ દિવસ રોકાઈ જાવ, આવતી કાલે વાત. આચાર્યે કહ્યું. ગુરુને વંદન કરીને શિષ્યો અભ્યાસગૃહમાં ગયા. આચાર્યે ઊઠીને બારણામાં કાંટા વેર્યા. પછી શિષ્યોને આજ્ઞા કરી, 'વત્સ, તુલસી ક્યારે પડેલાં લાકડાં આશ્રમમાં મૂકી દો.'

ગુરુ–આજ્ઞાને શિરોધાર્ય ગણી ત્રણે શિષ્યો દ્વાર પાસે આવ્યા. પગ મૂકતાં જ ત્રણેના પગમાં કાંટા ભોંકાયા. પગમાંનો કાંટો કાઢીને એક શિષ્ય ફંટાઇને તુલસી કયારે ગયો. બીજો વિચારમાં પડી ગયો અને ત્યાં જ સ્થિર થઈ ગયો. જ્યારે ત્રીજો આંગણામાં વેરાયેલા કાંટા ભેગા કરવા મંડી પડ્યો.

ગુરુ આ દૃશ્ય જોઈ રહ્યા. બીજા દિવસે કાંટા વીણીને માર્ગ સાફ કરનાર શિષ્યને ગૃહસ્થાશ્રમ પ્રવેશની પરવાનગી આપતાં કહ્યું;

'વત્સ! તેં મારો બોધ પચાવ્યો છે, જ્યારે આ બે શિષ્યોએ તો મારો ઉપદેશ ગ્રહણ કર્યો છે, આચર્યો નથી. જ્યાં સુધી ઉપદેશ આચરણમાં ન મુકાય ત્યાં સુધી શિક્ષણ અધૂરું ગણાય.

## પુરુષાર્થ | શ્રી મોહનભાઈ પટેલ

બે હજાર બસો અને તેત્રીસ વર્ષ પહેલાંની આ વાત છે. ભારે ધાંધલ વચ્ચે રોમની ધારાસભા મળી રહી હતી. ઉગ્ર ચર્ચાનો વિષય હતો; યુદ્ધ કરવું કે નહીં ? સેનેટના સભ્યો યુદ્ધ નહીં કરવાના મતના હતા અને બીજા સભ્યો જેમણે અનેક યુદ્ધોમાં ભાગ લીધો હતો અને વારંવાર વિજયી થયા હતા એમનો મત યુદ્ધની તરફેણનો હતો.

આ ચર્ચાનું મૂળ કારણ આ હતું સિસિલી ટાપુ ઉપરના એક સ્વતંત્ર શહેરનો પ્રતિનિધિ રોમ આવ્યો હતો. એના શહેર ઉપર કાર્થેજે હુમલો કર્યો હતો અને શહેરને તારાજ કર્યું હતું. આ પ્રતિનિધિએ રોમની આ સભામાં મદદ માટે ધા નાખી હતી. પ્રશ્ન હતો કે આ શહેરની મદદરૂપે કાર્થેજ સાથે યુદ્ધ કરવું કે નહીં ?

એ સમયમાં કાર્થેજ દુનિયાભરમાં સૌથી સમૃદ્ધ શહેરો પૈકીનું એક હતું. એ વ્યાપારનું મોટું કેંદ્ર હતું દુનિયાભરના શ્રીમંત નબીરાઓ એ શહેરમાં વસતા હતા. કાર્થેજ પાસે અજોડ નૌકા કાફલો હતો. દરિયાઇ યુદ્ધમાં કાર્થેજને હરાવવું એ લોઢાના ચણા ચાવવા બરાબર હતું. વળી રોમ પાસે તો નૌકા કાફલો હતો જ નહીં.

અને છતાંય કાર્થેજ સાથે યુદ્ધે ચઢવાનું નક્કી થયું.

હવે ?

પોતાની પાસે એક પણ યુદ્ધ જહાજ હતું નહીં; દરિયાઇ યુદ્ધનો જરા સરખો અનુભવ નહોતો છતાં એક મહાન દરિયાઇ લડાયક સત્તા સાથે બાથ ભીડવાની હતી.

છતાં રોમનો હિંમત હારે એવા નહોતા. જે કાર્ય નક્કી કર્યું એને સાંગોપાંગ પાર પાડવા માટે એ પ્રજા જાણીતી હતી. પાછા પડવાનું કે નિરાશ થવાનું એના લોહીમાં નહોતું.

રોમનોએ પુરુષાર્થ આરંભ્યો.

કબજે કરેલું એક યુદ્ધ જહાજ એ દરિયા કિનારે ખેંચી લાવ્યા. વહાણના બાંધકામના ગ્રીક નિષ્ણાતોને એમણે આમંત્રણ આપ્યું. એ નિષ્ણાતોની દેખરેખ નીચે રાત દિવસ કામ ચાલવા લાગ્યું. રોમન પ્રજા ભારે ઉત્સાહથી કામે વળગી પડી. નાગરિકો દરિયાઈ ચોપાટી ઉપર પાટલીઓ નાખીને આખો દિવસ આ કાર્યને નિહાળવા લાગ્યા.

પ્રજાને હૈયે એક જ વાત હતી; આપણે રોમનો, આપણા માટે કશું અશક્ય નહીં.

બે મહિનામાં તો આ પ્રજાએ સો ઉપરાંત પાંચ તૂતક-વાળાં યુદ્ધજહાજો તૈયાર કરી દીધાં. વળી, આ જહાજોમાં એમણે એક ઉમેરો પણ કર્યો. દરેક જહાજ સાથે એમણે એક પૂલ તૈયાર કર્યો. પૂલ વહાણમાં થાંભલાની માફક ઊભો હોય. એના ઉપલા છેડે લોખંડનો એક મોટો અણીદાર ખીલો હોય. દુશ્મન વહાણની છેક અડોઅડ વહાણ લઈ જઇને એ પૂલને નાખવામાં આવે પેલો ખીલો દુશ્મન વહાણના તૂતકમાં સજ્જડ થઈ જાય અને રોમન સૈનિકો એ વહાણ ઉપર ધસી જાય.

આવી તૈયારી, ધગશ, હિંમત અને પુરુષાર્થથી રોમનોએ પોતાનો નૌકાકાફલો તૈયાર કર્યો અને કાર્થેજની સામે મેદાને પડ્યા.

અને કાર્થેજ સાથેની પહેલી જ દરિયાઇ અથડામણમાં રોમનોની જીત થઈ.

પછી તો રોમનોએ કાર્થેજ સાથે ત્રેવીસ વર્ષ સુધી દરિયાઈ લડાઇઓ ચાલુ રાખી અને અંતે કાર્થેજને સુલેહ કરવાની ફરજ પડી. એણે સિસિલી ટાપુ ઉપરનાં બધાં શહેરો ઉપરના પોતાના હક્ક છોડી દીધા.

કોઈપણ પ્રજા પ્રેરણા લઈ શકે એવો રોમન પ્રજાનો આ જ્વલંત પુરુષાર્થ છે.

---

[ પાન ૨ ઉપરનું ચાલુ ]

એ આગળ ન બોલ્યા. હું પણ કશું બોલ્યા વગર ઊભો રહ્યો. જાણે ઊંડેથી કોઇ વાત ઘોળીને કહેવા માગતા હોય તેમ લાગ્યું. મને એમ તો વસી ગયું કે પેલા શ્રીમંત દર્દીનું કારણ બતાવશે.

અને કહ્યું પણ એ જ કારણ... પણ પછી ઉમેર્યું ! 'ભાઇ શેઠની આવી ખરાબ હાલત છોડીને આવું અને કદાચ અહીં કંઈક થઈ જાય તો ?

'તે થઇ જાય; ઘરડું માણસ છે; એમાં તમે શું કરશો ?'

'બરાબર છે; પણ હું નથી આવતો એનું મોટું કારણ એ છે કે મારી ચાલુ ટ્રીટમેન્ટથી તેઓ જરા હરતા ફરતા થઇ જાય તો છેલ્લે છેલ્લે મારે એમની પાસેથી એક કામ કઢાવવું છે.'

મને લાગ્યું કે દાક્તર એમનો સ્વાર્થ સાધવામાં પૂરા છે.

મેં કહ્યું; 'એવું શું કામ છે ?'

'આપણા ગામનું એક કામ છે.'

'કયું ?'

'એક બાલમંદિર શરૂ કરાવવું છે. એમણે દાન આપવાનો મને ઇશારો કરેલો છે.




## હાર્દિક આમંત્રણ

# સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન

**તા. ૨-૫-૭૦ શનિવાર**

સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન તા. ૨-૫-૭૦ શનિવારના રોજ યોજવામાં આવ્યું છે. આ સંમેલન તા. ૨-૫-૭૦ ના રોજ બપોરના ૨-૦૦ વાગે શરૂ થશે કામચલાઉ કાર્યક્રમ નીચે પ્રમાણે રાખ્યો છે.

**તા. ૨-૫-૭૦ શનિવાર**

સવારના : આગમન

બપોરના ૨-૦૦ થી ૬-૦૦ પરિવાર સંમેલન.

સાંજના ૬-૦૦ થી ૮-૦૦ ભોજન વગેરે

રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સંમેલન

**તા. ૩-૫-૭૦ રવિવાર**

સવારના ૯-૦૦ વાગે સાયન્સ કૉલેજ હોસ્ટેલનું ઉદ્‌ઘાટન

ઉદ્‌ઘાટન : **શ્રી સી. પી. પટેલ (મુંબાઈ)ના વરદ હસ્તે**

અતિથિ વિશેષ : **માનનીય મુખ્ય મંત્રીશ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ**

આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત બધી સંસ્થાઓના ચાલુ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, અધ્યાપકો, આચાર્યો, સંચાલકો, હોદ્દેદારો, દાતાઓ, શુભેચ્છકો વગેરે સર્વેને પધારવા માતૃસંસ્થા તરફથી હાર્દિક આમંત્રણ છે.

---

[ પહેલા પાનનું ચાલુ ]

આપણે સાયન્સ કોલેજનું મકાન સુંદર અને સસ્તુ બનાવવા માગીએ છીએ એક હજાર વિદ્યાર્થીની સંખ્યા નજર સમક્ષ રાખી મકાનના પ્લાન્સ કરવા વિનંતિ છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળે પિલવાઈ હાઈસ્કૂલને હાલની સ્થિતિમાં મૂકી છે. ઘણા વર્ષ એનું સંચાલન કરી એને આ સ્થિતિમાં મૂકી છે અને તેથી પિલવાઈ હાઈસ્કૂલના નવા-જૂના વિદ્યાર્થીઓ સર્વ વિદ્યાલય પરિવારમાં આવી જાય છે.

કડીનું સર્વ વિદ્યાલય, બલોલનું મિત્રમંડળ સર્વ વિદ્યાલય અને વડનગરનું નવીન સર્વ વિદ્યાલય-કડીની ટેકનિકલ સ્કૂલ અને સાયન્સ કોલેજના જૂના નવા શિક્ષકો અને વિદ્યાર્થીઓ એક પ્રયાસ-ખંતપૂર્વનો પ્રયાસ કરે તો આ વર્ષમાં-સુવર્ણ જયન્તીના વર્ષમાં સાયન્સ કોલેજના મકાનની રકમ એકઠી કરી શકે; એટલું જ નહિ પણ એક સારું રીઝર્વ ભંડોળ પણ એકઠું કરી શકે.

એ સૌને સુવર્ણજયન્તી નિમત્તે આ કાર્ય ઉપાડી લેવા આગ્રહ ભરી વિનંતી કરું છું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પચાસ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે કામ કરે છે. એણે આ પચાસ વર્ષમાં સારી સંખ્યામાં વિદ્યાર્થીઓ તૈયાર કર્યા છે એમાંના મોટા ભાગના સુખી પણ છે. એમની પાસે સંસ્થાએ આજ સુધી કદી આવી માગણી કરી નથી. પહેલી વખત આ માગણી સુવર્ણ જયન્તીના વર્ષમાં કરી છે.

એકે એક નવા જૂના વિદ્યાર્થી, શિક્ષકો અને સંચાલકો એમનો ધર્મ બજાવે.

આ સંસ્થાની પ્રવૃત્તિઓના કારણે ઉત્તર ગુજરાત રાજકીય, સામાજિક અને શિક્ષણ ક્ષેત્રે સમૃદ્ધ બન્યું છે. આર્થિક સ્થિતિ એથી ઘણી સુધરી છે.

એ ઉત્તર ગુજરાતમાં હજુ ઘણું કરવાનું છે.

આપણ સૌ સાથે મળી હાથમાં હાથ મિલાવી આ કામ કરીએ.

ઉત્તર ગુજરાતની જાગૃતિ અને સમૃદ્ધિના મૂળમાં આ સંસ્થાની પ્રવૃત્તિઓ છે અને તથા તેને પોષવા હું સૌ કોઈને આગ્રહભરી વિનતી કરું છું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વે સ્ટેશન સામે-કડી : તા. ૨-૪-૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૧૬-૪-૭૦ [ અંક ૨૯


[૧૭] ટપાલ પેટી

## આ સંસ્થા ન હોત તો?


કેશવલાલ બી. પટેલ બી. એ.
મંત્રી મજૂર મહાજન સંઘ, કલોલ (ઉ. ગુ.)
ઓનરરી સેકન્ડ કલાસ મેજિસ્ટ્રેટ


—○—

મુરબ્બી શ્રી પુરુષોત્તમદાસ, કાકા તંત્રી, સુવર્ણ જયન્તી,
ભાઇશ્રી મોહનભાઇ, ભાઇશ્રી ભાઈલાલભાઇ તથા ભાઇશ્રી
દિલીપ રોય,
સંપાદક મંડળ, સુવર્ણ જયન્તી.

વિ. આપ સૌ કુશળ હશો.

સુવર્ણ જયન્તી મને નિયમિત રીતે મળ્યા કરે છે. આભાર. શ્રી સર્વ વિદ્યાલયના પરિવારનું સંમેલન તો બીજી સંસ્થાઓ સંમેલનો બોલાવે છે તેમ આ સંમેલન પણ એકાદ આમંત્રણ પત્રિકા લખી બોલાવી શકાયું હોત પણ આપણા પરિવાર પૈકી તમે સૌએ સુવર્ણ જયન્તી સાપ્તાહિક સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તીની ઉજવણી નિમિત્તે એક વરસ અગાઉથી પ્રસિદ્ધ કરવાનું સુંદર આયોજન કર્યું છે તેથી તમને સૌને મારા ધન્યવાદ પાઠવું છું. આ સાપ્તાહિકની પ્રસિદ્ધિથી આપણા પરિવારના સૌ સભ્યોને તેઓ સંમેલનમાં મળે તે પહેલાં એકબીજા સાથે ખૂબ નજીક લાવવા પ્રયત્ન કર્યો છે. આ સાપ્તાહિકે તો સર્વ વિદ્યાલય પરિવાર સમક્ષ તેમનો સઘળો ભૂતકાળ મૂકી દીધો છે અને સર્વ વિદ્યાલયના પરિવારના સભ્યોની ફરજોનું ભાન પણ કરાવી દીધું છે. આ રીતે સારાએ પરિવારના સભ્યોની સેવા તમે કરી અનોખી ભાત પાડી છે.

વિદ્યાર્થી આશ્રમ અને સર્વ વિદ્યાલયે તો ઘણાઓના જીવનનાં ઘડતર કર્યાં છે. ઉત્તર ગુજરાતની સમૃદ્ધિમાં તેણે અવર્ણનિય અને અમૂલ્ય ફાળો આપ્યો છે. તેણે સેવકો, રાજકીય પુરુષો, સંતો, ઉદ્યોગપતિઓ, એન્જીનીયરો, ડૉકટરો, ધારાશાસ્ત્રીઓ, સરકારી કર્મચારીઓ, સાહસિક ધંધાદારીઓ, આદર્શ ખેડૂતો અને જવાબદાર નાગરિકો સર્જ્યા છે આ નામાવલિ એ હવે ખૂબ મોટી થતી જતી હોવાથી સંપૂર્ણ કરી આપવી શકય નથી. સંસ્થા કદાચ આપણા સંમેલનમાં તે યાદી આપી શકશે. કોઇપણ ક્ષેત્ર સર્વ વિદ્યાલયના સભ્ય વગરનું બાકી નથી રહ્યું. આજે તો સંસ્થાના સેંકડો સ્નાતકો પરદેશમાં જઇ રહ્યા છે. તેઓ ત્યાં અભ્યાસ કરી અનેક પ્રકારના વ્યવસાયો ત્યાં કરે છે. આ બધા જશના આપણે સૌ ભાગીદાર નથી; પણ સંસ્થાએ સૌના ઉપર સમાજ અને રાષ્ટ્રસેવા કરી આપણને સંસ્થાના ઋણી બનાવ્યા છે. આ સંસ્થા ન હોત તો ? એ પ્રશ્નાર્થ તેની પેદાશ-સમા આપણે સૌ વિચારીએ તો એ ચોક્કસ ખ્યાલ આવશે કે હાલનું માનભર્યું કે ગૌરવવન્તુ સ્થાન આપણે આજે દિપાવીએ છીએ તેવું દિપાવી શકયા ન હોત. સંસ્થાના આદ્ય સ્થાપક કર્મયોગી સ્વર્ગસ્થ પૂજ્ય છગનભાના નિઃસ્વાર્થ પ્રેમ, સ્વાર્પણ અને પ્રેરણા મળ્યાં અને સંસ્થાને રત્ન સમાન શિક્ષકગણ પ્રભુ પ્રેરણાથી મળતો રહ્યો છે, તેનું આ શુભ ફળ આપણે આજે જોઈ રહ્યા છીએ છગનભાએ રોપેલી એક વડવાઈના પ્રતાપે આજે એ વડવાઇ એક મહાન વટવૃક્ષની જેમ વિકાસ પામતી આપણે જોવા ભાગ્યશાળી બન્યા છીએ. તેને વધારે વિકાસવન્તુ બનાવવાની તેના પરિવારરૂપે આપણી ફરજ છે. એ ફરજ

[ અનુસંધાન પાન ૭ ઉપર ]

## આપણા એક આજીવન કર્ણધાર

# શ્રી અમીન સાહેબ



શ્રી રામચંદ્રભાઈ જમનાદાસ અમીન
એમ. પી. (લોકસભા)

શ્રી રામચંદ્ર જમનાદાસ અમીન - એમને આખાયે જિલ્લામાં સૌ કોઈ અમીન સાહેબના અદબભર્યા નામથી ઓળખે છે. ગંભીર મુખમુદ્રા અને વિચારભારથી લદાયેલી આંખ એમની સતત ચિંતનશીલતાને વ્યક્ત કર્યા વગર રહેતી નથી. આ ઉંમરે પણ એમનું વાચન અને નિદિધ્યાસન ચાલુ જ હોય. હમણાં હમણાં થોડું કથળેલું શરીરસ્વાસ્થ્ય એમને આ ક્રિયાશીલતામાં થોડું બાધક નીવડે છે. પણ ગઈ કાલ સુધી તો જે જે કંઈ વાંચવામાં આવે અને નોંધપાત્ર લાગે તેની નોંધ સુદ્ધાં એ ચીવટથી રાખતા જોયા છે. યુવાન પેઢીને એમનો આ શ્રમ અને ચીવટ ખૂબ પ્રેરણાદાયી બને એવાં છે. પોતે જે કંઈ વિચારો રજૂ કરે એ, આ નક્કર પાયાને લીધે જ બુલંદ અને સચોટ હોય છે. જેમણે એમને સાંભળ્યા હશે એમને આ વાતની પ્રતીતિ થયા વિના નહીં રહી હોય.

સર્વ વિદ્યાલય અને તેની ભગિની સંસ્થાઓને આકાર આપવામાં જે વ્યક્તિઓનો પુરુષાર્થ રહેલો છે એમાં શ્રી અમીન સાહેબનો ફાળો મહત્ત્વનો છે. સંસ્થાએ પાંચ દાયકાની જે મજલ કરી છે એમાં શ્રી અમીન સાહેબનાં શ્રમ અને માર્ગદર્શન સંસ્થાના વ્યક્તિત્વ ઘડતરમાં સતત રહ્યાં કર્યાં છે. આ લાંબા સમય દરમ્યાન તેમણે સંસ્થાના મંત્રી, ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકેનો કાર્યભાર ક્ષમતા અને મમતાપૂર્વક વહ્યો છે.

શ્રી અમીન સાહેબે પંચોતેર વર્ષ પૂરાં કર્યાં છે. એમનો જન્મ સંવત ૧૯૫૦ના કારતક સુદ ૧ (તા. ૨૮-૧૦-૧૮૯૪) ના રોજ ગોઝારિયા મુકામે થયો હતો. નાનપણમાં જ એમણે માતાપિતાની છાયા ગુમાવી. મોટાભાઈની હુંફ એમના માટે મહામૂલી છાયા બની રહી. પ્રાથમિક અભ્યાસ વતનમાં પૂરો કર્યો. અને અમદાવાદમાં માધ્યમિક અભ્યાસ શરૂ કર્યો. ૪થા (હાલનું ૮ મું) ધોરણમાં હતા ત્યારે મોટાભાઈ સ્વર્ગસ્થ થયા. એટલે એ હુંફ પણ એમણે ગુમાવી. અભ્યાસમાં ખૂબ તેજસ્વી અને ખંતીલા હતા એટલે એમણે અભ્યાસ ચાલુ રાખ્યો અને ઈ. સ. ૧૯૧૨માં અમદાવાદની આર. સી. હાઈસ્કૂલમાંથી પ્રથમ નંબરે મેટ્રીકની પરીક્ષા પસાર કરી. ઈ. સ. ૧૯૧૭માં વિજ્ઞાન વિષય લઈ ઑનર્સ સાથે બી. એ. થયા. અને પછી મુંબઈ જઈ ઈ. સ. ૧૯૧૯માં એલ એલ. બી નો અભ્યાસ પૂરો કર્યો. એ પછી ૧૯૨૦ માં એમણે વિજાપુરમાં વકીલાત શરુ કરી. વકીલ તરીકે એ ખૂબ સફળ સિદ્ધ થયા.

વકીલાતની કારકિર્દીની સાથે સાથે સમાજહિતની મોટી પ્રવૃત્તિઓમાં એમણે રસ લેવા માંડ્યો. સામાજિક અને શૈક્ષણિક કાર્યો એમના રસનાં ખાસ કાર્યક્ષેત્ર બન્યાં. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ઉપપ્રમુખપદે રહીને એમણે આ કાર્ય પૂરી ધગશ અને આવડતથી કરવા માંડ્યું. સંસ્થાની પ્રગતિ એ એમની જીવંત ગતિશીલ ઝંખના બની રહી. હાલ પણ એઓશ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ઉપપ્રમુખપદે છે. વિજાપુર તાલુકામાં જ્યારે એકપણ હાઈસ્કૂલ નહોતી ત્યારે તે જરૂરિયાત પૂરી પાડવા માટે વિજાપુરમાં છઠ્ઠા ધોરણનો ખાનગી વર્ગ ખોલીને લોક મદદથી બે વર્ષ ચલાવ્યો અને પછી વિજાપુરની હાલની હાઈસ્કૂલનું નિર્માણ થયું. તેમની પ્રેરણા અને માર્ગદર્શન મેળવીને પિલવાઈની શેઠ જી. સી. હાઈસ્કૂલ જિલ્લાની પ્રથમ કક્ષાની હાઈસ્કૂલમાં વિકાસ પામી. એ રીતે ઉત્તરપૂર્વ ગુજરાત કેળવણી મંડળના કર્ણધાર બનીને એમણે પિલવાઈની આર્ટ્સ અને સાયન્સ કૉલેજની સ્થાપનામાં દોરવણી આપી અને એને પ્રથમ કોટિની બનાવવામાં ખૂબ જહેમત ઉઠાવી.

ઉંઝામાં આવેલા કન્યા કેળવણી મંડળ અને તે અંગેના કન્યા છાત્રાલય એ કન્યા વિદ્યાલયની સ્થાપના, વિકાસ અને સંચાલનમાં તેમની ચિવટભરી દોરવણી અને જહેમત પાયામાં રહેલાં છે. આજે પણ તે તેના ઉપપ્રમુખ તરીકે તેની રાહબરી કરી રહ્યા છે.

સામાજિક અને શૈક્ષણિક કાર્યો ઉપરાંત રાજકારણ એ એમનું વિશિષ્ટ કાર્યક્ષેત્ર રહ્યું છે. સ્વાતંત્ર્ય અગાઉ એમણે પ્રજામંડળમાં મહત્ત્વની કામગીરી બજાવી છે. ઇ. સ. ૧૯૨૬, ૧૯૨૯ અને ૧૯૩૬ માં વડોદરા રાજ્યની ધારાસભામાં ચૂંટાઈ આવ્યા. ત્યાં રાજ્ય પ્રજામંડળ ધારાસભા-પક્ષના નેતા તરીકે ૪ વર્ષ રહ્યા. તાલુકા પ્રજામંડળ તેમ જ જિલ્લા પ્રજામંડળના

[ અનુસંધાન પેજ ૭ ઉપર ]

# ત્રિપુટીનું વઢિઆરમાં આગમન

: લેખક :
શ્રી હરિભાઈ જ. પરીખ
કુમકુમ, શાન્તિનગર સોસાયટી,
બાવળા જિ. અમદાવાદ

ઈ. ૧૯૨૫ મે મહિનાના દિવસો છે. તે વખતનો આ પ્રસંગ છે. વઢિયારમાં આવેલા દાલોદ ગામની શાળામાં હું હેડમાસ્તર હતો.

આ ૧૨૦૦ માણસોની વસ્તી ધરાવતું, અડતાળીસના ગોળમાં પ્રતિષ્ઠા ધરાવતું ગામ.

તા. ૨ મે ૧૯૨૫ ના રોજ અમે ત્યાંના ગૃહસ્થ શ્રી ભગવાનદાસ માલદાસ પટેલની મેડી ઉપર બેઠા હતા. ગામના પટેલ (મુખી) કચરાભાઈ મોતીભાઈ પટેલ તથા બીજા ભાઈઓ પણ આવ્યા હતા. બહાર ગામના મહેમાનો આવેલા હતા. જેમાં ગોળના આગેવાનો પણ હતા.

ડાયરો જામ્યો છે.

નીચે ચોકમાં ચાનું તપેલું ઉકળે છે. ચાના પાણીમાં ખોબલે ખોબલે સાકર નંખાય છે. ચપટા ભરી ચાની ભૂકી પણ નંખાય છે.

સડ...સડ...સડ...સડ... ચા ઉછાળા મારી રહી છે. રંગ વિનાના પાણીએ શ્યામ વર્ણ ધારણ કર્યો. બાજુમાં ભેંસ દોહવાય છે. દૂધનું બોઘરણું આવે છે. તપેલામાં ઠલવાય છે. શ્યામ વર્ણને જાણે શ્વેત બનાવવાની હામ ભીડતું ના હોય? એવા ગર્વ સાથે દૂધ ભળે છે. ચૂલામાંની સાંઠિયો સંકોરી અગ્નિની જ્વાળા વધારવામાં આવે છે. કફ...કફ...કફ...કફ... કરતા ઉભરા આવે છે. ચા રંગ પકડે છે. મઘમઘતી ચા તૈયાર થાય છે.

એક ભાઈ રકાબીમાં લઈને ટેસ્ટ કરવા ગરમા ગરમ પીએ છે. "ચા તો સ્વાદિષ્ટ, મીઠી અને લિજતદાર બની છે, પણ હજુ કડક બનાવવાની જરૂર છે. ફરીથી એક ઉભરો ઉકાળવાની જરૂર છે."

રકાબીપ્યાલા ખખડે છે, ભરાય છે, છલકાય છે. કપ ઉપર કપ મેડીએ આવે છે. બધા તેની લિજ્જત માણે છે. હુક્કાના ગડગડાટ સંભળાય છે. ધૂમ્રપાનના ગોટા હવામાં ફેલાય છે. બે-ત્રણ બંધાણી અફીણ-કસુંબાના ઘેનમાં ગરકાવ છે. વાતોના તડાકા ચાલે છે.

આજથી ૪૫ વર્ષ પહેલાંનો એક પ્રસંગ લેખકે અહીં આલેખ્યો છે. સમાજસુધારાનું કાર્ય અને સંસ્થાના નિભાવ માટેના ફંડના આવા અનેક પ્રવાસો સંસ્થાના ઇતિહાસમાં પડેલા છે. તેમાંનો એક પ્રસંગ લેખક શ્રી હરિભાઈ જ. પરીખે લખી મોકલ્યો છે. તે જમાનામાં ગુજરાતી શાળાના શિક્ષકો અને હેડમાસ્તરો શિક્ષણના પ્રચારમાં અને સમાજ-સુધારણાના કાર્યમાં ઊંડો રસ ધરાવી સક્રિય કાર્ય કરતા હતા. એ પેઢીના શ્રી હરિભાઈ પરીખ એક સારા અને જાણીતા પ્રતિનિધિ છે. તેઓ વર્ષો થયાં નોકરીમાંથી નિવૃત્ત થયા છે અને ઉમ્મર પ્રમાણે શારીરિક અશક્તિ હોવા છતાં જે ઉમંગથી આ લેખ લખી મોકલ્યો છે તે પ્રસંશા માગી લે તેમ છે.

આ લેખ સંસ્થાને શરૂઆતમાં સ્થિર કરવા માટેની પ્રવૃત્તિનો અને ગામડાની તત્કાલિન શૈક્ષણિક અને સામાજિક પરિસ્થિતિનો પણ સારો ખ્યાલ આપી જાય છે. —સં૦

—o—

એવામાં (બારીએથી) ટપાલી આવતો દેખાય છે. ધબ...ધબ... કરતો દાદર ચડી મેડી ઉપર આવે છે. એક ભાઈ ટપાલવાળા માટે ચા લાવે છે.

ટપાલી મારા સરનામાવાળો પત્ર મને આપે છે. પત્ર વાંચું છું અધવચ એક ભાઈ પૂછે છે. માસ્તર સાહેબ, ક્યાંનો પત્ર છે?

મેં (સ્વગત) એક વખત સ્વપ્ન સેવેલું. 'ભા' વગેરે આ કેળવણીમાં પછાત ગણાતા પ્રદેશમાં એક વાર પુનિત પગલા માંડે તો કેવું સારૂ!

ભાને એક વખત મેં મારી મનોભાવના જણાવેલી પણ ખરી. "અનુકુળતાએ આવીશું." એવું જણાવેલું.

સેવેલું સ્વપ્ન સિદ્ધ થાય છે.

બીજા એક ભાઈએ પૂછ્યુ, "પત્ર વાંચી આનંદમાં જણાઓ છો." મેં મોં મલકાવ્યું.

આ પત્ર હતો આપણી વહાલી સંસ્થા કડી સર્વ વિદ્યાલય તરફથી આચાર્ય શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલનો. બધાને પત્ર વાંચી સંભળાવ્યો.

પત્રમાં લખેલું પૂજ્ય 'ભા' પ્રોફેસર સ્વામીનારાયણ અને ધનશા ભગત તા. ૨-૫-૨૫ ના રોજ ૩-૩૦ વાગે રામપુરા-ભંકોડા સ્ટેશને ઉતરી દાલોદ આવશે. અમે વાહન મોકલવાનો પ્રબંધ કર્યો.

ભેગા મળેલા ભાઈઓએ કડીની સંસ્થા અને આવનાર ગૃહસ્થો વિષે જાણવા આતુરતા બતાવી.

એક ભાઇ "આવનાર મહેમાનો ક્યાંના રહીશ છે અને શા કારણે આવે છે?"

મેં ત્રણેનો ટૂંકમાં પરિચય આપ્યો. અને કડીની સંસ્થા વિષે પણ માહિતી આપી તેઓ સંસ્થાના ફંડ-ફાળા માટે તેમ જ સમાજમાં સુધારા કેવી રીતે થાય તે સમજાવવા આવે છે.

કડી સંસ્થા માટે પૈસા આપવા એથી રૂડું શું ? આપણાં છોકરાં પણ તેનો લાભ લેશે. એક ભાઇએ જણાવ્યું. આપણાં છોકરાંને આપણે અંગ્રેજી ભણાવી શકતા નથી. તો કડી દાખલ કરી ભણાવી શકાશે. બીજા ભાઇએ સૂર પૂરાવ્યો. આ હકીકત ગામમાં વહેતી થઇ વાતાવરણમાં ઉલ્લાસ આવ્યો.

જમી કરી પાછા બધા ભેગા થયા અને ચર્ચા શરૂ થઇ, સાંજના ૭ એક વાગે ગામના પાદરે તળાવની પાળ ઉપર એક વૃક્ષ નીચે અમે મહેમાનોની રાહ જોતા બેઠા.

સાતેક વાગ્યાના સુમારે વાહન આવતું જણાયું. થોડે છેટે વાહન ઊભુ રખાવી ત્રણે ગૃહસ્થો અમારી તરફ ચાલતા આવતા જણાયા.

અમે તેમનો સત્કાર કરવા ઉભા થયા.

એક ભાઇ "હરિભાઇ, તમે કહો છો તે આમાં ભા કયા ?" "ત્રણેની વચ્ચે સહેજ બાજુ ઉપર ચાલતા જણાય તે જેમણે ખાદીની ટોપી, ખાદીનું પહેરણ અને ધોતિયું પહેરેલું છે, પગમાં સાદા જોડા છે, હાથમાં થેલી છે, મધ્યમ કદનું પણ પ્રમાણમાં એકવડિયું ઉંચાઇવાળું શરીર છે તે."

આગળ લાંબાં ડગ ભરતા ધનશા ભગત. ઉંચા, મધ્યમ બાંધાના પોશાક ભાના જેવો આંખો ચમકતી ગૌરવર્ણ.

"ત્યારે પાછળ ચાલે છે તે જ પ્રોફેસર સાહેબને ?"

"હા. ગણિતશાસ્ત્રનો વિષય લઇને તે આપણી જ્ઞાતિમાં પ્રથમ એમ. એ. થયા છે. તેમણે પણ ખાદીની ટોપી, જાડી ખાદીનો ઝભ્ભો, ઘૂંટણથી થોડુ ઉચું ખાદીનું ધોતિયું પહેરેલું છે. હાથમાં ગેડિયો છે. સ્થુળ શરીર બેઠા ઘાટનું, માથું ગોળ, કપાળ ભવ્ય અને નાક બેઠા ઘાટનું, ચહેરો ભરાવદાર ગોળ કંઇક વિચારમગ્ન પાછળ ધીમી ચાલે આવતા દેખાય છે.

તેઓ નજીક આવી પહોંચ્યા. અમે વંદન કર્યું. તેમણે પણ હાથ જોડી વંદન કર્યું.

ભાઃ "ભાઇઓ તમે બહુ તસ્દી લીધી અમને સામા તેડવા આવ્યા છો. આજે અમે તમારી વઢિયાર ભૂમિનાં દર્શને આવ્યા છીએ." ભાએ વાતની શરૂઆત કરી."

વાતો કરતા કરતા અમે ઉતારો રાખ્યો હતો તે અતિથિ-ગૃહસમી ભગવાન પટેલની મેડી ઉપર આવી પહોંચ્યા.

તેમણે થોડો વખત આરામ લીધો. રાત્રે બીજા મહેમાનો સાથે જમ્યા.

રાત્રે ગામમાંથી ઘણા ભાઇઓ મેડી ઉપર આવવા માંડ્યા. સંસ્થા સંબંધી વાતો કરી. તેના નિભાવ માટે અમે જુદાં જુદાં સ્થળોએ ફંડ માટે જઇએ છીએ. અહીં પણ તેટલા માટે આવ્યા છીએ. વગેરે વગેરે.

"આપણી સંસ્થાને પોષવી એ આપણો ધર્મ છે."

ગામના ભાઇઓએ જણાવ્યું "અમારાથી બને તેટલું કરીશું." આવતી કાલે આપણે અહીં જ ભેગા થઇ ફંડ માટે વિચારીશું. એવું ઠરાવી સૌ વિખરાયા.

રાત્રે મહેમાનોની સાથે હું સુઇ રહ્યો. ગામના વાતાવરણ વિષે, રીતરિવાજ, કેળવણી વગેરે બાબતોની વાતો થઈ. આ પ્રદેશમાં કેળવણીનો અભાવ છે. તેનો પ્રચાર થાય તો લોકો આગળ આવે.

તા ૩ મે ૧૯૨૫ સવારે અમે વહેલા ઉઠ્યા. ત્રણે મહેમાનો તળાવ ઉપર શૌચ–સ્નાન કરવા ગયા, તેટલામાં અમે પણ તૈયાર થઈ ઉતારે આવ્યા.

મહેમાનો તળાવ ઉપરથી નાહી–ધોઇ આવી ગયા.

એક ભાઇએ કહ્યું "તળાવેથી નાહીને ના આવ્યા હોત તો ઘેર ગરમ પાણી તૈયાર રાખ્યું હતું."

ધનશાઃ "અમને નવાણે જઇ ઠંડા પાણીથી નાહવાનું ગમે છે, કપડાં પણ જાતે ધોતા આવીએ, તેથી કસરત પણ મળે."

ભાઃ "નાહી ધોઈ અમે સ્વસ્થ થયા, હવે અમે માણસ બન્યા, કામ કરવાની તાઝગી આવી."

સ્વામીનારાયણઃ શહેરમાં અમે બાથરૂમમાં નાહીએ. અહીં અમને તળાવ ઉપર ખુલ્લી હવાનો અને કુદરતી દૃશ્યો જોવાનો લાભ મળ્યો.

બેઠક ઉપર લોકો આવવા લાગ્યા. તેમાં પાટીદાર ઉપરાંત વણિક વેપારીઓ અને ગરાસિયા ભાઇઓ પણ હતા.

ઉપર ચા આવી. ચા પીતા હતા તેમણે તેની મોજ માણી.

ભેંસોની ગણનામાં વઢિયારની ભેંસોની ગણના થાય છે. તેવી ભેંસોનું કઢેલું દૂધ ચા નહિ પીનાર ભા વગેરે માટે આવ્યું.

પ્રોફેસર સાહેબે તો ગળપણ વગરનું, ગરમ કર્યા વગરનું, તાજુ શેડકઢુ દૂધ અને બાજરીનો રોટલો મંગાવ્યો.

બાખડી ભેંસનું જાડું ખડી જેવું દૂધ છલકતા વાડકામાં બાજરીના રોટલા સાથે આવ્યું.

સ્વામીનારાયણ તેનો સ્વાદ માણતા જાય છે અને લોકો સાથે વાતો કરતા જાય છે.

ચર્ચાઓ ચાલી. રાત્રે સભા ભરવી એવું નક્કી કરી સૌ વિખરાયા.

આખા ગામમાં કડી સંસ્થા વિષે અને મહેમાનો વિષે વાતો વહેતી થઈ.

શાળાના વિદ્યાર્થીઓનો ઉત્સાહ માતો નથી. શિક્ષકો પણ સહકાર આપવા તત્પર થયા.

રાત્રે સભા ભરાવાની છે, એવો સાદ પડે છે.

સાંજના ગામની મધ્યમાં મંદિર આગળનો ચોક સાફ થાય છે. ફાનસો આવે છે. મોદ્દો પથરાય છે. લોકે ભેગા થતા જાય છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ આવે છે.

બહેનો પણ ઘરકામથી વહેલાં પરવારી શરમાતાં સંકોચાતાં એકબાજુએ બેસે છે. વહુવારૂઓ પણ ઘૂમટા તાણી નણંદ સાસુ જોડે લપાતાં બેસે છે. સભાનું સ્થાન ગામની મધ્યમાં હોવાથી એક-બીજાની દેખાદેખીથી આવતી સ્ત્રીઓની હાજરી ધ્યાન ખેંચે છે.

મહેમાનો સભાસ્થાને આવે છે. લોકો ઉભા થઇ તેમનો સત્કાર કરે છે.

કાર્યક્રમ શરૂ થાય છે. વિદ્યાર્થીઓ પ્રાર્થના બોલે છે.

મારે બોલવું એવું સૂચન થાય છે.

મેં સભા ભરવાનો હેતુ જણાવ્યો. મહેમાનોની ઓળખાણ આપી.

ભા સરઢવના વતની, સેવા એજ જેમનું જીવન. કડી સંસ્થાના જનક, ઉત્તરાવસ્થામાં સન્યસ્ત લેવાની અકાંક્ષા જતી કરી જનસેવાનો જીવન આદર્શ સ્વીકાર્યો. " કરભલા હોગા ભલા, " મહામંત્ર ગાજતો કર્યો. કેળવણીનો ફેલાવો થાય. બાળલગ્ન, વરકન્યાવિક્રય બંધ થાય, મરણ પાછળનાં બારમાં અટકે, વગેરે સામાજિક સુધારા થાય, તેને માટે પુરુષાર્થ કરે છે તેમનું નામ છગનલાલ પીતામ્બરદાસ પટેલ. છગનભા ' ભા ' એવા વહાલસોયા નામથી ઓળખાય છે.

પ્રોફેસર જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ અમદાવાદના છે. ખાનદાન કુટુંબના નબીરા છે. ગણિતશાસ્ત્રનો વિષય લઇ તેમણે એમ. એ. ની પદવી મેળવી છે. તેમની વિદ્વાનોમાં ગણના થાય છે. ગુજરાત કોલેજમાં ગણિતશાસ્ત્રના પ્રોફેસર હતા. પ્રિન્સીપાલ અને વિદ્યાર્થીઓના માનીતા છે. પ્રિન્સીપાલના હોદ્દે પહોંચવા શક્તિશાળી છે; પરંતુ દેશદાઝની લાગણીથી અસહકારની ચળવળ વખતે તેમણે રાજીનામું આપ્યું.

ધનશા ભગત ભાની જેમ ચુસ્ત વેદાંતી છે. આદરજના વતની છે. તે તો ભાના જમણા હાથ સમા ભાના સહકાર્યકર છે. શિક્ષણ તથા કડી સંસ્થા પ્રત્યે ગૌરવ ધરાવે છે. તેમનું પણ જીવનકાર્ય સેવાનું છે·

ઓળખાણ આપ્યા પછી વઢિયારના લોકોનો વ્યવસાય, ખેતી તથા તેમના રીતરિવાજો અને સામાન્ય જીવનનો ખ્યાલ આપ્યો. તેમાં અફીણ–ચા જેવાં વ્યસન, બાળલગ્ન, બારમાં, ગોળમાં થતાં લખણાં, કન્યાવિક્રય, પંચનું મળવું, કેળવણીનો અભાવ વગેરે બાબતોનો ખ્યાલ આપ્યો

શહેરોનો સંસર્ગ ઓછો તેથી સાદાં, મહેનતુ જીવન, મળતાવડો ઉદાર સ્વભાવ, આતિથ્યસત્કારની ભાવના, ખેતીમાં કુશળતા, બહેનો રેંટિયાથી સુતર કાંતે, વણકર પાસે ગજી,વેજાં પછેડી, ચોફાળા પાથરણાં, મોદ વણાવે. આજ કાપડનો પહેરવેશ. મીલના કાપડનો વપરાશ ઓછો.

બહેનો ભરતકામ પણ કરે. તોરણ, ચાકળા, ચંદરવા, પંખા, સાખિયાં, ભરે; કાપડાંકબજા, ચણિયા, ભરે અને પહેરે. છેલ્લે કડી સંસ્થા માટે ફંડની અપીલ કરી.

ભા બોલવા ઊભા થયા. ખોખારો કર્યો. તળપદી ભાષામાં આગવી રમુજી શૈલીમાં દષ્ટાંતો આપીને કુરિવાજોથી થતા ગેરલાભ સમજાવ્યા. ચાનું વ્યસન ઘર ઘાલે છે તે જોઇ કમી કરવા જણાવ્યું. વાતો કરતા હોય તેમ, સાદી સૌને સમજાય તેવી મધુર વાણીમાં પ્રવચન કર્યું, કડી સંસ્થા કેવી રીતે શરૂ કરવામાં આવી–તેને મદદ કરવા ફંડ–ફાળાની અગત્ય સમજાવી. આ સંસ્થા સર્વ ભાઇઓની છે. તેનો લાભ સૌ ભાઇઓ પોતાના બાળકોને આપે એવી ઇચ્છા દર્શાવી. આપણામાં કેળવણીનું પ્રમાણ નહિ જેવું છે તે સમજાવ્યું અને સંસ્થાને નાણાં, અનાજ વગેરેથી સહાય કરવા જણાવ્યું.

પ્રોફેસાર સાહેબે વિદ્યાર્થીઓને સંબોધીને ભણવાની જરૂરિયાત સમજાવી. અંગ્રેજી ભણવા કડી કે અન્ય સ્થળે જવા સૂચવ્યું. માતા–પિતા બાળકોની કેળવણીમાં રસ લે તથા શિક્ષક ભાઇઓ વિદ્યાર્થી તથા વાલીઓને પ્રોત્સાહન આપે તેવું સૂચવ્યું.

ધનશા ભગતે બુલંદ વાણીમાં સંસ્થાને મદદ કરવા આગ્રહ કર્યો, અને સમાજમાંથી કુરિવાજો નાબુદ કરવા હાકલ કરી.

સભામાં સારી અસર થઇ, નાણાં આપવાની પ્રેરણા જાગી. તે જ વખતે શરૂઆત થઈ જોતજોતામાં રૂા, ૧૩૦૦)નો આંકડો નોંધાયો,

ભાએ સોનો આભાર માન્યો, ધન્યવાદ આપ્યા.

સભામાં નજીકના વનપરડી અને સેર ગામના ગૃહસ્થો આવેલા તેમણે પણ પોતાના ગામે પધારવા વિનંતિ કરી. તેનો આભાર સાથે સ્વીકાર કર્યો.

મેં ગામ તરફથી સૌનો આભાર માન્યો. સભાનું કામ પૂરું થયું.

" મહેમાનોનું માન સચવાયું. " એવી વાતો કરતાં સૌ વિખરાયા.

તા. ૪ મે ૧૯૨૫ વનપરડી તથા સેર ગામે જઇ આવ્યા. સભાઓ રાખેલી. ઠીક ફાળો થયેલો. સેર ગામે રાત રહ્યા.

તા. ૫ મે ૧૯૨૫ સેરથી સવારે દાલોદ આવ્યા. છેલ્લે મારૂં ઘર પાવન કરી જમીને વિદાય લીધી. ગાડું સ્ટેશને મોકલ્યું.

લોકોએ ભાવભરી વિદાય આપી. ફરીથી ગામપર પધારવા વિનંતિ કરી. " જરૂર આવીશું. " ભાવથી જવાબ આપ્યો.

વિદાય લેતાં ભા એ સૌને કહ્યું :– " તમે પ્રેમ અને શ્રદ્ધાથી અમારી ઝોળી છલકાવી; પરંતુ સંસ્થા અને પૈસા વિદ્યાર્થીઓ માટે છે માટે સંસ્થાનું નવુ વર્ષ શરૂ થાય ત્યારે સારા પ્રમાણમાં વિદ્યાર્થીઓને મોકલજો. "

મહેમાનોએ ગાડામાં સ્થાન લીધું. સ્ટેશન તરફ હંકારાયું. વંદન કરી અન્યોન્ય સ્નેહની લાગણી દર્શાવી વિદાય લીધી.

## ગઈ પેઢીના એક આગેવાન
## સ્વ. અંબારામદાસ અમથારામ : કાંઝ
(તા. : વિરમગામ)



સ્વ. અંબારામદાસનો જન્મ તા. ૯–૧–૮૭ ના રોજ કાંઝ, તા. વિરમગામ, જિ. અમદાવાદમાં સાધારણ સ્થિતિના ઘરમાં થયો હતો. તેઓ પ્રાથમિક શાળાંત પરીક્ષા પસાર કરી પ્રાથમિક શાળામાં શિક્ષક બન્યા. સ્વભાવે જ સાહસિક અને સ્વતંત્ર હોવાને કારણે શિક્ષકનો વ્યવસાય ત્યજી તેઓ વ્યાપાર કરવા લાગ્યા. સાહસિકવૃત્તિ, પ્રમાણિક માનસ, દીર્ઘદષ્ટિ, મિલનસાર સ્વભાવ અને વ્યાપાર વિષયક આગવી કુશળ કોઠાસૂઝના કારણે સફળ અને પ્રતિષ્ઠિત વેપારી તરીકેની કીર્તિ તેઓ મેળવી શક્યા. ધંધામાં ધૈર્ય, સખ્ત પરિશ્રમ અને નિષ્ઠાના કારણે અગ્રગણ્ય વેપારી બન્યા. સહિષ્ણુ સ્વભાવ, નિખાલસ મન, પ્રમાણિક આચાર અને વિચાર અને પરગજુ પ્રકૃતિના કારણે ગ્રાહકોનો પ્રેમ મેળવી શક્યા હતા. નીડર મંતવ્ય આપવાની નૈતિક હિંમતના કારણે લોકો તેમને સાચા સલાહકાર માનતા. ગરીબો તેમને સંકટ સમયની સાંકળ ગણતા.

આનંદશંકર બાપુભાઈ ધ્રુવના વ્યવહાર અને પરમાર્થના તત્વજ્ઞાનને જીવનમાં તેમણે સાકાર કર્યું હતું આથી તેમને ધાર્મિક વ્યાપારી કહીએ તો પણ ઉચિત છે. ગ્રાહકની અજ્ઞાનતાનો લાભ તેમણે કદાપિ લીધો નથી. પોતાને માલ વેચનારને એ પોતાના શેઠ સમજતા એ જ એમની કદરદાની વૃત્તિનું ઉદાહરણ છે.

સમાજના સંગઠનમાં પાયાનું કાર્ય તેમણે કર્યું છે. સંગઠન કરી નવીન વિચારસરણી તેમજ સુધારાવાદી સમાજ તે રચી શક્યા. તેમની લાંબા સમયની સફળ નેતાગીરીના કારણે આજે પણ આ વિસ્તારનો સમાજ પ્રગતિશીલ પ્રગરણ ભરે છે.

પોતે પ્રાથમિક શિક્ષક રહેલા તેથી કેળવણીના કાર્યો પ્રત્યે પક્ષપાત હોય તે સ્વભાવિક છે. વિદ્યાર્થી આશ્રમ, કડી તથા વિદ્યાર્થી ભવન, અમદાવાદના કારોબારીના સભ્ય તરીકે ઘણો લાંબા સમય સુધી રહ્યા હતા. તેમની તરફથી ગુજરાત ગોશાળા–કડીને મકાન માટે મદદ મળી હતી. અનાજની અને ઘાસની ખેંચના સમયમાં તેઓ આ સંસ્થાને પોતાનું ઘર ગણી સુવિધાઓ કરી આપતા. જાહેર સંસ્થાઓને તેમણે સામે ચાલીને આર્થિક સહાય કરી છે. હંમેશાં ઉપયોગી થવાની તેમની વૃત્તિથી જાહેર સંસ્થાના કાર્યકરો માટે તે હુંફ રૂપ હતા. 'પૈસા વિના કાર્ય નહિ અટકી પડે, તેવી શ્રદ્ધા તેમના તરફથી મળતી. તેમના સ્વર્ગવાસથી જાહેર સંસ્થાઓએ નિસ્વાર્થી, સેવાભાવી, શુભપ્રવૃત્તિના હિતચિંતક, સ્પષ્ટ માર્ગદર્શક અને પ્રતિભાશાળી સેવકને ગુમાવ્યો છે. નફાનો અમુક ભાગ કેળવણી, ધર્મ અને લોકહિતના કાર્યોમાં વાપરવો એ એમનું વ્રત હતું.

તેમના સંપર્કમાં આવેલા સહુને તેમનામાં સાચા સ્નેહીનાં દર્શન થતાં. સ્નેહીઓ તેમને હુંફ અને મદદ મેળવવા માટેનું 'ઘર' માનતા. નાનામાં નાની બાબતમાં પણ માર્ગદર્શન આપવાનું તે ચૂકતા નહિ. એક જ મુલાકાતમાં તે પોતાના સ્નેહીની સંપૂર્ણ માહિતી મેળવી લેતા. આ તેમના જીવનની ઝીણવટભરી અને ચોક્કસાઈવાળી આગવી લઢણ હતી.

તેઓ 'મૂક સેવક' રહેવાનું સવિશેષ પસંદ કરતા. ઘણી જાહેર સંસ્થાઓમાં તેમણે તન, મન અને ધનની સેવા આપી છે તેમ છતાં તે પોતાની જાહેરાતથી ખાસ વેગળા રહ્યા છે. ૮૫ વર્ષની ઉંમરે પણ નવયુવાનને શરમાવે તેવી નૂતનદષ્ટિ, નૈતિક હિંમત, કાર્યકરવાની શક્તિ તેઓ ધરાવતા. તે ભભકાના વિરોધી હતા. જીવનમાં સાદાઈને તે મહત્ત્વ આપતા. જૂની પેઢીના હોવા છતાં નવી પેઢીની નેતાગીરી લઈ શકે તેવી વૈચારિક અને વિકાસલક્ષી ક્ષમતા ધરાવતા હતા.

તેઓ એક વિશાળ કુટુમ્બ ઉપર વટવૃક્ષ સમા વડીલ હતા. તેમના પુત્રો અને પૌત્રોને આ સંસ્થામાં શિક્ષણ માટે શ્રદ્ધા અને ચિવટપૂર્વક દાખલ કરાવતા. તેમની અવારનવાર ખબર લેતા અને સંસ્થાના કાર્યથી પરિચિત પણ રહેતા. આમાં સંતાનો પ્રત્યેની મમતા જેટલી જ આ સંસ્થા પ્રત્યેની મમતા-માયા દશ્યમાન થતાં હતાં.

તેઓ તા. ૨૮–૧–૭૦ ના રોજ સ્વર્ગસ્થ થયા છે. તેમની પાછળ તેઓ એક વિશાળ સુખી કુટુમ્બ અને જીવનની સુવાસ મૂકી ગયા છે.

---

સુવર્ણ જયંતી ફાળામાં
આપનો ફાળો મોકલી
આપશો.

---

સાપ્તાહિકનું લવાજમ
પાંચ રૂપિયા મોકલી આપશો.

[ પાન ૨ ઉપરનું ચાલુ ]

પ્રમુખ તરીકે પણ એમણે કામગીરી બજાવી છે. ૧૯૪૨ ની સાલમાં 'હિંદ છોડો' ચળવળમાં એમણે જેલયાત્રા કરી. ઈ. સ. ૧૯૪૮ માં વડોદરા રાજ્યના પ્રધાન મંડળમાં જાહેર બાંધકામ, રેલ્વે અને વીજળી ખાતાના પ્રધાન તરીકે સફળતાપૂર્વક કામગીરી બજાવી.

સને ૧૯૫૬ ના જાન્યુઆરી માસમાં તેમની સેવાઓને બિરદાવવા માટે તેમનો ષષ્ઠીપૂર્તિ મહોત્સવ શાનદાર રીતે ઉજવવામાં આવ્યો હતો. અને તે નિમિત્તે તેમને સારી રકમની થેલી અર્પણ કરવામાં આવી હતી. આ રકમ તેઓએ કેળવણીના ઉપયોગ માટે આપી દીધી હતી.

પ્રધાનપદના સમય દરમ્યાન હરહંમેશનું સાદગીભર્યું જીવન ચાલુ રાખી પ્રધાન તરીકે મળતા પગારમાંથી રૂા. ૪૫૦૦ બચાવી કેળવણી સંસ્થાઓને ભેટ આપી દીધા હતા. તેમની પ્રેરણાથી સ્થપાયેલા અને તેમના મોટાભાઈ સ્વ. પુરુષોત્તમદાસ જમનાદાસના નામે ચાલતા અમદાવાદના વિદ્યાર્થી ભવનમાં શરૂઆતમાં સારી રકમનું દાન આપી સંસ્થાને સ્થિર અને પગભર બનાવી હતી. આજે પણ તેઓ તેના વિકાસ અને સંચાલનનો ભાર વહી રહ્યા છે.

મહેસાણા પ્રાંત પંચાયતમાં ૭ વર્ષ સભાસદ રહ્યા, ઈ. સ. ૧૯૪૦ થી ૧૯૫૩ સુધી મહેસાણા જિલ્લા સહકારી બેંકના પ્રમુખપદે રહ્યા. ૧૯૫૦ માં વડોદરા રાજ્યનું વિલીનીકરણ થતાં મુંબાઈ ધારાસભામાં સભાસદ તરીકે નિયુક્ત થયા.

હાલ પાર્લામેન્ટના સભાસદપદે ચાલુ છે. સંસ્થાના આવા ઉમદા અને ઉદાર ચરિત દ્દષ્ટિસંપન્ન અને કેળવણીપ્રિય કર્ણધારને પરમેશ્વર આરોગ્ય અને દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના છે.

---

# સંસ્થા સમાચાર

## 'જુનિયર ટેકનીકલ સ્કૂલ'ની છેલ્લી પરીક્ષાને ગુજરાત યુનિવર્સિટીએ એસ. એસ. સી. ની સમકક્ષ ગણી.

ક્રમાંક : ટીઈબી. ૨૫૭૦–૮–૬૯૨૦૭–૨૮૧૮ ટેકનીકલ પરીક્ષા બોર્ડ, એલ. ડી. કૉલેજ ઓફ એન્જીનીયરીંગ બીલ્ડીંગ્સ, નવરંગપુરા, અમદાવાદ–૯ તા. ૨૫–૨–૭૦

આચાર્ય, પ્રતિ, જુનિયર ટેકનીકલ સ્કૂલ,
C/o એસ. વી. હાઈસ્કૂલ, કડી [ ઉ ગુ ]

વિષય :– જે. ટી. એસ. કોર્સ પરીક્ષા માન્ય કરવા અંગે.

શ્રીમાન,

આપના તા. ૧૦–૪–૬૮ ના પત્ર ક્રમાંક ૧૨/૬૮–૬૯ ના અનુસંધાનમાં જણાવવાનું કે ગુજરાત યુનિવર્સિટીએ જુનિયર ટેકનીકલ સ્કૂલ કોર્સની પરીક્ષાને એસ. એસ. સી. સમકક્ષ ગણેલ છે, તેની નોંધ લેશો.

આપનો વિશ્વાસુ,
સહી. મ. ની. નાયક
સેક્રેટરી વતી

---

આથી જુ. ટે. સ્કૂલની છેલ્લી પરીક્ષા પાસ કરનાર એસ. એસ. સી. પાસની માફક કૉલેજમાં દાખલ થઈ શકશે.

---

[ પહેલા પાનનું ચાલુ ]

સમજાવવાનું કે તેને યાદ કરાવવાનું કામ પણ સુવર્ણ જયન્તી સાપ્તાહિકે કર્યું છે. સંસ્થાનો પરિવાર આજે જે રીતે સમૃદ્ધ થતો જાય છે તે સંસ્થા ભવિષ્યમાં કેવી સમૃદ્ધિશાળી બનશે તેની પ્રતીતિ કરાવે છે. આનું અતિસુંદર પરિણામ તો ત્યારે જ આવે કે જ્યારે આપણે સૌ તેના પરિવારના સભ્યો આપણા ઉપરનું સંસ્થાના મૂળ સ્થાપક સ્વર્ગસ્થ પૂજ્ય છગનભાનું અને પરમપૂજ્ય ગુરુવર્ય સમા શિક્ષકગણનું ચઢેલું ઋણ કાયમ માટે અદા કરતા રહીશું. આ સંસ્થા ગુજરાત અને ભારતમાં એક આદર્શ સંસ્થા કાયમને માટે બની રહે તેવું બળ અને પ્રેરણા પરમકૃપાળુ પરમેશ્વર સંસ્થાના પરિવારના સૌ સભ્યોને આપે તેવી પ્રાર્થના કરું છું.

હું એ અભિમાનપૂર્વક કહી શકું છું કે સ્વર્ગસ્થ પૂજ્ય છગનભા મારા ગામ પલિયડમાંથી મને આ સંસ્થામાં ન ખેંચી લાવ્યા હોત તો મજૂર સેવક તરીકે હું જે કામ કરી રહ્યો છું તે ન થાત અને હું એક સરકારી નોકરી અગર વેપારી કે એક ખૂણે કામ કરતો સામાન્ય ખેડૂત હોત.

લિ. આપનો
કેશવલાલ પટેલના હરિૐ

---

દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ. ઋગવેદ

: : સુવર્ણ જયંતી ફાળામાં આપનો ફાળો મોકલી આપશો : :




## હાર્દિક આમંત્રણ

# સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન

**તા. ૨-૫-૭૦ શનિવાર**

સવાર : આગમન. : બપોરના ૨-૦૦ થી ૬-૦૦ પરિવાર સંમેલન
સાંજના ૬-૦૦ થી ૮-૦૦ ભોજન વગેરે : રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સંમેલન
રાત્રે ૧૦-૩૦ વાગે ફીલ્મ શો.

**તા. ૩-૫-૭૦ રવિવાર**

સવારના ૯-૦૦ વાગે સાયન્સ કૉલેજ હોસ્ટેલ ઉદ્‌ઘાટન સમારંભ
ઉદ્‌ઘાટન : **શ્રી સી. પી. પટેલના ( મુંબાઇ )ના વરદ હસ્તે**
સમારંભના પ્રમુખ : **શેઠશ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસ**
અતિથિ વિશેષ : **માનનીય મુખ્ય મંત્રીશ્રી હિતેન્દ્રભાઈ દેસાઇ**
૧૧-૩૦ વાગે ભોજનસમારંભ

આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત બધી સંસ્થાઓના ચાલુ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, અધ્યાપકો, આચાર્યો, સંચાલકો, હોદ્દેદારો, દાતાઓ, શુભેચ્છકો વગેરે સર્વેને પધારવા માતૃસંસ્થા તરફથી હાર્દિક આમંત્રણ છે.

... ... ... ... ... ... ... ... ... ... ... ...

## સુવર્ણ જયંતી ફાળામાં

**નીચેની નવીન રકમો લખાઈ છે.**
**દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.**

---

૯૨૬૬૩) આગળનો સરવાળો. ( અંક ૨૮ )
૧૫૦૦) શ્રી ડી. માધવલાલની કું. : હ. શ્રી ભીખાભાઈ જોઇતારામ ઠે. ગોડાઉન બજાર, મુ. મહેસાણા [ અગાઉ રૂા. ૧૦૦૧) આવ્યા છે તે સાથે ૨૫૦૧) ની તકતી મુકવા નિમિત્તે ]
૨૫૧) શ્રી માધવલાલ મગનલાલ પટેલ ( રાજપુરવાળા ) જુના માધુપુરા - નારણદાસ ત્રિકમદાસના ડેલામાં અમદાવાદ
* ૨૫૦) શ્રી બાબુલાલ હરગોવનદાસ પો. ઓ. નં. ૨૦૫ શાહપુરી કોલ્હાપુર
૯૪૬૬૪)

* વસુલ આવી ગયા છે.

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.

૫૦૧) શ્રી વિઠ્ઠલભાઈ કાકુદાસ પટેલ, જાસલપુર
૫૦૧) શ્રી જીવણલાલ લલ્લુભાઇ ૩૦/ મજુર કો. હા. સોસાયટી, સ્ટેશન સામે, ભારતવિજય મિલની બાજુમાં, કલોલ
૨૫૧) શ્રી નારણભાઇ વીરજીભાઇ પટેલ હ. શ્રી ભુધરભાઈ ડાહ્યાભાઈ ૩૨/ સોમનાથ નગર સોસાયટી, નારણપુરા રેલ્વે ક્રોસીંગ પાસે, અમદાવાદ-૧૩
૧૧૦૧) પટેલ સોમાભાઈ કંચનલાલની કું. હ. ત્રિભોવનદાસ દેવીદાસ પટેલ હરીપુરા રૂવાળાનો ટેકરો, સુરત
૧૨૫૧) મેસર્સ ગોપાળદાસ ત્રિભોવનદાસ હ. શ્રી ત્રિભોવનદાસ થોભણદાસ પાંચકુવા કાપડ માર્કેટ, અમદાવાદ

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી-તંત્રી-પ્રકાશક-મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ-કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય-રેલ્વે સ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ-કડી : તા. ૧૬-૪-૭૦

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઈ જી. પટેલ
દિલીપ રૉય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૨૩-૪-૭૦ [ અંક ૩૦


## અમૂલ્ય અવસર


શ્રી પુરુષોત્તમદાસ પટેલ


તા. ૨-૫-૭૦ શનિવારના રોજ સર્વ વિદ્યાલયના પટાંગણમાં સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન મળે છે અને એ પ્રસંગનો લાભ લઈ તા. ૩-૫-૭૦ રવિવાર સવારના સાયન્સ કૉલેજની હોસ્ટલના મકાનનું ઉદ્‌ઘાટન પણ રાખ્યું છે.

મારી હૃદયની ઈચ્છા છે કે આ પ્રસંગોના દિવસોમાં સંસ્થાના નવાજૂના વિદ્યાર્થીઓ, નવા જૂના શિક્ષકો, નવા જૂના સંચાલકો તેમ જ સંસ્થાના દાતાઓ અને શુભેચ્છકો સંસ્થાના આંગણે પધારે અને સંસ્થાએ કરેલી પ્રગતિ નિહાળે અને સલાહ સૂચનો કરે.

આપણી શિક્ષણ પ્રવૃત્તિ પચાસ વર્ષથી ચાલે છે. એ દરમ્યાન ઘણા વિદ્યાર્થીઓએ સંસ્થાની પ્રેરણા મેળવી. એમાંના

### સંમેલનમાં કોણ કોણ આવશે ?

—[ ૐ ]—

સંમેલનમાં હાજરી આપનારામાં વિધાનસભા તેમ જ પાર્લામેન્ટના પણ સભ્યો હશે. શાળા-કૉલેજના અધ્યાપકો અને પ્રાધ્યાપકો તેમ જ આચાર્યો શિક્ષકો વગેરે હશે. દુનિયાના અનુભવી વેપારીઓ પણ હશે. સારા ખેડૂતો, દાક્તરો અને ઈજનેરો પણ હશે. એમાં દુનિયાના અનુભવી માંથે રૂપેરી વાળવાળા પણ હશે. તાજા અને ગરમ લોહીવાળા અને અને આવતી કાલની જવાબદારી ઉપાડનારા જુવાનો પણ હશે.

( આ લેખમાંથી )

- રાત્રીના શાંત વાતાવરણમાં જૂના મિત્રો સાથે ટોળાબંધ વાતો કરવાનો અને જીવનના અનુભવોની આપલે કરવાનો આ અમૂલ્ય અવસર છે.
- એક દિવસ અને એક રાત પ્રેમથી ભેગા રહીએ, આનંદ કરીએ.
- સર્વ વિદ્યાલય અને તેના પરિવારની જવાબદારી મોટી છે. આવતી કાલનો એણે વિચાર કરવાનો છે.

---

કેટલાક દાદાજી અને ઘણા પિતાજી પણ થયા છે. જે સંસ્થામાં એમણે પ્રેરણા મેળવી એ સંસ્થામાં એકાદ બે દિવસ રહેવાથી જૂનાં સંસ્મરણો, જૂની મિત્રતા વગેરે ઘણું ઘણું તાજુ થશે.

સર્વ વિદ્યાલયની પ્રેરણા મેળવી કેટલાક અગ્રણી વેપારીઓ, કેટલાક રાજકીય પુરુષો, કેટલાક સારા એન્જીનિયરો અને કેટલાક સારા દાક્તરો થયા છે. કેટલાક સરકારી તેમ જ ખાનગી નોકરીમાં સારા ઉંચા હોદ્દા ઉપર પણ છે.

સંસ્થાની પ્રેરણા પામી ગયેલ કેટલાક અગ્રણી પ્રગતિશીલ ખેડૂતો, કારીગરો બન્યા છે.

આમ સર્વ વિદ્યાલયનો પરિવાર જુદા જુદા ક્ષેત્રોમાં આગળ પડતો છે. એમાંના કેટલાક તો હાઈસ્કૂલો અને કૉલેજોનું પણ સંચાલન કરી રહ્યા છે.

આ બધાને એક જ સ્થળે એક જ દિવસે મળવાનો અમૂલ્ય અવસર કોઈપણ નહીં ચૂકે એવી હું આશા રાખું છું.

તા. ૨-૫-૭૦ શનિવારની રાત્રે સંસ્થામાં રહેવાનું છે. રાત્રીના શાંત વાતાવરણમાં જૂના મિત્રો સાથે ટોળાબંધ વાતો કરવાનો અને જીવનના અનુભવોની આપલે કરવાનો આ અમૂલ્ય અવસર છે.

સર્વ વિદ્યાલયના પટાંગણમાં સંસ્થાની ટેકનિકલ સ્કૂલનાં મકાનો, પ્રિ. વૉકેશનલ ટ્રેઇનિંગ સેન્ટર, બાટેનિકલ બાગ અને તાજેતરમાં કૉલેજ માટે ખરીદેલી જમીન વગેરે તેમજ ગૌશાળા વગેરે અંગેની પ્રવૃત્તિઓ જોવાનો આ અવસર છે.

ઉત્તર ગુજરાતની જાગૃતિમાં સર્વ વિદ્યાલયનો ફાળો નાનો-સૂનો નથી. સામાજિક, આર્થિક તેમજ રાજકીય જાગૃતિ ઉત્તર ગુજરાતમાં લાવવા સર્વ વિદ્યાલયે અને તેના પરિવારે ભોગ આપ્યા છે અને સહન કર્યું છે.

એના પરિણામે ઉત્તર ગુજરાતે પ્રગતિ સાધી છે. શિક્ષણ-ક્ષેત્રે ઉત્તર ગુજરાતે હરણફાળ ભરી છે. ઠેર ઠેર હાઇસ્કૂલો અને કૉલેજો થઇ ગઇ છે.

આથી સર્વ વિદ્યાલય અને એના પરિવારની જવાબદારી મોટી છે. આવતી કાલનો એણે વિચાર કરવાનો છે. સર્વ વિદ્યાલયની પ્રગતિનો વિચાર કરવાનો છે. સામાજિક રૂઢીઓ જૂની ગઇ અગર તો ઓછી થઇ પણ એની જગા નવી રૂઢીઓ લેતી થઇ છે. એનો વિચાર પણ કરવાનો રહેશે.

સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન આ બધા પ્રશ્નો વિચારશે.

એમનાં ટૂકાં મુદ્દાસરનાં પ્રવચનો આપણને સૌને માર્ગદર્શક બનશે.

સર્વ વિદ્યાલય પરિવાર સંમેલનમાં માંગલિક પ્રવચન કરવા–માર્ગદર્શન આપવા ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ **શ્રી ઉમાશંકરભાઈને આમંત્રણ આપ્યું છે. તેઓશ્રી પધારે તો સોનામાં સુગંધ ભળે.**

એક દિવસ અને રાત પ્રેમથી ભેગા રહીએ. આનંદ કરીએ.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સૌનું ભાવભર્યું સ્વાગત કરશે સગવડ સાચવવા ચાલુ શિક્ષકો, સંચાલકો અને વિદ્યાર્થીઓ પૂરા પ્રયાસ કરશે, છતાં ઉણપ રહી પણ જાય. કોઈ અગવડ પડેતો ઉદાર દીલથી માફ કરવા વિનંતિ છે.

અંતે નમ્ર વિનંતિ કે :–

**ભૂતપૂર્વ વિદ્યાર્થીગણ, સંચાલકો અને શિક્ષકો વગેરે સારી સંખ્યામાં હાજરી આપશે. એથી થોડી અગવડ પડવા સંભવ છે. આથી વિનંતિ કરું છું કે કૃપા કરી એકાદ નાની શેતરંજી અને ઓશીકું લેતા આવે.**

માના–માતૃસંસ્થાના ખોળામાં રમવામાટે 'સુવર્ણ જયન્તી' દ્વારા આમંત્રણ સ્વીકારી લેવા વિનંતિ છે. અને આમંત્રણ મળ્યું માની માતૃસંસ્થામાં પધારવા વિનંતિ છે.

આપની જાણમાં હોય એવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને માતૃસંસ્થા તરફથી આમંત્રણ પાઠવશો અને સાથે લેતા આવશો.

બધાએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં ચોક્કસ ચાલુ સરનામાં સંસ્થા પાસે નહીં હોવાથી આ વિનંતિ કરું છું.

**ભૂતપૂર્વ વિદ્યાર્થી, સંચાલક કે શિક્ષક ના હોય છતાં આપણી સંસ્થાના શુભેચ્છક હોય તેવા ગૃહસ્થોને સંસ્થા તરફથી આમંત્રણ આપી સાથે લાવવા આગ્રહપૂર્વક વિનંતિ કરું છું.**

---




## હાર્દિક આમંત્રણ

# સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન

### તા. ૨–૫–૭૦ શનિવાર

સવાર : પરિવારના સભ્યોનું આગમન ૧૨–૩૦ વાગે ભોજન
બપોરના ૨–૦૦ થી ૬–૦૦ પરિવાર સંમેલન
સાંજના ૬–૦૦ થી ૮–૦૦ ભોજન વગેરે : રાત્રે ૮–૩૦ થી ૧૦–૩૦ સંમેલન
રાત્રે ૧૦–૩૦ વાગે ડ્રીમ શો. શહીદ ભગતસિંહ અને ગાંધીજીનો મુકદ્દમો

### તા. ૩–૫–૭૦ રવિવાર

સવારના ૯–૦૦ વાગે સાયન્સ કૉલેજ હોસ્ટેલના મકાનનો ઉદ્ઘાટન સમારંભ
ઉદ્ઘાટક : **શ્રી સી. પી. પટેલના ( મુંબાઇ )ના વરદ હસ્તે**
સમારંભના પ્રમુખ : **શેઠશ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસ**
ઈનામ વિતરણ : **શ્રીમતી સગુણાબેન દેસાઇ**
અતિથિ વિશેષ : **માનનીય મુખ્ય મંત્રીશ્રી હિતેન્દ્રભાઈ દેસાઇ**
૧૧–૩૦ વાગે ભોજનસમારંભ

આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત બધી સંસ્થાઓના ચાલુ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, અધ્યાપકો, આચાર્યો, સંચાલકો, હોદ્દેદારો, દાતાઓ, શુભેચ્છકો વગેરે સર્વેને પધારવા માતૃસંસ્થા તરફથી હાર્દિક આમંત્રણ છે.

# માતૃ સંસ્થાનાં સંસ્મરણો

શ્રી શિવાભાઈ ખોડીદાસ પટેલ
અમદાવાદ

આજથી પચાસ વર્ષ પહેલાંનો જમાનો એવો હતો કે ગામડાઓમાં ભણવા માટે નિશાળો ન હતી તેથી જોડેના મોટા ગામની શાળામાં ભણવા જતો. લોકોમાં કેળવણીની ભૂખ જાગી હતી પણ કેળવણી આપનાર સંસ્થાઓ જ ન હતી. આથી પૂજ્ય છગનભાનો આત્મા ઊંડે ઊંડે દુઃખ અનુભવતો અને તેના માટે કોઇ સંસ્થા ( રહેવા તથા ભણવા ) ઉભી કરવી જોઇએ. એના માટે તેમણે કડીને પસંદ કર્યું. ભાડાના મકાનમાં બોર્ડીંગની સંસ્થાના શ્રી ગણેશ તો કર્યા પણ કોઇ વિદ્યાર્થી દાખલ થાય નહિ. ભા ગામડે ગામડે ભટકતા અને કહેતા 'મારે પૈસા જોઇતા નથી, મારે તો તમારો દિકરો જોઇએ છે."– આમ પરાણે માબાપને સમજાવી વિદ્યાર્થી એકઠા કરવા માંડ્યા. અને ફક્ત પાંચ જ વિદ્યાર્થીથી સંસ્થા શરૂ કરી. અને ૧૯૨૦ માં કડીની ઉત્તરની ભાગોળે અમીન સાહેબના ડહેલામાં બોર્ડીંગ શરૂ કરી અને ૧૯૨૧ માં હું દાખલ થયો તે વખતે સંસ્થામાં ૨૧ વિદ્યાર્થીઓ હતા અને હું ૨૨ મો ઉમેરાયો.

નરસિંહ મહેતાને તેમના વેવાઇએ ઉતારા માટે જેવું મકાન આપ્યું હતું તેવું જ આ મકાન હતું. ખાડા–ટેકરા અને લીલવાળું, ચોમાસામાં નળિયામાંથી પાણી ટપકે, હવા ઉજાસ વગરનું, ગટર કે પાણીના નળ નહિ. અમો જાતે કપડાં અને ન્હાવા–ધોવા માટે કૂવામાંથી પાણી ખેંચતા. આ જોતાં અત્યારના વિદ્યાર્થીઓ તો ઘણા જ ભાગ્યશાળી છે, તેમના માટે ભા બધી જ સગવડતા કરી ગયા છે. એક નાનું બીજ આજે એક મોટો વડલો થયું છે અને હજારો વિદ્યાર્થીઓને આશ્રય-દાતા થઇ પડ્યું છે.

તે વખતે બોર્ડીંગમાં લાડોલ, નારદીપુર અને કાસ્વાના મુખ્ય વિદ્યાર્થીઓ હતા. સૌથી મોટા વિદ્યાર્થીઓમાં લાડોલના દેસાઇભાઇ, પ્રભુદાસ, કાળીદાસ. નારદીપુરના રામભાઇ, કેશવલાલ કાસ્વાના સ્વ. મણિભાઇ, અંબાલાલ અને છોટુભાઇ ( હાલ રૂઉના વહેપારી. ) અને રાજપુરના પ્રહલાદભાઇ અને શંકરભાઇ મુખ્ય હતા. જેઓ બધા જ કોટમાં આવેલ એ. વી સ્કૂલમાં ભણવા જતા.

હું નવેનવો ગામડેથી આવેલો દાખલ થયો તે જ દિવસે શીખંડ–પુરીનું ભોજન હતું. મનમાં થયું કે અહિં તો રોજ-રોજ આવું ખાવાનું મળશે પણ બીજે જ દિવસે ભાખરી-શાક

**■ નરસિંહ મહેતાના ઉતારા જેવાં મકાનો * માથે ધોતલીનો ફેંટો, પહેરણ અને ધોતલી પહેરેલો વિદ્યાર્થી * માવાવાળા બચુભૈયા * હજાર દંડ-પંદરસો બેઠક * પાયા ખોદતા અને ઇંટો ઉપાડતા વિદ્યાર્થીઓ * ભારત ભુવન થિયેટરમાં નાટક * સંગીતવાળા શિવાભાઈ અને હરગોવિંદદાસની જોડી.**

મળ્યાં. તે વખતે ભોજન ફી ફક્ત રૂા ૫॥ હતી, જે ભરવાની મારા બાપુજીને ભારે પડતી. પણ પોતાના બાળકોને શિક્ષણથી વંચીત તો ન જ રાખવા જોઇએ તેથી દેવું કરીને પણ અમો બે ભાઇઓને સંસ્થામાં દાખલ કર્યા. પોતે મારા ગામ મોરવાથી રાતના ઘીનો ડબો ઉપાડી કડી સ્ટેશને આવી જતા અને ગાડીમાં બેસી અમદાવાદ જઈ ઘીનો ડબો વેચી આવતા. એક ડબે રૂા. ૨॥ મળતા. એવી મહિનામાં ચાર–છ ખેપ કરતા અને અમારી ફી જેટલા પૈસા ઉભા કરી લેતા. એ દિવસોની સોંઘવારીનું પૂછશો જ નહિ. રૂપિયો ગાડાના પૈડા જેવો હતો. એવા હતા એ વખતના દિવસો.

હું પણ કોટમાં આવેલ એ. વી. સ્કૂલમાં ભણવા જતો. માથે ધોતલીનો ફેંટો, પહેરણ અને ધોતલી પહેરતો. બા પાએ હજુ મારા માટે જોડા ખરીદ્યા જ ન હતા. અંગ્રેજી પહેલું ધોરણ એ વી સ્કૂલમાં ભણ્યો અને બીજા જ વર્ષથી (સન ૧૯૨૨ ) અમીન સાહેબના બીજા ડહેલામાં અં. ધોરણ ૧ અને ૨ અંગ્રેજી શાળા શરૂ કરી. શિક્ષક ગણમાં શ્રી છગનભાઇ પોપટભાઇ અને શ્રી દાસકાકા હતા. છગનભાઇ અંગ્રેજી શિખવતા, પોપટભાઈ ગણિત શીખવતા. પુરૂષોત્તમદાસ કાકા ઇતિહાસ શિખવતા વ્યાયામ માટે થોડો વખત બબાભાઇ રામદાસ આવેલા અને અમને લાઠી, લેજીમ, ઢાલ લકડી અને કુસ્તીના દાવ શિખવેલા. અમારી પાસે જ બચુભૈયા માવાવાળા રહે. તેઓ મલ્લ હતા. સારા કુસ્તીબાજ હતા. પેંડા બનાવવાનો ધંધો કરતા હતા. તેમના પેંડા કડીમાં વખણાતા. તેઓ રોજ સવારે પશુની જેમ ચોપગા ( હાથ જમીનને અડકાડી ) બે માઇલ સુધી લક્ષ્મીપુરા ગામે જતા અને આવતા. આવીને એક હજાર દંડ અને પંદરસો બેઠક લગાવતા. તેની અસર અમારા ઉપર થઇ અને અમે પણ ડહેલામાં અખાડો બનાવ્યો અને કુસ્તીના દાવ કરવા લાગ્યા. તે વખતમાં બૉર્ડીંગના ગૃહપતિ કુબેરભાઇ છો. પટેલ હતા. તેઓ પણ કુસ્તી લડવાના શોખીન હતા અને અમારી સાથે કુસ્તીમાં ઉતરતા. ૧૯૨૨ થી વિદ્યાર્થીઓની સંખ્યા વધી અને મકાન નાનું પડવા લાગ્યું તેથી ખાખચોકના મંદિરનો મેડો ભાડે રાખ્યો અને ત્યાં થોડા વિદ્યાર્થીઓ ગયા. ૧૯૨૩ની સાલમાં અંગ્રેજી ત્રીજુ ધોરણ શરૂ કર્યું. અમીન સાહેબ-નો મેડો નાનો પડવા લાગ્યો. તેથી

## 'મને સાંભરે રે'

શહેરની મધ્યમાં બંદુક સાહેબની હવેલીમાં શાળાને લઇ ગયા. શહેરમાંથી પણ ઘણા વિદ્યાર્થીઓ આવવા લાગ્યા અને શાળાએ ઘણી નામના મેળવી. નગીનભાઇ દાઢી રાખીને અને સફેદ વસ્ત્રોમાં તે જ વખતે આવેલા અને અમને રેંટિયો કાંતતા શિખવેલું.

હવે વિદ્યાર્થીઓની સંખ્યા બહુ જ વધવા લાગી. રહેવાનું તથા શાળાનું મકાન નાનું પડવા લાગ્યું તેથી છગનભાએ કડી સ્ટેશનની દક્ષિણે આશ્રમ માટે જમીન રાખી. આ વાત સાંભળતાં જ અમો વિદ્યાર્થીઓ બહુ આનંદમાં આવી ગયા. શુભસ્ય શીઘ્રમ્‌ના ન્યાયે તુરત જ પાયો ખોદવાનું કામકાજ શરૂ કર્યું. અમો મોટા વિદ્યાર્થીઓ જાતે પાયો ખોદવા જતા અને કામ ઝડપભેર આગળ વધવા માંડ્યું. રજાના દિવસે અમો હાથલારી લઇને ઈંટો ઈંટવાડેથી લાવી પાયાપર નાખી આપતા તેના બદલામાં અમને મહેનતાણું મળતું. મને ખ્યાલ છે કે મેં આખા વર્ષની સ્કૂલ ફીના પૈસા ત્રણ મહિનામાં કમાઇ લીધા હતા. તે વખતે સ્કૂલ ફી રૂા. ૧) થી ૧–૫૦ હતી.

ટૂંક સમયમાં જ હાલ જ્યાં આશ્રમનું રસોડું છે તેનો કેટલોક ભાગ તૈયાર થતાં અધીરા થયેલા વિદ્યાર્થીઓ અમીનનું ડહેલું ખાલી કરી બીસ્ત્રાપોટલા લઈ નવા મકાનમાં આવી ગયા. થોડા સમય પછી આશ્રમનો મેડાવાળો ભાગ પણ તૈયાર થયો અને શાળા પણ બંદુક સાહેબની હવેલી ખાલી કરી નવા મકાનમાં આવી ગઇ.

આ વર્ષથી ધોરણ ૪ સુધીની શાળા થઇ. નવા શિક્ષકોમાં ચુનીભાઇ ધનજીભાઇ ( લાડોલવાળા ) બાપુભાઇ ગામી સાહેબ, વાલજીભાઇ. મોહનભાઇ ભાવનગરવાળા અને ગોવિંદભાઇ દેસાઇ કડીવાળા જોડાયા. શાળાનું કામકાજ સરસ ચાલવા લાગ્યું. કાંતણ, સુથારી, વણાટકામ અને સંગીતના વર્ગો શરૂ થયા. દરેક વર્ષે સંસ્થા એક સાંસ્કૃતિક પ્રોગામ કરતી. રમતગમતની તાલુકા હરીફાઇ પણ યોજાતી જેમાં આપણી સંસ્થા મોખરે રહેતી. મને સંગીતનો ભારે શોખ. એટલે સંસ્થામાં હતો તે જ વખતે હાર્મોનિયમ. સીતાર અને તબલાં વગાડતાં શીખી ગયો હતો અને આના પરીણામે જ. હું સંગીત શિક્ષક બન્યો. તે વખતે મહારાજા ગાયકવાડ સાહેબ અચાનક સંસ્થામાં પધાર્યા હતા તેમની સમક્ષ મેં લાઠી દાવ કર્યો હતો અને ચાલતી લાઠીએ કાંકરી પાછી પાડી હતી. મહારાજા સાહેબ અમારો વ્યાયામનો પ્રોગ્રામ જોઈ ઘણા ખુશ થયા હતા અને સંસ્થાને મદદ કરી હતી.

પૂજ્ય છગનભા સંસ્થા માટે ફાળો એકઠો કરવા ગામડે ગામડે અને શહેરોમાં જતા પણ તટલા પૈસાથી સંસ્થાનું ચણતરનું બાકી રહેલું કામ પૂરું થાય તેમ ન હતું. તેથી સંસ્થાના સંચાલકોએ એક સરસ નાટક તૈયાર કરી તે દ્વારા પૈસા પ્રાપ્ત કરવાનું વિચાર્યું. 'મહારાણા પ્રતાપ' નું નાટક ભજવવાનું નક્કી કર્યું. મુખ્ય પાત્ર મહારાણા પ્રતાપનું મેં તૈયાર કર્યું અને શક્તસિંહનું પાત્ર લાડોલવાળા ચીમનભાઈ ધનજીભાઇએ લીધેલું. તે નાટક અમોએ અમદાવાદ ભારત ભુવન થીએટરમાં ભજવ્યું અને એક 'શો' માં જ રૂા. ૭૦૦૦ મળ્યા. અને બીજો શો પાટડી દરબાર સાહેબને ત્યાં પાટડી મુકામે ભજવ્યો આ નાટકમાં ગોવિંદભાઇ દેસાઇએ ( કડીવાળા ) અમને માર્ગ દર્શન આપ્યું હતું.

આટલી મદદથી સંસ્થાનું ગાડું ગબડવા લાગ્યું. વળી પાછી પૈસાની તંગી પડવા લાગી એટલે છગનભા અને ભાવનગરવાળા હરજીવનભાએ મને અને હરગોવિંદદાસ ભાવસાર જે મારા સહાધ્યાયી હતા અને સીતાર, તબલાં સારી રીતે વગાડી જાણતા હતા તેમને સુરત તથા મુંબઇ સંસ્થા માટે ફાળો એકઠો કરવા સાથે લીધા. મારો રાગ સારો અને વાજુ વગાડતાં પણ આવડે. તેથી જ્યાં જઇએ ત્યાં હું વાજા સાથે ગીતો ગાતો અને હરગોવિંદભાઇ તબલાં વગાડતાં રંગત સારી જામતી. સુરતમાં એક જગ્યાએ સભામાં ભા બોલ્યા હતા કે આપો આ મારા શીવાને હાથમાં લાઠી અને તમો કાંકરી છૂટી ફેંકો. કાંકરી પાછી પડે છે કે નહિ તે જુઓ. સુરતમાંથી સારો એવો ફાળો એકઠો કરી મુંબઇ ગયા ત્યાં ઘાટકોપરમાં ચંદુલાલ શેઠ વીરમગામવાળાને ત્યાં ઉતર્યા હતા. પંદર દિવસ મુંબઇમાં મોટા મોટા શેઠીયાઓને મળી સારો એવો ફાળો એકઠો કરી લાવ્યા હતા. આ છે મારી વહાલી માતૃસંસ્થાનાં સંસ્મરણો.

---

[ પાન ૬ ઉપરનું ચાલુ ]

આખાય સમાજમાં નજર ફેરવતાં આવી વ્યક્તિ જો પોતાનું કરી હવેની જિંદગી કેવળ આ કામ માટે આપી શકે તેવી હોય તો મારી નજર કડી સંસ્થા માટે તમારી તરફ વળે છે.

તમો રાજકારણને છેલ્લા પ્રણામ કરી તમારું શેષ જીવન જો આ સંસ્થાઓમાં રેડી દો તો ભારતના નવનિર્માણ કાળે તમે ઘણો અગત્યનો ફાળો આપ્યો, એમ ભાવિ જનતા કીધા વિના નહિ રહે. જો કે મરતાં સુધી પણ રાજકારણી રાજકરણ છોડી શકે એવું હું સ્વપ્ને ધારી શકતો નથી. પણ કોઇ વડીલોનું પુણ્ય હોય, સંસ્થાને શરૂમાં તમે ઉત્પન્ન કરી છે ને તમારા પાછલા જીવનકાળે તમારા હાથે જ જો તેનો સર્વાંગી વિકાસ થવો ભાવિમાં નિર્માણ થયો હશે તો તમને આ શુભ વિચારમાં કૂદી પડતાં એક મીનીટ પણ લાગવાની નથી.

એટલે તમો આ તપોભૂમિ, તીર્થભૂમિ ઉપર તમારું તપ 'ભા' ની જેમ ઉતારી તમો ભાવિ ભારતવાસીઓના સાચા 'દાદા' બનો એ મારું સૂચન અને પ્રાર્થના.

રતિભાઈ ડા. અમીન
અમદાવાદ.

# ‘સ્ટેશન કાંઠે બૉર્ડિંગ ઊભી, હું તો જાણું કે ભૂમિ દેવની.’

શ્રી માણેકલાલ રાવળ
ભૂતપૂર્વ અધ્યાપક

[ શ્રી માણેકલાલ રાવળ આ સંસ્થાના ઘણા જૂના શિક્ષક છે. હાલ તેઓ નિવૃત્ત થઈને કડીમાં જ સ્થિર થઈ શિક્ષકનો જીવ વેપારમાં પડ્યો છે. શ્રી રાવળ અને શ્રી વાલજીભાઈ દ્વારા રજુ થતા લોકગીતો અને સૌરાષ્ટ્રી દુહાની રમઝટ ૧૯૩૧ થા ૧૯૬૬ ના ગાળાના વિદ્યાર્થીઓની સ્મૃતિમાંથી ભૂસાય તેમ નથા. * નિત્યક્રમના ભાર અને કંટાળામાં હળવી ક્ષણો સ્ફુર્તિ આપવાનું કામ કરતી હોય છે. એવી હળવી ક્ષણોને શ્રી રાવળે પોતાની સ્મૃતિમમાંથી આ લેખમાં ઉતારી છે. આ ક્ષણોને વક્તા, શ્રોતા અને ઉદ્દેશ્ય બધા મનભર માણતા એ તેની વિશિષ્ટતા હતી. શ્રી રાવળ વેપારી જીવનમાં પેઠા છે પણ આની મીઠાશ હજુ પણ તેઓ પ્રેમપૂર્વક મમરાવતા હોય છે. આ પણ સંસ્થાની એક અનોખી રસલહાણ છે. સં. ]

**સ્ટેશન** પાસે આવેલી શ્રી સર્વ વિદ્યાલય બૉર્ડિંગ સ્કૂલ હોઈ, ટૂંકમાં બૉર્ડિંગ તરીકે જ્યાં ત્યાં જાણીતી હતી. જગતવંદ્ય મહાત્મા ગાંધીજી આ બૉર્ડિંગમાં પધાર્યા ત્યારે જંગી માનવ-મેદની સમક્ષ તેમણે કહ્યું કે “ તમારા બાળકોને અહીં ભણવા મોકલો, તેઓ સારી કેળવણી પામી શકે છે, ખરી કેળવણી તે ચારિત્ર્યની શુદ્ધિ. ” કેળવણીના કાર્ય સાથે ચારિત્ર્યની શુદ્ધિ માટે મથતા સંસ્થાના સંચાલકો, શિક્ષકો–ગુરુદેવો અને ગામ તથા તાલુકાના ગામડાઓમાંથી અભ્યાસ કરવા આવતા સરળ નિર્દોષ અને પ્રેમસભર વિદ્યાર્થીઓ–દેવબાળો– આમ દેવબાળો અને ગુરુદેવોના સમૂહજીવનથી ચારિત્ર્યનો વિકાસ સાધતી આ સંસ્થા દેવભૂમિ તરીકે ભાસતાં મને સ્ફુર્યું કે :–

‘સ્ટેશન કાંઠે બૉર્ડિંગ ઊભી હું તો જાણું કે ભૂમિ દેવની ’

આ દેવભૂમિમાં સેવામાં તરબોળ સ્વ. આચાર્ય શ્રી બાપુભાઈ ગામી. વળી સંસ્થાના વિકાસ માટે યોજના ( પ્લેનીંગ એન્ડ ઑર્ગેનિઝેશન ) કરતા મંત્રીશ્રી પોપટભાઇ, જેના જીભમાંથી સાહિત્ય ઝરતું એવા સ્વ. શિક્ષક શ્રી ઉમેદભાઈ, અજબ વ્યવસ્થા શક્તિ ધરાવનાર સસ્થાના કાર્યકર શ્રી ભાઈલાલભાઇ વગેરેને જોઇ મેં વરદાન માગ્યું કે :–

**: વરદાન :**

સ્ટેશન કાંઠે બૉર્ડિંગ ઊભી, હું તો જાણું કે ભૂમિ દેવની
જ્યાં રૂમ ત્રીજે વાસ વસતાં, રતિભાઇ સાથેના મારે બેસણાં.
એક દિન સવારે ઊગતે પ્રભાતે બાપુભાઇ ધ્યાને બેસી રહ્યા
સૂણી લોકસાહિત્યની અમરવાણી, બાપુભાઇ મુખથી બોલી રહ્યા
ભૂંજર અધ્યાપક માગ રાવળ, હેઠ રે ત્રુઠયા રે વિદ્યાલય તણા.
આપના જેવી સેવા તો માગું. પોપટભાઈ જેવી માગું યોજના
હસવા હસવવાના પ્રસંગો શોધવાની, શક્તિ હું માગુ છગનભાઇ તણી
વ્યવસ્થા શક્તિ ભાઈલાલભાઇની માગુ જીભ હું માગુ ઉમેદભાઈ તણી
મ્હેતા ભાઇની મીઠાશ માગુ, પ્રેકટીકલ બુદ્ધિ વાલજીભાઇ તણી
લોકગીત રંજન રાવળભાઇનું માગુ, સભા પાસેથી ક્ષમા યાચના

આજે નોકરી માટે ફાંફા મારતા કેળવાયેલ અને મોટી પદવી ધારણ કરનારને જોતાં: ટેકનીકલ કેળવણીની જરૂર છે– ઉદ્યોગની જરૂર છે તેમ સરકાર અને જનતા બૂમો પાડે છે. ત્યારે દુરંદેશી સર્વ વિદ્યાલયે ચાર દાયકા પહેલાં સંસ્થામાં ઉદ્યોગ-ધંધાનું શિક્ષણ જેવું કે ખેતીવાડી–સુથારીકામ–વણાટકામ છાપકામ–શિવણકામ વ ફરજીઆત દાખલ કરેલું હતું; એટલે ભણતર–ગણતર સાથે જિંદગીનું ચણતર ચણનાર સર્વ વિદ્યા-લયમાં હીરકાને દાખલ કરવાનું પાંચા પટેલને સૂચવવામાં આવતું.

<u>ભણતર, ગણતર, ચણતર ચણનાર સર્વ વિદ્યાલય.</u>

હે પાંચા પટેલ તમારો હીરકો ભણી ગણીને શું થાહે ?
એને મેકજો નિશાળ બૉર્ડિંગમાં, સાથે ઉદ્યોગ ધંધાનું ભણતર ભણે... હે પાંચા.
જ્યાં શેવરી મંડપ સોહે છે, જ્યાં છોકરાઉં બેઠા કિલ્લોલ કરે હે... પાંચા.
જ્યાં ખાવાની ભારે જુકતી છે, ઝીણી રોટલી દાળ ભાત શાક જ છે હે ... પાંચા.
જ્યાં ચાને ચંદરમા બારમો છે, પણ દૂધની છાકમ છોળ્યુ છે હે... પાંચા.
જ્યાં પોપટ–બાપુની જોડયું છે, જેણે સેવામાં મનડુ ખોડયું છે હે... પાંચા.
ત્યાં ભણતર ગણતર સઉ ભણહે– જિંદગીનું ચણતર ચણહે હે... પાંચા.

દુનિયા પરિણામ વાદી છે. સર્વ વિદ્યાલયનું મેટ્રીકનું પરિ-ણામ ૯૦% થી ૯૫% અને વડોદરા રાજ્યમાં પ્રથમ આવતાં તેના સંગીન શિક્ષણની જ્યાં ત્યાં પ્રસંશા થવા લાગી. પણ મેટ્રીક પહેલાં સર્વ વિદ્યાલયમાં ૧૦ ધોરણની શાળા ( અંગ્રેજી સીક્સ્થ સ્ટાન્ડર્ડ ) ચાલતી ત્યારે વિદ્યાર્થીઓમાં એક ખોટો ભ્રમ રહેતો કે ભણતર તો અમદાવાદ અગર વડોદરાની શાળાઓનું, આ ભ્રમમાં કેટલાક વિદ્યાર્થીઓ અમદાવાદ-વડો-દરા ભણવા જવા તૈયાર થયા ત્યારે તેઓને શીખામણ આપ-વામાં આવી કે :–

વિદ્યાલય બદલો, શાળા બદલો, ઇ નથી ભણ્યાના ચાળા;
અં’દાવાદ ને વડોંદે (પણ) છે કાગડા કાળા ને કાળા.

## : નહીં મળે :

બાપુભાઈ ત્યાં તો નહી મળે માંડણુ
ઈ સેવાની મૂર્તિ નહી મળે
ભાઇ પોપટ જેવા પ્રેકટીકલ માનવી,
નહીં મળે અરજણીઆ.
ઉમેદભાઈ ત્યાં તો નહી મળે માંડણુ
ઈ સાહિત્ય રસિયા નહીં મળે.
મ્હેતા જેવા સાયન્સ સ્કોલર
નહીં મળે અરજણીઆ.
વાલજીભાઇ ત્યાં તો નહીં મળે માંડણુ
ઈ ગણિત ગમ્મતિ નહીં મળે.
ઈંગ્લીશ હેન્ડ અંજારિયા જેવા
નહીં મળે અરજણીઆ
રાવળ ત્યાં તો નહીં મળે માંડણુ
ઇ રંજન રસિયા નહીં મળે
આરામ દેતા જોઇતારામ ત્યાં
નહીં મળે અરજણીયા.

સમાજવાદ, લોકશાહી, વાણીસ્વાતંત્ર્યની વેદનાની જ્યાં ત્યાં બૂમ સંભળાય છે, ત્યારે ચાલીશ વર્ષો પૂર્વે સર્વ વિદ્યાલયમાં સંચાલકો, કાર્યકરો, અધ્યાપકો, નાનામાં નાના નોકરો સંસ્થાનું અંગ છે; સંસ્થાના પરિવાર છે એવુ અહર્નિશ વાતાવરણમાં રહેતા સંસ્થાના શિક્ષકો સંસ્થાના સાનિધ્યમાં રહી ઉપયોગી થવા સંસ્થામાં નાનુ ઓરડુ મળે તો પણ સૌ પરિવાર સાથે રહેવા અને અન્ય જરૂરીઆતો વાતચીત દ્વારા–ગીત જોડકણાં દ્વારા રજૂ થતી. સંસ્થાના સંચાલકો આવી વિશિષ્ટ રીતે માગણી રજૂ થતા હરખાતા અને શક્ય તે ઊકેલ લાવતા; સંસ્થામાં કવાર્ટર્સ માટે માગણી રજૂ કરતું એક ગીત - શનિવાર

### –: શનિવાર :–

બોર્ડિંગ કાંઠે બાંકડો, શેવરી મંડપ માંય
ત્યાં ચઢી બાપુભાઇ બેસતા, શનિવાર સવાર.
મ્હેતા રાવળ ઉમેદ ત્રિપુટી, ધીરને વીર
વિદ્યાલયમાં જઈ રહી, જ્ઞાનગંગાને તીર.
શાલ દુશાલા છે હાથમાં, કારણ ઠંડીને હીમ
તવ રે બાપુભાઈ બોલીયા, તમને મોડું શેં થાય?
મીઠાશે મહેતા બોલીઆ, સુણો ગામીભાઈ વાત
અંધારે અમે નીકળીએ, ઠંડીએ મોડું થઇ જાય,
શાળાનો સમય થઈ જતાં અમને દોડાદોડ થાય,
છગનભાઇને જેવા ઓરડાં તેવા ઉમેદભાઇને થાય,
ચીંબા, ભગત, જેવી મેડિયું, મહેતા, રાવળ સોહાય.

આવા સાદા, સરળ હોવાથી શ્રેષ્ઠ લોકગીતોના ઢાળમાં અનેક પેરેડિયા–જોડકણાં, પ્રસંગોપાત ઉત્સવો રંજન કાર્યક્રમો અને વિદ્યાર્થીસભામાં રજુ થતાં અને સંગીત સાથે મીઠી હલકથી ગવાતાં ગીતો વિદ્યાર્થીઓ તાળિયોના ગડગડાટ સાથે વધાવી લેતા ગમ્મત સાથે જ્ઞાન આપવામાં અમે અપૂર્વ આનંદ અનુભવતા "તે કેમ વિસરે રે!" ■

ટપાલ પેટી (૧૮)

# સુવર્ણ જયંતી નિમિત્તે માગેલાં સૂચનો

ભાઇશ્રી દાસભાઈ,

સુવર્ણ જયંતી પ્રસંગે મળવા–હળવાનો, વાતચીતો કરવાનો અને એ રીતે આત્મીય ભાવ કેળવવાનો અનેરો લ્હાવો તો મળશે જ; પણ આટલા બધા માણસો, આટલી વિપૂલ શક્તિ જ્યારે એકત્રિત થાય છે ત્યારે સક્રિય કાર્ય શું કરી શકાય એ હેતુને લક્ષમાં રાખી આપે સૂચનો માગ્યાં એ ઠીક કર્યું.

જો કે આવતાં સૂચનો અમલી બનવાં મુશ્કેલ હોય છે અને સંસ્થાના સક્રિય કાર્ય કરનારાઓને કોઇવાર મુંઝવણમાં મૂકતાં હોય છે તોપણ તેમાંથી સુંદર પરિણામ પણ સર્જાતાં જરૂર હોય છે.

આપણો સમાજ પાછળ જેટલી વાતો કરે છે તેટલા દરજ્જે એ વાતોને પેન પકડી જણાવે એટલો સજાગ નથી, એટલે લાગે છે કે એમાં શું સૂચવવું છે, બધું બરાબર ચાલે છે. એમ માની ઘણાં ઓછાં સૂચનો આવશે.

તમારા જેવો જ હું સંસ્થાનો એક વખતનો સક્રિય અંગત કાર્યકર હોવાથી અને અનેક વિદ્યાર્થીઓનો મારા કાર્ય દરમ્યાન પ્રેમ ઉત્પન્ન થયેલો હું આજે પણ જોઇ શકયો છું. તેથી સૂચન રૂપે નહિ પણ મિત્ર રૂપે તમને બે શબ્દો લખવા વિચાર કર્યો છે. તે નીચે પ્રમાણે છે.–

(૧) સુવર્ણ જયંતી સાપ્તાહિક આ કાર્ય પૂરતું પત્ર શરૂ થયું છે તેને સ્થાયી રૂપ આપી પાક્ષિક કે માસિક કેળવણીનું પત્ર બનાવી દેવું–આ બધી સંસ્થાઓ ચલાવવાના તબક્કે જરૂરનું છે.

આ પત્રને સામાન્ય પત્ર ન ધારતાં ગુજરાતના વિદ્યાર્થી સમુદાયને ખૂબ જ માર્ગદર્શક થઈ પડે એવી હકીકતોવાળું અને ઉપલી કક્ષાના કેળવણીકારોના અનુભવના લેખો વાનગીઓવાળું પત્ર બનાવવું

તેમ કરવામાં જરૂર પડે સારા પગારના લાયક સંપાદકને આ કામ સોંપી આપણી સંસ્થાઓએ તેની આર્થિક જવાબદારી સ્વીકારી લેવી.

સ્પષ્ટતાથી એનો ખ્યાલ રૂબરૂ અનેકો પાસેથી મળી રહે ને ઠીક લાગે એવું પત્ર સંસ્થાએ ઊભું કરવું.

(૨) બીજાં અનેક સૂચનો હું નથી કરતો પણ હવે જ્યારે દેશ નવી કેળવણી તરફ મો ફેરવીને ઊભો રહ્યો છે ને વિજ્ઞાન યુગને પહોંચી વળવા જે કેળવણીની ભૂખ જાગી છે તેનો યોગ્ય ન્યાય કમીટીઓ માત્ર નહિ આપી શકે જો તે કમીટીઓ અને વ્ય. મંડળો પાછળ એકાદ બે વ્યક્તિઓનું તપ નહિ હોય તો.

[ અનુસંધાન પાન ૪ ઉપર ]

'ધરતી'ના તંત્રીએ સર્વવિદ્યાલય પરિવાર સંમેલનને અભિનંદે છે.

# "માતૃ સંસ્થાની લાખોની ટહેલ પૂરી કરવા માટે સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન શકિતમાન છે."

સર્વ વિદ્યાલયની સુવર્ણ જયંતી એ સમગ્ર ઉત્તર ગુજરાત માટે એક ધન્ય પ્રસંગ છે.

કડીમાં મે માસની તા. ૨ અને ૩ ના દિવસોમાં **સર્વ વિદ્યાલય પરિવાદ સંમેલન** મળી રહ્યું છે.

અડધી સદી પહેલાં સ્વ. **પૂજ્ય છગનભાએ** ઉત્તર ગુજરાતના અજ્ઞાન, વહેમ, અંધશ્રદ્ધા અને કુરિવાજોમાં સપડાયેલા સમાજને ઊંચે લાવવા માટે ભેખ લીધો હતો.

'મને તમારા છોકરા આપો, મારે ભણાવવાં છે.'–ભાની આ ટહેલ હતી. તેમને દીવો પ્રગટાવી અંધારું દૂર કરવુ હતું.

પગનાં તોરણ કરીને પાઇ પૈસો ઉઘરાવી, મુઠી મુઠી ધાન ઉઘરાવી વખત આવે દેવું કરીને ભાવિની એક મહાન શિક્ષણ સંસ્થાનું કલેવર ઘડવા બાવીસ–બાવીસ વર્ષ સુધી ભાએ રાત-દિવસ જોયાં નથી. કઠણ તપ આદરી એ મહાનુભાવે કડીમાં જ્ઞાનજ્યોત પ્રગટાવી.

'ભા' સ્વપ્નદ્રષ્ટા હતા. એ જાણતા હતા કે ખેડૂતનાં છોકરાં નહિ ભણે તો વસતી વધતાં જમીનની સંકડાશ અનેક ગહન પ્રશ્નો ઊભા કરશે ત્યાં ખેડૂતના છોકરાં માથે દુઃખના ડુંગર તૂટી પડશે. તેથી જ તેમણે આ કઠણ તપ આદર્યું હતું.

'ભા' એ એમનું કાર્ય સફળ કરીને વિદાય લીધી.

'ભા'ના અડીખમ સાથીઓએ આ જ્ઞાનજ્યોતને પ્રદિપ્ત કરવા જે જહેમત ભાની વિદાય પછી ચાલુ રાખી છે તે માટે ઉત્તર ગુજરાતની જનતા વતી અમે તેને ધન્યવાદ આપીએ છીએ ... ... ... ... ... ...

'જ્યોતથી જ્યોત જલે.'– તેમ પિલવાઇ, બલોલ, વડનગર, વિસનગર અને ઉત્તર ગુજરાતના ગામે ગામ અસંખ્ય શિક્ષણ-સંસ્થાઓ સ્થપાઇ અને સ્થિર થઈ છે.

કડીમાં ટેકનીકલ સ્કૂલ, સાયન્સ કૉલેજ શરૂ થઇ. ઉત્તર ગુજરાતમાં વિસગનર એક મોટું વિદ્યાધામ બની ગયું છે અને તાલુકે તાલુકે કૉલેજો સ્થપાતી જાય છે.

'ભા' ને એક વખતે ભણાવવા માટે છોકરા માગવા પડતા હતા. આજે થોકબંધ યુવાનો ભણીગણીને બહાર પડી રહ્યા છે.

કડીની સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ ઉદ્યોગ ધંધામાં, ખેતીવાડીમાં, સરકારી નોકરીમાં, નિષ્ણાત એન્જીનીયર અને ડૉક્ટર તરીકે પ્રસંશાપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી ચૂક્યા છે. **આપણી માતૃસંસ્થા તે માટે મગરૂબ છે.**

**જે માતૃસંસ્થાના હજારો સંતાનો આ રીતે ભણીગણીને આગળ વધ્યાં છે તે સંસ્થાને શી ખોટ હોય? માતૃસંસ્થાની લાખ્ખોની ટહેલ પૂરી કરવા માટે સર્વ વિદ્યાલય પરિવાર શક્તિમાન છે.**

છગનભાની સંસ્થાના વારસદારો માતૃસંસ્થાની ઝોળી છલકાવી દેશે એટલું જ નહિ, પરંતુ છગનભાના તપનો મહિમા વધારવા સમાજને માટે હંમેશાં ધસાઇ છૂટશે એવી અમારી શ્રદ્ધા છે.

અમારાં હજાર હજાર વંદન છે કડીની આ તીર્થભૂમિને!

['ધરતી' એપ્રીલ ૧૯૭૦ ના અંકમાંથી]

# કેળવણીનો ઉદ્દેશ શું હોવો જોઇએ?

કેળવણીનો ઇતિહાસ તપાસતાં આપણને સહજ પ્રશ્ન થશે કે કયું જ્ઞાન વધારે કિંમતી છે? જે વિષયોનો અભ્યાસક્રમ હાલ ચાલે છે તેની કંઈ કિંમત નથી એમ અમારું કહેવું નથી. એવો એક પણ વિષય નથી કે જેની કંઇ કિંમત જ ન હોય. આપણે તુલનાત્મક દૃષ્ટિએ કયું જ્ઞાન આ જમાનામાં વધારે કિંમતી છે તે નક્કી કરવાની જરૂર છે. આ ઉદ્યોગના આગળ વધેલા યુગમાં જ્યાં આધિભૌતિક શાસ્ત્રમાં ઘણી જ શોધખોળ થઇ રહી છે અને મનુષ્યના બળનો ઉપયોગ કમી કરી યાંત્રિક બળથી કામ લેવાની યુક્તિઓ અમલ ચલાવી રહી છે તે જમાનામાં સંસાર કેમ ચલાવવો એ મોટામાં મોટો પ્રશ્ન દરેકની દૃષ્ટિએ તરી આવે છે. આ પ્રશ્નમાં બીજા વિવિધ પ્રશ્નોનો સમાવેશ થઇ જાય છે................

આપણી કેળવણીમાં અભ્યાસક્રમ એવો હોવો જોઇએ કે જેથી–

(૧) દરેક મનુષ્ય સ્વરક્ષણ કરવા શક્તિમાન નીપજે.

(૨) દરેક મનુષ્ય જીવનનિર્વાહ સ્વપ્રવૃત્તિથી સ્વતંત્ર રહી મેળવી શકે.

(૩) સાંસારિક અને રાજકીય સંબંધ સાચવી રાખે અને લોકપ્રતિષ્ઠામાં પોતાનો મોભો ટકાવી શકે.

કેળવણી: (ત્રૈમાસિક) આસો ૧૯૮૨ ના અંકમાંથી] —શ્રી રામચંદ્ર જમનાદાસ અમીન

# સુવર્ણ જયંતી ફાળો એક લાખ રૂપિયાના પ્રથમ સોપાને પહોંચે છે.

## નીચેની નવીન રકમો લખાઈ છે. દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

( * નિશાનીવાળી રકમો વસુલ આવી ગઇ છે. )

૯૪૬૬૪) આગળનો સરવાળો. ( અંક ૨૯ )
* ૫૦૧) શ્રી છગનભાઇ કાળીદાસ પટેલ
મુ. લાડોલ. : ( તા. વિજાપુર )
* ૪૦૨) શ્રી આશાભાઇ ઇશ્વરભાઇ પટેલ
મુ. પો. તા. વાડા જી. થાણા
* ૨૫૧) શ્રી ત્રિકમલાલ ભૂધરદાસ પંચાલ, વકીલ
ઠે. વેરાવાસણા : મુ. વિજાપુર
૨૫૧) શ્રી રામભાઈ જોઇતારામ પટેલ સર્વ વિદ્યાલય હા. કડી
૨૫૧) શ્રી શાંતિલાલ લક્ષ્મીચંદ શાહ ,,
૨૫૧) શ્રી શંકરભાઇ અંબાલાલ પટેલ ,,
૨૫૧) શ્રી રાયચંદ વીરચંદ સોલંકી ,,
હ. શ્રી ઇશ્વરલાલ રાયચંદ સોલંકી
૨૫૧) શ્રી રણછોડભાઇ નાથાલાલ પટેલ ,,
૨૫૧) શ્રી શંભુભાઇ રેવાભાઇ પટેલ ,,
૨૫૧) શ્રી રામભાઈ ગોવિંદભાઇ પટેલ ,,
૨૫૧) શ્રી જોઇતારામ કાનજીદાસ પટેલ ,,
હ. શ્રી ગણેશભાઈ કાનજીદાસ પટેલ
૨૫૧) શ્રી કુમુદબેન ચીમનલાલ શાહ ,,
૨૫૧) શ્રી વિષ્ણુભાઇ મણિલાલ ભટ્ટ ,,
૨૫૧) શ્રી શિવાભાઈ મોહનલાલ પટેલ ,,
૨૫૧) શ્રી મંગળભાઇ પૂંજાભાઇ પટેલ ,,
૨૫૧) શ્રી રસિકલાલ મૂળદેવ આચાર્ય ,,
૨૫૧) શ્રી માધુભાઇ ઘાભાઇદાસ પટેલ ,,
૨૫૧) શ્રી ગોકળભાઇ જીવીદાસ પટેલ ,,
૨૫૧) શ્રી શાંતિલાલ પુરુષોત્તમદાસ પટેલ ,,
૨૫૧) શ્રી ચતુરભાઇ હેમરાજદાસ પટેલ ,,
૨૫૧) શ્રી રતિભાઇ બાપુભાઈ ગામી ,,
૨૫૧) શ્રી મહેન્દ્રપ્રસાદ ચીમનલાલ સુથાર ,,
૨૫૧) શ્રી ઉમેદભાઇ ત્રિભુવનદાસ પટેલ ,,
૨૫૧) શ્રી જયંતીલાલ ચુનીલાલ શાહ ,,
સુપરીન્ટેન્ડેન્ટ, ટેકનીકલ વિભાગ,
૨૫૧) શ્રી ડાહ્યાભાઇ પીતાંબરદાસ પટેલ ,,
ટેકનીકલ વિભાગ.
૨૫૧) શ્રી દિલીપકુમાર પ્ર. રૉય
અધ્યાપક, સાયન્સ કૉલેજ, કડી
૨૫૧) શ્રી ડાહ્યાભાઇ રામદાસ પટેલ
હ. પટેલ રામદાસ નથુદાસ ડરણ તા કડી

૧૦૧૮૪૨) કુલ

## સુવર્ણ જયંતી ફાળામાં અગાઉ લખાયેલી રકમો પૈકી વસુલ આવેલી રકમો.

૧૦૦૧) શ્રી કાંતિલાલ આત્મારામ ( જાસપુરવાળા )
ઠે. ૧૫, ભરતકુંજ સોસાયટી, મીઠાખળી પાસે,
અમદાવાદ – ૬
૨૫૧) શ્રી પ્રહલાદભાઈ મોહનલાલ ( રાજપુરવાળા )
ઠે. ૧૧ ભરતકુંજ સોસાયટી, મીઠાખળી પાસે
અમદાવાદ – ૬
૨૫૧) શ્રી ચુનીલાલ શંકરલાલ મોકાસણવાળા
ડોસીવાડાની પોળ સામે અમદાવાદ–૧

## ગૌશાળાના ફાળામાં મળેલી મદદ

૧૦૧) ડૉ. ત્રિભુવનભાઇ એન. પટેલ
રીલીફરોડ, અમદાવાદ.
૩૫) શ્રી પટેલ ચંદુલાલ શિવલાલ
હા. શ્રી છગનલાલ વકીલ, ચડાસણા. ( તા. કડી )

## સાયન્સ કૉલેજ ફાળામાં અગાઉ લખાયેલી ફાળાની નીચેની રકમ વસુલ આવી છે.

૨૫૦૧) અસારવા બોબીન વર્કસ.
હા શ્રી લક્ષ્મીચંદભાઇ અમથાભાઈ ગજ્જર
અસારવા, અમદાવાદ.

**પરિવાર સંમેલન અને સાયન્સ કૉલેજના મકાનના ઉદ્‌ઘાટન સમારંભની તારીખો ૨–૩ મે ૧૯૭૦ નોંધી લેશો અને અચૂક હાજરી આપશો.**

માલિક : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વતી– તંત્રી– પ્રકાશક– મુદ્રક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
પ્રકાશનસ્થાન : સર્વ વિદ્યાલય કેમ્પસ–કડી. મુદ્રણસ્થાન : પાટીદાર મુદ્રણાલય–રેલ્વે સ્ટેશન સામે, સ. વિ. કેમ્પસ–કડી : તા. ૨૩–૪–૭૦

121

# સુવર્ણજયન્તી

લવાજમ : વાર્ષિક
પાંચ રૂપિયા

: તંત્રી :
પુરુષોત્તમદાસ પટેલ

: સંપાદકો :
મોહનભાઈ બા. પટેલ
ભાઈલાલભાઇ જી. પટેલ
દિલીપ ફાય

: સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક :

વર્ષ ૧ ] કડી : ગુરુવાર : તા. ૩૦-૪-૭૦ [ અંક ૩૧

## પ્રિય સર્વ વિદ્યાલય સોહે !

પ્રિય સર્વ વિદ્યાલય સોહે
પ્રાણથકી પ્રિય અમ અંતરનું
પરમ ધામ ઉર રાજે. ... ... ...
પ્રિય સર્વ વિદ્યાલય સોહે.

લીલુડી ધરણીને હૈયે,
નીલ વ્યોમામ્બરને છાંયે
હૈયે હૈયાં જ્યાં ડોલે,
પ્રતિદિન નિરખીએ તોયે અમને
નિત્ય નૂતન એ ભાસે... ... ...પ્રિય.

રસભર આંબાની ડાળે,
શીતળ સુરભિભર કુંજે.
જ્યાં પંખીડાં નિત કૂંજે,
જ્યાં અરૂણરંગી પરભાતતણા ને
સાન્ધ્યરંગ નિત સોહે... ... ...પ્રિય

જ્યાં જ્ઞાનકિરણ ફૂટે છે,
સેવાનાં સત્ર શિખાવે.
અમ જીવનને અજવાળે,
અમ જીવન તન મનને વિકસાવે
સ્નેહસરિતા રેલાવે... ... ...પ્રિય

અમ બેન બંધુને હૈયે,
વિદ્યાલય ગુંજે પ્રાણે,
અમ જીવન જીવન એ વ્યાપે,
અમ ભાઇ ભાઇને એક મને એ
સ્નેહસૂત્રથી બાંધે... ... ...પ્રિય

સ્વ. ઉમેદભાઇ

## સર્વ વિદ્યાલય રાજે !

( બિહાગ – તીન તાલ )

સુંદર સર્વ વિદ્યાલય રાજે !
શિશુ-અંતર જનની-દર્શનથી
સુખ-ભરતી ગાજે ... ... ... ... સુંદર

ભારત-ઉપવન કમનીય કુંજે, ગુર્જર ભોમ પ્રકાશે.
ઉત્તરમાં ત્યાં એક ક્યારડે, વિધવિધ ફુલડાં હાસે ... સુંદર

કૈંક ઝરણુના કલકલનાદે સરિતા સાગર ગાજે,
એ સાગરના ગર્જન-ઘોષે ઝરણુની કિંકિણી બાજે ... સુંદર

આ મનના કણકણમાં બીજના અંકુર કુમળા હાસે,
સુરભિત કુસુમિત નવપલ્લવ આ ઘટા અડાબીડ ભાસે ... સુંદર

આ જ કુટિરમાં ટમટમતો જ્યાં દીપક મંદ પ્રકાશે,
અગણિત તારક અંકિત સૌમ્ય મયંક ગગન વિહાસે ... સુંદર

શાન્ત દાન્ત જીવનની ધાત્રી, ધીર વીર રસ પાજે,
જ્ઞાન શક્તિ ને મંગલદાત્રી, યાત્રી અમ સહુ આજે ... સુંદર

ફુલ-પરિમલથી, કલકલનાદે, નવપલ્લવને વાસે,
તારક તેજે ભરતભૂમિરે પુલકિત કરશું હાસે ... સુંદર

—અનામી

# એ તપસ્વી

શ્રી પુરુષોત્તમદાસ પટેલ

અઠયાવીસ વર્ષ પહેલાંની વાત છે.

કડી સ્ટેશન સામે કૂવાની નજીકમાં ઘાસ છાયેલું એક છાપરુ હતું. ત્રણ બાજુ માત્ર માંથોડા સુધી પતરાં ઉભાં કરેલાં અને આગળથી ખુલ્લું.

શિયાળાની કડકડતી ઠંડી. પવન સુસવાટા મારતો આ છાપરીમાં પેસી જાય. નહિ ટેબલ, નહિ ખુરશી, નહિ કબાટ કે રાચરચીલું.

રાતની કડકડતી ટાઢમાં ત્યાં પડી રહેવું એ સાધારણ માણસને માટે મુશ્કેલ, ત્યાં ઉંમરને આરે આવેલ વૃદ્ધની તો વાત જ શું કરવી ?

તે વખતે મેં કડીમાં વકીલાત શરૂ કરેલી. હું નવેનવો. કાયદાની આંટીઘુંટીની ખબર ન પડે. કચેરીમાં જાઉં અને માથું ચઢે. ઉંમર નાની અને નવો વકીલ એટલે રડ્યો ખડ્યો કોક અસીલ મળે. કચેરીમાં સાંજના સાડા પાંચ સુધી નવરા બેસી રહેવામાં વખત પણ ન જાય.

કંટાળો અને દિલની મુંઝવણ ઓછી કરવા રોજ સાંજનો ફરવા જાઉં. કડીમાં ફરવા પણ કયાં જવું ? નહિ બગીચો કે બાગ.

એટલે સાંજનો એ છાપરીમાં જઇ બેસતો. એ છાપરીમાં રહેતા એ વૃદ્ધ છગનભા સાથે વાતો કરતો.

એ વખતે આજના કડીના વિદ્યાર્થી આશ્રમના પાયા પુરાતા હતા. ઈંટો આવતી અને ઢગલા થતાં પૈસાનું ઠેકાણું ન હતું.

"પૈસા નથી અને પાયા ખોદાવે જાઓ છો, ઈંટોના ઢગ કરે જાઓ છો તો મુશ્કેલી ઉભી નહિ થાય ?" એક દિવસ મેં છગનભાને પૂછ્યું.

"તું ના સમજે. ભગવાનને પડી હશે કે નહિ ? આ તો હું એનું કામ કરું છું. ભગવાને દુનિયા પેદા કરી. માણસો પેદા કર્યા. એના ભણતરની ચીંતા એને નહિ ?"

મને તે દિવસે થયું કે "છગનભાને ભગવાનમાં કેટલી ઉંડી શ્રદ્ધા છે !"

ગામમાં તો આગેવાનો કહે છે કે "ડોસો કુસકા ખાંડે છે. અહીં છોકરાં ભણવા આવવાનાં નથી ડોસો ઓરડીઓ કરવા માગે છે તે કપાસિયા ભરવાના કામમાં આવશે " મેં ગામમાં થતી વાત કરી.

"ખેડૂત વર્ગ જે અભણ છે તે અભણ જ રહેવાનો છે અને એમનાં છોકરાં ભણવાનાં નથી એવી માન્યતા ખોટી છે ખેડૂત અભણ રહે, અજ્ઞાન રહે, વ્હેમ અને અંધકારમાં ડુબ્યો રહે તો દેશ કદી આગળ ન આવે. અંગ્રેજોનું રાજ સુરજ ચાંદાની શાખે અમર તપે. દેશમાં પ્રગતિ કરવી હોય તો જ્ઞાનનો ફેલાવો કરવો. અંધકારને કાઢવા માટે નાનકડો દીવો પુરતો છે. દેશની ગુલામી કાઢવી હોય, દેશમાં વ્યાપી રહેલ અંધકાર અને વ્હેમનાં પડળ ખોલવાં હોય તો જ્ઞાન દીપક પ્રગટાવ્યા વિના છુટકો નથી. મને તો લોકોમાં કેળવણીની ભૂખ દેખાય છે. સગવડ નથી એટલે છોકરાં ભણતાં નથી." છગનભાએ ગંભીર બની મને કહ્યું.

છગનભા કેળવણીઘેલા કેટલા હતા તેનો ખ્યાલ મને તે દિવસે આવ્યો. કેળવણી માટે એમના દીલમાં આગ બળી રહી હતી.

... ... ... ... ...

હું રોજ સાંજના છગનભાની ઝૂંપડીએ જતો થઈ ગયો હતો.

એક દિવસ મેં છગનભાને પૂછ્યું, "ભા બાળલગ્ન, બારમાં, વ્હેમ અને મુખાઇમાં આ સમાજ કયાં સુધી અટવાઇ રહેશે ?"

ભા સ્હેજ ગુસ્સે થતા મને જણાયા. મને થયું કે સવાલથી ભા કેમ ચીઢાયા ? થોડીજ વારમાં હોકાની બે ફૂંક એમણે મારી અને શાંત દેખાયા.

પછી ધીરે રહી કહ્યું. 'તમે ઉતાવળા છો. સમજો નહિ અને બૂમબરાડા પાડો છો. શરીરમાં રોગ વ્યાપી ગયો હોય એ બૂમબરાડા અને મલમ પટ્ટાથી મટે ? એ માટે તો ઉપવાસ કરવા પડે, દવા પીવી પડે. પરેજી પાળવી પડે સમાજના શરીરમાં રોગ વ્યાપી ગયો છે, અંગે અંગમાં વ્યાપી ગયો છે. એને સારો વૈદ્ય મળે અને સારી દવા કરે તો એ રોગ મટે. બાળલગ્ન, બારમાં, વ્હેમ, અને મુર્ખાઇ એ સમાજના શરીરમાં વ્યાપેલો રોગ છે. તમે બધા બાળલગ્ન, બારમા અને વ્હેમ ઉપર રોજને રોજ ભાષણો કર્યા કરશો તેથી એ નાબૂદ નહિ થાય. એ રોગ કાઢવો હોય તો એની દવા કરવી જોઇએ. કેળવણી એ એને માટે અકસીર દવા છે. છોકરાને કેળવણી આપો એટલે એ છોકરાંજ સમાજના રોગના સારા વૈદ્યો બનશે. માટે તો હું અહીં એમને ભણવા રહેવાની સગવડ કરી રહ્યો છું. તમારે એ રોગ વ્હેલો કાઢવો હોય તો માત્ર અહીં નહિ પણ બીજે જ્યાં જ્યાં ઠીક લાગે ત્યાં ત્યાં આવી કેળવણી-સંસ્થાઓ કાઢો એટલે એ રોગ વ્હેલો જશે."

મને તે દિવસે લાગ્યું કે છગનભાને કેળવણીમાં સર્વસ્વ દેખાતું હતું. સામાજિક સુધારણા પણ છગનભાને એમાં દેખાતી હતી.

એક દિવસ મેં છગનભાને કહ્યું, 'ભા, છોકરાંને ભણાવશો. એ ભણશે તો એથી એ દુઃખી નહિ થાય ? નાનપણમાં પરણેલા છોકરા ભણવા આવવાના અને ભણશે અને ભણેલી દુનિયા જોશે. ભણીને ઘેર જશે એટલે ત્યાં ચૌદમી સદીનું અભણ બૈરૂં વળગશે. એ દુઃખી નહિ થાય ?

[ અનુસંધાન પાન ૭ ઉપર ]

# પ્રથમ તબક્કે

## શ્રી પુરુષોત્તમદાસ પટેલ

-[ * ]-

આપણી માતૃસંસ્થા- સર્વ વિદ્યાલયની 'સુવર્ણ જયન્તી' આપણે આ વર્ષમાં ઉજવવાના છીએ.

સર્વ વિદ્યાલય એટલે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને તેની સંચાલિત સાયન્સ કોલેજ, ટેકનિકલ સ્કૂલ અને વિદ્યાલયો તથા છાત્રાલયો વગેરે.

'સુવર્ણ જયન્તી'ના વર્ષમાં આપણે આગળ વધવાનો અને આપણી સંસ્થાઓને મજબૂત કરવાનો આપણે નિર્ધાર કર્યો છે.

સાયન્સ કોલેજનું મકાન હજુ આપણે બાંધવાનું છે એ મકાન સાદું પણ સંપૂર્ણ સગવડવાળું વિશાળ કરવા માગીએ છીએ. સાયન્સ કોલેજ એટલે માત્ર મકાન નહિ પણ તેમાં અદ્યતન સાધનો હોવાં જોઈએ. સાયન્સ કોલેજમાં આપણે ઠીક ઠીક પ્રમાણમાં સાધનો ખરીદ્યાં છે. બીજી કોલેજોના પ્રમાણમાં આપણી પાસે ઠીક ઠીક સાધનો છે પણ આપણી સાયન્સ કોલેજને પશ્ચિમની કોઈ કોલેજની હરોલમાં મુકવી હોય તો હજુ ઘણું ખરીદવાનું છે અને ઘણું કરવાનું છે.

એન્જીનીયરીંગ, દાક્તરી, ખેતીવાડી તેમજ ફાર્મસી વગેરેના અભ્યાસ માટે સાયન્સ કોલેજ પ્રવેશદ્વાર છે. સાયન્સ કોલેજનો વિદ્યાર્થી જ એ અભ્યાસોને માટે યોગ્ય ગણાય છે. અમેરિકા, જર્મની કે અન્ય પરદેશોમાં આગળ અભ્યાસ કરવા માટે પણ સાયન્સ કોલેજ જરૂરી અને આવશ્યક છે.

આપણા દેશમાં ઉદ્યોગો આગળ વધી રહ્યા છે. આ ઉદ્યોગો માટે આપણા દેશમાં ઉજળી તક છે. સાયન્સના અભ્યાસી આનો લાભ લઈ શકે તેમ જ આ ઉદ્યોગોમાં નોકરી માટે પણ તેમને માટે ઉજ્જવળ ભાવી છે.

આથી આપણે આપણી સાયન્સ કોલેજને શકય તેટલી ઉચ્ચ પ્રકારની કરવા માગીએ છીએ.

સાયન્સ સાથે ટેકનિકલ જ્ઞાન પણ ઉદ્યોગોમાં જરૂરી છે.

આપણી સાયન્સ કોલેજ અને ટેકનિકલ શિક્ષણ વિદ્યાલય આપણા વિદ્યાર્થીઓને પ્રજાને સ્વાશ્રયી બનાવે અને ઉદ્યોગ હુન્નરમાં આગળ વધે

આ તરફ હવે દેશની સરકારો અને અગ્રણીઓનું ધ્યાન ખેંચાયું છે એ એક સારૂ ચિહ્ન છે.

શિક્ષિત બેકારીના પ્રશ્નો સરકારો અને સમાજને ખુબ મૂંઝવે છે કોલેજની કેળવણી પાછળ ગરીબ માબાપ પૈસા ખર્ચે અને અંતે શિક્ષિત બેકારોમાં પોતાનાં સંતાનોને જુએ છે ત્યારે ભારે દુઃખ થાય છે.

> આપણો નિર્ધાર દશ લાખ રૂપિયાનો ફાળો 'સુવર્ણ જયન્તી'ના વર્ષમાં એકઠો કરવાનો છે. સર્વ વિદ્યાલયનો પરિવાર સુખી અને વિશાળ છે. એમની લાગવગ પણ સારી છે. સમાજમાં પ્રતિષ્ઠા ધરાવે છે. આ પરિવારનું સંમેલન તા. ૨-૫-૭૦ ના રોજ મળે છે. આ કામ પુરું કરવાનો નિર્ધાર પરિવાર સંમેલન કરશે એવી મને શ્રદ્ધા છે.
>
> (આ લેખમાંથી)

આપણે શકય પ્રયાસો કરી આપણા વિદ્યાર્થીઓને આ સ્થિતિમાંથી ઉગારવા માગીએ છીએ અને તેથી શિક્ષણમાં નવા પ્રયોગો કરવા માગીએ છીએ.

આપણા જેવી શિક્ષણ સંસ્થાએ હિંમત રાખી ડગ ભરવાં પડશે. યુનિવર્સીટીને અને સરકારનો શિક્ષણમાં પરિવર્તન લાવવામાં સમય લાગે. આપણી સંસ્થા જોખમો ખેડી નવી દિશા તરફ પ્રયાણ કરે તો તેથી સમાજની અને શિક્ષણની પણ સેવા થશે.

આ બધા સારૂ અને આપણા છાત્રાલયોને વિશેષ સગવડભર્યાં કરવા સારૂ 'સુવર્ણી જયન્તી'ના વર્ષમાં આપણે દશ લાખ ભેગા કરવા નિશ્ચયી થયા છીએ. આ આપણો નિર્ધાર છે. અને આપણે તે પૂરો કરવો જોઈએ.

આપણા નિર્ધારના પહેલા પગથીએ આપણે ચઢયા છીએ. એક લાખ રૂપિયાનો ફાળો થઈ ગયો છે. પહેલા પગથીએ ચઢવામાં સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ–કડીના શિક્ષકો આપણી સાથે છે. હજુ નવ પગથીયાં ચઢવાનાં છે. એ નવ પગથીયાં આપણે સૌ ભેગા મળી ચઢી જઈશું. બલોલ અને વડનગરની આપણી શાળાઓ તેમ જ સાયન્સ કોલેજ વગેરે આપણી શિક્ષણ સંસ્થાઓ આપણી સાથે છે. આપણા પરિવાર–કુટુમ્બના દરેક ભાઈ રૂ. ૨૫૧) ના એક એવા વીસ સભ્યો કરવાની પ્રતિજ્ઞા કરે. દઢ નિર્ધાર કરે. નવ પગથીયાં બાકી રહેલાં ચઢવામાં આપણને સમય નહિ લાગે.

સંચાલક મંડળના સભ્યોનો સાથ છે એટલે એમની શરમ અને લાગવગને કારણે મોટી રકમો પણ મેળવી શકીશું.

પ્રભુ આપણને આપણો નિર્ધાર પૂરો પાડવા નિશ્ચય, મક્કમતા અને શક્તિ આપો.

---

**સાપ્તાહિકનું લવાજમ પાંચ રૂપિયા મોકલી આપશો.**

# પરિવાર સંમેલન ઉપર કડી આવવા માટે એસ. ટી. બસોની સગવડ

તા. ૨-૫-૭૦ ના રોજ સર્વ વિદ્યાલય પરિવાર સંમેલન બપોરના ૨-૦૦ વાગે શરૂ થાય છે.

આ સંમેલનમાં અમદાવાદ મહેસાણાથી ઘણા જુના અને ચાલુ વિદ્યાર્થીઓ કડી આવવાના.

તેમને સગવડ આપવા એસ. ટી. એ તા. ૨-૫-૭૦ ના રોજ મહેસાણાથી કડી જવા માટે બપોરના ૧૨-૦૦ વાગ્યાથી વધારાની બસો દોડાવવાની જોગવાઈ કરી છે. મહેસાણા એસ. ટી. ડેપો સ્ટેન્ડ ઉપર નામ નોંધાવવાથી આ સગવડનો લાભ લઈ શકાશે.

એ જ રીતે તા. ૨-૫-૭૦ ના રોજ અમદાવાદથી કડી વધારાની બસો દોડાવવાની જોગવાઈ કરવામાં આવી છે. અમદાવાદ એસ ટી. ની મુખ્ય ઓફીસમાંથી આની માહિતી મળી શકશે.

તા. ૩-૫-૭૦ ના રોજ કડીથી અમદાવાદ અને કડીથી મહેસાણાની વધારાની બસો દોડાવવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. આ માટે કડી એસ. ટી. ડેપોને ખબર આપવાથી વધારાની બસો દોડાવવામાં આવશે.

કડી આવવા માટે જૂદા જૂદા સ્થળેથી નીચેના સમયે ચાલુ ટાઈમ. ટેબલ પ્રમાણેની બસો ઉપડે છે. તે ઉપરાંત ઉપર જણાવ્યા પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવશે.

## બસના ચાલુ સમય

**અમદાવાદ થી કડી**

સવારે : ૬-૩૦, ૮-૩૦, ૧૦-૦૦, ૧૧-૪૫, બપોરે ૨-૩૦, ૫-૦૦ સાંજે ૬-૩૦ રાત્રે ૮-૩૦

**કલોલથી કડી**

બપોરે : ૧-૦૦, ૧-૪૫, ૨-૩૦, ૩-૩૦

(વધુમાં અમદાવાદથી આવતી મોટરો કલોલ થઈ આવશે.)

**ડાંગરવાથી કડી**

સવારે : ૬-૦૦, ૮-૦૦, ૮-૩૦, ૮-૪૫, ૧૧-૪૫
બપોરે : ૧-૩૦, ૩-૧૫, ૪-૪૫, સાંજે ૭-૦૦

**આંબલીયાસણથી કડી**

સવારે : ૮-૩૦, ૧૦-૦૦ બપોરે : ૨-૦૦, ૪-૦૦
સાંજે : ૬-૩૦

**મહેસાણાથી કડી**

બપોરે : ૧૨-૦૦ સાંજે : ૫-૦૦

**વિસનગરથી કડી**

સાંજે : ૪-૦૦

**વીરમગામથી કડી**

સવારે : ૭-૧૫, ૧૧-૩૦ બપોરે : ૨-૩૦, ૪-૦૦, ૪-૩૦

---

ગુજરાતની અગ્રગણ્ય અને આપણી
સૌની પ્રિય માતૃસંસ્થા

# સુવર્ણજયન્તી

## પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ સર્વે ભાઈ-બેનો પાસે

## અપેક્ષા રાખે છે:

(૧) દરેક ફાળામાં બની શકે એટલું વધુ આપે.

(૨) ઓછામાં ઓછા રૂ. ૨૫૦) આપી સંસ્થાના આજીવન સભાસદ બને.

(૩) ફાળો મેળવવામાં તથા આજીવન સભાસદ નોંધવાના કાર્યમાં મદદ કરે અને તે માટે પોતાનું નામ નોંધાવે.

(૪) પોતાના સહાધ્યાયીઓનાં નામ અને કામમાં સહાયભૂત થાય તેવા પોતાના ઓળખીતા, સ્નેહીઓ, અને મિત્રોનાં નામ સરનામાં મોકલી આપે. પોતે પણ તેમને સુવર્ણ જયંતી ઉજવણી બાબત લખે અને મદદ રૂપ થવા અને ફાળામાં સારી રકમ આપવા જણાવે.

(૫) સાપ્તાહિક માટે આ સંસ્થામાં પોતાના અભ્યાસ-કાળ દરમ્યાનનાં તથા અન્ય સંસ્મરણો લખી મોકલે. 'સુવર્ણ જયંતી' ઉજવણી સંબંધમાં સૂચનો મોકલે. ટૂંકા લેખો, વાર્તાઓ અને અન્ય લખાણો પણ મોકલે.

(૬) 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકનું લવાજમ રૂ. ૫) મોકલી આપે.

---

❁ ફાળાની રકમ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ના નામના ચેક યા ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતી છે.

❁ આ સંસ્થાને ઈન્કમટેક્ષ માફીનું સર્ટીફીકેટ મળ્યું છે એટલે તેને દાનમાં આપેલી રકમ ઉપર કાયદા પ્રમાણે ટેક્ષની માફી મળશે.

---

:: આપનો ફાળો નોંધાવવા વિનંતી છે. ::

# ત્રણ કાવ્યો | શ્રી અનામી

## સંસ્થા ગીત

અમે કડી સર્વ વિદ્યાલય ભારતીધામ મહીં ભણનારા
'સા વિદ્યા યા વિમુક્તયે'નો મંત્ર ઉરે રટનારા ....અમે.

અમે તન-ગઢને દૃઢ કરનારા,
અમે મન-કમલે રસ ભરનારા,
વિમલ હૃદય-દીપ ધરનારા
અમે આત્મતિમિરને હરનારા ........ અમે કડી

અમે ધરતી પર પગ ધરનારા,
અમે અતલ ગગનમાં ઊડનારા,
ક્ષણ ક્ષણ કણકણ ચણનારા
અમે અવલનવલ કંઈ કરનારા........અમે કડી

અમે કડી સર્વ વિદ્યાલય ભારતીધામ મહીં ભણનારા
'સા વિદ્યા યા વિમુક્તયે'નો મંત્ર ઉરે રટનારા........અમે.

રણજિત પટેલ (અનામી)

## અરવિન્દને દલે

આ ભારતે કૈંક સપૂત દેખું,
ને વ્યાસના વારસ સાચ લેખું.
ધર્મે રળેલું ધન ધાન્ય દાને,
માતા પિતા જન્મ કૃતાર્થ પેખું.

છલે દલે રે પ્રભુતા પરાગ,
શ્રી-સૌરભે શો મહકંત બાગ!
સંસ્કાર ને સંસ્કૃત સૌમ્યમૂર્તિ,
માનવ્યની ને પ્રભુતાની પૂર્તિ.
લહું તને યાદ વિદેહી આવે,
ચહું તને કોક અગમ્ય ભાવે.
રાજર્ષિ-બ્રહ્મર્ષિ તણું રસાયણ,
સારલ્ય સાધુ! વિલસે કણેકણ.
સૌ એષણાઓ અરવિંદને દલે,
કૃતાર્થ ફૂલો પરિવર્તતાં ફૂલે.

રણજીત પટેલ (અનામી)

## આચાર્યશ્રી ગામીને

ગામી! તમે યાત્રિક ઉર્ધ્વગામી,
સંસારી તો યે વર આપ્તકામી.
અનન્તનો આત્મ તવ પ્રવાસી,
મને મથુરા, શુભ કાય કાશી.

નાની વયે પામી ગયા રહસ્યઃ
'કલ્યાણ કર્તા તણી દુર્ગતિ ના.'
અભ્યાસ-યોગે રત સંગીતે આ,
ક્ષણે ક્ષણે જીવી ગયા જ સત્ય.
સંવાદ સર્વત્રઃ પ્રસન્નતા શી!
સંગ્રામ તો આંતર-કુરુક્ષેત્ર.
દિવ્ય પ્રભા-છાલક સૌમ્યનેત્ર,
કૌશલ્ય કર્મે, વિકસંત યોગી.

જ્યાં જ્યાં તમે વિચરતા પથરાય શાતા,
સંઘર્ષમાંહી ય સમન્વય ગીત ગાતા.

રણજીત પટેલ (અનામી)

# ગપ દાટી

સ્વ. છગનભા

એક હતો બ્રાહ્મણ.

તેને ગપ મારવાની બહુ ટેવ. અરે એજ એનો ધંધો કહોને ! સવાર સાંજ ગામમાં આંટા મારે અને તરેહ તરેહના ગપ ગોળાઓ ચલાવે.

બ્રાહ્મણી બહુ ડાહી અને સમજુ. બ્રાહ્મણની આ ટેવ સારી રીતે જાણે અને મનમાં ને મનમાં સમસમી રહે.

એક દિવસ બ્રાહ્મણી કહે– બળ્યુ, હવે તો ઘરડા થયા. તોય તમે આ ટેવ છોડી નહિ. આ રોજ ગામમાં ગપગોળા ચલાવો છો તે સાંભળુ છું અને મનમાં ને મનમાં બળુ છું. હવે તો તમને હાથ જોડીને કહું છું કે આ ટેવ છોડો.

બ્રાહ્મણ– લે ! હવેથી ગપ નહિ મારૂં. પણ એક શરત. મને જો તું લાડુ, દાળ, ભાત જમાડે તો હું આ ગપની ટેવ છોડી દઉં.

બ્રાહ્મણી– કાલે તમને લાડુ કરી જમાડીશ. તો મહેરબાની કરી આ ટેવ છોડો.

બીજે દિવસે સવારે બ્રાહ્મણીએ ઘઉંનો લોટ તૈયાર કર્યો. એક ચુલા ઉપર દાળ મૂકી, બીજા ઉપર ભાત મૂકયો અને કહ્યું– જુઓ, આ લાડુ તૈયાર થાય છે.

બ્રાહ્મણ– ત્યારે હું હવે ગપ દાટી આવું એમ કહી બ્રાહ્મણ તો ગામમાં ફરવા નીકળ્યો અને તેની હંમેશાની ટેવની મુજબ તરેહ તરેહના ગપગોળા ચલાવી જમવાનો વખત થયે ઘેર આવ્યો.

બ્રાહ્મણી– લ્યો ! બેસી જાવ જમવા. ગપ દાટી આવ્યા ને !

બ્રાહ્મણ– હા જો સાંભળ ત્યારે. અહિંથી હું ગામ બહાર નીકળ્યો. અને પેલી વચમાં નદી આવે છે ને એ ઉતરીને સામે કાંઠે ગયો. નદીમાં તો પાણી જ નહિ.

બ્રાહ્મણી– (વચમાં) આજે તે શાનું પાણી હોય ! એતો ચોમાસામાં પાણી આવે અને બાકીના દિવસોમાં સુકાઇ જાય એવી આપણી નદી છે. તમે કયાં નથી જાણતા !

બ્રાહ્મણ– પછી બહુ આઘે આઘે ગયો અને ગપ દાટવા માટે એક ઉંડો વેંત જેટલો ખાડો કર્યો અને માળુ ! અંદર જોઉં છું તો તેમાંથી એક મોટો હાથી નીકળ્યો. અને હું તો એવો બીન્યો કે ત્યાંથી મુઠીઓ વાળીને નાઠો નાઠો તે ઠેઠ નદીએ આવ્યો. અને ત્યાં તો નદી ચારે કાંઠે પાણી તો કયાંય માય નહિ. હવે ! શું કરવું ? હાથી તો મારી પાછળ ધુસમુસ પડેલો. એટલામાં એક ધોબીને મેં જોયો. 'શીયો શીયો' કરતો ધોબી નદીના કાંઠે લુગડાં ધોતો હતો. હું તો વળગ્યો એ ધોબીના 'શીયો' ને અને નદી તરવા મંડયો. 'શીયો'ને પકડીને નદી પાર કરી ત્યાં તો મારી પાછળ દોડતો હાથી પણ ધોબીના શીયોને વળગ્યો અને એ પણ નદી ઓળંગીને સામે કાંઠે આવ્યો. હવે ! હું તો જઉં નાઠો. અને મારી પાછળ હાથી. એટલામાં તો એક કાળંગડાનો મોટો વેલો આવ્યો. એના ઉપર હું તો દોટ મૂકીને ચઢી ગયો. અને ઠેઠ ટોચે ચઢીને બેઠો. હવે હાથી શું કરે ! શી રીતે ભાઇ ઉપર આવે ! પણ પછી મને મુતરણ લાગી. મેં તો ઉપરથી ધાર કરી. અરે ! ગજબ થયો ! હાથી તો એ ધાર પકડીને ચઢવા માંડયો. મેં ધાર્યું કે હવે આવી બન્યું. હવે આપણા રામ રમી ગયા. પછી તો મેં એ ધારને વચ્ચેથી કાપી નાંખી અને હાથી તો ધબાક લઇને એવો નીચે પછડાયો કે એના ચૂરેચૂરા થઈ ગયા. એક જરા પણ ટુકડો શોધ્યોએ ન જડે એવા ચૂરા થઇ ગયા. પછી તો હું ધીમે ધીમે નીચે ઉતર્યો. અને અહિં આવી પહોંચ્યો.

બ્રાહ્મણી– બળી તમારી વાત. તમે નાનું ગપ દાટી આવ્યા અને આ મોટું ગપ લઇ આવ્યા. ■

છગનભા વિદ્યાર્થીઓને અવારનવાર ઘણી વાતો કહેતા. તે વાર્તાઓનો હેતુ ગમ્મત સાથે જ્ઞાન રહેતો. સને ૧૯૩૫માં "ભાની વાતો" નામની નાનકડી પુસ્તિકા સંસ્થાએ પ્રસિદ્ધ કરી હતી. તેમાંથી અહીં એક વાત ઉતારી છે. –સં.

# કામમાં કામ થાય.

ઘણા માણસો વખતની બૂમ પાડ્યા જ કરે છે. "શું કરીએ ? વખત જ મળતો નથી; આરામ તો જોઇએ ને ! આરામ વિના કામ સારૂં શી રીતે થાય ?" વગેરે વગેરે. પણ ખરી વાત શી છે ? જયારે ચોતરફ કામ કામ ને કામ જ હોય છે ત્યારે જ વધારે કામ થઈ શકે છે. જયારે નવરા હોઇએ છીએ ત્યારે ધારેલું કામ થતું નથી. વખત આળસ અને બેદરકારીમાં ચાલ્યો જાય છે. જોશો તો જણાશે કે રવિવારના દિવસે પ્રમાણમાં ઘણું જ ઓછું કામ કરી શકીએ છીએ. રજાના દિવસોએ જે જે કામ કરવાની આશા રાખેલી હોય છે તે નિષ્ફળ નીવડે છે.

કામ પછી આરામ લેવો એટલે પડી રહેવું એમ નથી એમ કરવાથી ખરો આરામ ભાગ્યે જ મળે છે. **કામની ફેરબદલી એ મોટામાં મોટો આરામ છે.** માનસિક કામથી કંટાળેલાને હલકું શારીરિક કામ શાંતિ આપશે; શારીરિક મહેનતના કાર્યથી થાકેલાને, પડ્યા પડ્યા વાંચવાનું કે વિચારવાનું પ્રફુલ્લિત કરશે.

[ કેળવણી : વર્ષ ૧ * અંક : ૧ ]

[ પાન ૨ ઉપરથી ચાલુ ]

છગનભાના દીલમાં દુઃખ–ભારે દુઃખ થતું મને જણાયું. એમણે ગંભીર બનીને કહ્યું, " મને પણ એમ લાગે છે. આ છોકરાંને ભણાવી દેખતા કરીશ, ભણીને મોટા થશે અને ઘરમાં બૈરી સંતાકુકડી રમતી હશે. એ બેની વચ્ચે હિમાલય ખડો થશે. કદાચ બેનું જીવતર ધુળધાણી પણ થાય. એ પાપ મને લાગશે! પણ મારો વિચાર છે કે જે છોકરા ભણવા આવે, ભણે અને આગળ જાય તેમનાં બૈરાને એમના બાપની પાસેથી લઇ આવું. એમને દેખતા કરું. છોકરીઓ નહિ ભણે ત્યાં સુધી સમાજના રોગો તદ્દન નાબૂદ નહિ થાય. હું ભગવાનને રોજ કહું છું, મને જુવાન બનાવે. મારૂં શરીર ઠીક રાખે અને એ કામ પણ કરતો જાઉં."

સ્ત્રી કેળવણી માટે છગનભાની ધગશનો ખ્યાલ મને તે દિવસે આવ્યો.

છગનભાનું તે કામ અધુરુ રહ્યું છે. એમનો વારસ હજુ પાકયો નથી એટલું જ દુઃખ છે.

શિયાળાની ખૂબ ટાઢ હતી અમે બંને તાપતા હતા. મને થયું છગનભા આ ટાઢમાં અહીં ખુલ્લા ઝુંપડામાં રહેશે તો ઠરી જશે. એથી મેં છગનભાને કહ્યું. " ભા, આજે ખૂબ ટાઢ છે. ઘેર સુવા ન આવો? સવારના વ્હેલા આવી જવાશે. અત્યારે મજુરો કાંઇ કામ કરતા નથી કે તમારી હાજરીની જરૂર પડે." મેં ખૂબ સમજાવ્યા.

"ભાઇ, આ તો તપ છે. ઇન્દ્રનું ઈન્દ્રાશન તપથી ડોલે છે. હું ધુણી ધખાવીને પડ્યો છું. મારા દીલમાં છે કે છોકરાંને ભણવાની સગવડ મુઆ પહેલા કરું. એ કામ કરતાં મરી જઇશ તો શું બગડી જવાનું છે? મારા તપથી સમાજના સુખી ગૃહસ્થોનાં દીલમાં અસર થશે. એમનામાં ઉદારતા આવશે અને આ કામ વ્હેલું પુરું થશે "

મને તે દિવસે લાગ્યું કે આ ખરો તપસ્વી છે. સમાજને ઉંચો લાવવા એણે તપ આદર્યું છે.

છગનભા સાથેના મારા પ્રસંગો લખવા બેસું તો તો પાર આવે તેમ નથી

એ સાચા તપસ્વીના તપે સમાજમાં વીસ વર્ષના ગાળામાં પરિવર્તન આણ્યુ.

કડીનો આશ્રમ અને સર્વ વિદ્યાલય, ગોશાળા અને એમાં ચાલી રહેલી પ્રવૃત્તિઓ તપસ્વીના તપને આભારી છે.

અમદાવાદનું ભુવન અને વડોદરાનો કારેલી બાગની બોર્ડિંગ એ તપસ્વીની ક્રિયા છે.

વિસનગરનો આશ્રમ પણ એ તપસ્વીને ફાળે જાય છે.

ત્રણ ચોપડીઓ ભણેલ પણ જાગૃત આત્માને લીધે એ તપસ્વીએ મહાભારત કામ કર્યું. આજનો સમાજ ધડ્યો.

ગામડે ગામડે ભીખ માગી પૈ પૈસો ઉઘરાવી લાખોની કિંમતની કેળવણીની સંસ્થાઓ ઉભી કરી

એ તપસ્વીને વંદન.

**[ 'ધરતી' નો છગનભા અંક એપ્રીલ ૧૯૫૧ ]**

## ટપાલ પેટી [૧૯]

કે. પશુ દવાખાના, વસાઈ
વસાઇ ડાભલા
તા. ૨૮–૪–૭૦

પૂજ્ય આચાર્ય સાહેબ શ્રી મોહનભાઈ, તથા અન્ય ગુરુગણ તથા માતૃસંસ્થાના ખોળે રમતાં બાળકો અને સંસ્થાની પ્રગતિમાં લાગેલ વડીલોને મારાં સો સો વંદન.

સુવર્ણજયન્તી ઘણા સમયથી નિયમિત મળે છે. દર અઠવાડિયામાં હાથમાં આવતાં જ દરેક વખતે જુનાં સ્મરણો તાજાં થાય છે. માતૃસંસ્થાની ગોદમાં ફરી રમવાની ઇચ્છા થાય છે, પરંતુ તે હવે શક્ય રહેલ નથી. માતૃસંસ્થાની પ્રગતિ એ જ અમારી પ્રગતિ છે. અને તેમાં મારા સાથ સહકાર હંમેશાં રહેશે. અને તે જ મારી ખરી ફરજ છે. કેળવણી આપતી ઘણી સંસ્થાઓ છે, પરંતુ કેળવણી સાથોસાથ સંસ્કાર સીંચનાર આ એક જ માતૃસંસ્થા છે. આ સાથે ત્રણ કાવ્યકૃતિ, કાવ્યકૃતિજ નહિ પરંતુ શબ્દનાં જોડકાં મોકલેલ છે. તો યોગ્ય હોય તો સુવર્ણજયન્તીમાં પ્રસિદ્ધ કરશો. સાથો સાથ સુવર્ણજયન્તી ફાળામાં મારા રૂા. ૨૫૧–૦૦ નોંધી લેશો. સંમેલન પહેલાં અથવા સંમેલન વખતે રૂબરૂ લેતો આવીશ માતૃસંસ્થાને મારાં કોટિ કોટિ વંદન.

**કરશનભાઈ કાળીદાસ પટેલ** ના
હાર્દિક વંદન,
લક્ષ્મણપુરાવાળા.

## [૨૦]

**આત્મારામ એ. પટેલ**
તાર ઓફિસ, રાજકોટ
તા ૩–૪–૭૦

પૂ. આચાર્ય સાહેબ,

નમસ્તે, હું આપની સંસ્થાનો જૂનો વિદ્યાર્થી છું. ઘણા સમય પછી આ સંસ્થાને લેખિત યાદ કરી રહ્યો છું. હું ૬૩–૬૪ માં એસ એસ. સી. થયો છું. અને કૉલેજનું બીજું વર્ષ આ જ સંસ્થાની સાન્યસ કોલેજમાં કરેલ છે. અત્યારે ડગલે ને પગલે આપની સંસ્થાની કેળવણી ઉપયોગી થઇ પડે છે. અને હવે ખ્યાલ આવે છે કેળવણી કઇ જગ્યા એ કેવી રીતે અપાય છે અત્યારે ઘણી હાઇસ્કૂલો તથા કૉલેજમાં હું ફરી આવ્યો છું. અને એમ થાય છે કે અભ્યાસ તથા જીવનમાં ખૂબ જ જરૂરી કેળવણી, જ્ઞાન વિ. માટે આપની સંસ્થામાં અભ્યાસ કર્યો છે તે ઘણું જ સારું. આપની સંસ્થાનું નામ ખૂબ જ જાણીતું છે.

હું અત્યારે અહીં તાર ઓફિસમાં ટેલિગ્રાફીસ્ટ તરીકે સર્વીસ કરું છું. મારું નેટીવ પ્લેસ તો ગામ–શિયાપુરા, તા.–કડી ( ગોકળભાઇ સાહેબનું ગામ ) છે. મારા મોટાભાઇ તથા નાનાભાઇ સર્વેએ આ જ સંસ્થામાં અભ્યાસ કરેલ છે. ખરેખર અત્યારે આપની સંસ્થા માટે આ ગૌરવ લેવા જેવું છે. મારા લાયક સેવા અવશ્ય જણાવશો

આપનો શિષ્ય,
આત્મારામના પ્રણામ